हमारे यशस्वी प्रधानमंत्री श्री नरेन्द्र मोदी जी ने जी-ट्वेंटी में, **'लाईफ स्टाईल फोर एन्वायर्नमेंट'** यानी **'पर्यावरण के लिए जीवन शैली**" की अवधारणा को पेश किया है। जिसमें व्यक्तियों

और संस्थानों के साथ वैश्विक समुदाय से लाईफ को एक '**अंतरराष्ट्रीय जन आंदोलन**' के रूप में चलाने का आह्वान किया है । पर्यावरण की रक्षा और संरक्षण के लिए विवेकहीन और विनाशकारी उपभोग के बजाय सचेत और समझदारी भरा उपयोग वर्तमान समय की माँग है और हमारा ये छोटा सा प्रयास इस दिशा में एक महत्वपूर्ण कदम है।

सदन के सभी सदस्यों को दो आईपेड दिए गए हैं, जिन में एक आईपेड विधानसभा सदन में उनके स्थान पर तथा एक आईपेड उन्हें अपने साथ रखने के उद्देश्य से दिया गया है। नेवा की विशेषता यह रहेगी की, नेवा के माध्यम से प्रस्तुत कामकाज नेवा पोर्टल/वेबसाइट पर उपलब्ध होगा। साथ ही मुझे यह बताते हुए अत्यंत खुशी हो रही है कि, देश में गुजरात विधानसभा प्रथम है, जहां सदन में प्रस्तुत किए जानेवाले तारांकित प्रश्नों से जुडी ई-बैलेट सहित संपूर्ण कार्यवाही ओनलाईन शुरु हुई है।

बहुत ही अल्प समय में विधानसभा को डिजिटल बनाने की कार्यवाही पूर्ण करने के लिए मैं विधानसभा के सभी अधिकारी और कर्मचारी गण को अभिनंदन देता हुं। उन्हों ने नेवा की तकनीकी टीम के सहयोग से इस प्रोजेक्ट को परिपूर्ण किया। साथ ही भारत सरकार के संसदीय कार्यमंत्रालय, सी.पी.एम.यु. नेवा टीम, एन.आई.सी. एवं गुजरात सरकार, विज्ञान एवं प्रद्योगिकी विभाग और जी.आई.एल. का आभार व्यक्त करता हूं।

हमारे आदरणीय राष्ट्रपति जी ने देश के लिए कई भूमिका में काम किया है। ओडिशा के मयूरभंज के एक छोटे से गांव से निकलकर उन्होंने राष्ट्रपति बनने तक का लंबा सफर तय किया है। इस सफर में इन्हों ने कमजोर तबके के लोगों को हर तरह से लाभ पहुंचाने की कोशिश की है। वे आजादी के बाद जन्म लेने वाली पहली और देश में सबसे कम उम्र की राष्ट्रपति हैं।

गुजरात राज्य सुख, शांति और सुशासन का प्रतीक है। विकास के हर क्षेत्र में सब से अव्वल रहने के लिए गुजरात प्रतिबद्ध राज्य है। गुजरात की इस छबी के पीछे हमारे देश के लोकप्रिय प्रधान मंत्री श्री और तत्कालिन मुख्यमंत्री श्री नरेन्द्रभाई मोदीजी का कुशल और दूरदर्शी नेतृत्व रहा है। यह हम सभी के लिए गर्व की बात है कि, हमारे आदरणीय प्रधान मंत्री श्री नरेंद्रभाई मोदी इस विधानसभा सदन के नेता थे और उन्होंने अपने कार्यकाल के दौरान शिक्षा, स्वास्थ्य, शहरी विकास, कृषि, राजस्व, उद्योग जैसे कई क्षेत्रों में कई नए कानून बनाए। गुजरात के आम लोगों के हित को ध्यान में रखते हुए और पुराने कानूनों में संशोधन करके, गुजरात को इस सर्वोच्च शिखर पर पहुंचाया है। उनके कार्यकाल के दौरान गरीब कल्याण मेला, वाइब्रेंट गुजरात ग्लोबल इन्वेस्टर्स समिट, शाला प्रवेशोत्सव, गुणोत्सव जैसे कार्यक्रम और वनबंधु कल्याण जैसी कई कल्याणकारी योजनाओं के माध्यम से गुजरात ने लगातार विकास किया है।

देश के संविधान निर्माण में भी गुजरात की दो हस्तियां श्री कनैयालाल मुनशी और हंसाबेन महेता ने संविधान सभा के सदस्य के तौर पर अपना बहुमूल्य योगदान दिया है। स्वतंत्रता पूर्व भारत की प्रथम केन्द्रीय धारासभा के प्रथम निर्वाचित अध्यक्ष श्री विठ्ठलभाई पटेल और स्वतंत्र भारत की प्रथम लोकसभा के अध्यक्ष श्री गणेश वासुदेव मावलंकर जी भी गुजरात के ही थे। और अब, हमारे प्रधान मंत्री

श्री नरेन्द्र भाई मोदीजी और देश के गृहमंत्री आदरणीय श्री अमित भाई शाह जी देश को नई ऊंचाईयों की ओर ले जा रहे हैं।

आज का दिन हम सब के लिए खुशी का मौका है। मुझे यह बताते हुए अत्यंत खुशी हो रही है कि हमारे कोमल हृदयी और दृढनिश्चयी, ऐसे आदरणीय मुख्यमंत्री **श्री भूपेन्द्र भाई पटेल का दो साल का कार्यकाल आज पूर्ण हो रहा है। इस अवसर पर मैं इस सदन की ओर से माननीय मुख्यमंत्री श्री को बहोत-बहोत बधाई और शुभकामनाएं देता हुं।**

मुझे पूरा विश्वास है कि आप सभी सदस्यों के सहयोग से हम सब मिलकर इस विधानसभा के माध्यम से प्रदेश की साढ़े छह करोड़ जनता की खुशहाली के सपने को पूरा करेंगे। आइये हम सब इसके प्रति प्रतिबद्ध हों।

आदरणिय राष्ट्रपति द्रौपदी मुर्मू जी ने डिजिटल विधानसभा के उद्घाटन समारोह में शामिल होने का हमारा निमंत्रण स्वीकार करते हुए जो अपना बहुमूल्य समय दिया उस के लिए मैं तहेदिल से आभार व्यक्त करता हूं। साथ ही गुजरात राज्य के माननीय मुख्यमंत्री श्री भूपेन्द्र भाई पटेल का आभार व्यक्त करता हुं।

**... जय जय गरवी गुजरात।**

**श्री भुपेन्द्रभाई पटेल (मुख्यमंत्री)**:आज के इस ऐतिहासिक कार्यक्रम में उपस्थित परम आदरणीय महामहिम राष्ट्रपति श्रीमती द्रौपदी मुर्मु जी, गुजरात विधान सभा के अध्यक्ष श्री शंकरभाई चौधरी जी, उपाध्यक्ष श्री जेठाभाई, संसदीय मंत्री श्री ऋशिकेष भाई, गुजरात प्रदेश भाजपा के यशस्वी अध्यक्ष श्री सी.आर. पाटील जी, पूर्व डिप्टी सीएम श्री नीतिनभाई, पूर्व अध्यक्ष श्री राजेंद्रभाई, गुजरात प्रदेश कोंग्रेस के अध्यक्ष और सांसद शक्तिसिंह जी, सभी सांसद गण, मंत्री मंडल के मेरे सभी साथी गण, राज्य के अन्य सभी विधायक गण, और यहाँ उपस्थित अतिथि गण तथा प्रेस मीडिया के मेरे मित्रो, सभी को मेरा नमस्कार।

आज का यह दिन हम सभी के लिए बहुत ही खास है, क्योंकि विश्व नेता और हमारे यशस्वी प्रधानमंत्री श्री नरेन्द्र भाई मोदी जी के डिजिटल भारत-पेपरलेस गवर्मेन्ट के अभिगम को गुजरात विधानसभा ने वास्तविक स्वरूप दिया है। गुजरात की विधान सभा अब पूरी तरह से डिजिटल बनने जा रही है। इस शुभ अवसर पर देश की महामहिम राष्ट्रपति जी आज हम सभी के बीच उपस्थित हैं, यह हम सभी के लिए बहुत ही सौभाग्य की बात है।

महामहिम राष्ट्रपति जी, गुजरात की यह धरती अनेक महापुरुषों से धन्य रही है। देश की आज़ादी के महानायक महात्मा गांधी और आधुनिक अखंड भारत की संरचना के सूत्रधार सरदार वल्लभभाई पटेल की इस पवित्र भूमि में, मैं, गुजरात की साढ़े छः करोड़ जनता की ओर से आपका हार्दिक स्वागत और अभिनंदन करता हूँ।

हमें इस बात पर भी गर्व है कि विश्व नेता और विकास की राजनीति के प्रणेता आदरणीय प्रधानमंत्री श्री नरेन्द्र मोदी जी भी इसी गुजरात की धरा के सुपुत्र हैं। आदरणीय प्रधानमंत्री जी का प्रशासनिक जीवन भी इसी सदन से शुरू हुआ था। आज देश माननीय प्रधानमंत्री जी के विजनरी लीडरशिप में विश्व गुरु बनने की ओर तेजी से आगे बढ़ रहा है।

महामहिम राष्ट्रपति जी, ऐसे महान सपूतों के मार्गदर्शन और योगदान से बनी इस विधान सभा में आप आज पहली बार पधारी हैं, इसका हमें विशेष आनंद है। प्रधानमंत्री जी के वन नेशन बन एप्लीकेशन के विचार से प्रेरणा लेते हुए हमने भी गुजरात की विधान सभा को डिजिटल विधानसभा में ट्रांसफॉर्म कर लिया है। गुजरात विधान सभा में आज से नेशनल ई-विधान एप्लीकेशन, NeVA की शुरुआत हो रही है, और यह हम सभी के लिए एक ऐतिहासिक पल है।

"सुशासन हर राष्ट्र की प्रगति की कुंजी है, और सिटीजन फर्स्ट ही हमारा मंत्र, सूत्र और मार्गदर्शक सिद्धांत है"। प्रधानमंत्री जी के इसी आदर्श विचार से प्रेरित होकर हमने अपने राज्य में डिजिटल गवर्नन्स के कई नए इनीशिएटिव्स लागू किए हैं। हमारे इन इनीशिएटिव्स ने राज्य सरकार की बेहतर कार्य कुशलता और जनता के कल्याण के प्रति प्रतिबद्धता और पारदर्शिता को बेहतर तरीके से सुनिश्चित किया है। चौदह हजार से अधिक ग्राम पंचायतों के जरिए तीन सौ इक्कीस से अधिक ऑनलाइन सेवा ''सेवा सेतु'' के माध्यम से ग्रामीण नागरिकों तक पहुँचाया जा रहा है।

इसी क्रम में आगे बढ़ें तो प्रधानमंत्री जी के डिजिटल भारत मिशन के अंतर्गत विश्व के सबसे बड़े ग्रामीण टेलीकॉम प्रोजेक्ट "भारतनेट" के दूसरे फेज़ में राज्य की सात हजार नौ सौ से अधिक ग्राम पंचायतें ऑप्टिकल फाइबर नेटवर्क से जुड़ने जा रही हैं। इस फाइबर नेटवर्क कनेक्टिविटी से ई-हेल्थ, ई-एजुकेशन, ई-एग्रीकल्चर जैसे विषयों के सरल अमलीकरण से ग्रामीण नागरिकों को कई सेवाएँ आने वाले समय में आसानी से उपलब्ध होंगी।

महामहिम राष्ट्रपति जी, मुझे आपको यह सूचित करते हुए गर्व हो रहा है कि गुजरात ने देश में सबसे अधिक एक सौ अठ्ठावन सेवाओं को डीबीटी से जोड़कर ग़रीबों के कल्याण को सुनिश्चित किया है। वहीं, हाल ही में लागू हमारी सरकार की नई पहल "ई-सरकार" के माध्यम से सरकार के विभिन्न विभागों की दस लाख से अधिक ई- फाइल्स को प्रोसेस किया गया है डिजिटल गवर्नन्स को लेकर इस प्रकार के इफेक्टिव, ईज़ी और ट्रांसपरन्ट वर्किंग मिकेनिजम से लोगों के ईज ऑफ लिविंग में भी काफी सुधार हुआ है।

आदरणीय प्रधानमंत्री श्री नरेन्द्रभाई की प्रेरणा से हमारे इन इनीशिएटिव्स से सामान्य लोगों में प्रशासन के प्रति विश्वास और मजबूत हो गया है। प्रधानमंत्री जी के मार्गदर्शन और नेतृत्व में विश्व में हमारे देश के मान-सम्मान को एक नई पहचान मिली है। हाल ही में प्रधानमंत्री जी के मार्गदर्शन में भारत ने G - 20 की सफल अध्यक्षता भी पूरी कर ली है। नई दिल्ली में भव्य समापन उत्सव का आयोजन कर हमने पूरे विश्व को हमारे आदर्श विचार- "एक पृथ्वी, एक विश्व और एक परिवार", भारत की मेहमान नवाजी और

भारतीय संस्कृति का अद्भुत अनुभव कराया है। गुजरात और देश, प्रधानमंत्री जी के मार्गदर्शन में इसी प्रकार आगे बढ़ता रहे और विकास के नए आयामों को हासिल करे, यही हमारी आकांक्षा है

महामहिम राष्ट्रपति जी, आपने यहाँ पधार कर हमारे आमंत्रण को सम्मान दिया, और हमें अपना अमूल्य समय दिया, इसके लिए हम सभी गुजरातवासी आपके आभारी हैं।

गुजरात: की डिजिटल विधान सभा की यह यात्रा पूरी तरह से सफल बने, इसी शुभकामना के साथ मैं अपनी वाणी को विराम देता हूँ।

**धन्यवाद। भारत माता की जय। वंदे मातरम्। जय जय गरवी गुजरात।**

**श्रीमती द्रौपदी मुर्मु (राष्ट्रपतिश्री):** गुजरात की इस पावन भूमि पर आना मेरे लिए सदैव एक सुखद अनुभूति होती है। मुझे इस बात की और भी अधिक प्रसन्नता है कि लोकतन्त्र के इस मंदिर में, मैं आपको संबोधित कर रही हूँ। मुझे यह जानकर खुशी हुई है कि श्री भूपेंद्रभाई पटेल जी ने मुख्यमंत्री के रूप में आज दो साल पूरे किए हैं। मैं उनको हार्दिक बधाई देती हूँ और कामना करती हूँ कि वे गुजरात की जनता की सेवा निरंतर करते रहें। गुजरात का हजारों साल का गौरवशाली इतिहास रहा है। कर्मठ, प्रतिभाशाली और उद्यमी निवासियों के बल पर गुजरात का भविष्य भी अत्यंत उज्ज्वल है। सबसे विशेष बात यह है कि गुजरात ने हमेशा भारत और भारतवासियों के भविष्य के साथ अपने भविष्य को देखा है। प्रसिद्ध कवि उमाशंकर जोशी के शब्दों में:

**हूँ गुर्जर भारतवासी, झंखों पल-पल सहुजन,**

**मंगल मन मारू उल्लासी, हूँ गुर्जर भारतवासी**

यह कविता गुजरात की आत्मा की पुकार है।

जब वर्ष 1960 में गुजरात राज्य की स्थापना हुई, उसके बाद से इस विधान सभा ने कई उतार-चढ़ाव देखे हैं। लेकिन इसमें कोई संदेह नहीं है कि इस सदन ने हमेशा समाज के हित में कार्य किया है। समय-समय पर इस विधान-सभा ने अनेक सराहनीय कदम उठाये हैं। गुजरात पंचायत विधेयक, 1961 और गुजरात अनिवार्य प्राथमिक शिक्षा अधिनियम, 1961 ने लोकल सेल्फ गवर्नमेंट और शिक्षा के क्षेत्र में प्रगतिशील व्यवस्था स्थापित की है। गुजरात विधान-सभा द्वारा इन्फ्रास्ट्रक्चर में निवेश और विकास को प्रोत्साहित करने के लिए गुजरात इन्फ्रास्ट्रक्चर डेवलमेंट एक्ट-1999 पारित किया गया। पिछले दो दशकों के दौरान भी, इस सदन ने कृषि, पर्यावरण, शिक्षा, स्वास्थ्य, पशुधन, सार्वजनिक सेवा विषयों पर अनेक दूरदर्शी कानून बनाए हैं। गुजरात राज्य आपदा प्रबंधन अधिनियम-2003, गुजरात राजकोषीय दायित्व अधिनियम- 2005, गुजरात (नागरिकों का सार्वजनिक सेवा संबंधी अधिकार) अधिनियम- 2013 और गुजरात जैविक कृषि विश्वविद्यालय अधिनियम- 2017 जैसे कुछ उदाहरण हैं जो इस सदन की दूरगामी सोच को परिलक्षित करते हैं।

आज इ-एसेंबली का उद्घाटन एक ऐसा ही महत्वपूर्ण कदम है। नेशनल इ-विधान एप्लिकेशन(नेवा) (National e-Vidhan Application- NeVA) के जरिये यह विधान सभा एक डिजिटल हाउस में बदल जाएगी। इस एप्लीकेशन के जरिये इस सदन के सदस्य, देश के संसद और अन्य विधान सभाओं और विधान परिषदों के बेस्ट प्रेक्टिस को देख सकते हैं, उन्हें अपना सकते हैं। अपने-आप में यह एक अत्यंत प्रगतिशील परिवर्तन है। इस परिकल्पना को मूर्त रूप देने के लिए मैं भारत सरकार के संसदीय कार्य मंत्रालय, गुजरात विधान सभा और गुजरात सरकार के सभी संबद्ध व्यक्तियों को हार्दिक बधाई देती हूँ।

मुझे विश्वास है कि "वन नेशन, वन एप्लीकेशन" के लक्ष्य से प्रेरित यह कदम गुजरात विधान सभा के काम-काज में और अधिक गति और पारदर्शिता लाएगा। साथ ही, सदन की पूरी प्रक्रिया पेपरलैस होने से पर्यावरण की सुरक्षा भी हो सकेगी। मुझे यह जानकर बहुत ही प्रसन्नता हुई है कि गुजरात विधान सभा सचिवालय ने प्रशिक्षण सामग्री भी गुजराती भाषा में उपलब्ध कराई है और इस भवन में ही 'नेवा' सेवा केंद्र के माध्यम से प्रशिक्षण भी दिया जा रहा है।

माननीय सदस्यगण,

इस धरती के अनेक सपूतों ने अपनी प्रतिभा के बल पर भारत का नाम दुनिया भर में ऊंचा किया है। राष्ट्रपिता महात्मा गांधी ने न सिर्फ भारत के स्वतंत्रता-संग्राम को विलक्षण नेतृत्व प्रदान किया, अपितु संपूर्ण विश्व को भी एक नयी राह दिखाई। उनके द्वारा दिया गया सत्य और अहिंसा का मूल-मंत्र विश्व शांति के लिए आज भी अत्यंत प्रासंगिक है। हम लौह-पुरुष सरदार पटेल को देश के एकीकरण में उनके अहम योगदान के लिए सदैव स्मरण करते हैं। आज जब हम चंद्रयान मिशन-3 की सफलता का उत्सव मना रहे हैं, तब गुजरात के एक और सपूत भारतीय अंतरिक्ष कार्यक्रम के जनक माने जाने वाले, डॉक्टर विक्रम साराभाई का स्मरण स्वत: ही हो जाता है। श्री मोरारजी देसाई ने एक स्वतन्त्रता सेनानी और बाद में भारत के प्रधान मंत्री के रूप में राष्ट्रीय स्तर पर महत्वपूर्ण भूमिका निभाई। भारत के प्रधान मंत्री श्री नरेन्द्र मोदी जी की भी जन्म और कर्म भूमि गुजरात ही रही है, जिनके कुशल नेतृत्व में हमारा देश मजबूती से प्रगति पथ पर आगे बढ़ रहा है।

माननीय सदस्यगण,

गुजरात अनेक मानकों पर देश के अग्रणी राज्यों में है। यह एक लीडिंग मेन्युफेक्चरिंग हब भी है और देश का सबसे बड़ा दूध उत्पादक राज्य भी है। स्टार्ट-अप इको-सिस्टम की दृष्टि से यह प्रमुख राज्यों में से एक है। उर्जा के गैर परंपरागत स्रोतों को बढ़ावा देने में भी गुजरात का योगदान महत्वपूर्ण है। रूफ-टोप सोलर पावर जनरेशन और विंड एनर्जी प्रोडक्शन में भी गुजरात अग्रिम पंक्ति के राज्यों में है। किसी भी राज्य की आर्थिक उन्नति में उसके मानव संसाधन की अहम भूमिका होती है। मानव संसाधन के विकास के लिए जनता को अच्छी स्वास्थ्य व्यवस्था, गुणवत्ता-पूर्ण शिक्षा, बिजली और पानी जैसी बुनियादी सुविधाएं प्रदान करना महत्वपूर्ण है। मुझे खुशी है कि गुजरात सरकार ने इन विषयों पर भरपूर ध्यान दिया है। सरकार के प्रयासों से गर्ल एज्युकेशन, टीचर-स्टूडेंट रेशियो, एनरोल्मेंट रेशियो और रिटेंशन रेट में अभूतपूर्व सुधार हुआ है। त्रि-स्तरीय स्वास्थ्य व्यवस्था द्वारा ग्रामीण जनता को भी

उचित और त्वरित चिकित्सा सेवा प्रदान की जा रही है। जिसके फलस्वरूप मेटर्नल मोर्टालिटी रेशियो और इंफान्ट मोर्टालिटी रेट में उल्लेखनीय कमी आई है। पिछले दो दशकों के दौरान गुजरात में विद्युत-सुधार में और जल संचयन तथा आपूर्ति के क्षेत्र में उल्लेखनीय कार्य हुआ है। यही कारण है कि आज राज्य में बिजली की समस्या नहीं है और गुजरात की जनता को पीने का पानी घर पर ही उपलब्ध हो रहा है। यह अत्यंत प्रसन्नता की बात है कि इस राज्य ने न सिर्फ मनुष्यों, बल्कि पशुओं के कल्याण के लिए भी प्रयास किए हैं।

गुजरात की प्रगति देखकर हार्दिक प्रसन्नता होती है। लेकिन एक बात की ओर मैं आपका ध्यान आकर्षित करना चाहती हूँ, वह है इस सदन में महिलाओं का प्रतिनिधित्व। आज जब महिलाएं हरेक क्षेत्र में, चाहे वह सायंस एंड टेक्नोलोजी हो, डिफेंस या स्पोर्ट्स हो, उत्कृष्ट प्रदर्शन कर रही हैं तो राजनीति में भी उनका प्रतिनिधित्व बढ़ना चाहिए। मैं पूरे देश में शिक्षण संस्थानों में जाती हूँ और छात्राओं से मिलती हूँ। मैंने उनकी आँखों में आगे बढ़ने और देश तथा समाज के लिए कुछ करने की ललक देखी है। अगर उन्हें उचित अवसर दिया जाए, तो वो पुरुषों से कंधे से कन्धा मिलाकर राष्ट्र निर्माण में अपना योगदान दे सकती हैं। देश के समग्र विकास के लिए आधी आबादी की भागीदारी भी अत्यंत महत्वपूर्ण है।

माननीय सदस्यगण,

जलवायु परिवर्तन और ग्लोबल वोर्मिंग के विपरीत प्रभाव और उससे होने वाले नुकसान को पूरा विश्व महसूस कर रहा है। इस संकट का सामना करने के लिए नई दिल्ली में, भारत की अध्यक्षता में, जी-20 समूह के देशों ने वर्ष 2030 तक ग्रीन हाउस गेसिस के उत्सर्जन को 43 प्रतिशत कम करने का लक्ष्य तय किया है। यह संकल्प बहुत ही महत्वपूर्ण है। क्योंकि कुल उत्सर्जन के 80 प्रतिशत में जी-20 देशों का ही योगदान है। पर्यावरण प्रदूषण में फोसिल फ्युअल्स के उपयोग की अहम भूमिका होती है। इसलिए ऊर्जा के न्यू और रीन्युएबल स्रोतों को बढ़ावा देना अत्यंत आवश्यक है। ये स्रोत न केवल जलवायु परिवर्तन के प्रभाव को कम करने में, बल्कि ऊर्जा के क्षेत्र में आत्मनिर्भरता प्राप्त करने की दिशा में भी महत्वपूर्ण हैं। यह बहुत ही प्रसन्नता की बात है कि जी-20 समिट के दौरान भारत ने ग्लोबल बायोफ्युल एलायन्स बनाने की घोषणा की है जिसमें अमेरिका और ब्राजील समेत 19 देश और 12 अंतर्राष्ट्रीय संगठन शामिल हैं। पर्यावरण संरक्षण और ऊर्जा के क्षेत्र में आत्मनिर्भरता के लिए, इंटरनेशनल सोलर एलायन्स के बाद यह भारत के नेतृत्व में उठाया गया एक और महत्वपूर्ण कदम है। गुजरात जैसे इनोवेटिव और ऊर्जा के गैर परंपरागत स्रोतों को बढ़ावा देने वाले राज्य के लिए यह एक अच्छा अवसर है।

माननीय सदस्यगण,

अंत में, एक बार फिर मैं आप सभी को ई-विधान के शुभारम्भ के लिए हार्दिक बधाई देती हूँ। टेक्नोलोजी लोगों के जीवन को सुगम बनाने का एक महत्वपूर्ण साधन है। ई-विधान आपको अपने क्षेत्र की जनता से जुड़े रहने में और भी मदद करेगी। मुझे विश्वास है कि आप टेक्नोलोजी का उपयोग करते हुए अपने क्षेत्र के लोगों की आशाओं और अपेक्षाओं को पूरा करने का प्रयास करेंगे। संसदीय मर्यादाओं और गरिमा को निभाते हुए आप सब इस सदन में जन-कल्याण के विमर्श का नया मानदंड स्थापित

करेंगे, ऐसी मेरी कामना है। आपका यह प्रयास न सिर्फ गुजरात को और अधिक संपन्न राज्य बनाने में, बल्कि भारत को भी वर्ष 2047 तक एक पूर्ण विकसित राष्ट्र बनाने में अहम होगा।

**धन्यवाद, जय हिन्द! जय भारत! जय जय गर्वी गुजरात!**

**(પોલીસ બેન્ડ દ્વારા બેઠકના અંતમાં '' જન ગણ મન અધિનાયક '' રાષ્ટ્રગીતની ધૂન વગાડવામાં આવી.)**
**(ઉદ્ઘાટન સમારોહ સવારના ૧૦.૩૯ વાગ્યે પૂરો થયો અને ૧૦.૪૦ વાગ્યે માનનીય રાષ્ટ્રપતિશ્રીએ ગૃહમાંથી વિદાય લીધી)**

**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

સભાગૃહની બેઠકની શરૂઆત '' વંદે માતરમ્'' સંગીતની ધૂન વગાડીને કરવામાં આવી.

**તારાંકિત પ્રશ્નો**

**સુરત મહાનગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ**

* ૧૫/૩/૩૩૧ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, | (૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૫૪૫૭૭.૭૧ લાખ અને વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૫૭૯૮૯.૨૫ લાખ મળી કુલ રૂ.૧૧૨૫૬૬.૯૬ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે કેટલા કામ મંજૂર થયેલ છે, અને | (૨) તે પરત્વે વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૧૧૨ કામો તથા વર્ષ ૨૦૨૨-૨૩માં ૯૬ કામો મળી કુલ ૨૦૮ કામો મંજૂર થયેલ છે. |
| (૩) તે પૈકી કેટલા કામ ઉક્ત સ્થિતિએ પૂર્ણ થયેલ છે ? | (૩) ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૨૧-૨૨માં ૬૩ કામો તથા વર્ષ ૨૦૨૨-૨૩માં ૦૮ કામો મળી કુલ ૭૧ કામો પૂર્ણ થયેલ છે. |

શ્રી પ્રવીણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, આ ડિજિટલ વિધાનસભાના પ્રથમ સત્રમાં મને પહેલો પ્રશ્ન પૂછવાનો અવસર મળ્યો છે તો હર્ષની લાગણી અનુભવું છું. મારો પ્રશ્ન એ છે કે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજયની સ્થાનિક સંસ્થાઓમાં કયા કયા ઘટક હેઠળ કેવા પ્રકારના કામો લઇ શકાય છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધયક્ષશ્રી, આજે ગુજરાત માટે ખૂબ ગૌરવનો દિવસ છે. ગુજરાત વિધાનસભા ઇ-વિધાનસભા બની છે એમાં વોટીંગ અને બીજા એક વિષય સાથે કદાચ દેશમાં આપણે સર્વપ્રથમ છીએ એમ આપે આપના પ્રવચનમાં પણ કહ્યું. દુનિયા ખૂબ ઝડપથી બદલાઇ રહી છે. ટેકનોલોજીના યુગમાં આપે વિધાનસભામાં જે શરૂઆત કરી અને શરૂઆત થકી પર્યાવરણની પણ જાળવણી થવાની છે અને સાથેસાથે મહામહિમ રાષ્ટ્રપતિજી વિધાનસભામાં આપના આમંત્રણ ઉપર આવે અને સાથે ગુજરાતમાંથી આખા દેશ માટેના ''આયુષ્યમાન ભવઃ'' કાર્યક્રમ અહીં ગુજરાતથી જ લોંચ થાય આમ બે મહત્ત્વની ઘટનાઓ આજે થવા જઇ રહી છે અને સાથેસાથે આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ સાહેબની સરકારને પણ આજે બે વર્ષ પૂરા થાય છે અને બે વર્ષમાં અનેકવિધ લોકઉપયોગી કામો માનનીય ભૂપેન્દ્રભાઇની સરકારે કર્યા છે ત્યારે એમને પણ આ ગૃહ વતી હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળની રાજયની સ્થાનિક સંસ્થાઓ, સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૧૮-૭-૨૦૧૩ના ઠરાવની જોગવાઇ હેઠળ ચાર ઘટક હેઠળ કામ લઇ શકાય છે. જયારે ગુજરાતની અંદર શહેરીકરણ થઇ રહ્યું હોઇ લગભગ ૪૭-૪૮ ટકા જેટલી શહેરી વસ્તી થતી હોય તો એના ઉપર ધ્યાન અપાય એ શહેરોના વિકાસ માટે અને નાના-મોટા કામો માટે પણ મુખ્યમંત્રી સ્વર્ણિમ યોજના શહેરી વિકાસ યોજના...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ જવાબ ઉપર આવી જાઓ, નહીં તો સામે સ્ક્રીન ઉપર હવે ટાઇમ દેખાય છે એટલે આપ જરા સમય જોજો.

## તારાંકિત પ્રશ્નો

શ્રી ઋષિકેશ ગ. પટેલ : જી, સાહેબ. એટલે એમાં ભૌતિક આંતરમાળખાકીય સુવિધાના કામો, સામાજિક આંતરમાળખાકીય સુવિધાના કામો, અર્બન મોબિલિટિ, શહેરી પરિવહનના કામો, શહેરની આગવી ઓળખ ઊભી થાય તેવાં કામો અને આમાં ભૌતિક, આંતર માળખાકીય સુવિધાઓ, શહેરોમાં જ્યાં ઉણપ હોય ત્યાં રસ્તા, ટ્રાફિક સર્કલના, પાણી પુરવઠાના, ભૂગર્ભ ગટર વ્યવસ્થાપન, સ્ટોર્મ વોટર ડ્રેનેજના કામોજળ સંચયનાં કામો, તળાવનાં બ્યુટિફિકેશનનાં કામો, સ્લમ વિસ્તારોમાં પાયાની સુવિધાઓનાં કામો, ઇ-ગવર્નન્સ, શોપિંગ કોમ્પ્લેક્સ, જાહેર ઉદ્યાનોનું નિર્માણ અને જાળવણી, સામાજિક વનીકરણ વગેરે તથા સ્મશાન ગૃહોના બાંધકામ, અગ્નિશમન ઉપકરણો તથા ફાયર સ્ટેશનો અને સાથે સામાજિક આંતરમાળખાકીય સુવિધાઓમાં પણ જે પ્રાથમિક શિક્ષણમાં ખૂટતા હોય ત્યાં શાળાઓના મકાનો, આરોગ્ય માટે અર્બન હેલ્થ સેન્ટર, હોસ્પિટલ, આંગણવાડી, લાઇબ્રેરી, સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટ, વેન્ડર માર્કેટ, હોકર્સ ઝોન, પાર્કીંગ સુવિધાઓ સહિત અદ્યતન પ્રકારની આધુનિક સુવિધાઓ ધરાવતા જાહેર પે એન્ડ યુઝ શૌચાલયો બનાવી શકાય એની આમાં જોગવાઇ છે. સાથોસાથ અર્બન મોબિલિટી, શહેરી પરિવહન, શહેરી બસ સેવા, ટ્રાફિક વ્યવસ્થા, રેલ્વે ઓવર બ્રિજ, રેલ્વે અન્ડર બ્રિજ, રીંગરોડ, રેડિયલ રોડ, ફ્લાય ઓવર બ્રિજ, અન્ડર પાસ. આજે સુરતની અંદર ટ્રાફિક માટેના પુલ બન્યા છે અને અન્ડર પાસ બન્યા છે. એક વખતનું સુરત હતું એની સામે અત્યારે ટ્રાફિકની વ્યવસ્થામાં અને સ્માર્ટ સિટીમાં પણ ખૂબ આગળ વધીને આખા ભારતમાં નામ ધરાવતું થયું છે. સુરતી લાલાઓ માટે ખૂબ સારી સગવડ આપણે કરી શક્યા છીએ. એટલું જ નહીં પરંતુ જે શહેર હોય એની આગવી ઓળખ ઊભી કરવા માટેના કામો લઇ શકાય છે. હેરિટેજ અને પ્રવાસન, પ્રદર્શન હોલ, પંચશક્તિ થીમ આધારિત ટ્રાફિક સર્કલ, આઇલેન્ડઝ, વોટર બોડી, લેન્ડ સ્કેપિંગ, રિવરફ્રન્ટ પાર્ક, ગાર્ડન, એમ્યુઝમેન્ટ પાર્ક, સ્વિમિંગ પુલ, યોગા કેન્દ્ર, નોલેજ સેન્ટર અને બાળકોમાં આજના સમયમાં વિજ્ઞાનનું જ્ઞાન વધે એના માટે સાયન્સ સેન્ટર, એમ્પી થિયેટર, પ્લેનેટોરિયમ, રાષ્ટ્રીય સ્મારક, આધુનિક ટાઉનહોલ, પ્રાણી સંગ્રહાલય અને બોટોનિકલ ગાર્ડન, બાલવાટિકા. આમ, શહેરનો સમગ્રતયા ૩૬૦ ડિગ્રીએ વિકાસ થઇ શકે. નાની મોટી ઊણપો શહેરમાં પૂરી કરી શકાય એના માટેનો પ્રયાસ ગુજરાત સરકારે તો કર્યો જ છે અને છેલ્લા સને ૨૦૧૩થી કરતી આવી છે અને આજસુધી ચાલી રહ્યો છે. પરંતુ સાથોસાથ સ્માર્ટ સિટી અને અમૃત યોજનાનો કેન્દ્રનો લાભ, ૧૪મું નાણાપંચ અને ૧૫મું નાણાપંચ પણ આપણને મળી રહ્યું છે. આમ, રાજ્ય સરકાર તો કરે અને કેન્દ્ર સરકાર એમાં ઉમેરો કરી આપે. એટલે આ ડબલ એન્જિનની સરકારમાં મહાનગરોનો વિકાસ નગરપાલિકાઓ સહિત આપણે કરી રહ્યા છીએ.

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, ડિજિટલ ગુજરાતમાં ટેકનોસેવી વિધાનસભામાં આપના મારફત આદરણીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ખાસ કરીને સુરત શહેરનો જે પ્રશ્ન છે, દેશની અંદર સુરત શહેર આજે સ્વચ્છતાના ક્ષેત્રમાં બીજા નંબરે આગળ વધ્યું છે એમાં રાજ્ય સરકારનો પણ ખૂબ સહકાર મળ્યો છે એ બદલ રાજ્ય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને મારો પ્રશ્ન છે કે શહેરી વિકાસ વિભાગ દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ૮ મહાનગરપાલિકાઓ તથા તમામ નગરપાલિકાઓમાં યોજના શરૂ થઇ ત્યારથી અત્યાર સુધી કેટલી રકમની જોગવાઇ કરેલ છે અને ભારત સરકાર તરફથી કોઇ સહાય આપવામાં આવી છે કે કેમ? અને જો આપવામાં આવી છે તો કઇ કઇ યોજના હેઠળ કેટલી સહાય આપવામાં આવી છે એની માહિતી આપવામાં આવે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિભાગ દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ૮ મહાનગરપાલિકાઓ તથા તમામ નગરપાલિકાઓમાં યોજના શરૂ થઇ ત્યારથી અત્યાર સુધી રૂ.૪૪,૭૮૫ કરોડની રકમ આપણે આપી ચૂક્યા છીએ. સાથોસાથ ભારત સરકાર તરફથી અમૃત યોજના, સ્માર્ટ સિટી યોજના અને નાણા પંચો અંતર્ગત પણ રૂ.૧૮,૩૯૩ કરોડની સહાય આપણે આપી છે. અમદાવાદ શહેરની વિગતો આપું તો સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં રૂ. ૯૯૮૪ કરોડ .....

<u>અધ્યક્ષશ્રી :</u> અત્યારે તમે માત્ર આંકડો આપો. અમદાવાદનું માગ્યું નથી. સુરત પૂરતું જ છે. એની ફિગર માગી છે. કુલ રકમ આપી દો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : કુલ રૂ. ૬૨,૨૬૬ કરોડ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર તરફથી ભેગા મળીને આ શહેરી વિકાસ યોજના માટે આપણને મળ્યા છે.

### બરવાળા તાલુકામાં લઠ્ઠાકાંડના આરોપીઓ વિરૂદ્ધ કાર્યવાહી

* ૧૫/૩/૨૫૨ **શ્રી ઉમેશભાઈ મકવાણા** (બોટાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લાનાં બરવાળા તાલુકામાં થયેલ લઠ્ઠાકાંડના મુખ્ય આરોપીઓ વિરૂદ્ધ શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૧) બોટાદ જિલ્લાનાં બરવાળા તાલુકામાં થયેલ લઠ્ઠાકાંડના મુખ્ય આરોપીઓ વિરૂદ્ધ ગુનો દાખલ કરીને નામ. કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ લઠ્ઠાકાંડમાં મૃત્યુ પામનારના | (૨) કોઇ સહાય ચૂકવવામાં આવેલ નથી. |

વારસદારને રાજ્ય સરકાર તરફથી કેટલી સહાય ચૂકવવામાં આવી છે ?

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આજે ઐતિહાસિક દિવસમાં ઇ-વિધાનસભાનું લોકાપર્ણ મહામહીમ રાષ્ટ્રાપતિ દ્વારા કરવામાં આવ્યું એ બદલ આપને ખૂબ ખૂબ અભિનંદન આપું છું, સાથોસાથ આપણા સૌ સભ્યોને અભિનંદન પાઠવું છું કે આ ઐતિહાસિક દિવસના આપણે સૌ સાક્ષી બન્યા અને એમાં આજે મને પ્રશ્ન પૂછવાનો મોકો મળ્યો એ બદલ પણ સૌનો આભાર માનું છું. તા.૩૧-૭-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બોટાદ જિલ્લાના બરવાળા તાલુકામાં લઠ્ઠાકાંડ થયો તેનો મુખ્ય આરોપી સમીર પટેલ વિરુદ્ધ શું કાર્યવાહી કરવામાં આવી? અને લઠ્ઠાકાંડમાં જે પરિવાર ભોગ બન્યો છે તેને રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધીમાં કોઇ સહાય ચૂકવવામાં આવી છે કે કેમ?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ તો હું આપશ્રીનો આભાર માનું છું અને અભિનંદન આપું છું. આજે ગુજરાતની વિધાનસભા ટેકનોલોજીના ક્ષેત્રમાં એક આગવું સ્થાન ધરાવી રહી છે. આ એક પ્રયાસ થકી વિધાનસભામાં કયા સભ્ય કેટલી મિનિટ બોલ્યા, કેટલી વખત એમને બોલવાનો અવસર મળ્યો, વિપક્ષ, પક્ષ બધા સાથે મળીને ગુજરાતની જનતાના અનેક પ્રશ્નોનું ક્વોલિટી રિઝલ્ટ કઇ રીતે લાવી શકે તે માટે સરકાર પણ એકાઉન્ટેબલ થશે. વિરોધ પક્ષ પણ આ સોફ્ટવેરના માધ્યમથી વધુ પારદર્શિતાથી એકાઉન્ટેબલ થશે. માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે કે, બોટાદ જિલ્લાના લઠ્ઠાકાંડમાં કોઇ પણ મૃત્યુ પામેલા એમના પરિવારજનોને કોઇ પણ પ્રકારની રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવી છે કે નહીં? રાજ્ય સરકાર આ પ્રકારના કિસ્સાઓમાં કોઇ પણ પ્રકારની સહાય આપતી નથી. ગુજરાતમાં આ પ્રકારની સહાય અપાઇ નથી. કોઇ બીજા રાજ્યમાં લઠ્ઠાકાંડમાં જરૂરથી આ પ્રકારની સહાય આપવામાં આવી છે. એમનો બીજો પ્રશ્ન બરવાળા પોલીસ સ્ટેશન દ્વારા આઇ.પી.સી.ની કલમ ૩૦૪, ૩૦૮, ૩૨૮, ૨૮૪, ૨૦૧, ૨૦૨, ૧૧૮, ૧૨૦, ૧૨૦-બી, ૧૧૪, ૩૪ તથા પ્રોહિબિશનની કલમ ૬૫-૧, ૬૨, ૬૭, ૬૭-૧(એ), ૨૬-૨૦૨૨ તા.૧૮-૧૦-૨૦૨૨ ના રોજ એની ચાર્જશીટ પણ કરી લેવામાં આવી હતી. લઠ્ઠાકાંડમાં આજ સુધીના ઇતિહાસમાં જેટલા પણ લઠ્ઠાકાંડો થયા હશે તેમાં સૌથી ઝડપથી ચાર્જશીટ આ લઠ્ઠાકાંડના આરોપીઓને સજા મળે તે માટે પોલીસ અને લો-ડિપાર્ટમેન્ટે સાથે મળીને કરેલી છે.

શ્રી શંભુપ્રસાદ ટુંડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને અને રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપવા માંગીશ. કારણ કે, બોટાદ જિલ્લામાં છેલ્લા એક વર્ષની અંદર ગુનાઇત કૃત્ય કરાવવાવાળા તત્ત્વો અને પરિબળો શીલા ડોન અને મહાવીર સિંઘવ જેવા તત્ત્વોની ગુજસીટોક હેઠળ અટકાયત કરીને કડક અને સખત કાર્યવાહી કરવા બદલ માનનીય મંત્રીશ્રીને પહેલા તો લાખ લાખ અભિનંદન આપું છું અને આ પ્રશ્નના પેટા પ્રશ્નમાં હું એ કહેવા માગીશ કે આવા લઠ્ઠાકાંડ દ્વારા સામાજિક સુરક્ષા પણ જોખમાતી હોય છે એટલે કાયદાકીય જોગવાઇઓ મુજબ સજાની કામગીરી કરવામાં આવે એ ઠીક છે. પરંતુ વિભાગ દ્વારા સામાજિક સુરક્ષા અને જાગૃતતાના હેતુસર કોઇ કામગીરી કરવામાં આવી છે કે કેમ ?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દ્વારા જે વિષય મૂકવામાં આવ્યો છે એ ખૂબ મહત્ત્વનો છે. કાલે મેં આ સભાગૃહ સમક્ષ જે વાત મૂકી કે આ પ્રકારના કિસ્સાઓ વર્ષોવર્ષથી બનતા આવે છે. પરંતુ આ પ્રકારના કિસ્સાઓ બને જ નહીં તે માટે આ સમાજિક દૂષણનું ક્યાંકને ક્યાંક પરિવર્તન લાવવું ખૂબ જરૂરી છે. પોલીસ દ્વારા આ પ્રકારના કૃત્યમાં આ પ્રકારની કામગીરીમાં ધંધાર્થે જોડાયેલા લોકોને એક સારું જીવન કઇ રીતે મળે? તેમાં ખાસ કરીને મહિલાઓને સમાજમાં બીજા કોઇક કામમાં કેવી રીતે જોડી શકાય તે માટેની ટ્રેનિંગ આપવામાં આવે છે. અનેક જિલ્લાઓ એવા છે. આણંદની અંદર ૬૪થી વધારે મહિલાઓને અમૂલના પાર્લર ખોલીને એ લોકોની રોજગારીના સૂત્રો કઇ રીતે બદલી શકાય એ માટેની કામગીરી કરવામાં આવી. ખેડા જિલ્લામાં સ્વયં સિદ્ધા પ્રોજેક્ટ ચાલુ કરીને ત્યાંની મહિલાઓને સ્ટિચિંગની કામગીરી શીખવાડવામાં આવી. બ્યુટીપાર્લરની કામગીરી શીખવાડવામાં આવી. એ લોકોને ભણતર આપ્યું. એમના બાળકોને ભણતર આપવાની કામગીરી પોલીસ દ્વારા ચાલે છે. એ જ રીતે અમદાવાદ શહેર પોલીસ દ્વારા પણ આ જ પ્રકારની કામગીરી અમદાવાદ શહેરની ૨૫૦થી વધારે મહિલાઓને ગયા વર્ષની અંદર એક સારું જીવન આપવાની કામગીરી પોલીસ દ્વારા કરવામાં આવી છે. સમાજને સાથે લઇને આ પ્રકારની કામગીરી અમે વધુમાં વધુ અલગ અલગ જિલ્લાઓમાં કઇ રીતે થઇ શકે એના માટે પ્રયત્નો કરી રહ્યા છીએ. બોટાદ જિલ્લાના અનેક આરોપીઓની વાત કરી. આપણા ગુજરાતમાં આ પ્રકારના આરોપીઓનું કોઇપણ સ્થાન નથી. આ પ્રકારના આરોપીઓ ઉપર ગુજરાત પોલીસ ખૂબ જ કડકાઇપૂર્વક પગલાં ભરી રહી છે અને આવનારા દિવસોની અંદર પણ કોઇપણ ધારાસભ્યશ્રીને કોઇપણ વિસ્તારની અંદર આ પ્રકારની કોઇપણ ઘટના ધ્યાનમાં આવે તો અમે સંપૂર્ણપણે આની ઉપર કામગીરી કરવા માટે તૈયાર છીએ.

## તારાંકિત પ્રશ્નો

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, લઠ્ઠાકાંડનો મુખ્ય આરોપી જે સમીર પટેલ છે એ અત્યારે જામીન ઉપર બહાર છે તો એના ઉપર પાસા જેવી કે ગુજસીટોક જેવી કોઇ કડકમાં કડક કાર્યવાહી સરકાર દ્વારા કરવામાં આવી છે કે કેમ? કારણ કે આમાં ઓફિશિયલી જ્યથી વધુ ગરીબ લોકોનો ભોગ લેવાયો હતો. અનઓફિશિયલી તો બહુ મોટો આંકડો હતો તો અત્યારે એ આરોપી બહાર ફરે છે અને સહઆરોપી પણ બધા બહાર જ છે. તો આવા વ્યક્તિઓ ઉપર પાસા કે ગુજસીટોક જેવી કલમ નાખીને એમને કાયદાનું ભાન કરાવવા માંગે છે કે કેમ?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ઓફિશિયલી, અનઓફિશિયલી ગુસ્સો બધી જ વાત સાચી છે. ગુસ્સો, વેદના એ તો તમામ લોકોમાં હોય જ પરંતુ કાયદો જે બને છે એ કાયદાની અનેક મર્યાદાઓ હોય છે. ગુજસીટોક કાયદો બન્યો એ તમામ લોકો ઉપર લગાવી શકાતો નથી. ગુજસીટોકનો કાયદો બનેલો એમાં અનેક એવી કલમો છે કે જેના આધારે એ ગુનો કરનાર અને ગુનાના કૃત્યને આખું ઓર્ગેનાઇઝ પ્લાન કર્યું હોય તો જ એના ઉપર આપણે ગુજસીટોક લગાડી શકીએ. એ બહાર નાસતો ફરતો નથી. એના ઉપર સરકારે કડક પગલાં ભરેલાં જ છે. એના ઉપર ઝડપથી ચાર્જશીટ પણ કરવામાં આવી છે અને એના જામીન કોર્ટમાં થયા છે. એ જામીન રદ કરવા માટે પણ સરકાર કોર્ટમાં ગઇ છે પરંતુ કોર્ટનો નિર્ણય એ આપણા સૌ માટે આવકાર્ય હોય છે. પાસાની કલમ લગાડી હોય એના ઉપર પણ શું કામગીરી થઇ છે એ હું જાણી લઇશ અને હું સભ્યશ્રીને જાણકારી આપીશ. એના ઉપર હજી વધુ કડક કાર્યવાહી આ પ્રકારના જે કોઇ ઇસમો છે એની ઉપર થઇ શકતી હોય તો એના માટે હંમેશા તૈયાર છીએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, બોટાદની ઘટના આપણા માટે ખૂબ જ દુઃખદ હતી અને મોટી ઘટના હતી પણ ગુજરાતની અંદર આવા લઠ્ઠાકાંડ નાના પાયા ઉપર કેટલીયે જગ્યાએ થતા રહ્યા છે અને આમાંના મોટાભાગના સભ્યશ્રીઓને હંમેશા ખ્યાલ હશે કે આપણે લોકોની વચ્ચે જઇએ અને ગરીબ લત્તામાં જઇએ ત્યારે મહિલાઓ અમારા વિસ્તારની અંદર દારૂ બંધ કરાવો એવું ખુલ્લેઆમ કહેવા માટે આવે છે. દુર્ભાગ્યપૂર્ણ વાત એ છે કે આ જે મોડસ ઓપરેન્ડી ચાલે છે એમાં આ લઠ્ઠો કે દારૂ વેચવામાં પણ વિધવા બહેન કે એવા કોઇ બહેનોનો ઉપયોગ થાય છે અને બંધ કરાવવા જાય તો ફરી પાછું દબાણ આવે. આ લઠ્ઠાના નામે ગુજરાતની અંદર સીરપ વેચાય છે, કોઇ જગ્યાએ સુંઘવા માટેનું કેમિકલ્સ વેચાય છે અને ખુલ્લેઆમ વેચાય છે. આની અંદર આરોપીઓને પકડ્યા એનો કોઇ વાંધો નથી પણ પોલીસ અધિકારીઓ છે એની જે જવાબદારીઓ છે એ ફિક્સ કરવામાં આવે તો આવી ઘટનાઓને રોકી શકાય અને પોલીસની ઇચ્છાશક્તિ હોય તો કોઇ સંજોગોમાં આ દારૂ ખુલ્લેઆમ વેચી શકાય નહીં એટલે આ રાજ્ય સરકાર પોલીસ અધિકારીઓ સામે પગલાં લેવાં માંગે છે કે કેમ? એ મારો પ્રશ્ન છે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય સરકાર ગુજરાતના નાગરિકોની સરકાર છે. પોલીસ અધિકારીઓ વિરુદ્ધ પગલાં જે સમયે લઠ્ઠાકાંડ થયો તે જ સમયે તાત્કાલિક લઇ લેવામાં આવેલા. હું માનનીય સભ્યશ્રીના ધ્યાનમાં મૂકવા માગું છું કે, લઠ્ઠાકાંડ અંગેના બનાવના કારણે બોટાદ જિલ્લામાં નાયબ પોલીસ અધીક્ષક કક્ષાથી લઇ પોલીસ સબ ઇન્સ્પેકટર કક્ષાના અધિકારીઓને એ જ દિવસે ફરજ મોકૂફ કરવામાં આવેલા. આ પ્રકારની કોઇપણ ઘટના બને તે ઘટનામાં અમે લોકો બીજી વખત આવી ઘટનાઓ ના બને તેના માટે કડક પગલાં તે જ સમયે ભરીએ છીએ. અમે તેના માટે કોઇ દિવસની રાહ નથી જોતા.

### આણંદ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ

* ૧૫/૩/૧૩૧ **શ્રી કમલેશભાઈ પટેલ** (પેટલાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ (તબક્કો-૮) હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા, | (૧) ૫૬ |
| (૨) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૬ |
| (૩) આ કાર્યક્રમ હેઠળ ગ્રામ્ય વિસ્તારમાંથી કેટલી અરજીઓ આવી, અને | (૩) ૨,૨૮,૬૪૦ |
| (૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ? | (૪) ૨,૨૮,૬૪૦ |

શ્રી કમલેશભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ગુજરાતનું નેતૃત્વ દેશ અને દુનિયામાં ડંકો વગાડતું હોય ત્યારે આજે આ જ ગુજરાત વિધાનસભામાં આપના અધ્યક્ષપણા હેઠળ આ વિધાનસભા જ્યારે ડિજિટાઇઝ વિધાનસભા થઇ છે ત્યારે આપને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ મક્કમ રીતે બે વર્ષ પૂરાં કર્યાં છે અને ગુજરાતને એક નવી દિશા આપી રહ્યા છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આણંદ જિલ્લામાં તા.૩૧-૩-૨૦૨૩ સુધીમાં સેવાસેતુના કેટલા કેમ્પ થયા અને તેમાં કેટલા લાભાર્થીઓને લાભ મળ્યો, કેટલી

અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો? આઠ તબક્કા સેવાસેતુના પૂરા થયા છે ત્યારે નવમો તબક્કો સેવાસેતુનો શરૂ થશે કે નહીં? ધન્યવાદ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ પ્રજાને સતત મળતો રહે અને વહીવટમાં કાર્યદક્ષતા, પારદર્શકતા, સંવેદનશીલતા, એકાઉન્ટિબિલિટી અને જવાબદારીઓની બાબતમાં રાજયના પ્રજાજનોને વ્યક્તિગત સેવાઓ તેમના રહેઠાણના નજીકના સ્થળે મળી રહે તેના માટે આ સેવાસેતુનો કાર્યક્રમ આપણે શરૂ કર્યો હતો. આણંદની અંદર તબક્કા-૧માં ૨૮ સેવાઓ આવરી લીધી હતી. તે વખતે ૩૫,૭૮,૩૨૫ અરજીઓ મળી હતી. તેમાંથી ૯૯ ટકા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. તબક્કા-૨માં ૫૦ સેવાઓ આવરી લીધી હતી. તેમાં ૨૩,૧૧,૨૬૩ અરજીઓ મળી અને તેમાંથી ૯૯.૫૭ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. તબક્કા- ૩માં ૬૧ પ્રકારની સેવાઓ આવરી લીધી હતી અને તેમાં ૪૭,૪૨,૦૦૦ જેટલી અરજીઓ મળી હતી અને તેમાંથી ૯૯.૯૨ ટકા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. તબક્કા-૪માં ૫૫ પ્રકારની સેવાઓ આવરી લીધી હતી અને તેમાં ૪૭,૧૩,૯૫૫ જેટલી અરજીઓ મળી અને તેમાંથી ૯૯.૫૭ ટકા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. તબક્કા-૫માં ૫૭ પ્રકારની સેવાઓ આવરી લીધી હતી અને તેમાં ૪૩,૨૦,૦૦૦ અરજીઓ મળી અને તેમાંથી ૯૯.૯૯ ટકાનો નિકાલ કરવામાં આવ્યો. તબક્કા-૬માં ૫૭ પ્રકારની સેવાઓ આવરી લીધી હતી અને તેમાં ૮,૨૩,૮૮૯ અરજીઓ આવી અને તેમાંથી ૯૨.૬૨ ટકા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. તબક્કા-૭માં ૫૬ પ્રકારની સેવાઓ આવરી લીધી હતી. જેમાં ૪૧ લાખ અરજીઓ મળી હતી અને તેમાંથી ૯૯.૯૯ ટકા એટલે કે લગભગ ૧૦૦ ટકા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. તબક્કા-૮માં તા.૧-૪-૨૦૨૨ થી ૧-૧૦-૨૦૨૨ સુધીમાં ૫૬ પ્રકારની સેવાઓ આવરી લીધી હતી. જેમાં ૩૩,૨૬,૫૩૯ અરજીઓ મળી હતી. જેમાં ૯૯.૯૩ ટકા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. આમ, કુલ મળીને ૨,૭૯,૩૧,૦૦૦ જેટલી અરજીઓ મળી જેમાંથી ૨,૭૮,૯૮,૦૦૦ એટલે કે, ૯૯.૮૮ ટકા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. આમ આટલી સફળતાનો દર છે. એટલે આ જે સેવાઓ છે તે આમ તો રૂટિનમાં મામલતદાર કચેરી કે તાલુકા પંચાયત કચેરીએ આપતા હોઇએ છીએ. પરંતુ આ સેવાઓ એવી છે કે, જ્યારે સેવાનો કેમ્પ થાય ત્યારે કોઇને રેશનકાર્ડમાં નામ સુધરાવવું હોય તો તે ત્યાંને ત્યાં જ થઇ શકે. આધારકાર્ડમાં મોબાઇલ નંબર બદલાવવો હોય તો ત્યાંને ત્યાં જ બદલાવી શકે છે. એક જ દિવસમાં ત્યાં જે સેવાઓ આપી શકાય તેવી તમામ સેવાઓ આપણે ગામડાં સુધી પહોંચાડવામાં સફળ થયા છીએ.

શ્રી ગોવિંદભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ૮માં તબક્કામાં સેવા સેતુ કાર્યક્રમમાં કઇ કઇ સેવાઓ આવરી લેવામાં આવે છે અને આણંદ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવા સેતુના કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ ૫૬ પ્રકારની સેવાઓ આપણે આવરી લીધી છે. થોડું લાંબુ થશે પણ ગૃહના સભ્યોને ખૂબ અગત્યની માહિતી આજે મળી રહેશે. સામાન્ય વહીવટ વિભાગમાં આધાર કાર્ડ, આધાર કાર્ડ સંલગ્ન મોબાઇલ નંબર પરિવર્તન, અન્ન અને નાગરીક પુરવઠા અને ગ્રાહકો બાબતોનો જે વિભાગ છે એમાં રેશન કાર્ડમાં નામ દાખલ કરવું, કમી કરવું અને નામમાં સુધારો કરવો આ ત્રણ પ્રકારની સેવાઓ એજ દિવસે એને મળી રહે એ પ્રમાણેની વ્યવસ્થા. આદિજાતિ વિકાસ વિભાગમાં જાતિ પ્રમાણ પત્ર સૌરાષ્ટ્રના જિલ્લાઓ સિવાય, કુંવરબાઇનું મામેરું સહાય યોજના, ફ્રીશિપ કાર્ડ, શાળા કોલેજ પ્રવેશોત્સવ અને આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા દિવ્યાંગતા પ્રમાણ પત્ર, કસ્તૂરબા પોષણ સહાય યોજના, પી.એમ.જે.વાય. મા યોજના, હેલ્થ વેલનેશ કાર્ડ, ડાયાબિટીસ અને બી.પી.ની ચકાસણી વગેરે અને સાથે સાથે ઊર્જા અને પેટ્રો કેમિકલ્સમાં ઘરેલું નવા વીજ જોડાણની અરજી પણ ત્યાં કરી શકાય, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગમાં પણ મેડિસીનની સારવાર, પશુઓની ગાયનેકોલોજીકલ સારવાર, સર્જીકલ સારવાર, ડીવોર્મિંગ, રસીકરણ, કૃત્રિમ બીજદાન, કિસાન ક્રેડિટ કાર્ડ, નવું કાર્ડ અને ક્રેડિટ મર્યાદામાં વધારો કરવાનું તેમજ નાણાં વિભાગ દ્વારા આધાર કાર્ડનું બેન્ક એકાઉન્ટ સાથે જોડાણ, મોબાઇલ નંબર સાથે બેન્ક એકાઉન્ટનું જોડાણ, નવું બેન્ક એકાઉન્ટ ખોલાવવું, જનધન યોજના અન્વયે બેન્ક એકાઉન્ટ, પ્રધાન મંત્રી જીવન વીમા યોજના, પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના, અટલ પેન્શન યોજના, કેસલેસ લિટ્રસી તેમજ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ દ્વારા આવકનો દાખલો, વરિષ્ઠ નાગરીકતા પ્રમાણ પત્ર, મિલકત આકારણીનો ઉતારો, જન્મ મરણ પ્રમાણ પત્ર, લગ્ન નોંધણી પ્રમાણ પત્ર અને સાથે સાથે બંદરો અને વાહન વ્યવહાર વિભાગમાંથી પણ લર્નિંગ લાઇસન્સ, બસ કન્સેશન પાસ, સિનિયર સિટીઝન માટે બસ કન્સેશન પાસ, સામાન્ય લોકો માટે અને મહેસૂલ વિભાગમાંથી ૭/૧૨ અને ૮(અ)ના પ્રમાણ પત્ર, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, કૌટુંબિક સહાય યોજના, રેવન્યું રેકર્ડ માટેની વારસાઇ અરજી તેમજ સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ દ્વારા જાતિ પ્રમાણ પત્ર અનુસૂચિત જાતિ માટે અને નોન ક્રિમિલેયર પ્રમાણ પત્ર, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, વૃદ્ધ નિરાધાર સહાય, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, બસ કન્સેશન માટે પાસ, વિકલાંગો માટે યુ.ડી.આઇ.ડી. કાર્ડનું રજિસ્ટ્રેશન, સમાજ કલ્યાણ અનુસૂચિત જાતિની સેવાઓ, કુંવર બાઇનું મામેરું સહાય યોજના ફ્રી-શિપ કાર્ડ, કોલેજ પ્રવેશ દરમ્યાન ઓનલાઇન અરજી, ડો.આંબેડકર આવાસ યોજના, આઇ.સી.ડી.એસ. બાળકોના આધાર કાર્ડ, વિધવા સહાય તેમજ માનનીય મુખ્યમંત્રીશ્રી એપ્રેન્ટિસ યોજનાની

અરજીનો સ્વીકાર કરવો. માનનીય અધ્યક્ષશ્રી, આમ ૫૬ પ્રકારની સેવાઓ આપણે જે ગામડાઓમાં આપીએ છીએ એ સમગ્ર સેવા સેતુનો કન્સેપ્ટ અને કઇ યોજનાઓ મળવાપાત્ર છે એ આજે આપણા ગૃહ સમક્ષ પહોંચી છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ઘણી બધી સેવાઓ અંગે વાત કરી તો આ તમામ સેવાઓ સામાન્ય લોકો સુધી પહોંચે એનું મોનિટરિંગ જિલ્લા કલેકટરશ્રી કરતા હોય છે. રાજકીય લડાઇ થાય ત્યારે પત્રિકા કે પેનડ્રાઇવ કાંડ થતા હોય એ રીતે અધિકારીઓની લડાઇમાં અમારે ત્યાં કલેકટર ભોગ બન્યા અને ઘણા સમયથી અમારે ત્યાં કલેકટરની જગ્યા ખાલી છે તો સરકારશ્રીને પૂછવા માગું છું કે, અમારે ત્યાં કલેકટરની કાયમી નિમણૂક કેટલા સમયમાં થશે? જેથી કરીને આ તમામ સેવાઓ ઝડપથી લોકોને મળી શકે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્કોપ બહારનો પ્રશ્ન છે પરંતુ સરકાર હંમેશા પ્રત્યેક જિલ્લામાં વહીવટી પ્રસાશન ખૂબ સારી રીતે ચાલે એના માટે સજાગ છે અને કોઇ પણ નાના મોટા વિષયો હોય અને એ જો ધ્યાનમાં આવે તો સરકાર તરત પગલાં પણ લે છે અને એ પગલાં અન્વયે હાલમાં જે ખાલી જગ્યા છે એ પણ ખૂબ જ ટૂંક સમયમાં ભરી દેવામાં આવશે.

**લખતર તાલુકાની કેસરીયા ડિસ્ટ્રિબ્યુટરીની લંબાઈની કામગીરી**

* ૧૫/૩/૧૧૪ **શ્રી પ્રકાશભાઈ વરમોરા** (ધ્રાંગધ્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં લખતર તાલુકાની ધ્રાંગધ્રા શાખા નહેરમાંથી નીકળતી કેસરીયા ડિસ્ટ્રિબ્યુટરીની કુલ લંબાઇ કેટલી છે, | (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં લખતર તાલુકાની ધ્રાંગધ્રા શાખા નહેરમાંથી નીકળતી કેસરીયા ડિસ્ટ્રિબ્યુટરીની કુલ લંબાઈ ૧૧,૪૬૪ મીટર છે. |
| (૨) તે પૈકી તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ કેટલી લંબાઇની કામગીરી પૂર્ણ થયેલ છે, અને | (૨) તે પૈકી તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ સંપૂર્ણ લંબાઇમાં કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૩) સદરહું ડિસ્ટ્રિબ્યુટરીમાં પાણીનું વહન કેટલી લંબાઇમાં ચાલુ છે ? | (૩) સદરહુ ડિસ્ટ્રિબ્યુટરીમાં પૂર્ણ લંબાઇમાં એટલે કે ૧૧,૪૬૪ મીટર સુધીની સંપૂર્ણ લંબાઇમાં પાણીનું વહન ચાલુ છે. |

શ્રી પ્રકાશભાઇ પ. વરમોરા : માનનીય અધ્યક્ષશ્રી, આપનો હું અંતઃકરણથી આભાર માનું છું કે આપે બહુ સરળતાથી ઇ-વિધાનસભા લોન્ચિંગ કરી અને સાથે સાથે સૌ સભ્યશ્રીઓને અભિનંદન પાઠવું છું કે આપના પ્રયોગને બહુ સરળતા અને સહજતાથી સ્વીકાર્યું અને આપ જાણે વર્ષોથી ટેકનોસેવી કામ કરતાં હોય એ પ્રકારે બધા સભ્યશ્રીઓ પણ કામ કરવા લાગ્યાં.

અધ્યક્ષશ્રી : આપની વાત સાચી છે કે આજે મંત્રીશ્રીનો ત્રીજો પ્રશ્ન છે. બધુ અંદર જોઇને વર્ષોના અનુભવી હોય એ પ્રમાણે જવાબ આપી રહ્યા છે એટલે વાત સાચી છે બધા ટેકનોસેવી થઇ ગયા છે, અભિનંદન.

શ્રી પ્રકાશભાઇ પ. વરમોરા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સુરેન્દ્રનગર જિલ્લામાં લખતર તાલુકાની ધ્રાંગધ્રા શાખા નહેરમાંથી નીકળતી કેસરીયા ડિસ્ટ્રિબ્યુટરની કુલ લંબાઇ કેટલી છે ? તે પૈકી તા.૩૧-૭-૨૦૨૩ની સ્થિતિએ કેટલી લંબાઇની કામગીરી પૂર્ણ થયેલ છે અને સદરહુ ડિસ્ટ્રિબ્યુટરમાં પાણીનું વહન કેટલી લંબાઇમાં ચાલુ છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેસરીયા ડિસ્ટ્રિબ્યુટરમાં કુલ-૧૨ માઇનોર કેનાલ નીકળે છે. તમામ માઇનોર કેનાલની લંબાઇ તથા પિયત વિસ્તાર પણ લગભગ બારમા વણા માઇનોર-૧ તે ૨.૭૮ લંબાઇમાં કિલોમીટરમાં છે અને ૨૭૭.૭૭ હેકટરમાં તેનો પિયત વિસ્તાર છે. વણા બ્રાન્ચ માઇનોર-૧ તેમાં ૨.૧૩ કિલોમીટરની લંબાઇ છે અને ૩૪૦ હેકટર સાથે બજરંગ માઇનોર-૨માં ૨.૪૭ કિલોમીટરની લંબાઇ છે અને ૨૯૯.૨૫ હેકટર છે. વણા માઇનોર-૨માં ૪.૪ કિલોમીટર લંબાઇ છે અને ૫૨૦.૭૪ હેકટર તેનો પિયત વિસ્તાર છે. વણા માઇનોર-૩માં ૧.૭૧ ટોટલ લંબાઇ છે અને સાથે ૨૬૮.૫૭ તેનો પિયત વિસ્તાર છે. લખતર માઇનોર-૧ તે ૪.૭૫ કિલોમીટર છે અને ૬૪૧ તેના હેકટરનો પિયત વિસ્તાર છે. લરખડીયા માઇનોર-૧ તે ૪.૨૯૯ કિલોમીટર છે અને સાથે ૪૮૫ હેકટર હેકટર તેનો પિયત વિસ્તાર છે. કેસરીયા માઇનોર-૧ તે ૩.૯૩ કિલોમીટરની લંબાઇ છે અને ૪૬૩.૪૨ તેનો પિયત વિસ્તાર છે. કેસરીયા બ્રાન્ચ માઇનોર-૧ તે ૧ કિલોમીટરની લંબાઇ છે અને ૧૦૭ હેકટર તેનું પિયત થઇ રહ્યું છે. લખતર માઇનોર-૨માં ૨ કિલોમીટર અને ૩૩૭.૧૭ હેકટર તેનો પિયત વિસ્તાર છે અને લીલાપુર માઇનોર-૨ તે સાડા ચાર કિલોમીટરની લંબાઇ છે અને ૫૧૯ હેકટર તેનો પિયત વિસ્તાર છે. લીલાપુર માઇનોર-૩ તેની ૫.૧૪ લંબાઇ છે અને ૩૫૯.૪૭ તેનો હેકટર પિયત વિસ્તાર છે. આમ, કુલ ૪૯.૨૧૬ કિલોમીટરમાં તેની લંબાઇ છે અને સાથે ૪૬૨૦.૪૫ કુલ તેનો પિયત વિસ્તાર થાય છે અને આમાંથી પણ ૧૧૬ સબ માઇનોર કેનાલ પણ નીકળે છે અને સબ માઇનોર કેનાલની લંબાઇ ૧૨૩.૧૪ કિલોમીટર અને કુલ પિયત વિસ્તાર તો જે સબ માઇનોર નીકળે છે તે માઇનોરમાં જ આવી જાય છે એટલે ૪૬૨૦ કુલ તેનો પિયત વિસ્તાર છે. સબ માઇનોર કેનાલની બધી વિગત છે પણ લગભગ..

તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : ૧૧૪૬૪ જેટલા મીટરનું બાંધકામ થઇ ગયું છે અને એટલાની અંદર વહનનું કામ માઇનોર, સબ માઇનોર અને સબ ડિસ્ટ્રિબ્યુટર સુધી છે બરાબર ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બરાબર છે.

અધ્યક્ષશ્રી : એટલે જેટલું બનાવ્યું છે એટલા બધામાં પાણી જાય છે. હવે પેટા પ્રશ્ન સિવાયનું કંઇ હોય તો પૂછો.

**રાજ્યમાં મહિલા સુરક્ષા સમિતિની રચના**

* ૧૫/૩/૩૮૮ **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં મહિલા ઉપર થતા અત્યાચાર રોકવા માટે રાજ્ય સરકાર દ્વારા રાજ્યની મહિલા સુરક્ષા સમિતિની રચના કરેલ છે કે કેમ, | (૧) ના, જી. સમિતિની રચના વિચારાધીન છે. |
| (૨) જો હા, તો રાજ્યની મહિલા સુરક્ષા સમિતિના ચેરમેન અને સભ્યો કોણ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) નિયમોનુસાર મહિલા સુરક્ષા સમિતિની વર્ષમાં કેટલી બેઠકો મળવી જોઈએ, અને | (૩) ગૃહ વિભાગના તા.૦૬/૦૩/૧૯૯૧ના ઠરાવની જોગવાઈ મુજબ સમિતિની બે બેઠકો વચ્ચેનો સમયગાળો વધુમાં વધુ ત્રણ માસ રહેશે. |
| (૪) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઉક્ત સમિતિની બેઠકો કઇ તારીખે મળેલ છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આજે સવારે જ મહામહિમ્ રાષ્ટ્રપતિશ્રીએ એમના સંબોધનમાં મહિલાઓની ૫૦ ટકા ભાગીદારીની વાત કરી, એમની સુરક્ષાની વાત કરી, તેમની રાજકીય ભાગીદારીની વાત કરી ત્યારે મારો એક સામાન્ય પ્રશ્ન હતો કે મહિલા સુરક્ષા સમિતિની રચના આ સરકાર કરવા માગે છે કે કેમ ? તો સરકારે એવો ઉડાઉ જવાબ આપ્યો છે કે વિચારાધિન છે. મારે એ વાત એટલા માટે કહેવી પડે છે કે મારી પાસે ૪ વર્ષના આંકડા છે. ગુજરાતમાં બળાત્કારના કિસ્સાઓ ૩૭૯૬ છેલ્લાં ચાર વર્ષમાં બન્યાં છે અને સામૂહિક બળાત્કારના કિસ્સા લગભગ ૬૧ જેટલા બન્યાં છે અને ધરપકડ કરવાની બાકી હોય એવા આરોપીઓની સંખ્યા ૨૦૩ છે. તાજેતરમાં ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા જે આંકડાઓ રજૂ કરવામાં આવ્યા એના આધારે ગુજરાતમાં દર વર્ષે ૫૫૦ બળાત્કારના કિસ્સા બને છે. ૧૦૦ જેટલી મહિલાઓ પર દર મહિને હુમલાઓ થાય છે અને દર મહિને ૪૫ જેટલા બળાત્કાર થાય છે. આ મારા આંકડા નથી. આ ભારત સરકારના ગૃહ મંત્રાલયના આંકડા છે. મહિલાઓની આવી ગંભીર પરિસ્થિતિ હોય ત્યારે મહિલા સુરક્ષા સમિતિની રચનામાં સરકાર આવો ઉડાઉ જવાબ આપતી હોય તો મારે મંત્રીશ્રીને પૂછવું છે કે આ સમિતિની રચના આપ ક્યાં સુધી કરશો? એનો સચોટ જવાબ આપના માધ્યમથી ગૃહ મંત્રી આપે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીના ધ્યાનમાં હશે કે આપણે પશ્ન પૂછી શકીએ છીએ પરંતુ મંત્રીશ્રી આ પ્રમાણે ચોક્કસ જવાબ જ આપે એવું ન કહી શકીએ. એમણે જે પ્રશ્ન પૂછ્યો છે એને આનુષંગિક જે જવાબ હોય એ વિધાનસભાના નિયમોના નિયમ અંતર્ગત રહીને આપી શકશો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ ઉડાઉ જવાબ નથી. જે સાચો જવાબ છે એ આપ્યો છે. એનું કારણ એ છે કે ૧૦-૧૫ દિવસ પહેલાં જ આ બાબતે એક બેઠક બોલાવવામાં આવી હતી. જિલ્લાઓમાં આ સમિતિ બની ગઇ છે. રાજ્ય કક્ષાએ આ સમિતિમાં વધુમાં વધુ એક્ટિવ મહિલાઓ આવી શકે એ માટે મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને એક બેઠક બોલાવવામાં આવી હતી. એટલા માટે જવાબમાં લખ્યું છે કે ' વિચારાધીન છે.' એનો અર્થ એવો નથી કે સમિતિ ક્યારેય નહિ બને કે અમે સમિતિ બનાવવા માંગતા નથી. એનો અર્થ એવો છે કે આ કાર્ય ચાલી રહ્યું છે અને ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. કાર્ય પૂર્ણ થશે એટલે હું તમને પત્ર લખીને જાણકારી પણ આપીશ. ડો. તુષારભાઇ તમે ખૂબ જવાબદાર વ્યક્તિ છો. ખૂબ સારા લોકપ્રતિનિધિ છો. આ દેશના ઇતિહાસમાં જો કોઇ રાજ્યએ બળાત્કાર કરનાર અને આ પ્રકારનું કૃત્ય ગુજારનાર આરોપી સામે કડક કાર્યવાહી કરી હોય તો એ માત્ર ગુજરાત રાજ્ય છે. છેલ્લાં બે વર્ષ અને ત્રણ મહિનામાં બળાત્કાર કરનાર ૧૧ લોકોને ફાંસીની સજા મળી હોય તો એ માત્ર અને માત્ર ગુજરાત રાજ્યમાં મળી છે. ૬૮થી વધારે આરોપીઓને આજીવન કેદની સજા મળી હોય તો એ પણ આ ગુજરાત રાજ્યમાં મળી છે. ભાવનગરની ઘટનામાં માત્ર ૨૪ કલાકમાં પોલીસની ટીમે સાથે મળીને ચાર્જશીટ કરી અને એ તમામ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારવામાં આવી. આવી સજા થઇ હોય તો એ માત્ર ગુજરાત રાજ્યમાં થઇ છે. સુરત શહેરમાં ચાર જેટલા કિસ્સાઓમાં ૫ દિવસ, ૭ દિવસ, ૧૩ દિવસ અને ૨૮ દિવસમાં ચાર્જશીટ કરવામાં આવી અને ૬૦ દિવસમાં ફાંસીની સજા ફટકારવામાં આવી હોય તો એ ગુજરાત રાજ્યમાં થયું છે. આ પ્રકારની ઘટનામાં જે કાયદાકીય કલમો બની છે એના કારણે કાયદામાં જે પ્રકારનું પ્રાવધાન છે એ પ્રકારે પતિ-પત્ની વચ્ચેના ઝઘડામાં પણ જો પત્નીનો આરોપ હોય તો એ પ્રકારની કલમો લાગતી હોય છે. ગુજરાત રાજ્યમાં આવી એક પણ ઘટના ના બને તે માટે ગુજરાત પોલીસ રાત-દિવસ

કામગીરી કરી રહી છે. છેલ્લાં વર્ષોના આંકડા જોઇ લેજો ગુજરાતમાં આ પ્રકારની ઘટનામાં સૌથી કડક પ્રકારે પગલાં ભરાય છે. હું ફરીથી કહેવા માગું છું કે આ પ્રકારની એક પણ ઘટના બને તો એ અહીં બેઠેલા આપણે સૌ માટે ડાઘ સમાન છે, તે માટે ગુજરાત સરકાર કડક કામગીરી કરશે અને ભવિષ્યમાં પણ આવી કોઇ ઘટના બનશે તો અમે ઝડપથી ચાર્જશીટ કરીને ન્યાય અપાવવા માટેનો પ્રયત્ન કરીશું. વર્ષ ૨૦૨૧ની સ્થિતિએ આખા દેશમાં બળાત્કારના ગુનાઓનો ક્રાઇમ રેટ ૪.૮ છે. જેની સરખામણીમાં ગુજરાત રાજ્યનો ક્રાઇમ રેટ માત્ર ૧.૮ છે. આ ૧.૮ પણ ગાંધી અને સરદાર પટેલ સાહેબની ધરતી પર ન પોસાય તેના માટે અમે ખૂબ સારી રીતે કામગીરી કરી રહ્યાં છીએ અને ભવિષ્યમાં પણ આ બાબતમાં કડક કાર્યવાહી કરીશું તેવો હું આપને વિશ્વાસ અપાવું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ રેકર્ડના આધારે ખૂબ સુંદર મજાની વાત કરી. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૦૬/૦૩/૧૯૯૧ના રોજ ઠરાવ થયો હતો અને તેના આજે ૩૩ વર્ષ થયાં. ૨૭ વર્ષથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. સ્વાભાવિક રીતે મહિલાઓની સુરક્ષાની જવાબદારી સરકારના ગૃહ રાજ્યમંત્રીશ્રી તરીકે આપની અને અહીં બેઠેલા તમામ સભ્યોની છે ત્યારે આપશ્રી ૨૭ વર્ષથી સુરક્ષા સમિતિ બનાવી શક્યા નથી. મહિલાઓને સુરક્ષા આપવા માટેની આ સમિતિ કેટલા સમયમાં બનાવવા માંગો છો તેવું મંત્રીશ્રી જણાવે તેવી વિનંતી કરું છું.

શ્રી હર્ષ ૨. સંઘવી : માનનીય અધ્યશ્રી, માનનીય શૈલેષભાઇએ ખૂબ સારી વાત કરી. આ સમિતિ ૨૭ વર્ષથી પેન્ડિંગ નથી. આ સમિતિ વર્ષ ૨૦૧૪માં બનાવવામાં આવેલી અને વર્ષ ૨૦૧૭માં તેનો સમય પૂર્ણ થયેલો હતો પણ ૨૭ વર્ષની જયારે વાત કરી ત્યારે માત્ર એક જ લાઇનમાં મારે વાત કરવી છે કે ૨૭ વર્ષમાં ગુજરાતના ખૂણેખૂણે ગુજરાતના નાગરિકોને સુરક્ષિત કરવાની કામગીરી અગર કોઇએ કરી હોય તો તે ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. આપણે ગુજરાતમાં કેવો સમય જોયો છે તે બધાને ખબર છે. આ ગુજરાતમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે ગુજરાતમાં ચારેય દિશામાં કર્ફ્યૂ સિવાય બીજું કશું કોઇએ જોયું નથી. ગુજરાતમાં મહિલાઓ બહાર નીકળી શકતી ન હતી તેવા દિવસો ગુજરાતની જનતાએ જોયા છે અને હું પૂર્ણ વિશ્વાસ અપાવું છું કે અમે ગંભીરતાપૂર્વક ઝડપથી કામગીરી પૂર્ણ કરીને સમિતિ બનાવીશું.

શ્રીમતી રિવાબા ૨. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આજના શુભ અવસરે મહામહિમ્ આદરણીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂજીના હસ્તે ઇ-વિધાનસભાનું લોકાર્પણ થયેલું છે ત્યારે આપના માધ્યમથી શુભેચ્છા સહ અભિનંદન પાઠવું છું અને સાથે સાથે એક વાત કહેતાં મને ખૂબ જ આનંદની લાગણી થાય અને મહિલા તરીકે મારે કહેવી પણ જોઇએ કે બીજા રાજ્યોની સરખામણીમાં જ્યારે મહિલાઓની સુરક્ષાની વાત આવે છે ત્યારે ગુજરાત રાજ્યને સૌથી સુરક્ષિત રાજ્ય તરીકે જોવામાં આવે છે. જેમ આદરણીય મંત્રીશ્રીએ કહ્યું કે પહેલાના સમયની વાત કરીએ અને અત્યારની વાત કરીએ તો આજના દિવસમાં મહિલાઓ ગુજરાત રાજ્યમાં રાત્રે બે વાગે એકલી નીકળતા અચકાતી નથી.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ પ્રશ્ન ઉપર આવી જાઓ.

શ્રીમતી રિવાબા ૨. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજય મહિલા સુરક્ષા સમિતિની કામગીરી શું છે?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ઘરેલું હિંસાથી મહિલાઓને રક્ષણ આપવા માટે ભારત સરકારના વર્ષ ૨૦૦૫ના કાયદાના અમલીકરણ બાબતે સેક્સ્યુઅલ હેરસમેન્ટ ઓફ વુમન એટ વર્ક પ્લેસ(પ્રિવેન્શન, પ્રોહિબિશન એન્ડ રેડરેસલ)વર્ષ ૨૦૧૩ના કાયદા તથા તેને અનુલક્ષીને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ અને ભારતીય પુરાવાના કાયદામાં થયેલ ફેરફાર સંબંધે મહિલાઓને વાકેફ કરવા સમિતિએ અસરકારક ભૂમિકા ભજવવાની રહે છે. મહિલાઓ ઉપર થતા અત્યાચારો તથા સ્ત્રીભૃણ હત્યા રોકવા માટેના કાયદાની જોગવાઇઓથી મહિલાઓને વાકેફ કરવા માટે આ સમિતિએ કામગીરી કરવાની હોય છે. મહિલાઓ તથા બાળકોના કલ્યાણ અને સુરક્ષા સંબંધિત ભારત સરકાર તથા રાજ્ય સરકારની જુદી-જુદી નીતિઓ, કાયદાઓ તથા તેમાં થયેલ ફેરફારની અદ્યતન વિગતોથી માહિતગાર થઇને સમિતિએ સંમેલનો, શિબિરો અને તાલીમ કાર્યક્રમોનું આયોજન કરીને અસરકારક પ્રચાર-પ્રસાર કરીને સમાજમાં જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરવાનો હોય છે. મહિલાઓને થતી અનેક તકલીફો તથા અત્યાચારોને રોકવા માટે આ સમિતિએ વિવિધ સામાજિક સંસ્થાઓ સાથે મળીને કામગીરી કરવાની રહે છે.

**દાહોદ જિલ્લામાં તલાટી કમ મંત્રીનું મંજૂર મહેકમ**

* ૧૫/૩/૧૩૪ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તલાટી કમ મંત્રીનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) ૨૭૦ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યા ભરાયેલ છે, અને | (૨) ૧૯૪ |
| (૩) કેટલી જગ્યા ખાલી છે ? | (૩) ૭૬ |

તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દાહોદ જિલ્લામાં તલાટી કમ મંત્રીની તાલુકાવાર કેટલી જગ્યાઓ ખાલી છે? કેટલી ભરાયેલ છે? અને ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ તાલુકામાં તલાટી કમ મંત્રીની મંજૂર થયેલ કુલ ૪૪ જગ્યાઓ પૈકી ૪૦ ભરાયેલ છે અને ૪ ખાલી છે. ઝાલોદ તાલુકામાં મંજૂર થયેલ ૫૦ જગ્યાઓ પૈકી ૩૧ ભરાયેલ છે અને ૧૯ ખાલી છે, ફતેપુરા તાલુકામાં મંજૂર થયેલ ૩૭ જગ્યાઓ પૈકી ૨૭ જગ્યાઓ ભરાયેલ છે અને ૧૦ ખાલી છે, સંજેલી તાલુકામાં મંજૂર થયેલ ૧૪ જગ્યાઓ પૈકી ૮ ભરાયેલ છે અને ૬ ખાલી છે, લીમખેડા તાલુકામાં મંજૂર થયેલ ૨૭ જગ્યાઓ પૈકી ૨૦ ભરાયેલ છે અને ૭ ખાલી છે, સીંગવડ તાલુકામાં મંજૂર થયેલ ૧૮ જગ્યાઓ પૈકી ૧૬ ભરાયેલ છે અને ૨ ખાલી છે, ગરબાડા તાલુકામાં મંજૂર થયેલ ૨૨ જગ્યાઓ પૈકી ૧૮ ભરાયેલ છે અને ૪ ખાલી છે, દેવગઢ-બારીયા તાલુકામાં મંજૂર થયેલ ૩૨ જગ્યાઓ પૈકી ૧૯ ભરાયેલ છે અને ૧૩ ખાલી છે, ધાનપુર તાલુકામાં મંજૂર થયેલ ૨૬ જગ્યાઓ પૈકી ૧૫ ભરાયેલ છે અને ૧૧ ખાલી છે. આમ, કુલ ૨૭૦ મંજૂર જગ્યાઓ પૈકી ૧૯૪ ભરાયેલ છે અને ૭૬ જગ્યાઓ ખાલી છે. તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ તલાટી કમ મંત્રીની ૨૭૦ જગ્યાઓ મંજૂર થયેલ છે. જે પૈકીની ૧૯૪ જગ્યાઓ ભરાયેલ છે અને ૭૬ જગ્યાઓ ખાલી છે. સરકારશ્રી દ્વારા કર્મચારીઓની માંગણીના આધારે પોર્ટલના માધ્યમથી ઓનલાઇન આંતરજિલ્લા ફેરબદલીઓ કરેલ છે. એમાં ૨૭ જેટલા તલાટી કમ મંત્રીઓને નિમણૂક આપવામાં આવેલ છે. દાહોદ જિલ્લામાંથી કુલ ૬ જેટલા તલાટી કમ મંત્રીઓને આંતરજિલ્લા ફેરબદલીના કારણે છૂટા કરવામાં આવેલ છે. તા. ૦૬-૦૯-૨૦૨૩ની મંજૂર થયેલ જગ્યા પૈકી કુલ ૨૧૫ જગ્યાઓ ભરાયેલ છે. તે પૈકી ૫૫ જગ્યાઓ ખાલી છે. આ ખાલી રહેલ તમામ જગ્યાઓ ભરવા માટે સરકારશ્રી દ્વારા જાહેરાત ક્રમાંકઃ૧૦/૨૦૨૧-૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી(તલાટી કમ મંત્રી) વર્ગ-૩ કાર્યવાહી હેઠળ છે. ટૂંક સમયમાં જ આ તમામ જગ્યાઓ ભરવામાં આવશે.

શ્રી શૈલેષભાઇ સુ. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તલાટી કમ મંત્રીની કામગીરી શું હોય છે?

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી, બધી માહિતી ન આપતા. જરૂરી હોય એટલી જ માહિતી આપજો.

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી છે અને આપનું સૂચન છે એટલે જણાવું કે, પંચાયત વર્ગના તલાટી કમ મંત્રીશ્રીને નીચે મુજબની કામગીરીઓ સુપરત કરેલી છે.

તલાટી કમ મંત્રીશ્રીને ગામમાં કામગીરી કરવાની રહે છે. રેવન્યુ એકાઉન્ટ, મેન્યુઅલ નિયત થયેલ નમૂનાઓ નિભાવવાના રહે છે. ગ્રામસભા, પંચાયત સભા, પંચાયતની દરેક પેટાસમિતિઓની કામગીરી, પંચાયતના કારોબારીના આદેશનું પાલન કરવું, વાર્ષિક હિસાબોનું પત્રક રજૂ કરવું, ગુજરાત પંચાયત અધિનિયમ અને સરકારશ્રીએ બહાર પાડેલા નિયમો, હુકમો, ઠરાવો અને પરિપત્રો વિગેરેની જોગવાઇનો અમલ થાય તે મુજબની કામગીરી કરવી, પંચાયતના રેકર્ડની જાળવણી કરવી, હિસાબો નિયત નમૂનામાં નિભાવવા અને જાળવણી કરવી, મિલકતોની દેખરેખ, ગૌચર, ગામતળ અને જમીન નીમની કામગીરી કરવી, કુદરતી આપત્તિઓના સમયે કામગીરી કરવી, ગામની હદ-નિશાનની જાળવણી કરવી, જન્મ-મરણની નોંધણીની કામગીરી, ગામમાં વિકાસના કામોના અમલીકરણની કામગીરી કરવી, નાણાપંચની કામગીરી, લગ્ન રજિસ્ટરની કામગીરી, ગ્રામ, તાલુકા વિકાસ અને પંચાયતની ચૂંટણીની કામગીરી કરવી, આ સિવાય ગ્રામપંચાયતમાં આવતી તમામ જોબ-કાર્ડ મુજબની વિગતો, વિવિધ યોજનાના અમલીકરણ માટેની કામગીરી, વિકાસના કામો માટેની કામગીરી, મહેસૂલને લગત કામગીરી, મુંબઇ જમીન મહેસૂલ અધિનિયમ-૧૯૭૯ મુજબની કામગીરી અને ગામની જમીન, મહેસૂલ, હકકપત્રકો, રેવન્યુ એકાઉન્ટ, મેન્યુઅલ નિયત કરેલા નમૂનાઓ વિગેરે નિભાવવા અને પંચાયતના ૩૨ નમૂના નિભાવણાની કામગીરી તલાટી કમ મંત્રીશ્રીએ કરવાની રહે છે.

**કડી તાલુકામાં નર્મદા યોજનાની નહેરો**

* ૧૫/૩/૧૦૬ **શ્રી કિરીટકુમાર પટેલ** (ઊંઝા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત મહેસાણા જિલ્લાના કડી તાલુકામાંથી પસાર થતી શાખા, વિશાખા તેમજ તેની પ્રશાખા તથા પ્ર-પ્રશાખા નહેરના કામો કયા તબક્કે છે, અને

**જવાબ**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત મહેસાણા જિલ્લાના કડી તાલુકામાંથી પસાર થતી શાખા, વિશાખા તેમજ તેની પ્રશાખા તથા પ્ર-પ્રશાખા નહેરના કામો પૂર્ણ થયેલ છે જે નીચે મુજબ છે:

| **ક્રમ નં.** | **નહેરનો પ્રકાર** | **કુલ લંબાઈ (કિ.મી.)** | **પૂર્ણ થયેલ લંબાઈ (કિ.મી.)** | **બાકી લંબાઈ (કિ.મી.)** |
|---|---|---|---|---|
| ૧ | શાખા | ૯૫.૧૪૫ | ૯૫.૧૪૫ | ૦.૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | વિશાખા | ૧૦૦.૩૫૮ | ૧૦૦.૩૫૮ | ૦.૦૦ |
| ૩ | પ્રશાખા | ૩૮૨.૮૧ | ૩૮૨.૮૧ | ૦.૦૦ |
| ૪ | પ્ર-પ્રશાખા | ૯૩૬.૭૯૫ | ૯૩૦.૮૩૬ | ૫.૯૫૯ |
| | | **૧૫૧૫.૧૦૮** | **૧૫૦૯.૧૪૯** | **૫.૯૫૯** |

(૨) તે ક્યાં સુધી પૂર્ણ કરવામાં આવશે ?

(૨) ૫.૯૫૯ કિ.મી. લંબાઇની પ્ર-પ્રશાખાના કામો લોક ભાગીદારીથી કરવાના થતા હોઇ ખેડૂતોની સંમતિ મળ્યા બાદ પૂર્ણ કરવામાં આવશે.

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજના ઐતિહાસિક દિવસના પ્રસંગે આજે વિધાનસભાનું કાર્ય પેપરલેશ થઇ ગયું છે તે બદલ આપશ્રીને અને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આજે જયારે આપણા લોકલાડિલા અને મૃદુભાષી મુખ્યમંત્રીશ્રી એમની સરકારના બે વર્ષ પૂરાં કરવા જઇ રહ્યાં છે એ બદલ પણ એમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. તા. ૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત મહેસાણા જિલ્લાના કડી તાલુકામાંથી પસાર થતી શાખા, વિશાખા તેમજ પ્ર-શાખા નહેરનાં કેટલાં કામો કયા તબક્કે છે? અને આ કામો કયાં સુધી પૂર્ણ કરવામાં આવશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના પૈકી મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં કુલ ૮૭ ગામોમાં ૩૯ હજાર ૭૮ હેકટર સિંચાઇ વિસ્તાર વિકસિત કરવામાં આવ્યો છે. મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં ગામવાર સિંચાઇ વિસ્તારની વિગતો જણાવું તો, આદુન્દ્રામાં ૯૦ હેકટર, અલુસણામાં ૧૨૪, બાબાજીપુરામાં ૨૭૯, બલાસરમાં ૧૩૮૦, ચારોલમાં ૧૦૭૧, ડરણમાં ૫૬૭, મેડા આદરજમાં ૧૨૭૩, ડરણ મોડવામાં ૮, ફતેપુરામાં ૧૨૮, દેવુસણામાં ૬૬૭, ધરમપુર ભાલટીમાં ૫૬૭, ધોરિયામાં ૧૫૩, રોઝાપુરીમાં ૮૯, દૂધાઇમાં ૮, ગલોદરામાં ૫૮૪, ઘુઘલામાં ૩૧૮, હરીપુરામાં ૨૨૯, જાદવપુરામાં ૪૮૦, કડીમાં ૨૭, કાસવામાં ૭૧૭, ખંડ મોડવામાં ૨૫૬, સેડફામાં ૬૬, ખાવડમાં ૨૯૩, કોરડામાં ૧૨૫૨, લક્ષ્મીપુરામાં ૭૫, મહારાજપુરામાં ૫૫૬, મણીપુરમાં ૫, પલ્લીમાં ૭૬૨, (વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : આપ બ્રાન્ચ કેનાલનાં નામ બોલો છો કે ગામના નામ બોલો છો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : ગામનું નામ બોલું છું. પછી બ્રાન્ચ પણ કહીશ.

અધ્યક્ષશ્રી : કડી તાલુકાના બધા ગામના નામ બોલશો તો પૂરું નહીં થાય. એટલે મને લાગે છે કે, શાખા, વિશાખા અને પ્ર- શાખા આ ત્રણ વિશે જ વાત કરો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં શાખા નહેર, વિશાખા નહેરમાંથી વિકસિત થયેલ પ્ર-શાખા નહેરની લંબાઇ અને પિયત વિસ્તારની વિગતોમાં, દૂધઇ, કાસવા, વીડજ, ડરણ, કાસવાર, દેવગઢ, થોડંબલાપુરા, ખંડ મોરવા, સેદરણા, સેદરણા-૨, સેદરડી અને ડરણ, આ અનુક્રમે હું જે નામ બોલ્યો એમાં એના હેકટર બોલું તો ૩૧૦, ૪૦૯, ૨૮૮, ૫૦૨, ૪૭૩, ૨૬૦, ૩૭૨, ૨૬૨, ૩૩૨, ૩૩૧, ૪૬૬ અને ૨૭૫. ખાવડ-૧માં ૨૭૭, ખાવડ-૨ માં ૪૧૨, ગુગલાની ૩૦૭ અને કોરડા ૩૬૭. લગભગ બધી થઇને ૧૦૬ છે અને એમાં ૩૮૨.૮૧ એની લંબાઇ છે અને ૩૯૦૭૮. જોટાણા, બહુચરાજી અને કડી એ ત્રણ તાલુકાને આનો લાભ મળી રહ્યો છે અને ૩૯૦૭૮ હેકટરમાં સિંચાઇ થાય છે.

અધ્યક્ષશ્રી : આમાં બીજા પેટા પ્રશ્ન પૂછે એ પહેલા જરા હું જે સમજ્યો છું અની આપને વાત કરું. શાખા, વિશાખા અને પ્ર-શાખા. આનું કામ સંપૂર્ણ પૂરું થઇ ગયું છે અને પ્ર-પ્રશાખા. એનું કામ લોક ભાગીદારીથી બાકી છે. એ કામ જયારે લોક ભાગીદારીથી થાય ત્યારે નાનું જે ખેતર હોય એના સુધી પાણી પહોંચાડવાનું એટલું કામ બાકી છે. બીજું બધું કામ સંપૂર્ણ પૂરું થઇ ગયું છે. એ પ્રમાણે ખૂટતું હોય એ પૂછો.

શ્રી કરશનભાઇ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું કે ઇ-સરકાર બનાવી. અમારા કાગળોનો જવાબ અમને ઇ-સરકારમાં જ મળે છે. એ માટે મુખ્યમંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર. રાષ્ટ્રપતિ બહેનશ્રીએ બધા ધારાસભ્યશ્રીઓને કોમ્પ્યુટરાઇઝ ઇ-વિધાનસભાનું લોકાર્પણ કર્યું. તે બદલ પણ ખૂબ ખૂબ આભાર. માનનીય ઋષિકેશભાઇએ કડી તાલુકાનો જે જવાબ આપ્યો એમાં મારો જવાબ હતો કે કેટલા હેકટરમાં પાણી મળી રહે છે? એ અંગે શ્રી ઋષિકેશભાઇએ જે જવાબ આપ્યો છે એ મને સંતોષકારક છે અને પૂરું પાણી મળી રહે છે.

**અમદાવાદ શહેર અને જિલ્લામાં સ્ટ્રોમ વોટરલાઈનમાં પાણી છોડવા બાબત**

* ૧૫/૩/૩૯૧ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં ટ્રીટ કર્યા વગરનું પાણી કોર્પોરેશનની સ્ટ્રોમ વોટરલાઇનમાં છોડતા કયા એકમોના ઇન્ડસ્ટ્રિયલ કનેક્શનો કાપી નાંખવામાં

**જવાબ**

(૧) કાપેલ ઇન્ડસ્ટ્રિયલ કનેક્શનોની વિગત આ સાથે સામેલ *પત્રક મુજબ છે.

આવ્યા છે,

(૨) ઉક્ત એકમોને ક્યારથી સ્ટ્રોમ વોટરલાઇનમાં પાણી છોડવાની મંજૂરી આપવામાં આવેલ, અને

(૨)

- અમદાવાદ હેન્ડ સ્ક્રીન પ્રિન્ટિંગ એસોસિએશનને વર્ષ ૨૦૧૪માં સી.ઈ.ટી.પી. (કોમન એફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) કાર્યરત થાય ત્યાં સુધી પાણી છોડવાની મંજૂરી આપવામાં આવેલ, આ મંજૂરી તા.૧૨/૦૩/૨૦૨૧થી રદ કરવામાં આવેલ છે.
- કર્ણાવતી ટેક્ષટાઇલ એસોસિએશનને વર્ષ ૨૦૨૧માં સી.ઈ.ટી.પી. (કોમન એફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) કાર્યરત થાય ત્યાં સુધી મંજૂરી આપવામાં આવેલ, આ મંજૂરી તા.૧૭/૧૨/૨૦૨૧થી રદ કરવામાં આવેલ છે.

(૩) અન્ય એકમો સ્ટ્રોમ વોટરલાઇનમાં પાણી ન છોડે તે માટે તકેદારીના શાં પગલાં લેવામાં આવે છે ?

(૩) હાલમાં સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઇનમાં એકમો દ્વારા કનેક્શન કરવામાં ન આવે તે માટે ઝોનલ કક્ષાએ ટીમ બનાવી અવારનવાર ચેકિંગ કરવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ખાસ કરીને અમદાવાદ શહેરની અંદર ખાસ કરીને મારો આખો વિસ્તાર જયારે આમાં આવે છે ત્યારે સીઇટીપી પ્લાન્ટ જે છે, એ ઘણા વખતથી ના કરવાના કારણે હજારો એકમો બંધ થયા છે અને હજારો લોકો બેરોજગાર બન્યા છે. આજે પણ અમદાવાદની સાબરમતી નદીમાં પોલ્યુટેડ પાણી, કેમિકલ વાળું પાણી છોડવામાં આવે છે. તો આ પ્લાન્ટ કયારે શરુ કરવા માગો છો? જેથી કરીને ઇન્ડસ્ટ્રી પણ ચાલુ થાય અને લોકોને ફરી પાછી રોજગારી ચાલુ થાય.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇનો પ્રશ્ન વાજબી પણ છે અને શહેરની અને સાથોસાથ ઉદ્યોગોની પણ તેઓ ચિંતા કરે છે. સીઇટીપી ૩૦ એમ.એલ.ડી.નો પ્લાન્ટ એમને જણાવતા મને આનંદ થાય છે કે નવા મેયરના હસ્તે આજે સાંજે જ એનું ઉદઘાટન છે. આપ પણ પહોંચી જજો.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, મારી વિધાનસભામાં જ પ્લાન્ટ આવેલો છે. આજે ઉદ્દ્ઘાટન છે. સરકારશ્રીનો અને જી.એ.ડી.નો પરિપત્ર છે કે જે વિસ્તારમાં જે ધારાસભ્ય આવતા હોય એમને બોલાવવાના હોય છે. આજે પણ મને આમંત્રણ મળ્યું નથી. સાહેબ. આ પરિસ્થિતિ આ સરકાર પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે કરી રહી છે. જે જી.એ.ડી.ના પરિપત્રનું અપમાન છે.

ડો. સી.જે. ચાવડા : (બેઠાંબેઠાં) સાહેબ, બે વર્ષ પૂરા થયા છે. ધ્યાન રાખજો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇની ચિંતા વાજબી છે, પરંતુ તાત્કાલિક નવા મેયરની ચૂંટણી હજુ ગઇકાલે જ થઇ અને આજે એ કાર્યક્રમ ગોઠવાયો છે અને એમના વિસ્તારની ચિંતા છે. કદાચ કાર્ડ નહીં મળ્યુ હોય, પણ આપના ઘરે કદાચ પહોંચી ગયું હશે. આપ ઘરે જાઓ એટલે જોઇ લેજો.

શ્રીમતી દર્શના એમ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સાબરમતી નદીના શુદ્ધીકરણ માટે કોર્પોરેશને શું કામગીરી કરેલી છે?

<u>અધ્યક્ષશ્રી :</u> માનનીય મંત્રીશ્રી. સભ્યશ્રી ફરી પ્રશ્ન પૂછે? માનનીય સભ્યશ્રી, આપનો પ્રશ્ન ફરી પૂછો. એમનું ધ્યાન ન હતું. (અંતરાય) આપ બન્નેનું ધ્યાન સામસામે હોય છે અને માનનીય શૈલેષભાઇ, તમે બીજે ધ્યાન દોરો છો. પ્રશ્ન ફરી પૂછે? માનનીય સભ્યશ્રીને ફરી પ્રશ્ન પૂછવા માટે કહું છું. આપ ફરીવાર આપની વાત કહો.

શ્રીમતી દર્શના એમ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સાબરમતી નદીના શુદ્ધીકરણ માટે કોર્પોરેશને શું શું કામગીરી કરેલી છે?

<u>અધ્યક્ષશ્રી :</u> સાબરમતી નદીના શુદ્ધીકરણ માટે કોર્પોરેશનની કોઇ કામગીરીની માહિતી હોય તો જણાવો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી....

<u>અધ્યક્ષશ્રી :</u> પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

### સુરત જિલ્લામાં સરકારી જમીનમાં જિંગા ફાર્મ

૧૫/૩/૪૧૨ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૬/૦૩/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૩૨૮૪૯ (અગ્રતા-૭૯)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના ઓલપાડ, ચોર્યાસી અને મજૂરા તાલુકામાં સરકારી પડતર, ખરાબાની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરીને જિંગા ઉછેર કેન્દ્ર/જિંગા ફાર્મ ચાલી રહ્યા હતા તે દબાણ દૂર કરવા જમીન મહેસૂલ સંહિતાની કલમ-૬૧ અન્વયે જાહેર નોટીસ પાઠવવામાં આવેલ હતી, તે અન્વયે આ તાલુકાની કયા ગામની કેટલી જમીન તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ ખુલ્લી કરાવવામાં આવી,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | ગામનું નામ | તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ દબાણવાળી ખુલ્લી કરાવવામાં આવેલ જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|
| ઓલપાડ | લવાછા | ૩૫૫૩૦૯ |
| | ઓરમા | ૨૫૬૪ |
| ચોર્યાસી | દામકા | ૩૯૮૦૭૭ |
| | રાજગરી | ૧૩૪૪૦૮૮ |
| | ઉંબેર | ૬૦૭૭૨૧ |
| મજૂરા | ડુમસ | ૮૫૬૦૦૦ |
| | આભવા | ૮૯૦૦૦૦ |
| | ખજોદ | ૨૧૭૦૦૦૦ |
| | ગભેણી | ૨૫૭૦૦૦૦ |
| | જીઆવ | ૧૧૯૦૦૦ |
| | ભીમપોર | ૧૦૦૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કયા તાલુકાના કયા-કયા ગામની કેટલી જમીન ખુલ્લી કરાવવાની બાકી છે, અને

(૨)

| તાલુકાનું નામ | ગામનું નામ | તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ દબાણવાળી ખુલ્લી કરાવવાની બાકી જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|
| ઓલપાડ | મોર | ૮૧૮૮૯૬ |
| | લવાછા | ૧૫૩૯૧૬ |
| | મંદ્રોઈ | ૭૭૧૮૩૮ |
| | ઓરમા | ૮૦૮ |
| ચોર્યાસી | શીવરામપુર | ૮૦૯૨૯૦ |
| | દામકા | ૫૧૯૨૩ |
| | રાજગરી | ૮૮૬૨૧ |
| | ઉંબેર | ૫૧૦૪૮૬ |
| મજૂરા | ડુમસ | ૪૩૧૦૮૨ |
| | આભવા | ૩૨૯૧૯૬ |
| | ખજોદ | ૮૩૪૯૬૬ |
| | ગભેણી | ૧૧૭૨૪૦૨ |
| | જીઆવ | ૨૬૬૪૯૫ |
| | ભીમપોર | ૨૩૩૦૦ |

(૩) ઉક્ત બાકી જમીન ખુલ્લી કરાવવા ઉક્ત સ્થિતિએ શાં પગલાં લીધાં અને બાકી જમીન ક્યાં સુધીમાં ખુલ્લી કરાવવામાં આવશે ?

(૩) ઉક્ત બાકી જમીન ખુલ્લી કરાવવા સમયાંતરે સંબંધિત મામલતદારશ્રી, સર્કલ ઓફીસર તથા તલાટીશ્રીઓને સેજા હેઠળના ગામોમાં સરકારી/બીનનંબરી જમીનો પર આવેલ ગેરકાયદેસર જિંગા તળાવો બાબતે સ્થળ-તપાસ કરી સ્થળ સ્થિતિની અદ્યતન વિગત રજૂ કરવા સૂચના આપેલ છે. આ અંગે

તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

આગામી સમયમાં જરૂરી કાર્યવાહી હેતુ આયોજન કરેલ છે.

**અમદાવાદ જિલ્લામાં જુનિયર ફાર્માસિસ્ટનું મંજૂર મહેકમ**

૧૫/૩/૧૪૨ **શ્રી કિરીટસિંહ ડાભી** (ધોળકા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં જુનિયર ફાર્માસિસ્ટનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) ૪૨ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યા ભરાયેલ છે, અને | (૨) ૪૧ |
| (૩) કેટલી જગ્યા ખાલી છે ? | (૩) ૦૧ |

---------

**વાઘોડિયા તાલુકાની કેનાલો દ્વારા સિંચાઈનું પાણી**

૧૫/૩/૧૦૮ **શ્રી ચૈતન્ય દેસાઈ** (અકોટા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦-૦૬-૨૦૨૩ની સ્થિતિએ વાઘોડિયા તાલુકાની ગોજાલી શાખા નહેરની તરસવા પેટા વિશાખા નહેરમાંથી નીકળતી સુરાતલાવ માઈનોર હેઠળ કેટલા વિસ્તારમાં સિંચાઈનું પાણી આપવામાં આવેલ છે, | (૧) ૪૬૪ હેક્ટર વિસ્તારને સિંચાઈ માટે પાણી પૂરું પાડવામાં આવેલ છે. |
| (૨) તેમાં હેડ ટુ ટેઈલ પાણી ચાલે છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) ઉક્ત સ્થિતિએ તેમાં થયેલ અન્ડર ગ્રાઉન્ડ પાઈપ લાઈન્સની કામગીરી પાછળ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) છેલ્લા બે વર્ષમાં કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી. |

---------

**ભાવનગર જિલ્લામાં ''પર ડ્રોપ મોર ક્રોપ'' અંતર્ગત ખેડૂતોને લાભ**

૧૫/૩/૮૮ **શ્રી ગૌતમભાઈ ચૌહાણ** (તળાજા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ભાવનગર જિલ્લામાં ''પર ડ્રોપ મોર ક્રોપ'' સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ કેટલા વિસ્તારને આવરી લેવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ભાવનગર જિલ્લામાં ''પર ડ્રોપ મોર ક્રોપ'' સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ ૭૯૪૮ હેક્ટર વિસ્તાર આવરી લેવામાં આવેલ છે, વર્ષવાર આવરેલ વિસ્તારની વિગત નીચે મુજબ છેઃ-

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરેલ વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૦૧-૦૪-૨૦૨૧ થી ૩૧-૦૩-૨૦૨૨ | ૩૧૭૦ |
| ૦૧-૦૪-૨૦૨૨ થી ૩૧-૦૩-૨૦૨૩ | ૪૭૭૮ |
| **કુલ** | **૭૯૪૮** |

**પ્રશ્ન**

(૨) આ યોજનાનો લાભ કુલ કેટલા ખેડૂતોએ લીધો છે, અને

**જવાબ**

(૨) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ભાવનગર જિલ્લામાં ''પર ડ્રોપ મોર ક્રોપ'' સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ ૫૫૮૮ ખેડૂતોએ લાભ લીધેલ છે, વર્ષવાર લાભાર્થી ખેડૂતોની વિગત નીચે મુજબ છેઃ-

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|

| | |
|---|---|
| ૦૧-૦૪-૨૦૨૧ થી ૩૧-૦૩-૨૦૨૨ | ૨૨૧૪ |
| ૦૧-૦૪-૨૦૨૨ થી ૩૧-૦૩-૨૦૨૩ | ૩૩૭૪ |
| **કુલ** | **૫૫૮૮** |

(૩) આ અંગે કેટલો ખર્ચ થયેલ છે ?

(૩) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ભાવનગર જિલ્લામાં ''પર ડ્રોપ મોર ક્રોપ'' સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ રૂ.૩૫૨૨.૭૩ લાખ (સબસિડી) ખર્ચ નોંધાયેલ છે, જેમાં રાજ્ય અને કેન્દ્ર સરકારશ્રીના ફાળાનો સમાવેશ થાય છે.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં ''ઈન સ્કૂલ'' શાળાઓ**

૧૫/૩/૧૪૪ **શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કુલ કેટલી ઈન સ્કૂલ શાળાઓ કાર્યરત છે, | (૧) ૬(છ) |
| (૨) આ કાર્યરત શાળામાં કેટલી રમતોનો સમાવેશ થયેલ છે, અને | (૨) ૦૮(આઠ) રમતો |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા ખેલાડીઓને તાલીમ આપવામાં આવે છે ? | (૩) ૨૪૪૬ (બે હજાર ચારસો છેતાલીસ) ખેલાડીઓ. |

---------

**રાજકોટ જિલ્લામાં ''પર ડ્રોપ મોર ક્રોપ'' અંતર્ગત ખેડૂતોને લાભ**

૧૫/૩/૯૦ **ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા** (ધોરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં ''પર ડ્રોપ મોર ક્રોપ'' સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ કેટલા વિસ્તારને આવરી લેવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં ''પર ડ્રોપ મોર ક્રોપ'' સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ ૯૪૨૫ હેક્ટર વિસ્તાર આવરી લેવામાં આવેલ છે, વર્ષવાર આવરેલ વિસ્તારની વિગત નીચે મુજબ છેઃ-

| **વર્ષ** | **સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરેલ વિસ્તાર (હેક્ટરમાં)** |
|---|---|
| ૦૧-૦૪-૨૦૨૧ થી ૩૧-૦૩-૨૦૨૨ | ૪૧૮૩ |
| ૦૧-૦૪-૨૦૨૨ થી ૩૧-૦૩-૨૦૨૩ | ૫૨૪૨ |
| **કુલ** | **૯૪૨૫** |

(૨) આ યોજનાનો લાભ કુલ કેટલા ખેડૂતોએ લીધો છે, અને

(૨) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં ''પર ડ્રોપ મોર ક્રોપ'' સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ ૬૫૩૦ ખેડૂતોએ લાભ લીધેલ છે, વર્ષવાર લાભાર્થી ખેડૂતોની વિગત નીચે મુજબ છેઃ-

| **વર્ષ** | **સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા** |
|---|---|

| | |
|---|---|
| ૦૧-૦૪-૨૦૨૧ થી ૩૧-૦૩-૨૦૨૨ | ૨૯૪૨ |
| ૦૧-૦૪-૨૦૨૨ થી ૩૧-૦૩-૨૦૨૩ | ૩૫૮૮ |
| **કુલ** | **૬૫૩૦** |

(૩) આ અંગે કેટલો ખર્ચ થયેલ છે?

(૩) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં ''પર ડ્રોપ મોર ક્રોપ'' સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ રૂ.૩૯૫૦ લાખનો(સબસિડી) ખર્ચ નોંધાયેલ છે, જેમાં રાજ્ય અને કેન્દ્ર સરકારશ્રીના ફાળાનો સમાવેશ થાય છે.

---------

**પાટણ નગરપાલિકા હસ્તક રેલ્વે ઓવરબ્રિજ/અંડરપાસ**

૧૫/૩/૩૨૮ **શ્રી લવીંગજી સોલંકી** (રાધનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ નગરપાલિકા હસ્તકના રેલ્વે લેવલ ક્રોસિંગના સ્થળે રેલ્વે ઓવરબ્રિજ/અંડરપાસની કામગીરી મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે,

(૩) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને

(૪)આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં પાટણ નગરપાલિકા હસ્તકના રેલ્વે લેવલ ક્રોસિંગના સ્થળે, પાટણ વિસ્તારમાં ફાટક નં-૪૧-એ, રેલ્વે ચેઈનેજ ૪૦/૧-૨ કિ.મી. પર પાટણ કાંસા રેલ્વે લાઈન વચ્ચે રેલ્વે ઓવરબ્રિજની કામગીરી મંજૂર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરીની ભૌતિક પ્રગતિ ૪૨% અને નાણાકિય પ્રગતિ ૩૦.૯૪% થયેલ છે.

(૩) આ કામગીરી પાછળ અંદાજે રૂ.૩૮૪૮.૨૪ લાખ ખર્ચ થનાર છે.

(૪) આ કામગીરી તા.૩૦-૦૪-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**પાટણ જિલ્લામાં જાહેર હેતુ માટે જમીન ફાળવણી બાબત**

૧૫/૩/૮૪ **શ્રી સરદારભાઈ ચૌધરી** (ખેરાલુ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં ગુજરાત જમીન મહેસૂલ નિયમો-૧૯૭૨ના વહીવટી હુકમ-૩ હેઠળ સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલી જમીન ફાળવવામાં આવેલ છે?

**જવાબ**

(૧) કુલ-૫૫ (પંચાવન) દરખાસ્તો મંજૂર કરવામાં આવી.

(૨) કુલ ૨૯૧૩૪૨.૨૫ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે.

---------

**દાહોદ જિલ્લાની નગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ**

૧૫/૩/૩૨૬ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના

આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે,

ઘટક હેઠળ ફાળવેલ ગ્રાન્ટની માહિતી નીચે મુજબ છે.

| **નગરપાલિકા** | **ગ્રાન્ટની રકમ (રૂ.લાખમાં)** | | |
|---|---|---|---|
| | **૨૦૨૧-૨૨** | **૨૦૨૨-૨૩** | **કુલ** |
| દાહોદ | ૩૬૦.૦૦ | ૪૭૨.૦૦ | ૮૩૨.૦૦ |
| ઝાલોદ | ૨૭૦.૦૦ | ૨૯૯.૦૦ | ૫૬૯.૦૦ |
| દેવગઢ બારીયા | ૧૩૦.૦૦ | ૧૨૨.૧૪ | ૨૫૨.૧૪ |

(૨) તે અન્વયે કેટલા કામ મંજૂર થયેલ છે, અને

(૨) તે અન્વયે નીચે મુજબના કામો મંજૂર થયેલ છે.

| **નગરપાલિકા** | **મંજૂર થયેલ કામ** | | |
|---|---|---|---|
| | **૨૦૨૧-૨૨** | **૨૦૨૨-૨૩** | **કુલ** |
| દાહોદ | ૭ | ૫૧ | ૫૮ |
| ઝાલોદ | ૨૫ | ૩૫ | ૬૦ |
| દેવગઢ બારીયા | ૧૧ | ૧૦ | ૨૧ |

(૩) તે પૈકી કેટલા કામ ઉક્ત સ્થિતિએ પૂર્ણ થયેલ છે ?

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ નીચે મુજબના કામો પૂર્ણ થયેલ છે.

| **નગરપાલિકા** | **પૂર્ણ થયેલ કામ** | | |
|---|---|---|---|
| | **૨૦૨૧-૨૨** | **૨૦૨૨-૨૩** | **કુલ** |
| દાહોદ | ૬ | ૪૪ | ૫૦ |
| ઝાલોદ | ૨૩ | ૮ | ૩૧ |
| દેવગઢ બારીયા | ૮ | ૮ | ૧૬ |

---------

**જામનગર મહાનગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ**

૧૫/૩/૩૩૦ **શ્રીમતી રિવાબા જાડેજા** (જામનગર ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે,

(૨) તે અન્વયે કેટલા કામ મંજૂર થયેલ છે, અને

(૩) તે પૈકી કેટલા કામ ઉક્ત સ્થિતિએ પૂર્ણ થયેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ..૧૦૫૯૮.૭૮ લાખ અને વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ..૧૧૪૬૪.૪૯ લાખ મળી કુલ રૂ..૨૨૦૬૩.૨૭ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) તે પરત્વે વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૪૫ કામો તથા વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૨૦ કામો મળી કુલ ૬૫ કામો મંજૂર થયેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૦ કામો તથા વર્ષ ૨૦૨૨-૨૩માં ૦૬ કામો મળી કુલ ૧૬ કામો પૂર્ણ થયેલ છે.

---------

**લીંબડી શાખા નહેરમાં પાણી વહેવડાવવા બાબત**

૧૫/૩/૧૨૦ **શ્રી પરસોત્તમભાઈ પરમાર** (દસાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ લીંબડી શાખા નહેરનું કેટલા ટકા કામ પૂર્ણ થયેલ છે, | (૧) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ લીંબડી શાખા નહેરનું ૧૦૦% કામ પૂર્ણ થયેલ છે. |
| (૨) સદરહુ શાખા નહેરમાં પાણીનું વહન ચાલુ છે કે કેમ, અને | (૨) હા, લીંબડી શાખા નહેરમાં પાણીનું વહન ચાલુ છે. |
| (૩) જો હા, તો ક્યારથી ચાલુ છે ? | (૩) લીંબડી શાખા નહેરમાં પાણીનું વહન ઓક્ટોબર ૨૦૧૨ થી ચાલુ છે. |

---------

**ભાવનગર જિલ્લામાં મુખ્યસેવિકાનું મંજૂર મહેકમ**

૧૫/૩/૧૩૬ **શ્રીમતી સેજલબેન પંડ્યા** (ભાવનગર પૂર્વ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં મુખ્યસેવિકાનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) ૭૪ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યા ભરાયેલ છે, અને | (૨) ૭૧ |
| (૩) કેટલી જગ્યા ખાલી છે ? | (૩) ૦૩ |

---------

**ગાંધીનગર જિલ્લામાં સરગાસણ-શાહપુર-લવારપુર રોડની રીસરફેસિંગની કામગીરી**

૧૫/૩/૩૪૮ **શ્રી અલ્પેશ ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ગાંધીનગર જિલ્લામાં રીસરફેસિંગ માટે સરગાસણ-શાહપુર-લવારપુર રોડની મંજૂરી મળેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી માટે કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૧૫૮૦/- લાખ. |
| (૩) તા. ૩૧-૦૭-૨૩ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે ? | (૩) તાંત્રિક મંજૂરી હેઠળ છે. |

---------

**મહેસાણા જિલ્લામાં આપઘાતના બનાવો**

૧૫/૩/૩૮૬ **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૦૧-૦૮-૨૦૨૩ થી તા. ૧૫-૦૮-૨૦૨૩ સુધીમાં દૈનિક મહેસાણા જિલ્લામાં તાલુકાવાર આપઘાતના કેટલા બનાવો બન્યા, | (૧) પત્રક મુજબ |
| (૨) ઉક્ત બનાવો બનાવાના શાં કારણો સામે આવ્યા, અને | (૨) - અભ્યાસના ટેન્શનને કારણે<br>- પ્રેમ સંબંધને કારણે<br>- સગાઇ તથા અન્ય અંગત કારણે |
| (૩) આપઘાતના બનાવો અટકાવવા સરકારે શા પગલાં લીધા ? | (૩) રાજ્ય સરકાર દ્વારા, વિવિધ સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવેલ છે. તેમજ વિવિધ સંસ્થાઓ તથા સોશ્યલ મીડિયાના અલગ - અલગ માધ્યમથી પ્રેરણાત્મક પોસ્ટ મારફત જનજાગૃતિ કેળવવામાં આવેલ છે. શાળા / કોલેજોમાં આ અંગેના જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવેલ છે. ઉપરાંત લોકદરબાર તથા વિલેજ |

વિઝિટેશન દરમ્યાન માતા- પિતાને પણ આ બાબતે પોતાના બાળકો ઉપર બિનજરૂરી દબાણ ઊભું ન કરવા સમજ કરવામાં આવેલ છે.

**પત્રક**

| **તાલુકાનું નામ** | **સમયગાળો** | **બનાવોની સંખ્યા** |
|---|---|---|
| - | તા. ૦૧-૦૮-૨૦૨૩ | ૦ |
| - | તા. ૦૨-૦૮-૨૦૨૩ | ૦ |
| કડી | તા. ૦૩-૦૮-૨૦૨૩ | ૧ |
| - | તા. ૦૪-૦૮-૨૦૨૩ | ૦ |
| - | તા. ૦૫-૦૮-૨૦૨૩ | ૦ |
| - | તા. ૦૬-૦૮-૨૦૨૩ | ૦ |
| ઉંઝા | તા. ૦૭-૦૮-૨૦૨૩ | ૧ |
| કડી | તા. ૦૮-૦૮-૨૦૨૩ | ૧ |
| વિસનગર | તા. ૦૯-૦૮-૨૦૨૩ | ૨ |
| - | તા. ૧૦-૦૮-૨૦૨૩ | ૦ |
| - | તા. ૧૧-૦૮-૨૦૨૩ | ૦ |
| - | તા. ૧૨-૦૮-૨૦૨૩ | ૦ |
| કડી | તા. ૧૩-૦૮-૨૦૨૩ | ૧ |
| કડી | તા. ૧૪-૦૮-૨૦૨૩ | ૧ |
| મહેસાણા | તા. ૧૫-૦૮-૨૦૨૩ | ૧ |

---------

**રાજ્ય બહારની રિફાઇનરીઓને બંદરીય સુવિધા આપવા બાબત**

૧૫/૩/૧૨૬ **શ્રી હીરાભાઇ સોલંકી** (રાજુલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય બહારની કેટલી રીફાઇનરીઓને બંદરીય-સુવિધા માટે મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી કેટલી રીફાઇનરીઓએ બંદરીય સુવિધાઓ વિકસાવેલ છે ?

**જવાબ**

(૧) છેલ્લાં બે વર્ષમાં રાજ્ય બહારની રીફાઇનરીઓને બંદરીય સુવિધાઓ માટે મંજૂરી આપવામાં આવેલ નથી.

(૨) ઉપરની વિગતે લાગુ પડતું નથી.

---------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં ગુનાહિત કૃત્યો**

૧૫/૩/૩૧૯ **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં ચોરી, લૂંટ, ધાડ, છેડતી, બળાત્કાર, ખૂન, મહિલા અત્યાચાર અને રાયોટિંગના કેટલા ગુના નોંધાયા, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા ગુનેગારોને પકડવામાં આવ્યા અને કેટલા ગુનેગારોને પકડવાના બાકી છે ?

**જવાબ**

(૧) પત્રક મુજબ

(૨)

| **શહેર અને જિલ્લો** | **પકડાયેલ ગુનેગારો** | **પકડવાના બાકી ગુનેગારો** |
|---|---|---|
| અમદાવાદ શહેર | ૧૪૦૯૨ | ૨૬૫ |
| અમદાવાદ ગ્રામ્ય | ૧૬૯૦ | ૭૮ |

**પત્રક**

| **શહેર અને જિલ્લો** | **નોંધાયેલ ગુનાઓ (તા. ૦૧-૦૮-૨૧ થી તા. ૩૧-૦૭-૨૩)** |
|---|---|

તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

| | **ચોરી** | **લૂંટ** | **ધાડ** | **છેડતી** | **બળાત્કાર** | **ખૂન** | **મહિલા અત્યાચાર** | **રાયોટિંગ** |
|---|---|---|---|---|---|---|---|---|
| **અમદાવાદ શહેર** | ૭૩૮૬ | ૨૮૫ | ૨૪ | ૪૫૬ | ૭૨૩ | ૨૦૭ | ૨૧૦૯ | ૧૪૮ |
| **અમદાવાદ ગ્રામ્ય** | ૬૬૯ | ૩૭ | ૧૫ | ૭૫ | ૧૫૨ | ૫૦ | ૧૦૦ | ૦૫ |

- - - - - - - - -

**જામનગર જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ**

૧૫/૩/૧૨૯ **શ્રી દિવ્યેશભાઇ અકબરી** (જામનગર દક્ષિણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ (તબક્કો-૮) હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા, | (૧) ૪૨ |
| (૨) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૬ |
| (૩) આ કાર્યક્રમ હેઠળ ગ્રામ્ય વિસ્તારમાંથી કેટલી અરજીઓ આવી, અને | (૩) ૩૬૬૦૫ |
| (૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ? | (૪) ૩૬૬૦૫ |

- - - - - - - - -

**ભરૂચ જિલ્લામાં મુખ્યસેવિકાનું મંજૂર મહેકમ**

૧૫/૩/૧૩૭ **શ્રી રીતેશકુમાર વસાવા** (ઝઘડીયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં મુખ્યસેવિકાનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) ૫૮ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યા ભરાયેલ છે, અને | (૨) ૫૭ |
| (૩) કેટલી જગ્યા ખાલી છે ? | (૩) ૦૧ |

- - - - - - - - -

**ગાંધીનગર જિલ્લામાં ફિમેલ હેલ્થ વર્કરનું મંજૂર મહેકમ**

૧૫/૩/૧૩૮ **શ્રીમતી રીટાબેન પટેલ** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ફિમેલ હેલ્થ વર્કરનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) ૧૭૨ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યા ભરાયેલ છે, અને | (૨) ૧૬૯ |
| (૩) કેટલી જગ્યા ખાલી છે ? | (૩) ૦૩ |

- - - - - - - - -

**રાજ્યમાં જિલ્લા કક્ષાના કાર્યરત રમત સંકૂલ**

૧૫/૩/૧૪૯ **શ્રી મનુભાઇ પટેલ** (સુરત ઉધના) : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં જિલ્લા કક્ષાના કેટલા રમત સંકૂલ કાર્યરત છે, | (૧) ૨૪ (ચોવીસ) |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા જિલ્લાઓમાં જિલ્લા કક્ષાના રમત સંકૂલના નિર્માણની કામગીરી પ્રગતિ હેઠળ છે, અને | (૨) ૦૮ (આઠ) |
| (૩) બાકી રહેતા જિલ્લામાં જિલ્લા કક્ષાના રમત સંકૂલના નિર્માણનું શું આયોજન છે ? | (૩) બાકી રહેતા જિલ્લામાં જિલ્લા કક્ષાના રમત સંકૂલના નિર્માણ અંગે આગામી વર્ષમાં જમીન ઉપલબ્ધીના આધારે સરકારશ્રીમાંથી મંજૂરી મળ્યેથી બનાવવામાં આવશે. |

- - - - - - - - -

**જામનગર જિલ્લામાં જાહેર હેતુ માટે જમીન ફાળવણી**

૧૫/૩/૮૨ **શ્રી મેઘજીભાઇ ચાવડા** (કાલાવાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ના વહીવટી હુકમ-૩ હેઠળ સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને | (૧) તા. ૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ના વહીવટી હુકમ-૩ હેઠળ સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કુલ-૧૬ દરખાસ્તો મંજૂર કરવામાં આવી. |
| (૨) તે પૈકી કેટલી જમીન ફાળવવામાં આવેલ છે ? | (૨) ઉક્ત મુદ્દા નં. ૧ ની વિગતે ૩૨૯૧૯૦-૦૦ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે. |

- - - - - - - - -

**પાદરા તાલુકાની કેનાલો દ્વારા સિંચાઇનું પાણી**

૧૫/૩/૧૨૫ **શ્રી ચૈતન્યસિંહ ઝાલા** (પાદરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૦-૦૬-૨૦૨૩ની સ્થિતિએ પાદરા તાલુકાની કહાનવા વિશાખામાંથી નીકળતી દૂધવાડા માઇનોર દ્વારા કેટલા વિસ્તારમાં સિંચાઇનું પાણી આપવામાં આવેલ છે, | (૧) ૨૩૫ હેક્ટર વિસ્તારમાં સિંચાઇનું પાણી આપવામાં આવેલ છે. |
| (૨) તેમાં હેડ ટુ ટેઇલ પાણી ચાલે છે કે કેમ, | (૨) હા, જી. |
| (૩) તેની અન્ડર ગ્રાઉન્ડ પાઇપ લાઇન્સ સબમાઇનોરની કામગીરીની સ્થિતિ શું છે, અને | (૩) કુલ ૮ માંથી ૭ અન્ડર ગ્રાઉન્ડ પાઇપ લાઇન્સ-સબમાઇનોરની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યારે બાકી રહેતી ૧ અન્ડર ગ્રાઉન્ડ પાઇપ લાઇન્સ-સબમાઇનોરની કામગીરી ઔદ્યોગિક વિસ્તારને કારણે કરવાની થતી નથી. |
| (૪) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૪) છેલ્લા બે વર્ષમાં કોઇ ખર્ચ કરવામાં આવેલ નથી. |

- - - - - - - - -

**સુરત મહાનગરપાલિકામાં અમૃત યોજનાનાં કામો**

**૧૫/૩/૩૩૩શ્રી અરવિંદ રાણા (સુરત પૂર્વ): માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/03/૨૦૨3ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમૃત ૨.૦ મિશન અંતર્ગત સુરત મહાનગરપાલિકામાં કેટલા કામ હાથ ધરવામાં આવેલ છે, | (૧) તા: ૩૧/૦૩/૨૦૨૩ ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં અમૃત ૨.૦ મિશન અંતર્ગત સુરત મહાનગરપાલિકામાં કુલ ૨૭ કામો હાથ ધરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતીએ કેટલા કામ પૂર્ણ થયેલ છે, અને | (૨) તે પૈકી ઉક્ત સ્થિતીએ કોઈ કામ પૂર્ણ થયેલ નથી |

| | |
|---|---|
| (૩) બાકી રહેલ કામ કયા સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | (૩) આ કામો માર્ચ–૨૦૨૬ સુધીમાં દરેકની સમયમર્યાદા અનુસાર પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

**કલોલ તાલુકામાંમુલાસણા ગામમાં પાંજરાપોળને જમીન ભાડાપટ્ટે આપવા બાબત**

**૧૫/૩/૪૦૧: વિમલભાઇચુડાસમા (સોમનાથ): માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપાકરશે કે:-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના મુલાસણા ગામમાં પાંજરાપોળને ૯૯ વર્ષના ભાડાપટ્ટે આપવામાં આવેલ જમીન નામફેર, વેચાણ, અને બિનખેતીની પ્રક્રિયામાં થયેલ ગેરરીતિ બાબતે પોલીસ ફરિયાદ છેલ્લા એક વર્ષમાં નોંધવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | **(૧)** હા, જી |
| **(૨)** જો હા, તોઉક્ત સ્થિતિએ ઉક્ત જમીન શ્રી સરકારમાં દાખલ કરવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | **(૨)** આ બાબતે SIT અંતર્ગત તપાસ ચાલુ છે. |
| **(૩)** ઉકત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | **(૩)** આ બાબતે SIT અંતર્ગત તપાસ ચાલુ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------------------------

**અમદાવાદ મહાનગરપાલિકામાં અમૃત યોજનાનાં કામો**

**15/3/335શ્રીમતી દર્શનાબેન વાઘેલા (અસારવા): માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા.૩૧/૦૩/૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમૃત ૨.૦ મિશન અંતર્ગત અમદાવાદ મહાનગરપાલિકામાં કેટલા કામ હાથ ધરવામાં આવેલ છે, | **(૧)** તા:૩૧/૦૩/૨૩ ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં અમૃત ૨.૦ મિશન અંતર્ગત અમદાવાદ મહાનગરપાલિકામાં કુલ ૫૪ કામો હાથ ધરવામાં આવેલ છે |
| **(૨)** તે પૈકી ઉક્ત સ્થિતીએ કેટલા કામ પૂર્ણ થયેલ છે, અને | **(૨)** તે પૈકી ઉક્ત સ્થિતીએ કોઈ કામ પૂર્ણ થયેલ નથી. |
| **(૩)** બાકી રહેલ કામ કયા સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | **(૩)** આ કામો માર્ચ – ૨૦૨૬ સુધીમાં દરેકની સમયમર્યાદા અનુસાર પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

**વાઘોડિયા તાલુકાની કેનાલો દ્વારા સિંચાઇનું પાણી**

**૧૫/૦૩/૧૨૩: શ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ):માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦/૦૬/૨૦૨૩ની સ્થિતિએ વાઘોડિયા તાલુકાની વડોદરા શાખા નહેરની ખંધા વિશાખા નહેરમાંથી નીકળતી નવા આજવા માઈનોર હેઠળ કેટલા વિસ્તારમાં સિંચાઇનું પાણી આપવામાં આવેલ છે, | (૧) ૨૦૭ હેક્ટર વિસ્તારને સિંચાઈ માટે પાણી પૂરું પાડવામાં આવેલ છે. |
| (૨) તેમાં હેડ ટુ ટેઈલ પાણી ચાલે છેકે કેમ, અને | (૨) હા,જી. |
| (૩) તેમાં થયેલ અન્ડર ગ્રાઉન્ડ પાઈપ લાઈન્સની કામગીરી પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) છેલ્લા બે વર્ષમાં કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી. |

ભાદ્રપદ ૨૨, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નો

**સિધ્ધપુર શહેરમાં પીવાના પાણીની પાઇપલાઇનમાંથી મળી આવેલ માનવ કંકાલ**

**૧૫/૩/૩૭૦શ્રી કાન્તીભાઈ ખરાડી ( દાંતા): માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે :-**

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| ૧ | મે-૨૦૨૩માં પાટણ જિલ્લાના સિધ્ધપુર શહેરમાં પીવાના પાણીની પાઇપલાઇનમાંથી માનવકંકાલ મળી આવેલ તે પાણી પીવા માટે વિતરણ કરવામાં આવતું હતું તે હકીકત સાચી છે, | ૧ | હા |
| ૨ | જો હા, તો ઉકત માનવ કંકાલવાળુ પાણી કેટલા દિવસ કેટલા નાગરીકોને વિતરણ કરવામાં આવેલ, | ૨ | શુન્ય દિવસ |
| ૩ | ઉકત પાઈપલાઈન કે ટાંકીઓમાં માનવ કંકાલ કે માનવ શરીર કે અન્ય કચરો ન પડે તે જોવાની જવાબદારી કોની છે, અને | ૩ | નગરપાલિકાની વોટર વર્કસ શાખાના ફરજ પરના કર્મચારીની |
| ૪ | ઉકત બેદરકારી બદલ તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા? | ૪ | ફરજ પરના કર્મચારીને જે તે સમયે તાત્કાલિક ફરજ મોકૂફી ઉપર ઉતારવામાં આવેલ છે. |

-----------

**રાજ્યમાં મહિલા સુરક્ષા સમિતિની રચના**

**15/3/367:ગેનીબેન ઠાકોર (વાવ): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં મહિલા ઉપર થતા અત્યાચાર રોકવા માટે રાજ્ય સરકાર દ્વારા રાજ્યની મહિલા સુરક્ષા સમિતિની રચના કરેલ છે કે કેમ, | **(૧)** | ના,જી.<br>સમિતિની રચના વિચારાધીન છે. |
| **(૨)** | જો હા, તો રાજ્યની મહિલા સુરક્ષા સમિતિના ચેરમેન અને સભ્યો કોણ છે, અને | **(૨)** | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| **(૩)** | ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઉકત સમિતિની ક્યારે બેઠકો મળેલ છે? | **(૩)** | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**અમદાવાદ જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરનું મંજૂર મહેકમ**

**૧૫/૩/૧૪૦: શ્રી બાબુભાઇ પટેલ (દસક્રોઇ): માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત) જણાવવા કૃપા કરશે કેઃ-**

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | **(૧)** | ૨૧૯ |
| **(૨)** | તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યા ભરાયેલ છે, અને | **(૨)** | ૨૦૭ |

| | | | |
|---|---|---|---|
| **(૩)** | કેટલી જગ્યા ખાલી છે ? | **(૩)** | ૧૨ |

**કલોલ તાલુકામાંમુલાસણા ગામમાં પાંજરાપોળને જમીન ભાડાપટ્ટે આપવા બાબત**

**૧૫/૩/૪૦૯ : ગુલાબસિંહ ચૌહાણ (લુણાવાડા): માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧.૦૭.૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના મુલાસણા ગામમાં પાંજરાપોળને ૯૯ વર્ષના ભાડાપટ્ટે આપવામાં આવેલ જમીન નામફેર, વેચાણ, બિનખેતી થયેલ છે અને આ કાર્યવાહીમાં ગણોતધારા અને ખેત જમીન ટોચ મર્યાદા ધારાનો ભંગ થયેલ હોવા અંગેની કેટલી ફરીયાદો સરકારને મળી, અને | **(૧)** | કુલ બે (૨) ફરીયાદો મળેલ છે. |
| **(૨)** | મળેલ ફરીયાદો અન્વયે જવાબદારો સામે શી કાર્યવાહી હાથ ધરેલ છે? | **(૨)** | આ બાબતમાં સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરવામાં આવેલ છે. |

**જૂનાગઢ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ**

**૧૫/૩/૧૩૨ : શ્રીસંજયભાઈ કોરડીયા (જૂનાગઢ):માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)જણાવવા કૃપા કરશે કે :-**

| | પ્રશ્ન: | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ (તબક્કો-૮) હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા, | (૧) | ૫૮ |
| (૨) | આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) | ૫૬ |
| (૩) | આ કાર્યક્રમ હેઠળ ગ્રામ્ય વિસ્તારમાંથી કેટલી અરજીઓ આવી, અને | (૩) | ૨૬૦૨૮૫ |
| (૪) | તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ? | (૪) | ૨૬૦૨૮૫ |

**દિલ્હી-મુંબઈ ફોરલેન હાઈવે નેશનલ હાઈવે-૫૬ જમીન સંપાદન બાબત**

**૧૫/૩/૫૦૭: શ્રી ચૈતરભાઈ વસાવા (ડેડીયાપાડા): માનનીય મહેસુલમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

ભાદ્રપદ ૨૨, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૧૯.૦૮.૨૦૨૩ની સ્થિતિએ દિલ્હી-મુંબઈ ફોરલેન હાઈવે નેશનલ હાઈવે-૫૬ માટે જમીન સંપાદનની કામગીરી પ્રગતિમાં છે તે હકીકત સાચી છે, | (૧) | હા, જી. |
| (૨) | જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા જિલ્લાઓની કેટલી જમીન સંપાદન કરવામાં આવી છે, અને | (૨) | દિલ્હી-મુંબઈ ફોરલેન હાઈવે નેશનલ હાઈવે-૫૬ અંતર્ગત આવતા તમામ જિલ્લાઓમાં પ્રાથમિક તબક્કે સંપાદનની કાર્યવાહી પ્રગતિમાં છે. સંપાદનની કાર્યવાહી પૂર્ણ થયેલ નથી. |
| (૩) | ઉકત સ્થિતિએ ગ્રામસભાની મંજૂરી લેવામાં આવેલ છે કે કેમ? | (૩) | તમામ જિલ્લાઓના કુલ-૨૦૫ ગામોમાંથી ૧૯૩ ગ્રામસભાના ઠરાવો મેળવવામાં આવેલ છે, તથા કાર્યવાહી પ્રગતિમાં છે. |

**ખેડા જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરનું મંજૂર મહેકમ**

**૧૫/૩/૧૩૯: શ્રી યોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત) જણાવવા કૃપા કરશે કેઃ-**

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | **(૧)** | ૩૧૬ |
| **(૨)** | તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યા ભરાયેલ છે, અને | **(૨)** | ૩૧૫ |
| **(૩)** | કેટલી જગ્યા ખાલી છે ? | **(૩)** | ૦૧ |

**વાઘોડીયા અને વડોદરા તાલુકામાં રસ્તાઓને જોબ નંબર ફાળવવા બાબત**

**૧૫/૩/૨૭૮ શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા (વાઘોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વાઘોડીયા અને વડોદરા તાલુકામાં કયા કાચા રસ્તાઓને ડામર સપાટીના બનાવવા માટે જોબ નંબર ફાળવવામાં આવ્યા, | **(૧)** | પરિશિષ્ટ – ૧ મુજબ |
| **(૨)** | ઉકત સ્થિતિએ વડોદરા અને વાઘોડીયા તાલુકામાં કયા રસ્તાઓની કામગીરી પૂર્ણ થઇ, કયા રસ્તાઓની કામગીરી પ્રગતિમાં છે અને કયા રસ્તાઓની કામગીરી કયા કારણોસર શરૂ કરવાની બાકી છે, અને | **(૨)** | પરિશિષ્ટ – ૨ મુજબ |

| | | | |
|---|---|---|---|
| **(૩)** | ઉકત બાકી રસ્તાઓની કામગીરીમાં કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે? | **(૩)** | બાકી રહેલ ૩૦ રસ્તાના કામો પૈકી ૨ કામ રદ કરવાપાત્ર છે. તથા ૭ પ્રગતિ હેઠળના કામો નિયત સમય મર્યાદામા તથા ૨૧ કામોની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી સત્વરે કામગીરી પૂર્ણ કરવામાં આવશે. |

**રાજ્યમાં તાલુકા કક્ષાના કાર્યરત રમત સંકુલ**

**૧૫/૩/૧૪૭ : ડૉ.દર્શિતા શાહ (રાજકોટ પશ્ચિમ) : માનનીય રમત-ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં તાલુકા કક્ષાના કેટલા રમત સંકુલો કાર્યરત છે, | **(૧)** | ૩(ત્રણ) |
| **(૨)** | ઉક્ત સ્થિતિએ તાલુકા કક્ષાના કેટલા રમતગમત સંકુલના નિર્માણની કામગીરી પ્રગતિ હેઠળ છે, અને | **(૨)** | ૦૭(સાત) |
| **(૩)** | જિલ્લાવાર તાલુકા કક્ષાના એક રમતગમત સંકુલના નિર્માણ માટે બાકી રહેતા તાલુકામાં નિર્માણનું શું આયોજન છે? | **(૩)** | જિલ્લાવાર તાલુકા કક્ષાના એક રમતગમત સંકુલના નિર્માણ સબંધમાં બાકી રહેતા તાલુકામાં જમીન ઉપલબ્ધીના આધારે સરકારશ્રીમાંથી મંજૂરી મળ્યેથી બનાવવામાં આવશે. |

---

**મહેસાણા જિલ્લામાં જાહેર હેતુ માટે જમીન ફાળવણી**

**૧૫-૩-૮૩ : શ્રી સુખાજી ઠાકોર (બેચરાજી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ના વહીવટી હુકમ-૩ હેઠળ સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને | **(૧)** | મહેસાણા જિલ્લામાં તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ના વહીવટી હુકમ-૩ હેઠળ સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીન ફાળવણી અંગેની કુલ-૧૪(ચૌદ) દરખાસ્ત મંજૂર કરવામાં આવેલ છે. |
| **(૨)** | તે પૈકી કેટલી જમીન ફાળવવામાં આવેલ છે? | **(૨)** | ઉક્ત મંજૂર થયેલ દરખાસ્તો અન્વયે કુલ હે.આરે. ૧૭-૧૯-૭૦.૫૮૩૫ ચો.મી. જમીન ફાળવણી કરવામાં આવેલ છે. |

**સુરેન્દ્રનગર જિલ્લામાં દલિતો ઉપર હુમલાના બનાવો**

**15/3/373 :શ્રીજીજ્ઞેશ મેવાણી (વડગામ): માનનીયમુખ્યમંત્રીશ્રી (ગૃહ)જણાવવાકૃપાકરશેકે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૩નીસ્થિતિએછેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાના સમઢીયાળા ગામ ખાતે દલિતો તેમની કાયદેસરની જમીનમાં કામ કરવા જતા સમયે તેમની ઉપર થયેલ હુમલામાં કેટલા વ્યક્તિઓના મોત થયા અને કેટલા ઘાયલ થયા હતા, | (૧) | ૦૨ વ્યક્તિઓના મોત થયેલ છે અને ૦૬ વ્યક્તિઓ ઘાયલ થયેલ છે. |

(૨) ઉક્ત બનાવમાં સંડોવાયેલા કેટલા ઇસમોને પકડવામાં આવ્યા અને કેટલા ઇસમોને પકડવાના બાકી છે, અને

(૨)

| પકડાયેલઇસમો | પકડવાના બાકી ઇસમો |
|---|---|
| ૧૨ | ૦૦ |

(૩) ઉક્ત બાકી ઇસમોને પકડવા માટે શા પગલાં લેવામાં આવ્યા?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**કલોલ તાલુકામાં મુલાસણા ગામમાં પાંજરાપોળને જમીન ભાડાપટ્ટે આપવા બાબત**

**15/3/406: શ્રી અમીત ચાવડા (આંકલાવ): માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૦૭.૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના મુલાસણા ગામમાં પાંજરાપોળને ૯૯ વર્ષના ભાડાપટ્ટે આપવામાં આવેલ જમીન નામફેર, વેચાણ અને બિનખેતીની પ્રક્રિયા કરતાં પહેલાં મહેસૂલ વિભાગ અને ચેરીટી કમિશ્નરની મંજૂરી ક્યારે લેવામાં આવી, | (૧) આ બાબતે SIT અંતર્ગત તપાસ ચાલુ છે. |
| (૨) જો ઉક્ત મંજૂરી ન લેવામાં આવેલ હોય તો તેના કારણો શા છે, અને | (૨) આ બાબતે SIT અંતર્ગત તપાસ ચાલુ હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે માટે જવાબદારો સામે ઉક્ત સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા? | (૩) આ બાબતે SIT અંતર્ગત તપાસ ચાલુ હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**માતરથી તારાપુરને જોડતા રસ્તાની રિ-સરફેસિંગની કામગીરી**

**૧૫/૩/૪૦૩ : શ્રી ચિરાગકુમાર પટેલ (ખંભાત) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા**

**કૃપા કરશે કે :-**

**પ્રશ્ન** **જવાબ**

તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩
અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ ખેડા જિલ્લાના માતરથી આણંદ જિલ્લાના તારાપુરને જોડતા રસ્તાની રિ-સરફેસિંગ કે નવો બનાવવાની કામગીરી છેલ્લે ક્યારે અને કેટલા ખર્ચે કરવામાં આવેલ,

(૧)

| જીલ્લો | લંબાઈ કિ.મી.માં | છેલ્લે કરવામાં આવેલ કામગીરીનુ વર્ષ | ખર્ચ રૂ. લાખમાં |
|---|---|---|---|
| ખેડા | ૨૮.૮૦ | વાઈડનીંગ અને સ્ટ્રેન્ધનીંગ વર્ષ ૨૦૧૮ | ૩૪૭૨. ૫૨ |
| આણંદ | ૨.૨૦ | રિ-સરફેસિંગની કામગીરી વર્ષ ૨૦૧૩ | ૧૨૨.૨ ૭ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રસ્તાને રીસરફેસ કરવાની જરૂરીયાત હોવાની હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ ? અને

(૨) હા, જી.

(૩) જો હા, તો ઉક્ત રસ્તાને રીસરફેસ કરવાની ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ.

**ગાંધીનગર જિલ્લામાં જુનિયર ફાર્માસિસ્ટનું મંજૂર મહેકમ**

**૧૫/૩/૧૪૧: શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ): માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત) જણાવવા કૃપા કરશે કેઃ-**

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં જુનિયર ફાર્માસીસ્ટનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) | ૩૧ |
| (૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યા ભરાયેલ છે, અને | (૨) | ૩૦ |
| (૩) | કેટલી જગ્યા ખાલી છે ? | (૩) | ૦૧ |

**અમરેલી જિલ્લામાં તલાટી કમ મંત્રીનું મંજૂર મહેકમ**

**૧૫/૩/૧૩૩ : શ્રી મહેશભાઇ કસવાલા (સાવરકુંડલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત) જણાવવા કૃપા કરશે કેઃ-**

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તલાટી કમ મંત્રીનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) | ૫૧૯ |

| | | | |
|---|---|---|---|
| **(૨)** | તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યા ભરાયેલ છે, અને | **(૨)** | ૨૮૨ |
| **(૩)** | કેટલી જગ્યા ખાલી છે ? | **(૩)** | ૨૩૭ |

**લ્ભીપુર શાખા નહેરની કામગીરી**

**૧૫/૦૩/૧૧૯:શ્રી શંભૂનાથ ટુંડિયા (ગઢડા):માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | વલ્ભીપુર શાખા નહેરની કુલ લંબાઇ કેટલીછે, અને | **(૧)** | વલ્ભીપુર શાખા નહેરની કુલ લંબાઈ ૧૧૮.૭૫૧ કી.મી. છે. |
| **(૨)** | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ તે પૈકી કેટલી લંબાઇનું કામ પૂર્ણ થયેલછે? | **(૨)** | તા. ૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ તમામ લંબાઈનું કામ એટલે કે ૧૧૮.૭૫૧ કી.મી. લંબાઈનું કામ પૂર્ણ થયેલ છે. |

**ગાંધીનગર જિલ્લામાં "ઈન સ્કૂલ" શાળાઓ**

**૧૫/૩/૧૪૩ : શ્રી લક્ષ્મણજી ઠાકોર (કલોલ) : માનનીય રમત-ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલી ઈન સ્કૂલ શાળાઓ કાર્યરત છે, | **(૧)** | ૬(છ) |
| **(૨)** | આ કાર્યરત શાળામાં કેટલી રમતોનો સમાવેશ થયેલ છે, અને | **(૨)** | ૦૬(છ) રમતો |
| **(૩)** | ઉક્ત સ્થિતિએ કેટલા ખેલાડીઓને તાલીમ આપવામાં આવે છે? | **(૩)** | ૨૭૨૪(બે હજાર સાતસો ચોવીસ) ખેલાડીઓ |

---

**મોરબી શાખા નહેરમાં પાણી વહેવડાવા બાબત**

**૧૫/૦૩/૧૧૭: શ્રી દુર્લભજીભાઇ દેથરીયા(ટંકારા): માનનીય મુખ્ય મંત્રીશ્રી(નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ મોરબી શાખા નહેરનું કેટલા ટકા કામ પૂર્ણ થયેલ છે, | **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ મોરબી શાખા નહેરનું ૧૦૦% કામ પૂર્ણ થયેલ છે. |
| **(૨)** | સદરહું શાખા નહેરમાં પાણીનું વહન ચાલુ છે કે કેમ, અને | **(૨)** | હા,મોરબી શાખા નહેરમાં પાણીનું વહન ચાલુ છે. |
| **(૩)** | જો હા, તો કયાર થી ચાલુ છે ? | **(૩)** | મોરબી શાખા નહેરમાં વર્ષ ઓક્ટો-૨૦૧૪ થી પાણીનું વહન ચાલુ કરવામાં આવેલ છે. |

તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**પંચમહાલ જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" અંતર્ગત ખેડૂતોને લાભ**

**૧૫/૦૩/૮૭: શ્રી ફતેસિંહ ચૌહાણ (કાલોલ):માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-**

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ કેટલા વિસ્તારને આવરી લેવામાં આવેલ છે, | **(૧)** | તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ ૬૩૩ હેક્ટર વિસ્તાર આવરી લેવામાં આવેલ છે, વર્ષવાર આવરેલ વિસ્તારની વિગત નીચે મુજબ છે :- |

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરેલ વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૦૧/૦૪/૨૦૨૧ થી ૩૧/૦૩/૨૦૨૨ | ૪૧૦ |
| ૦૧/૦૪/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૩ | ૨૨૩ |
| કૂલ | ૬૩૩ |

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૨)** | આ યોજનાનો લાભ કુલ કેટલા ખેડૂતોએ લીધો છે, અને | **(૨)** | તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ ૪૭૬ ખેડૂતોએ લાભ લીધેલ છે,વર્ષવાર લાભાર્થી ખેડૂતોની વિગત નીચે મુજબ છે :- |

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| ૦૧/૦૪/૨૦૨૧ થી ૩૧/૦૩/૨૦૨૨ | ૩૦૦ |
| ૦૧/૦૪/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૩ | ૧૭૬ |
| કૂલ | ૪૭૬ |

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૩)** | આ અંગે કેટલો ખર્ચ થયેલ છે? | **(૩)** | તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ રૂ.૧૭૮લાખનો (સબસિડી) ખર્ચ નોંધાયેલ છે જેમાં રાજ્ય અને કેન્દ્ર સરકારશ્રીના ફાળાનો સમાવેશ થાય છે. |

**જૂનાગઢ જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" અંતર્ગત ખેડૂતોને લાભ**

**૧૫/૦૩/૮૯: શ્રી ભગાભાઇ બારડ (તાલાલા):માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-**

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ કેટલા વિસ્તારને આવરી લેવામાં આવેલ છે, | (૧) | તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ ૧૨,૭૧૭ હેક્ટર વિસ્તારનેઆવરી લેવામાં આવેલ છે, વર્ષવાર આવરેલ વિસ્તારની વિગત નીચે મુજબ છે :- |

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરેલ વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૦૧/૦૪/૨૦૨૧ થી ૩૧/૦૩/૨૦૨૨ | ૫૬૮૮ |
| ૦૧/૦૪/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૩ | ૭૦૨૯ |
| કૂલ | ૧૨,૭૧૭ |

| | | | |
|---|---|---|---|
| (૨) | આ યોજનાનો લાભ કુલ કેટલા ખેડૂતોએ લીધો છે, અને | (૨) | તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ ૧૦,૩૬૯ ખેડૂતોએ લાભ લીધેલ છે,વર્ષવાર લાભાર્થી ખેડૂતોની વિગત નીચે મુજબ છે :- |

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| ૦૧/૦૪/૨૦૨૧ થી ૩૧/૦૩/૨૦૨૨ | ૪૭૦૦ |
| ૦૧/૦૪/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૩ | ૫૬૬૯ |
| કૂલ | ૧૦,૩૬૯ |

| | | | |
|---|---|---|---|
| (૩) | આ અંગે કેટલો ખર્ચ થયેલ છે? | (૩) | તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ રૂ.૨૪૫૭.૬૬ લાખ (સબસિડી) ખર્ચ નોંધાયેલ છે જેમાં રાજ્ય અને કેન્દ્ર સરકારશ્રીના ફાળાનો સમાવેશ થાય છે. |

**સાબરમતી નદીમાં નર્મદાનુ પાણી ભરવા બાબત**

**૧૫/૦૩/૩૭૭: શ્રી અમૃતજી ઠાકોર (કાંકરેજ):માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૦૨૩નીસ્થિતિએછેલ્લા બેવર્ષમાંવર્ષવાર સાબરમતી નદીમાં નર્મદાનું પાણી ભરવામા ટેકેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો , અને | (૧) | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ નર્મદા મુખ્ય નહેરમાંથી એસ્કેપ સ્ટ્રક્ચર દ્વારા સાબરમતી નદીમાં ગ્રેવીટીથી પાણી આપવામાં આવેલ છે, તેથી કોઇ વધારાનો ખર્ચ થતો નથી. |
| (૨) | ઉક્ત સ્થિતિએ કેટલા ક્યુસેક પાણી ઉક્ત વર્ષ વાર, માસવાર ક્યારે છોડવામાં આવ્યું? | (૨) | નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૨૨૯.૩૪૦ કિમીના સાબરમતી એસ્કેપ મારફતે સાબરમતી નદીમાં સ.સ.ન.નિ.લી. દ્વારા બે વર્ષમાં છોડવામાં આવેલ માસવાર પાણીના જથ્થાની વિગતો નીચે મુજબ છે |

| **ક્રમ** | **માસ** | **માસવાર છોડેલ સરેરાશ જથ્થો (ક્યુસેક)** |
|---|---|---|
| ૧ | ૦૮/૨૧ | ૧૦૫૦૪ |
| ૨ | ૦૯/૨૧ | ૧૦૩૨ |
| ૩ | ૧૦/૨૧ | ૦ |
| ૪ | ૧૧/૨૧ | ૧૦૨૦૬ |
| ૫ | ૧૨/૨૧ | ૧૪૩૭૬ |

| | | |
|---|---|---|
| ૬ | ૦૧/૨૨ | ૧૮૧૨૯ |
| ૭ | ૦૨/૨૨ | ૧૬૨૬૦ |
| ૮ | ૦૩/૨૨ | ૧૫૪૧૭ |
| ૯ | ૦૪/૨૨ | ૨૩૦૦ |
| ૧૦ | ૦૫/૨૨ | ૦ |
| ૧૧ | ૦૬/૨૨ | ૩૦૫ |
| ૧૨ | ૦૭/૨૨ | ૬૯૦૧ |
| ૧૩ | ૦૮/૨૨ | ૮૫૦૭૨ |
| ૧૪ | ૦૯/૨૨ | ૬૯૦૮૧ |
| ૧૫ | ૧૦/૨૨ | ૬૬૭૮૮ |
| ૧૬ | ૧૧/૨૨ | ૦ |
| ૧૭ | ૧૨/૨૨ | ૦ |
| ૧૮ | ૦૧/૨૩ | ૦ |
| ૧૯ | ૦૨/૨૩ | ૦ |
| ૨૦ | ૦૩/૨૩ | ૦ |
| ૨૧ | ૦૪/૨૩ | ૮૦૯૨ |
| ૨૨ | ૦૫/૨૩ | ૦ |
| ૨૩ | ૦૬/૨૩ | ૪૯૭૦ |
| ૨૪ | ૦૭/૨૩ | ૨૫૯૪૭ |

**સાબરકાંઠા જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ**

**૧૫/૩/૧૨૮ : શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા (હિંમતનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે :-**

| | પ્રશ્ન: | | જવાબ: |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ (તબક્કો-૮) હેઠળ શહેરી વિસ્તારમાં કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા, | **(૧)** | ૧૭ |
| **(૨)** | આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | **(૨)** | ૫૬ |
| **(૩)** | આ કાર્યક્રમ હેઠળ શહેરી વિસ્તારમાંથી કેટલી અરજીઓ આવી, અને | **(૩)** | ૧૩૭૧૫ |
| **(૪)** | તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ? | **(૪)** | ૧૩૭૧૫ |

**માળીયા શાખા નહેરમાં પાણી વહેવડાવા બાબત**

**૧૫/૦૩/૧૧૫:શ્રીમતીગીતાબા જાડેજા (ગોંડલ):માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-**

**Table 1**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ માળીયા શાખા નહેરનું કેટલા ટકા કામ પૂર્ણ થયેલ છે, | **(૧)** | તા. ૩૧-૦૭-૨૦૨૩ ની સ્થિતિએ માળીયા શાખા નહેરનું ૧૦૦% કામ પૂર્ણ થયેલ છે. |
| **(૨)** | સદરહું શાખા નહેરમાં પાણીનું વહન ચાલુ છે કે કેમ, અને | **(૨)** | હા, માળીયા શાખા નહેરમાં પાણીનું વહન ચાલુ છે. |

| | | | |
|---|---|---|---|
| **(૩)** | જો હા, તો કયાર થી ચાલુ છે ? | **(૩)** | માળીયા શાખા નહેરમાં પાણીનું વહન વર્ષ-૨૦૦૨ થી ચાલુ છે. |

**સાવલી તાલુકાની કેનાલો દ્વારા સિંચાઇનું પાણી**

**૧૫/૦૩/૧૨૪: શ્રી કેતનભાઇ ઇનામદાર (સાવલી):માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૦/૦૬/૨૩ની સ્થિતિએ સાવલી તાલુકાની રણોલી શાખામાંથી નીકળતી પસવા-૨ માઇનોર હેઠળ કેટલા વિસ્તારમાં સિંચાઇ નુ પાણી આપવામાં આવેલ છે, | **(૧)** | ૪૮૦ હેક્ટર વિસ્તારને સિંચાઈ માટે પાણી પૂરુ પાડવામા આવેલ છે. |
| **(૨)** | તેમા હેડ ટુ ટેઈલ પાણી ચાલે છે કે કેમ, અને | **(૨)** | હા,જી. |
| **(૩)** | ઉક્ત સ્થિતિએ તેમાં થયેલ અન્ડર ગ્રાઉન્ડ પાઇપ લાઇન્સની કામગીરી પાછળ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | **(૩)** | છેલ્લા બે વર્ષમાં કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી. |

**પોરબંદર ઓલ વેધર પોર્ટની જેટીનેજોડતા રસ્તાને ફોરલેન કરવા બાબત**

**૧૫/૩/૩૯૪ : શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | પોરબંદર ઓલ વેધર પોર્ટની જેટીને નેશનલ હાઇવેથીજોડતા રસ્તાને ફોરલેન કરવા જમીન ગુજરાત મેરીટાઇમ બોર્ડના નામે કરવાની દરખાસ્ત ૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ ક્યારે મળેલ છે. | **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ પોરબંદર ઓલ વેધરપોર્ટની જેટીને નેશનલ હાઇવેથીજોડતા રસ્તાને ફોરલેન કરવા જમીન ગુજરાત મેરીટાઇમ બોર્ડના નામે કરવાનીનિયત નમૂનાનીકોઇ દરખાસ્ત અત્રે મળેલ નથી |
| **(૨)** | ઉક્ત મળેલ દરખાસ્ત ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે પડતર છે | **(૨) અને** | |
| **(૩)** | ઉક્ત દરખાસ્તને ક્યા સુધીમાં મંજૂરી આપવામાં આવશે? | **(૩)** | દરખાસ્ત મળેલ ન હોય, દરખાસ્ત પડતરનો કે મંજૂરી આપવાનો પ્રશ્ન રહેતો નથી. |

**પીજી પોર્ટલ પર મળેલ ફરિયાદો**

**૧૫/૩/૧૨૭ શ્રી હાર્દિક પટેલ (વિરમગામ): માનનીય મુખ્ય મંત્રીશ્રી(સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે :-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ગુજરાત રાજ્યને પી.જી. પોર્ટલ પર કેટલી ફરિયાદો મળી? | **(૧)** | (નીચેનું કોષ્ટક જુઓ) |

| | |
|---|---|
| ૦૧/૦૪/૨૦૨૨ ની સ્થિતીએ પડતર ફરિયાદો | **૨૨૬૫૫** |
| તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૦૩/૨૦૨૩ સુધીમાં મળેલ ફરિયાદો | **૫૯૪૩૦** |
| **કુલ મળેલ ફરિયાદો** | **૮૨૦૮૫** |

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૨)** | તે પૈકી તા.૩૧-૦૩-૨૩ ની સ્થિતીએ કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો ? | **(૨)** | ૬૪,૩૭૪ |
| **(૩)** | નિકાલ કરેલ ફરિયાદો પૈકી સૌથી વધુ ક્યાવિભાગે ફરિયાદોનો નિકાલ કર્યો ? | **(૩)** | ગૃહ વિભાગ |

**અમદાવાદ જિલ્લાની નગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાંટ**

તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**15/03/329 શ્રી કનુભાઈ પટેલ (સાણંદ):-માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે:-**

**પ્રશ્ન** / **જવાબ**

**(૧)** તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ કેટલી ગ્રાંટ ફાળવવામાં આવેલ છે,

**(૧)** તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ ફાળવેલ ગ્રાંટની માહિતી નીચે મુજબ છે.

| નગરપાલિકા | ગ્રાંટની રકમ (રૂ. લાખમાં) | | |
|---|---|---|---|
| | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | કુલ |
| વિરમગામ | ૩૬૦.૦૦ | ૨૪૪.૮૧ | ૬૦૪.૮૧ |
| ધોળકા | ૩૬૦.૦૦ | ૩૪૭.૯૬ | ૭૦૭.૯૬ |
| ધંધુકા | ૨૭૦.૦૦ | ૨૭૫.૦૦ | ૫૪૫.૦૦ |
| બાવળા | ૨૭૦.૦૦ | ૨૧૪.૦૦ | ૪૮૪.૦૦ |
| સાણંદ | ૨૭૦.૦૦ | ૬૭૬.૬૨ | ૯૪૬.૬૨ |
| બારેજા | ૧૩૦.૦૦ | ૧૩૦.૫૩ | ૨૬૦.૫૩ |
| કુલ | ૧૬૬૦.૦૦ | ૧૮૮૮.૯૨ | ૩૫૪૮.૯૨ |

**(૨)** તે અન્વયે કેટલા કામ મંજૂર થયેલ છે, અને

**(૨)** તે અન્વયે નીચે મુજબના કામો મંજૂર થયેલ છે.

| નગરપાલિકા | મંજૂર થયેલ કામ | | |
|---|---|---|---|
| | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | કુલ |
| વિરમગામ | ૨૮ | ૨૪ | ૫૨ |
| ધોળકા | ૩૫ | ૩૧ | ૬૬ |
| ધંધુકા | ૪૨ | ૩૬ | ૭૮ |
| બાવળા | ૧૪ | ૯ | ૨૩ |
| સાણંદ | ૧૧ | ૬ | ૧૭ |
| બારેજા | ૯ | ૧૦ | ૧૯ |

**(૩)** તે પૈકી કેટલા કામ ઉકત સ્થિતિએ પૂર્ણ થયેલ છે?

**(૩)** તે પૈકી ઉકત સ્થિતિએ નીચે મુજબના કામો પૂર્ણ થયેલ છે.

| નગરપાલિકા | પૂર્ણ થયેલ કામ | | |
|---|---|---|---|
| | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | કુલ |
| વિરમગામ | ૧૧ | ૬ | ૧૭ |
| ધોળકા | ૮ | ૪ | ૧૨ |
| ધંધુકા | ૪૨ | ૬ | ૪૮ |
| બાવળા | ૭ | ૪ | ૧૧ |
| સાણંદ | ૯ | ૧ | ૧૦ |
| બારેજા | ૭ | ૨ | ૯ |

**જૂનાગઢ જિલ્લામાં રસ્તા અને નાળા-પુલીયાને સમારકામ કે નવા બનાવવા બાબત**

**૧૫/૩/૩૯૮ : શ્રી અરવિંદભાઈ લાડાણી (માણાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે :-**

**પ્રશ્ન** / **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) જૂન-જુલાઈ ૨૦૨૩માં જૂનાગઢ જિલ્લામાં થયેલ અતિવૃષ્ટિથી રસ્તાઓ અને નાળા-પુલીયાને નુકસાન થયેલ છે તે હકીકત છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલા રસ્તાઓ અને નાળા-પુલીયાને નુકસાન થયેલ છે, અને

(૨)

| તાલુકાનુનામ | નુકશાન થયેલરસ્તાની સંખ્યા | નુકશાન થયેલનાળા-પુલીયાની સંખ્યા |
|---|---|---|
| જૂનાગઢ | ૨ | ૧ |
| ભેસાણ | ૩ | ૨ |
| વિસાવદર | ૪ | ૨ |
| મેંદરડા | ૬ | ૧ |
| વંથલી | ૫ | ૨ |
| માણાવદર | ૭ | ૩ |
| કેશોદ | ૮ | ૫ |
| માંગરોળ | ૧૦ | ૪ |
| માળીયા | ૩ | ૫ |
| કુલ જૂનાગઢ | ૪૮ | ૨૫ |

(૩) ઉક્ત રસ્તાઓ અને નાળા-પુલીયાનું સમારકામ કે નવા ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) ૪૮ રસ્તાઓ પૈકી ૪૮ રસ્તાઓ અને ૨૫ નાળા-પુલિયા પૈકી ૨૧ નાળા-પુલિયાઓનું સમારકામ પૂર્ણ કરવામાં આવેલ છે, તેમજ ૪ નાળા-પુલિયાના સમારકામ વહીવટી પ્રકિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

**કલોલ તાલુકામાં મુલાસણા ગામમાં પાંજરાપોળને જમીન ભાડાપટ્ટે આપવા બાબત**

**15/3/379: શ્રી દિનેશભાઈ ઠાકોર (ચાણસ્મા): માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-**

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના મુલાસણા ગામમાં પાંજરાપોળને ૯૯ વર્ષના ભાડાપટ્ટે આપવામાં આવેલ જમીન નામફેર, વેચાણ અને બિનખેતીની પ્રક્રિયામાં થયેલ ગેરરીતિ સબબ કલેક્ટર ગાંધીનગર અને અન્ય જવાબદારો સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા,જી

(૨) જો હા, તો ઉક્ત પાંજરાપોળની કેટલી જમીન કોના દ્વારા ખરીદાયેલ છે,

(૨) આ બાબતે SIT અંતર્ગત તપાસ ચાલુ છે.

| | | | |
|---|---|---|---|
| **(૩)** | તે પૈકી કોની કેટલી જમીનો કયારે બિનખેતી કરવામાં આવેલ, અને | **(૩)** | આ બાબતે SIT અંતર્ગત તપાસ ચાલુ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| **(૪)** | ઉક્ત નામફેર, વેચાણ અને બિનખેતીની પ્રક્રિયા ગેરકાયદેસર થયેલ હોય તો તે જમીન શ્રીસરકારમાં દાખલ કરવાની કાર્યવાહી કયા તબક્કે છે? | **(૪)** | આ બાબતે SIT અંતર્ગત તપાસ ચાલુ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### આણંદ શહેરમાં પાણી પુરવઠા યોજના

**15/3/336 શ્રી યોગેશભાઈ પટેલ (આણંદ): -માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ શહેરની પાણી પુરવઠા યોજના માટે કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, | **(૧)** | તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ શહેરની પાણી પુરવઠા યોજના માટે રૂ. ૧૫૯૮૪.૦૦ લાખ રકમની મંજૂરી આપવામાં આવેલ છે, |
| **(૨)** | આ યોજના અંતર્ગત ઉકત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો છે, અને | **(૨)** | આ યોજના અંતર્ગત ઉકત સ્થિતિએ કોઈ ખર્ચ થયેલ નથી. |
| **(૩)** | ઉકત સ્થિતિએ આ યોજનાના બાકી રહેતા કામ પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે? | **(૩)** | આ કામો ઓક્ટોબર-૨૦૨૪ સુધીમાં કરારની સમયમર્યાદા અનુસાર પૂર્ણ કરવાનું આયોજન છે. |

### પંચમહાલ જિલ્લામાં નવીન મેડિકલ કોલેજ માટે જમીન ફાળવણી બાબત

**૧૫/૩/૮૧શ્રી સી.કે.રાઉલજી (ગોધરા): માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | ૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પંચમહાલ જિલ્લામા કેન્દ્ર પુરસ્કૃત યોજના અંતર્ગત નવીન મેડિકલ કોલેજ માટેકોઇ સરકારી જમીન ફાળવવામાં આવેલ છે કે કેમ ? અને | **(૧) અને** | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં નવીન મેડિકલ કોલેજ માટે કોઇ સરકારી જમીન ફાળવવામાં આવેલ નથી. |
| **(૨)** | જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી જમીન ફાળવવામાં આવેલ છે? | **(૨)** | પરંતુ, કલેક્ટરશ્રી, પંચમહાલ ગોધરાના તા.૧૮/૦૭/૨૦૨૦ના હુકમથી “centrally sponsored scheme for Establishment of new medical college attached with existing district hospitals” ના હેતુ માટે વહીવટી હુકમ-૩ હેઠળ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,ગુજરાત સરકારને હે.આ.પ્ર.૮-૦૯-૩૭ ચો.મી.(૨૦એકર) જમીન તબદીલ કરેલ છે. |

### પાટણમાં ઉત્તરવહી પુરવણી ખરીદીમાં ગેરરીતી

**15/3/382:શ્રીકિરીટકુમાર પટેલ (પાટણ) :માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં ઉત્તરવહી-પુરવણી ખરીદી ગેરરીતિ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટે ડાયરેકશન આપેલ છે તથા એ.સી.બી ભુજ તપાસ કરે છે | **(૧)** | હા, જી. |

તે હકીકત સાચી છે,

| | | | |
|---|---|---|---|
| **(૨)** | જો હા, તો ઉક્ત તપાસ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને | **(૨)** | તપાસ ચાલુ છે. |
| **(૩)** | ઉક્ત તપાસ કયાં સુધીમાં પૂર્ણ કરીને અહેવાલ સુપ્રત કરવામાં આવશે? | **(૩)** | તપાસ પૂર્ણ થયેથી અહેવાલ સુપ્રત કરવામાં આવશે. |

**નર્મદા યોજના અંતર્ગત હારીજ તાલુકામાં સિંચાઇનો લાભ**

**૧૫/૦૩/૧૦૫: શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર):માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત પાટણ જિલ્લાના હારીજ તાલુકામાં કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળે છે, અને | **(૧)** | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત પાટણ જિલ્લાના હારીજ તાલુકામાં ૨૭,૭૦૬ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળે છે. |
| **(૨)** | વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ખરીફ, રવિ અને ઉનાળુ ઋતુમાં કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળે છે? | **(૨)** | વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન હારીજ તાલુકામાં ખરીફ, રવિ અને ઉનાળુ ઋતુમાં અનુક્રમે ૨૬૫ હેક્ટર, ૧૯,૮૬૩ હેક્ટર અને ૮૧૯૪ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળેલ છે. |

**નવસારી જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" અંતર્ગત ખેડૂતોને લાભ**

**૧૫/૦૩/૮૬: શ્રી રાકેશ દેસાઇ (નવસારી):માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-**

તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન નવસારી જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ કેટલા વિસ્તારને આવરી લેવામાં આવેલ છે, | (૧) | તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન નવસારી જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ ૭૧૭ હેક્ટર વિસ્તાર આવરી લેવામાં આવેલ છે, વર્ષવાર આવરેલ વિસ્તારની વિગત નીચે મુજબ છે :- |

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરેલ વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૦૧/૦૪/૨૦૨૧ થી ૩૧/૦૩/૨૦૨૨ | ૩૫૩ |
| ૦૧/૦૪/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૩ | ૩૬૪ |
| કૂલ | ૭૧૭ |

| | | | |
|---|---|---|---|
| (૨) | આ યોજનાનો લાભ કુલ કેટલા ખેડૂતોએ લીધો છે, અને | (૨) | તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન નવસારી જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ ૮૨૦ ખેડૂતોએ લાભ લીધેલ છે,વર્ષવાર લાભાર્થી ખેડૂતોની વિગત નીચે મુજબ છે :- |

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| ૦૧/૦૪/૨૦૨૧ થી ૩૧/૦૩/૨૦૨૨ | ૩૯૫ |
| ૦૧/૦૪/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૩ | ૪૨૫ |
| કૂલ | ૮૨૦ |

| | | | |
|---|---|---|---|
| (૩) | આ અંગે કેટલો ખર્ચ થયેલ છે? | (૩) | તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન નવસારી જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ રૂ.૩૯૭લાખનો (સબસિડી) ખર્ચ નોંધાયેલ છે જેમાં રાજ્ય અને કેન્દ્ર સરકારશ્રીના ફાળાનો સમાવેશ થાય છે. |

**કચ્છ જિલ્લામાં જાહેર હેતુ માટે જમીન ફાળવણી બાબત**

**૧૫/૩/૮૫શ્રી અનિરુદ્ધ દવે (માંડવી): માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ના વહીવટી હુકમ-૩ હેઠળ સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને | (૧) | કુલ – ૩૭ (સાડત્રીસ) દરખાસ્તો મંજૂર કરવામાં આવી, |
| (૨) | તે પૈકી કેટલી જમીન ફાળવવામાં આવેલ છે? | (૨) | કુલ હે.આરે.ચોમી. ૧૧૭-૬૪-૧૯ જમીન ફાળવવામાં આવેલ છે. |

**બનાસકાંઠા જિલ્લામાં તલાટી કમ મંત્રીનું મંજૂર મહેકમ**

**૧૫/૩/૧૩૫: શ્રી પ્રવિણકુમાર માળી (ડીસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત) જણાવવા કૃપા કરશે કેઃ-**

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તલાટી કમ મંત્રીનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) | ૭૩૩ |
| (૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યા ભરાયેલ છે, અને | (૨) | ૫૯૯ |

| | | | |
|---|---|---|---|
| **(૩)** | કેટલી જગ્યા ખાલી છે ? | **(૩)** | ૧૩૪ |

**ગાંધીનગર જિલ્લામાં રસ્તાને વાઇટ ટોપીંગની મંજૂરી આપવા બાબત**

**૧૫/૩/૩૪૯ : શ્રી જયંતીભાઇ પટેલ (માણસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે :-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં રસ્તાને વાઇટ ટોપીંગ માટે મંજૂરી મળેલ છે તે હકીકત સાચી છે, | **(૧)** | હા, જી. |
| **(૨)** | જો હા, તો ઉક્ત કામગીરી માટે કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને | **(૨)** | રૂ.૩૮૦૦/- લાખ. |
| **(૩)** | ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે ? | **(૩)** | તાંત્રીક મંજૂરી તબક્કે. |

**મહેસાણા નગરપાલિકામાં અમૃત યોજનાના કામો**

**15/3/334 શ્રી મુકેશકુમાર પટેલ (મહેસાણા) :માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમૃત ૨.૦ મિશન અંતર્ગત મહેસાણા નગરપાલિકામાં કેટલા કામ હાથ ધરવામાં આવેલ છે, | **(૧)** | તા.૩૧/૦૩/૨૩ ની સ્થિતીએ છેલ્લા બેવર્ષમાં અમૃત ૨.૦ મિશન અંતર્ગત મહેસાણાનગરપાલિકામાં કુલ ૧૦ કામો હાથ ધરવામાંઆવેલ છે |
| **(૨)** | તે પૈકી ઉક્ત સ્થિતીએ કેટલા કામ પૂર્ણ થયેલ છે, અને | **(૨)** | તે પૈકી ઉક્ત સ્થિતીએ કોઈ કામ પૂર્ણથયેલ નથી. |
| **(૩)** | બાકી રહેલ કામ કયા સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | **(૩)** | આ કામો માર્ચ – ૨૦૨૬ સુધીમાં દરેકનીસમયમર્યાદા અનુસાર પૂર્ણ કરવાનું આયોજન છે. |

**ભરૂચ જિલ્લામાં નર્મદાની અન્ડર ગ્રાઉન્ડ પાઇપલાઇનમાં હલકી ગુણવતાની કામગીરીની ફરિયાદ**

**૧૫/૦૩/૫૧૮: શ્રી હેમંતભાઇ આહિર (જામજોધપુર):માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૧૮/૦૮/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં નર્મદાની અન્ડર ગ્રાઉન્ડ પાઇપલાઇન (યુ.જી.પી.એલ)ની કામગીરીમાં પાઇપની ગુણવત્તા, લંબાઈ, પહોળાઈ અને ડાયામીટર રીડયુસ કરીને હલકી અને નબળી ગુણવત્તાની કામગીરી KALTHIA GROUP AND COMPANY દ્વારા કરવામાં આવી હોવા અંગેની કેટલી ફરીયાદો સરકારને મળી, | **(૧)** | પાંચ અરજી મળેલ છે. |

| | |
|---|---|
| **(૨)** ઉકત મળેલ ફરીયાદ અન્વયે તપાસ દરમ્યાન ઉકત કામગીરીમાં ક્યા પ્રકારની ક્ષતિઓ સામે આવી, અને | **(૨)** અગાઉ મળેલ બે અરજીઓની તપાસ દરમિયાન કુલ ૮ સબ માઈનોરની તપાસ કરતા બે સબ માઈનોરમાં ટેન્ડરના ધારાધોરણ મુજબ કામગીરી થયેલ ન હતી.અન્ય ત્રણ અરજીઓની પ્રાથમીક તપાસ પ્રગતિમાં છે. |
| **(૩)** મળેલ ફરીયાદો અન્વયે ઉકત સ્થિતિએ જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી?. | **(૩)** કામનું આખરીકરણ થયેલ નથી તેથી કોન્ટ્રાક્ટ અસ્તિત્વમાં હોઇ, ઈજારદાર દ્વારા નિયમાનુસાર ટેન્ડરના ધારાધોરણ મુજબ સુધારાત્મક કામગીરી કરાવવામાં આવેલ છે, તેમજ જવાબદારો સામે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે. |

**કલોલ તાલુકાનીમુલાસણાગામની ગૌશાળાની જમીન એન.એ. કરવા બાબતે અભિપ્રાય લેવા બાબત**

**15/3/1:શ્રી ઉમેશભાઇ મકવાણા(બોટાદ): માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ)જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા.૩૧/૦૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગરના કલોલ તાલુકાના મુલાસણ ગામની ગૌશાળાની જમીન એન.એ. કરી તેમાં કેટલા અભિપ્રાયો લેવામાં આવ્યા હતા, | **(૧)** આબાબતે SIT અંતર્ગત તપાસ ચાલુ છે. |
| **(૨)** આપેલ અભિપ્રાયોમાં કઇ ઓથોરોટીએ કેવા પ્રકારના અભિપ્રાયો આપ્યા હતા, અને | **(૨)** આબાબતે SIT અંતર્ગત તપાસ ચાલુ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| **(૩)** આ જમીન એન.એ. કરવામાં તત્કાલિન મુખ્યમંત્રીશ્રીનો અભિપ્રાય તેમજ તત્કાલિન મહેસૂલ મંત્રીનો અભિપ્રાય લેવામાં આવેલ છે કે કેમ? | **(૩)** આબાબતે SIT અંતર્ગત તપાસ ચાલુ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ધ્રાંગધ્રા શાખા નહેરની કામગીરી**

**૧૫/૦૩/૧૧૮:શ્રી પ્રકાશભાઇ વરમોરા (ધ્રાંગધ્રા) :માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** ધ્રાંગધ્રા શાખા નહેરની કુલ લંબાઈ કેટલી છે, અને | **(૧)** ધ્રાંગધ્રા શાખા નહેરની કુલ લંબાઈ ૧૨૪.૯૮૩ કિમી છે. |
| **(૨)** તા. ૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતીએ તે પૈકી કેટલી લંબાઈનું કામ પૂર્ણ થયેલ છે.? | **(૨)** તા. ૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતીએ ધ્રાંગધ્રા શાખા નહેરની પૂર્ણ લંબાઈમાં એટલે કે કુલ ૧૨૪.૯૮૩ કિમી સુધીની લંબાઈમાં કામગીરી પૂર્ણ થયેલ છે. |

**સાબરકાંઠાઅને અરવલ્લી જિલ્લામાં ઉર્જા વિભાગમાં ભરતી કૌભાંડ**

15/3/389:**ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશેકે :-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| **(૧)** | તા.૧૮/૦૮/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાંથી ઉર્જા વિભાગની કચેરીઓમાં ગેરકાયદેસર સરકારી નોકરીએ લાગેલા કેટલા કર્મચારીઓને પોલીસ દ્વારા પકડવામાં આવ્યા, | **(૧)** | **જિલ્લો**: **પકડવામાં આવેલ કર્મચારીઓ**<br>સાબરકાંઠા: ૧૦<br>અરવલ્લી: ૦૨ |
| **(૨)** | ઉકત કર્મચારીઓ સામે ઉકત સ્થિતિએ શા પગલાં લેવામાં આવ્યા, અને | **(૨)** | કર્મચારીઓ વિરુધ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. |
| **(૩)** | ઉકત સ્થિતિએ ઉકત ગુનાઓમાં સંડોવાયેલ કેટલા ઇસમોને પકડવાના બાકી છે? | **(૩)** | ૧૬ |

**સુરત શહેર અને જિલ્લામાં વીજ કંપનીઓની ભરતી પ્રક્રિયામાં ગેરરીતિ**

**15/3/459:શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા):માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત શહેર અને જિલ્લામાં વીજ કંપનીઓની ભરતી પ્રક્રિયામાં પરીક્ષામાં ઓનલાઇન પરીક્ષા પધ્ધતિમાં ગેરરીતિ આચરી ભરતી કૌભાંડમાં કેટલા ઉમેદવારોએ ગેરરીતિ કર્યાનું સામે આવ્યું, અને | **(૧)** | તા:૦૧/૦૮/૨૦૨૧ થી તા:૩૧/૦૭/૨૦૨૩<br>શહેર/ જિલ્લો: ગેરરીતિ કરેલ ઉમેદવારોની સંખ્યા<br>સુરત શહેર: ૬૦<br>સુરત ગ્રામ્ય: ૧૭ |
| **(૨)** | તે અન્વયે કેટલા ઉમેદવારો સામે શી કાર્યવાહી કરવામાં આવી? | **(૨)** | ઉપરોક્ત ઉમેદવારો સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. |

**મહેસાણા જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ**

**૧૫/૩/૧૩૦ : શ્રી કિરીટકુમાર પટેલ (ઊંઝા): માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે :-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ (તબક્કો-૮) હેઠળ શહેરી વિસ્તારમાં કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા, | **(૧)** | ૨૧ |
| **(૨)** | આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | **(૨)** | ૫૬ |
| **(૩)** | આ કાર્યક્રમ હેઠળ શહેરી વિસ્તારમાંથી કેટલી અરજીઓ આવી, અને | **(૩)** | ૨૩૦૬૯ |
| **(૪)** | તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ? | **(૪)** | ૨૩૦૬૯ |

**ઔડાની હદમાં આવેલ એગ્રીકલ્ચર ઝોનની જમીનમાં હોટલ પોલીસી અન્વયે બાંધકામની મંજૂરી**

**15/3/392 શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા**

તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩
અતારાંકિત પ્રશ્નો

**કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| **(૧)** | તા.3૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરી વિસ્તાર સત્તામંડળ (ઔડા)ની હદમાં એગ્રીકલ્ચર ઝોનમાં આવતી જમીનમાં હોટેલ પોલીસી અન્વયે બાંધકામ અંગે મંજૂરીઓ કે વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | **(૧)** | હા |
| **(૨)** | જો હા, તો કોને કયા સ્થળે કેટલા ક્ષેત્રફળમાં ક્યારે ઉક્ત પરવાનગી આપવામાં આવેલ છે, અને | **(૨)** | (નીચે કોષ્ટક) |

| | ૧ | ૨ |
|---|---|---|
| કોને | રાજપથ ક્લબ લી. | કર્ણાવતી ક્લબ લી. |
| સ્થળ | મોજે. વાયણા, તા.કલોલ, જિ.ગાંધીનગર | મોજે.મુલસણા, તા.કલોલ, જિ.ગાંધીનગર |
| ક્ષેત્રફળ | ૧,૨૭,૮૯૩ ચો.મી. | ૧,૭૧,૧૭૩ચો.મી. |
| કયારે | તા.૨૧/૦૨/૨૩ | તા.૨૧/૦૧/૨૩ |

| | | | |
|---|---|---|---|
| **(૩)** | તે અન્વયે સરકાર કે ઓથોરીટીને કયા પ્રકારની કેટલી આવક થઈ? | **(૩)** | ઓથોરીટીને ફી અને ચાર્જીસ પેટે રૂ.૬,૩૮,૨૬,૦૮૨/- ની આવક થયેલ છે. |

**દહેગામ તાલુકામાં જમીન પચાવી પાડવાની ફરિયાદો**

**15/3/387: ડૉ. સી. જે. ચાવડા (વિજાપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના લવાડ ગામ જમીન બનાવટી દસ્તાવેજો કરી પચાવી પાડવા અંગેની કેટલી ફરિયાદો નોંધાઇ, | **(૧)** | ૦૧ ફરિયાદ નોંધાયેલ છે. |

(૨) ઉકત કિસ્સામાં સંડોવાયેલા કેટલા આરોપીઓ પકડાયા અને કેટલાને પકડવાના બાકી છે,

(૨)

| પકડાયેલ આરોપીઓ | પકડવાના બાકી આરોપીઓ |
|---|---|
| ૦૭ | ૦૫ |

(૩) ઉકત બાકી આરોપીઓને પકડવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) ગુનાની તપાસ ચાલુ છે.

(૪) ઉકત ગુનામાં કેટલી જમીન બનાવટી દસ્તાવેજો કરી પચાવી પાડી હોવાનું સામે આવ્યું?

(૪) કુલ ક્ષેત્રફળ: ૦૦૩૫-૬૪ હે.આરે.ચો.મી.

**રાજુલા તાલુકાના ચાંચ બંદર ખાડી ઉપર પુલ બનાવવા બાબત**

**૧૫/૩/૩૦૯ : શ્રી હિરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે :-**

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ચાંચ બંદર ગામે ખાડી ઉપર પુલ બનાવવા સંબંધેની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જોહા, તો આ કામગીરી ક્યારે શરૂ કરવામાં આવશે ?

(૧) **અને** (૨) પ્રશ્ન હેઠળની રજુઆત અન્વયે તાંત્રિક, નાણાંકિય
ચકાસણી વગેરે કરી વિચારણા કરવામાં આવશે.

**ગાંધીનગર - પેથાપુર મહુડી રોડને પહોળા કરવા બાબત**

**૧૫/૩/૩૪૬ : શ્રીમતી રીટાબેન પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે :-**

**પ્રશ્ન** — **જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર-પેથાપુર મહુડી રોડ ઉપર (પેથાપુર ફ્લાય ઓવર અને પેથાપુરથી રાંધેજા સુધી ચાર માર્ગીકરણ) રસ્તાને પહોળો કરવા માટે મંજૂરી મળેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ કામગીરી માટે કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) રૂ.૧૨૫૫૫/- લાખ.

(૩) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે ?

(૩) તાંત્રીક મંજૂરી તબક્કે.

તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં મહિલા સુરક્ષા સમિતિની રચના**

**15/3/402શ્રી વિમલભાઈ ચુડાસમા (સોમનાથ) :માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે** કે :-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં મહિલા ઉપર થતા અત્યાચાર રોકવા માટે રાજ્ય સરકાર દ્વારા રાજ્યની મહિલા સુરક્ષા સમિતિની બેઠકો નિયમોનુસાર વર્ષમાં ચાર વખત મળવી જોઇએ તેવી જોગવાઈ છે તે હકીકત સાચી છે, | **(૧)** | હા,જી. |
| **(૨)** | જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કઈ તારીખે ઉક્ત બેઠકો મળેલ છે, અને | **(૨)** | સમિતિની રચના વિચારાધીન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| **(૩)** | ઉક્ત નિયમોનુસાર બેઠકો મળેલ ન હોય તો તેના કારણો શા છે અને તે માટે જવાબદારો સામે શા પગલાંલીધાં? | **(૩)** | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**વિશ્વાસ પ્રોજેક્ટ ફેઝ-૨ના ટેન્ડરમાં જીઆઈએલ દ્વારા બારોબાર શરતોમાં ફેરફાર**

**15/3/371: શ્રી કાન્તીભાઈ ખરાડી (દાંતા): માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિશ્વાસ પ્રોજેક્ટ ફેઝ-૨ હેઠળ રાજ્યમાં સીસીટીવી કેમેરાના સર્વેલન્સ, ઈન્સ્ટોલેશન, ઓપરેશન્સ, જાળવણી વગેરેની કામગીરી માટે બહાર પાડવામાં આવેલ ટેન્ડરમાં જીઆઈએલ દ્વારા પોલીસ ખાતાની જાણ બહાર શરતોમાં ફેરફાર કરવા અંગેની કેટલી ફરીયાદો સરકારને મળી, | **(૧)** | એક |
| **(૨)** | મળેલ ફરીયાદો અન્વયે શી કાર્યવાહી કરી જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા, અને | **(૨)** | ફરિયાદમાં તથ્ય જણાયેલ ન હોઈ, પગલાં લેવાનો કે શરતોમાં ફેરફાર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| **(૩)** | ઉક્ત ટેન્ડરમાં જીઆઈએલ દ્વારા શરતોમાં કેવા પ્રકારના ફેરફાર કર્યા હોવાનું સામે આવ્યું? | **(૩)** | |

**રાજ્યમાં સીસીટીવી કેમેરા લગાવવા બાબત**

**15/3/368 : શ્રી ગેનીબેન ઠાકોર (વાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ વિશ્વાસ પ્રોજેક્ટ ફેઝ-૨ હેઠળ રાજયમાં સીસીટીવી કેમેરાના સર્વેલન્સ, ઈન્સ્ટોલેશન, ઓપરેશન્સ, જાળવણી વગેરેની કામગીરી કઈ એજન્સીને, કેટલા ખર્ચે પૂર્ણ કરવાની શરતે ક્યારે આપવામાં આવેલ છે, અને | **(૧)** | કામગીરી સોંપવામાં આવેલ નથી. |
| **(૨)** | ઉક્ત પ્રોજેક્ટ અન્વયે થનાર ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવનાર છે? | **(૨)** | બજેટ સદર: ૪૬-૪૦૫૫-૦૦-૨૦૭-૦૧ |

**રાજ્યમાં પોલીસ કર્મીઓના ફરજના કલાકોબાબત**

**15/3/410શ્રી ગુલાબસિંહ ચૌહાણ (લુણાવાડા): માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-**

**પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

| | | | |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ રાજયમાં કાયમી જુનિયર પોલીસ કર્મીઓ અને કાયમી સીનીયર પોલીસ કર્મીઓ તેમજ લોકરક્ષક પોલીસ કર્મીઓ માટે રોજ કેટલા કલાક ડયુટી નક્કી કરવામાં આવી છે, | **(૧)** | ૮(આઠ) કલાક |
| **(૨)** | ઉક્ત નક્કી કરેલા કલાકો કરતાં દિવસ દરમ્યાન સતત વધુ સમય ડ્યુટી બજાવવાની થાય તો તેના કારણો શા છે અને તેના માટે કોઇ પ્રોત્સાહક રકમ આપવામાં આવે છે કે કેમ, અને | **(૨)** | નાગરીકોની સલામતી, ગુનાઓની તપાસ, વી.વી.આઈ.પી. બંદોબસ્ત વિગેરે જેવી અગત્યની બાબતો માટે તથા કાયદો અને વ્યવસ્થાના સુચારુ અમલ માટે અમુક સંજોગોમાં ઉક્ત નક્કી કરેલ કલાકો કરતાં દિવસ દરમ્યાન વધુ સમય ડ્યુટી બજાવવાની થાય છે અને તેના માટે કોઈ પ્રોત્સાહક રકમ આપવામાં આવતી નથી. |
| **(૩)** | જો હા, તો કેટલી રકમ આપવામાં આવે છે? | **(૩)** | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**વડોદરા અને વાઘોડીયા તાલુકામાં લેન્ડ રી-સરવે રેકર્ડમાં ભૂલ સુધારવા મળેલ અરજીઓ**

**15/3/277 શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા (વાઘોડીયા): માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૩ની **સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને** વાઘોડીયા તાલુકામાં લેન્ડ રીસર્વે રેકર્ડમાં ભૂલ સુધારવા કેટલી અરજીઓ મળી છે, | (૧) | <u>વડોદરા તાલુકો</u>: **શૂન્ય**<br><br><u>વાઘોડીયા તાલુકો:</u> ૧૯૨૧ |
| (૨) | ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પેન્ડીંગ છે અને ઉક્ત અરજીઓ પેન્ડીંગ રહેવાના કારણો શાં છે, અને | (૨)<br>**અને**<br>(૩) | ઉક્ત સ્થિતિએ <u>વાઘોડીયા તાલુકામાં ૧૦૭૩</u> અરજીઓ પેન્ડિંગ છે. જે ગામઠાણ યોજના અંતર્ગત માપણી કામગીરી, સ્વામિત્વ યોજનાની કામગીરી, ઓનલાઇન માપણી પોર્ટલ (I-mojani) પર મળેલ અરજીઓની માપણી કામગીરી, ગ્રાન્ટ થયેલ જમીનના હુકમોની માપણી, iORA પોર્ટલ પર કરવામાં આવેલ બિનખેતીના હુકમો/**મંજૂર** થયેલ પ્લાન મુજબ પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવાની કામગીરી તેમજ લેન્ડ ગ્રેબીંગ કેસોની માપણી જેવી વહીવટી કામગીરી પણ સ્ટાફ દ્વારા સમયમર્યાદામાં પૂર્ણ કરવાની થતી હોય અરજીઓ **પેન્ડિંગ** રહેવા પામેલ છે. |
| (૩) | બાકી અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં | | બાકી અરજીઓના નિકાલ માટે વધુ |

| | |
|---|---|
| આવશે? | અરજીઓ વાળા ગામોના ક્લસ્ટર કરી ઝુંબેશરૂપે ગામે-ગામે કેમ્પ કરી નિકાલ કરવાની કામગીરી કરવાનું આયોજન કરેલ છે. |

**પાટણ જિલ્લામાં નહેરોની બાકી કામગીરી**

**૧૫/૦૩/૧૦૭: શ્રી સુખાજી ઠાકોર (બેચરાજી):માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-**

**પ્રશ્ન** / **જવાબ**

**(૧)** તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ પાટણ જિલ્લામાં શાખા નહેર, વિશાખા નહેર, પ્રશાખા નહેરની કેટલી લંબાઇની કેનાલો બનાવવાનું આયોજન હતુ,

**(૧)** તા.૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં શાખા નહેર, વિશાખા નહેર, પ્રશાખા નહેરની

| નહેરનો પ્રકાર | નહેરોની આયોજીત કુલ લંબાઈ (કિમી) |
|---|---|
| શાખા | ૨૦૪.૧૪૧ |
| વિશાખા | ૪૮૨.૮૦૫ |
| પ્રશાખા | ૧૪૭૧.૯૫૭ |
| કુલ | ૨૧૫૮.૯૦૩ |

આયોજીત લંબાઈની વિગતો નીચે મુજબ છે.

**(૨)** તે પૈકી કેટલી લંબાઇની કેનાલોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું, અને

**(૨)** ઉકત સ્થિતિએ પાટણ જિલ્લામાં શાખા નહેર, વિશાખા નહેર, પ્રશાખા નહેર ની તમામ લંબાઈની કેનાલોનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે.

**(૩)** બાકી લંબાઈની કેનાલોનું કામ કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**(૩)** પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વિધાનસભાની ચૂંટણી ટિકિટ આપવાની ઠગાઈની ફરિયાદ બાબત**

**15/3/374:જીજ્ઞેશ મેવાણી (વડગામ): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| **(૧)** | તા.૧૫/૦૮/૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માસવાર વિધાનસભાની ચુંટણી ટિકિટ આપવાનું કહી નાણાકીય રકમ પડાવી હોવાની કેટલી ફરિયાદો મહેસાણા જિલ્લા પોલીસ વડાને મળી, | **(૧)** | પત્રક -૧ મુજબ |
| **(૨)** | મળેલ ફરિયાદો અન્વયે કેટલી ફરિયાદોમાં કાર્યવાહી કરી કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને | **(૨)** | પત્રક- ૨ મુજબ |
| **(૩)** | બાકી આરોપીઓને પકડવા શા પગલાં લીધા? | **(૩)** | સી.આઈ.ડી. ક્રાઇમ, ગાંધીનગર ઝોન ખાતે ગુનાની તપાસ ચાલુ છે. |

**ગાંધીનગર જિલ્લા કલેકટર દ્વારા ગેરકાયદેસર બિનખેતીના હુકમો**

**15/3/407: શ્રી અમીત ચાવડા (આંકલાવ): માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લા કલેક્ટર દ્વારા ગેરકાયદેસર રીતે બિનખેતી અને અન્ય હુકમો કરવા અંગે કેટલી પોલીસ ફરીયાદો નોંધાઇ, | (૧) ૦૧ |
| (૨) | તે પૈકી ઉકત સ્થિતિએ કયા આરોપીઓને પકડવામાં આવ્યા અને કયા આરોપીઓને પકડવાના બાકી છે, અને | (૨) પકડાયેલ આરોપી: તત્કાલિન જિલ્લા કલેક્ટર, ગાંધીનગર. પકડવાના બાકી આરોપી: ગુનાની તપાસ ચાલુ છે. |
| (૩) | બાકી આરોપીઓને પકડવા માટે શા પગલાં લેવામાં આવ્યા? | (૩) ગુનાની તપાસ ચાલુ છે. |

(૨) જવાબ:

| પકડાયેલ આરોપી | પકડવાના બાકી આરોપી |
|---|---|
| તત્કાલિન જિલ્લા કલેક્ટર, ગાંધીનગર. | ગુનાની તપાસ ચાલુ છે. |

**પી.એસ.આઈ. અને લોકરક્ષક સંવર્ગની સીધી ભરતીથી ભરવાની જગ્યાઓ બાબત**

**15/3/404શ્રી ચિરાગકુમાર પટેલ (ખંભાત): માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ પોલીસ ખાતાની પી.એસ.આઇ. અને લોકરક્ષક સંવર્ગમાં ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે અલગ ભરતી બોર્ડની રચના ક્યારે કરવામાં આવેલ છે, | **(૧)** ગૃહ વિભાગના તા.૧૭/૦૫/૨૦૨૩ના ઠરાવથી પી.એસ.આઇ. અને લોકરક્ષક સંવર્ગમાં ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે અલગ ભરતી બોર્ડની રચના કરવા વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| **(૨)** | ઉક્ત સીધી ભરતીથી ભરવામાં આવતી ખાલી જગ્યાઓ કેટલા વર્ષ માટે કેટલા વેતનથી નિમણુંક આપવામાં આવે છે, અને | **(૨)** સામાન્ય સંજોગોમાં કર્મચારીની નિમણૂક, તેઓ સેવામાં હાજર થયેથી વયનિવૃત્તિની વય મર્યાદા સુધી પહોંચે ત્યાં સુધી કરવામાં આવે છે.<br>- પો.સ.ઈ. સંવર્ગોમાં પ્રથમ પાંચ વર્ષ માટે રૂ.૩૯,૯૦૦/ના ફિક્સ વેતનથી અને ત્યારબાદ રૂ.૩૯,૯૦૦- રૂ.૧,૨૬,૬૦૦/-ના પે બેન્ડમાં નિયમિત નિમણૂક આપવામાં આવે છે.<br>- લોકરક્ષક સંવર્ગોમાં પ્રથમ પાંચ વર્ષ માટે રૂ.૧૯,૯૫૦/-ના ફીક્સ વેતનથી અને ત્યારબાદ રૂ.૫૨૦૦- રૂ.૨૦,૨૦૦/-ના પે બેન્ડમાં નિયમિત નિમણૂક આપવામાં આવે છે. |
| **(૩)** | ઉક્ત સ્થિતિએ ઉક્ત બોર્ડની કેટલી જગ્યાઓ પર નિમણુંક થયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે? | **(૩)** ૦૪(ચાર) જગ્યાઓ ઉપર નિમણૂંક થયેલ છે.<br>- ૦૩(ત્રણ) જગ્યાઓ ખાલી છે. |

**ગાંધીનગર જિલ્લાની નગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાંટ**

**15/3/327શ્રી બલરાજસિંહ ચૌહાણ (દહેગામ):-માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે:**

પ્રશ્ન જવાબ

તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**(૧)** તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ કેટલી ગ્રાંટ ફાળવવામાં આવેલ છે.

**(૧)** તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ ફાળવેલ ગ્રાંટની માહિતી નીચે મુજબ છે.

| નગરપાલિકા | ગ્રાંટની રકમ (રૂ. લાખમાં) | | |
|---|---|---|---|
| | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | કુલ |
| કલોલ | ૫૭૫ | ૫૨૧.૪૫ | ૧૦૯૬.૪૫ |
| દહેગામ | ૨૭૦ | ૨૩૮ | ૫૦૮ |
| માણસા | ૨૭૦ | ૧૧૧૪.૦૬ | ૧૩૮૪.૦૬ |
| કુલ | ૧૧૧૫ | ૧૮૭૩. | ૨૯૮૮.૫૧ |

**(૨)** તે અન્વયે કેટલા કામ મંજૂર થયેલ છે, અને

**(૨)** તે અન્વયે નીચે મુજબના કામો મંજૂર થયેલ છે.

| નગરપાલિકા | મંજૂર થયેલ કામ | | |
|---|---|---|---|
| | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | કુલ |
| કલોલ | ૪૩ | ૪૯ | ૯૨ |
| દહેગામ | ૩૪ | ૪૭ | ૮૧ |
| માણસા | ૬૫ | ૧૮ | ૮૩ |

**(૩)** તે પૈકી કેટલા કામ ઉકત સ્થિતિએ પૂર્ણ થયેલ છે?

**(૩)** તે પૈકી ઉકત સ્થિતિએ નીચે મુજબના કામો પૂર્ણ થયેલ છે.

| નગરપાલિકા | પૂર્ણ થયેલ કામ | | |
|---|---|---|---|
| | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | કુલ |
| કલોલ | ૩૪ | ૩૨ | ૬૬ |
| દહેગામ | ૨૩ | ૧૭ | ૪૦ |
| માણસા | ૪૫ | ૧૨ | ૫૭ |
| કુલ | ૧૦૨ | ૬૧ | ૧૬૩ |

**બોટાદ જિલ્લામાં “ઈન સ્કૂલ” શાળાઓ**

**૧૫/૩/૧૪૫ : શ્રી શંભુનાથ ટુંડિયા (ગઢડા) : માનનીય રમત-ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં કુલ કેટલી ઈન સ્કૂલ શાળાઓ કાર્યરત છે, | **(૧)** ૪(ચાર) |
| **(૨)** આ કાર્યરત શાળામાં કેટલી રમતોનો સમાવેશ થયેલ છે, અને | **(૨)** ૦૭(સાત) રમતો |

**(૩)** ઉક્ત સ્થિતિએ કેટલા ખેલાડીઓને તાલીમ આપવામાં આવે છે? **(૩)** ૧૯૦૨(એક હજાર નવસો બે) ખેલાડીઓ

**ગાંધીનગર જિલ્લામાં સાબરમતી નદી ઉપર પુલ બાંધવા બાબત**

**૧૫/૩/૩૪૭ : શ્રી લક્ષ્મણજી ઠાકોર (કલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે :-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં સાબરમતી નદી પર ગાંધીનગર તાલુકાના સાદરા ગામ અને કલોલ તાલુકાને જોડતો બ્રીજ બાંધવાના કામને મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | **(૧)** હા, જી. |
| **(૨)** જો હા, તો આ કામગીરી માટે કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને | **(૨)** રૂ.૮૯૦૦/- લાખ. |
| **(૩)** ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે ? | **(૩)** સદર બ્રીજનું ફાઉન્ડેશન વર્ક પ્રગતિમાં છે. |

**રસ્તાઓ રીસરફેશ કરવાની બાકી કામગીરી**

**૧૫/૩/૩૧૧: શ્રી દુર્લભજીભાઈ દેથરીયા (ટંકારા): માનનીયમુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લાના ટંકારા તાલુકાના રસ્તાઓ રી-સરફેસીંગ કરવાના બાકી છે, તે હકીકત સાચી છે, અને | **(૧)** હા, મોરબી જિલ્લાના ૧૨ રસ્તાઓના રિસર્ફેસીંગની કામગીરી બાકી છે. |
| **(૨)** જો હા, તો ઉકત રસ્તાઓના રિ-સરફેસીંગની કામગીરી પૂર્ણ કરવા સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે ? | **(૨)** વહીવટી કામગીરી પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

**હાલોલ શહેરની ભૂગર્ભ ગટર યોજના**

**15/3/338 શ્રીફતેસિંહ ચૌહાણ (હાલોલ):-માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત હાલોલ શહેરની ભૂગર્ભ ગટર યોજના માટે કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, | **(૧)** તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત હાલોલ શહેરની ભૂગર્ભ ગટર યોજના માટે (STP સહિત) રૂ.૯૧૦૦.૮૧ લાખની મંજૂરી આપવામાં આવેલ છે. |
| **(૨)** આ યોજના અંતર્ગત ઉકત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો છે, અને | **(૨)** આ યોજના અંતર્ગત ઉકત સ્થિતિએ રૂ.૪૨૭૩.૬૪ લાખનો ખર્ચ થયેલ છે. |
| **(૩)** ઉકત સ્થિતિએ આ યોજનાના બાકી રહેતા કામ | **(૩)** ઉકત સ્થિતિએ આ યોજનાના બાકી રહેતા કામ તા.૩૦/૦૬/૨૦૨૪ સુધીમાં કરવાનું આયોજન છે. |

પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે?

**કુદરતી આપત્તિ વ્યવસ્થાપન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ**

**૧૫/૩/૩૭૮ : શ્રીઅમૃતજી ઠાકોર (કાંકરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (આપત્તિ વ્યવસ્થાપન) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાંવર્ષવારકુદરતી આપત્તિને પહોંચી વળવા માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી રકમની માંગણી કરવામાં આવી, અને | **(૧)** | અછત અને અનાવૃષ્ટિ- તા. ૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવારકુદરતી આપત્તિને પહોંચી વળવા માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ અછત અને અનાવૃષ્ટિ પરિસ્થિતિને પહોંચી વળવા માટે રકમની માંગણી કરવામાં આવેલ નથી.<br>અતિવૃષ્ટિ- રાજ્ય સરકાર દ્વારા તા.૧૫/૧૨/૨૦૨૨ ના પત્રથી ચોમાસુ-૨૦૨૨ અંતર્ગત રૂ.૧૫૨.૯૯/- કરોડની માંગણી કરવામાં આવેલ છે.<br>વાવાઝોડું- તૌકતેવાવાઝોડા અંતર્ગતરાજ્યસરકાર દ્વારા તા.૨૧/૦૮/૨૦૨૧ના પત્રથી રૂ. ૨૪૪૮.૮૩/-કરોડની માંગણી કરવામાં આવેલ છે. ઉપરાંત બિપોરજોયવાવાઝોડા અંતર્ગત તા.૧૨/૦૭/૨૦૨૩ ના પત્રથી ૭૦૦.૪૨ કરોડની માંગણી કરવામાં આવેલ છે. |
| **(૨)** | તે અન્વયે ઉક્ત વર્ષવારકેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ મળી ? | **(૨)** | અતિવૃષ્ટિ- કેન્દ્ર સરકાર દ્વારા માંગણી નામંજૂર કરવામાં આવેલ છે.<br>વાવાઝોડું- તૌકતેવાવાઝોડા અંતર્ગતકેન્દ્ર સરકાર તરફથી તા.૨૦/૦૫/૨૦૨૧ ના રોજ રૂ. ૧૦૦૦/- કરોડની રકમ અગાઉથીફાળવવામાં આવેલ છે.બિપોરજોયવાવાઝોડા અંતર્ગત હાલમાં કોઈ રકમ ફાળવવામાં આવેલ નથી. |

**પોરબંદર ઓલ વેધર પોર્ટની જેટીને નેશનલ હાઈવેથી જોડતા રસ્તાને ફોરલેન કરવા બાબત**

**૧૫/૩/૩૯૫ શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર): માનનીય મુખ્યમંત્રીશ્રી(બંદરો) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ પોરબંદર ઓલ વેધર પોર્ટની જેટીને નેશનલ હાઈવેથી જોડતા રસ્તાને ફોરલેનની કામગીરી માટે જરૂરી અભ્યાસ હાથધરી ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટ(ડીપીઆર) બનાવવા માટે તજજ્ઞની નિમણુંક ક્યારે કરવામાં આવેલ છે. | **(૧)** | ડિટેઈલ્ડ ટેકનિકલ એન્જિનિયરીંગ સ્ટડી માટે તજજ્ઞની નિમણૂંક જૂન-૨૦૦૮માં કરવામાં આવેલ. |
| **(૨)** | ઉક્ત ડીપીઆર કેટલા સમયમાં સરકારને સોંપવાનો છે, અને | **(૨)** | ડીપીઆર સંદર્ભેની આગળની કાર્યવાહી ગુજરાત મેરીટાઇમ બોર્ડ કક્ષાએથી હાથ ધરવાની થાય છે. |
| **(૩)** | ઉક્ત સ્થિતિએ ડીપીઆર મળેલ છે કે કેમ? | **(૩)** | ગુજરાત મેરીટાઇમ બોર્ડને ડીપીઆર મળેલ છે. |

**હારીજ નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી**

**15/3/380 શ્રીદિનેશભાઈ ઠાકોર (ચાણસ્મા):-માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે:-**

**પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| **(૧)** તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ પાટણ જિલ્લામાં આવેલ હારીજ નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજનાની પ્રથમ તબક્કાની કામગીરી ક્યારે કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે, | **(૧)** તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ પાટણ જિલ્લામાં આવેલ હારીજ નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજનાની પ્રથમ તબક્કાની કામગીરી તા.૧૦/૦૮/૨૦૧૫ ના રોજ પૂર્ણ કરેલ છે. યોજના પર કુલ રૂ.૧૮૬૧.૭૨ લાખનો ખર્ચ થયેલ છે. |
| **(૨)** ઉકત સ્થિતિએ ઉકત કામગીરી થયેલ નગરપાલિકા વિસ્તારમાં ગટર લાઈન ઉભરાતી હોવાની ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ, | **(૨)** હા, જી. |
| **(૩)** જો હા, તો તેના કારણો શા છે, અને | **(૩)** નગરપાલિકા વિસ્તારમાં ચાણસ્મા-રાધનપુર હાઈવે વિસ્તૃતિકરણના કારણે મુખ્ય લાઈન અસરગ્રસ્ત થયેલ છે. |
| **(૪)** નગરપાલિકા વિસ્તારમાં ગટર લાઈન ઉભરાવાથી ગંદકી ન થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા? | **(૪)** નગરપાલિકા વિસ્તારમાં ભૂગર્ભ ગટરની ફરિયાદોનું નિરાકરણ માટે નગરપાલિકા દ્વારા વાર્ષિક નિભાવણીનો કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે. જેઓ મારફતે રજૂ થતી ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે. વધુમાં ભુગર્ભ ગટર યોજના (ભાગ-૨)નો અંદાજિત રકમ રૂ.૧૯૧૪.૯૮ લાખનો ડી.પી.આર સૈધ્ધાંતિક મંજૂરી હેઠળ છે, જેમાં હયાત નેટવર્કની સુધારણાની કામગીરીનો સમાવેશ કરેલ છે. |

**પાટણ ખાતે નવા બસ ડેપો બનાવવાની કામગીરી**

**૧૫/૩/૩૮૩:શ્રી કિરીટકુમાર પટેલ (પાટણ) : માનનીય વાહન વ્યવહારમંત્રીશ્રી(રાજયકક્ષા)જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ પાટણ ખાતે નવા બસ ડેપોનું કામ ક્યારે કઈ એજન્સીને કેટલા સમયમાં પૂર્ણ કરવાની શરતે સોંપવામાં આવેલ છે, | (૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ પાટણ ખાતે પીપીપી ધોરણે નવા બસ ડેપોની કામગીરી ૨૪ માસમાં પૂર્ણ કરવા માટે કતીરા ક્યુબ ટ્રાન્સપ્લાઝા (પાટણ) પ્રા.લી. ને તા.૧૦-૦૭-૨૦૧૭ થી સ્વીકૃતી પત્ર આપી એજન્સી તરીકે નિમણુંક કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ ન થવાના કારણો શા છે, અને | (૨)ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ફેઝ-૨ હેઠળ પીપીપી ધોરણે બસ ટર્મીનલ ડેવલપ કરવા માટે વર્ષ-૨૦૧૬ માં ટેન્ડર મંગાવવામાં આવેલ અને જાન્યુઆરી-૨૦૧૮ માં પાટણ પ્રોજેક્ટ માટે એગ્રીમેન્ટ કરવામાં આવેલ હતો, પ્રોજેક્ટ અમલીકરણ સ્ટેજે કોમન જીડીસીઆરને કારણે એફ.એસ.આઈ. મા ઘટાડો (૧.૩ થી ની સાપેક્ષે ૧.૦) થવાના કારણે પ્રોજેક્ટ ફીઝીબીલીટી ઉપર પ્રતિકુળ અસર થવા પામેલ, નગરપાલિકા અને લોકલ ઓથોરીટીની બાંધકામ પરવાનગી મેળવવામાં વિલંબ થવા પામેલ તેમજ રેરા એક્ટની અમલવારી સંદર્ભે રેરા રજીસ્ટ્રેશન અને કોરોના વૈશ્વિક મહામારીના કારણે પ્રોજેક્ટના બાંધકામમાં વિલંબ થવા પામેલ છે. |
| (૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે? | (૩) આગામી વર્ષમાં કામગીરી પૂર્ણ કરાવવાનુ આયોજન છે. |

તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ રી-કાર્પેટ કરવા બાબત**

**૧૫/૩/૫૧૭ : શ્રી હેમંતભાઈ આહિર (જામજોધપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| **(૧)** તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ નિયમ મુજબ કેટલા સમયાંતરે રી-કાર્પેટ કરવાની જોગવાઈ છે, | **(૧) (૨) અને (૩)** | રસ્તાઓને રસ્તાની છેલ્લી કરેલ કામગીરી,ટ્રાફિકનું ભારણ તથા રસ્તાની સપાટીની સ્થિતિને ધ્યાને લઈ રી-કાર્પેટ કરવામાં આવે છે. |
| **(૨)** ઉકત સ્થિતિએ ઉકત જોગવાઈઓ મુજબ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના કેટલા રોડ રસ્તાઓ રી-કાર્પેટ કરવાના બાકી છે, અને | | |
| **(૩)** ઉકત બાકી રસ્તાઓને કયાં સુધીમાં રી-કાર્પેટ કરવામાં આવશે ? | | |

**કલોલ તાલુકામાં ગૌચરની જમીન દબાણ કરી વેચી નાખવાની ફરિયાદ**

**15/3/390ડૉ. તુષાર ચૌધરી (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી(પંચાયત) જણાવવા કૃપા કરશે કેઃ-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા.૩૦/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નાંદોલી ગામમાં ગૌચરમાં દબાણ કરી વેચી નાંખવામાં આવેલ હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, | **(૧)** કોઈ ફરિયાદો સરકારને મળી નથી. |
| **(૨)** તે અન્વયે ક્યારે તપાસ કરવામાં આવી, | **(૨)** પ્રશ્ન નથી. |
| **(૩)** ઉક્ત તપાસ દરમ્યાન કેટલી જમીન વેચી નાખી હોવાનું સામે આવ્યું, અને | **(૩)** પ્રશ્ન નથી. |
| **(૪)** તે અન્વયે કેટલા ઈસમો સામે શા પગલાં લેવામાં આવ્યા? | **(૪)** પ્રશ્ન નથી. |

**પોલીસ આધુનિકરણ માટે ફાળવેલ ગ્રાન્ટ બાબત**

**15/3/414શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા): માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-**

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકારે પોલીસ આધુનિકરણ માટે કેટલી રકમ ફાળવી?

(૧)

| વર્ષ | કેન્દ્ર સરકાર દ્વારા ફાળવેલ ગ્રાંટ |
|---|---|
| ૨૦૨૧-૨૨ | કેન્દ્ર સરકારે પ્લાન મંજૂર કરેલ છે અને ગ્રાંટ ફાળવવા પર બાકીમાં છે. |
| ૨૦૨૨-૨૩ | કેન્દ્ર સરકારે પ્લાન મંજૂર કરેલ છે અને ગ્રાંટ ફાળવવા પર બાકીમાં છે. |

(૨) ફાળવવામાં આવેલ રકમ પૈકી કેટલી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

રકમ વપરાઈ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી?

## અમદાવાદ જિલ્લામાં ઘન કચરાના પ્લાન્ટ

**15/3/393 શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં તા.૨૨/૦૨/૧૯ ના રોજ પંદરમી અતારાંકિત યાદીમાં સભાગૃહમાં રજૂ થયેલ અતારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૭૦૮ ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કેઃ-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૦/૦૬/૧૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં એકપણ નગરપાલિકામાં ઘન કચરાના નિકાલના પ્લાન્ટ કાર્યરત ન હતા તો તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાની કઈ નગરપાલિકામાં ઘન કચરાના નિકાલના પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યા, | **(૧)** | તા.૩૦/૦૬/૧૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં એકપણ નગરપાલિકામાં ઘન કચરાના નિકાલના પ્લાન્ટ કાર્યરત ન હતા તો તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાની વિરમગામ નગરપાલિકામાં ઘન કચરાના નિકાલ માટે વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવેલ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ કઈ નગરપાલિકામાં ઘન કચરાના નિકાલના પ્લાન્ટ કાર્યરત કરવાના બાકી છે, તેના કારણો શા છે, અને | **(૨)** | ઉક્ત સ્થિતિએ સાણંદ, બાવળા, બારેજા, ધોળકા અને ધંધુકા નગરપાલિકામાં ઘન કચરાના નિકાલના પ્લાન્ટ કાર્યરત કરવાના બાકી છે, તેના કારણો નીચે મુજબ છે, |

| ક્રમ | નગરપાલિકા | કારણો |
|---|---|---|
| ૧ | સાણંદ | ઘન કચરાના નિકાલ માટે સિવિલ વર્કની કામગીરી (કમ્પાઉન્ડ વોલ, ટોઇલેટ બ્લોક, પેવર બ્લોક વિગેરે) પ્રગતિમાં છે. આ કામગીરી પૂર્ણ થયેથી ઘન કચરાના નિકાલ માટે પ્લાન્ટ કાર્યરત કરવામાં આવશે. |
| ૨ | બાવળા | ઘન કચરાના નિકાલ પ્લાન્ટની સિવિલ વર્કની કામગીરીમાં જમીન વિવાદના કારણે વિલંબ થયેલ છે. MRF સેન્ટર તેમજ સેગ્રીગેશન પ્લાન્ટ SBM 2.0/15 માં નાણાપંચમાંથી આયોજન પ્રગતિમાં છે. જે કામગીરી પૂર્ણ થયેથી પ્લાન્ટ પૂર્ણ કાર્યક્ષમતાથી કાર્યરત બનશે. |
| ૩ | બારેજા | હાલ કામગીરી ચાલુ છે અને ટૂંક સમયમાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે. |
| ૪ | ધોળકા | ઘન કચરાના નિકાલ માટે હાલમાં લેગસી વેસ્ટના પ્રોસેસિંગની કામગીરી ચાલુ છે. જે પૂર્ણ થયેથી ઘન કચરાના નિકાલ માટેની કામગીરી હાથ ધરવામાં આવશે. |
| ૫ | ધંધુકા | ધંધુકા નગરપાલિકામાં સૂકા કચરા MRFની કામગીરી ચાલુ હોઇ, તેમજ ભીના કચરા માટે પીટ કમ્પોસ્ટમાં મરામતની જરૂરિયાત હોઈ તે કામગીરી પૂર્ણ થયા પછી કામગીરી શરૂ કરવામાં આવશે. |

**(૩)** ઉક્ત બાકી નગરપાલિકામાં ક્યાં સુધીમાં ઘન કચરાના નિકાલના પ્લાન્ટ કાર્યરત કરવામાં આવશે?

**(૩)**

| ક્રમ | નગરપાલિકા | પ્લાન્ટ કાર્યરત કરવામાં આવશે |
|---|---|---|
| ૧ | સાણંદ | ઓકટોબર – ૨૦૨૪ |
| ૨ | બાવળા | ડિસેમ્બર – ૨૦૨૪ |
| ૩ | બારેજા | ડિસેમ્બર – ૨૦૨૩ |
| ૪ | ધોળકા | એપ્રિલ – ૨૦૨૪ |
| ૫ | ધંધુકા | ડિસેમ્બર – ૨૦૨૪ |

**જાફરાબાદ બંદર ઉપર કામચલાઉ જેટી દૂર કરવા બાબત**

**૧૫/૩/૩૧૦ :શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા): માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લાના જાફરાબાદ બંદર ખાતે દિશાંત ઓફ શ્યોર કંપની દ્બારા બનાવવામાં આવેલ કમચલાઉ જેટી દૂર કરવામાં આવેલ છે કે કેમ, | (૧) | ના,જી |
| (૨) | જો ના તો તેના કારણો શાં છે, અને | (૨) | જાફરાબાદ નજીક ભાંકોદર ખાતે અને કોડીનાર નજીક છારા ખાતે નવાગ્રીનફીલ્ડબંદરોવિકસાવવાના પ્રોજેક્ટનીકામગીરી સબબ સદર કામચલાઉ જેટી બનાવવામાં આવેલ. બંને પ્રોજેક્ટની કામગીરી ચાલુ હોઈ સદર કામચલાઉ જેટીના ઉપયોગ અંગેની બાબત વિચારણા હેઠળ છે. |
| (૩) | આ કામચલાઉ જેટી કયારે દૂર કરવામા આવશે? | (૩) | સદર કામચલાઉ જેટી દૂર કરવા અંગેની બાબત ઉક્ત નિર્ણયનેઆધિન છે |

**સચિવાલય ખાતે સેક્શન ઓફિસર, વર્ગ-૨ અને વર્ગ-૩ નું મંજૂર મહેકમ**

**15/3/372:શ્રી કાન્તીભાઇ ખરાડી (દાંતા): માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે, -**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ સચિવાલય ખાતે સેક્શન ઓફીસર, વર્ગ-૨ અને નાયબ સેક્શન ઓફિસર, વર્ગ-૩ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) | સેક્શન ઓફીસર વર્ગ-૨ની કુલ-૫૬૧ જગ્યાઓ તેમજ નાયબ સેક્શન ઓફિસર, વર્ગ-૩ની કુલ-૧૬૦૯ જગ્યાઓ મંજૂર થયેલ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ મંજૂર જગ્યાઓ પૈકી ઉક્ત વર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી ખાલી છે, | (૨) | સેક્શન ઑફીસર વર્ગ-૨ની ૫૬૧ મંજૂર જગ્યાઓ પૈકી ૪૬૧ જગ્યાઓ ભરાયેલ છે અને ૧૦૦ જગ્યાઓ ખાલી છે.<br><br>નાયબ સેક્શન ઑફીસર વર્ગ-૩ની ૧૬૦૯ મંજૂર જગ્યાઓ પૈકી ૧૨૫૩ જગ્યાઓ ભરાયેલ છે અને ૩૫૬ જગ્યાઓ ખાલી છે. |

(૩) તેમાં અનુસૂચિત જાતિ અને જનજાતિ માટેની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, તે પૈકી સંવર્ગવાર કેટલી ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) સેક્શન ઓફીસર, વર્ગ-૨

| કેટેગરી | ફાળેઆવતી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| અનુ. જાતિ | ૩૮ | ૪૯ | ૦૦ |
| અનુ. જનજાતિ | ૮૪ | ૬૮ | ૧૬ |

નાયબ સેક્શન ઓફિસર, વર્ગ-૩

| કેટેગરી | ફાળે આવતી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| અનુ. જાતિ | ૧૧૨ | ૧૪૦ | ૦૦ |
| અનુ. જનજાતિ | ૨૪૧ | ૧૯૫ | ૪૬ |

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) લાયક ઉમેદવાર ઉપલબ્ધ થયેથી આ ખાલી જગ્યાઓ ભરી શકાશે.

**બિપરજોય વાવાઝોડાથી નુકશાની પેટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રાહત**

**૧૫/૩/૩૬૯: ગેનીબેન ઠાકોર (વાવ): માનનીય મુખ્યમંત્રીશ્રી (આપત્તિ વ્યવસ્થાપન) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂન-૨૦૨૩માં ગુજરાતમાં આવેલ બિપરજોયવાવાઝોડાથીનુકશાની પેટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી રકમની માંગણી કરી, અને | (૧) જૂન-૨૦૨૩માં ગુજરાતમાં આવેલ બિપરજોયવાવાઝોડાથીનુકશાની પેટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ તા.૧૮/૦૭/૨૦૨૩ના મેમોરેન્ડમથી રૂ.૭૦૦.૪૨ કરોડની રકમની માંગણી કરેલ છે. |
| (૨) તા.૩૧/૦૭/૨૦૨૩ સુધીમાં તે અન્વયેકેન્દ્ર સરકાર તરફથી ક્યારે કેટલી રકમ મળી? | (૨) કેન્દ્ર સરકાર તરફથી કોઇ રકમ મળેલ નથી. |

**બેંગલેરૂ કંપની દ્વારા યુવાઓને છેતરપિંડી કર્યા અંગે નોંધાયેલ ગુના**

**15/3/411: શ્રી ગુલાબસિંહ ચૌહાણ (લુણાવાડા): માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બેંગલુરૂની ગીકલર્ન એજ્યુટેક સર્વિસ કંપની દ્વારા યુવાનોને ઓનલાઈન ડેટા સાયન્સ આર્કિટેક્ટ પ્રોગ્રામના કોર્સમાં ૧૦૦ ટકા સ્કોલરશીપ અને નોકરીની ગેરંટીની લોભામણી જાહેરાતથી છેતરવામાં આવ્યા હોવા અંગેના કેટલા ગુનાઓ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં નોંધાયા, | **(૧)** એક પણ નહીં. |
| **(૨)** ઉકત ગુનાઓમાં કેટલા યુવક-યુવતીઓ ઉકત લોભામણી જાહેરાતનો ભોગ બન્યાનું સામે આવ્યું, | **(૨)** પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

| | | | |
|---|---|---|---|
| **(૩)** | ઉકત કંપની દ્વારા કેટલા યુવક-યુવતીઓ પાસેથી કેટલી રકમ મેળવી હોવાનું સામે આવ્યું તે પૈકી કેટલી રકમ પરત અપાવવામાં આવી, | **(૩)** | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| **(૪)** | ઉકત ગુનામાં સંડોવાયેલા કેટલા ઈસમોને પકડવામાં આવ્યા અને કેટલા ઈસમોને પકડવાના બાકી છે, અને | **(૪)** | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| **(૫)** | બાકી ઈસમોને પકડવા માટે શા પગલાં લેવામાં આવ્યા? | **(૫)** | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**વાઘોડીયા અને વડોદરા તાલુકામાં સરકારી જમીનો ઉપર દબાણ દૂર કરવા બાબત**

**૧૫/૩/૨૭૫ : શ્રી ધર્મેન્દ્રસિંહવાઘેલા (વાઘોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ વાઘોડીયા અને વડોદરા તાલુકામાં કેટલી સરકારી ખુલ્લી જમીનો ઉપર દબાણો થયેલા છે. | **(૧)** | વાઘોડીયા તાલુકામાં કુલ હે.૧૦-૯૦-૨૪ ચો.મી તેમજ વડોદરા તાલુકામાં કુલ હે.૩-૯૯-૦૨ ચો.મી. સરકારી ખુલ્લી જમીનો ઉપરદ બાણો થયેલા છે. |
| **(૨)** | આ ગેરકાયદેસર દબાણો સામે કેટલા ઇસમો સામે છેલ્લા એક વર્ષમાં ફરીયાદો નોંધવાનાં આવી અને | **(૨) અને** | આ ગેરકાયદેસર દબાણો સામે છેલ્લા એક વર્ષમાં ફરીયાદો નોંધાયેલ નથી પરંતુ, લેન્ડ રેવન્યુ કોડની કલમ-૬૧ હેઠળની કાર્યવાહી ચાલુમાં છે. |
| **(૩)** | ઉક્ત સ્થિતિ એ કેટલા દબાણો દુર કરી કેટલી જમીનો ખુલ્લી કરવામાં આવી | **(૩)** | |

**અમદાવાદ અને ગાંધીનગર શહેર/જિલ્લામાં બિલ્ડરો દ્વારા ગ્રાહકો સાથે છેતરપિંડીની ફરિયાદો**

**15/3/375 : શ્રી જીજ્ઞેશ મેવાણી (વડગામ):માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગર શહેર/જિલ્લામાં બિલ્ડરોએ બારોબાર મિલકતો ગ્રાહકોને વેચી છેતરપિંડી/ઉચાપાત કરી હોવા અંગેની કેટલી ફરીયાદો નોંધાઈ, | **(૧)** | (કોષ્ટક નીચે) |
| **(૨)** | ઉક્ત છેતરપિંડી/ઉચાપાતમાં કેટલા ગ્રાહકો પાસેથી કેટલી રકમ લીધાનું સામે આવ્યું, | **(૨)** | ૫૩ ગ્રાહકો પાસેથી રૂ.૧૫,૫૬,૯૭,૯૫૬/- ની રકમ લીધેલ. |
| **(૩)** | તે અન્વયે કોની સામે શા પગલાં લેવામાં આવ્યા,અને | **(૩)** | ૩૯ વ્યક્તિઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. |
| **(૪)** | કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલાને પકડવાના બાકી છે? | **(૪)** | (કોષ્ટક નીચે) |

(૧)

| શહેર/જિલ્લા | નોંધાયેલ ફરિયાદો |
|---|---|
| અમદાવાદ શહેર | ૧૭ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦૦ |
| ગાંધીનગર જિલ્લો | ૦૧ |

(૪)

| પકડાયેલ આરોપીઓ | પકડવાના બાકી આરોપીઓ |
|---|---|
| ૨૪ | ૧૫ |

**"મુલાસણા ગામમાં ગેરકાયદેસર બાંધકામ"**

**૧૫/૩/૩૮૧ શ્રીદિનેશભાઈ ઠાકોર (ચાણસ્મા):માનનીયમુખ્યમંત્રીશ્રી (શહેરીવિકાસ) જણાવવા કૃપા કરશે કે:-**

ભાદ્રપદ ૨૨, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નો

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરી વિસ્તાર સત્તામંડળ (ઔડા)ની હદમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના મુલાસણા ગામની જમીનોમાં બાંધકામ અંગે મંજૂરીઓ, વિકાસ પરવાનગી લીધા સિવાય કે પ્લાન-નકશાઓ મંજૂર / પાસ કરાવ્યા સીવાય ગેરકાયદેસર બાંધકામ ચાલતું હોવા અંગેની કેટલી ફરીયાદો સરકારને મળી, | **(૧)** | શૂન્ય |
| **(૨)** | મળેલ ફરીયાદો અન્વયે ક્યારે કોના દ્વારા સ્થળ તપાસ કરવામાં આવી, | **(૨)** | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| **(૩)** | ઉક્ત તપાસ દરમ્યાન કોના દ્વારા કેવા પ્રકારનું ગેરકાયદેસર બાંધકામ કર્યાનું કે ચાલતું હોવાનું સામે આવ્યું, અને | **(૩)** | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| **(૪)** | તે અન્વયે ગેરકાયદેસર બાંધકામ કરનારા સામે શાં પગલાં લીધાં? | **(૪)** | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**જામનગર અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં મંજૂર લીઝો**

**૧૫/૩/૫૧૬: શ્રી હેમંતભાઈઆહિર (જામજોધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી(ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે:-**

**પ્રશ્ન** **જવાબ**

**(૧)** તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલી નવી લીઝોમંજૂર કરવામાં આવી, અને

**(૧)**

| જિલ્લો | મંજૂર કરવામાં આવેલ લીઝો |
|---|---|
| જામનગર | ૪૭ |
| દેવભુમિ દ્વારકા | ૬ |

**(૨)** તે અન્વયે ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર રાજ્ય સરકારને રોયલ્ટી પેટે કેટલી રકમની આવક થઈ?

**(૨)**

| જિલ્લો | રોયલ્ટી પેટે થયેલ આવક (રૂ.લાખમાં) (તા. ૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ) | |
|---|---|---|
| | તા.૦૧-૦૮-૨૦૨૧ થી તા.૩૧-૦૭-૨૦૨૨ | તા.૦૧-૦૮-૨૦૨૨ થી તા.૩૧-૦૭-૨૦૨૩ |
| જામનગર | ૧.૧૮ | ૩૩.૯૧ |
| દેવભુમિ દ્વારકા | શૂન્ય | ૧૫૭.૪૬ |

- - - - - - - -

તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩

શોકદર્શક ઉલ્લેખો

**શોકદર્શક ઉલ્લેખો**

**ગુજરાત વિધાનસભાના પૂર્વ મંત્રી સ્વ. શ્રી હસમુખભાઇ છગનભાઇ પટેલ અને સ્વ. શ્રી રણજીતસિંહ જીલુભા ઝાલા તથા ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. ડો. સુશીલાબેન કેશવલાલ શેઠ અને સ્વ.શ્રી વલ્લભભાઇ વશરામભાઇ વઘાસિયા તથા ગુજરાતના પૂર્વ સભ્ય સ્વ.શ્રી જેઠાભાઇ ભુરાભાઇ રાઠોડ અને સ્વ.શ્રી પ્રતાપસિંહ એભલસિંહ મોરીના અવસાન અંગે**

**ગુજરાત વિધાનસભાના પૂર્વ મંત્રી સ્વ.શ્રી હસમુખભાઇ છગનભાઇ પટેલના અવસાન અંગે**

**શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ** (સભાગૃહના નેતાશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી હસમુખભાઇ છગનભાઇ પટેલનું તારીખ ૧૯મી મે, ૨૦૨૩ના રોજ ૮૩ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૩૯ના રોજ અમદાવાદ મુકામે થયો હતો. સ્વર્ગસ્થ શ્રી પટેલે અર્થશાસ્ત્રમાં એમ.એ. સુધીનો અભ્યાસ કરેલ હતો અને અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે ચાલીસ વર્ષ સુધી કાર્યરત રહ્યા હતા.

સ્વર્ગસ્થ શ્રી પટેલે સાતમી ગુજરાત વિધાનસભામાં રખિયાલ મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવી જનસમુદાયના કલ્યાણના તેમજ શૈક્ષણિક ક્ષેત્રના વિકાસના કામોને અગ્રતા આપેલ હતી.

સ્વર્ગસ્થ શ્રી પટેલે ગુજરાત સરકારમાં તા.૦૭/૦૭/૧૯૮૫થી તા.૦૯/૧૨/૧૯૮૯ સુધીના સમયગાળા માટે શિક્ષણ અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને રમતગમત વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી તરીકે અને ત્યારબાદ તા.૧૦/૧૨/૧૯૮૯થી તા.૦૩/૦૩/૧૯૯૦ સુધીના સમયગાળા માટે શિક્ષણ તથા સંસદીય બાબતો વિભાગના મંત્રીશ્રી તરીકે અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે આજીવન સંકળાયેલ એવા એક ઉત્તમ શિક્ષણવિદ ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ મંત્રી સ્વ.શ્રી રણજીતસિંહ જીલુભા ઝાલાના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી રણજીતસિંહ ઝાલાનું તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ ૭૫ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી ઝાલાનો જન્મ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાના શિયાણી મુકામે થયો હતો.

સ્વર્ગસ્થ શ્રી ઝાલાએ બી.એ. સુધીનો અભ્યાસ કરેલ હતો અને વેપારના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ શ્રી ઝાલા નવમી ગુજરાત વિધાનસભામાં વઢવાણ મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવીને પ્રજાલક્ષી કાર્યો કર્યા હતા.

સ્વર્ગસ્થ શ્રી ઝાલાએ ગુજરાત સરકારમાં તા.૨૧/૧૦/૧૯૯૫થી તા.૧૮/૦૯/૧૯૯૬ સુધીના સમયગાળા માટે રાજ્યકક્ષાના મંત્રી તરીકે અછત રાહત (સ્વતંત્ર હવાલો) અને પંચાયત વિભાગ અને ત્યારબાદ તા.૨૩/૧૦/૧૯૯૬થી તા.૧૩/૦૩/૧૯૯૮ સુધીના સમયગાળા માટે કૃષિ અને ગ્રામ વિકાસ વિભાગના મંત્રી તરીકે સુંદર કામગીરી બજાવી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક સેવાભાવી સામાજિક આગેવાન ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી ડૉ. સુશીલાબેન કેશવલાલ શેઠનો શોકદર્શક ઉલેખ**

માનનીય અધ્યક્ષશ્રી,

મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી ડૉ. સુશીલાબેન કેશવલાલ શેઠનું તારીખ ૨૦મી એપ્રિલ, ૨૦૨૩ના રોજ ૯૫ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ ડૉ. સુશીલાબેનનો જન્મ ૨૬મી માર્ચ, ૧૯૨૮ના રોજ રાજકોટ મુકામે થયો હતો. સ્વર્ગસ્થ ડૉ. સુશીલાબેને એમ.બી.બી.એસ, ડી.જી.ઓ. સુધીનો અભ્યાસ કરેલ હતો અને ડૉકટરના વ્યવસાય તેમજ અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ ડૉ. સુશીલાબેને સાતમી ગુજરાત વિધાનસભામાં રાજકોટ-1 મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવી જનપ્રતિનિધિ તરીકે અનેક કામો કર્યાં હતાં.

સ્વર્ગસ્થ ડૉ. સુશીલાબેને ગુજરાત સરકારમાં સમાજ કલ્યાણ અને સમાજ સુરક્ષા તથા શિક્ષણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી તરીકે રહી અમૂલ્ય સેવાઓ આપેલ હતી.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ અનેકવિધ સામાજિક સંસ્થાઓ સાથે આજીવન સંકાળાયેલા એવા એક જાણીતા લોકસેવિકા ગુમાવ્યા છે.

શોકદર્શક ઉલ્લેખો

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી વલ્લભભાઇ વશરામભાઇ વઘાસિયાનો શોકદર્શક ઉલ્લેખ**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવા દુ:ખ થાય છે કે, ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી વલ્લભભાઇ વશરામભાઇ વઘાસિયાનું તારીખ ૧૮મી મે, ૨૦૨૩ના રોજ ૬૭ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી વઘાસિયાનો જન્મ અગિયારમી નવેમ્બર, ૧૯૫૫ ના રોજ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના વિજ્યાનગર મુકામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી વઘાસિયાએ એસ.વાય. બી.એ. સુધીનો અભ્યાસ કરેલ હતો તથા ખેતીના વ્યવસાય સાથે તેઓ સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી વઘાસિયાએ તેરમી ગુજરાત વિધાનસભામાં સાવરકુંડલા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરેલ હતું અને વિવિધ પ્રજાલક્ષી કાર્યોને પ્રાધાન્ય આપેલ હતું. સ્વર્ગસ્થશ્રી વઘાસિયાએ ગુજરાત સરકારમાં કૃષિ, શહેરી ગૃહ નિર્માણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી તરીકેનો કાર્યભાર સંભાળેલ હતો. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ સામાજિક અને સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા એક જનસેવક ગુમાવ્યા છે છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી જેઠાભાઇ ભુરાભાઇ રાઠોડનો શોકદર્શક ઉલ્લેખ**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી જેઠાભાઇ ભુરાભાઇ રાઠોડનું તારીખ ૧૨મી મે, ૨૦૨૩ ના રોજ ૮૬ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી રાઠોડનો જન્મ તા. ૫મી એપ્રિલ, ૧૯૩૭ના રોજ સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના રેવડા મુકામે થયો હતો. તેઓશ્રીએ પ્રાથમિક શિક્ષણ મેળવેલ હતું તથા ખેતીના વ્યવસાય સાથે તેઓ સંકળાયેલા હતા, સ્વર્ગસ્થશ્રી રાઠોડ ત્રીજી ગુજરાત વિધાનસભામાં ખેડબ્રહ્મા મત વિસ્તારમાંથી ચૂંટાઈ આવેલ. તેઓશ્રીએ પ્રજાહિતનાં અનેક કામો હાથ ધર્યાં અને કર્યાં હતાં. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ સામાજિક પ્રવૃત્તિઓ અને કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા એક સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપ મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી પ્રતાપસિંહ એભલભાઇ મોરીનો શોકદર્શક ઉલ્લેખ**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી પ્રતાપસિંહ એભલભાઇ મોરીનું તારીખ પહેલી સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ ૮૯ વર્ષની જૈ વચ્ચે દુખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી મોરીનો જન્મ પહેલી એપ્રિલ, ૧૯૩૪ના રોજ તત્કાલીન અમરેલી જિલ્લાના કોડીનાર તાલુકાના પીપળી મુકામે થયો હતો. તેઓશ્રીએ પ્રાથમિક શિક્ષણ મેળવેલ હતું તથા તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથેજ સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી મોરી પાંચમી ગુજરાત વિધાનસભામાં કોડીનાર મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા અને તેમના વિસ્તારના પાયાના પ્રશ્નોના ઉકેલ માટે અગ્રિમતા આપેલ હતી. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક સેવાભાવી સામાજિક કાર્યકર ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી અમિત ચાવડા(ભા.રા.કોં.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા આદરણીય મુખ્યમંત્રીશ્રી જે આ ગૃહના પૂર્વ સભ્યશ્રીઓ માટે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે એમાં હું પણ સૂર પૂરાવું છું. ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રીશ્રી હસમુખભાઇ છગનભાઇ પટેલનું ૮૩ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયું છે. મુરબ્બી હસમુખભાઇએ અર્થશાસ્ત્રમાં એમ.એ. સુધી અભ્યાસ કર્યો અને અર્થશાસ્ત્રના પ્રધ્યાપક તરીકે ખૂબ લાંબો સમય એટલે કે ૪૦ વર્ષ જેટલી સેવાઓ પણ એમણે આ રાજ્યને આપી છે. સાથેસાથે સાતમી વિધાનસભામાં અમદાવાદ રખિયાલ વિધાનસભા મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવ્યા અને ગુજરાતમાં વર્ષ ૧૯૮૫થી ૧૯૮૯ સુધી અને ત્યાર પછી વર્ષ ૧૯૮૯થી ૧૯૯૦ સુધી શિક્ષણ અને અલગ અલગ વિભાગોના મંત્રી તરીકે પણ એમણે સેવાઓ બજાવી હતી. કોંગ્રેસના એક વરિષ્ઠ આગેવાન તરીકે સંગઠનમાં પણ ખૂબ ઉમદા કાર્ય કર્યા હતા.શિક્ષણની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા અને હંમેશા રાજ્યમાં શિક્ષણની ચિંતા કરવાવાળા એક ઉમદા આગેવાન રહ્યા. એમણે આજીવન છેલ્લા સમય સુધી પ્રદેશ કોંગ્રેસ સમિતિ સાથે સંકળાઇને સંગઠન અને પક્ષના કાર્યક્રમોમાં પણ ખૂબ મોટું યોગદાન આપ્યું. શિક્ષણ સંઘ સાથે પણ સંકળાઇને શિક્ષણ ક્ષેત્રે પણ ખૂબ મોટું યોગદાન આપ્યું. એમના જવાથી રાજ્યએ એક ઉમદા રાજનીતિજ્ઞ આગેવાન અને સાથોસાથ ઉત્તમ શિક્ષણવિદ્ ગુમાવ્યાનું આપણે સૌ દુ:ખ અનુભવીએ છીએ. પ્રભુ એમના આત્માને શાશ્વત શાંતિ આપે એવી પ્રાર્થના કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના પૂર્વ મંત્રી રણજીતસિંહ ઝીલુભા ઝાલાનું પણ ૭૫ વર્ષની જૈફ વયે અવસાન થયું. સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડીના રહેવાસી અને બી.એ. સુધી અભ્યાસ કરેલ અને વેપારી સંઘ સાથે જોડાયેલા અને ૯મી ગુજરાત વિધાનસભામાં વઢવાણ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા અને રાજ્ય સરકારમાં મંત્રી તરીકે પણ સેવાઓ આપી. જાહેર જીવનમાં એક ઉમદા સમાજ સેવક તરીકે એમણે નામના મેળવેલ એવા સ્વ. રણજિતસિંહજી આજે આપણી વચ્ચે નથી ત્યારે સમાજે એક ઉમદા સામાજિક આગેવાન ગુમાવ્યા છે. પ્રભુ એમના આત્માને શાશ્વત શાંતિ આપે એવી પ્રાર્થના કરીએ.

તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩

શોકદર્શક ઉલ્લેખો

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારના પૂર્વ મંત્રી ડો. સુશીલાબેન કેશવલાલ શેઠ રાજકોટમાંથી પ્રતિનિધિત્વ કરી અને ડોક્ટરની ડિગ્રી ધરાવતા હતા. અનેક સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા સુશીલાબેન રાજકોટ-૧ વિધાનસભા મત વિસ્તારમાંથી પ્રતિનિધિત્વ કરતા. રાજ્ય સરકારમાં સમાજ કલ્યાણ, સમાજ સુરક્ષા, શિક્ષણ વિભાગના રાજ્ય મંત્રી તરીકે અમૂલ્ય સેવાઓ તેમણે આપી હતી અને અનેક સામાજિક અને રાજકીય કાર્યો સાથે સંકળાયેલા એવા ડો. સુશીલાબેન આપણી વચ્ચે નથી ત્યારે પ્રભુ એમના આત્માને શાશ્વત શાંતિ આપે એવી પ્રાર્થના કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના પૂર્વ મંત્રી સ્વ.શ્રી વલ્લભભાઇ વશરામભાઇ વઘાસિયા અમરેલી જિલ્લાના વતની અને સાવરકુંડલા વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતાં. રાજ્ય સરકારમાં કૃષિ, શહેરી વિકાસ, ગૃહ નિર્માણ વિભાગના રાજ્ય મંત્રી તરીકે એમણે ઉમદા સેવાઓ બજાવેલ હતી. એમના જવાથી જાહેર જીવનના એક ઉમદા સેવક અને સહકારી ક્ષેત્રના જનસેવક કહી શકાય એવા પ્રતિનિધિ ગુમાવ્યા છે એનું આપણને સૌને દુઃખ છે. પ્રભુ એમના આત્માને શાશ્વત શાંતિ આપે એવી પ્રાર્થના કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી જેઠાભાઇ ભુરાભાઇ રાઠોડ સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના વતની અને પ્રાથમિક શિક્ષણ સુધીનો જ અભ્યાસ કરેલ હતો. પણ સાચા અર્થમાં લોકોની વચ્ચે સમાજ સેવક તરીકે કાર્યો કરતાં કરતાં ત્રીજી વિધાનસભામાં ખેડબ્રહ્મા મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવ્યા. સામાજિક અને રાજકીય પ્રવૃત્તિઓ સાથે કૃષિ સાથેની પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા સાચા સમાજ સેવક કહી શકાય એવા સ્વ. જેઠાભાઇના ગુમાવવાથી આપણને ખૂબ મોટી ખોટ પડી છે. પ્રભુ એમના આત્માને શાશ્વત શાંતિ આપે એવી પ્રાર્થના કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. પ્રતાપસિંહ એભલભાઇ મોરી અમરેલી જિલ્લાના કોડીનાર તાલુકાના પીપળી ગામના વતની અને આ જ વિધાનસભામાં કોડીનાર વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતાં. પાયાના પ્રશ્નો માટે સતત લડતા અને સતત કાર્યરત એવા એક ઉમદા સમાજ સેવક કહી શકાય. સામાજિક કાર્યકર કહી શકાય એવા સ્વ. પ્રતાપસિંહભાઇ આપણી વચ્ચે નથી ત્યારે એમના દિવ્ય આત્માની શાંતિ માટે આપણે સૌ પ્રાર્થના કરીએ છીએ. તમામ જે દિવ્ય આત્માઓએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે એ તમામ દિવ્ય આત્માઓને પ્રભુ શાશ્વત શાંતિ આપે એવી પ્રાર્થના કરીએ છીએ અને આપના મારફત એમના પરિવારજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય નેતા આદરણીય મુખ્યમંત્રીશ્રી આજે જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને વિરોક્ષ પક્ષના સન્માનનીય સભ્યશ્રી અમિતભાઇએ જ્યારે સૂર પૂરાવ્યો છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સ્વ. રણજીતસિંહ ઝીલુભાઇ ઝાલા સાથે ખૂબ નિકટના સંબંધો હતા. સને ૧૯૯૦માં વિધાનસભામાં પહેલી વખત હું અને શ્રી રણજીતસિંહભાઇ સભ્ય બન્યા હતા. સને ૧૯૯૫માં પણ અમે બંને સાથે સભ્ય બન્યા. પછી અમે શ્રી સુરેશભાઇ મહેતાની સરકારમાં સાથે મંત્રી હતા. ત્યાર પછી અમે બંને કેબિનેટ મંત્રી પણ હતા. એમની કામ કરવાની પદ્ધતિ, નિખાલસતા અને એમનો મિત્રો પ્રત્યેનો ભાવ એ મને કાયમ માટે યાદ રહે એવો અવિસ્મરણીય છે. સ્વ.શ્રી રણજીતસિંહભાઇ સુરેન્દ્રનગરમાંથી ચૂંટાયા એ પહેલા ચારવાર સુરેન્દ્રનગર નગરપાલિકાના સભ્ય તરીકે પણ ચૂંટાયા હતા. નગરપાલિકાના પ્રમુખ પણ હતા. અનેક સહકારી સંસ્થાઓમાં સભ્ય પણ હતા. જાહેર જીવનમાં સુરેન્દ્રનગર જિલ્લામાં એમનું ખૂબ મોટું યોગદાન છે. આવા એક સરળ, પ્રજાલક્ષી વ્યક્તિ સંપૂર્ણપણે પ્રામાણિક અને મિત્રો સાથે એટલી બધી મિત્રતા નિભાવે, સંબંધ રાખે કે જેની આપણને કલ્પના ના થઇ શકે એવા એક સહૃદયી મારા મિત્રને ગુમાવીને મને તો અંગત રીતે નુકસાન થયું છે, પણ રાજ્યના જાહેર જીવનને પણ ખૂબ મોટું નુકસાન થયું છે. એમના આત્માને પરમ કૃપાળું પરમાત્મા ચિર શાંતિ આપે અને આપના મારફત એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ એવી વિનંતી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, એવા રાજ્યના બીજા પૂર્વ કૃષિમંત્રી સ્વશ્રી. વલ્લભભાઇ વશરામભાઇ વઘાસીયા કે જેમને બધા વી.વી. વઘાસીયા તરીકે ઓળખતા. સાવરકુંડલા તાલુકાના વિજયનગર ગામમાં એક સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મેલ. એક સામાન્ય વ્યક્તિ તરીકે પોતે એસ.વાય.બી.એસ.સી. સુધીનો અભ્યાસ પણ કરેલ પણ કુટુંબની આર્થિક સ્થિતિમાં મદદરૂપ થવા માટે અભ્યાસને પડતો મૂકીને હીરાનાં કારખાનામાં મજૂર તરીકેનું કામ કર્યું. પછી પોતે કારખાનું પણ સ્થાપ્યું અને જાહેર જીવનમાં પણ એમણે ભારતીય જનતા પાર્ટીમાં ખૂમ મોટું યોગદાન આપ્યું. એ ભાજપના મહામંત્રી હતા. જિલ્લા પંચાયતના સભ્ય પણ હતા. જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ પણ બન્યા. એકદમ સરળ નિખાલસ સ્વભાવના અને સાવ તળપદી ભાષામાં વાત કરે. અમારી કાઠિયાવાડી ભાષામાં કહીએ તો સાવ તળપદી વ્યક્તિ તરીકે એક ખૂબ જ ઉમદા વ્યક્તિ હતા અને જાહેર જીવનમાં એમણે ખૂબ મોટું પ્રદાન આપ્યું છે. એમણે રાજ્યના કૃષિમંત્રી તરીકે પણ ખૂબ સારી કામગીરી કરી છે. એટલે સ્વ.શ્રી વઘાસીયા વલ્લભભાઇ વશરામભાઇને હું હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ આપું છું. સાથો સાથ માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે જે સભ્યોનાં નામનો ઉલ્લેખ કર્યો છે એ તમામ સભ્યોને હું મારી હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ આપું છું. પરમ કૃપાળું પરમાત્મા આ તમામના આત્માઓને ચિર શાંતિ અર્પે એવી પ્રાર્થના કરું છું, સાથો સાથ આપના મારફતે આ તમામના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવવો એવી મારી વિનંતી છે.

ભાદ્રપદ ૨૨, ૧૯૪૫ શાકે

શોકદર્શક ઉલ્લેખો

ડો. તુષાર અ. ચૌધરી :(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય નેતા અને આદરણીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક પ્રસ્તાવ લઇને આવ્યાં છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી જેઠાભાઇ ભૂરાભાઇ રાઠોડ ખેડબ્રહ્મા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા હતા. તાજેતરમાં જ યોજાયેલ વિધાનસભાની ચૂંટણીમાં જ્યારે મારે એમના ગામમાં પ્રચારર્થે જવાનું થયું ત્યારે ખાસ મને આશીર્વાદ આપવા માટે મારી મિટિંગમાં પણ આવ્યા હતા. એ વખતે પણ એમની તબિયત નાજુક હતી અને લગભગ ૮૬ વર્ષ જેટલી એમની ઉંમર હતી અને એમનું જ્યારે અવસાન થયું એ વખતે હું ત્યાં હાજર હતો અને એમની અંતિમ ક્રિયામાં પણ મેં હાજરી આપી હતી. પરંતુ સ્વ. જેઠાભાઇ ભૂરાભાઇ રાઠોડ પહેલીવાર સભ્ય બન્યા એ ત્રીજી વિધાનસભામાં એટલે કે વર્ષ ૧૯૬૭માં એ ધારાસભ્ય બન્યા. સન ૧૯૬૮માં એ વખતે ત્યાંના લોકો એવું કહેતા હતા કે તેઓ પોતાનો પ્રચાર સાઇકલ ઉપર કરતા હતા. આજે એમનું ગામ ટેબડા પોશીના તાલુકામાં આવ્યું છે. અમારા વિધાનસભા મતવિસ્તારમાં વિજયનગર તાલુકો ૧૧૫થી ૧૨૦ કિલોમિટર દૂર એમણે સાઇકલ ઉપર પ્રચાર કેવી રીતે કર્યો હતો? આજે એની કલ્પના કરવી પણ મુશ્કેલ છે પણ એ વખતના સમયમાં સ્વતંત્ર પક્ષમાંથી જીત્યા હતા, પણ એ વખતના સમયમાં એ સ્વતંત્ર પક્ષમાંથી જીત્યા હતા અને કોંગ્રેસના ઉમેદવારને ૧૭,૦૦૦ મતથી હરાવ્યા હતા કારણ કે લોકોએ એમને સ્વીકારેલા કે આ અમારો માણસ છે. અમારા જેવો માણસ છે. સાઇકલ ઉપર ફરે છે. ધારાસભ્ય બન્યા પછી પણ એમણે હંમેશા બસમાં જ મુસાફરી કરી છે. એમની પાસે ટુ વ્હિલર પણ નહોતું. ફોર વ્હિલરની વાત જ ભૂલી જાવ. ટુ વ્હિલર પણ નહોતું, પણ આજે આ વાત મારે એટલા માટે કહેવી પડે છે કે એમનું જયારે અવસાન થયું ત્યારે એમના ઘરે જવાનું થયું. એમનું પોતાનું ઘર નહોતું. થોડા સમય એક દીકરાને ત્યાં રહે, થોડા સમય બીજા દીકરાને ત્યાં રહે. કોઇવાર દીકરીને ત્યાં રહી આવે એ રીતે જ એ સમય પસાર કરતા હતા. એ અવસાન પામ્યા ત્યારે પણ તેઓ બી.પી.એલ.કાર્ડ ધરાવતા હતા અને એના ઉપર જ એમની આજીવિકા ચાલતી હતી તો મારી આ ગૃહને નમ્ર વિનંતી છે કે આવા જે ધારાસભ્યશ્રીઓ હોય એમને પેન્શન આપવા માટે ફરી વિચારવાનો સમય આવી ગયો છે. કારણ કે એવા અમારા એક કાંકરેજ તાલુકાના હળપતિ સમાજના ધારાસભ્ય હતા. એ પાનની લારી ચલાવતા હતા એ પણ અમે જોયું છે તો એમના માટે સરકારે સંવેદનાપૂર્વક વિચાર કરવો જોઇએ. સ્વર્ગસ્થ જેઠાભાઇ ભૂરાભાઇ રાઠોડને હું મારા તરફથી પણ હાર્દિક શ્રદ્ધાંજલિ આપું છું અને આ ગૃહ તરફથી પણ આપણે એમના કુટુંબીજનોને સાંત્વનાનો, દિલસોજીનો સંદેશો પાઠવીએ એવી વિનંતી કરું છું. ધન્યવાદ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા (ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે અને અમારા પક્ષના નેતાશ્રીએ પણ જેને સમર્થન આપ્યું છે એવા આ ગૃહમાં એક વખત બિરાજતા હતા એવા ૬ જેટલા મહાનુભાવોનો આજે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે. આ બધા માયાળુ માનવી હતા. મારા મલકના માયાળુ માનવી, માયા મેલીને હાલ્યા જઇશું. એક વખતે એક વિસ્તારમાંથી ચૂંટાયા. ચૂંટાઇને આ ગૃહની શોભા વધારી. પોતાનું કર્તવ્ય પૂરું કરી અને ચાલી નીકળ્યા એવા સ્વ.હસમુખભાઇ પટેલ આ ગૃહમાં બિરાજતા હતા. શિક્ષણ મંત્રી હતા. સાહિત્યપ્રેમી હતા અને આઝાદી પછી જે આઝાદીની લડાઇ ન લડ્યા હોય અને એક નવી પેઢી જે તૈયાર થઇ શિક્ષિત પેઢી એના સ્વ.હસમુખભાઇ પ્રતિનિધિ હતા. મને તો વર્ષ સુધી એમની સાથે કામ કરવાનો મોકો મળ્યો. હું પ્રદેશ અધ્યક્ષ હતો ત્યારે એ વખતે એમનું અનેક બાબતોમાં માર્ગદર્શન પણ મળતું હતું. અમારું કૃતસંકલ્પ મેગેઝિન હતું એના આજીવન એ એડિટર પણ રહ્યા અને અનેક બાબતોની અંદર એમની વિદ્વત્તાનો અમને લાભ પણ મળ્યો. એમના જવાથી એમના પરિવારને અને અમને સૌને મોટી ખોટ પડી છે. શ્રી રાઘવજીભાઇએ કહ્યું એમ સ્વ. રણજિતસિંહ ઝાલા ખૂબ જ માયાળુ હતા. વ્યક્તિગત રીતે પણ જાજરમાન હતા. જાહેર જીવનની અંદર રાજનીતિમાં હોય કે રાજનીતિની બહાર હોય દરેક જગ્યાએ એમનો ભાવ અને પ્રેમ હંમેશા છલકાતો હતો. સુરેન્દ્રનગરમાં જઇએ એટલે હંમેશા સ્વ. રણજીતસિંહભાઇ યાદ આવે જ. અનેક ફોરમ ઉપરથી બીજી રીતે મળવાનું થાય. આજે એમના જવાથી એ જિલ્લાની અંદર પણ એક મોટી ખોટ પડી છે. એમના પરિવારજનોને પણ મોટી ખોટ પડી છે. ડો. સુશીલાબેન શેઠ. રાજકોટની અંદર સેવા કાર્યોની અંદર કોઇનું નામ દેવાનું આવે તો એ સુશીલાબેનનું હોય. આઝાદી પછી સંપન્ન પરિવારમાં ઘણાબધા વ્યક્તિઓ એક કસ્તુરભાઇ લાલભાઇ શેઠનો પરિવાર હોય કે પછી ડો. સારાભાઇનો પરિવાર હોય કે આ શેઠ પરિવાર હોય એ પરિવારમાંથી એકએક વ્યક્તિ એવા હતા કે જે સમાજને સમર્પિત હોય. અબજો, કરોડો રૂપિયાનો વેપાર ધંધો છોડીને સેવાની અંદર લાગી ગયા હતા. રાજનીતિમાં તો સ્વ. સુશીલાબેન અચાનક આવ્યા અને મંત્રી બન્યા પણ આજેય એમના વિશાળ વડલાઓ એટલા બધા રાજકોટની અંદર છે કે આજે એ બધા જ વડલાઓ નિરાધાર થયા છે. કોઇક મહિલાઓનું કામ કરે છે. કોઇક દવાખાનાનું કામ કરે છે. કોઇ શૈક્ષણિક સંસ્થાઓનું કામ કરે છે. એમના જવાથી રાજકોટનું જાહેરજીવન અને સૌરાષ્ટ્રનું અમારું જાહેરજીવન રંક બન્યું છે. સ્વ. વલ્લભભાઇ વઘાસીયા એક સરળ માણસ રાજનીતિમાં આવી અને ધારાસભ્ય બન્યા. મંત્રી બન્યા અને ગ્રામ્ય જીવનના ઉત્તમ પ્રતિનિધિ તરીકે કામ કર્યું. અમરેલી જિલ્લાને તેમના જવાથી ખૂબ મોટી ખોટ પડી છે. માનનીય તુષારભાઇએ સ્વ.જેઠાભાઇ ભુરાભાઇ રાઠોડની વાત કરી. આદિવાસી ક્ષેત્રની અંદરથી એવા પ્રતિનિધિત્વ આવ્યા અને તે પેઢી આજે લગભગ ખલાસ થઇ ગઇ છે. સાંજે વહેલા આઠ વાગે સૂઇ જાય, સવારે વહેલા ચાર વાગે ઉઠે અને દરેક જગ્યાએ ચાલીને જાય. બસમાં આવે અને બસમાં જાય. ગામડાને એમ થાય કે આ અમારાથી જુદો માણસ નથી તેવા માણસ સ્વ.જેઠાભાઇ હતા. એક ગૌરવ લઇ શકીએ તેવા વ્યક્તિત્વએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે. સ્વ.પ્રતાપસિંહભાઇ મોરી મારા ગીર સોમનાથ જિલ્લાના કોડિનારના આઝાદી પછીના પહેલી પેઢીના આગેવાનો થયા તેમાંના એક આગેવાન હતા.

ધારાસભ્ય ન રહ્યા પછી પણ ગ્રામ્ય જીવન સાથે, સહકારી પ્રવૃત્તિ સાથે અને સમાજસેવા સાથે જોડાયેલા રહ્યા હતા. તેમના જવાથી ગીર સોમનાથ જિલ્લાને અને કોડિનાર વિસ્તારને ખૂબ મોટી ખોટ પડી છે. આ તમામ મહાનુભાવો આ ગૃહના સભ્યો હતા. તેમના જવાથી આપણે આપણા પુરાના સાથીઓ ગુમાવ્યા છે. તેમના પરિવારજનોને આપના મારફત શોક સંદેશો પાઠવાય તેવી વિનંતી સાથે હું મારી શ્રદ્ધાંજલિ પાઠવું છું.

શ્રી કિરીટસિંહ જી. રાણા(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના નેતાશ્રી અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને તેમાં વિપક્ષના સાથીએ જે સૂર પૂરાવ્યો છે તેમાં હું મારો સૂર પુરાવવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના છ સભ્યો હતા. તેમાં મારા જિલ્લાના માનનીય સ્વ.રણજિતસિંહ ઝાલા, સ્વ.હસમુખભાઇ પટેલ, સ્વ.સુશીલાબેન શેઠ, સ્વ.વલ્લભભાઇ વઘાસીયા, સ્વ.જેઠાભાઇ ભુરાભાઇ રાઠોડ, સ્વ.પ્રતાપસિંહ મોરી આજે આપણી વચ્ચે નથી. આમાં બે સભ્યો સાથે મેં કામ કર્યું છે. માનનીય રણજિતસિંહ ઝાલા મારી બાજુના શિયાણી ગામના વતની હતા. મારા વિસ્તારમાં તેમણે કામ કર્યું હતું. ભારતીય જિલ્લા પાર્ટીના મહામંત્રી તરીકે કામ કર્યું છે. કામ કરતાં કરતાં નગરપાલિકાના પ્રથમવાર સભ્ય બન્યા અને નગરપાલિકા એટલે કે સુરેન્દ્રનગર મોટી નગરપાલિકા છે તેના પ્રમુખ બન્યા હતા. ત્યારબાદ ૧૯૯૦માં તેઓ પ્રથમવાર આ સભાગૃહના સભ્ય બન્યા હતા. મારા પિતાશ્રી સ્વ.જીતુભા રાણા સાથે તેમણે ધારાસભ્ય તરીકે કામ કરેલું. ત્યારપછી બીજી વખત સન ૧૯૯૫માં ચૂંટાઇને રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી પણ બન્યા હતા. ખૂબ સાલસ સ્વભાવ, ખૂબ જ અનુભવી હતા. શિયાણી ગામથી જઇને સુરેન્દ્રનગર ખાતે વસ્યા હતા. સુરેન્દ્રનગર ખાતે તેમના મોટાભાઇએ તે પાંચેય ભાઇઓને મોટા કર્યા હતા. ત્યાં તેમનું કોલેજ સુધીનું શિક્ષણ પૂરું કર્યું અને ત્યારબાદ તેઓ જાહેર જીવનમાં આવ્યા. જાહેર જીવનમાં આવ્યા પછી અત્યાર સુધી સામાજિક સેવાઓ અને પક્ષની પણ સેવાઓ કરી છે. તેમના જવાથી અમારા જિલ્લામાં ખૂબ મોટી ખોટ પડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.વી.વી.વઘાસીયા સાહેબ આપણા રાજ્યના પૂર્વ મંત્રી પણ રહી ચૂક્યા હતા. તેમની સાથે પણ મેં કામ કર્યું છે. અમરેલી જિલ્લામાં હું પ્રભારી તરીકે હતો ત્યારે તેમની સાથે સંગઠનમાં તેઓ મહામંત્રી તરીકે હતા ત્યારે કામ કર્યું છે અને ત્યારબાદ જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ પણ બન્યા હતા. આ બંને સમયમાં મેં તેમની સાથે કામ કર્યું છે અને નજીકથી તેમને કામ કરતા જોયા છે. એટલા માટે અમરેલી જિલ્લામાં જવાનું થતું ત્યારે પાર્ટી માટે કામ કરવાની નિષ્ઠા, દરેક સમાજ માટે અને વ્યક્તિ માટે કામ કરતા સ્વ.વી.વી.વઘાસીયા સાહેબ હતા. આ છ સ્વર્ગસ્થ આત્માઓને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે અને આપશ્રી દ્વારા તેઓના કુટુંબીજનોને દિલસોજીનો સંદશો પહોંચે તેવી વિનંતી.

અધ્યક્ષશ્રી : આ સભાગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી સ્વ.હસમુખભાઇ પટેલ, સ્વ.શ્રી રણજિતસિંહ ઝાલા, સ્વ.ડૉ.સુશીલાબેન શેઠ, સ્વ.વલ્લભભાઇ વઘાસીયા, પૂર્વ સભ્ય સ્વ.શ્રી જેઠાભાઇ ભૂરાભાઇ રાઠોડ, સ્વ. શ્રી પ્રતાપસિંહ મોરીના અવસાન અંગેનો જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને તેને કોંગ્રેસ પક્ષના નેતા માનનીય અમીતભાઇ ચાવડા સહિત સૌ સભ્યશ્રીઓએ અનુમોદન આપ્યું છે તેને હું મારું અનુમોદન આપું છું. રાજયના પૂર્વ મંત્રી સ્વર્ગસ્થશ્રી હસમુખભાઇ પટેલ શિક્ષણના જીવ હતા, તેઓએ શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર કહી શકાય તેવી કામગીરી કરી હતી. સ્વર્ગસ્થશ્રી પટેલની અંતિમ ઇચ્છા મુજબ તેઓના દેહનું ગુજરાત કેન્સર ઇન્સ્ટિટ્યૂટને દેહદાન કરવામાં આવ્યું, સ્વર્ગસ્થશ્રી હસમુખભાઇ પટેલને હું હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. રાજયના પૂર્વ મંત્રી સ્વર્ગસ્થશ્રી રણજિતસિંહ ઝાલાએ તેઓની રાજકીય કારકીર્દિની શરૂઆત સન ૧૯૭૨માં પ્રથમવાર નગરપાલિકાના સભ્ય તરીકે કરી હતી અને તેઓ ૮મી ગુજરાત વિધાનસભામાં વઢવાણ મત વિસ્તારમાંથી વિધાનસભા ગૃહમાં ચૂંટાઇને આવ્યા હતા. તેઓ હંમેશા પ્રજા વચ્ચે રહેનાર નેતા હતા, તેઓ જનસુખાકારી માટે અવિરત પ્રયત્નશીલ રહ્યા હતા. સ્વર્ગસ્થશ્રી રણજિતસિંહ ઝાલાને હું હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

રાજયના પૂર્વ મંત્રી અને રાજકોટની અનેકવિધ સેવાકીય અને સામાજિક પ્રવૃત્તિઓના સુત્રધાર તેમજ પ્રખર શિક્ષણ શાસ્ત્રી એવા સ્વર્ગસ્થ શ્રીમતી સુશીલાબેન શેઠ પૂજ્ય ગાંધીજી સાથે આઝાદીની લડતમાં પણ જોડાયા હતા. તેઓએ દીકરીઓના શિક્ષણ માટે તેમજ બહેનોના સર્વાંગી ઉત્કર્ષ માટે જીવન સમર્પિત કર્યું હતું. રાજકોટમાં તેઓ અનેક સંસ્થાઓના સ્થાપક અને સુદીર્ઘકાળ સુધી સંચાલક પણ રહ્યા હતા. સ્વર્ગસ્થ શ્રીમતી સુશીલાબેન શેઠને હું હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

અમરેલી જિલ્લાના સાવરકુંડલાના ભાજપના અગ્રણી અને પૂર્વ મંત્રી સ્વર્ગસ્થશ્રી વલ્લભભાઇ વઘાસિયાનું માર્ગ અકસ્માતમાં દુઃખદ અવસાન થયું, સ્વર્ગસ્થશ્રી વઘાસિયાએ સંગઠન, સહકાર, સરકાર એમ વિવિધ ક્ષેત્રે પોતાની ઉમદા કામગીરી નિભાવી હતી. તેઓએ સન ૧૯૯૧થી મૃત્યુ પર્યન્ત સેવા સહકારી મંડળીના પ્રમુખ તરીકેની પણ જવાબદારી નિભાવી હતી એવા માનનીય શ્રી વલ્લભભાઇ વઘાસિયાને હું હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

પૂર્વ ધારાસભ્ય સ્વર્ગસ્થશ્રી જેઠાભાઇ ભૂરાભાઇ રાઠોડનું ૮૬ વર્ષની જૈફવયે દુઃખદ અવસાન થયું, તેઓ જીવનના અંતિમ સમય સુધી સ્વસ્થ શરીર ધરાવતા હતા. તેઓશ્રી સન ૧૯૬૭માં ખેડબ્રહ્મા બેઠક પરથી સ્વતંત્ર પક્ષના સભ્ય તરીકે આ સભાગૃહમાં ચૂંટાઇને આવ્યા હતા. તેઓ વિધાનસભાની ચૂંટણી સાઇકલ ઉપર ફરીને પ્રચાર કરીને જંગી લીડથી જીત્યા હતા. આજીવન ખેતી આધારીત આજીવિકા પર તેમણે પોતાનો પરિવાર નિભાવ્યો, આજે પણ તેમનો પરિવાર સરકારની ગરીબીની

રેખા નીચે જીવતા કુંટુંબની બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ છે. સમાજસેવી અને સનિષ્ઠ સેવાભાવી એવા સ્વર્ગસ્થશ્રી જેઠાભાઇ રાઠોડને હું હ્રદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

સ્વર્ગસ્થશ્રી પ્રતાપસિંહ મોરી પાંચમી વિધાનસભામાં કીમલોપ પાર્ટીમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા, તેઓશ્રીએ તેમના વિસ્તારમાં પીવાના પાણીની અછત દૂર કરવા ઝુંબેશ ઉપાડી હતી અને વિસ્તારના લોકોને સ્વચ્છ પીવાનું પાણી મળી રહે તે માટે અનેક પાણી પૂરવઠા યોજનાઓ પણ મંજૂર કરાવી હતી. દરિયાઇ ખારાશ આગળ વધતી અટકાવવા માટે તેમજ સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે પણ સક્રીય રહ્યા હતા. તેઓ લોકકલા, લોક સંસ્કૃતિ અને લોકગીતોના સારા ગાયક પણ હતા. એવા સ્વર્ગસ્થશ્રી પ્રતાપસિંહ મોરીને હું હ્રદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

ઉક્ત તમામ સ્વર્ગસ્થશ્રીઓના અવસાનથી તેઓના કુટુંબીજનો ઉપર આવી પડેલ આફત સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શક્તિ આપે તેવી પ્રાર્થના કરું છું, આપણે સભાગૃહના તમામ સભ્યશ્રીઓ સદગતના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તે માટે પોતાની જગ્યા ઉપર ઊભા થઇ બે મિનિટનું મૌન પાળીશું.

( બે મિનિટના મૌન બાદ)

ઓમ શાંતિ....ઓમ શાંતિ.

ઉક્ત શોક સંદેશો સ્વર્ગસ્થશ્રીઓના કુટુંબીજનોને મોકલી આપવામાં આવે.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

સન ૨૦૨૩નો ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વટહુકમ તથા નિવેદન

**શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણાં મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૩નો વટહુકમ ક્રમાંક-૧-સન-૨૦૨૩નો ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વટહુકમ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૧૯-૨૦નો ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ, સમીક્ષા તથા નિવેદન

**શ્રીમતી ભાનુબેન બાબરિયા (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ,સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૨૧-૨૨નો ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કેન્ટાઇલ સિટી લિમિટેડનો વાર્ષિક અહેવાલ, સમીક્ષા તથા નિવેદન

શ્રી ઋષિકેશ ગ. પટેલ ( શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કેન્ટાઇલ સિટી લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ,સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૨૨-૨૩નો ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો વાર્ષિક અહેવાલ

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : ( રાજયકક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

સન ૨૦૨૦-૨૧નો ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળનો વાર્ષિક વહીવટી અને ઓડિટ અહેવાલ તથા નિવેદન

શ્રી હર્ષ સંઘવી (રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સલામતી સત્તામંડળનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક વહીવટી અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અને ઓડિટ અહેવાલ તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૧૯-૨૦નો ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડના વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તેમજ નિવેદન

શ્રી ઋષિકેશ ગ. પટેલ (શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્લમ ક્લિયરન્સ બોર્ડના સન ૨૦૧૯-૨૦ના વાર્ષિક હિસાબો અને તેના ઉપરના ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૨૨-૨૩નો ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો વાર્ષિક અહેવાલ

તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩

વિધાનસભાની સમિતિના અહેવાલો

શ્રી જગદીશ વિશ્વકર્મા(ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા રાજ્યકક્ષાના મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ અન્વયેના પત્રકો

**શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણાં મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ અન્વયે,

(ક) નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રાજ્ય સરકારે જે તે સંસ્થા વતી આપેલ બાંહેધરીઓની વિગત દર્શાવતું પત્રક-૧

(ખ) બાંહેધરી આપનારની રૂએ જે તે સંસ્થા વતી સરકારે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ચૂકવેલ રકમની વિગતો દર્શાવતું પત્રક-૨,

(ગ) બાંહેધરી આપનારની રૂએ જે તે સંસ્થા વતી સરકારે ચૂકવેલ રકમ પૈકી વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન જે તે સંસ્થાથી વસૂલ કરેલી વસૂલાતની વિગતો દર્શાવતું પત્રક-૩

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**બાંહેધરી પત્રકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ અન્વયેના નાણાં વિભાગના જાહેરનામા તેમજ નિવેદન

**શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણાં મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ અન્વયેના નાણા વિભાગના,

(૧) તા.૦૪/૦૫/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન-૨૦)જીએસટી-૨૦૨૧/ એસ.૧૨૮(૨૭)ઠ.

(૨) તા.૦૯/૦૬/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન-૨૯)જીએસટી-૨૦૨૧/આર.૪૮(૪)(૭)ઠ.

(૩) તા.૦૯/૦૬/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન-૩૧)જીએસટી-૨૦૨૧/ એસ.૧૪૮(૩૮)ઠ.

(૪) તા.૦૯/૦૬/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન-૩૩)જીએસટી-૨૦૨૧/એસ.૧૬૪(૭૨)ઠ.

(૫) તા.૦૬/૦૮/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન-૬૪)જીએસટી-૨૦૨૨/આર.૪૮(૪) (૧૦)ઠ.

(૬) તા.૩૦/૦૯/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન-૬૮)જીએસટી-૨૦૨૨/એસ.૧(૧૮)ઠ

તેમજ ઉકત જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ અન્વયેના નાણાં વિભાગના જાહેરનામા તેમજ નિવેદન

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના.મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના

(૧) સન ૨૦૧૩ના રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અન્વયેનું તા. ૦૨/૦૫/૨૦૨૩નું જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૨૩/૦૭/એમકેએમ/ઇ.ફાઇલ/૫/૨૦૨૩/૦૨૦૯/ક-૧-પીએફ૧

(૨) સન ૨૦૧૯ના ગ્રાહક સુરક્ષા અધિનિયમ અન્વયેનું તા. ૧૬/૦૧/૨૦૨૩નું જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૨૩/૩/સીપીએ/૧૦૨૦૨૧/૮૦૨૨૨/ડી તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

**અનુમતિ મળેલાં વિધેયકો**

**સચિવશ્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧૫, ૧૬ અને ૧૭ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલાં વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**વિધાનસભાની સમિતિના અહેવાલો**

**કામકાજ સલાહકાર સમિતિનો ત્રીજો અહેવાલ**

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કરું છું. સમિતિની બેઠક મંગળવાર, તા.૧૨/૯/૨૦૨૩ના રોજ બપોરના ૩:૩૦ કલાકે અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

૧. પંદરમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રના કામકાજ માટે ગૃહની બેઠક એક દિવસ લંબાવવી અને શનિવાર, તા.૧૬/૯/૨૦૨૩ના રોજ પણ ગૃહની બેઠક રાખવી.

૨. પંદરમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રના તા.૧૩/૯/૨૦૨૩થી તા.૧૬/૯/૨૦૨૩ સુધીના દિવસોએ સભાગૃહમાં હાથ ધરવાના સરકારી વિધેયકો અને સરકારી કામકાજો નીચે દર્શાવ્યા પ્રમાણે ક્રમશ: હાથ ધરવા.

**(અ) બુધવાર, તા. ૧૩/૯/૨૦૨૩**

(૧) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨૦-સન ૨૦૨૩નું ચાંપાનેર-પાવાગઢ આર્કિયોલોજીકલ પાર્ક વર્લ્ડ હેરીટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી(રદ કરવા બાબત) વિધેયક.

(૨) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૨૩નું ગુજરાત માલ અને સેવા વેરા(સુધારા) વિધેયક

(૩) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૨૩નું ગુજરાત કરવેરાને લગતા કાયદા(સુધારા) વિધેયક.

**(બ) ગુરુવાર, તા.૧૪/૯/૨૦૨૩**

(૧) રાજ્ય કક્ષાના માનનીય ઉદ્યોગમંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્માનું G -20નું નેતૃત્ત્વ શોભાવવા બદલ તથા તેની બેઠકનું સફળ આયોજન કરવા બદલ આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને હાર્દિક અભિનંદન પાઠવવા બાબતનો સરકારી સંકલ્પ વિચારણા માટે હાથ ધરવો અને તેના માટે ૯૦ મિનિટનો સમય ફાળવવો.

(૨) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૨૩નું ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ(ઉત્તેજન અને સરળીકરણ)(સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૨૩નું ગુજરાત નેચરલ ફાર્મિંગ અને ઓર્ગેનિક એગ્રિકલ્ચર યુનિવર્સિટી(સુધારા) વિધેયક.

**(ક) શુક્રવાર, તા.૧૫/૯/૨૦૨૩**

(૧) રાજ્યકક્ષાના માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાનું ચંદ્રયાન-૩નું ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સૌ પ્રથમવાર સફળ ઉતરાણ તેમજ સૂર્ય મિશન અંતર્ગત સૂર્યની ગતિવિધિના સંશોધન અર્થે આદિત્ય-એલ-૧ને સફળતાપૂર્વક અવકાશમાં મોકલવા બદલ આદરણીય પ્રધાનમંત્રીશ્રી તેમજ ઇસરોના વૈજ્ઞાનિકો તેમજ અન્ય તમામ ટૅકનિકલ તજજ્ઞોને હાર્દિક અભિનંદન પાઠવવા બાબતનો સરકારી સંકલ્પ વિચારણા માટે હાથ ધરવો અને તેને ૯૦ મિનિટ જેટલો સમય ફાળવવો.

(૨) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૨૩નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા)વિધેયક.

(૩) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૨૩નું બાળ વિશ્વવિદ્યાલય (સુધારા) વિધેયક.

(ડ) **શનિવાર, તા.૧૬/૯/૨૦૨૩**

(૧) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨૫-સન ૨૦૨૩નું ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક.

(૨) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક.

(૩) છેલ્લા દિવસનો પ્રસ્તાવ.

ઉક્ત નિયત થયેલ કામકાજ નિયત દિવસે જરૂર પડ્યે ગૃહની બેઠકનો સમય લંબાવીને કામ પૂર્ણ કરવું.

**અંદાજ સમિતિનો પહેલો અહેવાલ**

**શ્રીમતી મનીષા રા. વકીલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું અંદાજ સમિતિનો પહેલો અહેવાલ રજૂ કરું છું.

**અંદાજ સમિતિનો પહેલો અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના ત્રીજા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

અધ્યક્ષશ્રી : આજે માનનીય ધારાસભ્ય શ્રીમતી નિમિષાબેન સુથાર અને શ્રી હર્ષદભાઇ પટેલનો જન્મ દિવસ છે એટલે તેઓને જન્મદિવસની શુભેચ્છા સહ શુભકામના પાઠવીએ અને અભિનંદન આપીએ. આ સાથે સ્ક્રીન ઉપરથી પણ આપણે બધા તેમને અભિનંદન પાઠવીએ.

બીજી એક બાબત મારે જાણકારી માટે મૂકવી હતી કે આજથી આપણે જે બહાર સિગ્નેચર કરતા હતા તે ડિજિટલ થશે એટલે ત્યાં સહી કરવાની જરૂર નથી. તમે તમારી સ્ક્રીન ઓપન કરશો એટલે ઓટોમેટિક તમારી હાજરી આવી જશે.

**માનનીય અધ્યક્ષશ્રીની ટકોર**

અધ્યક્ષશ્રી : જ્યારે શોકદર્શક ઉલ્લેખ ચાલતો હોય ત્યારે કોઇપણ સભ્યશ્રી દ્વારા સભાગૃહમાંથી બહાર જઇ શકાતું નથી, પોતાનું સ્થાન છોડી શકાતું નથી. આજે લગભગ પાંચ કરતાં વધારે માનનીય સભ્યશ્રીઓ શોકદર્શક ઉલ્લેખ દરમિયાન પોતાનું સ્થાન છોડીને બહાર ગયા. આ બાબતને હું ખૂબ જ ગંભીરતાથી લઉં છું. હવે જાણકારી ન હોય તેવું ન બની શકે. આ ત્રીજું સત્ર છે. આ બાબતની જાણકારી દરેક સભ્યશ્રીઓને હોવી જોઇએ. શોકદર્શક ઉલ્લેખની ગંભીરતા સમજવી જોઇએ અને ફરી આ બાબતનું પુનરાવર્તન ન થાય તે માટે ટકોર કરું છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપે જાહેરાત કરી કે શનિવારે એક દિવસ ગૃહના કામકાજનો સમય વધારીએ છીએ તે આવકાર્ય છે પણ સામાન્ય રીતે દરેક જિલ્લા મથકે શનિવારે જિલ્લા કક્ષાની સંકલન

સમિતિઓ અને બીજી સમિતિઓ યોજાતી હોય છે. આપે મારી હાજરીમાં જ સૂચના અપાવી છે કે સંકલન સમિતિ તો પોસ્પોન્ડ કરીએ પણ એ દિવસે બીજી સમિતિ પણ યોજાતી હોય છે જેમાં ધારાસભ્યશ્રીઓ સભ્ય તરીકે હોય છે. આવી સમિતિ જો શનિવારે મળતી હોય તો તે ન મળે અને તે દિવસ સિવાય બીજા દિવસે મળે તે બાબતે સૂચના અપાય તેવી મારી વિનંતી છે.

**માનનીય અધ્યક્ષશ્રીની સૂચના**

અધ્યક્ષશ્રી : હું માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરીશ કે**,** માનનીય ધારાસભ્યશ્રીઓ જે સમિતિમાં સભ્ય તરીકે હોય તે સમિતિનું કામકાજ મુલતવી રાખે અને પછીની તારીખ રાખે તેવી સામાન્ય વહીવટ વિભાગના માધ્યમથી જે તે વિભાગને સૂચના આપે.

**વિધેયકો (સરકારી)**

**સને ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૦**

ચાંપાનેર-પાવાગઢ આર્કિઓલોજિકલ પાર્ક વર્લ્ડ હેરિટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી (રદ કરવા બાબત) વિધેયક**,** ૨૦૨૩

**ચાંપાનેર-પાવાગઢ આર્કિઓલોજિકલ પાર્ક વર્લ્ડ હેરિટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી અધિનિયમ, ૨૦૦૬ રદ કરવા બાબત વિધેયક**

**શ્રી હર્ષ સંઘવી(રાજ્યકક્ષાના સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨૦-સન ૨૦૨૩ના ચાંપાનેર-પાવાગઢ આર્કિઓલોજીકલ પાર્ક વર્લ્ડ હેરિટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી (રદ કરવા બાબત) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨૦-સન ૨૦૨૩ના ચાંપાનેર-પાવાગઢ આર્કિઓલોજીકલ પાર્ક વર્લ્ડ હેરિટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી (રદ કરવા બાબત) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી અને અમારા સૌના નેતા આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને હું ખૂબ ખૂબ અભિનંદન આપવા માગું છું. આદરણીય મુખ્યમંત્રીશ્રી દ્વારા એમની ટીમને મોટીવેટ કરીને ટીમ ગુજરાત તરીકે ગુજરાતની જનતાને વધુમાં વધુ સેવા કઇ રીતે આપી શકાય? અને કોઇપણ પ્રકારના રાગ-દ્વેષ વગર સર્વસમાજ, સર્વપક્ષ અને સર્વ ચૂંટાયેલા પ્રતિનિધિઓના વિસ્તારના પ્રશ્નોને ન્યાય આપવાની દિશામાં છેલ્લાં બે વર્ષમાં અનેક ઐતિહાસિક નિર્ણયો લઇને માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ આ ટીમ ગુજરાતની જનતાની સેવા કરી રહી છે. આદરણીય મુખ્યમંત્રીશ્રીનો હું એમની ટીમના સભ્ય તરીકે આભાર માનું છું. છેલ્લાં બે વર્ષથી રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી માનનીય મંત્રીશ્રીઓને અને માનનીય સભ્યશ્રીઓને માર્ગદર્શન આપીને એક વડીલ તરીકે સફળ નેતૃત્વ કરી રહ્યા છે તે બદલ મારા સૌ સાથીઓ વતી એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. વર્ષ ૨૦૦૪માં યુનેસ્કો દ્વારા ચાંપાનેર-પાવાગઢને વર્લ્ડ હેરીટેજ સાઇટ જાહેર કરવામાં આવેલ હતી. તે સમયે રાજ્ય સરકાર દ્વારા ચાંપાનેર-પાવાગઢનો વિકાસ કઇ રીતે થઇ શકે? આ ધર્મસ્થાનની આજુબાજુના ગામોમાં કઇ રીતે રોજગારી વધી શકે? અને લાખોની સંખ્યામાં જે ભાવિક-ભક્તો મહાકાળીના દર્શનાર્થે જાય છે એમને વધુમાં વધુ સુવિધાઓ આપવા માટે ચાંપાનેર-પાવાગઢના રક્ષિત વિસ્તારના વિકાસ અને સંવર્ધન માટે ધી ચાંપાનેર-પાવાગઢ આર્કિયોલોજીકલ પાર્ક વર્લ્ડ હેરીટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી એક્ટ-૨૦૦૬માં ગુજરાત એક્ટ નંબર ૨૦૨૮ ઓફ ૨૦૦૬ સરકારશ્રી દ્વારા ઘડવામાં આવેલ હતો. પાવાગઢ હિંદુઓની આસ્થાનું પ્રતિક છે. સમગ્ર ભારતમાં કુલ ૫૧ શક્તિપીઠો આવેલા છે. જે શક્તિપીઠ પૈકીનું એક શક્તિપીઠ એટલે મહાકાળી શક્તિપીઠ કે જે પાવાગઢ ખાતે આવેલ છે. આ કારણોસર આ સ્થળ ગુજરાતના પવિત્ર હિંદુ યાત્રાધામ પૈકીનું એક ગણાય છે. ચૈત્ર તથા આસો મહિનાની નવરાત્રિ દરમિયાન અહીં લાખો ભાવિક-ભક્તો મહાકાળીના દર્શનાર્થે આવે છે. આવા પવિત્ર સ્થળે સરકારશ્રી દ્વારા પ્રવાસન સ્થળોની પ્રવૃત્તિઓને વેગ આપવા અને આ સ્થળોને વધુ વિકસિત કરવા માટે અનેક કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ. પાવગઢના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકાર દ્વારા અત્યારસુધીમાં કુલ રૂ.૧૧૩ કરોડ ખર્ચવામાં આવેલ છે અને બીજા રૂ.૧૦૨.૪૪ કરોડના કામો ચાલુ છે. લાખો દર્શાનાર્થીઓ મહાકાળીના દર્શનાર્થે આવતા હોય ત્યારે દર્શનાથીઓ માટે પગથિયાંના નવીનીકરણની કામગીરી, એના વિસ્તૃતીકરણની કામગીરી તેમજ યાત્રાળુઓ માટે વિવિધ સુવિધાઓ જેવી કે, પાર્કિંગ, તળાવના સૌંદર્યકરણની કામગીરી તથા નવા ભોજનાલયની કામગીરી હાલમાં ચાલુ છે. છેલ્લાં દસ વર્ષમાં આ પવિત્ર યાત્રાધામમાં ૪ કરોડ ૨૫ લાખથી વધુ યાત્રાળુઓએ દર્શનનો લાભ લીધેલ છે. હિંદુઓ માટે આવા ધાર્મિક અને સાંસ્કૃતિક વારસો ધરાવતાં સ્થળને વધુ સારી રીતે વિકસિત કરી શકાય એ માટે સરકારશ્રીએ કલેક્ટરશ્રી, પંચમહાલના અધ્યક્ષસ્થાને પાવાગઢ એરીયા ડેવલપમેન્ટ ઓથોરિટીની રચના ૧૭ જૂન, ૨૦૨૩ના જાહેરનામાંથી કરેલ છે. આ ઓથોરિટી હેઠળ પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના

* વિધેયક તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૨૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ચાંપાનેર, રાણીપુરા, છાજડીવાલી, રાયણવાડીયા, વડાતળાવ, જેપુરા, ગોકુળપુરા અને માંડવી એમ કુલ આઠ ગામોનો સમાવેશ થાય છે. જેમાં કુલ ૧૪૨૩૪ લોકો વસે છે. આ વિસ્તાર ધરાવે છે અને અંદાજિત ૫૧ કિ.મી. જેટલો વિસ્તાર આ ઓથોરિટીમાં આવરી લેવામાં આવેલ છે. માનનીય વડાપ્રધાનશ્રીના વરદ્‌હસ્તે તારીખ ૧૭મી જૂન ૨૦૨૨ના રોજ હિંદુઓ માટે ધાર્મિક અગત્યતા ધરાવતાં આ સ્થળમાં ૫૦૦ વર્ષ બાદ ધ્વજારોહણની વિધિ આ મંદિર ઉપર કરવામાં આવેલી હતી. અમારી સરકાર સનાતન ધર્મ તેમજ હિંદુઓની ધાર્મિક આસ્થા સાથે સંકળાયેલા પાવાગઢના વિકાસ માટે કૃતસંકલ્પ છે. આપણા લોકલાડિલા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા આશરે ૫૦૦ વર્ષ બાદ જયારે પાવાગઢમાં માતાજીના મંદિરની ધ્વજારોહણ વિધિ કરવામાં આવી, તે માત્ર એક ધાર્મિક વિધિ નહીં, પરંતુ સમગ્ર સનાતન ધર્મના વિજયનું એક ખૂબ મોટું પ્રતિક છે. આવનાર સમયમાં પાવાગઢના સતત વિકાસ માટે તથા આવનાર યાત્રાળુઓને જરૂરી સગવડ મળી રહે તે માટે અમારી સરકાર સતત કાર્યશીલ રહેશે. આ લોકલ ઓથોરિટીના માધ્યમથી પાવાગઢના વિકાસને ખૂબ ઝડપથી વેગ મળે અને આ નવી વ્યવસ્થાઓને વધારે મદદ મળે તે માટે આપ સૌનો સહયોગ મળે એવી મારી આપ સૌ સભ્યશ્રીઓને વિનંતી છે અને આ બિલ રદ કરવામાં આપ સૌ સભ્યશ્રીઓના સહયોગની અપેક્ષા છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે, એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ચાંપાનેર- પાવાગઢ આર્કિયોલોજીકલ પાર્ક વર્લ્ડ હેરિટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી અધિનિયમ-૨૦૦૬ જયારે પસાર થયો ત્યારે હું પણ એનો સાક્ષી હતો અને એને સમર્થન આપ્યું હતું. આજે એ બિલ રદ કરીને, એની જગ્યાએ એક સરકારી જાહેરનામાથી પાવાગઢ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીની સ્થાપના થઇ ચૂકી છે. ડુપ્લિકેશન ન થાય એટલા માટે હું માનું છું ત્યાં સુધી આ બિલ લાવવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય દેશના અનેક ક્ષેત્રોની તીર્થભૂમિ છે. ગુજરાત રાજયના આ પાવાગઢ-ચાંપાનેરનો, વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સમાવેશ થયો અને અમદાવાદનો વર્લ્ડ હેરિટેજ સિટીમાં સમાવેશ થયો. ગુજરાત રાજ્ય આવી બે હેરિટેજ સાઇટ કે જેનો વિશ્વના નકશા ઉપર સમાવેશ થયો હોય એવું એક રાજ્ય છે. સાથે સાથે અહીંયા આપણા દ્વારકા અને સોમનાથ જેવા પ્રખ્યાત બે તીર્થસ્થાનો છે. એશિયાટિક લાયન્સનો વસવાટ એકમાત્ર ગુજરાત રાજ્યમાં અને એ ગીરમાં થયો છે. અંબાજી સહિતની અનેક શક્તિપીઠો પણ છે. મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ પોરબંદર અને એમની કર્મભૂમિ અમદાવાદ છે. આપણી પાસે આટલો બધો વારસો હોવા છતાં, વિશ્વ કે દેશના ટુરિસ્ટ મેપમાં આપણું જે સ્થાન હોવું જોઇએ એ નથી. આપણે આ બિલની સાથે એના કારણોની પણ ચિંતા કરવી જોઇએ. આપણે મોડા-મોડા પણ થોડા ક્ષેત્રોમાં જાગ્યા છીએ. અનેક એ તીર્થભૂમિઓ છે કે, જયારે એક વાહન ન હતું આવતું, જયાં ૨૦૦-૫૦૦ માણસો આવતા હતા એ વખતે જે તીર્થસ્થાનોની આજુબાજુની સ્થિતિ હતી એ આજે ૫૦૦ની જગ્યાએ ૫ લાખ લોકો આવે તોપણ એવી સ્થિતિ છે. એનું ફરી પાછું રિ-ડેવલપમેન્ટ કરવાની જરૂર છે. એના માટે માત્ર પીસ મિલમાં જ એનો ડેવલપમેન્ટ થાય એમ નહીં, પણ આ એરિયા માટે આખું જે રીતે પ્લાનિંગ થયું છે,એવું જ પ્લાનિંગ બીજી જગ્યાએ પણ થવું જોઇએ. જે જે જગ્યાએ આપણી તીર્થ ભૂમિઓ છે. હેરીટેજ સાઇટો છે. નવી હેરીટેજ સાઇટ્સ પણ આપણે ડેવલપ કરવી જોઇએ. અહીંયા હું આશા રાખું છું કે જે જાહેરનામાથી પાવગઢ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીની સ્થાપના થઇ છે, એના નકશાઓ ફાઇનલ થાય અને એ પ્રમાણે જ આજુબાજુના વિસ્તારોનો વિકાસ થાય. તો એ તીર્થ સ્થાનની જે ભવ્યતા અને એ સાઇટના નકશા છે કે સ્થળ છે એ વર્લ્ડ ટુરિઝમ મેપમાં પણ આવે કે હેરિટેઝ સાઇટમાં આવે. અમદાવાદ વર્લ્ડ હેરિટેજ સિટી છે. પરંતુ જે આપણી ૬૦૦ જેટલી હેરીટેઝ સાઇટ છે એમાંથી અમુક જગ્યાએ તો પહોંચી શકાય એવું નથી. એની અંદર એનો પણ માસ્ટર પ્લાન બનાવવો જોઇએ. તો જ આ સાઇટો છે એ વર્લ્ડ ટુરિસ્ટ મેપમાં આવી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધીજીની કર્મભૂમિ સાબરમતી આશ્રમ છે. એનો વિકાસ થઇ રહ્યો છે. વડનગર હેરિટેઝ સિટી પણ છે અને વડાપ્રધાનની કર્મભૂમિ છે અને જન્મભૂમિ છે. ત્યાં પણ થાય. એનો વાંધો નહીં. પરંતુ જે મહાપુરુષે વાઇસરોયમાંથી વડાપ્રધાન બનાવ્યા અને આપણને બધાને અહીંયા બોલવાની તક આપી. એમની કર્મભૂમિનો તો વિકાસ થાય છે. હું આવકારું છું. પણ એમની જન્મભૂમિ પોરબંદરમાંથી હું આવું છું. માનનીય મુખ્યમંત્રીશ્રી દર વર્ષે આવે છે. અમને ગૌરવ છે. એવા મહાપુરુષ મારા શહેરમાં જન્મ્યા છે. કે જયાં એમને શ્રદ્ધાંજલિ આપવા માટે દર બીજી ઓકટોબરે અચૂક કોઇ અપવાદને બાદ કરતા દરેક મુખ્યમંત્રી આવ્યા છે, પણ એકાદ વખત, માનનીય મુખ્યમંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે આ બીજી ઓકટોબરે આપ આવો ત્યારે એ કેમ્પસની પણ જરા મુલાકાત લેજો. દર વર્ષે ક્રૂઝ આવે છે. વિદેશના ટુરિસ્ટો આવે છે. મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ જોઇને દુઃખી થઇને જાય છે. મને એક વખત યાદ છે. સ્વ. ચીમનભાઇ પટેલની મિનિસ્ટ્રી હતી. એમની એટલી આવડત અને કુશળતા હતી કે સ્વર્ગસ્થ બાબુભાઇ જશભાઇ પટેલ જેવા મહાન વ્યક્તિને નર્મદાના કામ માટે લઇ આવી અને નર્મદાના મંત્રી બનાવ્યા હતા. એક વખત તેઓ પ્રાર્થના સભામાં આવ્યા.

<u>અધ્યક્ષશ્રી :</u> આપણે બિલના સ્કોપની અંદર જ રહીએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : હું સ્કોપની અંદર જ રહીશ. કોઇ બીજા મારા અવલોકન નથી.

<u>અધ્યક્ષશ્રી :</u> નહીંતર થોડું લાંબુ થઇ જશે. મંત્રીશ્રીને પણ એ ટાઇમે ધ્યાને મૂકવાનું હતું કે આમાં ખાલી ઓથોરિટીને રદ કરવા બાબત પૂરતો જ વિષય છે. એની આજુબાજુ રહીએ તો એટલું પૂરતું છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : હું ૫ જ મિનિટમાં પૂરું કરીશ. એ ત્યાં પ્રાર્થનામાં ગયા અને આખી પ્રાર્થના દરમ્યાન એ પોતાના આંસુ રોકી શક્યા ન હતા. એટલું બધું માન મહાત્મા ગાંધી પ્રત્યે હતું. આજે એમની જન્મભૂમિના ૩ કેમ્પસને ૩ અલગ અલગ વિભાગ સંભાળે છે. એને એક કરીને જે રીતે આપ સાબરમતી ડેવલપ કરો છો, જે રીતે આપ દ્વારકા ડેવલપ કરો છો કે જે રીતે વડનગરમાં ડેવલપમેન્ટ થાય છે, તો મહાત્મા ગાંધીજીની જન્મભૂમિમાં પણ થોડા આપણે બીજા ખર્ચ ઓછા કરીને એનો પણ વિકાસ કરો એવી મારી આપને હૃદયપૂર્વકની વિનંતી છે. પોરબંદરની જનતા વતી અને આખા દેશમાં અને આખી દુનિયામાં જે મહાત્મા ગાંધીજીને માનવાવાળા છે એ બધા લોકો વતી હું આપને વિનંતી કરું છું.

આ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી બનાવી એને હું આવકારું છું. પણ એની સાથે સાથે આ હેરિટેજ મૂલ્યો પણ જળવાય. ચાંપાનેર પાવાગઢ એ આ દેશની શ્રદ્ધાના કેન્દ્રો છે. એ જ્ઞાતિ, જાતિ કે ધર્મના લોકો નહીં, પરંતુ તમામ લોકો આ જગ્યાને આસ્થાનું કેન્દ્ર

ગણે છે. બીજી સગવડતાઓ પણ ત્યાં વધે અને દુનિયાના ટુરિસ્ટો અહીંયા આવે અને ગુજરાત જે બીજા ક્ષેત્રોમાં આગળ છે અને ટુરિઝમમાં પાછળ છે એ ટુરિઝમમાં પણ આપણે નંબર વન બનીએ. આપણા કરતા રાજસ્થાનમાં કે બીજા રાજ્યોમાં ટુરિઝમ સાઇટો ઘણી ઓછી છે. છતાં યાત્રિકો વધારે દેશના કે વિદેશના ત્યાં વધારે આવે છે અને આપણે ત્યાં ઓછા આવે છે. આપણે ત્યાં પણ વધારે આવે, ટુરિઝમ વિકસે અને લાખો લોકોને રોજગારી આપે એવું આ ક્ષેત્ર બને એવી અપેક્ષા સાથે આ બિલને હું પણ સમર્થન આપું છું.

શ્રી જયદ્રથસિંહજી ચં.પરમાર(હાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના ધી ચાંપાનેર-પાવાગઢ આર્કિયોલોજીકલ પાર્ક વર્લ્ડ હેરીટેજ એરીયા મેનેજમેન્ટ ઓથોરિટી રદ કરવા બાબતનું વિધેયક-૨૦૨૩ સંદર્ભે ભારતના ૫૧ શક્તિપીઠો પૈકીના એક શક્તિપીઠ એવા પાવાગઢના ઐતિહાસિક અને પવિત્ર વારસા ઉપર હું આ વિધેયકને સમર્થન પણ આપું છું અને તેના ઉપર મારા વિચારો પણ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે ચાંપાનેર પાવાગઢ આર્કિયોલોજીકલ પાર્ક ૨૦૦૪માં યુનેસ્કોની વર્લ્ડ હેરીટેજ સાઇટમાં સ્થાન પામેલ. આપણે ગૌરવ લઇ શકીએ કે આપણા ગુજરાતના પાવાગઢ જેવી પવિત્ર ભૂમિ, શક્તિપીઠ જેનો આપણા ચાંપાનેર-પાવાગઢ આર્કિયોલોજીકલ પાર્ક ૨૦૦૪માં યુનેસ્કોમાં વર્લ્ડ હેરીટેજ સાઇટ તરીકે સમાવેશ થયો એ ચાંપાનેર-પાવાગઢ આર્કિયોલોજીકલ પાર્ક હેરીટેજ વારસાની અને તેની આસપાસના કુદરતી પ્રદેશની સંકલિત જાળવણી કરવા, તેની ઐતિહાસિક અને સાંસ્કૃતિક ઓળખની જાળવણી કરવા અને તેનો અનિયંત્રિત વિકાસ અને વાણિજ્યિક ઉપયોગ અટકાવવા માટે તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતોની વ્યવસ્થા કરવા માટે અને તે સુનિશ્ચિત કરવા માટે ઓથોરિટીની રચના કરવા માટે અને સ્થાપના કરવા માટેની જોગવાઇ સાથે ચાંપાનેર પાવાગઢ આર્કિયોલોજીકલ પાર્ક વર્લ્ડ હેરીટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી અધિનિયમ-૨૦૦૬ અધિનિયમિત કર્યો હતો. આપણે જોઇએ તો રાજ્ય સરકારે તા. ૧૭મી જૂન-૨૦૨૩ના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામાથી પાવાગઢ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીની સ્થાપના કરી છે. આમાં જોઇએ તો ચાંપાનેર અને આજુબાજુના ૮ ગામોનો સમાવેશ આ વિસ્તારમાં થયો છે. ચાંપાનેર પાવાગઢ આર્કિયોલોજીકલ પાર્ક વર્લ્ડ હેરીટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી અધિનિયમ-૨૦૦૬ હવે અનાવશ્યક બની ગયો છે અને રદ કરવો જરૂરી છે. અહીં હમણાં મંત્રીશ્રીએ કહ્યું કે ભારતના અલગ અલગ વિસ્તારમાં ૫૧ શક્તિપીઠોની સ્થાપના થયેલ છે. ઇતિહાસ જોઇએ તો સતીમાતાએ જ્યારે અગ્નિમાં પ્રવેશ કર્યો અને સતીમાતાના શરીરના અલગ અલગ ટૂકડા થયા ત્યારે સતીમાતાના જમણા પગનો અંગૂઠો પાવાગઢમાં પડ્યો હતો તેવી એક લોકમાન્યતા પણ છે. ગુજરાતના પવિત્ર યાત્રાધામ પૈકીનું એક મોટું તીર્થ સ્થળ ગણાય છે. તેમાં પણ ચૈત્રી અને આસો નવરાત્રિના દિવસોમાં લાખોની સંખ્યામાં યાત્રાળુઓ અને દર્શનાર્થીઓ આવે છે અને તેમને ક્યારેય કોઇ તકલીફ પડી નથી. રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકારે જે રીતે આયોજન કર્યું છે. લાખોની સંખયામાં યાત્રાળુઓ આવે તો ક્યારેય કોઇ તકલીફ પડી નથી. પાવાગઢ પવિત્ર ભૂમિ શક્તિપીઠનો વિકાસ ખરેખર બહુ પહેલાં થવો જોઇતો હતો. દેશ આઝાદ થયા પછી આટલાં વર્ષો સુધી પાવાગઢના વિકાસની ચિંતા કોઇ સરકારોએ ક્યારેય કરી નથી. હું એ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરું છું. મને ખબર છે, અનેક અનુભવો થયા છે. ૨૦૦૬નું વિધેયક આવ્યું ત્યારે પણ હું આ સન્માનનીય સભાગૃહનો સભ્ય હતો. આજે જ્યારે એ રદ કરીએ છીએ અને ઓથોરિટી નવી બની છે તેનો પણ હું સાક્ષી છું. પાવાગઢના વિકાસની ચિંતાનું શ્રેય કોઇને જતું હોય તો એ માત્રને માત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને જાય છે. પાવાગઢનો વિકાસ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે. ભૂતકાળમાં અનેક સરકારો આવી તેમણે પાવગઢમાં આવતા યાત્રાળુઓની ચિંતા કરી નથી. કયારેય આ પવિત્ર સ્થળનો વિકાસ કેવી રીતે કરવો એની ચિંતા નથી કરી. કયો કયો વિકાસ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો, આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ મુખ્યમંત્રીશ્રી હતા ત્યારથી અત્યાર સુધીના જે જે મુખ્યમંત્રીશ્રીઓ આવ્યા એ બધા મુખ્યમંત્રીશ્રીઓએ પાવાગઢની ચિંતા કરીને વિકાસ કર્યો છે. આજે જોઇએ તો વધારે નહીં પણ ૨૫-૩૦ વર્ષ પહેલાનું પાવાગઢ કેવું હતું અને આજનું પાવાગઢ એ બેમાં આજે જોઇએ તો આપણને અનેકગણો વિકાસ થયો એ આપણે નજરે જોઇ શકીએ. મેં કહ્યું એમ અનેક વિકાસનાં કામો કર્યાં છે. પાવાગઢના મંદિરના પરિસરનો વિકાસ, પાવાગઢના મંદિરે આપણે પહેલાં જતા હતા તો એ સાંકડું મંદિર હતું. ત્યાં આગળ યજ્ઞ કરવો હોય તો ત્યાં યજ્ઞકુંડ પણ નહોતો, ત્યાં આગળ યજ્ઞ પણ નહોતા કરી શકતા ત્યાં આગળ આજે વિશાળ પરિસર થયું છે. આ એમનેમ નથી થયું, ત્યાં આગળ જગ્યા પણ નહોતી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા માર્ગ અને મકાન વિભાગના એન્જિનિયરો, આપણા અધિકારીઓએ જે વિકાસ કર્યો છે, મંદિર ટ્રસ્ટે જે વિકાસ કર્યો છે, બાજુમાં દીવાલો ઊભી કરી અને એની ઉપર માટીનું પુરાણ કર્યું, જે જગ્યા સાંકડી હતી એ જગ્યા પહોળી કરી અને આજે વિશાળ પરિસર પવાગઢમાં બનાવ્યું છે. પાવાગઢનું મંદિર એકદમ સાંકડું મંદિર હતી એની બદલે આજે એકદમ અદ્યતન પાવાગઢનું મંદિર બનાવ્યું છે. પાવાગઢમાં જે માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે ૫૦૦ વર્ષ પછી ત્યાં આગળ ધ્વજારોહણ થયું જે ધ્વજારોહણ થતું નહોતું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપને કેટલો ટાઇમ બિલ ઉપર લેવો એ આપ નક્કી કરી શકો છો, પરંતુ આપની છ મિનિટ થઇ ગઇ એવું અંદર બતાવે છે.

શ્રી જયદ્રથસિંહજી ચં.પરમાર : જી, બિલ છે એટલે જો બિલની ઉપર આપ પરવાનગી આપો તો જે વિકાસ થયો છે એની હું વાત કરું.

અધ્યક્ષશ્રી : આપે જે સમયનું પ્લાનિંગ કર્યું હશે એ અને તમારા દંડકશ્રી જે પ્લાનિંગ કરે અને તમે જે પ્લાનિંગ કરો એ પ્રમાણે પણ સમય સ્ક્રીન ઉપર દેખાય છે. હું એમાં રોકીશ નહિ, પરંતુ બંને દંડકશ્રીઓ નક્કી કરે.

શ્રી જયદ્રથસિંહજી ચં.પરમાર : જી, એટલે આ જે વિકાસ આપણી સરકારે કર્યો છે એ હું આ સન્માનનીય સભાગૃહના ધ્યાન ઉપર લાવવા માગું છું. મારો બીજો કોઇ આશય નથી. હું કોઇ પોલિટીકલ વાત કરતો નથી.

અધ્યક્ષશ્રી : પોલિટિકલ વાત કરો, ન કરો એ વિષય નથી, દંડકશ્રીએ આપને સમય માત્ર પાંચ મિનિટ આપ્યો હતો એટલે એ સમય પૂરો થવા આવ્યો છે, આપને વધારે બોલવું હશે તો આપ બોલી શકશો એ દંડકશ્રી અને તમારા અંડરસ્ટેન્ડિંગની વાત છે. સમય તમને સ્ક્રીન ઉપર દેખાય છે.

## ચાંપાનેર-પાવાગઢ આર્કિઓલોજિકલ પાર્ક વર્લ્ડ હેરિટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી (રદ કરવા બાબત) વિધેયક, ૨૦૨૩

શ્રી જયદ્રથસિંહજી ચં.પરમાર : જી, માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત જેટલી જલદી બને એટલી પૂરી કરું. આભાર. ત્યાં આગળ જે રૂ.૨૧૫ કરોડ જેટલી માતબર રકમથી પહેલા તબક્કા, બીજા તબક્કાની અંદર જે વિકાસ થયો, પાવાગઢના મંદિરના પરિસરમાં મંદિરનું શિખર નહોતું એ શિખર આજે પાવાગઢના મંદિર ઉપર શિખર બનાવ્યું છે. પાવાગઢમાં માંચી સુધી જવાના પગથિયાં, માંચીથી મંદિર સુધીના પગથિયાં ઉપર લાઈટિંગનું કામ, હાલોલથી પાવાગઢ સુધીનો ફોરલેન રસ્તો, પાવાગઢ ચાંપાનેર ગામથી પાવાગઢ માંચી સુધી સાંકડો રસ્તો હતો, ઘણીવાર અકસ્માત થતા હતા એ રસ્તો ફોરલેન રસ્તો કર્યો, બાજુમાં દીવાલ કરી, માટીનું પુરાણ કરી અને આજે ફોરલેન રસ્તો છેક ચાંપાનેરથી પાવાગઢ માંચીના ડુંગર સુધી ફોરલેન રસ્તો થયો છે. જયાં આગળ આ પાવાગઢની અંદર પધારતા જે દર્શનાર્થીઓ છે એના માટે કરોડો રૂપિયાનો ખર્ચ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો અને આપણે ગૌરવ લઇ શકીએ કે જયારે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ ત્યાં આગળ ધ્વજાઆરોહણ માટે પધાર્યા તો કદાચ એવો પહેલો કિસ્સો હશે કે કોઇ વડાપ્રધાનશ્રી પાવાગઢ મંદિરની અંદર માતાજીના દર્શન કરવા આવ્યા હોય, એવા પહેલા વડાપ્રધાનશ્રી હશે કે જે માતાજીના દર્શન કરવા અને આશીર્વાદ લેવા પધાર્યા. પાવાગઢની અંદર નવું પોલીસ સ્ટેશન આપ્યું, લાખો દર્શનાર્થીઓ આવતા હોય તો નવું પોલીસ સ્ટેશન આપ્યું, અમારા પ્રભારીમંત્રી આદરણીય આનંદીબેન હતા, આદરણીય અમીતભાઇ શાહ સાહેબ હતા એ બન્નેએ પ્રભારી મંત્રી તરીકે પણ આ વિસ્તારના વિકાસની ખૂબ ચિંતા કરી છે અને આજે હું વધારે કહેતો નથી પણ અહીંથી આપણા શ્રી અર્જુનભાઇએ પોરબંદરના વિકાસની વાત કરી, આપણી સરકારે જે કેવડિયાનો વિકાસ કર્યો છે, સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચામાં ઊંચી પ્રતિમા એનો જે વિકાસ કર્યો છે, કદાચ શ્રી અર્જુનભાઇ ત્યાં ગયા છે કે નહીં એ ખબર નથી પણ શ્રી અર્જુનભાઇ ત્યાં જાય અને જોવે કે કેવડિયાનો વિકાસ ભારતીય જનતા પાર્ટીની સરકારે કેવો કર્યો છે તો એમને ખ્યાલ આવશે. હિન્દુ સમાજની આસ્થાનું સ્થળ..

અધ્યક્ષશ્રી :બિલની અંદર જ બોલો, બિલના પરીપ્રેક્ષ્યમાં બોલો.

શ્રી જયદ્રથસિંહજી ચં.પરમાર : ના, ના, આ તો એમણે કહ્યું હતું એટલે મેં કહ્યું.

અધ્યક્ષશ્રી :એમણે કહ્યું તો મેં ટકોર કરી હતી, એ ટકોરમાંથી આપ સિનિયર છો એટલે આપે પણ સમજવા જેવું હોય છે.

શ્રી જયદ્રથસિંહજી ચં.પરમાર : હિન્દુ સમાજની આસ્થાનું કેન્દ્ર, રામચંન્દ્રજી ભગવાનની જન્મભૂમિ રામજી મંદિર એની ચિંતા પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે ત્યારે આપનો વધારે સમય નથી લેતો પણ આ જે બિલ ઓથોરિટી બની એટલે જૂનું બિલ રદ કરવાનું છે, ઓથોરિટી બનાવી એને પણ સમર્થન આપું છું. આ બિલ જે રદ કર્યું એને પણ હું સમર્થન આપું છું.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(કાલોલ): માનનીય અધ્યક્ષશ્રી, આજે ઇ-વિધાનસભાના પહેલાં દિવસે અને શ્રાવણના છેલ્લા દિવસો જઇ રહ્યા છે ત્યારે મા-ભગવતીના સ્થાનના વિકાસ માટેનું જે સુધારા બિલ ચાંપાનેર-પાવાગઢ આર્કિઓલોજિકલ પાર્ક વર્લ્ડ હેરિટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી (રદ કરવા બાબત) વિધેયક લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઐતિહાસિક ચાંપાનેર નગરી હતી એ ૫૧ શક્તિપીઠો છે એમાં માં-કાળીનું અસલ સ્વરૂપ જેને અમારા કવિ અને કલાકારોએ જે બિરદાવ્યું છે એ પાવાગઢની ધરતીને હું આજે નમન કરીને કહું છું કે, આ ચાંપાનેર-પાવાગઢનો ઈતિહાસ છે કે એ હિન્દુ રજવાડાનો એક મહાન શક્તિશાળી રાજા પતઇ રાવલ હતા. એ સમયે ૧૬મી સદીમાં ચાંપાનેર વસાવનાર વનરાજ ચાવડા એ ચાવડા વંશનું એક શહેર હતું. આઝાદી મળ્યા પછી વર્ષ ૨૦૦૨માં ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ મુખ્યમંત્રી બન્યા પછી પાવાગઢને વર્લ્ડ હેરિટેજમાં સ્થાન આપ્યું. અમારા પાવાગઢનો પહેલો નંબર આવ્યો હતો અને એનો મને ગર્વ છે. આ પાવાગઢ ખાતે હજારો નહીં પણ લાખોની સંખ્યામાં દર્શનાર્થીઓ આવે છે. માત્ર રાજ્યમાંથી જ નહીં પણ એમ.પી. અને રાજસ્થાન અને મહારાષ્ટ્રના લોકો દર્શને આવે છે. આ શક્તિપીઠનો મહિમા એવો છે કે અમારો આદિવાસી અને બક્ષીપંચ સમાજ નવું ધાન્ય ખાવાનો પ્રારંભ કરે છે ત્યારે પહેલા મા-ભગવતીના ચરણે ધરી અને પછી પોતે ખાતા હોય એવી આજે પણ માન્યતા છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાનથી પગપાળા સંઘો અહીંયા આવતા હોય છે. હમણાં જ સભ્યશ્રીએ માહિતી આપી એમ ભૂતકાળનું પાવાગઢ એ ગંદકીનું કેન્દ્ર હતું. સરકાર કોની હતી? હમણાં કોંગ્રેસના ધારાસભ્યશ્રી અર્જુનભાઇ કહેતા હતા. એમણે ગાંધીજીની ચિંતા કરી. મારે સભ્યશ્રીને કહેવું છે કે આપની સરકાર પણ લાંબો સમય રહી ત્યાં સુધી ગાંધીજી યાદ ન આવ્યા, ત્યાં સુધી મંદિરો યાદ ન આવ્યા. કોંગ્રેસની સરકાર હતી ત્યારે અમારે વધારે સભ્યો ન હતા એટલે વિપક્ષ તરીકે અમે વિરોધ કર્યો. કારણ કે આખો પાવાગઢ ક્વોરીના નામે કોરી ખાધો હતો. આખા ડુંગરો કોરવામાં આવતા હતા. એ વખતે હિન્દુ સંગઠનોએ વિરોધ કર્યો કે આ પાવાગઢની ધરોહરને નુકસાન ન કરો. પથ્થરો જોઇએ તો બીજે ક્યાંકથી લાવો. પાવાગઢમાં એટલા નજીક ગયા કે માતાજીના મંદિરમાં આંચકા આવવા લાગ્યા. ભડાકા કરી કરીને પાવાગઢને નષ્ટ કરવાના આરે પહોંચી ગયા હતા. એ સમયે આજના વડાપ્રધાન પરમ આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ મુખ્યમંત્રીશ્રી બન્યા એટલે વર્લ્ડ હેરિટેજનો પ્રથમ દરજ્જો એમણે લાવીને આપ્યો. ત્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી રસ્તા, વીજળી, પાણી અને દેવસ્થાનો અંગે પ્રાથમિકતા આપી. માનનીય મોદી સાહેબે આ અંગે બે વાત ભાગ ભજવ્યો. એક તો વર્લ્ડ હેરિટેજનો દરજ્જો આપ્યો અને ૫૦૦ વર્ષ પછી કોઇ હિન્દુ વડાપ્રધાન તરીકે એ મંદિર ઉપર જઇને એ ધજા ફરકાવે એવી ઘટના બની. અમારી સરકારને કેટલાક લોકો કોમ્યુનલ ઇસ્યુથી જોતા હોય છે. ભા.જ.પ. એટલે હિન્દુઓની સરકાર એવું કહેતા હોય છે. આ વાતને હું એટલા માટે દોહરાવું છું કે, આ પાવાગઢ ખાતે આખા દેશના લોકો જ્યારે દર્શન કરવા આવતા હોય ત્યારે એકલા પાવાગઢની વાત નથી કરતો પણ ચોટીલામાં મા-ચામુંડા માતા હોય, દ્વારકા હોય, સોમનાથ હોય કે અંબાજી હોય, બધા દેવસ્થાનોને ભારતીય જનતા પાર્ટીની સરકારે હિન્દુ રાષ્ટ્રના નિર્માણ પ્રમાણે પૂરેપૂરો

વિકાસ કર્યો છે. અમારી પાવાગઢની ધરતીને નમન કરીને હું એક વાત કહેવા માગું છું કે આ પાવાગઢનો ઈતિહાસ આપની મંજૂરીથી યાદ અપાવવા માગું છું. આ પાવાગઢનું જૂનું નામ પવનગઢ છે. એક સમયે એ ગીરનાર કરતાં ત્રણ ગણો ઊંચો હતો. ઉપર કોઇ માનવી ઊભો હોય તો પડી જાય એવો પવન લાગતો હતો, પણ માં ભગવતી જ્યારે પોતાનું અસલ સ્વરૂપ દબાવીને ધરતીમાં સમાવવા ગયા ત્યારે એના અસલ પુજારી સદનશાહ વાણિયા તરીકે હતા નહીં કે મુસલમાન. સદનશાહને ખબર પડી કે અવાજ શેનો આવ્યો? એટલે મા ભગવતીનું મોંઢું ભાળ્યું એટલે ચોટલો માંનો જાલી લીધો કે માં તું પાતાળમાં જાય તો અમારું કોણ? આજે પણ એ મોઢું બહાર રાખ્યું. સદનશાહ વાણિયા અમારા પુજારી હતા એણે મુસ્લિમ સમયમાં હુમલામાં સદનશાહ પીર બતાવાવમાં આવ્યાં અને ઉપર લીલી ચાદર ઓઢાડવામાં આવી. અમારા ચાવડા વંશની રાણીનું વિહારધામ હતું. એને તોડીને ત્યાં મસ્જિદ બનાવવામાં આવી. આજે પણ ઊભી છે જે આક્રમણખોરની નિશાની તરીકે આપણને ખરેખર તો શરમ આવે છે પણ અમારી ભારતીય જનતા પાર્ટીના મુખ્યમંત્રીશ્રી અને હજી પણ જેટલી સરકારો અમારી આવી દર વખતે અને ગયા બજેટમાં પણ કરોડો રૂપિયાની ફાળવણી પાવાગઢ માટે કરી છે ત્યારે મારી સરકારને, આ દેશના વડાપ્રધાનશ્રી અને મુખ્યમંત્રીશ્રીને હું લાખ લાખ અભિનંદન આપું છું, ભારત માતા કી જય.

ડો. સી.જે. ચાવડા(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના મંત્રીશ્રી સન ૨૦૨૩નું ચાંપનેર-પાવાગઢ આર્કીયોલોજીકલ પાર્ક વર્લ્ડ હેરીટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી (રદ કરવા બાબત) વિધેયક લઇને આવ્યા છે એને ચોક્કસ અનુમોદન આપું છું. પરંતુ આપણા તજજ્ઞ માનનીય ધારાસભ્યશ્રી ફતેસિંહ ખૂબ સારા ઈતિહાસની વાત કરી રહ્યા હતા. સનાતન ધર્મની ગૃહમાં વાત કરી અને બહાર પણ ઘણી કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ચાંપાનેરની સ્થાપના ગુજરાતના પ્રથમ રાજવી ગુજરાત સ્ટેટ એવું નામ આપ્યું હતું. એવા પ્રથમ રાજવી વનરાજ ચાવડાએ વસાવ્યું. વનરાજ ચાવડાને બે મિત્ર હતા. ચાંપાનેર નામનો વાણિયો અને અણહિલ નામનો ભરવાડ. પોતે સમગ્ર પ્રજાને સાથે રહીને ચાલતા રાજવી અને અણહિલ નામના એમના મિત્રના નામ ઉપરથી એ વખતે યુદ્ધમાં અણહિલે મદદ કરી હતી. એટલે એના નામ ઉપરથી અણહિલદ્વાર પાટણ વસાવ્યું અને સમગ્ર જીવનકાળ દરમ્યાન ચાંપા નામના વાણિયાએ એમને રાજ કરવામાં મદદ કરી હતી એનું નામ અમર રહે એના માટે ચાંપાનેર વસાવ્યું. એ ચાંપાનેર જે તળેટીમાં વસ્યું છે એ પાવાગઢ ડુંગર ઉપર જેમ શ્રી જયદ્રથસિંહજીએ વાત કરી એમ આપણી શક્તિપીઠ. શક્તિમાતાનો જમણો અંગૂઠો ત્યાં પડેલો છે. આરાસૂરી અંબામાં ત્યાં પડેલી છે. જ્યાંથી આપ માનનીય અધ્યક્ષશ્રી આવો છો એવી આ શક્તિપીઠ પાવાગઢના વિકાસમાં રાજા-રજવાડા અને બધા લોકોએ ખરેખર પાવાગઢના વિકાસમાં આપણે કંઇ નથી કર્યું. પાવાગઢની માએ આપના બધાનો વિકાસ કર્યો છે કે જેના ચરણોમાં જઇને આપણે નમન કરીએ છીએ અને વખતો વખતના રાજવીઓએ લોકશાહી આવી હોય તો ગુજરાત સરકારના મુખ્યમંત્રીશ્રી હોય. મારી વિનંતી છે કે ભાજપની સરકાર એમ કહીને શું કામ નાના બને છે? આપણી સરકાર, ગુજરાતની પ્રજાની સરકાર એમાં અમે પણ આવી ગયા. સરકારમાં અમે આવી ગયા. માનનીયશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી બોલે છે ત્યારે વચ્ચે બેઠાં બેઠાં કોમેન્ટ નહીં કરીએ. શાંતિથી બધા એમની વાત સાંભળો.

ડો. સી.જે. ચાવડા : એની ચિંતા છે. એવી શક્તિપીઠની ચિંતા, ચાંપાનેરની ચિંતા ખરેખર સરકાર વધુ ડેવલપ કરે. પ્રવાસીઓ અને શ્રદ્ધાળુંઓ વધુ આવે એના માટે ચિંતા કરી છે એટલે ૧૦૦ ટકા એને અનુમોદન આપું છું. ચાંપનેરની બાંધણી આખા વર્લ્ડના તજજ્ઞો અને ઈતિહાસકારો અવાર-નવાર ત્યાં આવ્યાં હશે. એને જોઇને, એનું સ્વરૂપ જોઇને અને શક્તિની પ્રેરણાથી એનો વર્લ્ડ હેરીટેજમાં સમાવેશ થયો છે. આપણા બધા માટે ગૌરવની બાબત છે. ભારત માટે ગૌરવની બાબત છે. ગુજરાત માટે ગૌરવની બાબત છે અને એમાં જે જે સરકારોએ અને જે જે મુખ્યમંત્રીશ્રીઓએ મદદ કરી એ બધા માટે ગૌરવની બાબત છે એટલે આજે હર્ષ સંઘવીસાહેબ આ ચિંતા લઇને આવ્યા છે ખરેખર એમને પણ ખૂબ ખૂબ અભિનંદન આપું છું. પાવાગઢમાં જે એની બાંધણી છે, જે આર્કીયોલોજીકલ ચીજવસ્તુઓ છે, જે જોવા જેવું છે એમાં એક રોલિંગ સ્ટોન છે. ફરતો પથ્થર એના ઉપર આપણે બેસીએ એટલે આપણે જેટલા સાચા હોઇએ એટલી ઝડપથી એ પથ્થર ફરે. ખરેખર આપણે બધાએ એક વખત ત્યાં બેસી આવવાની જરૂર છે કે આપણે કેટલા સાચા છીએ. ખરેખર, બધા સાથે જઇએ તો ખબર પડે કે તમે કેટલા સાચા છો અને હું કેટલો સાચો છું. આ શક્તિપીઠમાં એનું જે વાઇબ્રેશન હોય છે એ કેટલું અદભૂત કામ કરતું હોય છે એનો આ એક નમૂનો છે. એને તોડવાના પ્રયત્નો થયા હોય, એને લૂંટવાના પ્રયત્નો થયા હોય પણ બધાને દૂર કરીને મા જગદંબા શક્તિપીઠ જે છે અને જે આપણા સનાતન ધર્મનું પ્રતિક છે એ પ્રતિક હંમેશા ઉજ્જવળ જ્યોતથી પ્રજવલિત રહેશે એનો મને ચોક્કસ વિશ્વાસ છે અને એના વિકાસ માટે, એની કંઇક આપણને અનુભૂતિ થઇ અને આજે ઓથોરિટી લઇને આવ્યા છે એમાં મારું અનુમોદન આપું છું. પાવાગઢ, પંચમહાલ અને આજુબાજુના જે ગામો છે, આમાં એક જ વસ્તુની કાળજી રાખવાની થશે કે હાલ એના ડેવલપમેન્ટ માટે, એના વિકાસ માટે, એની મંજૂરીઓ માટે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અથવા નગરપાલિકા વિસ્તારના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, પદાધિકારીઓ અને અધિકારીઓ મારફત મંજૂરી મળતી હશે અને જયારે ઓથોરિટી થાય છે ત્યારે એ શહેરી વિકાસના અન્ડરમાં આવે છે એટલે ઝડપી ડેવલપમેન્ટ થાય એના માટે આપણે બધાએ પ્રયત્નો કરવા પડશે અને મને વિશ્વાસ છે એમાં કોઇનો વિરોધ પણ ન હોઇ શકે અને કોઇ વિરોધ કરશે પણ નહીં. સન ૨૦૦૬માં યુનેસ્કોએ આને

વર્લ્ડ હેરિટેજનું બિરૂદ આપ્યું અને આર્કિયોલોજીકલ સાઇટ તરીકે નક્કી કરવામાં આવ્યું. કોઇપણ વર્લ્ડ હેરિટેજની સાઇટ નક્કી થાય એના વર્ષો સુધી સરકારોએ ખૂબ મહેનત કરવી પડતી હોય છે. એના રિપોર્ટો, એનો અહેવાલ, ત્યાં તજજ્ઞો, ઇતિહાસકારો આવતા જતા હોય એ રિપોર્ટ તૈયાર કરે, ગુજરાત સરકાર રિપોર્ટ તૈયાર કરે, ભારત સરકાર રિપોર્ટ તૈયાર કરે. આ બધું રાતોરાત નથી બની જતું અને યુનેસ્કોએ આને વર્લ્ડ હેરિટેજનો એવોર્ડ આપ્યો છે. આ શક્તિપીઠ છે. દરેક શક્તિપીઠમાંથી કંઇક શીખવા જેવું છે અને દરેક શક્તિપીઠના જુદાજુદા મેસેજ છે. આ શક્તિપીઠનો એ પણ મેસેજ છે કે જે ફતેહી રાજાની ફતેસિંહજી વાત કરતા હતા એ ફતેહી રાજા ખૂબ સારું રાજ ચલાવતા હતા. પરંતુ જ્યારે નશામાં એ ચકચૂર બન્યો. મા જગદંબા જ્યારે ગરબાની રમઝટ કરતી હતી ત્યારે પાવાગઢના ડુંગરથી ઉતરીને ચાંપાનેરમાં ગરબા ગાવા માતાજી પોતે આવ્યા હતા ત્યારે નશામાં ચકચૂર બનેલો ફતેહી રાજા મા જગદંબાને પણ ન ઓળખી શક્યો અને એના કારણે એણે જે ન માંગવાનું હોય એ માંગ્યું. એના કારણે ફક્ત ફતેહી રાજાનું નહીં પણ સમગ્ર રાજ્યનું અહિત થયું અને ગુજરાતની પાટનગરી, પાવાગઢ અને રાજ્યનો વિનાશ થયો. સત્તાપલટો થયો. ખૂબ સાચવવા જેવી શક્તિપીઠ છે. આપણે કોઇએ અહંકાર કરવાની જરૂર નથી. બધાનું ભલુ થાય, બધાનું હિત થાય એવી પ્રેરણા આપતી આ શક્તિપીઠ છે ત્યારે આપણે બધાએ ભેગા થઇને કોઇ અહંકાર કર્યા વગર આમ થયું અને તેમ થયું એમાં પડ્યા વગર આપણે બધા ભેગા થઇને મા જગદંબાની આરાધનાનો એક વધુ અવસર આપણને જ્યારે પ્રાપ્ત થયો છે ત્યારે આપણાથી બને એટલો આમાં સહકાર આપીએ. માનનીય મંત્રીશ્રી, ખરેખર મા જગદંબાએ તમને પ્રેરણા આપી છે અને આ બિલ લઇને આવ્યા છો.

અધ્યક્ષશ્રી : ચાવડાજી, મા તો મા હોય.

''યા દેવી સર્વભૂતેષુ માતૃરૂપેણ સંસ્થિતા
નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમઃ''

તમે શ્રદ્ધાભાવ સાથે આવ્યા છો.

ડો. સી.જે. ચાવડા : એટલે હવે શક્તિ વિશે વિશેષ વાત ન કરતા આપ જે બિલ લઇને આવ્યા છો એને હું અનુમોદન આપું છું.

અધ્યક્ષશ્રી:વિરામનો સમય થયો છે. આપણે ૩-૦૦ વાગ્યે ફરી મળીશું. આપનું પ્રવચન પૂરું થાય છે.

( વિરામ બપોરના ૨-૩૦થી ૩-૦૦)

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર(મોરવાહડફ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રમત ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના માનનીય મંત્રીશ્રી ધી ચાંપાનેર-પાવાગઢ આર્કિયોલોજીકલ વર્લ્ડ હેરિટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી વિધેયક લઇને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે તેના ઉપર મારા વિચારો આ સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળના પાના આપણે વાગોળીએ તો સને ૧૯૩૯થી ૧૯૪૫ સુધી બીજું વિશ્વ યુદ્ધ થયું ત્યારે છ વર્ષ સુધી આ યુદ્ધ ચાલ્યું. બીજું વિશ્વ યુદ્ધ પૂરું થયા પછી તેની જે વિનાશક અસરો હતી તેનાથી દુનિયાના બધા દેશો ચિંતામાં હતા. વિશ્વના દેશોના અનેક વડાઓને એમ લાગ્યું કે, આવી રીતે વિશ્વ યુદ્ધ થતા રહેશે તો વિશ્વના દેશોનો જે વિકાસ થવો જોઇએ તે થઇ શકશે નહીં. તેના માટે જ વિશ્વ શાંતિ માટે એક સંસ્થા હોવી જોઇએ. તેના માટે યુનેસ્કો નામની સંસ્થાની સ્થાપના કરવામાં આવી અને સમય જતાં યુનેશ્કોએ વિશ્વ શાંતિની સાથે સાથે દરેક દેશોના એજ્યુકેશન તથા જુદા જુદા દેશોની અંદર જે સ્મારકો આવેલા છે, જે વિરાસતો આવેલી છે તે સચવાઇ રહે અને ભવિષ્યની પેઢી આ ઐતિહાસિક, સાંસ્કૃતિક વિરાસતોને સમજે અને જુએ તેના માટે આવી યુનેસ્કો જેવી સંસ્થા દ્વારા પ્રયત્નો કરવામાં આવ્યા. સન ૨૦૦૪ની સાલની અંદર ભારત સરકારે ભારતીય પુરાતત્ત્વ સંરક્ષણ માટે દિલ્હીની ઐતિહાસિક ઇમારત સાઇટનું નામાંકન કર્યું અને તેની સાથે સાથે પાવાગઢ-ચાંપાનેરને વિશ્વ કક્ષાનો હેરિટેજનો દરજ્જો યુનેસ્કોએ આપ્યો. રાજ્ય સરકાર દ્વારા પ્રવાસન વિભાગ માટે વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં આશરે રૂ.૨૧૦૦ કરોડ જેટલી માતબર રકમની જોગવાઇ કરવામાં આવેલી છે. રાજ્ય સરકાર પ્રવાસન પ્રવૃત્તિના વિકાસ માટે કેટલી ગંભીર છે તે આ આંકડા ઉપરથી આપણે જાણી શકીએ છીએ. રાજ્યમાં પ્રવાસીઓની સંખ્યા લગભગ ૧૫ કરોડ જેટલા આંકડાને વટાવી ચૂકી છે. આ બતાવે છે કે, પ્રવાસન વિભાગ થકી રોજગાળી મળી રહી છે. આમાં પ્રવાસન વિભાગે ૧૯ સ્થળોની પસંદગી કરેલી છે તેમાં શિવરાજપુર, દ્વારકા બેટ હોય, ધરોઇ, વડનગર, તારંગા, મોઢેરા, ધોળાવીરા, માંડવી, ધોરડો, ગીર વિસ્તાર તથા પાવાગઢના વિકાસ માટે પ્રાથમિકતાના ધોરણે પગલાં લેવામાં આવ્યાં છે. પ્રવાસન સ્થળોના વિકાસને કાયદાકીય પરિબળ મળી રહે તેના માટે એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીની સ્થાપના કરવામાં આવી છે. પંચમહાલ જિલ્લામાં પાવાગઢ સ્થળ એ ઐતિહાસિક અને પ્રાચીન સ્થળ છે, ધાર્મિક સ્થળ છે. લાખોની સંખ્યામાં મા કાલિકાના દર્શન કરવા માટે દેશ-વિદેશમાંથી યાત્રિકો આવે છે અને માતાજીના મંદિરની મુલાકાત લે છે. પાવાગઢ કુદરતી સૌંદર્યોથી પણ ભરપૂર છે. આજે પાવાગઢમાં આદ્યશક્તિ મહાકાળી માતાજીના મંદિરે શ્રદ્ધાળુઓ પોતાની માનતા પૂરી કરવા અને દર્શન કરવા માટે આવે છે. આ આસ્થા અને શ્રદ્ધાના તંતુથી જોડાયેલા અનેક યાત્રાળુઓ ભારતભરમાંથી આવે છે. આદિવાસી સમાજના લોકો અલગ

અલગ રાજયમાંથી આવે છે. મધ્યપ્રદેશ હોય, રાજસ્થાન હોય તથા ગુજરાતના આદિવાસી સમાજના લોકો મહાકાળી માતાજીના દર્શન કરવા માટે આવે છે અને તેના પ્રત્યે ખૂબ ઉંડી શ્રદ્ધા રાખે છે. તે લોકોને ત્યાં સુધી શ્રદ્ધા હોય છે કે, તેમના ખેતરમાં કોઇપણ ધાન પાકે તો પહેલાં માતાજીના ચરણે ધરી પછી લણણી કરે છે અને ત્યારબાદ તે ધાનનો ખાવા માટે ઉપયોગ કરે છે. પાવાગઢ-ચાંપાનેરનો એક રોચક અને તાણાવાણાં સાથે ગૂંથાયેલો ઇતિહાસ છે. પાવાગઢ ઉપર આવેલું દૂધિયું તળાવ હોય, છાસીયું તળાવ હોય, વડ તળાવ, તેલિયું તળાવ આ બધાં તળાવોના ઐતિહાસિક ઉલ્લેખ છે તે પાવાગઢની ધરા પર જોવા મળે છે. એટલું જ નહીં ચાંપાનેરના ચાર ચૌટા હોય કે જામા મસ્જિદ હોય, કેવડા મસ્જિદ હોય, જૈન મંદિર હોય, શ્વેતાંબર અને દિગંબર જૈન મંદિરોનો સમાવેશ આ પાવાગઢ-ચાંપાનેરમાં થયો છે. શિલ્પકલા અને સ્થાપત્ય કલાના બેનમૂન નમૂના આપણને ત્યાં જોવા મળે છે. પાવાગઢની ઉપર ખાપરા જોરીનો મહેલ હોય, પાવાગઢની ઉપર ખાપરા જવેરીનો મહેલ હોય, હાથિયા ખીણ આવેલ હોય, નવલખી કોઠાર અને મકાઇના કોઠાર તે વખતના રાજા એટલે કે પતઇ રાજા જે અનાજનો સંગ્રહ કરતા હતા એ નવલખી કોઠાર અને મકાઇના કોઠારમાં કરતા હતા એ કોઠારોની વચ્ચે પણ ત્રણ કુંડ આવેલા છે અને આજે પણ એમાં ભરપૂર પાણી છે. ૫૦૦ વરસ પહેલા મહમ્મદ બેગડાએ પાવાગઢ મંદિરનું શિખર અને ધ્વજા ધ્વસ્ત કરી હતી અને શતાબ્દીઓ બાદ માનનીય પ્રધાન મંત્રીશ્રી મોદી સાહેબના હસ્તે પાવાગઢના મંદિરમાં ફરી એક વખત શિખર પર ધ્વજા ફરકાવવામાં આવી છે. પહેલા ન કરી શક્યા, મંદિર ત્યાં જ હતું, માતાજી ત્યાં જ બિરાજમાન હતા પણ પહેલાની સરકાર ના કરી શકી પરંતુ માનનીય નરેન્દ્રભાઇ મોદીજી સાહેબે કર્યું છે. આ શિખર ધ્વજ માત્ર આપણી આસ્થા અને આધ્યાત્મિકતાનું પ્રતિક જ નથી પણ શિખર ધ્વજા એ બાબતનું પ્રતિક છે કે સદીઓ બદલાઇ છે, યુગો પણ બદલાઇ છે પણ આસ્થાનું શિખર શાશ્વત રહેતું હોય છે. ધ્વજા ફરકારવવામાં અને ધ્વજારોહણ કરવામાં આવી એ માત્ર મહાકાળી માતાના મંદિરની ધ્વજા નથી પણ ગુજરાતના અને દેશની સંસ્કૃતિના ગૌરવની ધ્વજા છે અને આજે મને કહેતા આનંદ થાય છે કે કોઇ પણ નાના સમાજમાં લગ્ન હોયને તો માતાજીના મંદિરના ભક્તોને ત્યાં લગ્નનું પહેલું આમંત્રણ આપે છે અને મહાકાળી માતાના ચરણોમાં મૂકે છે અને જેમનું પણ નિમંત્રણ હોય છે એમને માતાજીના આશીર્વાદ સ્વરૂપે આજે પણ માતાજીના મંદિર તરફથી ભેટ પણ આપવામાં આવે છે. આપણું કાલિકા માતા મંદિર એ ભવ્ય સ્વરૂપ છે અને સમગ્ર કામગીરીમાં જે ગર્ભગૃહનું મૂળ સ્વરૂપ એમનું એમ જાળવી રાખીને એક દેદિત્યમાન સ્વરૂપ હોય એવી રીતે મંદિરની જાળવણી કરવામાં આવી છે. ત્યાં આવેલા દૂધિયા તળાવ અને છાસિયા તળાવને જોડનારો એક પરિક્રમા પથ પણ તૈયાર કરવામાં આવેલો છે અને યાત્રાળુઓ જે શ્રદ્ધા સાથે આવે છે દૂર દૂરથી એ બધા જ લોકોને યજ્ઞશાળા હોય કે ભોજન શાળા હોય ૫ હજાર કરતા પણ વધુ શ્રદ્ધાળુઓ એક સાથે ભોજનાલયમાં જમી શકે એવી સુવિધા રાજય સરકાર તરફથી કરવામાં આવેલી છે અને એની સાથે સરકાર દ્વારા રોપ-વે એક્સ્ટેન્શનની કામગીરી કરીને મંદિર પરિસર સુધી ડાયરેક્ટ હાઇડ્રોલિક લિફ્ટથી શ્રદ્ધાળુઓ જઇ શકે એવી પણ સુવિધા કરવામાં આવેલી છે. પાવાગઢ યાત્રાધામ તળેટીમાં માચી ચોકમાં હેલ્થ માટે પણ યાત્રાળુઓને હેલ્થની તમામ પ્રકારની સુવિધા મળે એના માટે પણ ત્યાં સબ સેન્ટર આપવામાં આવેલું છે અને ત્યાં તમામ પ્રકારની સુવિધાઓ સાથે આજે કરોડોના ખર્ચે આપણે આ કામ કર્યું છે. શાસ્ત્રોમાં એવું કહેવાયું છે કે દેવ અને ગુરુ પાસે ક્યારેય ખાલી હાથે જવું જોઇએ નહીં અને દેવ અને ગુરુ પાસે જઇએ ત્યારે શ્રીફળ હાથમાં લઇને જવું પડે કારણ કે દેવ અને ગુરુ કે દેવીને આપણે પ્રસન્ન કરવાના હોય, તો પાવાગઢમાં પણ લાખોની સંખ્યામાં ભક્તો જે શ્રીફળ મહાકાળી માતાજીને અર્પણ કરે છે તો વહીવટી તંત્ર અને સરકારશ્રીના માધ્યમાથી એ શ્રીફળ અને તેના છોતરાથી જે પરિસરમાં ગંદકી ના થાય એ માટે કોકોપીટ બનાવીને વૃક્ષોનો ઉછેર કરવા માટે અને જંગલમાં આચ્છાદાન કરવા તેનો ઉપયોગ કરીને ૧૦થી ૧૫ જેટલા પરિવારોને આજે રોજગારી પણ મળે છે. આજે પાવાગઢ એ આપણી ઐતિહાસિક ધરોહર છે અને એની જાળવણી અને એનો વિકાસ હજુ પણ આપણે ઘણો બધો કરવાનો બાકી છે અને એના માટે સરકારના માધ્યમથી એ હેતુને ધ્યાનમાં રાખીને પૂર્ણ વિકાસ માટે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની જોગવાઇ હેઠળ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીની રચના કરવામાં આવી અને જરૂરિયાત જણાતા સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિમાર્ણ વિભાગ દ્વારા તા.૧૭-૦૬-૨૦૨૩ના રોજ જાહેરનામાથી પાવાગઢ વિસ્તાર વિકાસ સત્તામંડળની રચના કરવામાં આવી જેને હું આવકારું છું અને રમત ગમત યુવા અને સંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા બનાવવામાં આવેલ ધ ચાંપાનેર આર્કિયોલોજિકલ પાર્ક વર્લ્ડ હેરિટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી એક્ટ ૨૦૦૬ને રદ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થઇ એને સંમતિ આપવા આ સભાગૃહને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે હું કહીશ કે આ એકટ શેના માટે બનાવવામાં આવેલ કારણ કે, ચાંપાનેર અને પાવાગઢ એ એવું છે કે ૩૯ જેટલા સ્મારકો અલગ અલગ જગ્યાએ છે, જુદા જુદા સ્થાન ઉપર છે જો એક જ સ્થાન ઉપર હોત તો સ્મારક માટે એક્ટ બનાવવાની જરૂર પડત જ નહીં એટલે જુદા જુદા જે સ્મારકો છે એ આપણી ઐતિહાસિક ધરોહર છે એને સાચવવા માટે અને એના વિકાસ માટે, એનું ટાઉન પ્લાનિંગ કરવા માટે આ એક્ટની જરૂર પડી છે અને આ એક્ટને બધા જ સન્માનનીય ધારાસભ્યશ્રીઓ પોતાનું અનુમોદન આપશે એવી લાગણી સાથે આજે માનનીય અધ્યક્ષશ્રીના માધ્યમ થકી આ સન્માનનીય ગૃહમાં મારા જન્મ દિવસ માટે મને શુભેચ્છા પાઠવવામાં આવી એના માટે ખૂબ ખૂબ આભાર માનું છુંઅને ખાસ કરીને આજે રૂ.૩૯ કરોડની પાનમ આધારિત ઉદવહન સિંચાઇ યોજના અમારા આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની અધ્યક્ષતામાં

અમારા નાણામંત્રીશ્રી અને શ્રી કુંવરજીભાઇ બાવળિયા સાહેબના અધ્યક્ષસ્થાને અમારા વિસ્તારમાં ઉદવહન સિંચાઇ યોજના મળી છે તેના માટે હું ખૂબ ખૂબ આભાર માનું છું.

ઉપાધ્યક્ષશ્રી : બહેન, આપ બિલ ઉપર બોલો.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : આખા વિસ્તારનો સુયોજિત વિકાસ થાય,

ઉપાધ્યક્ષશ્રી : આમાં સિંચાઇ યોજના કયાં આવે?

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : અને સ્મારકોને નુકસાન ન થાય તેના માટે ઓથોરિટીની ગાઇડ લાઇન પ્રમાણે નવુ બાંધકામ કરવામાં આવે તેના માટે આ એક્ટ છે એટલે આ એક્ટને હું અનુમોદન આપુ છું.

ઉપાધ્યક્ષશ્રી : પણ આ સિંચાઇ યોજના બિલમાં કયાં આવી ગઇ?

શ્રી હર્ષ સંઘવી(રાજ્યકક્ષાના સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ચાંપાનેર-પાવાગઢ આર્કિઓલોજિકલ પાર્ક વર્લ્ડ હેરિટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી રદ કરવા બાબતના વિધેયકમાં આજે મારા અનેક સાથી સભ્યોએ પોત પોતાના મંતવ્યો રજૂ કર્યા. શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા, ડૉ.સી.જે.ચાવડા, શ્રી જયદ્રથસિંહજી, શ્રીમતી નિમિષાબેન.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ડો. સી.જે.ચાવડાજીએ ખૂબ સારી વાત કરી તેમની વાત, તેમની વાત કરવાની રીત, મા પ્રત્યેની તેમની ભાવના તેમણે કહ્યું કે આપણે મા માટે કંઇ નથી કરાવતા આ તો મા બધા પાસે કરાવે છે. ખૂબ સારો વિષય છે. બધી જ માતાઓ માટે તેમના પુત્રો તો બધા એકસરખા જ હોય છે પરંતુ પુત્ર માતાઓ માટે જયારે મોટા થાય ત્યારે તે માતાની કેટલી દેખભાળ કરે છે એક એવા દીકરાઓ હોય અને એક અનેક માતાઓ જેમણે રાત-દિવસ મહેનત કરીને પોતાના પુત્રને મોટા કર્યા હોય, અનેક વેદનાઓ સહન કરી હોય અને ત્યારે પોતાનો પુત્ર કંઇ બને અને એ પુત્ર માતા જોડે કેવો વહેવાર કરે છે આમાં માતા તો એક જ છે અને માતાની અપેક્ષા પણ એકસરખી છે પરંતુ પુત્ર કયા પ્રકારનો વહેવાર કરે છે વિષય તે મહત્ત્વનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇ મોઢવાડિયાજીએ અનેક સજેશન આપ્યા, ખૂબ સારા સજેશન છે. હું તેમના સજેશનો પર ખાસ કરીને જે વિષયો ઉપર વર્ષો પહેલાં કામ કરવાની જરૂર હતી ટુરીઝમ માટે જેમ કે તેમણે કહ્યું spiritual tourism માટે, તો spiritual tourism માં દ્વારકાધિશ ટેમ્પલનો ઓલ રેડી માસ્ટર પ્લાન બની રહ્યો છે, અંબાજી મંદિરનો આ પ્લાનની કામગીરીનો આખરી ઓપ અપાઇ રહ્યો છે. એ જ રીતે સોમનાથ મંદિરની આપણે સૌ લોકો ઇતિહાસ પણ જાણીએ છીએ અને તે સોમનાથ મંદિર આજે કઇ રીતે ડેવલપ કરવામાં આવ્યું છે તે પણ આપણે સૌ લોકો જાણીએ છીએ. એ જ રીતે પાલીતાણામાં કે જયાં લાખો ભાવિ ભકતો પાલીતાણામાં દર્શન કરવા માટે આવતા હોય તેના ડેવલપમેન્ટનો વિષય હોય અને એ જ રીતે ટુરીઝમ પ્રમોશન. ગુજરાતમાં ટુરીઝમ નામનું શું હતું ? છેલ્લાં ૨૦ વર્ષમાં કઇ રીતે ટુરીઝમ વધ્યું તેની પાછળ સરકાર, સરકારના સૌ કર્મચારીઓ, અધિકારીઓનો કેવો અથાગ પ્રયત્ન અને ગુજરાતની જનતાનો સાથ સહયોગ ત્યારે આપણું ટુરીઝમ એક આગવા સ્થાન ઉપર પહોંચ્યુ છે. તેના માટે ઇન્ફ્રાસ્ટ્રકચર ખૂબ મહત્ત્વનું હોય છે ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટમાં ગુજરાત સરકારે ખૂબ મહત્ત્વના પગલાં પણ લીધાં છે અને કામગીરી પણ કરી છે તેના હિસાબે આજે ટુરીઝમનો ખૂબ મોટો વધારો થયો છે. એ જ રીતે હેરીટેજની તેમણે વાત કરી આપણે ગુજરાત પાસે અનેક હેરીટેજ સાઇટ છે. એ હેરીટેજ સાઇટને પાછી રીસ્ટોર કરવાની કામગીરી ભારતીય જનતા પાર્ટીની સરકારે છેલ્લાં ૨૦ વર્ષની અંદર મહત્ત્વના નિર્ણયો લઇને કરી છે. eco-tourism ઇકો ટુરીઝમ હોય, business and trade tourism હોય, event tourism હોય, supportive policies હોય છે તે જ રીતે આ બધાજ વિષય માટે ટુરીઝમ માટે સેઇફ અને સિકયોર્ડ માહોલ જોઇએ. એ સેઇફ અને સિકયોર્ડ માહોલ કરવાની કામગીરી કોઇએ કરી હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. રાજસ્થાનની વાત થઇ, બીજા રાજયોની વાત થઇ આપના માધ્યમથી હું આ સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે, ૨૦૨૨માં ગુજરાતમાં ડોમેસ્ટિક ટુરીઝમમાં ખૂબ મોટાપાયે વધારો થયો. ૧૩૫.૮૧ મિલિયન ટુરીસ્ટોએ ગુજરાતની અંદર વિઝિટ કરી છે ડોમેસ્ટિક ટુરીસ્ટ છે. ગુજરાત દેશભરમાં પાંચમું રાજય છે ૭.૮૫ ટકા આપણો ટુરીઝમની અંદર સ્ટેક છે. એ જ રીતે આ ઇન્ટરનેશનલ ટુરિઝમમાં રાજસ્થાનની વાત કરીએ તો રાજસ્થાન સાતમા નંબર પર છે અને ગુજરાત ઇન્ટરનેશનલ ટુરિઝમમાં દેશમાં પ્રથમ નંબર પર છે. માની વાત થઇ, માના દીકરાઓની વાત થઇ. પોરબંદરના કીર્તિમંદિરની વાત થઇ. પોરબંદરમાં બાપુ વર્ષોથી બેઠા છે. પોરબંદર એ આઝાદી પહેલાંથી જ બાપુનું જન્મસ્થળ છે. આઝાદી પછી કોની સરકાર કેટલા વર્ષ રહી એ બધાં વિષયોની ચર્ચા જ નથી કરવી કારણ કે, બાપુને તો અમે જ યાદ કર્યા. સરદાર વલ્લભભાઇ પટેલ હોય કે મહાત્મા ગાંધી હોય, એમના જન્મસ્થળની વાત હોય કે એમને યાદ કરવાની વાત હોય તો ગર્વથી કહેવું જોઇએ કે શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે તમામ સ્થળ પર બંનેને યાદ કર્યા છે. કીર્તિ મંદિરમાં વર્ષ ૨૦૨૨માં રૂ.૨,૧૮,૬૪,૦૦૦/- રૂપિયાનો ખર્ચ શીતળામાતાના મંદિરથી જે ચોક બન્યો એની પાછળ કરવામાં આવ્યો છે. એ રાજ્ય સરકાર દ્વારા ડેવલપ કરવામાં આવ્યો છે. શ્રી અર્જુનભાઇએ કહ્યું કે લોકો ખૂબ મોટી સંખ્યામાં ક્રૂઝમાં આવતા હોય છે. વર્ષો પહેલાં કીર્તિ મંદિર ક્યાં હતું એ શોધતા લોકોને કલાકો લાગતા હતા. એક સાઇનેજ મૂકી દીધું હોત તો અમારે ૨૦ વર્ષ પછી ના મૂકવું પડત. આ સિવાય અનેક ડેવલપમેન્ટ કીર્તિમંદિર,

પોરબંદરમાં કરવામાં આવ્યું છે. આપ તો ત્યાંના લોકલ ધારાસભ્ય છો. આપ કોઇ પણ સજેશન લાવો. અમે બાપુ માટે હંમેશા તૈયાર છીએ. કીર્તિ મંદિર દેશ નહિ પણ દુનિયાનું નંબર વન સ્થળ બને તે માટે અમે હંમેશા કટિબદ્ધ છીએ. આપના કોઇ પણ સજેશન હંમેશા આવકાર્ય છે. પાવાગઢ એ લાખો કરોડો લોકોનું આસ્થાનું સ્થળ છે. એ પાવાગઢનું મા કાલીનું મંદિર કઇ પરિસ્થિતિમાં હતું? એ મંદિર પર ઘુમ્મટ બનાવવામાં આવે, અદભૂત મંદિર બનાવવામાં આવે અને એ મંદિર પર મા કાલીનું પ્રાચીન મંદિર જેની પર ૫૦૦ વર્ષ પછી દેશના લોકપ્રિય પ્રધાનમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી ધ્વજારોહણ કરે એ આપણા માટે સૌથી મહત્ત્વની વાત છે. આ ધ્વજારોહણ કોઇ સામાન્ય વસ્તુ નથી. જેમ શ્રીમતી નિમિષાબેને કહ્યું, શ્રી જયદ્રથસિંહજીએ કહ્યું, શ્રી ચાવડાજીએ કહ્યું કે આ મંદિર ખૂબ મોટું છે અને સનાતન ધર્મના લોકો માટે આટલું મોટું આસ્થાનું કેન્દ્ર હોય એ મંદિરની વ્યવસ્થા વધુમાં વધુ ઝડપથી થાય એ સારી વાત છે. આ મંદિરમાં સરકાર દ્વારા ઝડપથી ડેવલપમેન્ટ ચાલી રહ્યું છે એ જ પ્રકારે બધાં જ ટુરિઝમ સ્પોટને ડેવલપ કરવા માટે સરકાર કટિબદ્ધ છે. શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર આ બાબતે ઝડપથી કામગીરી કરી રહી છે. અમદાવાદના સાબરમતીના તટે પૂજ્ય બાપુનો સાબરમતી આશ્રમ આવેલો છે. દુનિયાના અનેક દેશોના પ્રધાનમંત્રી આ આશ્રમમાં આવીને પોતાનો સમય વિતાવે છે. વર્ષ ૨૦૧૪થી આજ સુધી કેટલા પ્રધાનમંત્રીઓ, કેટલા દેશના ટોપના નેતાઓએ સાબરમતી આશ્રમમાં આવીને પૂજ્ય બાપુના ચરણોમાં વંદન કર્યા અને વર્ષ ૨૦૧૪ પહેલાં કેટલા લોકો આવ્યા? શ્રી નરેન્દ્રભાઇએ હંમેશા મહાત્મા ગાંધીજીના તમામ સ્થળોને કઇ રીતે રિડેવલપ કરાય, કઇ રીતે દુનિયાની નજરોમાં બાપુના વિચારો પહોંચાડવામાં પ્રયત્નશીલ થવાય એ માટે કામગીરી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દુનિયામાં ક્યાંય ન હોય તે પ્રકારનું મેમોરિયલ સ્થળ બનાવવાની કામગીરી સાબરમતી આશ્રમની ચાલી રહી છે તે ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા થઇ રહી છે. આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં આ આખી કામગીરી કરી રહ્યા છે અને મને પૂર્ણ વિશ્વાસ છે કે આ સ્થળ દુનિયાનું સૌથી બહેતરીન સ્થળ બનશે. હું માનું છું ત્યાં સુધી દુનિયાના સૌથી મોટા સ્ટેચ્યૂમાં બધા ધારાસભ્યશ્રીઓ કદાચ કોઇ કારણસર નહીં આવ્યા હોય પણ હું આશા રાખું છું કે જ્યારે સાબરમતી આશ્રમ બની જાય ત્યારે આ વિધાનસભાના ૧૮૨ ધારાસભ્યશ્રીઓ સાથે રહીને પૂજ્ય બાપુના ચરણોમાં વંદન કરીને કોઇ પ્રેરણા મેળવીને આપણે સૌ લોકો ગુજરાતની જનતાની સેવા કરવામાં આગળ વધીશું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨૦-સન ૨૦૨૩ના ચાંપાનેર-પાવાગઢ આર્કિઓલોજીકલ પાર્ક વર્લ્ડ હેરિટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી (રદ કરવા બાબત) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨૦-સન ૨૦૨૩ના ચાંપાનેર-પાવાગઢ આર્કિઓલોજીકલ પાર્ક વર્લ્ડ હેરિટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી (રદ કરવા બાબત) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨૦-સન ૨૦૨૩ના ચાંપાનેર-પાવાગઢ આર્કિઓલોજીકલ પાર્ક વર્લ્ડ હેરિટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી (રદ કરવા બાબત) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સને ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૯**

ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક**,** ૨૦૨૩

**ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી કનુભાઇ મો. દેસાઇ**(**નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૨૩ના ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૨૩ના ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, પરોક્ષ કરવેરા પ્રણાલિમાં સીમારૂપ સુધારા તરીકે સમગ્ર દેશમાં ૧લી જુલાઇ, ૨૦૧૭થી ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ કાયદાનો અમલ કરવામાં આવેલ છે. સરકારના આવકના મુખ્ય સ્ત્રોત તરીકેની પરોક્ષ કરવેરા પ્રણાલિમાં ચીજવસ્તુઓ અને સેવાઓના સપ્લાયમાં આવતા તમામ કરદાતાઓ સહિત અંતિમ ઉપભોક્તાઓ હંમેશા અર્થતંત્રમાં મોટો ફાળો આપે છે. સમગ્ર વિશ્વ સહિત ગુજરાત રાજ્યએ કોરોનાના કપરાકાળનો સફળતાપૂર્વક સામનો કર્યા બાદ વિકાસની દિશા હાંસલ કરવામાં સફળતા મેળવી છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન રાજ્ય સરકારને જી.એસ.ટી. અને વેટ હેઠળ કુલ રૂ. ૧ લાખ ૩ હજાર ૮૫૫ કરોડની આવક પ્રાપ્ત થઇ છે. જે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન પ્રાપ્ત થયેલ આવક રૂ. ૮૬ હજાર ૭૮૯ કરોડની સરખામણીમાં ૨૦ ટકા વધુ છે. વેરા કર આવકની આવી ઐતિહાસિક સિદ્ધિ નાણાં વિભાગ, જી.એસ.ટી. વિભાગ અને કરદાતાઓના સંયુક્ત પ્રયાસને આભારી છે. હું એ વાત જણાવતાં હર્ષની લાગણી અનુભવું છું કે, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના ટોટલ ગ્રોસ જી.એસ.ટી. કલેક્શનના બજેટ અંદાજ રૂ. ૬૬ હજાર ૩૦ કરોડના લક્ષ્યાંકની સરખામણીમાં ફક્ત પાંચ જ મહિના એટલે કે, એપ્રિલથી ઓગસ્ટ-૨૦૨૩ સુધીમાં રૂ. ૩૫ હજાર ૮૯૦ કરોડનો આંકડો રાજ્ય સરકારે હાંસલ કરેલ છે. જે અગાઉના નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના એપ્રિલથી ઓગસ્ટ-૨૦૨૨ના કુલ રૂ. ૨૯ હજાર ૨૦૪ કરોડની સરખામણીમાં લગભગ ૨૨.૮૯ ટકા જેટલી વૃદ્ધિ બતાવે છે. દેશના ગ્રોથ એન્જિન તરીકે ઓળખાતા ગુજરાત રાજ્યમાં ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસના સિદ્ધાંતને ખરા અર્થમાં સાર્થક કરતાં કરદાતાઓના આંકડાઓને રજૂ કરતા મને ગૌરવ થાય છે. રાજ્યમાં જી.એસ.ટી. કાયદા હેઠળ નોંધાયેલ કરદાતાઓની સંખ્યા ૩૧ ઓગસ્ટની સ્થિતિએ ૧૧,૫૪,૫૮૫ છે. જે પૈકી ૯૩,૯૬૧ કરદાતાઓ કોમ્પોઝિશનના વિકલ્પ હેઠળ નોંધાયેલ છે. અગાઉના નાણાકીય વર્ષની ૩૧ ઓગસ્ટની સ્થિતિએ રાજ્યમાં નોંધાયેલ કરદાતાઓની સંખ્યામાં લગભગ ૨૧,૦૦૭નો વધારો દર્શાવે છે. જી.એસ.ટી. માળખા પ્રમાણે કાયદાના નિયમોમાં સુધારો કરવો, કોઇ માલ કે સેવાને કરમુક્તિ આપવી, કરના દરમાં સુધારો કરવો વગેરે સઘળી પ્રક્રિયા માત્ર કેન્દ્ર અને દરેક રાજ્યોનું પ્રતિનિધિત્વ કરતી બંધારણીય સંસ્થા એવી જી.એસ.ટી. કાઉન્સિલ કરે છે. આમ, આ સમગ્ર પ્રક્રિયા દેશની બંધારણીય શાસન પ્રણાલિનો ભાગ છે. કાઉન્સિલના નિર્ણયો કેન્દ્રીય માલ અને સેવા કર અધિનિયમ-૨૦૧૭ અને જે-તે રાજ્યોના રાજ્ય માલ અને સેવા કર અધિનિયમ-૨૦૧૭ હેઠળ સમગ્ર ભારતમાં દરેક રાજ્યમાં એકસાથે એકસમાન રીતે લાગુ પડે છે. જી.એસ.ટી. કાઉન્સિલની ૪૮મી બેઠક અને ૪૯મી બેઠકની ભલામણોના આધારે કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રમાં જી.એસ.ટી. કાયદાની જોગવાઇમાં સુધારો કરવામાં આવેલ. કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલ સુધારાઓ સાથે સુસંગતતા જાળવી રાખવા માટે તેમજ જી.એસ.ટી. કાઉન્સિલની ભલામણોને શક્ય એટલી ઝડપથી અમલી બનાવવા માટે રાજ્યમાં ગુજરાત માલ અને સેવા સુધારા વટહુકમ-૨૦૨૩ તા. ૩૧મી જુલાઇ ૨૦૨૩ના રોજ બહાર પાડવામાં આવેલ હતો. ''વન નેશન, વન ટેક્સ''ના સૂત્રને ચરિતાર્થ કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલ સુધારા સાથે ગુજરાત જી.એસ.ટી. કાયદામાં પણ સુધારા કરવાના રહે છે. જેથી, જી.એસ.ટી. કાયદામાં સુધારા વિધેયકને હું રજૂ કરું છું. આ સુધારા વિધેયકની એક ખૂબ જ મહત્ત્વની બાબત ગૃહ સમક્ષ મૂકવા માગું છું. કેસિનો, હોર્સ રેસિંગ અને ઓનલાઇન ગેમિંગને લગતા મુદ્દાઓ બાબતે જી.એસ.ટી. કાઉન્સિલની ૫૧મી બેઠકની ભલામણોના આધારે કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રના જી.એસ.ટી. કાયદાની જોગવાઇઓમાં સુધારો કરવામાં આવેલ. આ પ્રકારના વ્યવ્હારો માટે કેસિનો, હોર્સ રેસિંગ અને ઓનલાઇન ગેમિંગના કિસ્સામાં ગેમ ઓફ સ્કિલ, ગેમ ઓફ ચાન્સને ધ્યાનમાં લીધા સિવાય ચીજવસ્તુઓ ગણીને એના પર એકસમાન વેરો લેવામાં આવશે. ઓનલાઇન ગેમિંગના કિસ્સામાં, ઓનલાઇન પ્લેટફોર્મ ઓપરેટરને સપ્લાયર ગણીને વેરો ભરવાનો રહેશે. જેમાં આ પ્રકારના વ્યવહારો કરતાં વિદેશી પ્લેટફોર્મ ઓપરેટરનો પણ સમાવેશ થઇ જશે. વિદેશી પ્લેટફોર્મ ઓપરેટરોએ ફરજિયાત રજિસ્ટ્રેશન લેવાનું રહેશે. આ સુધારો રાજ્યની આવક માટે ખૂબ જ મહત્ત્વનો છે. કારણ કે, એપ્લિકેશન ડાઉનલોડની દૃષ્ટિએ વિશ્વભરમાં

* વિધેયક તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૨૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ભારત એ સૌથી મોટું મોબાઇલ ગેમિંગ માર્કેટ છે. ૧૮ કરોડથી પણ વધુ યુઝર બેઝ સાથે ભારત એક સૌથી મોટું ફેન્ટેસિસ સ્પોર્ટસ માર્કેટ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૫ સુધીમાં, ઓનલાઇન ગેમિંગ સેકટર ૨૦ ટકાનો વૃદ્ધિદર પામીને રૂ. ૨૩૧૦૦ કરોડ સુધી પહોંચવાની અપેક્ષા છે. વર્ષ ૨૦૨૨ દરમિયાન ઓનલાઇન ગેમ રમનારાઓની સંખ્યા દેશમાં ૪૨ કરોડ હતી, જે વર્ષ ૨૦૨૩ના અંત સુધીમાં ૪૪ કરોડ જેટલી થઇ છે. ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશના સિદ્ધાંતને ધ્યાનમાં લઇ, કરદાતાઓને સવલત થાય એ માટે તેમના કોમ્પલાયન્સ કોસ્ટમાં ઘટાડો થાય, તેવી ઘણી અગત્યની જોગવાઇઓ આ વિધેયકમાં કરવામાં આવેલ છે. નાના કરદાતાઓના હિતને ધ્યાનમાં લઇ, ઇ-કોમર્સ ઓપરેટર મારફત ચીજવસ્તુઓ સપ્લાય કરતાં હોય તેવા કરદાતાઓ પણ કંપોઝિશનનો લાભ મેળવી શકે તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. રજિસ્ટ્રેશન રદ કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં, રજિસ્ટ્રેશન પુનઃપ્રાપ્ત કરવા માટે અરજી કરવા અંગેની ૩૦ દિવસની મર્યાદાને વધારીને ફલેક્સિબિલિટી આપવામાં આવેલ છે. કરદાતાઓના કોમ્પ્લાયન્સ કોસ્ટમાં ઘટાડો કરવાના હેતુથી જી.એસ.ટી. કાયદા હેઠળ નાના ગુનાઓમાં ડી-ક્રિમિનલાઇઝેશન એટલે કે, ફોજદારી ગુનો ન લાગું પડે એવા નાના ગુનાઓમાં કેદની સજા અથવા દંડ બંનેની જોગવાઇ દૂર કરવામાં આવે છે. સાથે સાથે ચીજવસ્તુ સેવાનો સપ્લાય કર્યા વિના માત્ર બિલ ઇસ્યુ કરે તે સિવાયના અન્ય ગુનાઓના કિસ્સામાં પ્રોસિક્યુશનની નાણાકીય મર્યાદા રૂપિયા ૧ કરોડની જગ્યાએ રૂપિયા ૨ કરોડ કરવામાં આવી છે. બિનનોંધાયેલ વ્યકિતઓ કે કંપોઝિશનનો વિકલ્પ ધરાવતાં વ્યકિતઓને કાયદાકીય જોગવાઇઓ વિરુધ્ધ પોતાના મારફત ચીજવસ્તુઓ કે સેવાનો સપ્લાય કરવા દેવામાં આવે અથવા તો આઉટડોર સપ્લાયની ખોટી વિગત રજૂ કરવામાં આવે તેવા કિસ્સામાં ઇ-કોમર્સ ઓપરેટર પાસેથી દંડ વસૂલ કરી શકાય એવી જોગવાઇ પણ આ વિધેયકમાં કરવામાં આવી છે. નામદાર સુપ્રીમકોર્ટ અને વિવિધ રાજ્યોની હાઇકોર્ટ દ્વારા ટ્રિબ્યુનલની રચના બાબતે નક્કી કરેલ સિદ્ધાંતોને ધ્યાને લઇને જી.એસ.ટી. ટ્રિબ્યુનલની રચના બાબતે વટહુકમ કરવામાં આવેલ. જેનો પ્રસ્તુત વિધેયકમાં સમાવેશ કરેલ છે. વિધેયક અનુસાર જી.એસ.ટી. ટ્રિબ્યુનલની રચના કેન્દ્રના કાયદા હેઠળ થશે, જેની સ્ટેટ બ્રાન્ચ ગુજરાતમાં સ્થપાશે. આ સુધારાથી કરદાતાઓને હાઇકોર્ટમાં જવાને બદલે ટ્રિબ્યુનલ કક્ષાએથી જ ન્યાય મળી શકશે. આ સિવાય કેટલીક અગત્યની બાબતોમાં, કરદાતાની સંમતિને આધારે ડેટા શેરિંગની જોગવાઇઓનો પણ આ વિધેયકમાં સમાવેશ કરવામાં આવેલ છે. આવી જોગવાઇઓને લીધે, માહિતીના આદાન-પ્રદાનથી કરદાતાને નાણાંકીય સંસ્થાઓમાંથી લોન લેવામાં પણ સરળતા રહેશે. આમ, ગુજરાત જી.એસ.ટી. કાયદાના સુચારું અમલ માટે આવશ્યક બાબતોને આવરી લેતા, આ સુધારા વિધેયકને સર્વાનુમતે મંજૂર કરવા આ સન્માનનીય સભાગૃહને વિનંતી કરું છું.

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માલ અને સેવા વેરા સુધારા વિધેયક ૨૦૨૩, ક્રમાંક-૧૯, નાણા વિભાગ સંભાળતા આદરણીય માનનીય મંત્રીશ્રી કનુભાઇ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જયારે વન નેશન, વન એપ્લિકેશનના હેતુને સાકાર કરતી આ નેશનલ ઇ-વિધાન એપ્લિકેશન જેવો જ કાયદો વર્ષ ૨૦૧૭માં વન નેશન, વન ટેક્સ આ દેશ અને આ રાજ્ય માટે ખૂબ ઐતિહાસિક હતો. ત્યારબાદ અનેકવાર કરદાતાઓને ધ્યાનમાં રાખીને, કરદાતાઓને વધારે હાલાકી ભોગવવી ના પડે, નુકસાન ન થાય તે બધું જ ધ્યાનમાં રાખીને જી.એસ.ટી. કાઉન્સિલની સૂચના મુજબ કેટલાક સુધારા-વધારા અત્યાર સુધી અવાર નવાર થયા છે. પરોક્ષ કરવેરા પ્રણાલિમાં કરદાતાઓને ફાયદો થાય અને તેમના કોમ્પ્લાયન્સ કોસ્ટમાં ઘટાડો થાય તે માટે સરકાર સતત ચિંતિત છે. કરદાતાઓને ટેકસમાં કર ભારણમાં વધુ સરળતા માટે તેમજ તેમને વિવિધ પ્રકારની રાહતો આપવા માટે જીએસટી કાઉન્સિલ દ્વારા અવારનવાર ભલામણ કરવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન જીએસટી કાયદા હેઠળ કરદાતાને ઘણી રાહતો અને છૂટછાટ આપવામાં આવી છે. જેમાં બિપરજોય વાવાઝોડાના કારણે કચ્છ, જામનગર, મોરબી, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં કરદાતા માટે જે પત્રકો રજૂ કરવાની મુદત હતી, એમાં પણ વધારો કરવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રૂ.૨ કરોડ સુધીના ટર્નઓવર ધરાવતા કરદાતાને આવા વર્ષ માટે વાર્ષિક પત્રક રજૂ કરવામાંથી પણ મૂક્તિ આપવામાં આવેલ છે. કોમ્પોઝિશન એટલે કે સંકલિત વેરાનો વિકલ્પ પસંદ કરેલ હોય તેવા નાના કરદાતાને રાહત સ્વરૂપે જૂના પત્રકો રજૂ કરવાની લેઇટ ફીમાં પણ રાહત આપવામાં આવેલ છે. પત્રક કસૂરના કારણે તા.૩૧-૧૨-૨૨ સુધીમાં જે કરદાતાને નોંધણી નંબર રદ કરવામાં આવેલ હોય તેવા કરદાતાઓને નોંધણી નંબર પુનઃ શરૂ કરવા માટે નિયત સમય મર્યાદામાં તા.૩૧-૮-૨૩ સુધીનો વધારો પણ કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૮-૨૩ સુધીમાં પત્રક કસૂરદાર દ્વારા પત્રકો રજૂ કરવામાં આવે તો અધિકાર દ્વારા પસાર કરવામાં આવેલ આકારણી આદેશને પરત ખેંચેલો માની લેવામાં આવશે. જૂના સમયગાળા માટેના વાર્ષિક પત્રકોને નિયત સમય મર્યાદામાં રજૂ કરવામાં આવેલ ન હોય તેવા કિસ્સામાં લેઇટ ફી એટલે કે મોડું થવાને કારણે ભરવાપાત્ર રકમમાં પણ રાહત સાથે આવી લેઇટ ફીની રકમ વાજબી તેમજ તર્કસંગત કરવામાં આવી છે. નોંધણી નંબર રદ થયા બાદ તેની નિયત સમય મર્યાદામાં અંતિમ પત્રક રજૂ કરવામાં આવેલ ન હોય તેવા કિસ્સામાં લેઇટ ફીમાં પણ રાહત અને એ જ દિશામાં આગળ વધતા નાના કરદાતાને ખૂબ મોટી રાહત થવાની છે. જીએસટી કાયદાની હાલની જોગવાઇ મુજબ ઇ-ફોર્મ ઓપરેટર એ લોકોના વાણિજ્યક સંચાલક મારફતે ચીજવસ્તુ કે સેવાના સપ્લાય એટલે કે પુરવઠો કરનાર કરદાતાને કોમ્પોઝિશન એટલે કે સંકલિત વેરાનો લાભ મેળવવાપાત્ર નથી, પરંતુ ઇ-ફોર્મ ઓપરેટર મારફતે ચીજવસ્તુ સપ્લાય કરનાર નાના કરદાતાને પણ કોમ્પોઝિશનનો લાભ મેળવી શકશે તેવી જોગવાઇ પ્રસ્તુત વિધેયકમાં કરવામાં આવી છે.

જેથી એવા કરદાતાને કોમ્પ્લાયન્સ કોસ્ટ એટલે કે કાયદાના અનુપાલન ખર્ચમાં ઘટાડો ૧૦૦ ટકા થશે. જી.એસ.ટી. કાયદાની હાલની જોગવાઇ ધ્યાને લેતા રજિસ્ટ્રેશન રદ કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં રજિસ્ટ્રેશન નંબર પુનઃ શરૂ કરવા માટેની અરજી કરવા માટેની સમય મર્યાદામાં ૯૦ દિવસ છે, જેનો ઉલ્લેખ કાયદાની જોગવાઇઓમાં કરવામાં આવેલ છે એને પરિણામે આવી સમય મર્યાદામાં ચૂકી જાય તો રજિસ્ટ્રેશન નંબર પુનઃ શરુ કરવા માટે અપીલ દાખલ કરવાની રહેશે એવી જોગવાઇ હોવાના કારણે કરદાતાને મુશ્કેલી સાથે કોમ્પ્લાયન્સ કોસ્ટનો સામનો કરવો પડતો હતો. આથી કરદાતાના હિતમાં જે ફ્લેક્સિબિલિટી એટલે કે સરળતા જળવાઇ રહે તે હેતુથી રજિસ્ટ્રેશન નંબર પુનઃ શરૂ કરવા માટેની અરજી કરવા અંગેની મર્યાદા નિયમોથી નકકી કરી શકાય તેવી જોગવાઇ પ્રસ્તુત વિધેયકમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કરદાતાઓના કોમ્પ્લાયન્સ કોસ્ટમાં ઘટાડો કરવાના હેતુથી જી.એસ.ટી. કાયદા હેઠળ કેટલાક નાના ગુનાઓ જેવા કે કોઇ અધિકારીને પોતાની ફરજો બજાવતા અવરોધવા, અટકાવવા, કોઇ મહત્ત્વના પુરાવા અથવા દસ્તાવેજો સાથે ચેડા કરવા કે તેનો નાશ કરવો. કોઇ માહિતી પૂરી ન પાડવી અથવા ખોટી માહિતી પૂરી પાડવી વગેરેના પ્રસ્તુત વિધેયકથી ગુનાહિત કાર્યોમાં ઉચિત કાયદાકીય રાહત કરવામાં આવે છે. આ ઉપરાંત બિલિંગ સિવાયના અન્ય ગુનાઓના કિસ્સામાં પ્રોસિક્યુશન એટલે કે ગુનાહિત કાર્યવાહી અંગે ફરિયાદ માટેની નાણાકીય મર્યાદા જે મંત્રીશ્રીએ જણાવ્યું તે પ્રમાણે બે કરોડ રૂપિયા કરવામાં આવી છે. હાલની જોગવાઇને ધ્યાને લેતા પત્રક કસૂરદાર કિસ્સામાં આકારણી કર્યા બાદ આકારણી આદેશ બજ્યાના ૩૦ દિવસમાં જો યોગ્ય પત્રક રજૂ કરી દેવામાં આવે તો અધિકારી દ્વારા પસાર કરવામાં આવેલા આકારણી આદેશને પરત ખેંચેલા માની લેવામાં આવશે. પત્રક કસૂરદારના કિસ્સામાં આકારણી કર્યા બાદ પત્રક રજૂ કરવા માટે વધુ દિવસનો એટલે કે ૬૦ દિવસનો સમય આપવા માટે તેમજ આવો સમય પૂર્ણ થયા બાદ લેટ ફી એટલે કે મુદત વિતી ફી સહિત વધુ બીજા ૬૦ દિવસનો સમય આપવા માટેની જોગવાઇ હોવાના કારણે કેટલીકવાર કરદાતાઓને મુશ્કેલી સાથે કોમ્પ્લાયન્સ કોસ્ટનો સામનો કરવો પડતો હતો. આથી કરદાતાના હિતમાં જે સરળતા જળવાઇ રહે તે હેતુથી રજિસ્ટ્રેશન નંબર પુનઃ શરૂ કરવા માટે અરજી કરવા અંગેની મર્યાદામાં નિયમોથી નક્કી કરી શકાય તેવી જોગવાઇ પ્રસ્તુત વિધેયકમાં કરવામાં આવી છે. જેથી આવા કિસ્સામાં કરદાતાને રીકવરી એટલે કે બાકી વસૂલાતની કાર્યવાહીમાં ખૂબ મોટી રાહત મળી રહેશે. દેશમાં દાખલ થયા વિના દેશની બહાર થતા ચીજવસ્તુના પુરવઠાના વ્યવહારો તેમજ ઘરેલું વપરાશ માટેના ક્લિયરન્સ પહેલાં વેરહાઉસમાં હોય તેવી ચીજવસ્તુના સપ્લાયના વ્યવહારને જી.એસ.ટી. કાયદા હેઠળ સપ્લાય ન ગણવા બાબતની જોગવાઇ તા. ૧-૨-૨૦૧૯ની અસરથી અમલી બનાવવામાં આવી હતી. વર્ષ-૨૦૧૮ના સુધારાથી અમલી બનાવવામાં આવેલી હતી પરંતુ તા. ૧-૭-૨૦૦૭થી તા.૩૧-૧-૨૦૧૯ સુધીના વ્યવહારને પણ આવી જોગવાઇનો લાભ મળે અને તેના પર જી.એસ.ટી. કાયદા હેઠળ કોઇ વેરાકીય જવાબદારી આવે નહીં તે હેતુથી જોગવાઇને પશ્ચાદવર્તી અસરથી એટલે કે તા. ૧-૭-૨૦૧૭ની અસરથી અમલી બનાવવામાં આવશે. આવી તમામ બાબતોને ધ્યાને લેતાં જી.એસ.ટી. કાયદામાં સુધારા અંગે મંત્રીશ્રી જે આ વિધેયક લાવ્યા છે તેને હું સમર્થન આપું છું અને પ્રથમ વખત ઇ-વિધાનસભામાં આ જે ૨૦૧૭નું ઐતિહાસિક બિલ હતું, વન નેશન વન ટેક્સ તેના ઉપર મને મારા વિચારો રજૂ કરવાની તક મળી છે એ બદલ હું આપશ્રીનો આભાર માનું છું અને આ બિલને સમર્થન આપું છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા**(**પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે સુધારા વિધેયક લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જી.એસ.ટી. છે તે સમયની જરૂરિયાત હતી. સમયની જરૂરિયાત પ્રમાણે જે લોકોને નહોતું સમજાતું તેને મોડું મોડું પણ સમજાયું અને આખરે જી.એસ.ટી. લાવવામાં આવ્યું અને તેના પછી સુધારા પણ થયા. બાળકોને સમયસર દાઢ આવે તો તેને દાઢ કહેવાય પણ પછી મોડી મોડી આવે તેને ડહાપણ દાઢ કહેવાય.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક પર બોલો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : એટલે આ ડહાપણ દાઢ આવી. એટલે હું આવકારું છું. નહીં તો એમ કહેતા હતા કે આ કોઇ દિવસ થઇ શકે નહીં. આધાર કોઇ દિવસ સફળ જવાનો નથી. જી.એસ.ટી. ક્યારેય સફળ જવાની નથી. એ જ લોકો આજે હવે વન નેશન, વન કાર્ડ કેટલુંય લઇને આવે છે. આપણને કંઇ વાંધો નથી. વાત એ હતી કે માનનીય મંત્રીશ્રી સજ્જન છે. મને એમ હતું આ બિલ લાવે છે તો ૨૮ ટકાનો સ્લેબ ઘટાડીને ૧૫ ટકાની નીચે બધા સ્લેબ લઇ આવશે. પણ એ તો આવ્યું નહીં. અહીં તો બીજું કંઇક આવી ગયું. માનનીય નાણામંત્રીશ્રી છે એ વેપાર, ઉદ્યોગ, સામાન્ય લોકો બધાની સાથે એમનો વહેવાર રહ્યો છે એટલે આપણે જે કર ઉઘરાવીએ એ એવી રીતે ઉઘરાવવો જોઇએ કે જે રીતે મધુમખ્ખી છે એ ફુલમાંથી અર્ક લઇ લે પણ ફુલને કોઇ નુકસાન ન થાય, ઉલટાનો એનો ગ્રોથ થાય, વધારે સારું ઝાડ થાય અને વધારે એનું ફલિનીકરણ કરીને એનો ગ્રોથ થતો રહે એની જગ્યાએ કંઇકને કંઇક આકરા ડોઝ દરેક વખતે આવતા રહેતા હોય છે. હું એક રાજાની અહીંયા વાત કહેવા માગીશ.

ઉપાધ્યક્ષશ્રી : ના, આપણે દાખલા નથી આપવા વિધેયક ઉપર જ બોલો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી**,** દાખલા આપવા જોઇએ. સારો દાખલો છે.

ઉપાધ્યક્ષશ્રી : ના, ના વિધેયક ઉપર જ બોલો.

તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩

ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક, ૨૦૨૩

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : સારો દાખલો છે. મારા અને આપના રૂટ સાથે જોડાયેલો દાખલો છે. વિધેયકનો જ દાખલો છે. સારો દાખલો છે. એક વટેમાર્ગુ છે એ ધોમધખતા તાપમાંથી પસાર થતો હતો અને એને ખૂબ તરસ લાગી, તરસ લાગી આજુબાજુમાં કશું દેખાયું નહીં. એને રસ્તામાં એક માતા મળી શેરડીનો વાડો હતો સરસ મજાનો અને માતા પાસે એણે પાણી માંગ્યું તો માતા તો ગુજરાતની પ્રજા જેવી ઉદાર હતી, એણે કીધું કે પાણી શું કરવા, હું તમને શેરડીનો રસ પીવડાવું. માતાએ દાતરડી મારી એટલે પાણી, એ સાંઠાની નીચે રાખ્યું અને ગ્લાસ ભરાઇ ગયો એ રાજાને આપી દીધો. રાજાએ કહ્યું કે બીજો ગ્લાસ આપો અને માતાને પણ એમ થયું કે હું બીજો ગ્લાસ પીવડાવું પછી એક શેરડીમાં દાતરડી મારી, રસ ન નીકળ્યો, બીજીને દાતરડી મારી, ત્રીજીને દાતરડી મારી પણ રસ ન નીકળ્યો એટલે માતા દુઃખી થઇ ગઇ કે આવું કોઇ દિવસ બને નહીં, મેં હમણાં જ રસ પીવડાવ્યો અને હવે આવું શું કરવા થાય છે તો માતા કહે છે કે રસહીન ધરા થઇ કયાં દયાહીન થયો નૃપ નહીં તો આવું ના બને આવું બોલી માતા ફરી રડી. ત્યારે રાજાએ કહ્યું કે માતા રસહીન ધરા નથી થઇ, પણ એ હું જ છું નૃપ, મને કર માફ બાઇ, એ હું જ છું નૃપ. મને માફ કરીશ? એટલે રાજા દયાહીન નહીં થવો જોઇએ. એણે દયા રાખીને કામ કરવું જોઇએ. એટલે મારી વિનંતી એટલી હતી કે આવું કંઇક લઇ આવ્યા હોત, પેટ્રોલમાંથી, ડીઝલમાંથી ખૂબ કંપનીઓ કમાઇ છે તો ચાલો એમનો ટેક્સ થોડો ઓછો કરીએ, જે આપણો રાંધણ ગેસ છે એમાંથી ટેક્સ નાબૂદ કરીએ, ટ્રેકટરનો ટેકસ છે એ માફ કરી દઇએ. બીજા ખેતીવાડીના ઇમ્પ્લિમેન્ટસ છે એની ઉપર માફ કરી દઇએ, નાના ગરીબ લોકોના ઘર વેચાય છે, ઘર લે છે એના ઉપરનો કરવેરો માફ કરી દઇએ તો અમે બધા આવકાર આપેત પણ એવું થયું નથી અને બીજું આવા સજ્જન નાણામંત્રી છે એ આ બિલ લઇ આવ્યા છે એમાં સટ્ટાબાજી, કેસીનો, જુગાર, ઘોડાની રેસ, લોટરી અને ઓન લાઇન થતી તમામ ગેમોને કાયદેસરનું સ્વરૂપ આપી દીધું. હવે ટેકસપાત્ર બનાવી દીધું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આપણે ત્યાં મુંબઇનો એન્ટી ગેમ્બલિંગ એકટ ૧૮૮૬નો છે એ પ્રમાણે આપણે ગ્રાઉન્ડ ઉપર જુગાર રમી શકતા નથી. આપ પણ ભૂતકાળમાં પકડવા ગયા હશો અને આપણા ભાઇઓ જતા હશે એ જાય તો એને પકડી આવે, પછી મેં એની એફ.આઇ. આર. વાંચી છે. આપને ખબર છે પણ મારા મિત્રોને ખબર નહીં હોય તો કે એ આ એકસ.વાય.ઝેડ નામના ભાઇ પોતાના ઘેર બોલાવી નાલ ઉઘરાવી અને જુગાર રમતા પકડાયા અને આટલો મુદ્દામાલ પકડાયો. *(**xxx**) અને વરલી મટકાના આંકડા હતા. (અંતરાય) એ બુકી કહેવાતા. રતન ખત્રીની વાત કરો છો, અત્યારે શેરીએ અને ગલીએ રતન ખત્રી થઇ ગયા છે. હવે *(**xxx**) હકીકત એ હતી કે ગુજરાત તો કેટલું આ બાબતમાં મજબૂત હતું એન્ટી ગેમ્બલિંગની અંદર. આખા દેશના કેટલાય રાજ્યોએ લોટરી શરૂ કરી, ઘણા લોકોએ સલાહ આપી કે બહારના રાજ્યોએ શરૂ કર્યું છે, લોટરીમાં આટલી આવક થાય છે. પણ ગુજરાતની કોઇપણ સરકારે ક્યારેય લોટરીના ધંધામાં પગ મૂક્યો નથી. આપણે ત્યાં લોટરી ક્યારેય શરૂ ન થઇ. હવે તો દેશ અને દુનિયાના બધા જ લોટરીઓ અહીંયા બેસીને રકમે. લંડનની રેસ અહીંયા બેસીને લડશે. ક્રિકેટનો સટ્ટો અહીંયા બેસીને રમશે. સોશિયલ મીડિયામાં જોતા હો તો એક જાહેરાત આવે છે, રમી રમવાની, તીનપત્તી (અંતરાય) શું નામ આવે છે?

<u>ઉપાધ્યક્ષશ્રી</u> : બિલ ઉપર બોલો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, કોણ નિષ્ણાત છે? શ્રી જીતુભાઇ, તમને અને મને ખ્યાલ છે કે હાઉસની અંદર અને બહાર કોણ નિષ્ણાત છે. (અંતરાય) હું બિલ અંગે કહું તો ખંડ-૧૦૨ પછી નીચેનો ખંડ દાખલ કરવો. નિર્દિષ્ટ દાવાપાત્ર હક્ક એટલે સટ્ટાબાજી, કેસિનો, જુગાર, ઘોડા દોડ, લોટરી અથવા તો ઓનલાઇન મની ગેમિંગ. એટલે હવે કેસિનોથી શરૂ કરીને બધું જ ઓનલાઇન ચાલુ થઇ ગયું અને આપણી સરકારે બુકીનો ધંધો શરૂ કર્યો.

<u>ઉપાધ્યક્ષશ્રી</u> : *(XXX) એ શબ્દ બરાબર નથી એટલે રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : ધંધો નહીં વ્યવસાય બોલીશ. સરકારે આ ન કરવું જોઇએ. આપણી આવકના સ્ત્રોતો વધારવાની કેટલીય જગ્યાઓ છે. એ બધી જગ્યાએ કરી શકતા હોત. ગુજરાતે ક્યારેય પહેલ ન કરવી જોઇએ. લોટરી આજની તારીખે દાખલ કરી નથી. આપણે રેસકોર્સ બીજી જગ્યાએ ચાલુ હશે પણ આપણે ત્યાં નથી. ઓનલાઇન લોટરી ઘણા લોકોએ શરૂ કરી પણ આપણે ઓન લાઇન કે ઓફ લાઇન લોટરી શરૂ કરી નથી. આપણે આ ચાલુ કરીને શું કરવા માગીએ છીએ? (અંતરાય) અત્યારે ચાલુ જ છે. આની ઉપર ટેક્સ નાખી દીધો એટલે રેગ્યુલરાઇઝ કરી દીધું. બીજા ન ઉઘરાવે અમે ઉઘરાવીશું. આ કદાચ ન લઇ આવ્યા હોત તો બિલને ટેકો આપત. ઓન લાઇન હોય કે ઓફ લાઇન હોય, જુગારમાં કોઇ દિવસ કોઇ જીતતું નથી હોતું. માત્ર બુકીઓ જીતે છે. એ સિવાય કોઇ જીતતું નથી. પ્રજાને બરબાદ કરનારો કોઇપણ શોખ હોય તો એ એક પ્રકારનો જુગાર છે. એ પ્રજાને, ઘરને અને કુટુંબને બરબાદ કરનારો છે. આ રોગ છે. આપણે એને ક્યારેય માન્યતા આપવી ન જોઇએ. હમણાં મેં વાંચ્યું હતું કે તમિલનાડુમાં આ ઓનલાઇન ગેમિંગ છે એના ઉપર પ્રતિબંધ મૂકતું બિલ લઇ આવ્યા. આપણે એવું બિલ લાવ્યા હોત તો જરૂર ટેકો આપત. આપણે આ બધું કરીને એને કાયદેસરતા આપવા માગીએ છીએ? અહીં રાજકોટના ઘણા મિત્રો છે એમને ખબર છે. રાજકોટમાં અને ઉત્તર ગુજરાતનાં બે-ત્રણ શહેરો એવાં છે કે ત્યાંના બુકીઓ અને સટ્ટાબાજો ભાવ લેનાર-દેનાર આખા દેશમાં પ્રખ્યાત છે. એને ભાગીને દુબઇ જતું રહેવું પડ્યું છે. એ હવે વટથી

---

* માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ધંધો કરશે અને આખા દેશને જુગાર રમાડશે. આ આપણે નહીં કરવું જોઇએ એવું હું માનું છું અને મારે વિશેષ વધારે કશું કહેવું નથી, પણ બિલની અંદર માનનીય વડાપ્રધાનશ્રીને આપના મારફત હું વિનંતી કરીશ કે આપણી જે કાઉન્સિલ છે એની અંદર પણ આ સુધારા લઇ આવ્યા એના કારણે બિલ લાવવું પડ્યું એ આપણે સુધારો કરવાની જરૂર ન હતી. આને રદ કરવું જોઇએ અને ઓનલાઇન ગેમિંગની તમામ એપને બાન કરી દેવી જોઇએ. એના ઉપર પ્રતિબંધ મૂકી દેવો જોઇએ કારણ કે, નવી પઢી આ ઓનલાઇન ગેમિંગની અંદર છે. હવે તો એવું થવાનું કે જે થોડો ઘણો ડર હતો એ જતો રહેવાનો. ભાઇ હોય, બહેન હોય એ બધા જેને જવું હોય એ ઘરમાં બેસીને રમે. એક ઇંગ્લેન્ડમાં બેઠા હોય અને એક અહીંયા બેઠા હોય તો અહીંયા બેઠા બેઠા રમવું હોય એ બધાને હવે છૂટ છે. આપણી ક્રિએટીવિટીને પણ બરબાદ કરી દેશે એટલે આ બાબત સાથે હું સંમત થઇ શકતો નથી. બીજા થોડા મારા મુદ્દાઓ જી.એસ.ટી.ને લગતા છે એમાં અમુક બાબતો એના પછીના બિલમાં બોલવાની થશે પણ આની અંદર જે જેન્યુઇન ટેક્સ ભરનારા છે એ હેરાન ના થાય અને ટેક્સ ચોરો છે એ છટકી ના જાય એવી જે કોઇ વ્યવસ્થા કરતા હોય તો હું અને અમારો પક્ષ અને બધા જ આપને સહયોગ આપશે એટલી ખાતરી સાથે આ જુગારની બાબતમાં સરકાર કાયદેસરતા આને આપી રહી છે એ બાબતમાં અમે સંમત થઇ શકતા નથી આટલી વાત કરીને મારીવાત પૂરી કરું છું, નમસ્તે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણામંત્રીશ્રી જે કર સુધારા વિધેયક લઇને આવ્યાં છે એના સમર્થનમાં હું અહીં ઉપસ્થિત થયો છું. અહીં ભારતીય સંસ્કૃતિની જે પરંપરા છે એ સનાતન સંસ્કૃતિની પરંપરામાં કર બાબતો અને કર પ્રણાલીને મહર્ષિ કૌટિલ્યે પોતાના શબ્દોમાં વાત કરી છે.

यथा अल्पा अल्पः, मदंत्याम वार्यो कत्वत्स सत्पदाः।

तथा अल्पा अल्पो, गहिंतव्यो राष्ट्रार्थ शब्दाहिकक्करः।।

એટલે કે રાષ્ટ્રના હિતમાં જે પ્રકારે વાછરડું દૂધ પીવીને પોતે પરાવર્તન આપે છે એ પ્રકારે રાષ્ટ્રના હિતમાં કર ઉઘરાવીને રાષ્ટ્રના નિર્માણ માટે આ કર પધ્ધતિનો અમલ કરવામાં આવ્યો. ગુજરાતના પનોતા પુત્ર અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલે જે પ્રકારે સમગ્ર રજવાડાઓને એક કર્યા અને રાષ્ટ્ર નિર્માણનું કામ કર્યું એ જ પ્રકારે આપણા દેશના વડાપ્રધાનશ્રી અને આ ગુજરાતના પનોતા પુત્ર આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે 'વન નેશન વન ટેક્સ'ની પોલિસી લાવીને રાષ્ટ્ર નિર્માણની વાત કરવામાં આવી છે. અહીયા સમય અને કસમયની વાત થઇ. બાળકના સમય ઉપર દાંતની વાત થઇ તો મારે એ બાબતમાં કહેવું છે કે જો બાળક દાંત લઇને જન્મે તો એ સમાજમાં બાળકને શું કહેવું? જે તે વખતે વન એપ્લિકેશન, વન નેશન, વન ટેક્સની કર પ્રણાલીની અમલવારી બનાવવી જોઇતી હતી ત્યારે વન નેશન વન ગ્રીડની આવશ્યકતાની જરૂરિયાત હતી. તે વખતે સમગ્ર ભારત વર્ષની અંદર ઇન્ટરનેટરની જરૂરિયાત હતી, તે વખતે સમગ્ર ભારત વર્ષના દરેક ગામની અંદર ઇલેક્ટ્રિસિટીની જરૂરિયાત અને આવશ્યકતા હતી તે સમયે ઉપલબ્ધી ના હોવાના કારણે આ વન નેશન અને વન ટેક્સ અમલીકરણ તમે કરતા હતા ત્યારે બરાબર કરતા ના હતા એ વાત કરેલી હતી, નહીં કે જી.એસ.ટી.ના વિરોધની વાત કરેલી હતી માટે અત્યારે જ્યારે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ દેશનું સુકાન સંભાળ્યું અને સમગ્ર ભારત વર્ષની અંદર ઇલેક્ટ્રિસિટી કરી વન નેશન વન ગ્રીડ આપીને ગામડે ગામડે લાઇટ પહોંચાડી ત્યારે સામાન્ય એવો બકાલું અને કરિયાણું વેચવાવાળો પણ પોતે ટેક્સ ઉઘરાવીને પ્રામાણિક કરદાતા બન્યો છે એનું માત્ર ને માત્ર કારણ રાષ્ટ્ર નિર્માણમાં હોય તો માનનીય નરેન્દ્રભાઇને ધન્યવાદ આપવા ઘટે છે. માનનીય ભૂપેન્દ્રભાઇ સાહેબના નેતૃત્વની અંદર, આદરણીય નાણામંત્રીશ્રી કનુભાઇના માર્ગદર્શનથી અને સરકારી અધિકારીઓના પ્રયાસોથી જી.એસ.ટી.ના કમ્પ્લાયન્સિસની અંદર ગુજરાત રાજય સમગ્ર દેશમાં મોખરે છે. ગુજરાત રાજય જયારે મોખરે છે એની માહિતી હું આ ગૃહની અંદર આપના માધ્યમથી આપવા માગું છું. સમગ્ર દેશની અંદર જી.એસ.ટી.ના પત્રકો રજૂ કરવામાં સમય મર્યાદાનું પાલન કરવામાં ૮૬ ટકા સાથે ગુજરાત પ્રથમ નંબર ઉપર છે. દેશની એવરેજ કરતા ૭ ટકા વધારે કરદાતાઓ પોતાના પત્રકો રજૂ કરે છે. ગુજરાતીપણું પોતાનું રાષ્ટ્રનિર્માણમાં એ કરદાતા આપી રહ્યો છે. જે કુલ પત્રકો રજૂ થાય છે એ કુલ પત્રકોના પણ ૯૮ ટકા પત્રકો રજૂ કરવામાં ગુજરાત રાજય પ્રથમ છે. ચીજવસ્તુઓના વહનમાં, પરિવહનમાં ઇ-વે બિલ અને ઇ-વે વેરિફિકેશન આ પણ ખૂબ મહત્ત્વનું છે. અહીંથી જે વાત થઇ કે પરેશાની અને મુશ્કેલી, ગુજરાત સરકારે આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં અને શ્રી કનુભાઇના માર્ગદર્શનમાં જે અધિકારીઓ, જે પ્રણાલી ઊભી કરેલી ઇવે વેરિફિકેશનમાં કોઇપણ વેપાર કરનાર વ્યક્તિ પોતાનો માલ સપ્લાય કરતો હોય ત્યારે પોતાના ઘરેથી, પોતાની દુકાનેથી ઓનલાઇન એપ્લિકેશનથી તરત જ પોતે એમાં પોતાના માલનું રજિસ્ટ્રેશન કરાવે છે અને એનું ઇ-વે વેરિફિકેશન પણ થાય છે. સરકાર પણ એટલીને એટલી સજાગપણે અને જાગૃતપણે એમાં વેરિફિકેશનની અંદર જયાં જયાં ટોલટેક્સ છે કે જયાં જયાં એવી જગ્યાઓ છે ત્યાં ઊભા રહીને ઇ-વે બિલનું વેરિફિકેશન કરીને ટ્રકના નંબર રાખીને એની અંદર શું જઇ રહ્યું છે અને શું નથી જઇ રહ્યું એ ચેક કરીને જે ખોટું કામ થઇ રહ્યું હોય એને પકડી અને જે પ્રમાણિક કરદાતા છે, જે પ્રમાણિક વેપારી છે, સામાન્ય માણસ છે એને ઉપયોગી થવા માટે આ ભારતીય જનતા પાર્ટી સરકારના માનનીય પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ કામ કરી રહ્યા છે. હું ગૃહનું એ બાબત ઉપર ધ્યાન દોરવા માગું છું કે આવું ખોટું કામ

કરીને બોગસ બિલિંગના કામમાં જે આગળ વધે છે એ બોગસ બિલિંગનાં કામમાં પણ ગુજરાત રાજયે અત્યારસુધી ૧૦૦ લોકો ઉપર કાર્યવાહી કરી અને જેલની અંદર નાખી દીધા હોય તો એ સમગ્ર ભારત વર્ષની અંદર આ કાયદામાં કામ કરનારું ગુજરાત રાજય પ્રથમ છે. એમ કરીને પણ સામાન્ય માણસને, સામાન્ય વેપારીને ઉપયોગી થવાની વાત આવી છે. વારંવારનું મોનિટરિંગ હોય કે વારંવારની રિવ્યુ બેઠકો હોય અને સતત રિવ્યુ અને મોનિટરિંગ કરીને જી.એસ.ટી.ની અંદર કમ્પ્લાયન્સિસ લાવવાના આશયથી આ પ્રસ્તુત વિધેયકની જોગવાઇઓ પણ લાવવી પડતી હોય છે. જેની અંદર દાતાર્થીની પોલિસીની અમલીકરણની દિશામાં જી.એસ.ટી. હેઠળ કરદાતાએ રજૂ કરવાના થતા પત્રકો, એનું સ્ટેટમેન્ટ, એની મહત્તમ સમયમર્યાદામાં નક્કી કરવાની થતી હોય છે. નક્કી કરવાની સમયમર્યાદા ત્રણ વર્ષની. પત્રક ત્રણ વર્ષથી વધારે રજૂ કરી શકે નહીં પરંતુ એમાં પણ કોઇ સાચો કરદાતા હોય, પ્રમાણિક કરદાતા હોય અને યોગ્ય કારણો હોય તો એના ઉપર કાઉન્સિલની ભલામણથી છૂટછાટ લઇને એને ઉપયોગી અને મદદરૂપ થવા માટે સરકાર આ બાબતને વિધેયકમાં લાવી છે. નોંધાયેલા હોય કે ન નોંધાયેલા હોય, ઇ-કોમર્સનો વિકલ્પ ધરાવી અને જે ઓપરેટરો ઓપરેટિંગ કરતા હોય છે એ ઓપરેટરો મારફત સામાન્ય નાના કોઇ વેપારી કે કોઇ સામાન્ય વેચનાર એ જયારે માલનું પરિવર્તન થતું હોય એમાં પણ કોઇ જયારે ગફલત કરવા જાય, એમાં પણ કયારેય કોઇ ખોટું કરવા જાય છે ત્યારે ઇ-કોમર્સ ઓપરેટર ઉપર પણ દંડની જોગવાઇઓનું આના ઉપર પ્રાવધાન કરવામાં આવ્યું છે. ગુજરાત સરકાર જી.એસ.ટી.ની ફેસલેસ પદ્ધતિ લાવી છે. ભ્રષ્ટાચારનું સંપૂર્ણપણે નિકંદન કાઢી કયાંય કોઇ વસ્તુ ન આવે, ફેસલેસ એપ્લિકેશનથી માત્ર સાત દિવસમાં આ રજિસ્ટ્રેશન કરવામાં આવે છે. આઠમા દિવસે આપોઆપ જો જવાબ ન આપવામાં આવે તો એ વ્યક્તિનું રજિસ્ટ્રેશન થઇ જાય છે અને એમાં કંઇપણ ખોટું થાય તો એ અધિકારીની જવાબદારી પણ ઊભી થતી હોય છે. આ પ્રકારે ૧૦૦ ટકા સ્પોટસ વેરિફિકેશન પણ કરવામાં આવે છે. ઉપરાંત નાના નાના લોકો આ બાબતથી પ્રેરાય અને ગુજરાત સરકારે "મેરા બિલ મેરા અધિકાર" નામની એક યોજના ચલાવી છે. મેરા બિલ મેરા અધિકાર નામની યોજના સાથે સામાન્યમાં સામાન્ય લોકો પણ જી.એસ.ટી. ભરતા થાય, તેમાં તેને પ્રોત્સાહન મળે તેવી બાબત લાવી ગુજરાત સરકારના માનનીય નાણામંત્રીશ્રીએ નીચે સુધી લઇ જવાની કામગીરી જે કરી છે તે અભિનંદનને પાત્ર છે. ૬૦ દિવસની અંદર આ જી.એસ.ટી.નું રિફંડ આપી દેવું ફરજિયાત બને છે. તે પ્રકારે કોઇ કરદાતા છે તે તમામ કરદાતાઓને પોતાનું રિફંડ પ્રાપ્ત થાય તેવી તમામ જોગવાઇઓ સાથે આજનું આ બિલ જે નાણામંત્રીશ્રી લાવ્યા છે તેને હું સમર્થન કરું છું. સાથે સાથે આજે ઇ.નેવા લોન્ચ થયું અને સૌને જોડવા માટે તથા પ્રથમ દિવસે મને જે મોકો આપ્યો તે બદલ આપ સાહેબને ધન્યવાદ.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી કિરીટભાઇ પટેલ. કિરીટભાઇ પટેલ, માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રીશ્રી ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક ૨૦૨૩ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વન નેશન વન ટેક્સ તે અનુસંધાનમાં દેશના તમામ રાજયોના નાણામંત્રીઓની જી.એસ.ટી. માટેની કાઉન્સિલની મિટિંગ મળે છે તે મિટિંગની અંદર દરેક રાજ્ય પોતપોતાના ક્ષેત્રમાં ટેક્સની જે નીતિ છે તેની ચર્ચા વિચારણા તેમાં કરતા હોય છે. જી.એસ.ટી.ની કાઉન્સિલની અંદર ચર્ચા થયા પછી કેન્દ્રના નાણામંત્રી જયારે સુધારા વધારા માટેની જાહેરાત કરે છે ત્યારે સ્વાભાવિક છે કે, દરેક રાજયની વિધાનસભામાં તેની સંમતિ માટે મોકલવામાં આવે છે. જે રીતે કેન્દ્રના નાણામંત્રીશ્રીએ જે સુધારો કર્યો અને જેમાં ટેક્સ નાખવાની વાત કરી તેમાં સટ્ટાબાજી, કેસિનો, જુગાર, ઘોડાદોડ, લોટરી, ઓનલાઇન મની ગેઇમ. આની ઉપર કેન્દ્ર સરકાર દ્વારા ટેક્સ નાખવામાં આવ્યો. આ જે ઓનલાઇન ગેઇમ ચાલે છે તેની ઉપર કેન્દ્ર સરકાર ટેક્સ લેશે અને તેનો ભાગીદાર રાજ્ય સરકાર પણ રહેશે. કલમ-૨૬માં એવું લખ્યું છે કે, પરિચ્છેદ-૬માં લોટરી, સટ્ટા અને જુગાર એ શબ્દોને બદલે ''**નિર્દિષ્ટ કરેલા દાવાપાત્ર હક્કો**'' તેવા શબ્દનો ઉલ્લેખ કરવામાં આવશે. તેમાં કલમ-૨૭માં એ પણ લખ્યું છે કે, આ અધિનિયમ હેઠળ કરેલા સુધારાથી સટ્ટો, કેસિનો અને કેસિનો એટલે જુગારનો અડ્ડો, જુગાર, ઘોડાદોડ, લોટરી અથવા ઓનલાઇન ગેઇમને પ્રતિબંધિત-નિયંત્રિત કરવા અથવા તેનું નિયમન કરતી જોગવાઇ કરતા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇપણ કાયદાની જોગવાઇઓને બાધ આવશે નહીં. હું સમજું છું કે, રાજ્ય સરકારની અંદર અને ખાસ કરીને ગુજરાત રાજયની અંદર તમે ખુલ્લામાં જુગાર રમો તો જુગારધારા કલમ-૧૨નો ઉપયોગ કરવામાં આવે છે અને ઘરની અંદર તમે જુગાર રમો તો કલમ-૪ અને કલમ-૫ નો ઉપયોગ કરીને જુગાર રમતા લોકોને ઍરેસ્ટ કરવામાં આવે છે. પ્રશ્ન એ આવીને ઊભો રહેશે કે, આપણા રાજયની અંદર આવેલા આઠ મોટા શહેરો છે તેમાં કોઇપણ જગ્યાએ કેસિનો નથી. આપણે માતૃભાષાનું બિલ લાવ્યા હતા, ગુજરાતી આપણી માતૃભાષા, આપણે માતૃભાષાનો જ ઉપયોગ કરવો જોઇએ કારણ કે ગુજરાતી આપણી માતૃભાષા છે. તો માનનીય અધ્યક્ષશ્રી, કેસીનોનો અર્થ થાય છે જુગારનો અડ્ડો. તો જુગારના અડ્ડાઓ ગુજરાતમાં ગામે ગામ ચાલે છે, કોઇ જગ્યા એવી નથી કે જુગારનો અડ્ડો ન હોય અને ત્યાં જુગાર રમાતો ન હોય. તો માનનીય મંત્રીશ્રી મને આપ જણાવજો કે નાણાં મંત્રી તરીકે આપ નાણાં ઉઘરાવશો કે ગૃહ મંત્રી તરીકે પોલીસ ત્યાં રેડ પાડશે કે કાયદા મંત્રી તરીકે એ લોકોને કોર્ટમાં લઇ જશે એ માનનીય નાણાં મંત્રીશ્રી મને જણાવે. એટલા માટે કે, અત્યારે જે બિલ લઇને આવ્યા છે એમાં વન નેશન વન જુગાર પણ તમારે લખવું જોઇએ કારણ કે તમે સમગ્ર દેશને ઓનલાઇન જુગાર રમવા માટે લાઇસન્સ આપી રહ્યા છો. ખાસ કરીને જે રીતે ઓનલાઇન જુગારની તમે વાત કરતા હોય તો રેસકોર્સ ઉપર એટલે કે ઘોડાની દોડ થતી હોય એ રેસકોર્સ ઉપર થતી હોય છે. ઘોડાની દોડ એક રમત છે અને એ રેસકોર્સ ઉપર જ થતી હોય છે. જોનારો વ્યક્તિ એ જોતો

હોય છે અને ત્યાં જુગાર રમાતો હોય છે તો આ ઘોડાદોડમાં ઓનલાઇન ગેમલિંગ કેવી રીતે કરશે એ માનનીય મંત્રીશ્રી મને જણાવે? એટલા માટે કહું છું કે, જે સટ્ટો રમતા હોય છે એ સટ્ટો રમતા લોકો ઓપન અને ક્લોઝ જે કહે છે એટલે કે સવારે જે ખુલે એને ઓપન કહેવાય અને સાંજે ખુલે એને ક્લોઝ કહેવાય આ તો સાહેબ, પોલીસ વિભાગમાં આપે નોકરી કરેલી છે એટલે આપને ખ્યાલ છે. મને એટલા માટે ખ્યાલ છે કે મારો જન્મ અમદાવાદ શહેરમાં થયેલો છે અને માનનીય જગદીશભાઇ, આજુ બાજુના વિસ્તારોમાં શું ચાલે છે એ તમે અને હું ખૂબ સારી રીતે જાણીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, જુગારના અડ્ડા ખુલ્લેઆમ ચાલે છે. લોટરીનું આની અંદર કહેવામાં આવ્યું છે, ખાસ કરીને સરકાર એક તો ઘોડદોડની વાત કરે, સટ્ટા બજાર સમગ્ર રાજયમાં ઓપન અને ક્લોઝના નામથી ઓળખાય છે એના માટે તમે કેવી રીતે પૈસા ઉઘરાવશો? જે લોકો સટ્ટા બજારી કરે છે પોલીસના કાયદા મુજબ એને લાઇસન્સ આપવાનું તમે ક્યારે નક્કી કર્યું, એની પ્રોસેસ શું છે? એ પણ માનનીય મંત્રીશ્રી મને જણાવે? કારણ કે, ઓનલાઇન ગેમ એટલે જે રીતે તીન પત્તીની વાત કરી, એક આપણને બધાને યાદ છે કે જે રીતે પબજીની ગેમ કે જે ગેમ પર બાન મૂકવામાં આવ્યો કારણ કે, રાજયમાં કે દેશમાં રહેતાં જે બાળકો મોબાઇલમાં ગેમ્સ રમતાં હતાં અને એમાં પણ પબજીની ગેમ હતી એનાથી બહુ મોટું નુકસાન થતું હતું કેમ કે બાળકોના એને કારણે મૃત્યુ થયા, અનેક બાળકો મેન્ટલી પ્રિપેર ન હતા એવા ઘણા બધા મુદ્દાઓ એને કારણે પેદા થયા એટલે જે રીતે રાજય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર કોઇ કાયદો લાવી છે જી.એસ.ટી.નો એમાં સુધારો લઇને આવી છે ત્યારે મારે કહેવું છે કે આ ગાંધીનું ગુજરાત છે, આ સરદાર પટેલનું ગુજરાત છે. જ્યારે ગાંધી અને સરદારના ગુજરાતમાં જો આપણે ગાંધીજીની વાત કરતા હોય તો ગાંધીજી જુગાર રમનારા લોકોથી નફરત કરતા હતા, સટ્ટો રમનારા લોકોનો પણ મહાત્મા ગાંધીજી વિરોધ કરતા હતા એનાથી નફરત કરતા હતા, એમને સમજાવતા હતા. અત્યારે આ ગાંધીના ગુજરાતની અંદર દિલ્હીમાં કાયદામાં સુધારો થયો અને એ કાયદાનો દરેક રાજયમાં અમલ કરવાનો હોય એટલે એની બહુમતી લેવાની હોય રાજયો પ્રમાણે એટલે આ કાયદામાં સુધારો લઇને રાજય સરકાર જ્યારે આવી છે ત્યારે મારે કહેવું છે કે આની પહેલાના નાણાં મંત્રીશ્રીઓ કાયદાના આવા સુધારા લઇને આ ગૃહમાં અનેક વખત આવ્યા છે. મને બરાબર યાદ છે કે, ૨૮મી સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ પણ આજ વિધાનસભા ગૃહમાં આપશ્રી એક સુધારો લઇને આવ્યા હતા અને આજે સુધારો કંઇક જુદા પ્રકારનો છે આને સુધારો ના કહેવાય પણ જે ઓન લાઇન ગેઇમ જે રમાય છે તેને એડ કરીને આમાં ઉમેરો કર્યો છે. પૈસા ઉઘરાવવા માટે ઉમેરો કરીને જે રીતે ઓન લાઇન ગેઇમ માટેનું, ટેક્સ માટેનું જે લઇને આવ્યા છે તેનો અમે સખત શબ્દોમાં વિરોધ કરીએ છીએ, કારણ કે આવનારી પેઢીને ખુલ્લેઆમ મોબાઇલ પર ઓનલાઇન ગેમના માધ્યમથી એ ગાડીમાં બેઠો હોય, સ્કૂલમાં બેઠો હોય, કોલેજમાં બેઠો હોય, રસ્તા પર હોય કે અન્ય કોઇ પણ જગ્યાએ બેઠો હોય તેને જુગાર રમવાનું લાઇસન્સ આપવાનું કામ તે કેન્દ્ર સરકાર પણ કરી રહી છે અને તેને ટેકો આપવાનું કામ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર પણ આપવા જઇ રહી છે અને ખૂબ આવનારી પેઢીને ખૂબ મોટું નુકસાન કરવા માટે આ રાજય સરકાર આ સુધારા બિલ લઇને આવી છે માટે અમે વિરોધ કરીએ છીએ.

ઉપાધ્યક્ષશ્રી : આમાં માનનીય શૈલેષભાઇ, એટલા માટે લાવ્યા છે તમે બહુ સ્ટ્રેસમાં ના રહો, તમે ઓન લાઇન એન્જોય કરી શકો એટલા માટે લાવ્યા છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ૧૫૬ સીટો તે રાજયની પ્રજાએ ભારતીય જનતા પાર્ટીને આપી એટલે બહુમતી એટલી બધી થઇ ગઇ છે એટલે તેમને હવે બીજું કોઇ ટેન્શન નથી. અમે ૧૭ જ જણા છીએ એટલે અમને ૧૭ જણાને ટેન્શન રહે એટલે આ ઓન લાઇન ગેઇમ હોય કે ઓફ લાઇન ગેઇમ હોય તેના કરતા અમો ૧૭ જણાને પ્રજાના પ્રશ્નો માટે જે પ્લેટફોર્મ મળ્યું છે તેની સો ટકા ચિંતા અમે કરીએ. જે લોકોને બહુમતી મળી હોય અને જેઓ ફ્રી હોય તે લોકો માટે આ ફ્રી ગેઇમ ઝોન જેવી ઓન લાઇન ગેઇમ જયારે આ સરકાર લાવી રહી છે ત્યારે શ્રી કનુભાઇ આપ ઉદ્યોગો સાથે સંકળાયેલા છો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતની ચર્ચા કરવામાં આવી રહી છે પ્રસ્તુત વિધેયકની કલમ-૨૭ મુજબ હાલ કોઇ પણ પ્રવૃત્તિ જે રાજયના કાયદા હેઠળ પ્રતિબંધિત છે તે બિલ પસાર થયા પછી પ્રતિબંધિત રહેશે જ આમ, લોટરી, જુગાર વિગેરે બાબતોને આ કાયદાથી કોઇ પ્રોત્સાહન મળવાનું નથી.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, માનનીય મંત્રીશ્રીએ બરાબર જવાબ આપ્યો છે. હવે તેના ઉપર બોલો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે કલમ-૨૭મી વાંચી હું કલમ-૨૭ ઉપર જ બોલી રહ્યો છું. જે રાજય સરકારના કાયદા હશે એ કાયદા રાજયમાં ચાલુ રહેશે આને કોઇ લાગુ પડશે નહીં, પણ રૂપિયાના સિક્કાની બે તરફ હોય આપણે દેશી ભાષામાં ખલ અને ભૂરી કહીએ. હું તો કલમ સાથે વાંચું તો ખુલ્લામાં જુગાર રમો તો કલમ-૧૨ છે અને ઘરમાં જુગાર રમો એટલે કે ક્લબોમાં રમો તો કલમ-૪ અને ૫ છે. આપણો કાયદો છે જ હું પહેલાં બોલી ગયો છું. સરકાર એક તરફ જાહેરમાં જુગાર રમવાનો કાયદો લાવે છે કાયદાનો અમલ છે, સરકાર તેની ઉપર અમલ કરી રહી છે અને બીજી તરફ કેન્દ્ર સરકાર દ્વારા ઓન લાઇન જુગારને છૂટ આપવામાં આવી અને રાજય સરકાર તેને ટેકો આપે છે તો જુગારનો મતલબ શું થયો? તમે ઓફ લાઇન રમો કે ઓન લાઇન રમો જુગાર તો જુગાર જ છે. મારે કહેવું છે કે, ૨૭મી કલમમાં જે માનનીય મંત્રીશ્રીએ કહ્યું પણ એ કલમ ઓફ લાઇન જુગાર રમતા માટે છે. તમે ઓન લાઇન રમતા જુગાર માટે તમે જે કાયદો લઇને આવ્યા છો તેનો અમારો વિરોધ છે અને આવનારી પેઢીને આ બહુ મોટું નુકસાન કરવા જઇ રહ્યું છે, ત્યારે એક વેરા માટેના પૈસા આપણી રાજય સરકારને જીએસટીના માધ્યમથી મળવાના છે આપણે સો ટકા તેને ના પાડવી જોઇએ કે અમારે ગુજરાતની

અંદર આવું દૂષણ ઘુસાડવું નથી માટે આ સુધારા વિધેયક બિલ લઇને આવ્યા છે તેની રાજય સરકાર પુનઃ વિચારણા કરે અને જો વિચારણા ના કરે તો બહુમતિથી આ બિલ પસાર કરવાના હોય તો કોંગ્રેસ પાર્ટી તરીકે ગુજરાતની આવનારી ભાવિ પેઢીને અમે જુગાર સાથે જોડવા માગતા નથી. ગાંધીના ગુજરાતમાં જુગાર ના ચાલે, સરદારના ગુજરાતમાં જુગાર ના ચાલે બાકી જેનું ગુજરાત હોવું જોઇએ તે લોકો જુગાર ચલાવવા માગતા હોય તો કોંગ્રેસ પાર્ટી આ બિલને ટેકો આપતી નથી.

શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ એક્ટ-૨૦૧૭માં માનનીય મંત્રીશ્રી સુધારો લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારની આવકનો મુખ્ય સ્રોત એટલે indirect ટેક્ષ. એનો ખૂબ મોટો સિંહ ફાળો રહેલો છે. સરકારની આવકમાં જેમ-જેમ વધારો થતો જાય છે એમ જે બેઝિક એમિનિટીઝ અને વિકાસના કાર્યોને વેગ મળતો હોય છે. જી.એસ.ટી. કાયદો અમલમાં આવ્યો ત્યારથી અત્યાર સુધીમાં રાજ્ય સરકારની આવકમાં મહત્ત્વનો વધારો થવા પામેલ છે. આ માટે મારે કેટલાંક આંકડાઓ રજૂ કરવા છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં જી.એસ.ટી. કાયદા હેઠળ રાજ્યને કુલ રૂ.૫૬,૦૬૪ કરોડની આવક પ્રાપ્ત થઇ છે. જે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન થયેલ આવક રૂ.૪૫,૦૦૦ કરોડની સરખામણીએ ૨૩ ટકા વધુ છે. આ આવક નેશનલ આવક ગ્રોથ રેટ ૨૧.૨૨ ટકા તેમજ જી.એસ.ડી.પી.ના ગ્રોથ રેટ ૧૭.૧૮ ટકા કરતાં પણ વધુ રહી છે. તમામ ટેક્ષ પેયર્સ, કન્ઝ્યુમર્સ, અધિકારીઓની ટીમ અને યોગ્ય મોનિટરિંગ થઇ રહ્યું છે એના પરિણામે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં જી.એસ.ટી. અને વેટ મળીને કુલ રૂ.૧ લાખ કરોડની આવકની ઐતિહાસિક સિદ્ધિ રાજ્યને પ્રાપ્ત થઇ છે અને ગુજરાત જી.એસ.ટી. કલેક્શનમાં પ્રથમ નંબરે આવે છે. ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં લગભગ તા.૧/૭/૨૦૧૭થી 'વન નેશન વન ટેક્ષ'ના સિદ્ધાંત પ્રમાણે જી.એસ.ટી. કાયદો અમલ કરવામાં આવ્યો. આ અગાઉ દરેક રાજ્યમાં ચીજવસ્તુઓના ઉત્પાદન પર સેન્ટ્રલ એક્સાઇઝ ટેક્ષ, વેચાણ ઉપર વેટ ટેક્ષ અને સેવા હોય તો સર્વિસ ટેક્ષ એમ અલગ-અલગ ટેક્ષ લેવામાં આવતો હતો. સરકારે એની ચિંતા કરી અને under one umbrella આ બધા ટેક્ષ લઇને જી.એસ.ટી. લાગુ કર્યો. તા.૧/૭/૨૦૧૭થી જી.એસ.ટી. કાયદાના અમલીકરણ થકી વેરાના બેવડા ભારણથી બધાને મુક્ત કર્યા છે. રાજ્યમાં લોક કલ્યાણ માટે પ્રજાલક્ષી કાર્ય કરી માળખાકીય સુવિધામાં મોટા પ્રમાણમાં વધારો થયો છે. એનું કારણ એ જ છે કે સરકારની આવકમાં ઉત્તરોત્તર વધારો થતો આવ્યો છે. હમણાં ઓનલાઇન ગેમ્બલિંગની વાત ચાલતી હતી. હું ગઇ કાલે એના વિશે થોડી માહિતી મેળવતી હતી ત્યારે મને ખ્યાલ આવ્યો કે જે ઓનલાઇન ગેમ્બલિંગ કે ઓનલાઇન ગેમિંગ હોય છે એની અલગ-અલગ એપ હોય છે. એ રીતે જોવા જઇએ તો પહેલાં એમાં એન્ટર થઇએ તો એને પ્લેટફોર્મ ફી કહેવામાં આવે છે. જે રૂ.૨૦ હોય છે. પછી બેટિંગ રમવાની શરૂ કરીએ તો એની કિંમત રૂ.૮૦ હોય છે. આમ કુલ કિંમત રૂ.૧૦૦/- થઇ. અત્યાર સુધી પ્લેટફોર્મ ફીમાં ૧૮ ટકા ટેક્ષ લેવામાં આવતો હતો પણ કાયદામાં સુધારો થયા પછી ફેસ વેલ્યુ એટલે કે રૂ.૧૦૦ની ઉપર રૂ.૨૮ ટકા ટેક્ષ લેવામાં આવે છે. એનો અર્થ એ થાય છે કે સરકાર ચિંતિત છે. એને કેવી રીતે કંટ્રોલમાં લેવાય, લોકો કેવી રીતે એના પર ઓછા એડિક્ટ થાય, લોકોને વ્યસન ન થાય એના માટેની કાળજી લે છે. એટલા માટે ૨૮ ટકા ટેક્ષ ભારત સરકાર લઇને આવી છે અને એનું અનુકરણ ગુજરાત સરકાર કરી રહી છે. ગેમ ઓફ સ્કિલ અને ગેમ ઓફ ચાન્સ આ બે કેટેગરીમાં ગેમ્બલિંગની વાત કરવામાં આવી છે. ગેમ ઓફ સ્કિલ એટલે કોઇ ચેસમાં હોંશિયાર હોય, ઓનલાઇન ચેસ રમતા હોય પણ તેમાં ક્યાંય પૈસાનો સમાવેશ થતો ન હોય અને ગેમ ઓફ ચાન્સમાં પૈસાનો સમાવેશ થતો હોય છે, ગેમ્બલિંગ થાય છે. આ બધી જ વસ્તુ એક કેટેગરીમાં લઇને નાણાં મંત્રીશ્રી આવ્યા છે તેમાં ખૂબ અગત્યની બાબતોનો સમાવેશ કરવામાં આવેલો છે.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

જી.એસ.ટી. કાઉન્સિલ દ્વારા એકાવનમી બેઠકમાં કરવામાં આવેલી ભલામણ આધારે ઓનલાઇન ગેમિંગને લગતાં કેટલાંક મુદ્દાઓ બાબતે જી.એસ.ટી. કાયદાની જોગવાઇઓમાં સુધારો કરવામાં આવે છે. ખાસ કરીને મેં જે વાત કરી તે પ્રમાણે ગેમ ઓફ સ્કિલ અને ગેમ ઓફ ચાન્સમાં કોઇ ફરકને ધ્યાનમાં લીધા વિના તેને ચીજવસ્તુ તરીકે જ ગણીને એકસમાન રીતે વેરો વસૂલવામાં આવશે. આ પ્રકારના વ્યવહારો ઓનલાઇન પ્લેટફૉર્મ ઓપરેટર મારફતે થતા હોય છે. આથી જ ઓનલાઇન પ્લેટફૉર્મ ઓપરેટરને સપ્લાયર તરીકે ગણવામાં આવશે અને ગેમ પ્રોવાઇડરની ઉપર પણ ટૅક્સ લગાવવામાં આવશે છે અને જે લોકો આઉટ ઓફ ઇન્ડિયાથી ગેમ રમતા હશે તેની ઉપર પણ ટૅક્સ લગાવવામાં આવશે. આવા ઘણા બધા સુધારા લઇને નાણાં મંત્રીશ્રી આવ્યા છે. આવી ઓનલાઇન ગેમિંગની કંપનીઓ પર કન્ટ્રોલ, ટ્રાન્સપરન્સી અને એક રેગ્યુલેશનની પણ ખૂબ જરૂર હતી. મેં અગાઉ કહ્યું તે પ્રમાણે પહેલાં માત્ર ત્રણ રૂપિયા અને ૬૦ પૈસા ટૅક્સ લાગતો હતો જે હવે ૨૮ રૂપિયા કપાશે એટલે ક્યાંકને ક્યાંક આ નિયંત્રણમાં રહેશે. સરકારમાં આવક સિવાયની એક ખૂબ મહત્ત્વની બાબત એ પણ છે કે આ ગેમ ખૂબ એડિક્ટિવ હોય છે. એકવાર યુવાનો કે બાળકો આ ગેમ્સમાં એન્ટર થાય છે પછી તેમને તે ગેમમાં ખૂબ જ ઇન્ટરેસ્ટ આવે છે એટલે કલાકો સુધી રમતા હોય છે. એક આંકડા પ્રમાણે દિવસનો લગભગ સાડા આઠ કલાક એવરેજ સમય આ ગેમ્સની પાછળ વ્યતિત થતો હોય છે. માઇન્ડ રીલેક્સેશનના નામ પર કંપનીઓ પૈસા બનાવે છે. વધારેમાં વધારે બાળકોમાં આ ગેમ્સનો ક્રેઝ વધતો જઇ રહ્યો છે. વર્ષ ૨૦૨૨માં ૪૨૦ મિલિયન ગેમિંગનો ગ્રોથ હતો તે વર્ષ ૨૦૨૩માં ૫૦૦ મિલિયનની એક્સપેક્ટેડ ગ્રોથ છે. આની એન્યુઅલ ગ્રોથ પણ લગભગ ૩૪ ટકા છે. જી.એસ.ટી.નો હેતુ આ એક્ટિવિટીઝની જે વેલ્યુ જનરેટ થઇ રહી છે તેની ઉપર ટૅક્સ લાવવાનો છે. સરકારની આવકના હિતમાં કરવામાં આવેલી જોગવાઇઓ અને ખાસ કરીને બાળકો અને યુવાધનની

ચિંતા કરી છે ત્યારે આ જોગવાઇઓને લઇને જી.એસ.ટી. કાયદામાં જે સુધારો લઇને નાણાં મંત્રીશ્રી આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું.

શ્રી સંદીપ દેસાઇ(ચોર્યાસી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ગુડ્ઝ એન્ડ સર્વિસ ટૅક્સ એક્ટ, ૨૦૧૭ના સુધારા પર જે બિલ નાણાં મંત્રીશ્રી લાવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ચીજવસ્તુઓ અને સેવાઓના વ્યવહારો ઉપર પરોક્ષ વેરો લાદવા બાબતે એકસમાન પદ્ધતિ અનુસરીને એક જ મંચ પર કેન્દ્ર સરકાર અને તમામ રાજ્યો કે કેન્દ્ર શાસિત પ્રદેશો સાથે મળીને એકસમાન નિર્ણય લઇ શકે તે માટે નવી અનુસૂચિ ૨૭૯ ઉમેરવામાં આવેલ છે અને તે હેઠળ જી.એસ.ટી. કાઉન્સિલની રચના કરવામાં આવેલ છે. જી.એસ.ટી. કાયદા હેઠળની જોગવાઇઓ સમગ્ર દેશમાં એકસમાન રીતે લાગુ પડે છે. જી.એસ.ટી. કાયદાના સુચારુ અમલીકરણમાં કરદાતાઓને પડતી વિવિધ મુશ્કેલીઓ નિવારવા માટે તેમજ વહીવટી સરળતા માટે જી.એસ.ટી. કાઉન્સિલ દ્વારા વખતોવખત કાયદાની જોગવાઇઓમાં ફેરફાર કરવા માટેની ભલામણો કરવામાં આવે છે. આવી ભલામણોના આધારે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા જી.એસ.ટી. કાયદામાં જરૂરી ફેરફારો કરવામાં આવે છે. જી.એસ.ટી. કાયદાના અમલીકરણ તારીખથી એટલે કે, તા. ૦૧-૦૭-૨૦૧૭થી માંડીને અત્યારસુધીમાં કુલ પાંચ વખત જી.એસ.ટી. કાયદામાં સુધારો કરવામાં આવેલ છે. જી.એસ.ટી. કાઉન્સિલની ૪૮થી ૫૧મી બેઠકો દરમિયાન જી.એસ.ટી. કાયદામાં સુધારા કરવા અંગેની જે-જે ભલામણો કરવામાં આવેલ તેના આધારે કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રના જી.એસ.ટી. કાયદાની જોગવાઇઓમાં સુધારો કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલ સુધારા સાથે સુસંગતતા જાળવી રાખવા માટે ગુજરાત જી.એસ.ટી. કાયદામાં પણ સુધારો કરવાનો રહે છે. કરદાતાઓ સાથેના બિન જરૂરી વિવાદોને ટાળી શકાય તેમજ વધુ સ્પષ્ટીકરણ માટે જી.એસ.ટી. કાયદાની પ્રવર્તમાન જોગવાઇઓમાં સુધારો કરતી પ્રસ્તુત સુધારા વિધેયકની કેટલીક અગત્યની જોગવાઇઓ હું રજૂ કરું છું. કેસિનો, હોર્સ રેસિંગ અને ઓનલાઇન ગેમિંગ માટે રચાયેલ ગ્રુપ ઓફ મિનિસ્ટર, (જી.ઓ.એમ.) દ્વારા રજૂ કરેલ અહેવાલોના આધારે જી.એસ.ટી. કાઉન્સિલ દ્વારા તેમની ૫૧મી બેઠકમાં જી.એસ.ટી. કાયદામાં કેટલાક સુધારા કરવાનું સૂચવવામાં આવેલ છે. આ ભલામણોના આધારે કેસિનો, હોર્સ રેસિંગ અને ઓનલાઇન ગેમિંગના કિસ્સામાં ગેમ ઓફ સ્કિલ કે ગેમ ઓફ ચાન્સને ધ્યાને લીધા સિવાય એકસમાન રીતે વેરો વસુલવા માટે તેમજ વેરાકીય જવાબદારી અને રજિસ્ટ્રેશન મેળવવાની જવાબદારી જેવા મુદ્દાઓની સ્પષ્ટતા કરતી જોગવાઇઓને પ્રસ્તુત સુધારા વિધેયકમાં આવરી લેવામાં આવેલ છે. જી.એસ.ટી. કાયદા હેઠળ રજિસ્ટ્રેશન મેળવવામાંથી મુક્તિ આપતી જોગવાઇને રજિસ્ટ્રેશનને લગતી અન્ય જોગવાઇઓ પર તા. ૦૧-૦૭-૨૦૧૭ની અસરથી ઓવર રાઇડીંગ અસર આપવામાં આવે છે. મોટા રિફંડની ચૂકવણીના કિસ્સામાં વ્યાજની ગણતરી કેવી રીતે કરવા તેમાં પ્રવર્તતી અસ્પષ્ટતા નિયમો દ્વારા દૂર કરી શકાય તે હેતુથી મોટા રિફંડ પર વ્યાજને લગતી જોગવાઇઓમાં સુધારો કરવામાં આવે છે. ગુના માંડવાણને લગતી જોગવાઇને વધુ સરળ બનાવીને તર્કસંગત અને વધુ આકર્ષક બનાવવામાં આવે છે. સાથે-સાથે ગુના માંડવાણ માટેની રકમ રિ-એલિજેશન કરવામાં આવે છે. જેને ધ્યાને લેતાં ગુના માંડવાણ કરવા માટેની રકમ રૂ. ૨૫ હજાર કરતાં ઓછી નહીં તેટલી ન્યૂનતમ રકમ અને વેરાના સો ટકા કરતાં વધુ નહીં તેટલી મહત્તમ રકમને આધીન રહીને નિયમોને ઉઠાવવામાં આવે એટલી જ રહેશે. આ ઉપરાંત અન્ય કેટલીક બાબતો જેવી કે, કરદાતાઓની સંમતિના આધારે તેઓના ડેટા શેરિંગ વગેરેનો પણ પ્રસ્તુત વિધેયકમાં સમાવેશ કરવામાં આવે છે. સમગ્રતઃ જી.એસ.ટી. કાયદા હેઠળની મહત્ત્વની બાબતોને આવરી લઇને કરદાતાઓના લાભ માટે તેમજ સરકારી આવકને સુનિશ્ચિત કરવા માટે માનનીય નાણામંત્રીશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ જી.એસ.ટી. કાયદા સુધારા વિધેયકને મારો સંપૂર્ણ ટેકો જાહેર કરું છું.

ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

''વન નેશન, વન ટેક્સ '' જી.એસ.ટી.ની જે વાત કરવામાં આવી છે એમાં હું મારા સૂચનો વ્યક્ત કરું છું. આ જે ટૅક્સની વાત કરવામાં આવી છે એમાં ટ્રેક્ટર કે અન્ય ખેતીના ઓજારો તેમજ જંતુનાશક દવાઓ પર ટૅક્સ નાંખવામાં આવ્યો છે તેમાં સંપૂર્ણ ટૅક્સ માફી હોવી જોઇએ. ડેરી પ્રોડક્ટો જેવી કે, દૂધ, છાશ વગેરેમાં પર પણ ટૅક્સ ન હોવો જોઇએ. જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ જેવી કે, દવાઓમાં કેન્સરની દવા, ડાયાબિટીસની દવા, હૃદયરોગની દવા અને બાળકોના રોગોની દવાઓમાં ઊંચો ટૅક્સ છે એમાં પણ ટૅક્સ ન હોવો જોઇએ. આ બિલને જે સુધારા બિલનું નામ આપવામાં આવ્યું છે એ નામ તો સારું છે, પરંતુ આ સુધારા બિલ જેવું લાગતું નથી. મેં આ બાબતમાં એક મહિના પહેલા માનનીય મુખ્યમંત્રીશ્રીનું પત્ર લખીને ધ્યાન દોર્યું હતું કે, જે સમયે હું ઘરે મારાં બાળકો અને પરિવાર સાથે બેઠો હતો અને ટી.વી. જોતો હતો તે વખતે ટી.વી.માં ગુજરાતી ચેનલ ઉપર હિંદી અભિનેતા દ્વારા તીનપત્તી જુગારની ઓનલાઇન ગેમની એડ આવી. આ એડ જોતાં મને એવું લાગ્યું કે, ગુજરાત રાજ્યમાં પ્રથમ વખત આ તો ગંભીર વિષય છે. મેં આવી એડ કોઇ દિવસ જોઇ નથી. તાત્કાલિક મને એવો વિચાર આવ્યો એટલે મેં માનનીય મુખ્યમંત્રીશ્રીને એક મહિના પહેલા લેખિત રજૂઆત કરી કે, ગુજરાત રાજ્યની ગુજરાતી ચેનલમાં આવતી જુગારની ટી.વી. એડ તાત્કાલિક બંધ કરવી જોઇએ, પણ આજે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે જે વસ્તુ બંધ કરવાની હતી એ માનનીય નાણામંત્રીશ્રીએ પરમિશન આપવાની વાત કરીને આજે આ બિલમાં રજૂ કરી છે. જેમ કે, સટ્ટાબાજી, કેસિનો જુગાર, ઘોડો, લોટરી, ઓનલાઇન ગેમિંગ વિગેરેની વાત કરવામાં આવી તો પછી ગાંધીજીનું કહેવાતું ગુજરાત એ ગુજરાત નહીં

રહે. ગુજરાતનું યુવાધન બરબાદ થઇ જશે. સાથો સાથ આની સૌથી વધુ અસર નાના બાળકો ઉપર પડશે. આ સુધારા બિલમાં માનનીય મંત્રીશ્રીને હું સમર્થન આપવા તૈયાર છું, પણ આ જે ઓનલાઇન ગેમો છે એ ગુજરાત રાજ્યમાં ન હોવી જોઇએ, ગુજરાત રાજ્યમાં કોઇપણ પ્રકારનો ઓનલાઇન કે ઓફલાઇન જુગાર નહીં ચાલવા દેવો જોઇએ, કોઇ કેસીનો નહીં ચાલવા દેવો જોઇએ એ બાબતે જો માનનીય મંત્રીશ્રી મને ખાતરી આપે તો આ બિલમાં મારું પોતાનું અને મારી પાર્ટીનું પણ સમર્થન જાહેર કરું છું. જો ખરેખર, નાણામંત્રીશ્રીને સરકાર ચલાવવામાં વધું નાણાંની જરૂર પડતી હોય તો પછી અમારા ધારાસભ્યશ્રીઓના અડધા-અડધા પગાર કાપી નાંખો પણ આ જુગારની પરમિશન ન આપો. આ બંધ કરો. એ માટે માનનીય નાણામંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું.

અધ્યક્ષશ્રી : શ્રી ઉમેશભાઇ, પેલું તમે તમારી પાર્ટીને પૂછીને એમના વતી કહ્યું એમ આમાં પણ ધારાસભ્યશ્રીઓ વતી જ વાત કરો છો ને?

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, મારા બધા સાથી ધારાસભ્યશ્રીઓને પૂછીને જ વાત કરું છું. એમણે મને કહ્યું કે, શ્રી ઉમેશભાઇ વાંધો નહીં, આપણે સહમતિ આપી દઇશું. ખરેખર, સરકારશ્રીને આ બાબતમાં વિચારવાની જરૂર છે. કારણ કે, આમાં ગુજરાતના યુવાધન અને બાળકોનું ભવિષ્ય જોડાયેલું છે. અન્ય કેન્દ્રશાસિત રાજ્યો છે ત્યાં કદાચ ઓનલાઇન કેસીનો હશે, પણ આપણા ગુજરાત રાજ્યમાં આ દૂષણ ન આવે એ માટે માનનીય નાણામંત્રીશ્રી આની તકેદારી રાખે એવી હું વિનંતી કરું છું.

ડો. સી.જે. ચાવડા(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાણામંત્રીશ્રી ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ-૨૦૧૭ વધુ સુધારવા બાબતનું જે વિધેયક લઇને આવ્યા છે, એમાં અમે અનુમોદન આપતા નથી. એટલા માટે કે આ ગાંધી અને સરદારનું ગુજરાત છે. આ દ્વારિકાનાથ શ્રી કૃષ્ણનું ગુજરાત છે. તમે સમજશો કે એક વખત જુગાર કાયદેસરતા ધરાવે ત્યારે શ્રી કૃષ્ણ પણ અટકાવી શકતા નથી. ભિષ્મપિતા પણ રોકી શકતા નથી. દ્રોણાચાર્ય પણ એને અટકાવી શકતા નથી. મહાભારત કાળમાં કોઇપણ રાજાનો રાજ્યાભિષેક થાય પછી છત્રીસમી કલા તરીકે જુગાર આવડે છે કે કેમ? એના માટે એને જુગાર ચોપાટ રમાડવામાં આવતો. એના ભાગરૂપે કૌરવો અને પાંડવો જુગાર રમવા બેઠા હતા. જુગાર રમતા હોય અને જુગાર રમાડતા હોય એમાં મામા શકુની હોય જ અને આખા મહાભારતનું શું પરિણામ આવ્યું? શું પરિસ્થિતિ થઇ? અને એ જુગારમાં સતી દ્રોપદીના ચીરવસ્ત્રનું હરણ થયું, ત્યારે તો શ્રી કૃષ્ણ હતા, તો દ્રૌપદીની અને દેશની લાજ બચી હતી. અત્યારે શ્રી કૃષ્ણ નથી. કોણ બચાવશે આ જુગારમાં રાજ હારી જવાશે તો? યુવાનો જુગારના રવાડે ચડશે તો કોઇ બચાવી શકે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, મહાભારત પછીનો કાળ આવ્યો કૌટિલ્યનો. કૌટિલ્ય કાળ અને કૌટિલ્યનું અર્થશાસ્ત્ર આવ્યું. એ કૌટિલ્યના અર્થશાસ્ત્ર પહેલાનું આ દેશનું અર્થકારણ અને કૌટિલ્યના પછીનું અર્થકારણ. માનનીય અધ્યક્ષશ્રી, આ બેનો ભેદ પણ સમજવા જેવો છે. દરેક રાજા, મહારાજાઓ, પદ્ધતિઓ, સરમુખત્યારો, લોકશાહી પદ્ધતિઓમાં બધા જ રાજ્યની આવક વધે એના માટે પ્રયત્નો કરતા હોય છે. કૌટિલ્યએ પુરાતન કાળનો બહુ વિચાર કર્યા પછી એમણે અર્થશાસ્ત્ર લખ્યું છે. એમાં સૌથી પહેલું જે વાક્ય લખ્યું છે એ પ્રસ્તાવનામાં જો જોઇએ તો એમાં છે કે જેનો રાજા અથવા જે રાજા અથવા જે રાજ્ય વેપારી બને, એની પ્રજા બેહાલ અને ભિખારી બની જાય. જો તમે કૌટિલ્યને સ્વીકારતા હોય. અર્થશાસ્ત્રને સ્વીકારતા હોય. આપણા મહાન પુરુષોને સ્વીકારતા હોય, તો આ સ્વીકારવું પડશે. રાજ્યની સુખાકારી કેમ વધે. હ્યુમન ઇન્ડેક્સ કેમ વધે, લોકોની સુખાકારી કઇ રીતે વધે એના માટે વિચારવાનું હોય છે. પૈસા કેમ વધે, આવક કેમ વધે, એનો શો કેવી રીતે થાય, એના ભપકાઓ કેવી રીતે થાય એ નથી જોવાનું. અર્થશાસ્ત્રમાં એટલા માટે જ કૌટિલ્યએ લખ્યું હતું. અખંડ ભારતના બે શાસનો ચાલ્યા છે. ધનાનંદનું શાસન પણ ૨૫ વર્ષ ચાલ્યું છે અખંડ ભારતનું. બીજું ચંદ્રગુપ્ત મૌર્યનું પણ ચાલ્યું છે. બન્ને શાસન પાટલીપુત્ર ઉપરથી થયા છે. ધનાનંદ સાથે પણ બહુ મોટો સલાહકાર હતો. અમાત્ય રાક્ષસ જેને કહેવાય, જો ચંદ્રગુપ્ત સિરિયલ જોઇ હોય તો. ચંદ્રગુપ્તના સલાહકાર કૌટિલ્ય હતા. ચાણક્ય હતા. આ બન્ને શાસન પાટલીપુત્ર પર પચીસ પચીસ વર્ષ ચાલ્યા છે. અખંડ ભારત રહ્યું છે, પરંતુ બન્નેની શાસન પદ્ધતિમાં ફરક હોવાને કારણે કઇ રીતે ચાલ્યા છે, કોના શાસનમાં સારું હતું અને કોના શાસનમાં શું થતું હતું એ આપણે બધા જાણીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ધનાનંદે રાજ્યની આવક વધારવા માટે પાટલીપુત્રમાં જે વેપાર ચાલતો હતો, એ વેપારીઓ ઉપર પોતાના જ સૈનિકોને બોલાવીને કહ્યું કે તમારી ઓળખાણ ન થઇ જાય એ રીતે બુકાની બાંધીને તમે લૂંટ કરો. લૂંટી લો આ વેપારીઓને. બીજી બાજુ એમને એમ કહ્યું કે તમે જે લૂંટીને આવશો, એનો દસમો ભાગ તમને મળશે. એટલે સૈનિકો બુકાની બાંધીને ગયા. વેપારીઓને લૂંટી લીધા. ધન આખું ધનાનંદની તિજોરીમાં આવી ગયું. રાજ્યની આવક તો વધી ગઇ. પછી વેપારીઓ ધનાનંદને મળવા ગયા. કહ્યું કે આપના રાજ્યમાં અમે લૂંટાઇ ગયા. તો કહે કે તમે લૂંટાઇ ગયા. આ બુકાનીધારી લોકો આવ્યા હતા એને અટકાવવા પડશે. મારે લશ્કર વધારવું પડશે. એનું ખર્ચ તમારે આપવું પડશે. એનો ટેક્સ પણ તમારે આપવો પડશે. એક તો લૂંટમાં પણ ગયા અને પાછો રક્ષણ કરવાનો ટેક્સ પણ આવ્યો. આ ધનાનંદના રાજમાં અમાત્ય રાક્ષસની સલાહથી ૨૫ વર્ષ સુધી ધનાનંદનું રાજ ચાલ્યું છે. એ પાટલીપુત્રમાં મગધનું સામ્રાજ્ય અખંડ ભારતનું ચાલ્યું અને કૌટિલ્યની સલાહથી ચંદ્રગુપ્ત મૌર્યનું અખંડ ભારતનું શાસન ૨૫ વર્ષ ચાલ્યું. આ બેમાંથી તમારે કયા શાસન તરફ જવું છે? પ્રજાનો માલ પણ લૂંટી લેવો છે અને તમે જુગાર પણ રમો, જે કરવું હોય એ કરો પણ રાજ્યની આવક ઊભી કરો. આમાં નહીં જવાય. આ

ગાંધી અને સરદારનું ગુજરાત છે. આ સુધારા પ્રત્યે અમારો બિલકુલ વિરોધ છે. બાકીના જે સુધારા કર્યા છે એમાં અમને કોઇ વિરોધ નથી. બાકી તમે મુદત વધારો. રજિસ્ટ્રેશન રદ થયા હોય એને ફરીથી રજિસ્ટ્રેશનની મુદત વધારી આપો. એનો ટેક્સ ઓછો કરવો હોય તો કરો. ૧૮ ટકાનો સ્લેબ હોય તો ૧૨ ટકાનો કરો. ૧૨નો ૧૪ કરો. કાઉન્સિલ જે ભલામણ કરે એ તમે કરો. અમને વાંધો નથી. પરંતુ ગાંધી અને સરદારના ગુજરાતમાંથી આપણા નાણામંત્રી જ્યારે નેશનલ કાઉન્સિલમાં એક સભ્ય તરીકે જાય છે ત્યારે ત્યાં બેસીને ગુજરાતનો અવાજ રજૂ કરવો જોઇએ, રજૂ કરવો જોઇએ અને રજૂ કરવો જોઇએ કે અમારા ગાંધી અને સરદારના ગુજરાતમાં, નરેન્દ્રભાઇ મોદી અને અમિત શાહના ગુજરાતમાં આ નહીં ચાલે, એટલું તમારે બોલવાની જરૂર હતી, કારણ કે આ ગુજરાત છે. આ ગુજરાતમાં આ જે સુધારા વધારા લઇને આવ્યા છે, ઠીક છે. નેશનલ ફ્રેમમાં નેશનલના લોકો જે કહેતા હોય એની સાથે રહેવું જોઇએ. નેશનલના લોકો જે કહે એ નિર્ણય બહુમતિથી પણ લેવાય છે. જે તે રાજયના વોટિંગ શેર, કેટલા વોટ ગણવા એનું પણ કાઉન્સિલે નકકી કરેલું છે કે ગુજરાતના આટલા વોટ. યુ.પી.ના  આટલા વોટ ગણાશે. મતદાન થાય ત્યારે તમારે અવાજ રજૂ કરવો જોઇએ. કદાચ ન પણ સંમત થાય દેશના લોકો, પણ ગુજરાતનો એક અવાજ રહેવો જોઇએ. ગુજરાતના અવાજથી તમે જો વિરોધ કર્યો હોત તો અમને એમ લાગત કે ગાંધી અને સરદારના ગુજરાતમાંથી ગયેલા આપણા નાણામંત્રીનો અવાજ એ ગાંધી અને સરદારની વિચારધારાને અનુરૂપ છે. આ અવાજ તમે ઊભો કર્યો હોત તો ચોક્કસ વિશ્વાસ છે કે આ અવાજથી શ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી અમિત શાહજીની નજર સમક્ષ ગયો હોત તો આ નિર્ણય લેવાનું તમને ના કહ્યું હોત. એટલે આ જે સુધારો લઇને આવ્યા છે, એમાં કોંગ્રેસ પાર્ટી તરીકે ગાંધી અને સરદારની વિચારધારાવાળી કોંગ્રેસ પાર્ટી, એના અમે અનુયાયીઓ છીએ, એટલે તેની સામે સખત વિરોધ છે. આ રાજ્યમાં જુગાર ન ચાલે. ગમે તેટલી આવક થાય. ગુજરાતની પ્રજા આને સાંખી નહીં લે. તમારી ૧૫૬ બેઠકો છે અને અમારી ૧૭ છે એ કોઇ અગત્યની બાબત નથી. આ ૧૭ તમને આપ્યા, લઇ જાવ પણ આવક વધારવાનો આવો જુગાર ન રમશો.

અધ્યક્ષશ્રી : આજે ડો. સી.જે. ચાવડા અને બધા એવી વાત કરે છે તમે જાણે જુગાર રમવાનું વિધેયક લાવ્યા છો. આજે તમે જે સ્પીચ આપી એ એટલી સરસ હતી કે તમે આટલી સરસ મોટીવેશનલ સ્પીચ આપી શકો છો એ મને પણ ખબર નહોતી. એકાદ વખત આવો સ્પેશ્યલ કાર્યક્રમ રાખવો પડે અને તેમાંય આધ્યાત્મિક અને ખાસ કરીને ઇતિહાસ ઉપર આપણે રાખીશું. મેં સવારે મુનશીના ગુજરાતનો નાથ પુસ્તકમાંથી દષ્ટાંત જોયા. અત્યારે ચાણક્યના જોયા. બહુ સરસ છે. એલેક્ઝાન્ડરથી શરૂ કરે તો મને લાગે છે કે ચંદ્રગુપ્ત સુધી આવતાં આવતાં આખી કથા રાખવી પડે.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપ આટલું ઉંડાણથી સરસ રીતે સમજી ગયા છો એટલું માનનીય નાણા મંત્રીશ્રી સમજી જાય તો બહુ સારું. કાયદો કાયદાનું કામ કરે. અનેક કાયદાઓ છે. બીજા કાયદાને અસર નહીં થાય. જુગારને પકડશે બધું કરશે પણ તમે આ જે કાયદાનો ટ્રેક તોડીને ઊભો કરી રહ્યા છો એ ટ્રેક ગુજરાતના ભવિષ્યને નુકસાન કરશે. જી.એસ.ટી. કાયદો આવ્યો, વન નેશન વન ટેક્સ આપણે કહીએ છીએ. વન નેશન વન એપ્લિકેશન, આ મારે ન કહેવું જોઇએ. વન નેશન, વન જુગાર થઇ જશે. તેમાં પડશો નહીં, હું તો કહું છું, વન નેશન વન ઇલેક્શન લાવો. કાલે આ વિધાનસભાનું વિસર્જન થાય, લોકસભા સાથે ફરીથી લડીએ તેમાં વાંધો નથી, પણ આપણે જ્યારે ગાંધી અને સરદારની ગુજરાતની પાર્લામેન્ટમાં બેઠા છીએ ત્યારે, બધાના દિલમાં ગાંધી અને સરદાર છે ત્યારે (અંતરાય) નો રિપીટ નહીં આવે, આપણે કહીશું. ગાંધી અને સરદારના ગુજરાતમાં જ્યારે લોકોના હિતની વાત કરવા બેઠા છીએ ત્યારે આટલો સુધારો રદ કરવો જોઇએ. બિલિયા રાજા ઊભા થયા, અમે ચલાવી લીધું. બિલિયા રાજાઓ થાય છે, કેસ થાય છે પણ રાજ્યની આવક વધી છે તો તેને પહોંચી વળાશે પણ આનાથી યુવાધન અને ભાવિ પેઢી બગડશે એ ખોટ પૂરી નહીં કરી શકીએ. એટલે અમે આ બિલને ટેકો આપતા નથી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ડો. સી.જે. ચાવડા સાહેબનો આભાર માનું છું કે જે વિચાર આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ઘણા સમય પહેલાં મૂકયો હતો. વન નેશન વન ઇલેક્શન. ગુજરાતની કોંગ્રેસ તેને સપોર્ટ કરે છે તે આ ગૃહમાં જાણીને ખૂબ આનંદ થયો.

શ્રી રમણલાલ ઇ. વોરા (ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા બધા સભ્યો વિદ્વાન છે. જેને બોલવાનું છે તેણે પહેલેથી છેલ્લે સુધી ગૃહમાં હાજર રહેવું જોઇએ. જે ચર્ચા થઇ તેનો સંપૂર્ણ જવાબ માનનીય મંત્રીશ્રીએ કલમ-૨૭માં આપી દીધો છે કે ગુજરાતમાં જે છે તેમાંથી કશું જ થવાનું નથી. જ્યારે સમગ્ર દેશને સુધારવાની વાત ચાલતી હોય તો તેમાં ગુજરાત અગ્રેસર હોય કે ન હોય આ સ્પષ્ટતા માનનીય મંત્રીશ્રી ઓલરેડી કરી ચૂક્યા છે. તેના કરતાં પણ વધારે શ્રીમતી મનીષાબેને ખૂબ મુદ્દાસર, આંકડાકીય માહિતી સાથે તેનો સીધો જવાબ આપ્યો છે કે આનાથી ગુજરાતને ફાયદો શું, નુકસાન શું, દેશનું શું થશે? એટલે સર્વાંગી વિકાસ આખા ભારતને લાગુ કરીને કર્યું છે ત્યારે ગુજરાત તેમાં સમર્થન આપે એવું જરૂરી છે અને એટલા માટે વિવાદો થયા એટલે મારે અહીં ઇન્ફર્મેશન આપવી પડી છે. થેંક્યુ સર.

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણાં મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, જનરલી મારી વાતમાં પોલિટિકલ ઓબ્ઝર્વેશન આવતા નથી, પરંતુ આ બિલમાં જે રીતે ઓબ્ઝર્વેશન આપવામાં આવ્યા છે, ખાસ કરીને માનનીય અર્જુનભાઇએ કહ્યું કે જી.એસ.ટી.ની અમલવારીનો ગુજરાતમાં કે સમગ્ર ભારતમાં સમયસર અમલ ન થવા માટે ભારતીય જનતા પાર્ટી જવાબદાર છે, પરંતુ એ માટે ભારતીય જનતા પાર્ટી જવાબદાર નથી પરંતુ કોંગ્રેસ જવાબદાર છે. ભારત સરકારે જી.એસ.ટી.ને પહેલાંથી જ ટેકો

આપેલ હતો. ગુજરાત સરકારની માગણી માત્ર જી.એસ.ટી.ના અમલીકરણની રાજ્યની વેરાકીય આવકને થતું નુકસાન કે આ જી.એસ.ટી. કાયદાથી જે નુકસાન થશે, રાજ્યનો વિકાસ રૂંધાશે એના માટે શ્રી નરેન્દ્રભાઇ વારંવાર રજૂઆત કરતા હતા અને અગાઉની કોંગ્રેસ સરકારોએ રાજયોને આ વેરાકીય આવકમાં થતા નુકસાન માટે બંધારણીય બાંહેધરી આપેલી ન હતી. હાલની મોદી સરકારે રાજયોને વેરાકીય આવકમાં વાર્ષિક ૧૪ ટકાનો દર વર્ષે વધારો આપ્યો અને નુકસાન થતું અટકાવ્યું અને એના લીધે ગુજરાત સરકારને છેલ્લાં પાંચ વર્ષમાં જે પાંચ વર્ષની બાંહેધરી આપી એના લીધે રૂ.૮૦હજાર કરોડની ગુજરાતને આવક થઇ. આ જે કોમ્પન્સેશનની વાત હતી એના લીધે ગુજરાત અને શ્રી નરેન્દ્રભાઇ એનો વિરોધ કરતા હતા. બીજી વાત તમે શરૂઆતમાં જ કહ્યું કે તમે વેરા ઘટાડાની વાત લઇ આવ્યા હોત તો આનંદ થાત. પરંતુ હું એક જ વાત કહીશ કે ગુજરાત અને રાજસ્થાન, ગુજરાતમાં પેટ્રોલ ૯૬ રૂપિયે મળે છે અને રાજસ્થાનમાં ૧૦૮ રૂપિયે મળે છે એટલે આપણે ત્યાં બધું બરાબર છે. માનનીય શ્રી શૈલેષભાઇને ખાસ વાત કરવાની કે સન ૧૯૮૨-૮૩માં ગુજરાતમાં કોની સરકાર હતી અને ત્યારે કોંગ્રેસના શાસનમાં ગુજરાતમાં લોટરી અમલમાં હતી. ખાસ કરીને આ બિલમાં માનનીય નરેશભાઇ, શ્રી અનિરુદ્ધભાઇ દવે, માનનીય શ્રીમતી મનીષાબેન, શ્રી સંદીપભાઇ સાથેસાથે મારા સાથી માનનીય ધારાસભ્યશ્રી અર્જુનભાઇ, શ્રી શૈલેષભાઇ, શ્રી ચાવડાસાહેબ, અને શ્રી ઉમેશભાઇએ પણ પોતાના મંતવ્યો રજૂ કર્યા. ખાસ કરીને જી.એસ.ટી. કાયદાનો અમલ એ સમગ્ર દેશમાં બધી સરકારો પછી એમાં કોંગ્રેસના પણ કાઉન્સિલ મેમ્બર્સ છે. દરેક પાર્ટીના છે. ઇવન તૃણમુલ કોંગ્રેસના છે અને બધાએ સર્વાનુમતે નિર્ણય કર્યો છે. હવે આ નિર્ણય જે આપણે અહીંયા કર્યો છે એના લીધે ગુજરાતમાં આ કોઇપણ પ્રવૃત્તિ શરૂ કરવાનું લાઇસન્સ મળી જતું નથી પરંતુ જો આવી પ્રવૃત્તિઓ થતી હોય અને એને જો કેપ્ચર કરવામાં આવે તો એના ઉપર જે ટેક્સ હોય, આપણે પહેલાં કહેતાં હતાં કે આપણા બધા પૈસા ડોનેશન બીજાં રાજયોમાં એડમીશનમાં જાય છે આ એવું છે એટલે જે પ્લેટફોર્મ ઉપરથી આ રમાય છે એ પ્લેટફોર્મ કેપ્ચર કરીને જો આપણા નંબરથી જો કોઇ માણસ રમતો હોય તો એને ગુજરાતમાં ટેક્સ ભરવો પડશે એ રીતની આ વ્યવસ્થા છે. એમાં દરેકે દરેક રાજયોએ રાજસ્થાને પણ પરમીશન આપેલી છે. તમિલનાડુમાં કાયદો છે એમણે પણ આપેલી છે અને એના ઉપર ૨૮ ટકાનો ટેક્સ લગાવવામાં આવ્યો છે એવું નથી કે એને આપણે છૂટ આપેલી છે. આ અટકાવવા માટેનો જ પ્રયત્ન છે એમ કહી શકાય એટલે તમારે એને ટેકો આપવો પડે. ફરીથી આટલી તંદુરસ્ત ચર્ચા માટે આભાર. જો કાયદો રાજયનો હોય એને કોઇ જાતનો અમલ કરવામાં વાંધો નથી આવતો. (અંતરાય) આપણે અહીંયા પરમિશન પણ નથી. ફરીથી માનનીય સભ્યશ્રીઓને જણાવું કે આ બિલ એક આપણી પ્રણાલી છે, બંધારણ વન નેશન, વન ટેક્સ, જી.એસ.ટી. કાઉન્સિલ છે એમાં બધા રાજયો પોતપોતાનો જે પણ કંઇ નિર્ણય કરે છે એને સર્વાનુમતે પસાર કરવાનો હોય છે એટલે માનનીય અર્જુનભાઇને ફરીથી વિનંતી કરું છું કે આપ સૌ શ્રી અમિતભાઇ અને સહુ સર્વાનુમતે પસાર કરો.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંકઃ ૧૯-સન-૨૦૨૩ના ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા ) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૨૮, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩ના ગુજરાત વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૨૩ના ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી : સન ૨૦૨૩ના ગુજરાત વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૨૩ના ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.**

ગુજરાત કરવેરાને લગતા કાયદા (સુધારા) વિધેયક, ૨૦૨૩

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૮**

ગુજરાત કરવેરાને લગતા કાયદા (સુધારા) વિધેયક**,** ૨૦૨૩

**કરવેરાને લગતા અમુક કાયદા વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી કનુભાઇ મો. દેસાઇ **(**નાણાં મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૨૩નું ગુજરાત કરવેરાને લગતા કાયદા (સુધારા) વિધેયકને હું આપની અનુમતિથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૨૩નું ગુજરાત કરવેરાને લગતા કાયદા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી ''આઝાદી કા અમૃત મહોત્સવ'' સ્વરૂપે દેશભરમાં કરવામાં આવી. આ ૭૫ વર્ષના સમયગાળા દરમિયાન દેશે આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક તમામ ક્ષેત્રે અસાધારણ પ્રગતિ હાંસલ કરી છે. વૈશ્વિક કક્ષાએ ભારતની ગણતરી સૌથી ઝડપથી વિકાસ પામતા દેશ તરીકે કરવામાં આવે છે. હવે ભારત એ વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. માનનીય વડાપ્રધાનશ્રી મોદીના સંકલ્પ અનુસાર ભારત દેશ ટૂંક સમયમાં પાંચ ટ્રિલિયન સાથે વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થ વ્યવસ્થા બનવા જઇ રહી છે. દેશના કુલ જમીન વિસ્તારના ફક્ત ૬ ટકા અને કુલ વસતિના ફક્ત ૫ ટકા સાથે ખૂબ ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા તરીકે રાષ્ટ્રીય અર્થતંત્રમાં ગુજરાત ૮.૩ ટકાનો હિસ્સો ધરાવે છે. માળખાકીય સુવિધાથી માંડીને આરોગ્ય, શિક્ષણ, કૃષિ, ઉદ્યોગ તમામ ક્ષેત્રે ગુજરાત રાજ્ય અગ્રેસર છે. અનેક વિશિષ્ટ પરિબળો જેવા કે ૧૬૦૦ કિલોમિટરનો દરિયાકિનારો, ઔદ્યોગિક સાહસિકતા, વેપાર વાણિજ્યમાં ઐતિહાસિક કુશળતા ગુજરાતને ખરા અર્થમાં દેશના ગ્રોથ એન્જિન તરીકેની ઓળખ આપે છે. સને ૨૦૧૧-૧૨થી વર્ષ ૨૦૨૧-૨૨ના સમયગાળા દરમિયાન સરેરાસ ૮.૨ ટકાના દરે રાજ્યના જી.ડી.પી.માં વધારો થવા પામેલ છે. જેના લીધે ગુજરાત રાજ્ય વિકાસની દિશામાં આગળ વધતું જાય છે. સમગ્ર દેશની કુલ નિકાસમાં ૩૦ ટકાના હિસ્સા સાથે નિકાસની દૃષ્ટિએ ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં અગ્રેસર છે. વિદેશી રોકાણથી માંડીને ઉદ્યોગ અને વેપાર ધંધા માટે ગુજરાત હંમેશા ફર્સ્ટ ડેસ્ટિનેશન દરેક લોકોનું અને વેપારીઓનું રહેલું છે. જેનું મુખ્ય કારણ રાજ્ય સરકારના ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસના ખ્યાલને સાર્થક કરતી ઔદ્યોગિક વિકાસ નીતિ રહેલી છે. હકારાત્મક વાતાવરણ અને નાગરિકો અને વેપારીઓને સુવિધાને આપણે પ્રાથમિકતા આપીએ છીએ.

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ ( મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિલની ચર્ચા પૂર્ણ થયા બાદ મતદાન થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાની દરખાસ્ત કરું છું.

ડો. સી.જે. ચાવડા : અમો સંમત છીએ.

અધ્યક્ષશ્રી : વિધેયક પસાર થાય અને આજનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં હાલ પ્રત્યક્ષ અને પરોક્ષ બન્ને પ્રકારના જુદા જુદા કરવેરા કાયદાઓ અમલમાં છે. જેવા કે ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ- ૨૦૦૩, ગુજરાત મોટર સ્પિરીટ સેસ એક્ટ, ૨૦૦૧, ગુજરાત વ્યવસાય અને વેપાર ધંધાને લગતા રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬, ગુજરાત વિદ્યુત કર અધિનિયમ, ૧૯૫૮.ગુજરાત સ્ટેમ્પ ડ્યૂટી એક્ટ ૧૯૫૮ આ તમામ કાયદાઓ હેઠળ ચૂકવવાપાત્ર વેરો જો સમયસર ભરવામાં ના આવે તો એના પર વિવિધ દરે વ્યાજ વસૂલવા માટે દરેક કાયદામાં અલાયદી જોગવાઇ કરવામાં આવી છે તેને ધ્યાનમાં લેતા હાલમાં જુદાજુદા કાયદાઓ હેઠળ લગભગ ૧૮થી ૨૪ ટકાના દરે વ્યાજ ચૂકવવાનું રહે છે. આ વિધેયક દ્વારા વિવિધ કરવેરા કાયદા હેઠળના વ્યાજ દરોમાં સરળીકરણ કરીને રાજ્ય સરકારે જાહેરનામું પ્રસિદ્ધ કરીને ૧૮ ટકાથી વધુ નહીં તેવા કોઇ પણ નીચો દર નક્કી કરી શકે તેવી જોગવાઇ કરવામાં આવી છે. વધુમાં આ સન્માનનીય ગૃહને જણાવતા મને હર્ષ થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે જુદા જુદા કાયદા અંતર્ગત હાલના ૨૪ ટકા સુધીના વ્યાજ દરમાં ૧૨ ટકા સુધીનો માતબર ઘટાડો કરી ૧૨ ટકા જેટલો કરવાનો ઐતિહાસિક સૈદ્ધાંતિક નિર્ણય લીધો છે જેના અમલીકરણ માટે હું આ કરવેરા વિધેયકના સુધારાને ગૃહ સમક્ષ રજૂ કરું છું. આવાં પગલાથી વિવિધ કરદાતાઓને રાહત મેળવવા ઉપરાંત લેણાની ઝડપથી વસૂલાત થશે તેમજ બિનજરૂરી લિટિગેશન ટાળી શકાશે અને પ્રજાને ઘણી સુવિધા થશે. આમ પ્રજાહિત માટેના અમારા આ પ્રયાસમાં આપ સૌ સહભાગી બનો અને ગૃહ આ વિધેયકને સર્વાનુમતે મંજૂરી આપે એવી હું વિનંતી કરું છું.

---

* વિધેયક તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૨૦૨૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩

## ગુજરાત કરવેરાને લગતા કાયદા (સુધારા) વિધેયક, ૨૦૨૩

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આ બિલની અંદર થોડા સુધારાઓ લઇને આવ્યા છે. મોટેભાગે જે સુધારા છે એ વેરો છે એ મોડો ભરાય તો એના માટે યુનિફોર્મ ૧૮ ટકાની મર્યાદામાં એનું વ્યાજ ચૂકવવાનું થાય એ પ્રકારના મોટાભાગના સુધારાઓ છે એ બાબતે હું મારી વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જી.એસ.ટી. એવો કાયદો છે અને એમાં સાયન્ટિફિક એલીમેન્ટ એ છે કે જે વેરો ભરે એને પોતાને ફાયદો થતો હોય છે. એટલા માટે જી.એસ.ટી. કાયદો છે એમાં આપણી આવક જે થોડી બીજા બધા ટકાના ટેક્સ કરતા આમાં આવક થવાની સંભાવના પણ વધારે હોય છે. એટલા માટે જે વેપારીઓની આખી ચેઇન હોય છે એ ચેઇનમાં તમામ લોકોને એમ થાય કે હું જી.એસ.ટી. ભરીશ તો મને પણ કોઇ જગ્યાએ સેટઓફ મળવાનો છે અને એના કારણે આપણી જી.એસ.ટી.ની આવક ખૂબ સારી થઇ છે. અત્યાર સુધી પાંચ વર્ષ માટે આપણને ભારત સરકારે ગેરંટી આપી હતી કે ૧૪ ટકાના ઇન્ક્રીમેન્ટલ રેટથી જે આવક થવાની છે એમાં કોઇ ઘટાડો થાય તો અમે આપીશું. આ વખતથી જે વધારાની આવક જે આપણને મળવાની હતી એ મળશે નહીં પણ હું માનું છું ત્યાં સુધી આપણી ટેક્સની આવક છે એમાં આપણી લગભગ જે અપેક્ષા હતી એ પ્રમાણે હવે ૧૪ ટકાના ઇન્ક્રીમેન્ટથી પણ મળે એવી શક્યતાઓ દેખાય છે ત્યારે આની અંદર કોઇ ટેક્સનો વધારો કર્યો નથી. પરંતુ જેન્યુઅલી પોતાને ટેક્સ ભરવો છે એ કોઇ કારણસર ભરી શક્યો નથી અથવા તો કોઇ ટેકનીકલ કારણોસર એની પાસેથી માગણી આવી કે તમારે આટલો ટેક્સ ભરવાનો છે તો ૧૮ ટકા સુધીનું વ્યાજ લગાવી શકાય છે. આપણે મૂળ ટેક્સ આવે. આપણો ઇરાદો એવો હોવો જોઇએ કે ટેકસ નાખેલો છે તે નાગરિકો ભરે અને સમયસર ભરે અને કદાચ સમયસર ના ભરાયો હોય તો થોડું ઘણું બે-ચાર ટકા, પાંચ ટકા કે છ ટકા વ્યાજ હોય તો એમાં કોઇ વાંધો હોઇ શકે નહીં. હું માનું છું કે ૧૮ ટકા વ્યાજ થોડું વધારે છે. કારણ કે, જે લોકો ટેક્સ ભરે છે એના માટે છે. આપે ૧૮ ટકાની મર્યાદા કરી છે. ૧૨ ટકા કરતા હોય તો સારી વાત છે. આપે કહ્યું એમ દર નીચો જ હોવો જોઇએ. એની સામે જે લોકો ચોર છે એને પકડવા માટેની વ્યવસ્થા એકદમ મજબૂત હોવી જોઇએ. ઘણા લોકો કોઇ જગ્યાએ ટેકસની અંદર થોડા લીકેજીસ કરતા હોય એક વર્ગ એવો છે. એક વર્ગ એવો છે કે સંપૂર્ણપણે બધું જ ફેક ચલાવવાનું. ફેક ચલાવી અને અબજો, કરોડો રૂપિયાનું રાજય સરકારને નુકસાન કરવાનું. અધિકારીઓ ટેકનોલોજીની આ ચોરી પકડાય અથવા ટેકનોલોજીની મદદથી ચોરી ન થાય એના માટેના પ્રયાસો કરતા હોય છે પણ ચોરમાં એના કરતા પણ વધારે ચોરી કરવાની બુદ્ધિ હોય છે અને એને કારણે આપણા રાજયની અંદર પણ અત્યાર સુધી જે સામે આવ્યું છે એ પ્રમાણે જે આંકડાઓનું સંકલન થયું છે એ પ્રમાણે ૮૦૦૦ કરોડ કરતા વધારેની ટેકસ ચોરી થોડાક જ કેસમાં સામે આવી છે અને જે બોગસ બિલિંગનું અમુક લોકોએ બુદ્ધિ વાપરીને જે રાજયની સરકારને નુકસાન કર્યું છે. સુરતની અંદર હોય કે ભાવનગરની અંદર હોય. બહુ મોટાપાયે ટેક્સની ફેક બિલો રજૂ કરીને ચોરી કરવાનું એક આખું ષડયંત્ર છે. એ રાજય સરકારે અને અમુક એજન્સીઓએ પકડ્યું પણ છે અને હમણાં જે રૂ.૨૦૦૦૦ કરોડનું થયું, એમાં દેશમાં જે ચોરી થઇ છે, એમાં ૨૫ ટકા ગુજરાતની અંદર જ ફેક બિલોનું જે ષડયંત્ર હતું એ બહાર આવ્યું છે. મારી માનનીય મંત્રીશ્રીને એટલી વિનંતી છે કે કોઇ જગ્યાએ કોઇ વેપારીને માઇનોર લીકેજીસ હોય, કોઇ જગ્યાએ થોડા દિવસો, થોડા મહિના મોડું થયું હોય તો એને ઉદારતાપૂર્વક વધારે સમય આપવામાં આવે. હવે જોકે આપવામાં પણ આવે છે. મેં જોયું છે પણ જે લોકો આવી રીતે ચોરી કરે છે એ ચોરી ન કરે એટલા માટે ટેકનોલોજીની અંદર આપણે મોટું ઇન્વેસ્ટમેન્ટ કરીએ, જેથી ષડયંત્ર કરનારા લોકો છે એવા લોકોને પૂરેપૂરી સજા થાય. આ પ્રવૃત્તિ અટકે અને જેન્યુઇન ટેક્સ ભરવાવાળાનો ઉત્સાહ વધતો રહે, વેપાર કરવાનો વેપારીનો ઉત્સાહ વધે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યુત શુલ્ક આપણે નવો નાખ્યો. પહેલા નહોતો. પહેલાના જમાનામાં તો મહેસૂલ એટલે શું? આવક એટલે શું તો ખેતીની મહેસૂલ એટલા માટે જ આપણે મહેસૂલ વિભાગ રાખ્યો છે. એક જ જગ્યાએથી આવક આવતી હતી હવે એ મહેસૂલ તો ખાલી નામ પૂરતું જ રહ્યું છે. આપણા ઘણાબધા ક્ષેત્રોમાંથી આવક આવે છે અને આપણા ગ્રાહકો પર આ વિદ્યુત શુલ્ક છે એ થોડો ઘટે એ માટે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે. આપણા મોટા ઉદ્યોગગૃહો રૂ.૩૦૦૦ કરોડ, ૪૦૦૦ કરોડ, ૧૦૦૦૦ કરોડ કોર્ટમાં જઇને લઇ આવે અને આપણે દઇ દેવાના. એમને એમ દઇ દેવાના પણ જે નાના ગ્રાહકો છે એના ઉપર બોજો ઘટે અને એના આવકના પ્રમાણની અંદર જે નાના વપરાશકારો છે, જે ઓછા યુનિટો વાપરે છે એના ઉપરનો ટેક્સ રદ થાય એવી માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું અને આ બિલમાં ૧૮ ટકાની મર્યાદા રાખી છે પણ માનનીય મંત્રીશ્રીએ ૧૨ ટકા કરી પણ બહુ નાના વેપારીઓ હોય તો એનાથી પણ ઘટાડીને એમને જેન્યુઅલી ટેક્સ ભરવાનું પ્રોત્સાહન મળે એવી વ્યવસ્થા ગોઠવવા માટે હું વિનંતી કરું છું.

શ્રી અમિત ઠાકર(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે કરવેરા વિધેયક લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો પ્રસ્તુત કરવા ઊભો થયો છું. પરોક્ષ કરવેરામાંથી રાજય સરકારને પ્રાપ્ત થતી કુલ આવકમાં જી.એસ.ટી. કાયદા પછી બીજા નંબરે ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ ૨૦૦૩ એટલે કે વેટ કાયદાનો મહત્ત્વપૂર્ણ હિસ્સો રહેલો છે. તા. ૧-૭-૨૦૧૭ થી જી.એસ.ટી. કાયદાના અમલીકરણ બાદ રાજયમાં પેટ્રોલ, ડીઝલ, પેટ્રોલિયમ ક્રુડ, નેચરલ ગેસ, એ.ટી.એફ. અને આલ્કોહોલિક લીકર ફોર હોમ કન્ઝમ્પ્શન જેવી ૬ ચીજવસ્તુઓ ઉપર વેટ કાયદો લાગુ પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રાજ્ય સરકારને વેટ કાયદા હેઠળ કુલ રૂ.૩૮૦૬૧ કરોડની આવક પ્રાપ્ત થયેલ. જે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન પ્રાપ્ત થયેલ આવક ૩૦૧૫૨ કરોડની સરખામણીમાં એટલે કે ૨૬.૦૨

ટકા દરે વૃદ્ધિ પામેલ છે. વેટ કાયદા હેઠળ હાલ પાંચ હજારથી પણ વધુ વેપારી નોંધાયેલ છે. આ બાબત તે માનનીય ભૂપેન્દ્રભાઇ અને માનનીય કનુભાઇના નેતૃત્વમાં નાણાં ખાતા અને વેટ વિભાગ દ્વારા નાણાકીય શિસ્ત આવી છે તે બતાવે છે. નિયત સમય મર્યાદામાં પત્રક મુજબનો વેરો ચૂકવવામાં ન આવે, આકારણી દરમ્યાન વધારાના વેરાનું માગણું ઉપસ્થિત કરવામાં આવે, હપ્તાની સવલત ભોગવતા વેપારી દ્વારા હપ્તાની મુદત દરમ્યાન ચૂકવવાપાત્ર વ્યાજ વગેરે જેવા કિસ્સાઓમાં વેટ કાયદા હેઠળ ચૂકવવાપાત્ર વ્યાજના દરને નેશનલાઇઝ કરવાથી વેટ કાયદા હેઠળના વેપારીઓને કોમ્પ્લાયન્સ કોસ્ટમાં ઘટાડો થશે. આ બાબત ધ્યાનમાં લેતાં માનનીય નાણામંત્રીશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ પ્રસ્તુત કરવેરા સુધારા વિધેયકને મારો અંતઃકરણપૂર્વકનો ટેકો જાહેર કરું છું અને આ વિધેયકને સારી રીતે બધા પાસ કરે તેવી મારી ઇચ્છા વ્યક્ત કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય અરવિંદભાઇ રાણા બોલે તે પહેલાં માનનીય અમિતભાઇનો જે ફોટો મૂકેલો હતો તે જોયા પછી તમે પણ તમારો ફોટો મૂકી દેજો. તમે જે પહેલાં આપ્યા હશે તે જ હશે તો તેમાં કોઇને સુધારા વધારા કરીને મૂકવો હોય તો તમે અહીં આપજો તો સ્ક્રીન ઉપર લઇ શકાય. લેટેસ્ટ નવા ફોટા મૂકી શકાય. ઓળખાય એવા સરસ ફોટા મૂકી દેજો. ઇ-મેઇલથી પણ મોકલી દેજો. વ્યવસ્થા કરીને ફોટા દાખલ કરી દેજો. માનનીય અરવિંદભાઇ રાણા.

શ્રી અરવિંદ શાં. રાણા(સુરત-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણામંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે, રાજ્યના વિકાસ માટે આવક તે ખૂબ મહત્ત્વ ધરાવે છે. આપણું રાજ્ય શાંતિપ્રિય, સલામત અને આપણી પ્રજા પણ સાહસિક છે. આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાત રાજ્યની અંદર વાઇબ્રન્ટ સમિટ જે ચાલુ કરી હતી તેનો સિલસિલો ચાલુ રાખીને આપણું રાજ્ય ઉદ્યોગપ્રદાન રાજ્ય બન્યું છે. તેનો દરજ્જો આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં પણ આપ જોઇ રહ્યા છો તેમ ઇઝ ઓફ ડુઇંગ ઇન બિઝનેસની પરંપરા ચાલુ રાખી છે. એટલા માટે જ આપણા રાજ્યની આવક ઉત્તરોત્તર વધતી જાય છે. આપણા રાજ્યના ઉદ્યોગકારો અને વેપારીઓ પણ ઉદારતાથી પ્રમાણિક રીતે વેરાની ભરપાઇ કરે છે. જી.એસ.ટી. અને વેટના આંકડાની થોડીક માહિતી આપું તો વર્ષ ૨૦૨૧-૨૨ની અંદર જી.એસ.ટી.માં ગુજરાત રાજ્યને રૂ.૪૫,૪૬૪ કરોડની આવક થઇ હતી. વર્ષ ૨૦૨૨-૨૩માં જી.એસ.ટી.માં રૂ. ૫૬,૦૬૪ કરોડની આવક થઇ હતી. એપ્રિલથી ઓગસ્ટ એટલે કે પાંચ માસની અંદર અત્યારે ૨૦૨૩-૨૪માં ઓગસ્ટ સુધીમાં જી.એસ.ટી.ની આવક રૂ.૩૫,૮૯૦ કરોડની થઇ છે. એ જ રીતે રાજ્યમાં વેટની આવક છે તેમાં પેટ્રોલ, ડીઝલ, નેચરલ ગેસ, આલ્કોહોલ, ક્રુડ ઓઇલ, વિમાનમાં વપરાતા એ.ટી.એફ. ફ્યુઅલમાંથી જે વેટની આવક થાય છે તેમાં વર્ષ ૨૦૨૧-૨૨માં રાજ્યમાં રૂ.૩૦૧૫૧ કરોડની આવક થઇ હતી. વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૩૮૦૭૨ કરોડની આવક થઇ હતી. એપ્રિલથી ઓગસ્ટ એટલે કે ચાલુ વર્ષના પાંચ માસમાં વર્ષ ૨૦૨૩ ઓગસ્ટ સુધીમાં રાજ્યમાં રૂ.૧૪૭૫ કરોડ રૂપિયાની વેટની આવક થયેલ છે. સરકારની આવકના મુખ્ય સ્ત્રોત્ર તરીકે પરોક્ષ કરવેરાનો હંમેશા સિંહફાળો રહેલો છે. આમ છતાં, કેટલાક પ્રત્યક્ષ કરવેરા જેવા કે, વિદ્યુત કર, પ્રોફેશનલ ટેક્સ અને સ્ટેમ્પ ડ્યૂટીને પણ અવગણી શકાય નહીં. કારણકે આવા પ્રત્યક્ષ કરવેરાની આવકમાંથી પણ સામાન્ય પ્રજાના હિતલક્ષી અનેક નાના મોટા વિકાસ કાર્યો રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં વીજળીના કન્ઝમ્પશન પર ગુજરાત વિદ્યુત કર અધિનિયમ ૧૯૫૮ હેઠળ વિદ્યુત કર નિયુક્તાઓ અને વ્યવસાયો પાસેથી ગુજરાત વ્યવસાય વેપાર ધંધા અને રોજગાર વેરા અધિનિયમ ૧૯૭૬ હેઠળ વ્યવસાય વેરો તેમજ મિલકતોમાં ખરીદ વેચાણ અને દસ્તાવેજોની નોંધણી પર ગુજરાત સ્ટેમ્પ ડ્યૂટી એક્ટ ૧૯૫૮ હેઠળ સ્ટેમ્પ ડ્યૂટી પણ વસૂલવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રત્યેક્ષ કરવેરાની આવકના કેટલાક મહત્ત્વના આંકડા રજૂ કરતા મને આનંદ થાય છે. કેમ કે, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રાજ્ય સરકારને વિદ્યુત કરમાંથી રૂપિયા ૧૦૫૮૨ કરોડ, પ્રોફેશનલ ટેક્સમાંથી રૂપિયા ૨૫૧ કરોડ અને સ્ટેમ્પ ડ્યૂટી ફીમાંથી રૂપિયા ૧૪૩૪૮ કરોડની આવક પ્રાપ્ત થયેલ છે. માનનીય નાણા મંત્રીશ્રીએ આ વિધેયકમાં જુદા જુદા કાયદામાં જો વિલંબિત વેરો ભરવામાં આવે તો વાર્ષિક વેરો ૧૮ ટકાના દરે અને કેટલાકમાં તો ૨૪ ટકાના દરે જે વેરો ચૂકવવાની જોગવાઇ છે આ જોગવાઇઓમાં ઘટાડો કરવાના હેતુથી કેટલીક કલમોમાં વાર્ષિક દર ૧૫ ટકા અને કેટલીક કલમોમાં દર વર્ષે ૨૪ ટકાના દરે ચૂકવવાની જોગવાઇ છે જેમાં રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા વાર્ષિક દર ચૂકવવાની જોગવાઇ દર્શાવવા આ સુધારો લાવવામાં આવ્યો છે. આ બિલ જે સભાગૃહમાં રજૂ થયું છે એમાં માનનીય નાણા મંત્રીશ્રીએ ગુજરાતની પ્રજાના હિતમાં આ બિલ રજૂ કર્યું છે જેને હું મારું અનુમોદન આપુ છું. "આભાર"

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાણાં મંત્રીશ્રી ગુજરાત કરવેરા લગતા કાયદા (સુધારા) ૨૦૨૩ કરવેરાને લગતા અમુક કાયદા વધુ સુધારવા બાબત જે વિધેયક લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારની આવકના મુખ્ય સ્ત્રોતમાં ખાસ કરીને ટેક્સ, વેટ, જી.એસ.ટી. વીજ સંકુલ વગેરે આવકના સૌથી મોટા સ્ત્રોત છે. સરકાર જે રીતે ત્રણ પ્રકારના એક ગુજરાત મૂલ્યવર્ધિત અધિનિયમ ૨૦૨૩ જેમાં વ્યાજના દરની વ્યાખ્યા લઇને આવ્યા છે. કોઇ પણ વેપારી વેપાર ધંધો કરતો હોય એ સ્વાભાવિક પોતે ટેક્સ ભરતા હોય છે. ખાસ કરીને નાના અને મધ્યમ વર્ગના વેપારીઓ જે હોય છે એ વેપારીઓનું ટેક્સની ચોરીમાં એમનું યોગદાન હોતું નથી. જે પણ વેરો ભરતા નથી અને ચોરી કરે છે એમાં મોટા કદના જે લોકો છે કે જેને સરકાર પણ ટચ કરી શકતી નથી એવા લોકો વેરાની ચોરી કરતા

હોય છે. મારી પાસે આંકડા છે એને આધારે હું કહીશ કે આ જ વિધાનસભામાં રજૂ થયેલા આંકડા મુજબ ૧૦ લાખથી કે તેનાથી વધુ વસૂલાત કરવાના કુલ એકમો આ રાજયમાં ૯ હજાર કરતા પણ વધારે છે કે જેની પાસે સેલ્સટેક્સ, વેટ કે જી.એસ.ટી.ના ટેકસના રૂપિયા વસૂલ કરવાના બાકી છે. વસૂલની રકમ જોઇએ તો એ નાની રકમ નથી એ રકમ રૂ.૪૮૪૩૯ કરોડ કરતા પણ વધુ રકમનો અલગ અલગ પ્રકારનો ટેક્સ રાજય સરકારે વસૂલ કરવાનો બાકી છે એવા ૯ હજાર કરતા પણ વધારે એકમો છે અને એ ગુજરાત વિધાનસભાના આંકડામાં રજૂ કરેલ છે.આવા લોકોના લેવાના બાકી છે. સ્વભાવિક છે કે ટેક્સ વસૂલ્યો ના હોય ત્યારે સ્વભાવિક છે કે વ્યાજ ચડે એટલે ટેક્સ અને વ્યાજ બન્નેની વ્યાખ્યા ભેગી થાય. આ સરકાર વ્યાજ માફીવાળું લઇને કેમ આવી? સરકાર એક તરફ કહે છે કે વિકસિત રાજયની અંદર પૈસાની જરૂર પડે. સો ટકા જરૂર પડે પણ આવી રીતે ૯ હજાર એકમોના કે જેના રૂ.૪૮૪૦૦ કરોડ કરતા પણ વધારે રકમ વસૂલવાની બાકી છે તો વિભાગ શું કરતુ હતું? અને આ રકમ ઘણા ટાઇમથી બાકી છે. માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા છે સરળ છે, સરળ ભાષામાં વાત કરે છે ટૂંકું ટચ કરાવીને બિલ પાસ પણ કરાવી દેશે પણ માનનીય નાણામંત્રીશ્રીને પૂછવા માગું છું,

અધ્યક્ષશ્રી : ટૂંકું બોલે તે સદગુણ કહેવાયને?

શ્રી શૈલેષ મ. પરમાર : ના, બહુ સારું કહેવાય અને હું તો તેમના વખાણ કરું છું. શ્રી કનુભાઇની સાથે મારે ૩૫ વર્ષ જૂનો સંબંધ છે. (અંતરાય ) ટેકો સો ટકા આપીએ ગુજરાતની પ્રજાને નુકસાન થતું હોય તો સગા બાપને પણ ટેકો ના અપાય, આ તો મારા ભાઇબંધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રૂ.૪૮ હજાર કરોડ કરતા વધારે રકમ જયારે વસૂલવાની બાકી હતી ત્યારે રાજયનું નાણાં વિભાગ શું કરતું હતું? અને એવા કેટલા એકમો છે? મારી પાસે ૯ હજાર એકમનો આંકડો છે એમાંના કેટલા એકમો એવા છે કે જે એકમોની આ રૂ.૪૮ હજાર કરોડ કરતા પણ વધારાની રકમમાં જેનો સમાવેશ થાય છે કે જેનો આંકડો મોટો થતો હશે અને તેના માટે શું આ સરકાર સુધારો લઇને તો નથી  આવીને? એનો મતલબ એવો થાય કે નાનો ચોરી કરે તો તેને નુકસાન થાય અમને ખ્યાલ છે અમે અમદાવાદ શહેરમાં રહીએ છીએ જો કોર્પોરેશનનો ટેક્સ ના ભર્યો હોય તો લાલ બિલ આવે અને પછી પણ ના ભરે તો તેને સીલ મારી દેવામાં આવે છે. તો આ કયા મોટા ગજના માનવીઓ હતા કે મોટા ઉદ્યોગપતિઓ હતા કે મોટા વેપારીઓ હતા કે જેની પાસે આ નાણાં વિભાગ આટલી મોટી રકમ રાજયની પોતાની આવકની રકમ છે, રાજયનાં પોતાનાં નાણાં છે અને તે કેમ ચૂકવી ના શક્યા અને ચૂકવતા નથી એટલે વ્યાજના દરનો ઘટાડો કરીને પછી તે લોકો ચૂકવે એ આશા સાથે તમે આ સુધારો લઇને આવ્યા છો. જયારે ચૂકવવાની તેમની દાનત જ નથી. સરકારની તેમની પાસે આ ઉઘરાણી કરવાની એક નીતિ જોઇએ, એક રીતિ જોઇએ એ સરકાર પોતે ઉદાર મન રાખીને એ વેપારીઓને બિન્દાસ રહેવાની જે નીતિ અપનાવી છે અને તેના કારણોસર હવે સરકાર એમ કહે કે તમે વ્યાજ ૧૮નું ૧૨ ટકા કરીશું એટલે તમે ભરો ત્યારે તેમને ૧૮માં નથી ભર્યું તો ૧૨ ટકાની વાત કરો છો. માનનીય મંત્રીશ્રી ૧૨ ટકા લઇને આવ્યા છો તો કંઇ વાંધો નહીં આવતા વખતની વિધાનસભામાં આના પણ આંકડા લઇશું અને કહીશું કે તમે લાવ્યા હતા તેમાં શું સુધારો થયો? સવાલ એ છે કે, રાજયનું નાણાં વિભાગ સુતેલું છે અને મોટા ગજાના જે વેપારીઓ છે, જે ઉદ્યોગપતિઓ છે કે જેને ટચ કરવા માગતા નથી અને તેના કારણોસર તે ઉદ્યોગપતિઓ બિન્દાસ સુઇ રહ્યા છે અને એ ઉદ્યોગપતિઓને સવલત આપવા માટે આ રાજય સરકાર તેના વ્યાજના દરોમાં ઘટાડો કરીને, નુકસાન કરીને પણ વધુ તેમને ફાયદો થાય એવું ફરી એક પાછું આ બિલના માધ્યમથી વેપારીઓને કરવા જઇ રહ્યાં છે એવું સ્પષ્ટપણે લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક નાની વાત કરીશ રાજય સરકાર આ જ વિધેયકની અંદર કલમ-૫માં ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ-૧૯૫૮ની કલમ-૮માં પેટા કલમ-૧માં દર વર્ષે ૨૪ ટકા આંકડાને શબ્દને બદલે વાર્ષિક ૧૮ ટકા એ શબ્દ મૂકવો બીજો એક સુધારો રાજય સરકાર લાવી છે. આ જ રાજય સરકારે ગુજરાત વિધાનસભાની અંદર જે આંકડા રજૂ કર્યા ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ મુજબ.  હું તા.૮/૩/૨૦૨૧ના રોજ ગુજરાત વિધાનસભા ગૃહમાં રજૂ થયેલ આંકડા આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે આ રાજ્યમાં ૧૬૨૯૭ ઔદ્યોગિક એકમો એવા હતા કે જે એકમોને રૂ.૧૭૧૫ કરોડ ૪૫ લાખની માફી આપવામાં આવી હતી. આ આંકડા રાજ્ય સરકારના ઊર્જા વિભાગ દ્વારા આ વિધાનસભા ગૃહમાં રજૂ કરવામાં આવ્યા હતા. અમદાવાદ શહેરમાં એ.ઇ.સી.નું તંત્ર ચાલે છે. એમાં એક બિલ ના ભર્યું હોય, બીજું બિલ ના ભર્યું હોય, ત્રીજું બિલ લાલ આવે અને પછી તરત જ એનું મીટર કાપી નાંખવામાં આવે છે. વીજ ચોરીમાં કોઇ પકડાય તો એ.ઇ.સી. દ્વારા એ નાના માણસને દંડ કરવામાં આવે છે. એણે ચોરી કરી છે. એણે ગુનો કર્યો જ છે. એને સજા થવી જ જોઇએ પણ એ.ઇ.સી. દ્વારા સાત લાખ, આઠ લાખ, નવ લાખ રૂપિયાનું બિલ નાના માણસને આપવામાં આવે છે. એમાં કોઇ સમાધાન નહિ. ગરીબ માણસ કરે શું? લાઇટ વગર તો જીવે નહિ એટલે એને ગમે તેમ કરીને પૈસા ભરવા પડે. સુરતમાં પણ આ હાલ છે અને ગાંધીનગરમાં પણ આ હાલ છે. આ રાજ્યમાં રૂ.૧ લાખ કે તેથી વધુ બિલ ન ચૂકવનારા ઔદ્યોગિક ડિફોલ્ટરો છે.

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ, ઇલેક્ટ્રિસિટી વિભાગ આવે ત્યારે તમે ડીટેઇલમાં જઇ શકશો. અત્યારે આ બિલના પરિપ્રેક્ષ્યમાં રહેશો તો વધારે સારું.

શ્રી શૈલેષ મ. પરમાર : બિલના પરિપ્રેક્ષ્યમાં જ છું.

અધ્યક્ષશ્રી : તમે વાત ઇલેક્ટ્રિસિટીના કરવેરા પર લઇ જાવ છો.

ગુજરાત કરવેરાને લગતા કાયદા (સુધારા) વિધેયક, ૨૦૨૩

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું કરવેરા પર જ બોલું છું. સોરી સાહેબ. હું મારી વાત પૂરી કરું છું. હું એટલા માટે કહું છું કે વ્યાજમાં ૨૪ ટકાના બદલે ૨૮ ટકા કરે છે. ઇલેક્ટ્રિક પર જ બોલું છું. અમદાવાદનું ઇલેક્ટ્રિકમાં જ આવે. એમાં દંડ પણ આવે, ફી પણ આવે અને માફી પણ આવે. જે ડિફોલ્ટર ઉદ્યોગો છે એ ઉદ્યોગોના રૂ.૮૭૩૬૦ લાખના બિલ ચૂકવવાના આજે પણ બાકી છે. આ એટલા માટે કહું છું કે કારણો તો રજૂ કરવા પડે. અમારા નાણાં મંત્રીશ્રીએ બહુ સરળ વાત કરી છે કે સરકારની આવકમાં વધારો થાય. સરકારની આવકમાં વધારો થશે તો એનાથી રાજ્યનો વિકાસ થશે. રાજ્યનો વિકાસ થશે તો શાળાઓ બનશે, હોસ્પિટલો બનશે, રોડ-રસ્તા બનશે. ૧૬૦૦ કિ.મી.નો આપણો દરિયાકિનારો છે પછી ભલે ડ્રગ્સ ગમે ત્યાં મળી જાય.

અધ્યક્ષશ્રી : આમાં ડ્રગ્સ અને દરિયા કિનારો ન આવે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે રાજ્ય સરકાર એક બાજુ જે લોકો ચૂકવતા નથી એ લોકો ચૂકવે એ માટે સુધારો લઇને આવ્યા છે એમાં માનનીય મંત્રીશ્રી જે પાંચ મુદ્દા લઇને આવ્યા છે એ પાંચ મુદ્દા અલગ-અલગ છે. મોટરનો અલગ છે, વિદ્યુતનો અલગ છે, વાહનવ્યવહારનો અલગ છે. કેટલા-કેટલા રૂપિયા કેટલા-કેટલા લોકો પાસેથી લેવાના બાકી છે એનો આંકડો આપે તો અમે વિચારીએ કે આપને ટેકો આપવો કે ના આપવો. જો આંકડાકીય માહિતી માનનીય મંત્રીશ્રી આ વિધાનસભા ગૃહ સમક્ષ મૂકશે તો અમે વિચાર કરીને ચોક્કસ આગળ વધીશું. હું મારા વિચારો પૂરા કરું છું.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૮ ગુજરાત કરવેરાને લગતા કાયદા સુધારા વિધેયક માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ જે ખૂબ અભ્યાસુ અને સમજદાર છે, આપણા વડીલ સભ્યશ્રી અર્જુનભાઇએ પણ એમને સમજદાર છે એ રીતે વાત કરી છે અને શ્રી શૈલેષભાઇ પણ એમનું સન્માન ધરાવે છે એવા વ્યક્તિ જયારે આ વિધેયક લાવ્યા છે તો તેના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિવિધ કરવેરા કાયદા હેઠળ વ્યાજના દરને રેશનલાઇઝ કરવા માટે માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ દ્વારા રજૂ કરવામાં આવેલ પ્રસ્તુત કરવેરા કાયદા સુધારા વિધેયકમાં ગુજરાત મોટર સ્પિરિટ સેસ એક્ટ ૨૦૦૧નો પણ સમાવેશ કરવામાં આવેલો છે. જે એક્ટ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્ય સરકારને સેસ તરીકે કુલ રૂ.૧૬૯૮ કરોડની રકમ પ્રાપ્ત થયેલી છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ દ્વારા 'વન નેશન વન ટેક્સ' નો સંકલ્પ ચરિતાર્થ કરીને સમગ્ર દેશની કર વ્યવસ્થા સુદ્દઢ થઇ છે. જેના પુરાવારૂપે ઇંગ્લેન્ડ જેવો દેશ કે જેણે આપણા દેશ પર ૨૦૦ વર્ષ શાસન કર્યું છે તેનું અર્થતંત્ર છઠ્ઠા ક્રમે છે જ્યારે આપણા દેશનું અર્થતંત્ર પાંચમા ક્રમે છે તે આપણા માટે ગૌરવની બાબત છે. માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબ વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશનું અર્થતંત્ર વિશ્વમાં ત્રીજા ક્રમે લાવવાના નિર્ધાર સાથે આગળ ચાલી રહ્યા છે. આ સાકાર કરવા માટે આ સુધારા વિધેયક ખૂબ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના કર માળખાને સુદ્રઢ કરવા માટે નાગરિકો દ્વારા થતી માલ-સેવાની ખરીદી માટે બિલ મેળવવા માટે પ્રોત્સાહિત કરવા માટે 'મેરા બિલ મેરા અધિકાર' યોજનાને રાજ્યના નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબે વાપીમાં શુભારંભ કરીને ખુલ્લી મૂકી છે. જેને દરેક નાગરિકો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ અને આમ જનતા તરફથી ખૂબ સારો સહકાર મળેલો છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના સંયુક્ત પ્રયાસથી ૧લી સપ્ટેમ્બર, ૨૦૨૩થી લઇ એક વર્ષ માટે આ યોજના ગુજરાત, આસામ, હરિયાણા, પોંડિચેરી, દીવ, દમણ, દાદરા નગર હવેલી, સંઘ પ્રદેશમાં લાગુ કરવામાં આવી. જેને સારો આવકાર મળેલ છે. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી 'આઝાદી કા અમૃત મહોત્સવ' સ્વરૂપે દેશભરમાં ઊજવવામાં આવી. વૈશ્વિક સ્તરે આજે ભારત દેશની ગણના સૌથી ઝડપથી વિકાસ પામનાર દેશમાં કરવામાં આવે છે. સાડા ત્રણ ટ્રિલિયન યુ.એસ. ડૉલરથી વધુ જી.ડી.પી. સાથે ભારત એ વિશ્વની સૌથી મોટી પાંચમી અર્થવ્યવસ્થા છે. સરકારની આવકમાં મુખ્ય સ્ત્રોત તરીકે પ્રત્યક્ષ અને પરોક્ષ કરવેરાનો સિંહફાળો રહેલો છે. આવા પ્રત્યક્ષ કરવેરા કાયદા હેઠળ ચૂકવવાપાત્ર વેરા ડ્યૂટી પરના વ્યાજ દરને રેશનલાઇઝ કરવાથી તેનો સીધો ફાયદો કરદાતાને થશે.

માનનીય અધ્યક્ષશ્રી, વેપારીએ દરેક ગ્રાહકને જી.એસ.ટી.નું બિલ આપવું જરૂરી છે. જેથી કરવેરો સરકારમાં જમા થશે અને સરકારના વિકાસ માટે મહત્ત્વનું યોગદાન ગણાશે. લોકોને ટેક્સનું મૂલ્ય સમજાશે, ટેક્સની ચોરી ઓછી થશે અને દેશનું અર્થતંત્ર મજબૂત થશે. જે આપણા દેશના વડાપ્રધાન અને આપણી ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. આપણે જોઇ રહ્યા છીએ કે ભારત સાથે ગુજરાત પણ આર્થિક રીતે સદ્ધર થઇ રહ્યું છે અને વિકાસના ખૂબ કાર્યો થઇ રહ્યા છે. આ બધું યોગ્ય નીતિ, મજબૂત નેતાગીરી અને યોગ્ય નિર્ણયથી થતું હોય છે. ગુજરાતના નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ પણ બજેટ સત્રમાં લાર્જ અને જમ્બો બજેટ લાવ્યા છે તે આ બધી આવક અને સ્ત્રોતને આભારી છે. મારા સાથી સભ્યો ચિંતા દર્શાવે છે પણ એમણે માનનીય કનુભાઇનું સન્માન પણ કર્યું છે એટલે આ વ્યક્તિ કોઇ દિવસ ગુજરાતનું અહિત કરે તેવો કોઇ નિર્ણય લેશે નહિ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશના વડાપ્રધાનશ્રી મોરારજીભાઇ દેસાઇ સાહેબ વલસાડના વતની હતા. એમના સંસ્કારો શ્રી કનુભાઇમાં રહેલા છે એટલે તેઓ ગુજરાતનું અહિત કદાપિ નહીં કરે એ વાતનું માનનીય મંત્રીશ્રી ચોક્કસ ધ્યાન

રાખશે. માનનીય નાણામંત્રીશ્રી પ્રસ્તુત કરવેરા સુધારા વિધેયક લઇને આવ્યા છે એને મારો સંપૂર્ણ ટેકો આપું છે અને મારા સન્માનનીય સભ્યશ્રીઓને પણ ટેકો આપવા માટે વિનંતી કરું છું. આભાર.

અધ્યક્ષશ્રી : આજે મેં જોયું છે. બધા અલગ-અલગ સમયનો ઈતિહાસ લઇને આવ્યા છે અને હવે પછી કયો ઈતિહાસ આવશે એની બધા આતુરતાપૂર્વક રાહ જુએ છે.

ડો. સી.જે. ચાવડા(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ગુજરાત કરવેરાને લગતા કાયદા સુધારા વિધયેક-૨૦૨૩ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકમાં બેઝિક કરવેરાનું સ્ટ્રક્ચર છે એમાં કોઇ ફેરફાર કર્યા નથી. કરવેરો નહીં ભરનાર વ્યક્તિને કાયદામાં વ્યાજ ભરવાનું છે, એ વ્યાજનો દર જુદા-જુદા પાંચ કાયદાઓ પૈકી કોઇ જગ્યાએ ૧૮ ટકા, કોઇ જગ્યાએ ૨૪ ટકા અને કોઇ જગ્યાએ દોઢ ટકો છે. એની મહત્તમ મર્યાદા ૧૮ ટકાથી વધે નહીં અને લઘુત્તમ મર્યાદા જ્યાં સુધી સરકાર ઇચ્છે ત્યાં સુધી એવું નક્કી કરવાનું થાય એવો માનનીય નાણામંત્રીશ્રીનો ઇરાદો હોય એવું આ સુધારા વિધેયકમાં લાગે છે. આમાં કોઇ બેડ ઇન્ટેન્શન ન હોય તો ખરેખર આ સુધારો સારો છે. પરંતુ, કાયદામાં બે વ્યક્તિઓ છે. એક વ્યક્તિ નિયમિત કરવેરો ભરે છે અને બીજી વ્યક્તિ એવી છે કે જે સરકારની વિલંબિત નીતિઓથી અવગત છે અને વેરો નહીં ભરવાની છટકબારીઓ કેવી રીતે શોધવી એવા પ્રકારના વ્યક્તિઓ પણ હોય છે. વેરો નહીં ભરનારની સંખ્યા લગભગ પાંચ ટકા હશે. સરકારે આ પાંચ ટકા માટે દાવાની સંખ્યા ઘટે એની ચિંતા કરી છે અને જે લોકો વેરો ભરતા જ નથી એના બદલે થોડો ઘણો પણ ભરે તો આ પ્રશ્નનો અંત આવે એ દિશામાં વિચાર્યું હોય એવું લાગે છે. એની સાથે-સાથે જે લોકો વ્યવસાય કરે છે અને સમયસર બિલ ભરે છે. જેમ કે, મહાનગરપાલિકામાં એવો નિયમ છે કે, જે લોકો ૩૧મી માર્ચ પહેલાં વેરો ભરી દેશે એમને પાંચ ટકાની રાહત આપવામાં આવશે, કરવેરાના સ્ટ્રક્ચરમાં જ રાહત આપવામાં આવશે. જે લોકો વેરો નથી ભરતા એની તમે ચિંતા કરી છે પણ જે લોકો નિયમિત વેરો ભરે છે એમને પણ જે તારીખ નક્કી કરી હોય એ તારીખ પહેલાં વેરો ભરે તો એવા લોકો માટે પણ ભવિષ્યમાં વિચાર કરવો જોઇએ. જે લોકોની માનસિકતા વેરો ભરવાની નથી અને લાભ લેવાની છે એના કરતાં ભરીને લાભ કેમ ન લેવો? એવી વિચારધારા પણ ઊભી થશે. એટલે આ જે નાણાકીય વ્યવ્હારો અને લેવડદેવડની પદ્ધતિ છે એમાં ઓછી રકમ આવે પણ સમયસર આવે એ તરફ આપણે જવું જોઇએ. આવા લોકો વેરો નથી ભરતા અને અધિકારીઓને કાવાદાવામાં નાંખે છે અને સમય બગાડે છે, કોર્ટ-કબીલા થાય છે, ઝઘડા થાય છે એની ચિંતા કરીએ છીએ એના કરતાં પેલી ચિંતા કરી હોત તો આની સંખ્યા ધીમે-ધીમે ઓછી થાત. બીજો એક અગત્યનો મુદ્દો છે કે, જે પાંચ ટકા લોકોએ વેરો ભર્યો નથી અને રૂ.૪૮ હજાર કરોડની રકમ બાકી છે એનું પણ તમે પત્રક બનાવજો. આમાંથી ૫૦ ટકા રકમ તો પાંચ કે સાત વ્યક્તિઓની જ બાકી હશે. આવી વ્યક્તિઓ વેરો ભરતી નથી અને રૂ. ૨૪ હજાર કે ૨૫ હજાર જેટલી રકમ ફક્ત આ ચાર કે પાંચ વ્યક્તિઓની જ બાકી છે. તેઓ વેરો ભરી શકે એવી પરિસ્થિતિમાં જ છે. એમની બચતની રકમ ફેમિલી ટ્રસ્ટોમાં લઇ જાય છે અને ટૅક્સ ભરવાની એમની માનસિકતા નથી. આ માનસિકતા લાવવા માટે સરકારે થોડું કડક થવું પડશે. આટલી રાહતો આપ્યા પછી પણ જો ન ભરે તો શું? એનો અર્થ એ કે, કરવેરા ભરવામાંથી એ પોતાને દેશના કે રાજ્યના નિયમોથી અલગ સમજે છે. તો એવી માનસિકતા દૂર કરવા માટે એના ઉપર કંઇક પગલાં પણ લેવાવાં જોઇએ, એ સુધારા સાથે હું આ બિલને અનુમોદન આપું છું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણાં મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ઉપર મારા સાથી ધારાસભ્ય શ્રી અમિતભાઇ ઠાકર, શ્રી અરવિંદભાઇ રાણા, શ્રી ભરતભાઇ પટેલ તેમજ સાથી પક્ષના માનનીય ધારાસભ્ય શ્રી અર્જુનભાઇ, શ્રી શૈલેષભાઇ, ડૉ. સી.જે.ચાવડા સાહેબે પોતાના જે વિચારો રજૂ કર્યા, એમાં ખાસ કરીને માનનીય અર્જુનભાઇની જે ચિંતા હતી કે ટેક્સની ચોરી અટકાવવા માટે આપણે કડક નિયમ બનાવવા જોઇએ. એ દિશામાં આપણે આખા ભારતમાં સર્વપ્રથમ ગુજરાત રાજ્ય બાયોમેટ્રિક પદ્ધતિથી સેલટેક્સ રજિસ્ટ્રેશન આપવા જઇ રહ્યું છે. એટલે એ પાસપોર્ટ પદ્ધતિથી દરેક માણસનું આઇડેન્ટિફિકેશન થશે. એ વેપારીનું સ્થળનું વેરિફિકેશન થશે પછી જ એને રજિસ્ટ્રેશન આપવામાં આવશે. આના લીધે, કોઇપણ બોગસ બિલિંગનો પ્રશ્ન રહેશે નહીં. શ્રી શૈલેષભાઇએ પણ ઘણી બધી ચિંતા વ્યકત કરી છે. શ્રી શૈલેષભાઇ, અમે જયારે આ કાયદાની વાત કરી ત્યારે જુદા-જુદા કાયદાઓનો ૨૪ ટકા, ૨૨ ટકા, ૨૦ ટકા ટેક્સ છે, એને અનુલક્ષીને કે આપણે આટલા વર્ષોથી આટલો હાઇ ટેક્સ જે ચાલી રહ્યો છે એના માટે રેશનલાઇઝ કરવું છે. એમાં એવી બીજી કોઇની રજૂઆત નથી કે કોઇનો ઇરાદો નથી. પરંતુ તમે જે વસૂલાતની વાત કરી છે એ બાબતમાં તમે અભ્યાસુ છો એટલે હું કહું છું કે, આપણે જયારે પણ આવા વેપારીઓના બોગસ બિલિંગને પકડીએ છીએ ત્યારે એ લોકો ઉપર આપણે અનેક વેરો લગાવીએ છીએ અને એ વેરાની વસૂલાત જે અપીલમાં હોય છે અથવા તો કોર્ટમાં હોય છે એના લીધે એ વસૂલાત પેન્ડિંગ રહેતી હોય છે, બાકી બીજા કોઇ મોટા વેપારીને આ રીતની વસૂલાત પેન્ડિંગ રહેતી નથી. એટલે રાજ્ય સરકાર આ બાબતમાં ઘણી સક્ષમ છે અને એકશન લઇ રહી છે. આ વસૂલાત માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯માં પણ સમાધાન યોજના રજૂ કરવામાં આવેલ હતી. એટલે વારંવાર આવી યોજના આવે છે, પરંતુ આપણે જો ૧૨ ટકા જેટલું વ્યાજ કરીએ તો લોકોને ફાયદો થાય એ હેતુસર આ યોજના લાવવામાં આવી છે. જે રીતે માનનીય ચાવડાજીએ કહ્યું તેમ કે પ્રોત્સાહક યોજના પણ આપવી જોઇએ. એટલે એ બાબતમાં પણ વિચાર કરવો જ જોઇએ. આપણે તમારું સજેશન જોઇશું અને એ બાબતમાં ઘટતું કરીશું. આને અનુલક્ષીને આ જે સુધારો છે એ સમગ્ર નાના લોકો માટે છે તો એને સર્વાનુમતે મંજૂર કરવા માટે વિનંતી કરું છું.

ભાદ્રપદ ૨૨, ૧૯૪૫ શાકે

ગુજરાત કરવેરાને લગતા કાયદા (સુધારા) વિધેયક, ૨૦૨૩

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક ૧૮-સન ૨૦૨૩નું ગુજરાત કરવેરાને લગતા કાયદા (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨થી ૬, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક ૧૮-સન ૨૦૨૩નું ગુજરાત કરવેરાને લગતા કાયદા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક ૧૮-સન ૨૦૨૩નું ગુજરાત કરવેરાને લગતા કાયદા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૪૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા.૧૪મી સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ બપોરના ૧૨-૦૦વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**ગુરુવાર, તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩**

**ભાદ્રપદ ૨૩, ૧૯૪૫ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**સાવરકુંડલા ખાતે હોસ્પિટલ**

* ૧૫/૩/૫૪૮ **શ્રી જનકભાઇ તળાવીયા** (લાઠી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ સાવરકુંડલા ખાતે ૨૦૦ પથારીની હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. હાલની ૧૫૦ પથારીની હોસ્પિટલ માટે વધુ ૫૦ પથારીના બાંધકામ માટે આયોજન કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૮.૦૦ કરોડ |
| (૩) ઉક્ત સ્થિતિએ તે ક્યા તબક્કે છે ? | (૩) સદર કામગીરી પ્રગતિ હેઠળ છે. |

શ્રી જનકભાઇ તળાવિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા.૩૧-૪-૨૦૨૩ની સ્થિતિએ સાવરકુંડલા ખાતે ૨૦૦ બેડની હોસ્પિટલની બાંધકામનું આયોજન કરવામાં આવ્યું છે તે હકીકત સાચી છે કે કેમ? અને તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાવરકુંડલા ખાતે ૨૦૦ બેડની હોસ્પિટલ આપણે મંજૂર કરેલી છે. ૧૫૦ હતી અને ૫૦ વધારાની એમ કરીને કુલ ૨૦૦ થઇ રહી છે. ૧૫૦ની સેવાઓ આપણે આપતા હતા પરંતુ નવીન આપણે ૫૦ વધારાની મંજૂર કરી છે એટલે હવે ૨૦૦ બેડની હોસ્પિટલની સેવાઓ ત્યાં મળશે.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે સરકારશ્રીના નિયત કરેલા માપદંડ મુજબ અમરેલી જિલ્લા ખાતે કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોવા જોઇએ અને હાલમાં કેટલા કાર્યરત છે, કેટલા ઉપલબ્ધ છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના નિયત કરેલા માપદંડ મુજબ બિન આદિજાતિ વિસ્તારમાં દર ૩૦હજારની વસ્તીએ એક પી.એચ.સી. અને દર એક લાખ વીસ હજારની વસ્તીએ એક સી.એચ.સી. હોવા જોઇએ તેમજ આદિજાતિ વિસ્તારમાં ૧૦-૨૦ હજારની વસ્તી એ એક પી.એચ.સી. અને ૮૦હજારની વસ્તીએ એક સી.એચ.સી. હોવા જોઇએ. આ માપદંડ મુજબ અમરેલી જિલ્લા ખાતે જે હાલમાં હોસ્પિટલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ઉપલબ્ધ છે તેમાં અમરેલી જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર ૯, હયાત આપણી પાસે ૧૩ છે એટલે સી.એચ.સી.માં ૩નો વધારો છે. એજ રીતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં માપદંડ મુજબ ૩૮ હોવા જોઇતા હતા એની જગ્યાએ ૪૧ છે એટલે પી.એચ.સી.માં પણ ૩નો વધારો છે. આ ઉપરાંત બ્રાઉન ફીલ્ડ મેડિકલ કોલેજ પણ આપણી કાર્યરત છે. જેમાં બધી જ સુપર સ્પેશિયાલિટીની સગવડો આપવામાં આવે છે. જે નિઃશુલ્ક સારવાર આપવામાં આવે છે તેમજ પી.એમ.જે.વાય. અંતર્ગત બધી જ સારવાર આપણે આવરી લીધેલી છે. સાવરકુંડલા, લાઠી અને રાજુલામાં પેટા જિલ્લા હોસ્પિટલ એસ.ડી.એચ. પણ આપણી પાસે ઉપલબ્ધ છે. આ ઉપરાંત ૧૩ સી.એચ.સી. પણ ઉપલબ્ધ છે જેમાં વર્ગ-૧ની સેવાઓ ઉપલબ્ધ છે. ૪૧ પી.એચ.સી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પણ આપણી પાસે ઉપલબ્ધ છે. મારી પાસે લિસ્ટ છે. અમરેલીમાં ચિતલમાં સી.એચ.સી. છે, બાબરામાં બાબરામાં છે, બગસરામાં બગસરામાં છે, ધારીમાં ચલાલા અને ધારીમાં છે. જાફરાબાદમાં જાફરાબાદમાં છે, ખાંભામાં ખાંભા છે, કુકાવાવ વડીયામાં કુકાવાવ, મોટી વડીયા એમ બે જગ્યાએ છે. લાઠીમાં દામનગર, લીલીયામાં લીલીયા, સાવરકુંડલામાં વંડા અને વિજયપરી અને માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે અમરેલી જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું પણ લિસ્ટ છે જે મેજ ઉપર મૂકી દઇશ.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે સાવરકુંડલા સરકારી હોસ્પિટલમાં તા.૩૧-૭-૨૦૨૩ અંતર્ગત છેલ્લાં ૩ વર્ષમાં કેટલા ઓપરેશન કરવામાં આવ્યા? કેટલા બહારના દર્દીઓની તપાસ કરવામાં આવી અને અંદરના દર્દીઓની તપાસ કરવામાં આવી અને લેબ ટેસ્ટ કેટલા કરવામાં આવ્યા એ માનનીય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી હોસ્પિટલ સાવરકુંડલા ખાતે તા. ૩૧-૭-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં બહારના દર્દીઓ, અંદરના દર્દીઓ, પ્રસૂતિ, લેબ ટેસ્ટ અને ઓપરેશનો કરેલા છે એમાં વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૬૨,૫૨૭ની ઓ.પી.ડી. હતી, અંદરના દર્દીઓ ૩,૭૮૨, પ્રસૂતિ ૫૪૪ થઇ છે, લેબ ટેસ્ટ ૫૫,૬૮૩ અને ઓપરેશન મેજર ૩૦૮

અને માઇનોર ૧,૦૪૨ થયેલા છે. વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૯૦,૮૭૪ બહારના દર્દીઓ, આઇ.પી.ડી. ૪,૪૯૭, પ્રસૂતિ ૭૩૮, લેબ ટેસ્ટ ૭૨,૭૨૦ કર્યા, મેજર ઓપરેશન ૪૯૬ અને ૨,૧૮૨ માઇનોર ઓપરેશન કર્યા. તા.૧-૪-૨૦૨૩થી તા.૩૧-૭-૨૦૨૨ સુધીમાં ૬૯,૫૩૧ ઓ.પી.ડી., ૬,૬૩૩ આઇ.પી.ડી., પસૂતિ ૪૭૩ અને લેબ ટેસ્ટ ૯૪૩ તેમજ મેજર ઓપરેશન ૨૯૨ અને ૧,૮૩૧ માઇનોર ઓપરેશન કર્યા છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, મારો બોટાદ જિલ્લો નવરચિત છે. ઘણો સમય થઇ ગયો. સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજનું કામ કેટલે પહોંચ્યું છે? મેડિકલ કોલેજ સરકારી બનાવવા માગો છો કે પી.પી.પી. ધોરણે બનાવવા માગો છો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બોટાદ મુકામે આપણે બ્રાઉન ફીલ્ડ પોલિસી અંતર્ગત એની પેપરમાં જાહેરાત આપી દીધી છે. અરજીઓ પણ આવી છે અને એની સ્ક્રૂટિની થઇ રહી છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નનો ભાગ નથી છતાં માહિતી છે એટલે આપી રહ્યા છો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બ્રાઉન ફીલ્ડ મેડિકલ કોલેજ અંતર્ગત આપણે બનાવવાના છીએ. બેડની સંખ્યામાં વધારો થવાનો છે એટલે સ્વભાવિક ૩૦૦ બેડ સુધી નિઃશુલ્ક સારવાર આપવાના છીએ. અત્યારે જે સારવાર મળી રહી છે એ નિઃશુલ્ક મળશે અને પી.એમ.જે.વાય. ની સવલત ઊભી થવાની છે. મેડિકલ કોલેજ થવાથી એક ફાયદો એ છે કે નવા સુપર સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો મળવાના છે. વર્ગ-૧ના ડોક્ટરો પ્રોફેસર તરીકે કામ કરશે અને એસોસીએટ પ્રોફેસર તરીકે કામ કરવાના અને સાથે સાથે હોસ્પિટલમાં એમની સેવાઓ ઉપલબ્ધ થવાની છે. આમ, બધા જ પ્રકારની સેવાઓ મળશે અને ભવિષ્યમાં પી.જી. કોર્સ ચાલુ થાય એટલે ખૂબ મોટા સ્કોપમાં બોટાદ જિલ્લામાં સેવાઓ મળવાની છે. આમ, તો આદરણીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબની ઇચ્છા છે કે દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ થાય અને રાજ્ય સરકાર એ દિશામાં આગળ વધી રહી છે. હાલમાં ૪૦ મેડિકલ કોલેજો છે અને ૩ આ અને બીજી ૬ એમ લગભગ ૮ જેટલી નવી મેડિકલ કોલેજો સ્થાપવા અંગે પી.પી.પી. અંતર્ગત પ્રક્રિયા ચાલુ છે. તમામ જિલ્લામાં આપણે મેડિકલ કોલેજો સ્થાપી રહ્યા છીએ.

**ડાકોર ખાતે હોસ્પિટલ**

* ૧૫/૩/૫૨૩ **શ્રી યોગેન્દ્રસિંહ પરમાર** (ઠાસરા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ ડાકોર ખાતે ૧૦૦ પથારીની હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૧૬.૦૬ કરોડ |
| (૩) ઉક્ત સ્થિતિએ તે ક્યા તબક્કે છે ? | (૩) સદર કામગીરી પ્રગતિ (ફિનિશિંગ લેવલ) હેઠળ છે. |

શ્રી યોગેન્દ્રસિંહ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા. ૩૧-૭-૨૦૨૩ની સ્થિતિએ ડાકોર ખાતે ૧૦૦ પથારીની હોસ્પિટલના બાંધકામનું આયોજન કરવામાં આવ્યું છે એ હકીકત સાચી છે? જો હા તો કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે અને અત્યારે કામગીરી કયા તબક્કે છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના જે માપદંડ છે એ પહેલાં કહ્યું છે એ પ્રમાણેના જ માપદંડ છે. ખેડામાં ૧૪ સી.એચ.સી. છે, વધારાનું એકપણ નથી એટલે નિયત માપદંડ પ્રમાણે સી.એચ.સી. પૂરતા છે. ૫૨ પી.એચ.સી. જોઇએ એની સામે હયાત ૫૪ છે એટલે ૨ વધારાના પી.એચ.સી. છે. ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદ ખાતે જિલ્લા હોસ્પિટલ તેમજ ખેડા અને ડાકોર ખાતે પેટા જિલ્લા હોસ્પિટલ એટલે એસ.ડી.એચ. કાર્યરત છે અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો ગલતેશ્વરમાં સેવાલિયા, કપડવંજમાં આંતરસૂબા અને કપડવંજ, કઠલાલમાં કઠલાલ અને લસુન્દ્રા, ખેડામાં નવાગામ અને મહુધા, માતરમાં માતર, મહેમદાવાદમાં હૈદરવાસ અને મહેમદાવાદ, નડિયાદમાં આખડોલ અને અલીન્દ્રા, ઠાસરામાં ઠાસરા અને વસોમાં વસો ખાતે. આમ અત્યારે ખેડા જિલ્લામાં આપણી પાસે આરોગ્યની સેવાઓ ઉપલબ્ધ છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મારી પાસે લિસ્ટ છે એ અહીંયા મૂકી દઇશ.

અધ્યક્ષશ્રી : હા, રેકર્ડ ઉપર રાખજો.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સરકારી હોસ્પિટલ ડાકોર ખાતે આરોગ્યની કઇ કઇ સેવાઓ ઉપલબ્ધ છે? તથા તા. ૩૧-૭-૨૦૨૩ની ઉપસ્થિતિ છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલા બહારના દર્દી, કેટલા અંદરના દર્દી, પ્રસૂતિના કેસ અને કેટલા ઓપરેશન કરવામાં આવેલ છે?

## તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩
## તારાંકિત પ્રશ્નો

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) ...

અધ્યક્ષશ્રી : એક સેકન્ડ, પોતાનું ડેસ્ક અધ્ધર છે એને થોડું નીચે રાખજો. જ્યારે ઊભા થાવ ત્યારે જ ઊંચું કરવાનું ત્યાં સુધી નીચું રાખજો એટલે ચહેરો જોઇ શકાય. મને જોવામાં થોડી અનુકૂળતા પડે. જેનું પણ ડેસ્ક ઊંચું છે એ નીચું રાખજો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી હોસ્પિટલ ડાકોર ખાતે આરોગ્યની જે મુજબની સેવાઓ ઉપલબ્ધ છે તે જણાવું તો ક્લિનિકલ સર્વિસીસમાં જનરલ મેડિસીન, જનરલ સર્જરી, ગાયનોકોલોજિસ્ટ, ડેન્ટિસ્ટ, પિડિયાટ્રિશિયન, નીયોનેટલ, એનેસ્થેશિયાલોજિસ્ટ, ડાયાલીસીસ, એન.એસ.ડી.એન. બી.એસ.યુ., ડાયગ્નોસીસ સર્વિસમાં લેબૉરેટરી, રેડિયો ડાગ્નોસીસ, એક્સ-રે, અલ્ટ્રા સાઉન્ડ, આર.ટી.પી.સી.આર.લેબ, ઓબ્ઝોલરી સર્વિસ, કેઝ્યુલિટી સર્વિસ, ફિઝ્યોથેરાપી, ડાયટરી, ઓટોક્લે સપ્લાય ડિપાર્ટમેન્ટ, બ્લડ સ્ટૌરેજ યુનિટ, હોસ્પિટલ એડમિનિસ્ટ્રેશન, હાઉસ સ્કિપિંગ, પી.એમ. સર્વિસ, મેડિકલ સ્ટોર અને એમ.એલ.સી. આટલી લગભગ ૧૦ પ્રકારની સેવાઓ આપણી પાસે ઉપલબ્ધ છે અને સાથે તા.૩૧-૭-૨૦૨૩ની સ્થિતિએ ત્રણ વર્ષમાં બહારના દર્દીઓ, અંદરના દર્દીઓ, પ્રસૂતિ અને લેબ ટેસ્ટ વર્ષ ૨૦૨૧-૨૨માં બહારના ૫૪,૭૫૫, અંદરના ૨૮,૯૩૮, પ્રસૂતિ ૩,૭૧૩, લેબટેસ્ટ ૬૧,૫૮૩ મેજર ઓપરેશન ૨,૦૬૯ અને માઇનોર ઓપરેશન ૨,૫૮૩ છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ૫૯,૯૧૦, અંદરના ૨૭,૬૭૧, પ્રસૂતિ ૨,૭૭૫, લેબટેસ્ટ ૬૧,૦૦૦, મેજર ઓપરેશન ૧,૨૪૫ અને માયનોર ૨,૦૭૪. તા.૧/ ૪/૨૦૨૩થી તા.૩૧/૭/૨૦૨૩ બહારના દર્દીઓ ૩૭,૦૭૪, અંદરના ૧૭,૧૫૫. ઓ.પી.ડી અને આઇ.પી.ડી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, બહારના દર્દીઓ એટલે ઓ.પી.ડી. કહે છે અને પેલા ઇનડોર રહેશે એ રીતે એનો અર્થ રહેશે. દાખલ થઇ સારવાર લઇને નીકળી ગયા હોય એ બહારના દર્દી બરાબરને?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : બરાબર. પ્રસૂતિ ૨,૨૦૫ અને લેબટેસ્ટ ૩૪,૮૭૩. મેજર ઓપરેશન ૨૪૨ અને માઇનોર ઓપરેશન ૬૩૨ ત્યાં કર્યા છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે, ખેડા જિલ્લામાં કેટલા સી.એચ.સી. કેન્દ્રો આવેલાં છે? ડાકોર ધાર્મિક સ્થળ હોવાથી ત્યાં હજારોની સંખ્યામાં યાત્રિકો આવતા હોય છે એવા સમયે તબીબી ડોક્ટરો વર્ગ-૧, વર્ગ-૨ ના ડોક્ટરોને ખેડા જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મોકલ્યા છે કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં બધા જ સી.એચ.સી.ની માહિતી આપી છે અને અત્યારે જી.પી.એસ.સી.ની પ્રક્રિયા ચાલી રહી છે. જી.પી.એસ.સી.ના વર્ગ-૧ ના ડોક્ટરો પણ મળી રહ્યા છે. આ વિધાનસભા પૂરી થાય એ પહેલા જી.પી.એસ.સી.ના ડોક્ટરો અને બોન્ડેડ ડોક્ટરો લગભગ ૬૦૦-૭૦૦ ની આજુબાજુ એમ.બી.બી.એસ. ડોક્ટરોની નિમણૂક બાકી છે એ પણ આપણે કરી દઇએ છીએ. આપણી પાસે હાલ અવેઇલેબલ વર્ગ-૧ના ડોક્ટરો સી.પી.એસ. અને પી.જી. જે પણ અવેઇલેબલ છે એ બધાની નિમણૂક કરી દઇએ છીએ. સી.પી.એસ. વર્ગ-૧ ના ડોક્ટરોની નિમણૂક હમણા કરી છે અને હાજર થવાની પ્રક્રિયા ચાલુ છે અને હાજર થયેથી આપણને પણ ખ્યાલ આવશે અને એમાં પણ આપણે ખૂબ મોટો નિર્ણય લીધો છે. જ્યાં આગળ એસ.ટી. વિસ્તાર છે, ઇન્ટિરિયર વિસ્તારમાં ડોક્ટરો જતા નથી એ જગ્યાઓ આપણે પહેલા ખોલી છે, જેથી કરીને ત્યાં જવાવાળી સંખ્યા આપણને મળી રહે અને જે ઇન્ટિરિયર વિસ્તારની અંદર અને એસ.ટી. વિસ્તારની અંદર વધુમાં વધુ વર્ગ-૧ ના ડોક્ટરો જવા માટે આપણે આ પ્રકારની વ્યવસ્થા કરી છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ડાકોર પ્રસિદ્ધ યાત્રાધામ છે અને યાત્રાળુ ખૂબ આવે છે અને એ વિસ્તાર પણ બક્ષીપંચની વસ્તી ધરાવતો વિસ્તાર છે. હમણાં મંત્રીશ્રીએ કહ્યું એમ ખૂબ મોટા પ્રમાણમાં દર્દીઓ આવે છે તો આ હોસ્પિટલમાં વર્ગ-૧ અને વર્ગ-૨ નું મંજૂર મહેકમ કેટલું છે અને એમાંથી કેટલી જગ્યાઓ ભરાયેલી અને ખાલી છે? અને એમાંથી કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે અને આઉટ સોર્સિંગથી કેટલી સેવાઓ લે છે અને ખાસ કરીને પ્રસૂતિની સંખ્યા પણ તમે ખૂબ વધારે ગણાવી તો બેબી ઇનક્યૂબેટર હોય છે જે નાનાં બાળકોને પ્રિમેચ્યોર ડિલિવરી માટેનું એ મશીનની સુવિધા છે કે કેમ અને સિટી સ્કેન અને એમ.આર.આઇ.ની વ્યવસ્થા છે કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જનરલ હોસ્પિટલ ડાકોર ખાતે મહેકમ મંજૂર છે. અધિક્ષક વર્ગ-૧ ભરેલી છે. નિવાસી તબીબી અધિકારી વર્ગ-૧ ભરેલી છે. ફિઝિશિયન તબીબી તજજ્ઞ વર્ગ-૧ હાલમાં ભરાઇ નથી. જનરલ સર્જન વર્ગ-૧ નથી ભરાઇ. ગાયનેકોલોજિસ્ટ ભરાઇ ગઇ છે. બાળ રોગ નિષ્ણાત ભરાઇ ગઇ છે. એનેસ્થેટિક વર્ગ-૧ એ પણ ભરેલી છે. ડેન્ટલ સર્જનની ૧ જગ્યા ભરેલી છે. તબીબી વર્ગ-૨ની ૫ જગ્યા છે. પાંચેપાંચ જગ્યા ભરાયેલી છે. વહીવટી અધિકારી વર્ગ-૨ની ૧ મંજૂર જગ્યા ભરી નથી એટલે અત્યારે ખાલી છે. આસિસ્ટન્ટ નર્સિંગ સુપ્રિન્ટેન્ડન્ટ ૧ જગ્યા ભરી નથી. હેડ નર્સ-૨ જગ્યા છે એમાંથી ૧ ભરેલી છે. સ્ટાફ નર્સ જે ખૂબ મહત્ત્વનો પાર્ટ છે એવી ૨૯માંથી ૨૮ જગ્યા ભરી છે. કચેરી અધિક્ષક વર્ગ-૩ ની જગ્યા બાકી. હેડકલાર્કમાં બાકી છે. સિનિયર કલાર્કમાં ભરેલી છે. જુનિયર કલાર્કમાં ભરેલી છે. લેબટેકનિશિયન ભરાયેલી છે. લેબૉરેટરી આસિસ્ટન્ટ ભરાયેલી છે. એકસરે ટેકનિશિયન ભરેલી છે. કમ્પ્યુટર ઓપરેટર આપણે ભરી દીધેલા છે. ઓપ્થેલ્મિક આસિસ્ટન્ટ વર્ગ-૩ એ પણ આપણે ભરી દીધા છે. આમ વર્ગ-૧થી ૪ માં કુલ ૧૦૨ જગ્યામાંથી

૭૮ જગ્યા ભરેલી છે અને ૨૪ બાકી છે અને ડાકોર ખાતે યુ.એસ.જી. મશીન છે અને એકસરે મશીન પણ કાર્યરત છે અને ટેકનિશિયન છે. ઈનક્યુબેટર માટેની વ્યવસ્થા પણ આપણે ત્યાં કરેલી છે.

**રાજ્યમાં નવી મેડિકલ કોલેજોનું બાંધકામ**

* ૧૫/૩/૫૩૮ **શ્રી લક્ષ્મણજી ઠાકોર** (કલોલ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં નવી મેડિકલ કોલેજોના બાંધકામનું આયોજન કરવામાં આવ્યું છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) કુલ ૦૫ નવી જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજો માટે કુલ રૂ. ૨૮૭૩.૦૦ કરોડની રકમ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે ક્યા તબક્કે છે ? | (૩) પ્રગતિમાં છે. |

શ્રી લક્ષ્મણજી પું. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા. ૩૧-૭-૨૦૨૩ ની સ્થિતિએ રાજયમાં નવી મેડિકલ કોલેજોના બાંધકામનું આયોજન કરવામાં આવ્યું છે તે હકીકત સાચી છે? જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે અને અત્યારે કઇ સ્થિતિ અને કયા તબકકે છે?

અધ્યક્ષશ્રી : આપે જે પ્રશ્ન પૂછ્યો છે એનો લેખિતમાં જવાબ મંત્રીશ્રીએ આપી દીધો છે. તમે જોશો તો તમારા સ્ક્રીન ઉપર ત્રણે-ત્રણ પ્રશ્નોના જવાબ છે. હવે પેટા પ્રશ્ન પૂછવો હોય તો પૂછી શકશો. પૂરક કોઇ પ્રશ્ન પૂછવો હોય તો. માનનીયશ્રી કનુભાઇ પટેલ.

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ફેઝ-૩ની અંદર કુલ ૫ મેડિકલ કોલેજો મંજૂર કરવામાં આવી છે. ત્યારબાદ સરકારશ્રી દ્વારા નવી કોઇ મેડિકલ કોલેજ મંજૂર કરવા માટે વિચારણા કરવામાં આવી છે કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રીય પુરસ્કૃત યોજના ફેઝ-૩ અંતર્ગત મંજૂર થયેલી ૫ આપણી મેડિકલ કોલેજો થયા બાદ રાજયમાં ૬ સરકારી, ૧૩ જી.એમ.ઈ.આર.એસ., ૩ કોર્પોરેશન, ૧૭ સેલ્ફ ફાઇનાન્સ તથા ૧ એ.આઇ.એમ.એસ. કુલ ૪૦ મેડિકલ કોલેજો આપણી પાસે છે અને ૪૦ મેડિકલની ૬૯૫૦ બેઠકો આપણી પાસે ઉપલબ્ધ છે. રાજયના ૩૩ જિલ્લાઓમાંથી કુલ ૨૫ જિલ્લાઓમાં આપણે મેડિકલ કોલેજો સ્થાપી દીધી છે અને બાકી રહેતા ૮ જિલ્લાઓ બોટાદ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, અરવલ્લી, મહિસાગર, છોટા ઉદેપુર, તાપી અને ડાંગ ખાતે મેડિકલ કોલેજ બનાવવાનું સરકારનું આગામી સમયમાં આયોજન છે. તાપી ખાતે રાજ્ય સરકારની આરોગ્ય નીધિ ૨૦૧૬ અંતર્ગત બ્રાઉન ફીલ્ડમાં મેડિકલ કોલેજ બનાવવાની કાર્યવાહી આપણે ચાલુ કરી છે. ત્રણ જિલ્લાઓ બોટાદ, ગીર સોમનાથ અને દેવભૂમિ દ્વારકા ખાતે નવી મેડિકલ કોલેજ શરૂ કરવા માટે અરજદાર પાસેથી અરજીઓ મંગાવવાની જાહેરાત તા.૧૯-૮-૨૦૨૩ના રોજ અંગ્રેજી અને બધા આપણા વર્તમાનપત્રોમાં કરી છે. બાકી રહેતા જિલ્લાઓ અરવલ્લી, ડાંગ, છોટાઉદેપુર, મહિસાગર, આણંદ અને ખેડા તેમાં પણ જાહેરાત આપવાની કાર્યવાહી ચાલુ છે. આમ, રાજયના તમામ જિલ્લાઓમાં દર્દીઓને સારી સગવડ મળી રહે તે માટેનો પ્રયત્ન રાજ્ય સરકાર દ્વારા ચાલુ છે. અત્યારે ૬૯૫૦ કુલ સીટો છે. આ આઠ નવી મેડિકલ કોલેજો શરૂ થશે એટલે શરૂઆતના વર્ષમાં ૧૦૦ સીટ ગણીએ અને જો ૧૫૦ સીટ મંજૂર થાય તો તે પ્રમાણે મિનિમમ ૮૦૦ નવી સીટો આવશે. એટલે અંદાજ એવો છે કે, આ પાંચ વર્ષ દરમ્યાન રાજ્યની અંદર ૮૦૦૦ થી ૮૫૦૦ જેટલા ડોકટરો મળે તે પ્રકારની વ્યવસ્થા કરી છે. સાથે આ વર્ષે જે પી.જી.ની. સીટોમાં વધારો થયો છે તેમાં લગભગ ૩૬૦૦થી ૩૭૦૦ જેટલી પી.જી.ની કુલ સીટો થશે. ૪૫૮ સીટો તો આ વર્ષે જ વધવા જઇ રહી છે. એટલે ૩૬૦૦ વર્ગ-૧ના ડૉક્ટરો પણ આગામી સમયમાં આપણને મળશે.

અધ્યક્ષશ્રી : માનનીય કનુભાઇ, પાંચ મેડિકલ કોલેજો ઉપરાંત કેટલી વધારાની આવશે તે તમે સમજી ગયા ને? માનનીય પંકજભાઇ દેસાઇ.

શ્રી પંકજ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, નડિયાદની અંદર સરકારી મેડિકલ કોલેજ માટેનું ઇન્ફ્રાસ્ટ્રકચર છે, નડિયાદ સિવિલ હોસ્પિટલ ખૂબ મોટી છે તો ખેડા જિલ્લામાં નડિયાદ ખાતે સરકારી મેડિકલ કોલેજ સ્થાપવા માગે છે કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં મેં જે નામ લીધા તે પ્રમાણે તેટલી મેડિકલ કોલેજો તો આપણા ત્યાં તૈયાર થઇ રહી છે. તેમની વાત નડિયાદ ખાતેની છે. ભવિષ્યમાં તે બાબતમાં વિચારીશું.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ તેમના પ્રત્યુત્તરમાં જણાવ્યું કે, દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ શરૂ કરવા માગે છે તે નિર્ણયને હું આવકારું છું. તાપી જિલ્લો ૯૦ ટકા આદિવાસી વસતિ ધરાવતો જિલ્લો છે. મારી

જાણકારી મુજબ તાપી જિલ્લામાં જી.એમ.ઇ.આર.એસ. કોલેજ શરૂ કરવાને બદલે કોઇ ખાનગી કંપનીને સિવિલ હોસ્પિટલ સુપરત કરીને મેડિકલ કોલેજ શરૂ કરવાની સરકાર વિચારણા કરે છે, શું આ વાત સાચી છે? જો આ વાત સાચી હોય તો કયા કારણોસર તાપી જિલ્લામાં જી.એમ.ઇ.આર.એસ.ને બદલે ખાનગી કંપનીને સિવિલ હોસ્પિટલ સોંપીને સરકાર કોલેજ શરૂ કરવા માગે છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણો મુખ્ય હેતુ સામાન્ય વર્ગને અને આદિવાસી જિલ્લામાં ખાસ કરીને આદિવાસીની વધારે વસતિ છે ત્યાં સારામાં સારી સુવિધા ઉપલબ્ધ થાય તે છે. આપણે જે જાહેરાત આપી છે અને તેમાં જે અરજીઓ આવેલી છે તે અરજીઓની સ્ક્રુટિની પી.પી.પી. મૉડેલ અંતર્ગત થઇ રહી છે. આ જે મેડિકલ કોલેજ વ્યારા ખાતે સ્થપાશે અને તેનો નિર્ણય અત્યારે પ્રક્રિયામાં છે તે જેને પણ મળશે એટલે ૩૦૦ બેડ સુધી તો સારવાર બિલકુલ નિઃશુલ્ક મળવાની છે. પી.એમ.જે.વાય.ની તો વ્યવસ્થા આપણા ત્યાં છે. પરંતુ તેના ઉપર ૩૦૦ બેડ ભરાયા પછી વધારાના બેડ ભરાય તો એમ.ઓ.યુ. અંતર્ગત શરત થશે અને તે પ્રમાણે કામગીરી થશે. મેડિકલ કોલેજ શરૂ થાય એટલે સુપર સ્પેશિયાલિટી વર્ગ-૧, એમ.બી.બી.એસ. અને ખૂબ બહોળા પ્રમાણમાં બધી જ રીતે મેડિકલ કોલેજમાં જે રીતે ભણાવવામાં આવે છે તે તમામ પ્રકારની સેવાઓ આપણે વ્યારા ખાતે ઉપલબ્ધ કરાવીશું. ત્યાં આગળ સગવડ વધી રહી છે. ખોટું ગેરમાર્ગે દોરવાનું અત્યારે પણ ચાલુ છે તે મારા ધ્યાન પર આવ્યું છે. હકીકતમાં તો આદિવાસી વિસ્તારમાં મેડિકલ કોલેજ સ્થપાય, મફત સારવાર મળે, જે સારવાર હાલ મળી રહી છે તેના કરતાં સુપર સ્પેશિયાલિટી સારવાર મળે, સારામાં સારા વર્ગ-૧ના ડૉકટરો મળે, ત્યાં ને ત્યાં એમ.બી.બી.એસ. ડૉકટરો તૈયાર થાય, તે પછી પી.જી.ડૉકટરો તૈયાર થાય એટલે તે વિસ્તારના આદિવાસી વિદ્યાર્થીઓને દૂર જવું ન પડે અને ત્યાંને ત્યાં એડમિશન લઇ ત્યાં ભણી શકે તેવી વ્યવસ્થા કરવાની છે. ત્યાં ભણી ડૉકટર થાય એટલે સ્વાભાવિક એ વિસ્તારની આજુબાજુમાં તે લોકો સેવા આપી શકે. આ પ્રકારની વ્યવસ્થાઓ આપણે કરી રહ્યા છીએ. તેમનું કહેવાનું એવું છે કે, જી.એમ.ઇ.આર.એસ. સોસાયટીની મેડિકલ કોલેજ કેમ ના બનાવી અને કોઇને આપવાની વ્યવસ્થા પી.પી.પી. મોડ ઉપર કરી. આખા રાજયમાં પી.પી.પી. મોડ ઉપર ઘણીબધી મેડિકલ કોલેજો બની છે. એટલે સ્વાભાવિક સરકાર અને જે કોઇ અરજીકર્તા છે તેને મેડિકલ કોલેજ આપવામાં આવે તો તેમાં સારવાર આપવાનો મેઇન હેતુ છે. ૩૦૦ બેડ સુધી સારવાર બિલકુલ મફત છે, ઓ.પી.ડી. મફત છે, પી.એમ.જે.વાય.ની સગવડ છે, સુપર સ્પેશિયાલિટીમાં વધારો થઇ રહ્યો છે એટલે ત્યાં આદિવાસી વિસ્તારમાં સારામાં સારી સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો આ હેતુ છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે માહિતી આપી છે એ પ્રમાણે રાજય સરકાર જે નવી મેડિકલ કોલેજ ચાલુ કરે છે એમાં મોટું મૂડી રોકાણ થતું હોય છે. પ્રશ્ન એમાં એ આવે છે કે આ નવી મેડિકલ કોલેજનું જે બાંધકામ થાય છે એ ખૂબ જ નબળી ગુણવત્તાવાળું થાય છે. આટલા બધાં નાણાં ખર્ચ્યા પછી એ બાંધકામ ટકાઉ ન થાય તો આપણું જે મૂડી રોકાણ થયેલું હોય છે તે વ્યર્થ જતું હોય છે. જૂનાગઢમાં જે મેડિકલ કોલેજ બંધાયેલી છે એ મેં જોયેલી છે અને ત્યાં આ સ્થિતિ છે. મારો પ્રશ્ન એ છે કે, આપણી જેટલી પણ હોસ્પિટલો છે એ પછી પી.એચ.સી. હોય, સી.એચ.સી. હોય, સિવિલ હોસ્પિટલ હોય કે મેડિકલ કોલેજ હોય એ એન.એ.બી.એચ.ના સ્ટાન્ડર્ડ પ્રમાણે બાંધવી જોઇએ અને એની ગુણવત્તા બરાબર જળવાય એ માટે ફૂલપ્રૂફ વ્યવસ્થા કરવી જોઇએ. રાજય સરકાર ફૂલપ્રૂફ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ? બીજો મારો પ્રશ્ન એ છે કે, પોરબંદરમાં પણ અમારે ત્યાં આ પ્રકારે મેડિકલ કોલેજ બંધાયેલી છે પણ એ દૂરનો વિસ્તાર છે એટલે ત્યાં સ્ટાફની અવેલેબિલિટી પ્રમાણમાં ઓછી છે ત્યારે હું આપના મારફત પૂછવા માગું છું કે, જ્યાં ડોકટરોની અવેલેબિલિટી ઓછી હોય ત્યાં નિષ્ણાત ડોકટરોને થોડો ઇન્સેન્ટિવ આપીને ત્યાં એ ડોકટરોનો સ્ટાફ ટકી રહે એ માટે કોઇ વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એન.એ.બી.એચ. પ્રમાણે હોસ્પિટલોનું બાંધકામ થાય, ગુણવત્તાવાળું થાય એ માટે સરકાર બિલકુલ સજાગ છે અને અત્યારે પણ ક્વોલિટી એન્સ્યોરન્સ માટે આપણે એની વખતો વખતની ચકાસણી કરતા હોઇએ છીએ. એન.એ.બી.એચ.ના સ્ટાન્ડર્ડ અને નોર્મ્સ જળવાય એની ચિંતા પણ કરીએ છીએ. છતાં પણ કોઇ સૂચન માનનીય અર્જુનભાઇ પાસે હશે કે, વધારે કેવી રીતે ક્વોલિટીમાં વધારો કરી શકાય એ માટે તેઓ સૂચન કરશે તો ધ્યાનમાં લેવામાં આવશે અને જો એમના ધ્યાનમાં કોઇ ખામી આવી હોય તો ચોક્કસ એ બાબતની સંજ્ઞાન સરકાર લેશે અને સાથે પી.એમ.સી. નિયુક્ત આપણે આ બાબતમાં કરેલી છે, સ્થાનિક એન્જિનિયરિંગ કોલેજનું પણ થર્ડ પાર્ટી નિરીક્ષણ કરાવવાનું પણ આપણે નક્કી કર્યું છે અને સાથે સાથે વિસ્તારની વાત કરી કે થોડું દૂર છે એટલે ડોકટરો ઓછા મળે છે પરંતુ હાલમાં પોરબંદર ખાતે મેડિકલ કોલેજ આપણે બનાવવાનું જે નક્કી કર્યું છે એ માટે જગ્યાની આખી પ્રક્રિયા થઇ ત્યારે કન્સલ્ટેશન ડી.ડી.ઓ., કલેક્ટર, સ્થાનિક કક્ષાએ કર્યા પછી આ જગ્યા નક્કી કરેલી છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સમગ્ર ગુજરાતમાં ત્રણ વર્ષ પહેલા મેડિકલ કોલેજો મંજૂર કરવામાં આવેલી હતી એમાંથી કેટલી મેડિકલ કોલેજોના બાંધકામ ચાલુ થયા છે? એ સમયે ૯૦-સોમનાથ વિધાનસભા વિસ્તારમાં પણ મેડિકલ કોલેજ મંજૂર કરવામાં આવેલી હતી પણ આજ દિન સુધી એનું બાંધકામ કરવામાં નથી આવ્યું તો કેટલા સમયમાં એ બાંધકામ કરવામાં આવશે?

તારાંકિત પ્રશ્નો

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા જવાબમાં કહ્યું તેમ એક પણ જિલ્લો બાકી રાખવાનો નથી. મંજૂર તો આપણે બધા જિલ્લામાં કરી દીધી છે, કોઇ બાકી નથી પરંતુ મેડિકલ કોલેજની પ્રક્રિયામાં સામાન્ય રીતે મૂડી રોકાણ ખૂબ થતું હોય છે, સરકાર પણ પોતે સોસાયટી દ્વારા આપણી ૧૩ જેટલી કોલેજો ચલાવે છે અને એના સિવાય જે સેવાભાવી સંસ્થાઓ છે કે જે લોકો શિક્ષણમાં રસ ધરાવતા હોય અને એમાં પણ ખાસ કરીને મેડિકલ એજ્યુકેશન ક્ષેત્રે રસ ધરાવતા હોય એ બધાને ઇન્વાઇટ કરી એ લોકો મેડિકલ કોલેજ ચાલુ કરે એ માટે પોલિસી પણ સન ૨૦૧૪માં બનાવેલી છે અને આપના કાર્યકાળમાં જ બનેલી છે એને આપણે આગળ વધારી રહ્યા છીએ. મૂળ હેતુ પ્રજાને નિઃશુલ્ક સારવાર મળે, સ્પેશિયાલિટી સગવડમાં વધારો થાય એ છે. મેડિકલ કોલેજ સ્થપાય એટલે સ્વભાવિક ત્યાં સુપર સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો, વર્ગ-૧ના ડોકટરો વધતા જ હોય છે અને મેડિકલ અભ્યાસ ક્રમમાં જેટલા અભ્યાસ ક્રમો ભણાવવાના હોય એટલા ડોકટરો સરકાર હોય કે પછી પ્રાઇવેટ કોઇ ઇન્સ્ટિટ્યુશન હોય એણે ડોકટરો પ્રોવાઇડ કરવા જ પડતા હોય છે અને ગીર સોમનાથમાં જમીન આપણે ફાળવી દીધેલી છે.

શ્રી શંભુપ્રસાદ ટુંડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી પૂછવા માગું છું પણ માનનીય મંત્રીશ્રીના જવાબમાં જ આવ્યું કે બોટાદની અંદર નવી મેડિકલ કોલેજ મંજૂર કરેલી જ છે. પરંતુ જ્યાં સુધી મારા જાણવામાં છે ત્યાં સુધી બોટાદ જિલ્લો એ એક નવો અસ્તિત્વમાં આવેલો જિલ્લો છે ત્યાં અત્યારે જે જિલ્લા કક્ષાની હોસ્પિટલ ચાલુ છે તે સોનાવાલા કરીને એક દાતા દ્વારા તૈયાર કરવામાં આવેલું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જે તાલુકા કક્ષાનું હતું તેની અંદર જિલ્લા હોસ્પિટલ ચલાવવામાં આવે છે અને જિલ્લા હોસ્પિટલ મંજૂર થઇ છે એટલે માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી સુઝાવ આપવા માગું છું કેમ કે, રાજકોટની અંદર..

અધ્યક્ષશ્રી : આપનો પ્રશ્ન કહો.

શ્રી શંભુપ્રસાદ ટુંડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, બોટાદ હોસ્પિટલની જમીન સંપાદનની જે પ્રક્રિયા છે તે કયાંક અને કયાંક અટકેલી હોય એવું દેખાઇ રહ્યું છે, હોસ્પિટલ મંજૂર થઇ છે તો આપના માધ્યમથી મારો પ્રશ્ન એ છે કે, બોટાદ જિલ્લામાં કેટલી રકમ ફાળવેલી છે? કેટલા બેડની હોસ્પિટલ થવા જઇ રહી છે અને તેનું સ્થાન કયાં નક્કી કરવામાં આવ્યુ છે?

અધ્યક્ષશ્રી : તેમનું કહેવું એવું છે કે તેમાં વધારે ગતિ આવે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગ અને આ ગુજરાત સરકારની ગતિ બિલકુલ નક્કી છે. એમાં આરોગ્ય હોય, શિક્ષણ હોય એટલુ જ નહીં અમે કોઇ દિવસ નજીકનું વિચાર્યું નથી અમે તો પાંચ વર્ષ અને પચ્ચીસ વર્ષ ૨૦૪૭ના ગુજરાતની કલ્પના કરવાવાળા લોકો છીએ. એટલે સ્વભાવિક કોઇ પણ સૂચન જયાંથી પણ હોય હું એવું નથી કહેતો કે ભારતીય જનતા પાર્ટીમાંથી જ સૂચન આવે સામે બેઠેલા સભ્યોમાંથી પણ રાજયની દિશા અને દશા બદલવાનું કોઇ પણ સૂચન હોય તો એ સ્વીકારવા માટે ભારતીય જનતા પાર્ટી તત્પર છે અને દરેકનાં સૂચનો સ્વીકારી અને તેમાં ગુજરાતની પ્રજાનું ભલું થાય એ તમામ પ્રકારના પ્રયત્નો કરવા અમે તૈયાર છીએ.

અધ્યક્ષશ્રી : તેમનું એટલું કહેવું છે કે આમાં સ્થળ કંઇ નક્કી થયું છે? એ હોય તો બતાવો એટલો વિષય આવ્યો અને કામ કયારે થશે તેની કોઇ માહિતી હોય તો એ પણ જણાવો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જમીનની ફાળવણીની કાર્યવાહી ચાલુ છે અને સ્થળ નક્કી થઇ ગયેલ છે.

અધ્યક્ષશ્રી : પ્રક્રિયા ચાલુ છે.

**મોડાસા ખાતે જિલ્લા કક્ષાની હોસ્પિટલ**

* ૧૫/૩/૫૪૭ **શ્રી પી.સી.બરંડા** (ભિલોડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ મોડાસા ખાતે જિલ્લા કક્ષાની હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૧૨૧.૪૨ કરોડ |
| (૩) ઉક્ત સ્થિતિએ તે ક્યા તબક્કે છે ? | (૩) હાલ કામગીરી પ્રગતિ હેઠળ છે. |

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મંત્રીશ્રીએ જવાબ છાપ્યા મુજબ આપ્યો છે પરંતુ પેટા પ્રશ્નમાં સરકારી હોસ્પિટલ ભિલોડા ખાતે આરોગ્યની કઇ કઇ સેવાઓ ઉપલબ્ધ છે? તારીખ ૩૧-૭-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલા બહારના દર્દી, અંદરના દર્દી, પ્રસૂતિ, લેબ ટેસ્ટ અને ઓપરેશન કરવામાં આવેલ છે?

## તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

## તારાંકિત પ્રશ્નો

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી હોસ્પિટલ ભિલોડા ખાતે આરોગ્યની જે સેવાઓ જે ઉપલબ્ધ છે તેમાં ક્લિનિકલ સર્વિસીઝ, diagnostic, auxiliary services અને સાથે કેટલી સેવાઓ આપી છે આપણી પાસે વિગતો અહીંયા છે. ક્લિનિકલમાં મેં પહેલાં કહ્યું તેમ જનરલ મેડિસીન, psychiatric, જનરલ સર્જરી, ophthalmic, Gynecology,Dentistry, Pediatric વગેરે સેવાઓ એવી ૧૫ પ્રકારની સેવાઓ આપણે ત્યાં આપીએ છીએ અને ડાયગ્નોસ્ટિક સર્વિસીઝમાં ૬ પ્રકારની લેબૉરેટરી, રેડિયો ડાયગ્નોસીઝ, એક્સ-રે પોર્ટેબલ, ડેન્ટલ એક્સ-રે, અલ્ટ્રા સાઉન્ડ, ઇસીજી, આરટીપીસીઆર અને auxiliaryમાં પણ causalityથી માંડી અને MLC સુધીની ૧૨ પ્રકારની સેવાઓ આપીએ છીએ. મેં આગળ પણ કહ્યું એ પ્રમાણેની બધી જ સેવાઓ ત્યાં આગળ ઉપલબ્ધ છે. એમને જે જાણવું છે કે ૨૦૨૧-૨૨માં બહારના દર્દીઓ ૪૪,૨૩૬ અંદરના દર્દીઓ ૧૬,૦૦૦ પ્રસૂતિ ૩૪૬, લેબ ટેસ્ટ ૮૫,૭૯૨, મેજર ઓપરેશન ૩૮૮, માઇનોર ૭૩૦૧૯, ૨૦૨૨-૨૩માં ૫૭,૦૦૦ ઓ.પી.ડી., આઇ.પી.ડી. ૨૧,૭૫૮, પ્રસૂતિ ૨૯૬, લેબ ટેસ્ટ ૧,૧૦,૦૦૦, મેજર સર્જરી ૫૨૫, માઇનોર ૮૭૫૪ અને ૧-૪-૨૩થી ૩૧-૭-૨૦૨૩ સુધીમાં ૨૪,૨૩૧ ઓ.પી.ડી., આઇ.પી.ડી.૭૧૨૬, પ્રસૂતિ ૧૩૮ અને લેબ ટેસ્ટ ૪૦,૦૭૫, મેજર ઓપરેશન અત્યાર સુધીમાં ૮૩ આપણે કરી ચૂક્યા છીએ અને માઇનોર ૧૪૯૮ છે.

અધ્યક્ષશ્રી : જ્યારે નવી હોસ્પિટલ રૂ.૧૨૧ કરોડના ખર્ચે બનશે તેના કામ મંજૂર કર્યા છે તો ઓ.પી.ડી. અને આઇ.પી.ડી તમારી અનેકગણી વધી જશે. તમારે ઘણો બધો ફાયદો થવાનો છે એટલે મોડાસાનો બોર્ડરનો એરિયા આવે છે એટલે તમારા જિલ્લાને પણ ફાયદો થશે અને રાજસ્થાનના પણ કેટલાક લોકો ત્યાં આવશે. બહુ મોટું કામ તમારા વિસ્તારમાં થઇ રહ્યું છે તમને અભિનંદન.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, અરવલ્લી જિલ્લો નવો બનેલો છે અને એમાં દિલાવર અને મક્કમ મુખ્યમંત્રી અને ગતિશીલ આરોગ્યમંત્રીએ નવી હૉસ્પિટલ આપી છે. આપે હમણાં જ કહ્યું કે રાજસ્થાન બાજુમાં જ છે અને ગરીબ આદિવાસી ભાઇ-બહેનોને અમદાવાદ સુધી આવવું પડતું હતું એના બદલે હવે મોડાસામાં સુવિધા મળે છે એના માટે રાજ્ય સરકારને ખાસ અભિનંદન પાઠવું છું. મારો પ્રશ્ન એ છે કે અત્યારનું સરકારનું જે ધારાધોરણ છે એ પ્રમાણે કેટલા સી.એચ.સી. અને પી.એચ.સી. હોવા જોઇએ અને હાલ કેટલા છે? આ ધારાધોરણમાં વસતીનો નવો વ્યાપ જોતાં આપ એમાં સુધારો કરવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીના જે ધોરણો છે એ પ્રમાણે સી.એચ.સી. ૧૦ હોવા જોઇએ. એના બદલે ૧૧ છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૩૬ હોવા જોઇએ એના બદલે ૩૭ છે. બંનેમાં એક-એકનો વધારો છે. ભિલોડા ખાતે જિલ્લા હૉસ્પિટલ પણ કાર્યરત છે, ૧૧ સી.એચ.સી. અને ૩૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૩૦ છે. તમારી લાગણી અને માગણી એવી છે કે આ ધોરણો વસતી ગણતરી પછીના છે પણ હવે જ્યારે નવી વસતી ગણતરી થશે તો એ પ્રમાણે સરકારની તૈયારી છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને આરોગ્યમંત્રીશ્રીની ખૂબ જ લાગણી રહી છે. સાબરકાંઠામાંથી અરવલ્લી જિલ્લો નવો બન્યો અને ટૂંક જ સમયમાં સિવિલ હૉસ્પિટલ અને મેડિકલ કૉલેજની મંજૂરી આપી છે તે બદલ હું તેમનો ખૂબ-ખૂબ આભાર માનું છું. મારો પ્રશ્ન એ છે કે આ કામગીરી ચાલુ છે એ ક્યારે પૂર્ણ થશે અને એનું લોકાર્પણ કયા વર્ષમાં થવાનું છે? મારો બીજો પ્રશ્ન એ છે કે મારા મતવિસ્તારમાં માલપુર તાલુકો અને બાયડ તાલુકાના સાઠંબામાં સામૂહિક કેન્દ્ર છે. બંને કેન્દ્રોમાં મેં બેડનો વધારો માગ્યો છે. કારણ કે, બંને બોર્ડરની નજીકના ગામો છે અને એના કારણે ખૂબ તકલીફ પડે છે. બંનેના મકાન જર્જરિત છે. એના માટે કોઇ ચોક્કસ આયોજન કરેલ છે કે નહિ અને એના માટે ગ્રાન્ટ ફાળવવા માગો છો કે નહિ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં આપણું પી.એચ.સી., સી.એચ.સી. અને સબ સેન્ટર છે ત્યાં આપણું સતત મોનિટરિંગ ચાલુ છે અને જે મકાનો જર્જરિત અને જોખમી છે એના બધાં મકાનો દૂર કરીને નવા મકાનો બનાવવાનો માનનીય મુખ્યમંત્રીશ્રીએ આદેશ પણ કર્યો છે અને એ પ્રમાણે આપણી કાર્યવાહી ચાલુ છે. જે તમારી લાગણી છે એ જ સરકારની લાગણી છે. માત્ર આરોગ્ય ક્ષેત્રે નહિ પણ સમગ્ર ગુજરાતમાં બધી જ જગ્યાએ ભયજનક મકાનો ઉતારી અને નવા મકાનો બનાવવાનું માનનીય મુખ્યમંત્રી કક્ષાએ આયોજન થઇ રહ્યું છે. આ ઉપરાંત મેડિકલ કૉલેજ અને સિવિલ હૉસ્પિટલની કામગીરી વર્ષ ૨૦૨૪-૨૫માં પૂર્ણ થશે.

### ગાંધીનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

* ૧૫/૩/૧૯૧ **શ્રી અલ્પેશ ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ | (૧) |

| **વર્ષ** | **વાવેતર કરેલ રોપા** |
|---|---|

યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

| | (સંખ્યામાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૧૦૨૨ |
| ૨૦૨૨-૨૩ | ૬૫૫૯૯ |

(૨) તેમાં મુખ્યત્વે ક્યા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) લીમડા, સીરસ, શીશુ, કણજી, દેશી બાવળ, કદમ, દેશી આંબા, વડ, પીપળ, કલોન નીલગીરી વગેરે જેવા રોપાનું વાવેતર.

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૮૪.૬૧ |
| ૨૦૨૨-૨૩ | ૧૦૨.૧૪ |

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આપણે લાંબા આયુષ્યવાળા વૃક્ષોનું કેટલું વાવેતર કરીએ છીએ? સાથે જ ફળોવાળા વૃક્ષોનું કેટલું વાવેતર કરીએ છીએ? કોનોકાર્પસ પર્યાવરણ માટે અને માનવજાતિ માટે ખૂબ નુકસાનકારક છે. એના નિકાલ માટેની કોઇ વ્યવસ્થા છે કે કેમ? શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોનોકાર્પસ જમીનમાંથી પાણી શોષી લે છે એટલે છેલ્લા એક વર્ષથી તેનું વાવેતર બંધ કરવામાં આવ્યું છે. બાકી ફળાઉ વૃક્ષો અને આંબાની કલમ જેવા ટકાઉ વૃક્ષોનું વાવેતર ગુજરાતમાં વધુમાં વધુ કરવામાં આવે છે.

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે હાલ જ્યારે ગુજરાતભરમાં 'મારી માટી મારો દેશ' કાર્યક્રમ અંતર્ગત ગામડે ગામડે જે અમૃત વાટિકા તૈયાર કરવામાં આવે છે ત્યારે વન વિભાગની નર્સરી દ્વારા ગાંધીનગર જિલ્લામાં કેટલા રોપા આપવામાં આવ્યા?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, 'મારી માટી મારો દેશ' એ વિચાર એક દેશભક્ત અને રાષ્ટ્રપ્રેમી વ્યક્તિને જ આવી શકે. આ દેશના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને જ આ વિચાર આવી શકે. દેશના લાખો ગામોમાંથી ચપટી માટી લઇને કર્તવ્યપથ ઉપર આઝાદીના શહીદો માટેનું સ્મારક બનાવવાનું છે ત્યારે આજે સમગ્ર દેશના લાખો ગામોમાં શિલાફલકમ કરી એ તમામ ગામોમાં લગભગ ૭૫ જેટલા વૃક્ષોનું વાવેતર કર્યું છે. ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકાઓમાં ૧૫ જેટલી નર્સરીમાંથી 'મારી માટી મારો દેશ' કાર્યક્રમ હેઠળ અમૃત વાટિકા તૈયાર કરવા માટે ૭૫ સ્થાનિક રોપા પ્રમાણે ૨૮૮ જેટલી ગ્રામ પંચાયતને ૨૧,૬૦૦ જેટલા રોપાઓ આપ્યા છે. 'મારી માટી મારો દેશ' કાર્યક્રમ હેઠળ રાજ્ય સ્તરની અમૃત વાટિકામાં સેક્ટર-૧૩ ખાતે મહાત્મા મંદિરમાં એક હેક્ટર વિસ્તારમાં તૈયાર કરવામાં આવેલી જુદી જુદી ૪૨ સ્થાનિક પ્રજાતિઓના ૭૫૦ રોપાઓ અને તેની આજુબાજુ લગભગ ૩૬૦ જેટલા રોપાઓ મળી કુલ-૧,૧૧૧ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. આ અમૃત વાટિકાનું ઉદ્‌ઘાટન તા.૨૩/૦૮/૨૦૨૩ના રોજ આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના હસ્તે ગાંધીનગર તાલુકામાં કરવામાં આવ્યું છે.

શ્રી જયંતિભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું હૃદયથી આપનો ખૂબ ખૂબ આભાર માનું છું. જ્યારે અમે ભણતા હતા ત્યારે આ કમ્પ્યુટર ન હતા પણ ચાર જ દિવસમાં તમે અમને શીખવાડ્યું છે. હું આપના માધ્યમથી વન અને પર્યાવરણ મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં ગાંધીનગર જિલ્લાના તાલુકાઓમાં કેટલા રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું અને ક્યા લાભાર્થીઓને કેટલો લાભ આપવામાં આવ્યો?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૧-૨૨માં દહેગામ તાલુકામાં ૯,૬૦૦ જેટલા લાભાર્થીઓને લગભગ ૩.૬૯ લાખ જેટલા રોપા, કલોલ તાલુકામાં ૮૩૯ જેટલા લાભાર્થીઓને ૩.૩૫ લાખ જેટલા રોપા, માણસા તાલુકામાં ૬,૦૯૬ જેટલા લાભાર્થીઓને ૩.૪૩ લાખ જેટલા રોપા, ગાંધીનગર તાલુકામાં ૧૮,૭૧૩ લાભાર્થીઓને ૧૧.૨૦ લાખ રોપાનો લાભ મળ્યો છે. આમ, વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૫,૩૩૧ જેટલા લાભાર્થીઓને ૨૧.૬૭ લાખ જેટલા રોપાનો લાભ આપવામાં આવ્યો છે. એ જ રીતે વર્ષ ૨૦૨૨-૨૩માં દહેગામ તાલુકામાં ૮,૪૬૮ લાભાર્થીઓને ૨.૭૦ લાખ રોપા, કલોલ તાલુકામાં ૧૩૪૬ જેટલા લાભાર્થીઓને ૨.૬૦ લાખ રોપા, માણસા તાલુકામાં ૩,૮૮૦ જેટલા લાભાર્થીઓને ૩.૪૫ લાખ રોપા અને ગાંધીનગર તાલુકામાં ૧૬,૯૯૭ જેટલા લાભાર્થીઓને ૧૬.૪૫ લાખ રોપા મળી કુલ-૩૦,૬૯૧ જેટલા લાભાર્થીઓને ૨૫.૨૦ લાખ રોપા આપ્યા છે. લાભાર્થી આ રોપા પોતે જ લઇ જાય છે એટલે સો ટકા રોપા ઉગે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, છેલ્લાં બે વર્ષમાં એક લાખ કરતાં પણ વધારે રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે અને લગભગ રૂ. ૧૮૬.૭૫ લાખનો ખર્ચ થયેલ છે. કોઇપણ રોપાનું વાવેતર ફળદ્રુપ જમીનમાં જ કરવામાં આવે છે. આ જમીનમાં મોટાભાગે લીમડો, સીસમ, કણજી, કદમ્બ, આંબો, પીપળ અને નીલગિરિનું વાવેતર થતું હોય છે. હું માનું છું ત્યાં સુધી ગાંધીનગરની જમીન ફળદ્રુપ છે અને એમાં સરકારીશ્રી દ્વારા દેશી બાવળનું વાવેતર કરવામાં આવ્યું છે તો આ દેશી બાવળના વાવેતર માટેનાં કારણો શું છે?, છેલ્લા બે વર્ષમાં કેટલા દેશી બાવળનું વાવેતર કરવામાં આવેલ છે? અને એની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : ગાંડા બાવળની વાત નથી કરતા પણ દેશી બાવળની વાત કરે છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દેશી બાવળથી જમીનનું ધોવાણ અટકે છે. દેશી બાવળનું વાવેતર ગાંધીનગરની ફળદ્રુપ જમીન પર કરવામાં આવતું નથી. જે જગ્યાએ જમીનનું ધોવાણ થતું હોય એવી જગ્યાએ દેશી બાવળનું વાવેતર કરવામાં આવે છે. એના ખર્ચની વિગતો હાલ ઉપલબ્ધ નથી. ઉપલબ્ધ થયેથી આપને પહોંચાડવામાં આવશે.

**રાજ્યના માર્કેટિંગ યાર્ડોમાં ભૌતિક સુવિધાઓ**

* ૧૫/૩/૪૨૪ **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યના માર્કેટિંગ યાર્ડોમાં ખેતી પાકો ખુલ્લા પડી રહેતા કુદરતી વરસાદ અને માવઠાના કારણે વ્યાપક નુકશાન થાય છે, તે હકીકતથી સરકાર વાકેફ છે, | (૧) હા. |
| (૨) જો હા, તો માર્કેટિંગ યાર્ડોમાં ભૌતિક સુવિધાઓ ઊભી કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં વર્ષવાર કેટલી રકમની જોગવાઇ બજેટમાં કરવામાં આવી, અને | (૨) પત્રક-૧(અ) મુજબ |
| (૩) તે પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી ? | (૩) પત્રક-૧(બ) મુજબ |

**પત્રક-૧ (અ)**

➢ રાજ્યમાં આવેલ બજાર સમિતિઓમાં ભૌતિક સુવિધાઓ ઊભી કરવા માટે ''વરહ કિસાન કલ્પવૃક્ષ યોજના : બજાર સમિતિઓને આધુનિકરણ તેમજ પાયાની સગવડો ઊભી કરવા માટે સહાય આપવાની યોજના'' અને ''વરહ: બજાર સમિતિઓને આધુનિક સગવડો ઊભી કરવા સહાય આપવાની યોજના'' એમ બે યોજનાઓ અમલમાં છે. આ બંને યોજનાઓ અંતર્ગત નીચે મુજબ બજેટ જોગવાઇ કરવામાં આવેલ.

| **નાણાકીય વર્ષ** | **વરહ કિસાન કલ્પવૃક્ષ યોજના : બજાર સમિતિઓને આધુનિકરણ તેમજ પાયાની સગવડો ઊભી કરવા માટે સહાય આપવાની યોજના અંતર્ગત કરાયેલ બજેટ જોગવાઇની રકમ (રૂ. લાખમાં)** | **વરહ: બજાર સમિતિઓને આધુનિક સગવડો ઊભી કરવા સહાય આપવાની યોજના અંતર્ગત કરાયેલ બજેટ જોગવાઇની રકમ (રૂ. લાખમાં)** | **કુલ જોગવાઇ (રૂ. લાખમાં)** |
|---|---|---|---|
| **૨૦૨૧-૨૨** | ૨૫૦૦ | ૫૦૦ | ૩૦૦૦ |
| **૨૦૨૨-૨૩** | ૨૨૫૦ | ૨૫૦ | ૨૫૦૦ |

**પત્રક-૧ (બ)**

➢ ઉક્ત બંને યોજનાઓમાં વર્ષવાર વપરાયેલ રકમ અને વણવપરાયેલ રકમ નીચે મુજબ છે. જેમાં વણવપરાયેલ રકમ એ બજાર સમિતિ તરફથી દરખાસ્ત ન મળવાના કારણે તથા દરખાસ્તની પૂર્તતા મોકલી આપેલ ન હોવાથી તે રકમ વણવપરાયેલ રહેલ હતી.

| **નાણાકીય વર્ષ** | **વરહ કિસાન કલ્પવૃક્ષ યોજના** | | **વરહ બજાર સમિતિઓને આધુનિક સગવડો ઊભી કરવાની યોજના** | | **બંને યોજનાઓ અંતર્ગત કુલ વપરાયેલ રકમ (રૂ. લાખમાં)** | **બંને યોજનાઓ અંતર્ગત કુલ વણ વપરાયેલ રકમ (રૂ. લાખમાં)** |
|---|---|---|---|---|---|---|
| | **વપરાયેલ રકમ (રૂ. લાખમાં)** | **વણવપરાયેલ રકમ (રૂ. લાખમાં)** | **વપરાયેલ રકમ (રૂ. લાખમાં)** | **વણવપરાયેલ રકમ (રૂ. લાખમાં)** | | |
| **૨૦૨૧-૨૨** | ૨૩૦૫.૫૩ | ૧૯૪.૪૭ | ૪૨૩.૮૭ | ૭૬.૧૩ | ૨૭૨૯.૪૦ | ૨૭૦.૬૦ |
| **૨૦૨૨-૨૩** | ૧૧૮૩.૮૯ | ૧૦૬૬.૧૧ | ૨૦૦.૦૮ | ૪૯.૯૨ | ૧૩૮૩.૯૭ | ૧૧૧૬.૦૩ |

## તારાંકિત પ્રશ્નો

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યના માર્કેટિંગ યાર્ડોમાં ખેતી પાકો ખુલ્લા પડી રહેતા કુદરતી વરસાદ અને માવઠાના કારણે વ્યાપક નુકસાન થાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ? જો હા, તો માર્કેટિંગ યાર્ડોમાં ભૌતિક સુવિધાઓ ઊભી કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે નાણાકીય વર્ષમાં વર્ષવાર કેટલી રકમની જોગવાઇ બજેટમાં કરવામાં આવી? અને તે પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

અધ્યક્ષશ્રી : પત્રક-૧(અ) અને (બ)માં લેખિતમાં આનો જવાબ આપેલ છે છતાં કોઇ પેટા પ્રશ્ન હોય તો પૂછી શકો છો.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, વણવપરાયેલ રકમનાં કારણો શું છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, મારે સહકાર મંત્રી તરીકે આખા ગૃહને અને સવિશેષ આપશ્રીને અભિનંદન આપવા છે કે આપે સહકારમાં એક નવી રાહ ચીંધવાનું કાર્ય કર્યું છે. આપના માધ્યમથી આ ગૃહને એક વાત જણાવીશ કે આપે દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી બનાસ ડેરી બાયોગેસ પ્લાન્ટ માટે જાપાનમાં સુઝુકીમાં એમ.ઓ.યુ. કર્યું છે એ આખા ભારતમાં પહેલી અકલ્પનીય ઘટના છે. આત્મનિર્ભર ભારતના સ્વપ્નદૃષ્ટા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની પ્રેરણાથી બનાસ ડેરી માટે બે હજાર ક્યુબિક મીટર સી.યુ.એમ. એટલે દિવસના ૪૦ હજાર કિલો ગેસની ક્ષમતાના કોમ્યુનિટી ગોબર પ્લાન્ટની સ્થાપના કરવામાં આવેલ છે કે જેના કારણે માત્ર દૂધ જ લેવાનું નહીં પણ પશુઓના છાણને પણ બનાસ ડેરી કલેક્ટ કરી કોમ્યુનિટી બાયોપ્લાન્ટમાં આપશે અને એનું વળતર પણ આપવામાં આવશે. આ અકલ્પનીય ક્રાંતિકારી પગલું આપશ્રીએ ભર્યું છે એના માટે લાખ લાખ અભિનંદન. સાથે-સાથે કહેવાનું મન થાય કે, હરિયાળું બનાસકાંઠા બનાવવાની આપે જે નેમ લીધી છે અને પ્રાકૃતિક ખેતીના પ્રેરણાદાયક દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને ગુજરાતના મુખ્યમંત્રી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ જે પ્રાકૃતિક ખેતીની મુહિમ ચલાવી રહ્યા છે એનાથી બનાસકાંઠા જિલ્લો ખૂબ જ આગળ વધવાનો છે. આ ખૂબ જ સરાહનીય બાબત છે. કોઇપણ એ.પી.એમ.સી. જ્યારે સરકાર પાસે નાણાં માંગે છે ત્યારે સરકાર દરેકના હેતુ અને પ્લાન ચેક કરે છે ત્યારબાદ નાણાં ફાળવવામાં આવતાં હોય છે. કદાચ કોઇએ અરજી ન કરી હોય અથવા કોઇપણ કાગળો અધૂરા રહી ગયા હોય તો જ સરકારે યોજના મંજૂર ન કરી હોય. વર્ષ ૨૦૨૧-૨૨માં આખા રાજ્યમાં ઘણી બધી એ.પી.એમ.સી.ઓમાં નાણાંની માંગણી કરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી જો રજા આપે તો જિલ્લાવાર ૨૨૪ એ.પી.એમ.સી.ના જવાબો આપવા તૈયાર છીએ.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દરેક તાલુકા કક્ષાએ એ.પી.એમ.સી. હોય છે. સમયાંતરે પાકો અને વાવેતરમાં ફેરફાર થતો હોય છે. તો જે વિસ્તારમાં જે પાકોનું વાવેતર થતું હોય અથવા ફળફળાદી પાકોનું ખેડૂતો ઉત્પાદન કરતા હોય તો એના માટે કોલ્ડ સ્ટોરેજ કે આવી ભૌતિક સુવિધાઓ રાજ્ય સરકાર કોઇ એ.પી.એમ.સી.ના માધ્યમથી બનાવવા માગે છે કે કેમ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, 'કિસાન કલ્પવૃક્ષ યોજના' અંતર્ગત એ.પી.એમ.સી.નું જે ઇન્ફ્રાસ્ટ્રકચર કરવામાં આવ્યું છે એનો બજાર સમિતિઓને કેટલો લાભ મળેલ છે? અને એ અંતર્ગત કેટલું બાંધકામ થયું છે? આ બાંધકામ અંતર્ગત કેટલા મેટ્રિક ટન જણસીનો સમાવેશ થઇ શકે તેમ છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખૂબ સરસ પ્રશ્ન પૂછ્યો છે. શ્રી અમૃતભાઇ, કદાચ તમારા સવાલનો જવાબ આમાં આવી જશે. 'કિસાન કલ્પવૃક્ષ યોજના' જે આપણે આધુનિક સગવડો ઊભી કરવા માટે આપીએ છીએ. ખેડૂતોનો પાક તૈયાર થયો હોય અને પલળી ન જાય એના માટે શેડની યોજના, રોડ-રસ્તા, કમ્પ્યુટરાઇઝમાં અત્યાર સુધી રાજ્યમાં ૧૯૮ બજાર સમિતિઓએ આનો લાભ લીધો છે. સાથે સાથે ૭૦.૭૦ લાખ ચો.ફૂટ જેટલું બાંધકામ આપણી આ યોજનાથી થયું છે અને લગભગ ૫૬ લાખ મેટ્રિક ટન જણસીનો આપણે સમાવેશ કરી શકીએ, આવી ખૂબ સગવડો સરકારશ્રીએ ઊભી કરી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નમાં તો બજાર સમિતિમાં જે ખેડૂતો માલ લઇને આવે, એને વરસાદ અને બીજી કુદરતી આફતોથી બચાવવાની વાત છે. પરંતુ સૌરાષ્ટ્ર અને બીજા ઘણા વિસ્તારો એવા છે કે જે નવા કૃષિ કાયદાનો અમલ ગુજરાત રાજ્યમાં થયો અને બીજી જગ્યાએ ન થયો એના કારણે, ઘણી બધી બજાર સમિતિઓ અત્યારે બંધ પડી ગઇ છે. તો હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છે કે, આ બજાર સમિતિઓ બંધ પડી ગઇ છે જે પગાર ચૂકવી શકતી નથી એને રિવાઇલ અને વાયેબલ કરવા માટે કોઇ યોજના લેવા માગો છો કે કેમ? બીજું, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, બનાસકાંઠા જિલ્લામાં બનાસડેરી મારફતે પશુઓનું છાણ ખરીદવાની સારી યોજના છે, એ હું સ્વીકારું છું. પણ આખા દેશમાં છત્તીસગઢ રાજ્યમાં છાણ ખરીદવાનું સૌથી મોટામાં મોટું અભિયાન શરૂ થયું છે. વડાપ્રધાનશ્રીએ એમની તારીફ કરી છે અને બધા મુખ્યમંત્રીશ્રીઓને કહ્યું છે કે, એનો અમલ કરાવો. તો આપ અહીંયા એનો અમલ કરાવવા માગો છો કે કેમ?

## તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

## તારાંકિત પ્રશ્નો

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, એમનો પ્રશ્ન સ્કોપની બહારનો છે, છતાં શ્રી અર્જુનભાઇ, આપ ખૂબ સિનિયર સભ્યશ્રી છો એટલે કહીશ કે, બનાસડેરી અને માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારને એટલા માટે અભિનંદન આપવા પડે કે, આ ઇનિશિયેટીવ લઇ અને ગુજરાત રાજ્યમાં બનાસ ડેરીએ જે ઇનિશિયેટીવ લીધું છે અને આવનારા સમયમાં બધી જ ડેરીઓ આ પ્રકારના ઇનિશિયેટીવ લે એવા સરકારશ્રીના ચોક્કસ પ્રયાસો હશે. સાથે સાથે એ પણ કહું છું કે, ૨૨૪ એ.પી.એમ.સી.ઓ છે. કદાચ કયાંક જણસી વધતા-ઓછી થતી હશે પણ એ.પી.એમ.સી. બંધ થાય એવી બાબતો ધ્યાને ઓછી આવે છે. છતાં એક સુરત જિલ્લાની એ.પી.એમ.સી.ને આપણે હવે મંજૂરી આપવાનું ચાલુ કર્યું છે કે, કોઇપણ એ.પી.એમ.સી. ને વિવિધ પ્રકારના હાટ બજાર લગાવવું હોય તો હાટ બજાર પણ લગાવે છે અને એમાં સુરત જિલ્લાની એક એ.પી.એમ.સી.એ રૂ.૫૦ લાખની આવક પણ કરી છે. આ એ.પી.એમ.સી.ઓ સરવાયવલ થાય અને આધુનિક રીતે ડેવલપ થાય એવા પ્રયાસો સરકારશ્રી કરી રહી છે. આવનાર દિવસોમાં કદાચ તમારા અને મારા ઘરમાં આપણે એ.પી.એમ.સી.નો માલ ખરીદતા હોઇશું. એ.પી.એમ.સી. મોલ પણ સરકારશ્રી બનાવવા જઇ રહી છે.

### નવસારી જિલ્લામાં રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ

* ૧૫/૩/૪ **શ્રી રાકેશભાઇ દેસાઇ** (નવસારી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS) અમલમાં મૂકવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત યોજના હેઠળ નવસારી જિલ્લામાં કુલ કેટલા કરોડના ખર્ચે ક્યા ક્યા કામો કરવાનું આયોજન છે ? | (૨) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ હેઠળ નવસારી જિલ્લામાં અંદાજે કુલ રૂ.૬૭૮.૦૯ કરોડના ખર્ચે સ્માર્ટ મીટરિંગ તથા ડિસ્ટ્રિબ્યૂશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત કાર્યો જેવા કે, લોસ રીડક્શન, મોર્ડનાઇઝેશન અને સિસ્ટમ ઓગ્મેન્ટેશનની કામગીરીનું આયોજન છે. |

શ્રી રાકેશ ગુ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેકટર સ્કિમનો ઉદ્દેશ શું છે અને આ સ્કિમ હેઠળ કઇ કઇ કામગીરીનો સમાવેશ થાય છે? શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આજે આપણા પ્રજા વત્સલ મુખ્યમંત્રીશ્રી ત્રીજા વર્ષમાં પ્રવેશી રહ્યાં છે. એમને ખાસ ખાસ અભિનંદન આપું છું. રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેકટર સ્કિમ એ ભારતના લોકલાડીલા પ્રધાનમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે દરેક ગામોને થ્રી ફેઇઝ ૨૪ કલાક ગુણવત્તાયુકત વીજળી આપવાનો જયોતિગ્રામ યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો અને ૨૪ કલાક વીજળી આપનાર ગુજરાત સૌ પ્રથમ રાજય બનેલ. માનનીય મોદી સાહેબ જયારે પ્રધાનમંત્રી બન્યા ત્યારે દેશનું એકપણ ગામ વીજળીથી વંચિત ના રહે. સન ૨૦૧૪માં લગભગ દેશનાં ૧૮ હજાર ગામડાઓમાં વીજળી હતી નહીં. એમણે એ કામ પૂર્ણ કર્યું. ત્યારપછી દરેક ગામોને સાતત્યપૂર્ણ અને શહેરોને ગુણવત્તાયુકત વીજળી ૨૪ કલાક મળી રહે એના માટે, ગુણવત્તામાં ઉત્તરોત્તર સુધારો થાય એ માટે કેન્દ્રના ઊર્જા મંત્રાલય દ્વારા આ રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેકટર સ્કિમ અમલમાં મૂકી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગ્રાહકોને સાતત્યપૂર્ણ વીજળી અને વીજ પુરવઠો મળી રહે એ માટેનો છે. કેન્દ્ર સરકાર દ્વારા તા. ૨૦-૭-૨૧ના રોજ સમગ્ર ભારતમાં રૂ.૩,૦૩,૭૫૫ કરોડના નાણાકીય આયોજન સાથે રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેકટર સ્કિમ શરૂ કરવામાં આવી છે. જે પૈકી ગુજરાતને રૂ.૨૦,૪૮૨ કરોડ એટલે કે યોજનાના ૭ ટકા પ્રોજેકટને મંજૂરી આપવામાં આવેલ છે. ગુજરાત એ પહેલું રાજય છે કે જેના પ્રોજેકટ સૌથી પહેલા મંજૂર થયા છે. એ કામ કરવાનો સમયગાળો તા.૩૧-૩-૨૦૨૫ સુધીનો છે. આ યોજના હેઠળ વીજ માળખાના આધુનિકરણ અને સુદ્ઢીકરણ માટેના અનેક માપદંડો છે. ૩૧ અમૃત શહેરોમાં વધુ સાતત્યપૂર્ણ વીજળી પુરવઠા માટે જરૂરિયાત મુજબ ઓવરહેડ લાઇનનું અંડરગ્રાઉન્ડ કરવામાં આવશે. ૩૧ અમૃત શહેર અને ૧૯૪ શહેરોમાં વીજ પુરવઠાના ઓનલાઇન મોનિટરિંગ માટે સ્કાડા સિસ્ટમ લગાવવામાં આવશે. એટલે કે વીજ ચોરી અને વીજ લોસનું એકદમ નિયમન થઇ શકે. બાગાયતી તેમજ જંગલ વિસ્તારમાંથી પસાર થતી વીજ લાઇનોમાં વૃક્ષોને લીધે થતા વીજ વિક્ષેપ ઘટાડવા ખુલ્લા વીજ વાયરોની જગ્યાએ એવીએફ બંચ કેબલ, એબીસી કેબલ અને મિડિયમ વોલ્ટેજ કવર્ડ કન્ડકટર એમ.વી.સી.સી. લગાવવામાં આવશે. આદિજાતિ વિસ્તારોમાં લો વોલ્ટેજની સમસ્યાના નિવારણ માટે નવા ટ્રાન્સફોર્મર લગાવવા, દરિયાકાંઠાના વિસ્તારમાં વીજ વિક્ષેપની ઘટનાઓ ટાળવા માટે જૂના અને જર્જરિત કન્ડકટરો બદલવા, નવાં સબસ્ટેશન બનાવવાં તેમજ હયાત સબ સ્ટેશનની સંખ્યામાં ક્ષમતામાં વધારો કરવો. આ બધાં કામો કરવામાં આવશે અને સાથે સાથે વીજ ગ્રાહકોને વિક્ષેપ રહિત વીજ પુરવઠો મળે એ માટે ફીડર આધારિત ક્ષમતાથી લોડ વધે એ માટે તેમજ ફીડરની લંબાઇ વધ્યેથી ફીડરનું વિભાજન કરવામાં આવશે અને ગ્રાહકોને પૂરતા દબાણથી વીજ પુરવઠો મળી રહે તે માટે હાઇ વોલ્ટેજ ડિસ્ટ્રીબ્યુશન લાઇન દ્વારા હયાત હળવા દબાણની લાઇનમાં ઘટાડો કરવામાં આવશે. સ્માર્ટ મીટર લગાવવા

માટે તમામ સરકારી કચેરીઓ, સ્વાયત્ત સંસ્થાઓ, બોર્ડ-કોર્પોરેશન અને ઈન્ડસ્ટ્રીયલ અને કોમર્શિયલ ગ્રાહકોને ૧૫ ટકાથી વધુ નહીં એવા જે શહેરોમાં વીજ લોસીસ છે ત્યાં આ પ્રાથમિકતા આપવામાં આવશે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી બીજા જ દિવસે ટેકનોલોજીના બરાબર યુઝ-ટુ થઈ ગયા છે. બહુ સરસ.

**ખેડા ખાતે નવી ઓપીડી હોસ્પિટલ**

* ૧૫/૩/૫૨૦ **શ્રી સંજયસિંહ મહીડા** (મહુધા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૦૭-૨૦૨૩ ની સ્થિતિએ ખેડા, જિ. ખેડા ખાતે નવી ઓપીડી હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૩.૨૩.૮૦ કરોડ |
| (૩) ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે ? | (૩) સદર કામગીરીના નવીન બાંધકામ માટે હાલ જૂના અને જર્જરિત મકાનો તોડવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. |

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ખેડા જિલ્લા ખાતે હાલ કેટલી હોસ્પિટલ, કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર તથા કેટલાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે. ખેડા જિલ્લા ખાતે ભારત સરકારશ્રીના નિયત કરેલ માપદંડ મુજબ કેટલાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હોવા જોઈએ અને કેટલાં ઉપલબ્ધ છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદ ખાતે જિલ્લા હોસ્પિટલ ખેડા અને ડાકોર ખાતે પેટા જિલ્લા હોસ્પિટલ અને ૧૪ સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને ૫૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે. હાલ ડાકોર ખાતે નવી ૧૦૦ પથારીની સુવિધા ધરાવતી હોસ્પિટલનું બાંધકામ કરવાનું ફિનિશિંગ લેવલે કામ ચાલુ છે. જે આ વર્ષે જ નવેમ્બરના અંત સુધીમાં....

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**ખંભાત તાલુકામાં પાઇપલાઇનથી પીવાના પાણી બાબત**

૧૫/૩/૪૫૦ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના કેટલા ગામોને પીવાનું પાણી પાઇપલાઇનથી પૂરું પાડવામાં આવે છે અને કેટલા ગામોને પાઇપલાઇનથી કયા કારણોસર પાણી પૂરું પાડવામાં આવતું નથી, અને | (૧) આણંદ જિલ્લાના ખંભાત તાલુકામાં કુલ ૬૧ ગામો છે. તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના તમામ ૬૧ ગામોને પીવાનું પાણી પાઇપલાઇનથી પૂરું પાડવામાં આવે છે. |
| (૨) ઉક્ત બાકી ગામોને ક્યાં સુધીમાં પાઇપલાઇનથી પીવાનું પાણી પૂરું પાડવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**માલકી યોજના હેઠળ લાભાર્થીઓને લાભ**

૧૫/૩/૧૯૦ **શ્રી રાજેશકુમાર ઝાલા** (કપડવંજ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ માલકી યોજના રાજ્યના ક્યા જિલ્લામાં અમલમાં છે, અને | (૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં માલકી યોજના અમલમાં નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને આ યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**નર્મદા જિલ્લામાં નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો**

૧૫/૩/૫૨૮ **ડૉ. જયરામભાઇ ગામીત** (નિઝર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલા નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવેલ છે,

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કોઇપણ નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ મકાનોનું બાંધકામ ક્યા તબક્કે છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**જામજોધપુર તાલુકાની જીણાવારી ગામ ખાતે વર્તુ નદી પર ડેમ બનાવવા બાબત**

૧૫/૩/૫૧૫ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકામાં આવેલ જીણાવારી ગામ ખાતે વર્તુ નદી પર ડેમ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા ક્યારે મંજૂરી આપવામાં આવેલ, | (૧) વર્ષ-૧૯૯૮ માં |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે, અને<br>(૩) ઉક્ત યોજનામાં કેટલા અસરગ્રસ્તો/ખેડૂત ખાતેદારોની સહમતિ મેળવવી અનિવાર્ય છે ? | (૨) અને (૩) ઉક્ત યોજનાના જમીન સંપાદન બાબતે લગત અસરગ્રસ્તો/ખેડૂત ખાતેદારોનો વિરોધ હોઈ, આજદિન સુધી ડુબાણમાં આવતા એક પણ લગત અસરગ્રસ્ત/ ખેડૂત ખાતેદાર દ્વારા જમીન સંપાદન અર્થે સહમતી આપેલ ન હોઈ, સહમતી મળ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરવાનું આયોજન છે. |

- - - - - - - - -

**મોરબી જિલ્લામાં ચેરના વૃક્ષોનું વાવેતર**

૧૫/૩/૧૯૭ **શ્રી જીતેન્દ્ર સોમાણી** (વાંકાનેર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લામાં ચેરના વૃક્ષોનું વાવેતર કરી શકાય તેવો કેટલો વિસ્તાર આવેલો છે, | (૧) ૭,૭૭૦ હેક્ટર વન વિસ્તાર. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વિસ્તારમાંથી કેટલા વિસ્તારમાં ચેરના વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) ૧,૭૫૦ હેક્ટર વન વિભાગ દ્વારા વાવેતર કરવામાં આવેલ છે. |
| (૩) બાકી રહેતા વિસ્તારમાં વાવેતર કરવા માટે શું આયોજન છે ? | (૩) બાકી રહેતા વિસ્તારમાં વાવેતર કરવા માટે રાજ્ય તેમજ કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ ચેર વાવેતર અંગે થનાર જોગવાઈઓ અનુસાર વાવેતર કરવાનું આયોજન છે. |

- - - - - - - - -

**દસક્રોઈ તાલુકામાં આંતરિક પેયજળ યોજનાઓ બાબત**

૧૫/૩/૩૦૧ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના દસક્રોઇ તાલુકાના ગામો માટે કેટલી આંતરિક પેયજળ યોજનાઓ પ્રગતિ હેઠળ છે, અને | (૧) અમદાવાદ જિલ્લાના દસક્રોઇ તાલુકાના ગામો માટે કુલ ૦૭ આંતરિક પેયજળ યોજનાઓ પ્રગતિ હેઠળ છે. |
| (૨) ઉક્ત મંજૂર કરેલ યોજનાઓ માટે કુલ કેટલી નાણાંકીય જોગવાઇ કરવામાં આવી ? | (૨) મંજૂર કરેલ યોજનાઓ માટે કુલ રૂ.૨૪૦.૪૪ લાખની નાણાંકીય જોગવાઇ કરવામાં આવેલ છે. |

- - - - - - - - -

**નવી બોયઝ હોસ્ટેલનું બાંધકામ**

૧૫/૩/૫૪૩ **શ્રી ડી. કે. સ્વામી** (જંબુસર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં મેડિકલ કોલેજો માટે નવી બોયઝ (પી.જી.) હોસ્ટેલના બાંધકામનું આયોજન કરવામાં આવ્યું તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી હોસ્ટેલ અને તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રાજ્યમાં સુરત, અમદાવાદ, જામનગર અને ભાવનગર ખાતે મળી કુલ ચાર (૪) નવી બોયઝ હોસ્ટેલોના બાંધકામનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે કુલ રૂા.૨૭૩.૦૦ કરોડની રકમ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે ક્યા તબક્કે છે ? | (૩) જે પૈકી સુરત ખાતેની બોયઝ હોસ્ટેલનું બાંધકામ પ્રગતિમાં છે, જ્યારે અમદાવાદ, જામનગર અને ભાવનગર ખાતેની બોયઝ હોસ્ટેલોનું કામ પ્લાનિંગ લેવલે છે. |

- - - - - - - - -

**વનલક્ષ્મી યોજના હેઠળ લાભાર્થીઓને લાભ**

૧૫/૩/૧૮૯ **શ્રી યોગેશ પટેલ** (આણંદ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ વનલક્ષ્મી યોજના રાજ્યના કયા જિલ્લામાં અમલમાં છે, અને | (૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં વનલક્ષ્મી નામની કોઇ યોજના અમલમાં નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને આ યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**વડોદરા જિલ્લામાં રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ**

૧૫/૩/૯ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન (RDSS) અમલમાં મૂકવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત યોજના હેઠળ વડોદરા જિલ્લામાં કુલ કેટલા કરોડના ખર્ચે કયા કયા કામો કરવાનું આયોજન છે ? | (૨) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ હેઠળ વડોદરા જિલ્લામાં અંદાજે કુલ રૂ.૧૫૫૬.૧૮ કરોડના ખર્ચે સ્માર્ટ મિટરિંગ તથા ડિસ્ટ્રિબ્યુશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત કાર્યો જેવા કે, લોસ રીડક્શન, મોડર્નાઇઝેશન અને સિસ્ટમ ઓગ્મેન્ટેશનની કામગીરીનું આયોજન છે. |

- - - - - - - - -

**ટુરિસ્ટ ગાઈડોને લાયસન્સ**

૧૫/૩/૨૬૯ **શ્રી અમીત ઠાકર** (વેજલપુર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૦-૦૬-૨૦૨૩ની સ્થિતિએ પ્રવાસન પ્રભાગ દ્વારા ટુરિસ્ટ ગાઈડોને લાયસન્સ આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ટુરિસ્ટ ગાઈડોને લાયસન્સ આપવામાં આવેલ છે, અને | (૨) ૯૫ |
| (૩) ટુરિસ્ટ ગાઈડોને કયા કયા પ્રકારના લાયસન્સ આપવામાં આવે છે ? | (૩) રાજ્ય સ્તર અને શહેર/પ્રવાસન સ્થળ સ્તર. |

- - - - - - - - -

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**ઉંઝામાં નકલી જીરું બનાવતી ફેક્ટરીઓ**

૧૫/૩/૪૩૪ **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉંઝામાં નકલી જીરું બનાવતી કેટલી અને કઇ ફેક્ટરીઓ ફૂડ એન્ડ ડ્રગ્ઝ ખાતા દ્વારા પકડવામાં આવી,

(૨) ઉક્ત ફેક્ટરીઓ ક્યારથી કાર્યરત હતી, અને

(૩) ઉક્ત નકલી જીરું બનાવતી ફેક્ટરીઓ ચલાવતા કેટલા ઇસમો વિરુદ્ધ શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) કુલ-૦૩
(૧) જયકુમાર દશરથભાઇ પટેલનું ગોડાઉન
(૨) પટેલ ધર્મેશભાઇ અંબાલાલની ફેક્ટરી
(૩) સુજીતકુમાર ઇશ્વરલાલ પટેલ

(૨) ઉક્ત તમામ ફેક્ટરીઓ ફૂડ પરવાનો ધરાવતી નથી. તેથી ચોક્કસ સમયગાળો કહી ના શકાય.

(૩) અનુક્રમ નંબર ૧ અને ૨ ની પેઢીનાં એક-એક ઇસમો અને અનુક્રમ-૩ ની પેઢીનાં ૨(બે) ઇસમો એમ કુલ-૦૪ ઇસમો વિરુદ્ધ ક્રિમિનલ કેસ બનતો હોય, નામ. જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ-ઉંઝા ખાતે કેસ દાખલ કરવાની પ્રક્રિયા ચાલુ છે.

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં મેલેરિયાના કેસો**

૧૫/૩/૫૨૭ **શ્રી કાળુભાઈ ડાભી** (ધંધુકા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં મેલેરિયાના કેટલા કેસો નોંધાયા,

(૨) તે પૈકી મેલેરિયાથી કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને

(૩) મેલેરિયા અટકાવવા માટે શાં પગલાં ભરવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| વર્ષ | કેસ |
|---|---|
| ઓગસ્ટ ૨૦૨૧ થી જુલાઈ ૨૦૨૨ | ૫ |
| ઓગસ્ટ ૨૦૨૨ થી જુલાઈ ૨૦૨૩ | ૪ |
| **કુલ** | **૯** |

(૨) શૂન્ય.

(૩) મેલેરિયા નિયંત્રણ માટે લીધેલ પગલાં -

- જિલ્લામાં ઉક્ત રોગોને કાબુમાં રાખવા ઘનિષ્ઠ ફીવર સર્વેલન્સ, પોરાનાશક કામગીરી, પોરાભક્ષક માછલી વિતરણ કામગીરી, ફોગિંગ કામગીરી, પૂરતા પ્રમાણમાં દવા, સાધનસામગ્રી અને આરોગ્ય શિક્ષણ પ્રવૃતિ જેવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવે છે.

- - - - - - - - -

**ગાંધીનગર જિલ્લામાં ચિકનગુનિયાના કેસો**

૧૫/૩/૫૩૧ **શ્રીમતી રીટાબેન પટેલ** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ચિકનગુનિયાના કેટલા કેસો નોંધાયા,

(૨) ઉક્ત સમયગાળામાં તે પૈકી ચિકનગુનિયાથી કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ ચિકનગુનિયા અટકાવવા માટે શાં પગલાં ભરવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| વર્ષ | કેસ |
|---|---|
| ઓગસ્ટ ૨૦૨૧ થી જુલાઈ ૨૦૨૨ | ૪૮ |
| ઓગસ્ટ ૨૦૨૨ થી જુલાઈ ૨૦૨૩ | ૦૮ |
| **કુલ** | **૫૬** |

(૨) શૂન્ય.

(૩) ચિકનગુનિયાના નિયંત્રણ માટેના પગલા –

- મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ તથા ક્ષેત્રિય

કક્ષાએ શંકાસ્પદ તાવના કેસોની શોધખોળ અને લેબોરેટરી પરીક્ષણથી નિદાન થતા કેસોને યોગ્ય સારવારની વ્યવસ્થા.

- મચ્છર ઉત્પત્તિ અટકાયત કામગીરી.
- નિદાન થયેલ કેસોના વિસ્તારમાં ઘરોમાં પોરાનાશક અને ફોગીંગની કામગીરી.
- આરોગ્ય શિક્ષણની કામગીરી.

- - - - - - - - -

**ભાવનગર જિલ્લામાં વીડીઓમાંથી એકત્ર કરેલ ઘાસ**

૧૫/૩/૨૦૭ **શ્રી ગૌતમભાઈ ચૌહાણ** (તળાજા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં વન વિભાગ દ્વારા વીડીઓમાંથી વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલું ઘાસ એકત્ર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી કેટલું ઘાસ ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | એકત્રિત કરેલ ઘાસ (લાખ કિ.ગ્રા.) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૭૦.૩૦ |
| ૨૦૨૨-૨૩ | ૩૫.૦૦ |

(૨)

| વર્ષ | ગોડાઉનમાં સંગ્રહ કરેલ ઘાસનો જથ્થો (લાખ કિ.ગ્રા.) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૫૮.૯૬ (બાકીનું ૧૧.૩૪ લાખ કિ.ગ્રા. ઘાસ ગંજી/પ્લેટફોર્મ પર સંગ્રહ કરવામાં આવ્યું) |
| ૨૦૨૨-૨૩ | ૩૫.૦૦ |

- - - - - - - - -

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં પાણી પુરવઠા પ્રભાગની યોજનાઓ**

૧૫/૩/૫૧૦ **શ્રી ચૈતરભાઈ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લામાં પાણી પુરવઠા પ્રભાગની કઈ કઈ યોજનાઓની કામગીરી પ્રગતિમાં છે,

(૨) ઉક્ત સ્થિતિએ યોજનાવાર કેટલી નાણાંકીય જોગવાઈ કરવામાં આવી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ યોજનાઓ, યોજનાવાર કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) *પરિશિષ્ટ મુજબ.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

- - - - - - - - -

**રાજ્યમાં સામૂહિક શુદ્ધીકરણ પ્લાન્ટ**

૧૫/૩/૧૫૩ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારે ઉદ્યોગોના પાણી પ્રદૂષણના નિયંત્રણ માટે શી વ્યવસ્થા કરેલ છે,

**જવાબ**

(૧) રાજ્ય સરકાર પર્યાવરણ સંરક્ષણ માટે સતત પ્રયત્નશીલ છે અને પાણીના પ્રદૂષણ નિયંત્રણની દિશામાં ઘણા પગલાં લેવાઈ રહ્યા છે.

નાના ઉદ્યોગો દ્વારા ઉત્પન્ન થતા ઔદ્યોગિક પાણીના ટ્રીટમેન્ટ તથા નિકાલ માટે સંયુક્ત શુદ્ધીકરણ પ્લાન્ટ્સ (કોમન એફ્લુએંટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ- સીઈટીપી)ની સ્થાપના કરવામાં આવી છે.

રાજ્યમાં કુલ ૪૧ જેટલા સીઈટીપી આવેલા છે અને આશરે

૮૧૯ એમએલડીની ક્ષમતા સાથે ગુજરાત દેશમાં અગ્રેસર રાજ્ય છે.

વધુમાં ઉદ્યોગોનું નિયમાનુસાર મોનીટરીંગ પણ કરવામાં આવે છે અને કસુરવાર ઉદ્યોગો સામે જોગવાઈ અનુસાર કાર્યવાહી પણ કરવામાં આવે છે.

આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા ટ્રીટેડ વેસ્ટવોટરના રીયુઝ – રીસાઈકલ માટે પણ સઘન પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ગુજરાત એ સમગ્ર દેશમાં પહેલું રાજ્ય છે, જેણે ટ્રીટેડ સુએજના રીયુઝ – રીસાઈકલ માટે નીતિ બનાવી છે.

(૨) રાજ્યમાં ઉક્ત સ્થિતિએ ગંદા પાણીના શુદ્ધીકરણ માટે સામૂહિક શુદ્ધિકરણ પ્લાન્ટ (CETP)ની સંખ્યા કેટલી છે, અને

(૨) રાજ્યમાં ઉક્ત સ્થિતિએ ગંદા પાણીના શુદ્ધીકરણ માટે સામૂહિક શુદ્ધીકરણ પ્લાન્ટ (CETP)ની સંખ્યા ૪૧ છે.

(૩) ઉક્ત સંખ્યામાં વધારો કરવા માટે રાજ્ય સરકારનું શું આયોજન છે ?

(૩) હાલના ૪૧ કાર્યરત ગંદા પાણીના સામૂહિક શુદ્ધીકરણ પ્લાન્ટમાંથી, ૭ સામૂહિક શુદ્ધીકરણ પ્લાન્ટમાં તેઓની હાલની ક્ષમતામાં વધારો કરવાની દરખાસ્ત છે તેમજ નવા ૧૭ સામૂહિક શુદ્ધીકરણ પ્લાન્ટ સ્થાપના હેઠળ છે.

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ**

૧૫/૩/૭ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS) અમલમાં મૂકવામાં આવી છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત યોજના હેઠળ કચ્છ જિલ્લામાં કુલ કેટલા કરોડના ખર્ચે ક્યા ક્યા કામો કરવાનું આયોજન છે ?

(૨) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ હેઠળ કચ્છ જિલ્લામાં અંદાજે કુલ રૂ.૧૭૫૦.૫૭ કરોડના ખર્ચે સ્માર્ટ મીટરિંગ તથા ડિસ્ટ્રિબ્યુશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત કાર્યો જેવા કે, લોસ રીડક્શન, મોડર્નાઈઝેશન અને સિસ્ટમ ઓગ્મેન્ટેશનની કામગીરીનું આયોજન છે.

- - - - - - - - -

**તાપી જિલ્લામાં વાંસ સુધારણા કામગીરી**

૧૫/૩/૨૦૪ **શ્રી મોહનભાઈ કોંકણી** (વ્યારા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ તાપી જિલ્લામાં વાંસ સુધારણા કામગીરી હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા હેક્ટરમાં વાંસ સુધારણાની કામગીરી કરવામાં આવેલ છે,

(૧)

| **વર્ષ** | **વાંસ સુધારણા કામગીરી હેઠળ વિસ્તાર (હેક્ટરમાં)** |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૨૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૧૯૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તેનાથી કેટલા વાંસનું વિતરણ કરવામાં આવેલ છે, અને

(૨)

| **વર્ષ** | **વિતરણ કરવામાં આવેલ વાંસની સંખ્યા (લાખમાં)** |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩.૩૦ |

| | |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૪.૫૬ |

(૩)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૭૬.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૧૫૨.૦૦ |

---------

**મહીસાગર જિલ્લામાં ડેન્ગ્યુના કેસો**

૧૫/૩/૫૨૯ **શ્રી માનસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં ડેન્ગ્યુના કેટલા કેસો નોંધાયા,

(૨) તે પૈકી ડેન્ગ્યુથી કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને

(૩) ડેન્ગ્યુ અટકાવવા માટે શાં પગલાં ભરવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| વર્ષ | કેસ |
|---|---|
| ઓગસ્ટ ૨૦૨૧ થી જુલાઈ ૨૦૨૨ | ૧૦૬ |
| ઓગસ્ટ ૨૦૨૨ થી જુલાઈ ૨૦૨૩ | ૫૫ |
| **કુલ** | **૧૬૧** |

(૨) શૂન્ય.

(૩) ડેન્ગ્યુ નિયંત્રણ માટે લીધેલ પગલા. –

- મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ તથા ક્ષેત્રિય કક્ષાએ શંકાસ્પદ તાવના કેસોની શોધખોળ અને લેબોરેટરી પરીક્ષણથી નિદાન થતા કેસોને યોગ્ય સારવારની વ્યવસ્થા.
- મચ્છર ઉત્પત્તિ અટકાયત કામગીરી.
- નિદાન થયેલ કેસોના વિસ્તારમાં ઘરોમાં પોરાનાશક અને ફોગીંગની કામગીરી.
- આરોગ્ય શિક્ષણની કામગીરી.

---------

**જૂનાગઢ જિલ્લાની ઓઝત અને ભાદર નદીને ઊંડી અને પહોળી કરવા બાબત**

૧૫/૩/૪૪૪ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાંથી પસાર થતી ઓઝત અને ભાદર નદીને ઊંડી અને પહોળી કરવાની કામગીરી કયા તબક્કે છે,

(૨) ઉક્ત કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે, અને

**જવાબ**

(૧) અને (૨) જૂનાગઢ જિલ્લાના કેશોદ, માણાવદર અને માંગરોળ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી ઓઝત નદી પસાર થાય છે. નદીને ઊંડી અને પહોળી કરતા પહેલા નદીના વહેણની ખરાઈ માટે બંન્ને કાંઠાના ખેતરોના હદ નિશાન નક્કી કરવા જરૂરી હોય કલેક્ટરશ્રી, જૂનાગઢ દ્વારા હદ નિશાન માટે ડી.આઈ.એલ.આર.શ્રી. જૂનાગઢને હુકમ કરેલ છે. ડી.આઈ.એલ.આર. જૂનાગઢ દ્વારા કેશોદ તાલુકાના બામણાસા અને બાલાગામ ગામમાં હદ નિશાનની માપણી કરી દફતરી કામગીરી પૂર્ણ કરેલ છે. હાલ હદ નિશાનની કામગીરી પ્રગતિ હેઠળ છે. ઉક્ત હદ નિશાનની માપણી પૂર્ણ થયે જરૂરી અંદાજપત્રક તૈયાર કરી જરૂરી મંજૂરી મેળવી, પૂરતી બજેટ જોગવાઈ થયેથી ઓઝત નદી ઊંડી અને પહોળી કરાવવાનું આયોજન છે. માણાવદર તાલુકાના ૫ ગામો પાસેથી ભાદર નદી પસાર થાય છે, જેમાં ચીખલોદ્રા ગામ છેલ્લું

આવે છે ત્યાં નદીની સરેરાશ પહોળાઈ ૧૨૦ મી છે સદર ગામોમાં નદીના બંન્ને કાંઠે ખેતરો આવેલ હોય નદી પહોળી કરી શકાય તેમ જણાતું નથી તેમજ નદીમાં પાણી ખાલી થયે નદીના તળીયે કાંપ/રેતી/ પથ્થરની માત્રા જાણી નદી ઊંડી ઉતારવા બાબતનું આયોજન છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) ઉપરોક્ત વિગતે કોઈ ખર્ચ થયેલ નથી.

- - - - - - - - -

**સુરત જિલ્લામાં સામૂહિક વન નિર્માણ**

૧૫/૩/૧૯૩ **શ્રી મોહનભાઈ ઢોડિયા** (મહુવા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૧૧.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૨૬૧.૦૦ |

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૨૫.૫૭ |
| ૨૦૨૨-૨૩ | ૨૩૨.૫૭ |

- - - - - - - - -

**દહેગામ ખાતે હોસ્પિટલ**

૧૫/૩/૫૩૬ **શ્રી જયંતિભાઈ પટેલ** (માણસા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ દહેગામ, જિ.ગાંધીનગર ખાતે ૫૦ પથારીની હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) રૂ.૯.૦૦ કરોડ

(૩) ઉક્ત સ્થિતિએ તે ક્યા તબક્કે છે ?

(૩) હાલ કામગીરી પ્રગતિ હેઠળ છે.

- - - - - - - - -

**બોટાદ જિલ્લામાં ડેન્ગ્યુના કેસો**

**15/3/530 શ્રી શંભુનાથ ટુંડિયા (ગઢડા):માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

**ક્રમ** / **પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં ડેન્ગ્યુના કેટલા કેસો નોંધાયા.

(૧) તા.૩૧/૧૨/૨૦૨૨ ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ચિકુનગુનિયાના નોંધાયેલ કેસ નીચે મુજબ છે.

| વર્ષ | ચિકુનગુનિયાના કેસ |
|---|---|
| ૨૦૨૧ | ૧૦ |
| ૨૦૨૨ | ૦ |
| કુલ | ૧૦ |

(૨) તે પૈકી ડેન્ગ્યુથી કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને

(૨) શૂન્ય

(૩) ડેન્ગ્યુ અટકાવવા માટે શા પગલાં ભરવામાં આવ્યા?

(૩) ચિકુનગુનિયા નિયંત્રણ પગલા. –

- મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ તથા ક્ષેત્રીય કક્ષાએ

શંકાસ્પદ તાવના કેસોની શોધખોળ અને લેબૉરેટરી પરીક્ષણથી નિદાન થતા કેસોને યોગ્ય સારવારની વ્યવસ્થા.

- મચ્છર ઉત્પત્તિ અટકાયત કામગીરી.
- નિદાન થયેલ કેસોના વિસ્તારમાં ઘરોમાં પોરાનાશક અને ફોગીંગની કામગીરી.
- આરોગ્ય શિક્ષણની કામગીરી.

**ફતેપુરાતાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

**૧૫/૩/૧૯૨ શ્રી રમેશભાઇકટારા (ફતેપુરા): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

**પ્રશ્ન** — **જવાબ**

**(૧)** તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ફતેપુરાતાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

**(૧)**

| વર્ષ | વાવેતર કરેલ રોપા(સંખ્યામાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૫૦,૩૫૫ |
| ૨૦૨૨-૨૩ | ૬૪,૧૧૧ |

**(૨)** તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**(૨)** સાગ, સરગવો, મહુડો, ગુલમહોર, કાશીદ, લીમડો, વાંસ, નીલગીરી, કણજ, આમળાં, દેશી બાવળતથા અન્ય ફળાઉ અને સુશોભિતરોપાઓનું વાવેતર.

**(૩)** તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**(૩)**

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૬.૪૦ |
| ૨૦૨૨-૨૩ | ૪૬.૩૭ |

**ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ હસ્તકનારીસોર્ટ અને હૉટેલ**

**15/3/503 શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા): માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

**પ્રશ્ન** — **જવાબ**

**(૧)** તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ હસ્તકના દરિયા કિનારે કયા કયા સ્થળે રીસોર્ટ અને હોટેલ આવેલા છે,

**(૧)** પોરબંદર, માંડવી,તિથલ અને માધવપુરખાતેની જમીન પી.પી.પી. ધોરણે આપવામાં આવેલી છે.

**(૨)** ઉકતરીસોર્ટ/હોટેલ દરિયા કિનારાથી નજીક હોય તો સી.આર.ઝેડ.ની મંજૂરી કયારે લેવાઇ,

**(૨)** માધવપુર, તિથલ ખાતેના હોટેલ/રીસોર્ટ પી.પી.પી. પરિયોજના અંતર્ગત ખાનગી સંસ્થા/એજન્સીનેચલાવવા જમીન આપવામાં આવેલ છે; જે અંગેની પરવાનગી લેવાની જવાબદારી સંબંધિત એજન્સીની હોય છે. પોરબંદર અને માંડવી ખાતેના હૉટેલ/રીસોર્ટ હજુ શરૂ થયેલ ન હોય;સી.આર.ઝેડ.ની મંજૂરી લેવાની જવાબદારી નક્કી કરાયેલા એજન્સીની હોવાથી તેઓ દ્વારા સી.આર.ઝેડ. માપદંડ અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૩)** ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવારઉકતરીસોર્ટ / હોટેલ વાર કેટલી રકમનો ખર્ચ થયો, અને | **(૩)** સદર મિલકતોપી.પી.પી. ધોરણે આપેલ હોવાથી ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા કોઈ ખર્ચ કરવામાં આવતો નથી. |
| **(૪)** ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવારઉકતરીસોર્ટ / હોટેલ વાર કેટલી રકમની ભાડાની આવક થઈ? | **(૪)** |

| સ્થળ | તા.૧-૮-૨૧ થી તા.૩૧-૭-૨૨ | તા.૧-૮-૨૨ થી તા.૩૧-૭-૨૩ |
|---|---|---|
| તિથલ | રૂ.૪૩,૭૮,૯૭૭/- + ટેક્સ | રૂ.૪૩,૭૮,૯૭૭/- + ટેક્સ |
| માધવપુર | રૂ.૧,૦૧,૮૩૬/- + ટેક્સ | રૂ.૧,૦૬,૯૨૮/- + ટેક્સ |

**ખાનગી કંપની પાસેથી વીજળી ખરીદવા બાબત**

15/3/218: **શ્રી ઉમેશભાઈ મકવાણા** (બોટાદ): **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે કઈ કઈ ખાનગી કંપની પાસેથી યુનિટદીઠશાભાવેકુલ કેટલી વીજળીની ખરીદી કરી? | (૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જી.યુ.વી.એન.એલ.એ ખાનગી કંપની પાસેથી ખરીદેલ વીજળી અને તેના ભાવની વિગત પરિશિષ્ટ-અ મુજબ છે. |

**મોરબી જિલ્લામાં વીડીઓમાંથી એકત્ર કરેલ ઘાસ**

**૧૫/૩/૧૮૭શ્રી દુર્લભજીભાઇ દેથરીયા (ટંકારા): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| **(૧)** તા.૩૧/૦૩/૨૩નીસ્થિતિએ મોરબી જિલ્લામાં વન વિભાગ દ્વારા વીડીઓમાંથી વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલું ઘાસ એકત્ર કરવામાં આવેલ છે, અને | **(૧)** |

| વર્ષ | એકત્રિત કરેલ ઘાસ (લાખ કિ.ગ્રા.) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૫.૨૦ |
| ૨૦૨૨-૨૩ | ૪.૭૦ |

| | |
|---|---|
| **(૨)** તે પૈકી કેટલું ઘાસ ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવેલ છે? | **(૨)** |

| વર્ષ | ગોડાઉનમાં સંગ્રહ કરેલ ઘાસનો જથ્થો (લાખ કિ.ગ્રા.) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૦.૪૬ (બાકીનું ૪.૭૪ લાખ કિ.ગ્રા. ઘાસ ગંજી/ પ્લેટફોર્મ પર સંગ્રહ કરવામાં આવ્યું) |
| ૨૦૨૨-૨૩ | ૪.૭૦ |

**રાજ્યમાં ડોલ્ફીનની વસ્તી**

**15/3/209: શ્રીકિશુભાઇ પટેલ (ભુજ):માનનીયવન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

**પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

**(૧)** રાજ્યમાં ડોલ્ફીનની વસ્તી ગણતરી કેટલા વર્ષે કરવામાં આવે છે,

**(૧)** રાજ્યમાં ડોલ્ફીનની વસ્તી ગણતરી માટે કોઈ કાર્યપ્રણાલી નક્કી કરવામાં આવેલ નથી.

**(૨)** રાજ્યમાં ડોલ્ફીનની છેલ્લી વસ્તી ગણતરી ક્યારે કરવામાં આવેલ છે, અને

**(૨)** ડિસેમ્બર-૨૦૨૨ થી જાન્યુઆરી-૨૦૨૩.

**(૩)** તા. ૩૧/૦૩/૨૩ની સ્થિતિએ રાજ્યમાં ડોલ્ફીનની કુલ વસ્તી કેટલી છે?

**(૩)** અંદાજીત ૨૧૧.

## પ્લાસ્ટીક કચરાને પુન:ચક્રીત કરવા

**૧૫/૩/૧૫૪:શ્રી ચૈતન્ય દેસાઈ (અકોટા): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-**

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે પ્લાસ્ટિકના ઉપયોગને અટકાવવા તથા પ્લાસ્ટિકના કચરાનું એકત્રિકરણ કરી પુન:ચક્રિત (રીસાયકલ) કરવા અંગે લોકોમાં જાગૃતતા ફેલાવવા શી કાર્યવાહી કરેલ છે?

**જવાબ**

(૧) તા: ૩૧-૦૩-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે પ્લાસ્ટીકના ઉપયોગને અટકાવવા તથા પ્લાસ્ટિકના કચરાનું એકત્રિકરણ કરી પુન:ચક્રિત (રીસાઇકલ) કરવા અંગે લોકોમાં જાગૃતતા લાવવા રાજ્ય સરકાર દ્વારા જરુરી કાર્યવાહી કરવામાં આવેલ છે.

ભારત સરકાર દ્વારા ૧૮ માર્ચ,૨૦૧૬ના રોજ પ્લાસ્ટીક કચરા વ્યવસ્થાપન- ૨૦૧૬નાનિયમો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેમાં ૧૨ ઓગસ્ટ,૨૦૨૧ના રોજ જરૂરી સુધારા સાથે સીંગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. જે બાબતે જનજાગૃતિ અર્થે નીચે મુજબના પગલા લેવામાં આવેલા છે:

જનજાગૃતિ

રાજ્યમાં પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપન- ૨૦૧૬ ના નિયમોની બહોળી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જે અન્વયે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા દૈનિક સમાચાર પત્રોમાં કુલ ત્રણ વખત જાહેર સુચના આપેલ છે. રેડીયોમાં પ્લાસ્ટીકના વપરાશને ઓછો કરવા તથા સીંગલ યુઝ પ્લાસ્ટીકના વપરાશ રોકવા જીંગલ બનાવી પ્રસારીત કરવામાં આવેલ છે.

સીનેમા થીયેટરમાં આ અંગેની જાહેર સુચના દર્શાવી જનજાગૃતિનુ કાર્ય કરેલ છે.

આ અન્વયે તા: ૦૫-૦૬-૨૦૨૨ પર્યાવરણ દિનના રોજ રાજ્યકક્ષાના કાર્યક્રમમાં પ્લાસ્ટીકના ઉપયોગને ઘટાડવા તથા સીંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ ન કરવા બાબતે શપથ લેવડાવવામાં આવેલ.

પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ,૨૦૧૬ હેઠળ રાજ્યમાં ૬૧૦ પ્લાસ્ટીક વેસ્ટ પ્રોસેસર, ૫૧૩ ઉત્પાદકો, ૧૪૦૯ આયાતકારો અને ૭૯ બ્રાન્ડ માલિકોને રજીસ્ટ્રેશન આપવામાં આવેલ છે. આમ નિયમ અંતર્ગત રજીસ્ટ્રેશન મંજુર કરવામાં ગુજરાત રાજ્ય મોખરાનુ સ્થાન ધરાવે છે.

તદઉપરાંત આઝાદીના અમૃત મહોત્સવ અન્વયે PPP થકી ઉલેખનીય કામગીરી કરવામાં આવેલછે તથા અંબાજી પદયાત્રા અને પ્લાસ્ટીક વેસ્ટના કો-પ્રોસેસીંગ અંતર્ગત જનજાગૃતિની કામગીરી કરવામાં આવેલ છે.

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**રાજકોટ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના**

**૧૫/૩/૧૯૪શ્રીમતીગીતાબા જાડેજા (ગોંડલ): માનનીય વન અને પર્યાવરણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

**પ્રશ્ન** / **જવાબ**

**(૧)** તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલાવિસ્તારમાંરોપાનું વાવેતર કરવામાં આવેલ છે,અને

**(૧)**

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૬૩.૫૦ |
| ૨૦૨૨-૨૩ | ૨૫૩.૦૦ |

**(૨)** તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**(૨)**

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૯૮.૪૪ |
| ૨૦૨૨-૨૩ | ૨૦૫.૮૯ |

**છોટા ઉદેપુર જિલ્લામાં નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો**

**15/3/526 શ્રી જયંતિભાઇ રાઠવા (જેતપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-**

**પ્રશ્ન** / **જવાબ**

**(૧)** તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લામાં કેટલા નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવેલ છે,

**(૧)** તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લામાં એકપણ નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવેલ નથી.

**(૨)** તે પૈકી ઉકત સ્થિતિએ મકાનોનું બાંધકામ કયા તબકકે છે, અને

**(૨)** પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**(3)** તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**(3)** પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**દાહોદ જિલ્લામાં રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ**

**15/3/10 :શ્રી કનૈયાલાલ કિશોરી (દાહોદ): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશેકે:-**

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩નીસ્થિતિએ રાજ્યમાં રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS)અમલમાં મુકવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી

(૨) જો હા,તો ઉક્ત યોજના હેઠળ દાહોદ જિલ્લામાં કુલ કેટલા કરોડના ખર્ચે ક્યા ક્યા કામો કરવાનું આયોજન છે?

(૨) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ હેઠળ દાહોદ જિલ્લામાં અંદાજે કુલ રૂ.૫૦૪.૮કરોડના ખર્ચે સ્માર્ટ મીટરિંગ તથા ડિસ્ટ્રિબ્યૂશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત કાર્યો જેવા કે, લોસ રીડક્શન, મોડર્નાઈઝેશન અને સિસ્ટમ ઓગ્મેન્ટેશનની કામગીરીનું આયોજન છે.

અતારાંકિત પ્રશ્નો

**સુરત જિલ્લામાં રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ**

**15/3/28 :શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત):માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩નીસ્થિતિએ રાજ્યમાં રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS) અમલમાં મુકવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને | **(૧)** | હા,જી |
| **(૨)** | જો હા, તો ઉક્ત યોજના હેઠળ સુરત જિલ્લામાં કુલ કેટલા કરોડના ખર્ચે ક્યા ક્યા કામો કરવાનું આયોજન છે? | **(૨)** | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ હેઠળ સુરત જિલ્લામાં અંદાજે કુલ રૂ.૨૦૨૫.૩૭ કરોડના ખર્ચે સ્માર્ટ મીટરિંગ તથા ડિસ્ટ્રિબ્યૂશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત કાર્યો જેવા કે,લોસ રીડક્શન,મોર્ડનાઈઝેશન અને સીસ્ટમ ઓગ્મેન્ટેશનની કામગીરીનું આયોજન છે. |

**જામનગર જિલ્લામાં ચેરનાવૃક્ષોનું વાવેતર**

**15/3/196 : શ્રીદિવ્યેશભાઈઅકબરી (જામનગર દક્ષિણ):માનનીય વન અને પર્યાવરણ મંત્રી શ્રી જણાવવા કૃપા કરશેકેઃ-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| **(૧)** | તા. ૩૧/૦૩/૨૩ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં ચેરના વૃક્ષોનું વાવેતર કરી શકાય તેવો કેટલો વિસ્તાર આવેલો છે, | **(૧)** | ૧,૧૨૫ હેક્ટર વન વિસ્તાર. |
| **(૨)** | ઉક્ત સ્થિતિએ ઉક્ત વિસ્તારમાંથી કેટલા વિસ્તારમાં ચેરના વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે, અને | **(૨)** | ૭૧૦ હેક્ટર વન વિભાગ દ્વારા વાવેતર કરવામાં આવેલ છે. |
| **(૩)** | બાકી રહેતા વિસ્તારમાં વાવેતર કરવા માટે શું આયોજન છે? | **(૩)** | બાકી રહેતા વિસ્તારમાં વાવેતર કરવા માટે રાજ્ય તેમજ કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ ચેર વાવેતર અંગે થનાર જોગવાઇઓ અનુસાર વાવેતર કરવાનું આયોજન છે. |

**કચ્છ જિલ્લામાં ચેકડેમ અને વન તલાવડીઓ**

**૧૫/૩/૨૦૩માન.ધારાસભ્યશ્રીપ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| ૧ | તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં વન વિભાગ દ્વારા કેટલા ચેકડેમ અને વન તલાવડીઓ બનાવવામાં આવી, અને | (૧) |

| વર્ષ | ચેકડેમ (સંખ્યા) | વન તલાવડી (સંખ્યા) |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૮ | ૨૬૯ |
| ૨૦૨૨-૨૩ | ૨ | ૧૫૦ |

૨ આચેકડેમ અને વન તલાવડી બનાવવા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

| વર્ષ | ચેકડેમ (રૂ. લાખમાં) | વન તલાવડી (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૮૪.૮૮ | ૯૧૦.૬૦ |
| ૨૦૨૨-૨૩ | ૮.૫૯ | ૫૯૨.૯૨ |

(૨)

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**કચ્છ જિલ્લામાં ચેરનાવૃક્ષોનું વાવેતર**

**15/3/195:શ્રીત્રિકમ છાંગા (અંજાર):માનનીયવન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| **(૧)** | તા. ૩૧/૦૩/૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ચેરના વૃક્ષોનું વાવેતર કરી શકાય તેવો કેટલો વિસ્તાર આવેલો છે, | **(૧)** | ૫૮,૮૬૭.૭૧ હેક્ટર વન વિસ્તાર. |
| **(૨)** | ઉક્ત સ્થિતિએ ઉક્ત વિસ્તારમાંથી કેટલા વિસ્તારમાં ચેરના વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે, અને | **(૨)** | ૬,૨૮૫ હેક્ટર વિસ્તારમાં વન વિભાગ દ્વારા વાવેતર કરવામાં આવેલ છે. |
| **(૩)** | બાકી રહેતા વિસ્તારમાં વાવેતર કરવા માટે શું આયોજન છે? | **(૩)** | બાકી રહેતા વિસ્તારમાં વાવેતર કરવા માટે રાજ્ય તેમજ કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ ચેર વાવેતર અંગે થનાર જોગવાઈઓ અનુસાર વાવેતર કરવાનું આયોજન છે. |

**રાજ્યમાં સરકારી લો કોલેજોનું મહેકમ**

**15/3/438 : શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-**

**પ્રશ્ન** — **જવાબ**

**(૧)** તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી લો કોલેજ કેટલી છે,

**(૧)**

| **જિલ્લાનું નામ** | **પ્રકાર** | **લો કોલેજોની કુલ સંખ્યા** |
|---|---|---|
| અમદાવાદ | સરકારી | ૦૧ |
| રાજકોટ | સરકારી | ૦૧ |
| કુલ | | ૦૨ |

**(૨)** ઉક્ત સ્થિતિએ ઉક્ત કોલેજોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**(૨)**

| **ક્રમ** | **સંવર્ગ** | **મંજૂર મહેકમ** |
|---|---|---|
| ૧ | આચાર્ય(વર્ગ-૧ ) | ૦૨ |
| ૨ | મદદનીશ પ્રાધ્યાપક (વર્ગ-૨) | ૧૦ |
| ૩ | વહીવટી (વર્ગ-૩) | ૦૮ |
| ૪ | પી.ટી.આઈ. (વર્ગ-૩) | ૦૨ |
| ૫ | ગ્રંથપાલ (વર્ગ-૩) | ૦૨ |

**વિજાપુર તાલુકામાં ભેળસેળયુક્ત મરચા પાઉડર**

**15/3/434શ્રી ગેનીબેન ઠાકોર (વાવ):માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે, -**

**પ્રશ્ન** — **જવાબ**

| | |
|---|---|
| (૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં ફુડએન્ડડ્રગ્સખાતાદ્વારાકેટલીરેડકરીનેકેટલીર કમનોભેળશેળયુક્તમરચાનાપાવડરનોજથ્થો પકડવામાં આવ્યો, અને, | (૧) કુલ-૦૧ રેડ<br>રકમ - રૂ.૩,૦૨,૦૦૦/- |
| (૨) તે અન્વયે ઉક્ત ભેળસેળ કરનાર ઇસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી? | (૨) ઇસમો વિરુધ્ધ ક્રિમિનલ કેસ બનતો હોઇ, નામ.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ વિજાપુર ખાતે કેસ દાખલ કરવાની પ્રક્રિયા ચાલુ છે. |

**જામનગર જિલ્લામાં રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ**

**15/3/8 :શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ): માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS)અમલમાં મુકવામાં આવી છે,તે હકીકત સાચી છે,અને | **(૧)** હા,જી |
| **(૨)** જો હા,તો ઉક્ત યોજના હેઠળ જામનગર જિલ્લામાં કુલ કેટલા કરોડના ખર્ચે ક્યા ક્યા કામો કરવાનું આયોજન છે ? | **(૨)** તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ હેઠળ જામનગર જિલ્લામાં અંદાજે કુલ રૂ.૫૨૩.૧૧ કરોડના ખર્ચે સ્માર્ટ મીટરિંગ તથા ડિસ્ટ્રિબ્યૂશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત કાર્યો જેવા કે, લોસ રીડક્શન, મોર્ડનાઈઝેશન અને સીસ્ટમ ઓગ્મેન્ટેશનની કામગીરીનું આયોજન છે. |

**હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાતયુનિવર્સિટીમાં ગુણસુધારણા બાબતે તપાસ સમિતિનો અહેવાલ**

**15/3/430: શ્રી કિરીટકુમાર પટેલ(પાટણ): માનનીયઉચ્ચ અને તાંત્રીક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા.૩૧-૦૭-૨૦૨૩નીસ્થિતિએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના પ્રથમ વર્ષ MBBSપુન: મૂલ્યાંકન ગુણ સુધારણા પ્રકરણ બાબતે પૂર્વ એ.સી.એસ. ગૃહ વિભાગ, શ્રી પંકજ કુમારની તપાસ સમિતિએ ક્યારે સરકારને અહેવાલ આપ્યો, અને | **(૧)** તા.૧૯/૦૮/૨૦૨૧ |

| | |
|---|---|
| **(૨)** ઉક્ત અહેવાલ અન્વયેયુનિવર્સિટીના કયા જવાબદારો સામે સરકારે શાં પગલાં લીધા? | **(૨)** હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના પ્રથમ વર્ષ M.B.B.S.ની પરીક્ષાના પુન: મૂલ્યાંકનના તત્સમયના કન્વીનરશ્રી વિરુધ્ધ ખાતાકીય તપાસ કરવામાં આવેલ.અને ખાતાકીય તપાસ અહેવાલ અન્વયે કારોબારી સભાના ઠરાવ અનુસંધાને ચાર્જશીટ આપવામાં આવેલ છે.જે સંદર્ભે ગુજરાત રાજ્ય સેવા(શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૭૧ મુજબ કાર્યવાહી હેઠળ છે. |

**પંચમહાલ અને દાહોદ જિલ્લામાં નળ સે જળ યોજનાનાં કામોમાં ભ્રષ્ટાચાર અંગેની ફરિયાદ**

**15/3/456 શ્રી ગુલાબસિંહ ચૌહાણ (લુણાવાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પંચમહાલ અને દાહોદ જિલ્લામાં નલ સે જલ યોજનાના કામોમાં ભ્રષ્ટાચાર અને ગેરરીતિ અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, | (૧) તા.૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાણી પુરવઠા વિભાગને વર્ષવાર પંચમહાલ અને દાહજિલ્લામાં નલ સે જલ યોજનાના કામોમાં ગેરરીતિ અંગેની મળેલ ફરિયાદોની વિગત નીચે મુજબ છે. |

| વર્ષ | મળેલ ફરિયાદો | |
|---|---|---|
| | પંચમહાલ | દાહોદ |
| ૨૦૨૧-૨૨ | ૦૫ | ૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૨૩ | ૦૨ |
| કુલ | ૨૮ | ૦૨ |

| | |
|---|---|
| (૨) મળેલ ફરિયાદો અંગે શી તપાસ અને કાર્યવાહી કરવામાં આવી, | (૨) મળેલ કુલ ૩૦ ફરિયાદો પૈકી તમામ ફરીયાદો અન્વયે તપાસની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. |

(૩) ઉક્ત તપાસમાં ક્યા જિલ્લામાં ક્યા સ્થળે ઉક્ત કામોમાં કેવા પ્રકારની ગેરરીતિ સામે આવી, અને

(૩) મળેલ ફરિયાદો પૈકીની રજુઆતોમાં પાઇપલાઇનની ઓછી ઉંડાઇ, યોજનાકિય કામગીરી બાકી હોવી, સ્ટેન્ડપોસ્ટ તુટી ગયેલ, ગુણવત્તા બાબત, પાણી ન મળવા, પાઇપલાઇનમાં લીકેજ વિગેરે જેવી રજુઆતોનો સમાવેશ થયેલ છે.

મળેલ રજુઆતો અંગે મુલાકાતમાં નીચે મુજબની વિગતો ધ્યાને આવેલ છે.

લાભાર્થિઓ તેઓની સુવિધા અનુસાર નળ કાઢી ફ્લેક્ષીબલ રબ્બરની પાઇપ લગાવી પાણી મેળવે છે.

- સ્ટેન્ડપોસ્ટ થાળા અને થાંભલી સહિત બનાવેલ પરંતુ થાંભલી સાથે ઢોર બાંધવા જેવા કારણોને લીધે તુટફુટ થયેલ હોવાનું
- પાઇપલાઇન નિયત મર્યાદા કરતા ઓછી ઉંડાઇએ નાખવાની બાબત
- ગ્રામ્ય લેવલે હાથ ધરવામાં આવેલ અન્ય કામગીરી જેવી કે, પેવર બ્લોક નાખવા રસ્તા બનાવવા વિગેરેને કારણે સ્ટેન્ડપોસ્ટ પુરાઇ જવા
- પંપીંગ મશીનરીના અપૂરતા હેડના કારણે છેવાડાના વિસ્તારમાં પાણી ન મળવું
- ગામોમાં લાભાર્થિઓ દ્વારા કેટલીક જગ્યાએ CI નળ કાઢી પ્લાસ્ટીકના નળ લગાવેલ હોવાનું જોવા મળેલ.
-

  મમાં/ફળિયામાં આંતરિક વિવાદને કારણે વારંવાર પાઇપ તોડી નાખતા લીકેજ થાય છે તેમજ સ્થાનિક રહીશો દ્વારા ઘરજોડાણમાં સીધી મોટર જોડી પાણી મેળવવા તથા વાલ્વ અનઅધિકૃત રીતે બંધ કરી દેતા છેવાડાના ઘરો સુધી પાણી પહોંચતું નથી.
- ગામમાં પાણી વિતરણ માટે યોગ્ય સંચાલન/ઓપરેટર ન હોવાના અભાવે લાભાર્થીઓને પાણી નિયમિત ન મળતુ હોવાનું જણાઇ આવેલ છે.

અનિયમિત પાવર સપ્લાયના કારણે પાણી પુરવઠો નિયમિત ન મળવો.

(૪)તે અન્વયે ક્યા જવાબદારો સામે ઉક્ત સ્થિતિએ શા પગલાં લીધા?

(૪) ધ્યાને આવેલ બાબતો અન્વયે, ૧ કર્મચારીને ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવેલ છે.

એ સિવાય યોજનાકિય કામગીરીના સુચારૂ અમલીકરણ માટે નીચે મુજબના પગલા લીધેલ છે.

- યોજનાકિય કામગીરીના અસરકારક સંચાલન માટે ઓપરેટરોને તાલીમ આપવામાં આવેલ છે.
- યોજનાકિય સંચાલન માટે વિકાસ કમીશ્નરશ્રી

દ્વારા પંપ ઓપરેટર/પાણી સહાયકની વ્યવસ્થા માટે માનદ વેતનથી ચૂકવણાંની જોગવાઇઓ અંગે સૂચના પરિપત્રિત કરવામાં આવેલ છે.

- પાઇપલાઇન લીકેજ થવાના કિસ્સામાં યોજના સુચારૂરૂપે ચાલુ રહે તે માટે પાઇપલાઇન લીકેજ/રીપેરીંગ જેવી કામગીરી કરી યોજનાકિય ઘટકો મારફત પાણી પુરવઠો ચાલુ કરી યોજના ગ્રામ પંચાયતને સુપ્રત કરવામાં આવે છે.
- પંપીંગ મશીનરીના અપૂરતા હેડ મળવાના કિસ્સામાં નવી મશીનરી સાથે પાણી પુરવઠો ચાલુ કરી યોજના ગ્રામ પંચાયતને સુપ્રત કરવામાં આવે છે.
- ગામને નિયમિત વિજ પુરવઠો મળી રહે તે માટે જ્યોતિગ્રામ અંતર્ગત કનેક્શન મેળવવા તેમજ ઉર્જાવિભાગ સાથે પરામર્શમાં રહીને સમસ્યાનું નિવારણ લાવવા પ્રયત્નો કરેલ છે.
- સોર્સ ફેઇલ થવાના કિસ્સાઓમાં શક્ય એટલા ગામોને જુથ યોજના અંતર્ગત સમાવેશ કરવાની કામગીરી પ્રગતિમાં છે.

ગામોમાં બનાવેલ વ્યક્તિગત સ્ટેન્ડપોસ્ટ યોજનાના લાભાર્થિઓ દ્વારા તોડી પાડવા, નળ કાઢી flexible pipe સાથે જોડાણ કરી ઉપયોગમાં લેવાની બાબત, લાભાર્થીના ઢોર દ્વારા સ્ટેન્ડપોસ્ટને નુકશાન થવાની બાબત, ગામોમાં/ફળીયામાં આંતરિક વિવાદના કારણે યોજના બંધ રહેવી વિગેરે કિસ્સામાં નિવારણ માટે ગામોના પાણીસમિતિ/ગ્રામ પંચાયતને યોગ્ય સમજણ આપવામાં આવે છે.

-------------------

**અમદાવાદ જિલ્લામાં ડેન્ગ્યુના કેસો**

**15/3/533 શ્રી હાર્દિક પટેલ (વિરમગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા.૩૧/૭/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ડેન્ગ્યુના કેટલા કેસો નોંધાયા, | (૧) |

| વર્ષ | કેસ |
|---|---|
| ઓગસ્ટ ૨૦૨૧ થી જુલાઈ ૨૦૨૨ | ૨૪ |
| ઓગસ્ટ ૨૦૨૨ થી જુલાઈ ૨૦૨૩ | ૧૦ |
| કુલ | ૩૪ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૨)** તે પૈકી ડેન્ગ્યુથી કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને | (૨) શૂન્ય |
| **(૩)** ડેન્ગ્યુ અટકાવવા માટે શા પગલા ભરવામાં આવ્યા? | (૩) ડેન્ગ્યુ નિયંત્રણ માટે લીધેલ પગલા - |

- મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ તથા ક્ષેત્રીય કક્ષાએ શંકાસ્પદ તાવના કેસોની શોધખોળ અને લેબોરેટરી પરીક્ષણથી નિદાન થતા કેસોને યોગ્ય સારવારની વ્યવસ્થા.

- મચ્છર ઉત્પત્તિ અટકાયત કામગીરી.
- નિદાન થયેલ કેસોના વિસ્તારમાં ઘરોમાં પોરાનાશક અને ફોગીંગની કામગીરી.
- આરોગ્ય શિક્ષણની કામગીરી.

**મહેસાણા ખાતે જિલ્લા કક્ષાની હોસ્પિટલ**

**15/3/534શ્રી સુખાજી ઠાકોર ( બેચરાજી ):માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા. ૩૧-૭-૨૩ ની સ્થિતિએ મહેસાણા ખાતે જિલ્લા કક્ષાની હોસ્પિટલના બાંધકામનું આયોજન કરવામાં આવ્યું છે,તે હકીકત સાચી છે, | **(૧)** | હા, જી |
| **(૨)** | જો હા,તો તેના માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે,અને | **(૨)** | રૂ.૨૦૪૧૮.૮૧લાખ |
| **(૩)** | ઉકત સ્થિતિએ તે કયા તબકકે છે? | **(૩)** | હાલમાંપાયા(ફાઉન્ડેશન)નીકામગીરીપ્રગતિહેઠળછે. |

...............

**રાજ્યમાં દિપડાની વસ્તી**

**15/3/212 : શ્રીશૈલેષભાઇભાભોર (લીમખેડા) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | રાજ્યમાં દિપડાની વસ્તી ગણતરી કેટલા વર્ષે કરવામાં આવે છે, | **(૧)** | સામાન્ય રીતે દર પાંચ વર્ષે. |
| **(૨)** | રાજ્યમાં દિપડાની છેલ્લી વસ્તી ગણતરી ક્યારે કરવામાં આવેલ છે, અને | **(૨)** | મે-૨૦૨૩ માં. |
| **(૩)** | તા. ૩૧/૦૩/૨૩ની સ્થિતિએ રાજ્યમાં દિપડાની કુલ વસ્તી કેટલી છે? | **(૩)** | ૨૨૭૪ |

**ટુરીસ્ટ ગાઈડોને તાલીમ**

**15/3/270 શ્રી અરવિંદ રાણા (સુરત પૂર્વ): માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | વર્ષ ૨૦૨૨-૨૩ વર્ષમાં પ્રવાસન પ્રભાગ દ્વારા ટુરીસ્ટ ગાઈડ માટે તાલીમનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, | **(૧)** | હા,જી. |
| **(૨)** | જો હા, તો ૩૧/૦૩/૨૩ની સ્થિતિએ કેટલા તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી, | **(૨)** | ૨૦૮ |
| **(૩)** | સદર તાલીમનું આયોજન કયાં કરવામાં આવેલ હતું, અને | **(૩)** | વડનગર અને અમદાવાદ |
| **(૪)** | પ્રવાસન ક્ષેત્રમાં કયા કયા પ્રકારની તાલીમ આપવામાં આવેલ છે ? | **(૪)** | (૧) સ્કિલડેવલપમેન્ટ તાલીમ અંતર્ગત ફૂડ એન્ડ બેવરેજીસ, હાઉસ કિપિંગ, ટ્રાવેલકન્સલ્ટન્ટ, ફ્રન્ટ ઓફિસ, હોમ ડિલીવરીબોય, અંગ્રેજી ભાષાની તાલીમ.<br>(૨) ટુર ગાઈડ તાલીમ<br>(૩) સ્કિલઅપગ્રેડેશન તાલીમ અંતર્ગત સોફ્ટસ્કિલ અને |

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

ક્મ્યુનિકેશનસ્કિલ તાલીમ

**અમદાવાદ જિલ્લામાં રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ**

**15/3/5 :કનુભાઇ પટેલ (સાણંદ):માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશેકે:-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS)અમલમાં મુકવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને | **(૧)** હા, જી |
| **(૨)** જો હા, તો ઉક્ત યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા કરોડના ખર્ચે કયા કયા કામો કરવાનું આયોજન છે? | **(૨)** તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ હેઠળ અમદાવાદ જિલ્લામાં અંદાજે કુલ રૂ.૧૨૬૬.૧૧ કરોડના ખર્ચે સ્માર્ટ મીટરિંગ તથા ડિસ્ટ્રિબ્યૂશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત કાર્યો જેવાકે, લોસ રીડક્શન, મોર્ડનાઈઝેશન અને સીસ્ટમ ઓગમેન્ટેશનની કામગીરીનું આયોજન છે. |

**મહેસાણા જિલ્લામાં રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ**

**15/3/6 :મુકેશકુમાર પટેલ (મહેસાણા):માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS)અમલમાં મુકવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને | **(૧)** હા, જી |
| **(૨)** જો હા, તો ઉક્ત યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં કુલ કેટલા કરોડના ખર્ચે કયા કયા કામો કરવાનું આયોજન છે? | **(૨)** તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ હેઠળ મહેસાણા જિલ્લામાં અંદાજે કુલ રૂ.૭૯૯.૭૨ કરોડના ખર્ચે સ્માર્ટ મીટરિંગ તથા ડિસ્ટ્રિબ્યૂશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત કાર્યો જેવા કે, લોસ રીડક્શન, મોર્ડનાઈઝેશન અને સિસ્ટમ ઓગમેન્ટેશનની કામગીરીનું આયોજન છે. |

**રાજ્યમાં GSTની ચોરી**

15/3/320 : શ્રી ઇમરાન ખેડાવાલા (જમાલપુર): માનનીય નાણામંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા. ૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની SGST કમિશનર કચેરીને GSTની ચોરી સંબંધેની કુલ કેટલી ફરિયાદો મળેલ છે. | **(૧)** ૪૬૬ |

**(૨)** ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે કેટલી સ્થળતપાસ કરવામાં આવી અને કેટલી ફરિયાદોની સ્થળતપાસ કરવામાં આવેલ નથી અને તેના કારણો શા છે.અને

**(૨)**

| સ્થળતપાસ થયેલ ફરિયાદો | સ્થળતપાસ ન થયેલ ફરિયાદો |
|---|---|
| ૨૫ | ૪૪૧ |

સ્થળ તપાસ ન થઇ શકવા અંગેના કારણો:-

મોટાભાગની ફરીયાદો ૧) એક્શનેબલ ઇનપૂટ વિનાની, ૨) ચોક્કસ વિગતો વિનાની/ ટેક્સ ફ્રી માલ અંગેની ૩) કરચોરી માટે જવાબદારના નામ/સરનામા વગરની અસ્પષ્ટ હોવાથી તેમાં કોઇ કાર્યવાહી થઇ શકતી નથી.

**(૩)** SGST કમિશનર કચેરી દ્વારા કરવામાં આવેલ સ્થળતપાસના આધારે કુલ કેટલી રકમની GSTની ચોરી પકડાઇ?

**(૩)** રૂ. ૩૯.૩૭ કરોડ.

**“ અટલ ભૂજલ યોજના હેઠળ મળેલ રકમ “**

**૧૫/૩/૪૪૮સભ્યશ્રી વિમલભાઈ ચુડાસમા (સોમનાથ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

**પ્રશ્ન** **જવાબ**

**(૧)** તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ અટલ ભૂજલ યોજના હેઠળ કેન્દ્ર સરકાર અને વર્લ્ડ બેંકનો ફાળો કેટલો છે,

**(૧)** અટલ ભૂજલ યોજના હેઠળ કેન્દ્ર સરકાર અને વર્લ્ડ બેંકનો ફાળો નીચે મુજબ છે.

| ક્રમ | ફાળાની વિગત | ફાળાની રકમ |
|---|---|---|
| ૧ | કેન્દ્ર સરકાર | રૂ. ૩૮૪.૬૯ કરોડ |
| ૨ | વર્લ્ડ બેન્ક | રૂ. ૩૮૪.૬૯ કરોડ |
| કુલ | | રૂ. ૭૬૯.૩૮ કરોડ |

**(૨)** ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પૈકી કેટલી રકમ મળી, અને

**(૨)** છેલ્લા બે વર્ષમાં ગુજરાત રાજ્ય સરકારને રૂ.૨૬૨.૯૪ કરોડ ની રકમ મળેલ છે.

**(૩)** ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર અને વર્લ્ડ બેંક તરફથી મળેલ રકમ પૈકી કેટલી રકમ વાપરવામાં આવી ?

**(૩)** મળેલ રકમ પૈકી ગુજરાત રાજ્ય સરકાર દ્વારા રૂા. ૧૬૭.૨૬ કરોડ નો ખર્ચ થયેલ છે.

**વલસાડ જિલ્લામાં રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ**

**15/3/3 :શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

**પ્રશ્ન** **જવાબ**

**(૧)** તા.૩૧/૦૭/૨૦૨૩નીસ્થિતિએ રાજ્યમાં રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS) અમલમાં મુકવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને

**(૧)** હા,જી

| | |
|---|---|
| **(૨)** જો હા,તો ઉક્ત યોજના હેઠળ વલસાડ જિલ્લામાં કુલ કેટલા કરોડના ખર્ચે ક્યા ક્યા કામો કરવાનું આયોજન છે? | **(૨)** તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ રિવેમ્પડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ હેઠળ વલસાડ જિલ્લામાં અંદાજે કુલ રૂ.૮૭૧.૩૯ કરોડના ખર્ચે સ્માર્ટ મીટરિંગ તથા ડિસ્ટ્રિબ્યૂશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત કાર્યો જેવા કે,લોસ રીડક્શન,મોર્ડનાઈઝેશન અને સીસ્ટમ ઓગ્મેન્ટેશનની કામગીરીનું આયોજન છે. |

**નડીયાદ તાલુકામાં સામૂહિક વનનિર્માણ યોજના**

**૧૫/૩/૧૮૮શ્રીકલ્પેશભાઇ પરમાર (માતર): માનનીય વનઅને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવાકૃપા કરશે કેઃ-**

**પ્રશ્ન** | **જવાબ**

**(૧)** તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ ખેડા જિલ્લાના નડીયાદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**(૧)**

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૦.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૪૯.૦૦ |

**(૨)** તેની પાછળઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**(૨)**

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૭૪.૦૬ |
| ૨૦૨૨-૨૩ | ૩૩.૬૯ |

**નાણા વિભાગ અને તેના તાબા હેઠળની ગાંધીનગર જિલ્લામાં આવેલ કચેરીમાં વર્ગ-૩ ના કર્મચારીઓનું મહેકમ**

**15/3/418શ્રી કાન્તિભાઇ ખરાડી (દાંતા): માનનીય નાણાં મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩નીસ્થિતિએ નાણાંવિભાગઅને નાણા વિભાગના તાબા હેઠળની ગાંધીનગર જિલ્લામાં આવેલ કચેરીઓમાં વર્ગ-૩ ના કેટલા કર્મચારીઓ કાર્યરતછે,

(૧) ૭૮૧

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કર્મચારીઓ પૈકી કેટલા કાયમી, ફિક્સ પગારના અને કોન્ટ્રાક્ટ આધારીત છે, અને

(૨)

| | |
|---|---|
| કાયમી કર્મચારી | ૫૯૬ |
| ફિક્સ પગારના કર્મચારી | ૧૮૪ |
| કોન્ટ્રાક્ટ આધારિત કર્મચારી | ૦૧ |

(૩) ઉક્ત કાયમી, ફિક્સ પગાર અને કોન્ટ્રાક્ટ આધારીત કર્મચારીઓનું સંવર્ગવાર શરૂઆતનું પગારધોરણ કેટલું છે ?

(૩)સામેલ પત્રક મુજબ

પગાર ધોરણની માહિતી દર્શાવતું પત્રક

| **સંવર્ગનું નામ** | **કાયમી કર્મચારી** | **ફિક્સ પગારના કર્મચારી** | **કોંટ્રાક્ટ આધારિત કર્મચારી** |
|---|---|---|---|
| નાયબસેક્શનઅધિકારી | રૂ.૩૯,૯૦૦/- (૩૯,૯૦૦-૧૨૬,૬૦૦) | રૂ.૩૮૦૯૦/- | - |
| ગુજરાતીસ્ટેનોગ્રાફરગ્રેડ-૨, વર્ગ-૩ | રૂ.૩૯,૯૦૦/- (૩૯,૯૦૦-૧૨૬,૬૦૦) | - | - |
| ગુજરાતીસ્ટેનોગ્રાફરગ્રેડ-૩,વર્ગ-૩ | રૂ.૨૫,૫૦૦/- (૨૫,૫૦૦-૮૧,૧૦૦) | - | - |

| | | | |
|---|---|---|---|
| ઓફિસઆસીસ્ટન્ટ | રૂ.૧૯,૯૦૦/- (૧૯,૯૦૦-૬૩,૨૦૦) | રૂ.૧૯,૯૫૦/- | - |
| કારકુન | રૂ.૧૯,૯૦૦/- (૧૯,૯૦૦-૬૩,૨૦૦) | - | - |
| હિસાબનીશ ગ્રૃપ-૧ | રૂ.૩૯,૯૦૦/- (૩૯,૯૦૦-૧૨૬,૬૦૦) | ૩૮૦૯૦/- | ૨૧૧૪૦/- |
| નાયબ હિસાબનીશ ગ્રૃપ-૨ | રૂ.૩૫૪૦૦/- (૩૫૪૦૦ - ૧૧૨,૪૦૦) | ૩૧૩૪૦/- | - |
| પેટા હિસાબનીશ ગ્રૃપ-૩ | રૂ.૨૫,૫૦૦/- (૨૫,૫૦૦-૮૧,૧૦૦) | ૧૯૯૫૦/- | - |
| જુનિયર કારકુન ગ્રૃપ-૪ | રૂ.૧૯,૯૦૦/- (૧૯,૯૦૦-૬૩,૨૦૦) | ૧૯૯૫૦/- | - |
| અધિક્ષક | રૂ.૩૯,૯૦૦/- (૩૯,૯૦૦-૧૨૬,૬૦૦) | ૩૮૦૯૦/- | - |
| શ્રેયાન તાંત્રીક મદદનીશ | રૂ.૩૯,૯૦૦/- (૩૯,૯૦૦-૧૨૬,૬૦૦) | - | - |
| કન્યાંન તાંત્રીક મદદનીશ | રૂ.૩૫૪૦૦/- (૩૫૪૦૦ - ૧૧૨,૪૦૦) | ૩૧૩૪૦/- | - |
| સીનીયર કારકુન | રૂ.૨૫,૫૦૦/- (૨૫,૫૦૦-૮૧,૧૦૦) | ૧૯૯૫૦/- | - |
| રાજયવેરા નિરીક્ષક | રૂ.૩૯,૯૦૦/- (૩૯,૯૦૦-૧૨૬,૬૦૦) | ૩૮૦૯૦/- | - |
| સિનીયર કારકુન | રૂ.૨૫,૫૦૦/- (૨૫,૫૦૦-૮૧,૧૦૦) | ૧૯૯૫૦/- | - |
| જુનિયર કારકુન | રૂ.૧૯,૯૦૦/- (૧૯,૯૦૦-૬૩,૨૦૦) | ૧૯૯૫૦/- | - |

**" રાજ્યમાં અટલ ભૂજલ યોજના "**

**૧૫/૩/૪૨૭સભ્યશ્રી દિનેશભાઈ ઠાકોર (ચાણસ્મા): માનનીય જળસંપતિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે** કે: -

| **પ્રશ્ન** | | **જવાબ** | |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અટલ ભૂજલ યોજનાનું ટેન્ડર ક્યારે બહાર પાડવામાં આવ્યું, | **(૧)** | તા.૧૬/૦૩/૨૦૨૩ના રોજ જાહેર નિવીદા બહાર પાડેલ પરંતુ ત્યારબાદ રદ્દ કરવામાં આવેલ હતું. |
| **(૨)** | ઉક્ત કામગીરી કઇ એજન્સીને સોંપવામાં આવેલ , અને | **(૨)** | ઉક્ત કામગીરી જળ સંપતિ વિભાગ હસ્તકની વાલ્મી, આણંદ સંસ્થાને સોંપવામાં આવેલ છે. |
| **(૩)** | ઉક્ત સ્થિતિએ તે અંતર્ગત કેટલી ગ્રામ પંચાયોતોને તાલીમ અપાઇ? | **(૩)** | ઉપરોક્ત કામગીરી અંતર્ગત ૧૧૧ ગ્રામ પંચાયતોને તાલીમ અપાઇ. |

**નર્મદા જિલામાં વાંસ સુધારણા કામગીરી**

**૧૫/૩/૨૦૫ડૉ. દર્શનાદેશમુખ (નાંદોદ): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

**પ્રશ્ન** **જવાબ**

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં વાંસ સુધારણા કામગીરી હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા હેક્ટરમાં વાંસ સુધારણાની કામગીરી કરવામાં આવેલ છે,

(૧)

| વર્ષ | વાંસ સુધારણા કામગીરી હેઠળ વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૬૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૨૧૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તેનાથી કેટલા વાંસનું વિતરણ કરવામાં આવેલ છે, અને

(૨)

| વર્ષ | વિતરણ કરવામાં આવેલ વાંસની સંખ્યા (લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨.૭૪ |
| ૨૦૨૨-૨૩ | ૪.૦૫ |

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૩)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૮.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૧૬૮.૦૦ |

**મહેસાણા જિલ્લામાં નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો**

**15/3/535શ્રી કરશનભાઇ સોલંકી (કડી): માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કેટલા નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામનું આયોજન કરવામાં આવ્યું છે, | (૧) | તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લામહેસાણા જિલ્લામાં ૦૧(એક) નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રના બાંધકામનું આયોજન કરવામાં આવ્યુ છે. |
| (૨) તે માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, | (૨) | ૦૧(એક) નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાટે કુલ રકમ રૂ. ૫૬૯.૩૨ લાખ મંજૂર કરવામાં આવેલ છે. |
| (3) ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે? | (3) | ઉક્ત સ્થિતિએ તે ટેન્ડર લેવલે છે. |

**રાજ્યમાં ડોલ્ફીનના સંરક્ષણ માટે ઓથોરીટી**

**15/3/210 : શ્રીવિરેન્દ્રસિંહ જાડેજા (રાપર): માનનીયવન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ રાજ્યમાં ડોલ્ફીનના સંરક્ષણ માટે કોઈ ઓથોરીટી છે, અને | (૧) | ના, જી. |

| | | | |
|---|---|---|---|
| **(૨)** | જો હા, તો તેનું કાર્યક્ષેત્ર શું છે? | **(૨)** | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ભરૂચજિલ્લામાં ચેરનાવૃક્ષોનું વાવેતર**

**15/3/198 : શ્રીરીતેશકુમારવસાવા (ઝઘડીયા): માનનીયવન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા. ૩૧/૦૩/૨૩ ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં ચેરના વૃક્ષોનું વાવેતર કરી શકાય તેવો કેટલો વિસ્તાર આવેલો છે, | **(૧)** | ૧૮,૮૪૦ હેક્ટર વન વિસ્તાર. |
| **(૨)** | ઉક્ત સ્થિતિએ ઉક્ત વિસ્તારમાંથી કેટલા વિસ્તારમાં ચેરના વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે, અને | **(૨)** | ૧,૮૪૧ હેક્ટર વિસ્તારમાં વન વિભાગ દ્વારા વાવેતર કરવામાં આવેલ છે. |
| **(૩)** | બાકી રહેતા વિસ્તારમાં વાવેતર કરવા માટે શું આયોજન છે? | **(૩)** | બાકી રહેતા વિસ્તારમાં વાવેતર કરવા માટે રાજ્ય તેમજ કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ ચેર વાવેતર અંગે થનાર જોગવાઈઓ અનુસાર વાવેતર કરવાનું આયોજન છે. |

**ઉના ખાતે હોસ્પિટલ**

**15/૩/519શ્રી કાળુભાઈ રાઠોડ (ઉના): માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ ઉના, જિ.ગીર સોમનાથ ખાતે ૧૦૦ પથારીની હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે, | **(૧)** | હા,જી. |
| **(૨)** | જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે,અને | **(૨)** | કુલ રૂ.૧૨.૦૦ કરોડ |
| **(૩)** | ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે? | **(૩)** | સદર કામ માટે જમીન સંપાદન કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે. |

**રાજ્યમાં રીંછની વસ્તી**

**15/3/213 : શ્રીમહેન્દ્રભાઈભાભોર (ગરબાડા):માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | રાજ્યમાં રીંછની વસ્તી ગણતરી કેટલા વર્ષે કરવામાં આવે છે, | **(૧)** | સામાન્ય રીતે દર પાંચ વર્ષે. |
| **(૨)** | રાજ્યમાં રીંછની છેલ્લી વસ્તી ગણતરી ક્યારે કરવામાં આવેલ છે, અને | **(૨)** | જૂન-૨૦૨૨ માં. |
| **(૩)** | તા. ૩૧/૦૩/૨૩ની સ્થિતિએ રાજ્યમાં રીંછની કુલ વસ્તી કેટલી છે? | **(૩)** | ૩૫૮ |

**ખાનગી યુનિવર્સિટીઓમાં વાઇસ ચાન્સેલરની નિમણૂકો**

**15/૩/453: શ્રી અમીતભાઇ ચાવડા (આંકલાવ): માનનીય શિક્ષણ ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ જણાવવા કૃપા કરશે કેઃ-**

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | પ્રશ્ન | ક્રમ | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ખાનગી યુનિવર્સિટીઓમાં યુજીસીના નિયમો વિરુધ્ધ વાઇસ ચાન્સેલરની નિમણૂંકો થતી હોવાની હકીકત સાચી છે, | **(૧)** | ના, જી. ગુજરાત ખાનગી યુનિવર્સિટીઓ અધિનિયમ-૨૦૦૯ની કલમ-૧૫(૧)ની જોગવાઇ મુજબ ખાનગી યુનિવર્સિટીઓમાં પ્રોવોસ્ટની નિમણૂક કરવામાં છે. |
| **(૨)** | જો હા, તો ઉક્ત સ્થિતિએ રાજ્યની કેટલી યુનિવર્સિટીઓમાં ઉક્ત નિયમો વિરુધ્ધ અને લાયકાત વિનાના વાઇસ ચાન્સેલરો કાર્યરત છે, અને | **(૨)** | ગુજરાત ખાનગી યુનિવર્સિટીઓ અધિનિયમ-૨૦૦૯ની કલમ-૧૫(૧)ની જોગવાઇ મુજબ ખાનગી યુનિવર્સિટીઓમાં પ્રોવોસ્ટની નિમણૂક કરવામા આવતી હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| **(૩)** | ખાનગી યુનિવર્સિટીઓમાં યુજીસીના નિયમોનું પાલન થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા? | **(૩)** | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**નેશનલ મેડિકલ કાઉન્સિલના તા.૦૩-૦૨-૨૦૨૨ના ઓફિ સમેમોરેન્ડમના અમલ બાબત**

**15/3/441શ્રી અર્જુનભાઇમોઢવાડિયા (પોરબંદર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧-૦૭-૨૩ની સ્થિતિએ સેલ્ફ ફાયનાન્સ મેડિકલ કોલેજો/ડીમ્ડ યુનિવર્સિટીઓમાં અંડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટની ૫૦% સીટો ગવર્મેન્ટ મેડિકલ કોલેજમાં જે ફીનું ધોરણ છે તે ફીથી ભરવા સંબંધમાં નેશનલ મેડિકલ કાઉન્સિલનો તા.૦૩-૦૨-૨૦૨૨ના ઓફિસ મેમોરેન્ડમ રાજ્ય સરકારને મળેલ છે કે કેમ? | **(૧)** | હા, મળેલ છે. |
| **(૨)** | જો હા,તો ઉક્ત સ્થિતિએ ઉક્ત ઓફિસ મેમોરેન્ડમના ૨૦૨૩-૨૪ના શૈક્ષણિક વર્ષથી અમલ માટે શી કાર્યવાહી કરવામાં આવી? | **(૨)** | કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. |

**આણંદ જિલ્લામાં ફોરેસ્ટ કવર**

**૧૫/૩/૪૫૧ચિરાગકુમાર પટેલ (ખંભાત): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએઆણંદ જિલ્લામાં ફોરેસ્ટ કવર કેટલા વિસ્તારમાં છે, | **(૧)** | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયાનાઈન્ડિયાસ્ટેટ ઓફ ફોરેસ્ટ રીપોર્ટ-૨૦૨૧ અનુસાર આણંદ જિલ્લામાં ૩૩.૯૮ ચો.કિ.મી વિસ્તારમાં ફોરેસ્ટ કવર આવેલ છે. |
| **(૨)** | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કવરમાં કેટલો વધારો-ઘટાડો થયો,અને | **(૨)** | ઉક્ત સ્થિતિએ વર્ષ-૨૦૧૯ અને વર્ષ-૨૦૨૧ની ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયાના રિપોર્ટ પ્રમાણે બે વર્ષમાં ઉક્ત કવરમાં ૧૬.૫૦ ચો.કિ.મી.નો ઘટાડો નોંધાયેલ છે. |

| | | | |
|---|---|---|---|
| **(૩)** | ફોરેસ્ટકવરનો ઘટાડો અટકાવવા સરકારે શાંપગલા લીધા? | **(૩)** | આણંદ જિલ્લામાં સામાજિક વનીકરણની યોજનાઓ હેઠળ છેલ્લા બે વર્ષમાં ૧૩૭૫ હેકટર વિસ્તારમાં વૃક્ષારોપણ તેમજ ૩૨.૭૫ લાખ રોપાઓનું વિતરણ કરી ફોરેસ્ટ કવરમાં ઘટાડો અટકાવવા કામગીરી કરવામાં આવેલ છે. |

**ખેડા જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો**

**15 / 3 / 541શ્રી યોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલા નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામનું આયોજન કરવામાં આવ્યું છે, | **(૧)** | તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાખેડા જિલ્લામાં ૦૪(ચાર) નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામોનું આયોજન કરવામાં આવ્યુ છે. |
| **(૨)** | તે માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, | **(૨)** | ૦૪(ચાર) નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાટે કુલ રકમ રૂ. ૨૦.૬૫ કરોડ મંજૂર કરવામાં આવેલ છે. |
| **(3)** | ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે? | **(3)** | ઉક્ત સ્થિતિએ ૦૧(એક) સામૂહિક આરોગ્ય કેન્દ્રનું કામ પૂર્ણ થયેલ છે અને ૦૩(ત્રણ) સામૂહિક આરોગ્ય કેન્દ્રનું કામ પ્રગતિ હેઠળ છે. |

**ખેડા જિલ્લામાં નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો**

**15 / 3 / 540શ્રીરાજેશકુમાર ઝાલા (કપડવંજ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલા નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામનું આયોજન કરવામાં આવ્યું છે, | **(૧)** | તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાખેડા જિલ્લામાં ૦૪(ચાર) નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામોનું આયોજન કરવામાં આવ્યુ છે. |
| **(૨)** | તે માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, | **(૨)** | ૦૪(ચાર) નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાટે કુલ રકમ રૂ. ૨૦.૬૫ કરોડ મંજૂર કરવામાં આવેલ છે. |
| **(3)** | ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે? | **(3)** | ઉક્ત સ્થિતિએ ૦૧(એક) સામૂહિક આરોગ્ય કેન્દ્રનું કામ પૂર્ણ થયેલ છે અને ૦૩(ત્રણ) સામૂહિક આરોગ્ય કેન્દ્રનું કામ પ્રગતિ હેઠળ છે. |

**ભિલોડા ખાતે હોસ્પિટલ**

**15 / ૩ / 537શ્રી અલ્પેશ ઠાકોર (ગાંધીનગર દક્ષિણ):માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ ભિલોડા, જિ.અરવલ્લી ખાતે ૧૨૫ પથારીની હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે, | **(૧)** | હા,જી. |
| **(૨)** | જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે,અને | **(૨)** | કુલ રૂ.૩૩.૪૬ કરોડ |

**(૩)** ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે? **(૩)** હાલ કામગીરી પ્રગતિ હેઠળ છે.

................

**બિપરજોય વાવાઝોડા સમયે ઘોરાડપક્ષીઓની સુરક્ષા**

**15/3/425 : શ્રીઅમૃતજી ઠાકોર (કાંકરેજ):માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

**પ્રશ્ન** / **જવાબ**

**(૧)** જૂન-૨૦૨૩માં કચ્છમાં આવેલ બિપરજોય વાવાઝોડાથી ઈન્ડિયન બસ્ટાર્ડ (ઘોરાડ) પક્ષીઓને સુરક્ષિત રાખવા શા પગલાં લેવામાં આવેલ હતા,

**(૧)** બિપરજોય વાવાઝોડા સામે અગમચેતીનાં ભાગરૂપે ગ્રેટ ઇન્ડીયન બસ્ટાર્ડ (ઘોરાડ) ને સુરક્ષિત રાખવા માટે વન વિભાગના કર્મચારીઓની ટીમ બનાવેલ, તેમજગ્રેટ ઇન્ડીયન બસ્ટાર્ડ (ઘોરાડ) પક્ષી વ્યથિત અવસ્થામાં જણાય તો તેની જાણ વન વિભાગને કરે તેવી સુચના સ્થાનિક ગામ લોકોને આપવામાં આવેલ. વાવાઝોડા પછી ઉક્ત ટીમ દ્વારા ગ્રેટ ઇન્ડીયન બસ્ટાર્ડ (ઘોરાડ) ના હલનચલન વિસ્તારને યોગ્ય રીતે સ્કેન કરવામાં આવેલ હતો.

**(૨)** તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ જિલ્લામાં ઘોરાડ પક્ષીની સંખ્યા કેટલી છે, અને

**(૨)**

| વર્ષ | સંખ્યા |
|---|---|
| તા.૦૧/૦૮/૨૦૨૧ થી તા.૩૧/૦૭/૨૦૨૨ | ૪ |
| તા.૦૧/૦૮/૨૦૨૨ થી તા.૩૧/૦૭/૨૦૨૩ | ૪ |

**(૩)** ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પક્ષીઓની સંખ્યામાં વધારો થાય તે માટે શા પગલાં લીધાં?

**(૩)** ઘોરાડ પક્ષીના સંરક્ષણ માટે સને ૨૦૨૧ થી મેનેજમેન્ટ પ્લાન અમલમાં મુકવામાં આવેલ છે.

૧. જે અંતર્ગત સંબંધિત વિસ્તારમાં નડતરરૂપ ઝાડી ઝાંખરા (ગાંડો બાવળ) દૂર કરી, ચેઇનલીંક ફેન્સીંગથી સુરક્ષિત કરવામાં આવેલ છે.

૨.આર્ટીફીશીયલ પાણીના કુલ-૬ વોટર શોસર પોઇન્ટ બનાવવામાં આવેલ છે.

૩. અભયારણ્ય વિસ્તારની આજુબાજુનાં વિસ્તારમાં કુતરાઓના ખસીકરણની કામગીરી કરવામાં આવેલ છે.

૪. સ્થાનિક ગામ લોકોને ઘોરાડ વિશે સમજ આપવા કુલ-૩૬ જનજાગૃતિના કાર્યક્રમો તેમજ ખેડુત શિબિરો કરવામાં આવેલ છે.

૫.સ્ટાફ દ્વારા દિવસ તેમજ રાત્રી દરમ્યાન સઘન ફેરણું કરવામાં આવે છે.

**જામનગર અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં એન્વાયરમેન્ટક્લીયરન્સ મેળવવા મળેલ અરજીઓ**

**૧૫/૩/૫૧૪ હેમંતભાઈ આહિર (જામ જોધપુર) માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જવાબ આપવા કૃપા કરશો :**

**ક્રમ** **પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

| | | | |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાંજામનગર અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં ઈ.સી (એન્વાયરમેન્ટક્લીયરન્સ)મેળવવાની કેટલી અરજીઓ મળેલ, | **(૧)** | પર્યાવરણ સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ અંતર્ગતનાએન્વાયરોન્મેન્ટઈમ્પેક્ટએસેસમેન્ટ નોટીફીકેશન ૨૦૦૬ ની જોગવાઈ મુજબ રચના થયેલ સ્ટેટ લેવલ એન્વાયરોન્મેન્ટઈમ્પેક્ટએસેસમેન્ટ ઓથોરીટી, દ્વારા તા. ૩૧.૦૭.૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં અને દેવભુમી દ્વારકા જિલ્લામાં ઈ.સી (એન્વાયરોન્મેન્ટક્લીયરન્સ) મેળવવા માટે મળેલ અરજીઓનું પત્રક બિડાણ - ૦૧ મુજબ છે. |
| **(૨)** | ઉક્ત અરજીઓ પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર થયેલ અને કેટલી ના મંજૂર થયેલ છે, અને | **(૨)** | જામનગરજિલ્લામાં અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં વર્ષ ૨૦૨૧, ૨૦૨૨ અને જુલાઈ ૨૦૨૩ સુધીમાં (એન્વાયરોન્મેન્ટક્લીયરન્સ) વર્ષવાર મંજૂર થયેલ અને ના મંજૂરની વિગતો દર્શાવતુ પત્રક બિડાણ - ૦૨ મુજબ છે. |
| **(૩)** | ઉક્ત અરજીઓનામંજૂર થવાના કારણો શા છે ? | **(૩)** | નામદાર નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલમાં તા. ૩૦.૦૯.૨૦૨૦ના હુકમમાં દર્શાવેલ અંતરનું પાલન થતુ ન હોય તેને ના મંજૂર કરવામાં આવેલ છે. |

**આણંદ ખાતે જિલ્લા કક્ષાની હોસ્પિટલ**

**15/3/546 શ્રી યોગેશ પટેલ ( આણંદ ):માનનીય આરોગ્ય મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે.-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા. ૩૧-૭-૨૩ ની સ્થિતિએ આણંદ ખાતે જિલ્લા કક્ષાની હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે,તે હકીકત સાચી છે, | **(૧)** | હા, જી |
| **(૨)** | જો હા,તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે,અને | **(૨)** | રૂ.૧૬૦.૫૮ કરોડ. |
| **(૩)** | ઉકત સ્થિતિએ તે કયા તબકકે છે? | **(૩)** | જિલ્લા કક્ષાની હોસ્પિટલના બાંધકામ માટે ટેન્ડર મંગાવવામાં આવેલ છે. |

**સોલા ખાતે સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ**

**15/3/545 શ્રી અમીત ઠાકર (વેજલપુર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે, -**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ સોલા ખાતે સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે? | **(૧)** | હા, જી. |
| **(૨)** | જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | **(૨)** | કુલ રૂ. ૩૫૬.૭૭ કરોડની રકમ મંજુર કરવામાં આવેલ છે. |
| **(૩)** | ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે? | **(૩)** | ફાઉન્ડેશન લેવલે કામગીરી પ્રગતિમાં છે. |

**ભાવનગર જિલ્લામાં નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો**

**15/3/524 શ્રી ગૌતમભાઇ ચૌહાણ (તળાજા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવેલ છે, | (૧) | તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ૦૨(બે) નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવેલ છે |
| (૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ મકાનોનું બાંધકામ કયા તબકકે છે, અને | (૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ મકાનોનું બાંધકામ ડી.ટી.પી અને ટેન્ડર લેવલે છે. |
| (૩) | તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૩) | કોઇ ખર્ચ થયેલ નથી. |

**પ્રધાનમંત્રી વન ધન યોજના હેઠળ લાભાર્થીઓને લાભ**

**૧૫/૩/૨૧૭શ્રીમતી માલતીમહેશ્વરી (ગાંધીધામ): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૩/૨૩ની સ્થિતિએ પ્રધાનમંત્રી વન ધન યોજના રાજ્યના કયા જિલ્લામાં અમલમાં છે, અને | (૧) | બનાસકાંઠા, છોટાઉદેપુર, પંચમહાલ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ. |
| (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને આ યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો? | (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૫૨૦ લાભાર્થીઓનેતબક્કાવાર તાલીમ આપવામાં આવેલ છે. |

**નવી ગર્લ્સ હોસ્ટેલનું બાંધકામ**

**15/3/542શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર):માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૩નીસ્થિતિએરાજ્યમાં મેડીકલ કોલેજો માટે નવી ગર્લ્સ હોસ્ટેલના બાંધકામનું આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે, | (૧) | હા જી. |
| (૨) | જો હા, તોકેટલી હોસ્ટેલ અને તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) | રાજ્યમાંભાવનગર,અમદાવાદ,જામનગર,વડોદરા અને સુરત ખાતે મળી કુલ પાંચ (૫) નવી ગર્લ્સ હોસ્ટેલોના બાંધકામનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે કુલ રૂ.૨૭૬.૫૮/-કરોડની રકમ મંજૂર કરવામાં આવેલ છે. |
| (3) | ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે? | (3) | જે પૈકી ભાવનગર ખાતેની ગર્લ્સ હોસ્ટેલના બાંધકામ સબબ ટેન્ડર મંજૂરી લેવલે છે,જ્યારે અમદાવાદ,જામનગર,વડોદરા અને સુરત ખાતેની ગર્લ્સ હોસ્ટેલોનું બાંધકામ પ્રગતિમાં છે. |

**માણાવદરનાં રાજીવ ગાંધી માર્કેટીંગ યાર્ડમાં મળેલ ભ્રષ્ટાચારની ફરિયાદો**

**15/3/445: શ્રી અરવિંદભાઇ લાડાણી (માણાવદર) : માનનીય સહકાર મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-**

પ્રશ્ન જવાબ

અતારાંકિત પ્રશ્નો

| | | | |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિ એ છેલ્લા એક વર્ષમાં રાજીવ ગાંધી માર્કેટીંગ યાર્ડ, માણાવદરમાં ભ્રષ્ટાચારની તપાસ કરવા અને વહીવટદાર મુકવા અંગેની કેટલી ફરિયાદો મળી, | **(૧)** | એક ફરિયાદ મળેલ છે |
| **(૨)** | મળેલ ફરિયાદો અન્વયે ક્યારે કઇ કક્ષાએથી તપાસ કરવામાં આવી, | **(૨)** | સદરતા.૨૧/૦૭/૨૦૨૩ની ફરિયાદ અન્વયે નિયામક, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગાંધીનગરના તા.૦૩/૦૮/૨૦૨૩ નાપત્ર થી નાયબ નિયામક-ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર અને જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જૂનાગઢ ને તપાસ સોંપેલ છે. જે હાલ કાર્યવાહી હેઠળ છે. |
| **(૩)** | ઉક્ત તપાસ દરમિયાન કેવા પ્રકારની ગેરરીતિઓ સામે આવી, અને | **(૩)** | તપાસ ચાલુ હોઇ, પ્રશ્નઉપસ્થિત થતો નથી. |
| **(૪)** | તે અન્વયે ક્યા જવાબદારો સામે શાં પગલાં લીધા? | **(૪)** | તપાસ અહેવાલ રજૂ થયેથી નિયમોનુસારની કાર્યવાહી કરવાની થાય. |

**તાપી જિલ્લાના ઉચ્છલ ખાતે હોસ્પિટલ**

**15/3/522 શ્રી મોહનભાઇઢોડિયા (મહુવા):માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા. ૩૧-૭-૨૩ ની સ્થિતિએ ઉચ્છલ,જિ.-તાપી ખાતે ૧૦૦ પથારીની હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે,તે હકીકત સાચી છે, | **(૧)** | હા,જી |
| **(૨)** | જો હા,તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે,અને | **(૨)** | રૂ.૧૨.૦૦ કરોડ. |
| **(૩)** | ઉકત સ્થિતિએ તે કયા તબકકે છે? | **(૩)** | સદર કામગીરી વર્કઓર્ડર તબક્કે છે. |

**દાહોદ જિલ્લામાં મેલેરિયાના કેસો**

**15/3/532 શ્રી રમેશભાઇ કટારા (ફતેપુરા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| ક્રમ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં મેલેરિયાના કેટલા કેસો નોંધાયા. | (૧) |

| વર્ષ | કેસ |
|---|---|
| ઓગસ્ટ ૨૦૨૧ થી જુલાઈ ૨૦૨૨ | ૨૫ |
| ઓગસ્ટ ૨૦૨૨ થી જુલાઈ ૨૦૨૩ | ૨૫ |
| કુલ | ૫૦ |

| | | |
|---|---|---|
| **(૨)** | તે પૈકી મેલેરિયાથી કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને | (૨) શૂન્ય |

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| **(૩)** મેલેરિયા અટકાવવા માટે શા પગલાં ભરવામાં આવ્યા? | (૩) મેલેરિયા નિયંત્રણ માટે લીધેલા પગલા. – જિલ્લામાં ઉક્ત રોગોને કાબુમાં રાખવા ઘનિષ્ઠ ફીવર સર્વેલન્સ, પોરાનાશક કામગીરી, પોરાભક્ષક માછલી વિતરણ કામગીરી, ફોગીંગ કામગીરી, પુરતા પ્રમાણમાં દવા, સાધનસામગ્રી અને આરોગ્ય શિક્ષણ પ્રવૃતિ જેવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવે છે. |

**શ્રી એચ. કે. રાઠોડની અધ્યક્ષતામાં રચાયેલ સમિતિનો અહેવાલ બાબત**

**15 / ૩ / 461: શ્રી અનંતકુમાર પટેલ (વાસંદા): માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | યુ.જી.સી.એ આપેલ આદેશ મુજબ રાજ્યમાં આવેલ યુનિવર્સિટીઓના સત્તામંડળો (સેનેટ, સિન્ડીકેટ અને એકેડેમિક કાઉન્સીલ વગેરે)માં એસસી / એસટી માટે અનામત પ્રથા લાગુ કરવા માટે નિવૃત્ત જજ શ્રી એચ. કે. રાઠોડની અધ્યક્ષતામાં ઉચ્ચ કક્ષાની સમિતિની તા.૨૯ / ૦૧ / ૨૦૧૯ના રોજ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | **(૧)** | હા, જી. |
| **(૨)** | જો હા, તો ઉક્ત સમિતિનો અહેવાલ સરકારને તા.૩૧ / ૦૭ / ૨૦૨૩ની સ્થિતિએ ક્યારે મળેલ છે, અને | **(૨)** | મળેલ નથી. |
| **(૩)** | મળેલ અહેવાલ અન્વયે ક્યારે અને શા પગલાં લીધાં? | **(૩)** | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**બોટાદ અને અમદાવાદ જિલ્લામાં પાણી પુરવઠા પ્રભાગ દ્વારા એલ. એન્ડ ટી. (L&T)ને આપવામાં આવેલ ટેન્ડર બાબત**

**15 / 3 / 220: શ્રી ઉમેશભાઈ મકવાણા (બોટાદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૦ / ૦૭ / ૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ અને અમદાવાદ જિલ્લામાં પાણી પુરવઠા પ્રભાગ દ્વારા એલ. એન્ડ ટી. (L&T) કંપનીને કેટલા કામો માટે કેટલી રકમના ટેન્ડર આપવામાં આવ્યા, | (૧) | GWIL ના કાર્યક્ષેત્ર હેઠળ તા.૩૦ / ૦૭ / ૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ અને અમદાવાદ જિલ્લામાં એજન્સી મે. લાર્સન એન્ડ ટુબ્રો લિમિટેડ, ચેન્નાઈને ટોકરાળાથી નાવડા સુધીની બલ્ક પાઈપલાઈનની કામગીરી માટે રૂ.૪૮૫.૫૬ કરોડની રકમની ટેન્ડરની કામગીરી સોંપવામાં આવેલ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા કામો પુરા કરવામાં આવેલ છે, અને | (૨) | ઉક્ત સ્થિતિએ કામગીરી પ્રગતિમાં છે. |
| (૩) | ઉક્ત કામોની ગુણવત્તાની તપાસ કઈ એજન્સી દ્વારા કરવામાં આવી છે ? | (૩) | ઉક્ત કામગીરીની પ્રોજેક્ટ મોનીટરીંગ (ગુણવત્તા ચકાસણી સહિત)ની કામગીરી મે. વાપ્કોસ લિમિટેડ, ગાંધીનગરને સોંપવામાં આવેલ છે. |

**રાજકોટ જિલ્લાની જેતપુર ગૃપ સુધારણા પાણી પુરવઠા યોજના બાબત**

**15 / 3 / 303: શ્રીમતી ગીતાબા જાડેજા (ગોંડલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

**પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

| | | | |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લાની જેતપુર ગૃપ સુધારણા પાણી પુરવઠા યોજનામાં કેટલા ગામોનો સમાવેશ કરેલ છે, | **(૧)** | રાજકોટ જિલ્લાની જેતપુર ગૃપ સુધારણા પાણી પુરવઠા યોજનામાં કુલ-૪૯ ગામોનો સમાવેશ કરેલ છે. |
| **(૨)** | આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪માં કેટલી નાણાંકીય જોગવાઈ કરવામાં આવી છે, | **(૨)** | વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૧૯.૦૦ કરોડની નાણાંકીય જોગવાઈ કરવામાં આવેલ છે. |
| **(૩)** | ઉક્ત સ્થિતિએ યોજનાની કામગીરી કયાં તબક્કે છે, અને | **(૩)** | ઉક્ત યોજનાના કામો હાલ પ્રગતિના તબક્કામાં છે. |
| (૪) | તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૪) | માહે માર્ચ-૨૦૨૫ અંતિત પૂર્ણ કરવાનું આયોજન છે. |

## ગુજરાત યુનિવર્સિટી અમદાવાદની બિલ્ડિંગ ભાડે આપવા બાબત

**15/3/439 : શ્રી શૈલેષભાઇ પરમાર (દાણીલીમડા): માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧-૦૭-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે આવેલ મકાનો/ બિલ્ડિંગ કે તેમનો અમુક ભાગ/માળ/મજલો ખાનગી એજન્સી/કંપનીને ભાડેથી કે ભાડા બગર કબ્જો આપવામાં આવેલ છે તે ફરીયાદથી સરકાર તે હકીકત સાચી છે, | **(૧)** | હા જી**,** |
| **(૨)** | જો હા**,** તો ઉક્ત સ્થિતિએ ક્યા બિલ્ડિંગ કે તેમનો અમુક ભાગ/માળ/મજલો ક્યારથી કોને કબ્જો આપવામાં આવેલ છે**,** | **(૨)** | ગુજરાત યુનિવર્સિટી**,** Convention & Exhibition સેન્ટર લીઝ ઉપર વર્ષ-૨૦૧૨થી ભાડે આપવામાં આવેલ. જે વર્ષ-૨૦૧૭માં લીઝ ડીડની મુદત પૂર્ણ થતાં વર્તમાન પત્રોમાં જાહેરાત આપી (n)Procure પર ઇ-ટેન્ડર બહાર પાડવામાં આવેલ. જેમાં કવૉલીફાઇડ થયેલ H1 ઇજારદારશ્રી Lallooji & Sons તા.૦૧/૦૫/૨૦૧૮થી લીઝ ડીડ મુજબ ભાડે આપવામાં આવેલ. |
| **(3)** | ઉક્ત કબ્જો આપવાના કારણો શા છે**,** અને | **(3)** | ગુજરાત યુનિવર્સિટીની અત્યાધુનિક સુવિધા ધરાવતું Convention & Exhibition સેન્ટરના સાર-સંભાળ**,** સંચાલન અને મિલકતની જાળવણી રહે તે હેતુસર (n)Procure પર ઇ-ટેન્ડરની પ્રક્રિયા દ્વારા**,** યુનિવર્સિટીના સત્તા મંડળોની મંજૂરીથી લીઝ ડીડ મુજબ વર્ષ-૨૦૧૨થી ભાડે આપવામાં આવેલ છે. તેમજ ઉક્ત મિલકત ભાડે આપવાથી યુનિવર્સિટીની રેવેન્યુ જનરેટ કરવાના પ્રયાસના ભાગરૂપે આપવામાં આવેલ છે. |
| **(૪)** | તે અન્વયે સરકારે ઉક્ત સ્થિતિએ સરકારે શાં પગલા લીધા**?** | **(૪)** | લાગુ પડતુ નથી. |

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**GEMERS હોસ્પિટલોમાં ડાયાલિસિસ**

**15/3/416 શ્રી ગેનીબેન ઠાકોર (વાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશો કે.-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૩ ની સ્થિતિએ રાજ્યમાં ઇ-વન ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ(GDP)અંતર્ગત રાજ્યમાં કુલ કેટલા ડાયાલિસિસ મશીન અને કેટલા સેન્ટર આવેલા છે, | (૧) | ૧૨૫૭ ડાયાલિસિસ મશીન અને ૨૭૧ સેન્ટર |
| (૨) | ઉક્ત સેન્ટરોમાં ડાયાલિસિસ માટે નેફ્રોલોજિસ્ટ તબીબ હોવા ફરજિયાત છે કે કેમ,અને | (૨) | ડાયાલિસિસ માટે નેફ્રોલોજીસ્ટ તબીબ હોવા ફરજિયાત નથી. |
| (૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવારઆયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ ખાનગી,સરકારી અને GEMERSહોસ્પિટલોમાં કેટલા ડાયાલિસિસ થયા? | (૩) | |

| છેલ્લા બે વર્ષની સ્થિતિએ | ખાનગી હોસિટલો | સરકારી હોસ્પિટલો | GEMERS | કૂલ |
|---|---|---|---|---|
| ૦૧/૦૮/૨૦૨૧થી ૩૧/૦૭/૨૦૨૨ | ૮૮૧૬૫ | ૨૦૬૫૯ | ૧૨૭૮ | ૧૧૦૧૦૨ |
| ૦૧/૦૮/૨૦૨૨ થી ૩૧/૦૭/૨૦૨૩ | ૧૧૧૯૪૨ | ૨૯૭૩૪ | ૧૫૧૪ | ૧૪૩૧૯૦ |
| કૂલ | ૨૦૦૧૦૭ | ૫૦૩૯૩ | ૨૭૯૨ | ૨૫૩૨૯૨ |

**કોસ્ટલ રેગ્યુલેશન ઝોનમાં મંજૂરી વિના બાંધકામ**

**૧૫/૩/૪૩૧શ્રી કિરીટકુમાર પટેલ (પાટણ) :માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે :**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા. ૩૧.૦૭.૨૦૨૩ની સ્થિતિએ કોસ્ટલ રેગ્યુલેશન ઝોન ( CRZ ) ની મંજૂરી વિના ગુજરાતના દરિયા કિનારે બાંધકામ થયા છે, તે હકિકત સાચી છે, | (૧) | હા |
| (૨) | જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાંધકામ થયા હોવાનું સામે આવ્યુ, અને | (૨) | હા<br>પત્રક સામેલ છે. |
| (૩) | આવા મંજૂરી વિના થતાં બાંધકામ અટકાવવા સરકારે શા પગલા લીધા ? | (૩) | સી.આર.ઝેડ નોટીફીકેશનના અમલીકરણ માટે રાજ્યકક્ષાએ ગુજરાત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરીટી તેમજ જિલ્લા કક્ષાએ જિલ્લા સ્તરીય દરિયાઈ સમિતીની રચના કરાયેલ છે આ ઓથોરીટી અને સમીતિ દ્વારા તેઓને મળેલ સત્તા અનવ્યે |

નોટીફીકેશનના અમલીકરણ કરાવવા માટે કામગીરી કરવામાં આવી રહેલ છે.

વધુમાં, નોટીફીકેશનનાઉલ્લંઘનના કેસમાં પગલા ભરવા ઓથોરીટી દ્વારા માર્ગદર્શિકા તૈયાર કરી જિલ્લા સમિતીને આપવામાં આવેલ છે, જેનું પાલન થઇ રહેલ છે.

**કચ્છીપુરા ગામની સીમમાંકેમીકલયુક્ત પાણી પીવાથીઊંટના મોત**

**૧૫/૩/૪૫૮ શ્રી ગુલાબસિંહ ચૌહાણ (લુણાવાડા): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જવાબ આપવા કૃપા કરશો.**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | મે – ૨૦૨૩માં ભરૂચ જિલ્લાના વાગરાતાલુકામાંચાંચવેલ ગામ નજીક આવેલા કચ્છીપુરા ગામની સીમમાંકેમીકલયુક્ત પાણી પીવાથી કેટલા ઊંટના મોત થયા, | **(૧)** | મે-૨૦૨૩માં ભરૂચ જિલ્લાના વાગરાતાલુકામાંચાંચવેલ ગામ નજીક કચ્છીપુરા ગામની સીમમાંઉંટોના મોત કેમીકલયુક્ત પાણીથી થયા હતા તે હજુ સુધી ફલિત થયેલ નથી.<br>આ ગામની સીમમાં ૩૦ ઊંટોના મોત થયા હતા. |
| **(૨)** | તે અન્વયે તા.૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતીએ કયા જવાબદારો સામે શા પગલાં લીધાં, અને | **(૨)** | મે-૨૦૨૩માં ભરૂચ જિલ્લાના વાગરાતાલુકામાંચાંચવેલ ગામ નજીક કચ્છીપુરા ગામની સીમમાંઉંટોના મોત કેમીકલયુક્ત પાણીથી થયા હતા તે હજુ સુધી ફલિત થયેલ નથી.<br>ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા તા-૨૩/૦૫/૨૦૨૩ના રોજ પર્યાવરણ સુરક્ષા અધિનિયમ – ૧૯૮૬ કલમ – ૫ હેઠળ મે.ઓ.એન.જી.સી, જી.જી.એસ –૧. ગાંધાર એકમને આદેશો (ડાયરેક્શન્સ) પાઠવવામાં આવેલ. તદ્ઉપરાંત, રૂ.૫૦ લાખ વચગાળાના પર્યાવરણ નુકશાન પેટે ભરાવેલ છે. |
| **(૩)** | ઊંટ માટે પીવાના પાણીની કોઇ વ્યવસ્થા કરવામાં આવે છે કે કેમ ? | **(૩)** | ઊંટો માટે પીવાના પાણીની અલાયદી વ્યવસ્થા કરવામાં આવતી નથી. |

**દાહોદ જિલ્લામાં નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો**

**15/3/525શ્રી શૈલેષભાઇ ભાભોર (લીમખેડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવેલ છે, | **(૧)** | તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં ૦૨(બે) નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવેલ છે |
| **(૨)** | તે પૈકી ઉકત સ્થિતિએ મકાનોનું બાંધકામ કયા તબકકે છે, અને | **(૨)** | તે પૈકી ઉક્ત સ્થિતિએ સદર કામોના સ્થળ સ્થિતિ મુજબના અંદાજો તૈયાર કરી વહીવટી મંજૂરી મેળવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. |
| **(3)** | તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | **(3)** | કોઇ ખર્ચ થયેલ નથી. |

**અમદાવાદ શહેર અને જિલ્લામાં આયુષ્યમાન કાર્ડ માન્ય ન રાખનાર હોસ્પીટલો સામે કાર્યવાહી**

**15/3/321શ્રી ઇમરાન ખેડાવાલા (જમાલપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં આયુષ્યમાન કાર્ડ(PMJAY) યોજનાની માન્યતા ધરાવતી કઈ | (૧) | તા.૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં આયુષ્માન કાર્ડ (PMJAY) યોજનાની માન્યતા ધરાવતી હોસ્પિટલોએ દર્દીઓ પાસેથી આયુષ્માન કાર્ડ |

હોસ્પીટલોએ દર્દીઓ પાસેથી આયુષ્યમાન કાર્ડ હોવા છતાં પૈસા વસુલ્યા હોવાના કેટલા બનાવો બન્યા,

હોવા છતાં પૈસા વસુલ્યા હોવાની કુલ-૫૫ ફરિયાદ મળેલ છે. આયુષ્માન કાર્ડ હોવા છતાં દર્દીઓ પાસેથી પૈસા વસુલવાના બનેલ બનાવની હોસ્પિટલોની માહિતીનું **પત્રક-૧** સામેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બનાવો અટકાવવા અને આયુષ્યમાન કાર્ડ હોય તેવા દર્દીઓ પાસેથી પૈસા ન વસુલે તે માટે સરકારે શાં પગલાં લીધા, અને

(૨) ઉક્ત બનાવો અટકાવવા અને આયુષ્માન કાર્ડ હોય તેવા દર્દીઓ પાસેથી હોસ્પિટલ પૈસા ન વસુલે તે માટે સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ દર ગુરૂવારે જિલ્લા ખાતે સ્ટિયરીંગ કમીટીની મીટીંગમાં અને કલેક્ટરશ્રી કક્ષાએ જિલ્લા ફરિયાદ નિવારણ કમિટીની મીટીંગમાં લાભાર્થી દર્દી અને હોસ્પિટલોને રૂબરૂ બોલાવી રજૂઆતોને સાંભળીને કાર્યવાહી કરવામાં આવે છે. તેમજ હોસ્પિટલોને શો કોઝ નોટીસ અને દંડ પણ કરેલ છે.

(૩) તે અન્વયે કઈ હોસ્પીટલોને કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો ?

(૩) હોસ્પિટલોને કરવામાં આવેલ દંડની માહિતીનું **પત્રક-૨** સામેલ છે.

...............

પત્રક-૧

| ક્રમ નં. | હોસ્પિટલનું નામ |
|---|---|
| ૧ | જી.સી.એસ. હોસ્પિટલ |
| ૨ | નરોડા શેલ્બી હોસ્પિટલ |
| ૩ | તપન હોસ્પિટલ |
| ૪ | એઈમ્સ હોસ્પિટલ |
| ૫ | સિંધુ હોસ્પિટલ |
| ૬ | આઈકેડીઆરસી સિવિલ કેમ્પસ |
| ૭ | ગ્લોબલ હોસ્પિટલ |
| ૮ | આનંદ સર્જિકલ હોસ્પિટલ |
| ૯ | આસ્થા ઓર્થોપેડીક હોસ્પિટલ |
| ૧૦ | કાનબા હોસ્પિટલ |
| ૧૧ | શિવાલિક હોસ્પિટલ |
| ૧૨ | હેલ્થ વન હોસ્પિટલ |
| ૧૩ | અર્થમ હોસ્પિટલ |
| ૧૪ | ભાગ્યોદય હોસ્પિટલ |
| ૧૫ | કોઠીયા હોસ્પિટલ |
| ૧૬ | નરિત્વા હેલ્થ કેર પ્રાઈવેટ લિમિટેડ |
| ૧૭ | પાર્થ હોસ્પિટલ |
| ૧૮ | PHC કુમારખાન |
| ૧૯ | રાજસ્થાન હોસ્પિટલ |
| ૨૦ | રૂક્ષ્મણી હોસ્પિટલ |
| ૨૧ | સંત મુનિસેવા આરોગ્ય ધામ |
| ૨૨ | SVP હોસ્પિટલ |
| ૨૩ | શક્તિ જનરલ હોસ્પિટલ |
| ૨૪ | શાલીન હેલ્થ કેર પ્રાઈવેટ લિમિટેડ |
| ૨૫ | SMT.એસએમએસ મલ્ટિસ્પેશ્યાલિટી હોસ્પિટલ |
| ૨૬ | ગુજરાત કેન્સર હોસ્પિટલ |

પત્રક-૨

| ક્રમ નં. | હોસ્પિટલનું નામ | દંડની રકમ રૂ. |
|---|---|---|
| ૧ | જી.સી.એસ. હોસ્પિટલ | ૬૬,૯૧૪/- |
| ૨ | નરોડા શેલ્બી હોસ્પિટલ | ૩૬,૯૫૦/- |
| ૩ | તપન હોસ્પિટલ | ૪,૦૦૦/- |
| ૪ | એઈમ્સ હોસ્પિટલ | ૧,૧૪,૭૯૦/- |
| ૫ | સિંધુ હોસ્પિટલ | ૧૨,૧૫૦/- |

| | | |
|---|---|---|
| ૬ | આઈકેડીઆરસી સિવિલ કેમ્પસ | ૨૭,૩૩૩/ - |
| ૭ | ગ્લોબલ હોસ્પિટલ | ૪,૬૭૮/ - |
| ૮ | આનંદ સર્જિકલ હોસ્પિટલ | ૧૧,૫૦૦/ - |
| ૯ | આસ્થા ઓર્થોપેડીક હોસ્પિટલ | ૧૨,૫૦૦/ - |
| ૧૦ | કાનબા હોસ્પિટલ | ૫૭,૪૧૪/ - |
| ૧૧ | શિવાલિક હોસ્પિટલ | ૪,૦૭,૭૦૦/ - |
| ૧૨ | હેલ્થ વન હોસ્પિટલ | ૬,૮૦૦/ - |
| ૧૩ | અર્થમ હોસ્પિટલ | ૩૦૦/ - |
| ૧૪ | ભાગ્યોદય હોસ્પિટલ | ૩,૦૭૦/ - |
| ૧૫ | કોઠીયા હોસ્પિટલ | ૯,૨૦૦/ - |
| ૧૬ | નરિત્વા હેલ્થ કેર પ્રાઈવેટ લિમિટેડ | ૨,૦૦૦/ - |
| ૧૭ | પાર્થ હોસ્પિટલ | ૬,૮૦૦/ - |
| ૧૮ | PHC કુમારખાન | ૧,૭૦૦/ - |
| ૧૯ | રાજસ્થાન હોસ્પિટલ | ૩૦૦/ - |
| ૨૦ | રૂક્ષ્મણી હોસ્પિટલ | ૬૦૦/ - |
| ૨૧ | સંત મુનિસેવા આરોગ્ય ધામ | ૨,૩૦૦/ - |
| ૨૨ | SVP હોસ્પિટલ | ૩,૩૦૦/ - |
| ૨૩ | શક્તિ જનરલ હોસ્પિટલ | ૧૩,૧૦૦/ - |
| ૨૪ | શાલીન હેલ્થ કેર પ્રાઈવેટ લિમિટેડ | ૬૦૦/ - |
| ૨૫ | SMT.એસએમએસ મલ્ટિસ્પેશ્યાલિટી હોસ્પિટલ | ૪૦૦/ - |
| ૨૬ | ગુજરાત કેન્સર હોસ્પિટલ | ૬૦૦/ - |
| | કુલ: - | ૮,૦૬,૯૯૯/ - |

**"નો ડેવલોપમેન્ટ ઝોન" માં રીસોર્ટ બનાવવા બાબત**

**15/3/493 શ્રી વિમલભાઈ ચુડાસમા (સોમનાથ): માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા દરિયા કિનારે "નોડેવલપમેન્ટ ઝોન" માં રીસોર્ટબનાવ્યા છે તે હકીકત સાચી છે, | **(૧)** | ના,જી. |
| **(૨)** | જો હા, તો ઉકતરીસોર્ટ બનાવતાં પહેલાં સી.આર.ઝેડની મંજૂરી લીધેલ છે કે કેમ અને કયારે લીધેલ છે, અને | **(૨)** | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

| | |
|---|---|
| **(૩)** ઉકતરીસોર્ટ માટે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો? | **(૩)** પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ખેડા જિલ્લામાં રાસ્કા વિયર આધારીત નહેરોનું નવીનીકરણ**

**૧૫ / ૩ / ૩૦૮ : શ્રી કલ્પેશભાઇ પરમાર (માતર): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૦/૦૬/૨૦૨૩ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં રાસ્કા વિયર આધારીત નહેરોમાં નવીનીકરણની કામગીરી કરવામાં આવેલ છે કે કેમ**,** | (૧) હા**,** જી |
| (૨) જો હા**,** તો ઉક્ત કામગીરી કેટલી લંબાઇની નહેરોમાં હાથ ધરાયેલ છે**,**અને | (૨) ૩૮.૯૧૨ કિમી લંબાઇની નહેરોમાં હાથ ધરાયેલ છે. |
| (૩) તે કેટલા ખર્ચે હાથ ધરાયેલ છે**?** | (૩) ઉકત લંબાઇની નહેરો નવીનીકરણની કામગીરી માટે રૂ.૬૬૨૫.૭૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

**રાજ્યમાં ઘોરાડપક્ષીઓની સંખ્યા**

**15 / 3 / 419 : શ્રીકાન્તિભાઇખરાડી (દાંતા): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશેકેઃ-**

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| **(૧)** ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ રાજ્યમાં ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડ (ઘોરાડ) પક્ષી કયા જિલ્લામાં છે, | **(૧)** કચ્છ. |
| **(૨)** ઉક્ત સ્થિતિએ ઘોરાડ પક્ષીની સંખ્યા કેટલી છે, અને | **(૨)** ૪ (ચાર). |
| **(૩)** ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લુપ્ત થતાં ઘોરાડ પક્ષીને બચાવવા સરકારે શા પગલાં લીધાં? | **(૩)** ઘોરાડ પક્ષીના સંરક્ષણ માટે સને ૨૦૨૧ થી મેનેજમેન્ટ પ્લાન અમલમાં મુકવામાં આવેલ છે.<br>➢ જે અંતર્ગત સંબંધિત વિસ્તારમાં નડતરરૂપ ઝાડી ઝાંખરા (ગાંડો બાવળ) દૂર કરી, ચેઇનલીંક ફેન્સીંગથી સુરક્ષિત કરવામાં આવેલ છે.<br>➢ આર્ટીફીશીયલ પાણીના કુલ-૬ વોટર શોસર પોઇન્ટ બનાવવામાં આવેલ છે.<br>➢ અભયારણ્ય વિસ્તારની આજુબાજુ કુલ-૨૯૯ કુતરાઓના ખસીકરણની કામગીરી કરવામાં આવેલ છે.<br>➢ સ્થાનિક ગામ લોકોને ઘોરાડ વિશે સમજ આપવા કુલ-૩૬ જનજાગૃતિના કાર્યક્રમો તેમજ ખેડુત શિબિરો કરવામાં આવેલ છે.<br>➢ સ્ટાફ દ્વારા દિવસ તેમજ રાત્રી દરમ્યાન |

સઘન ફેરણું કરવામાં આવે છે.

**રીંછ માટે ઇકોલોજિકલ કોરિડર**

**15/3/428 :શ્રી દિનેશનભાઇ ઠાકોર (ચાણસ્મા): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપાકરશે કેઃ-**

| પ્રશ્ન | | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા. ૩૧/૦૭/૨૩ ની સ્થિતિએ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને ઇસરોએ ગુજરાતમાં રીંછની રહેણીકરણીને લઇને વર્ષ ૨૦૧૮ માં એક સંશોધન રીપોર્ટમાં સરકારને બનાસકાંઠાના જેસોર, સાબરકાંઠામાં પોળોના જંગલ, જાંબુઘોડામાં રતનમહાલ અને નર્મદાના શૂલપાણેશ્વરમાં રીંછ માટે ઇકોલોજીકલ કોરીડોર બનાવવાની ભલામણ કરેલ તે હકીકત સાચી છે, | (૧) | હા, જી. ફક્ત બનાસકાંઠાના જેસોર-બાલારામ અંબાજી માટે ભલામણ મળેલ છે. |
| (૨) | જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે, અને | (૨) અને (૩) | ઇકોલૉજીકલ કોરીડોર એ કોઇ કાયદાકીય એકમ નથી. પરંતુ તેમા વન્યપ્રાણી અને લોકોની સાથે પરસ્પર તાલમેલનું વાતાવરણ ઉભુ કરીને કોરીડોરમાં આવતાં ગામોના ગ્રામવાસીઓ સાથે વન વિભાગ દ્વારા અવારનવાર બેઠક કરી વન્યપ્રાણીના સંરક્ષણ બાબતે, તેના વર્તન અને તેને સંબંધિત જાણકારી આપવામાં આવે છે.<br>કોરીડોર વિસ્તારમાં ફળાઉ વૃક્ષોનું વાવેતર, કૃત્રિમ પાણીના પોઇન્ટ બનાવવામાં આવે છે. અને તેના અવરજવરનું મોનીટરીંગ કરવામાં આવે છે. |
| (૩) | ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને ઉક્ત કોરીડોર કાર્યરત કરવામાં આવનાર છે? | | |

**રાજ્યમાં નવી પ્રસુતિ અને બાળ આરોગ્ય હોસ્પિટલ**

**15/3/539 ડો. દર્શના દેશમુખ (નાંદોદ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-**

| પ્રશ્ન | | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં પ્રસુતિ અને બાળ આરોગ્ય હોસ્પિટલોના બાંધકામનું આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે? | (૧) | હા જી. |
| (૨) | જો હા, તો કેટલી હોસ્પિટલ અને તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) | રાજ્યમાં રાજકોટ, વડોદરા, જામનગર અને ભાવનગર ખાતે મળી કુલ ૦૪ (ચાર) નવી પ્રસુતિ અને બાળ આરોગ્ય હોસ્પિટલ માટે કુલ રૂ.૭૧૩.૭૯ કરોડની રકમ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે? | (૩) | જે પૈકી રાજકોટ ખાતેની હોસ્પિટલનું બાંધકામ ફિનીસીંગ લેવલે છે. જ્યારે જામનગર અને ભાવનગર ખાતેની હોસ્પિટલોનું કામ પ્લાનિંગ લેવલે છે અને વડોદરા ખાતેની હોસ્પિટલનું બાંધકામ પ્રગતિમાં છે. |

**ખાનગી એપીએમસીની મંજૂરી**

**15/3/454: શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય સહકાર મંત્રીશ્રી(રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-**

પ્રશ્ન જવાબ

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

| | | | |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ખાનગી એપીએમસી સ્થાપવા કઇ કઇ એપીએમસી દ્વારા મંજૂરી માંગવામાં આવી, | **(૧)** | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨(બે) ખાનગી એપીએમસી સ્થાપવા મંજૂરી માંગવામાં આવી.<br>(૧) શ્રી જૈની પ્રોજેક્ટસ લીમીટેડ<br>(૨) શ્રી અમર એગ્રો પ્રા.લી. |
| **(૨)** | ઉક્ત સ્થિતિએ કઇ કઇ ખાનગી એપીએમસીને ક્યારે મંજૂરી આપવામાં આવી, અને | **(૨)** | ઉક્ત સ્થિતિએ શ્રી જૈની પ્રોજેક્ટસ લીમીટેડને તા.૦૯/૦૩/૨૦૨૨ના હુકમથી લાયસન્સ આપવામાં આવેલ છે. |
| **(૩)** | ઉક્ત ખાનગી એપીએમસીને મંજૂરી આપવાના કારણો શા છે? | **(૩)** | ગુજરાત ખેતઉત્પન્ન અને પશુધન ખરીદ વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) અધિનિયમ-૧૯૬૩ની કલમ-૩૧ થી સને-૨૦૦૭ના સુધારામાં ખાનગી માર્કેટની જોગવાઇ થયેલ હોઇ, કાયદાની જોગવાઇ મુજબની લાયકાત સંતોષાઇ જતા લાયસન્સ આપવામાં આવેલ છે. |

**યુનિવર્સિટી અને કોલેજોને નેકની માન્યતા મેળવવા બાબત**

**15/૩/442: શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા (પોરબંદર) : માનનીય શિક્ષણ ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ જણાવવા કૃપા કરશે કેઃ-**

| ક્રમ | પ્રશ્ન | ક્રમ | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં આવેલ યુનિવર્સિટીઓ અને કોલેજોએ નેક (નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન કાઉન્સીલ)ની માન્યતા લેવાની હોય છે તે હકીકત સાચી છે, | **(૧)** | હા, જી. |
| **(૨)** | જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી યુનિવર્સિટીઓ અને કોલેજોએ ઉક્ત માન્યતા મેળવી છે અને કેટલી યુનિવર્સિટીઓ અને કોલેજોએ માન્યતા મેળવવાની બાકી છે, અને | **(૨)** | (કોષ્ટક નીચે) |
| **(૩)** | યુનિવર્સિટીઓ અને કોલેજોએ નેકની માન્યતા ન મેળવેલ હોય તેની સામે શા પગલાં લીધાં? | **(૩)** | • ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓની ગુણવત્તા સુધારવા અને પ્રોત્સાહિત કરવા માટે રાજ્ય સરકારે તાજેતરમાં ગુજરાત માન્યતા અને રેન્કિંગ સંસ્થાકીય મિકેનિઝમ એન્ડ એરેન્જમેન્ટ (GARIMA)સેલની શરૂઆત કરી છે. સારી માન્યતા/એક્રેડિટેશન અને વિશ્વ રેન્કિંગ હાંસલ કરવા માટે વિદ્યાર્થીઓનાપ્રદર્શનનું ઉપચારાત્મક મૂલ્યાંકન કરવા અને સંસ્થાકીય ધોરણોને ઉન્નત કરવા માટે એક કાર્યક્ષમ પદ્ધતી વિકસાવી છે. |

(૨)

| | **યુનિવર્સિટી** | **કોલેજ** |
|---|---|---|
| માન્યતા મેળવેલ:- | ૨૦ | ૯૭ |
| માન્યતા મેળવવાની બાકી:- | ૮૮ | ૨૩૭૧ |

- વધુમાં, ગુજરાત રાજ્યની તમામ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ NAAC/NBA હેઠળ એક્રેડિટેશન પ્રાપ્ત કરી શકે તે માટે હેન્ડ હોલ્ડીંગ સપોર્ટ પૂરો પાડવા માટે એજન્સીની નિમણૂંક કરવા જઇ રહી છે. આથી આવનાર વર્ષોમાં ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓને એક્રેડિટેશન માટે પૂરતો સહયોગ/માર્ગદર્શન મળી રહે.
- ઉક્ત સંદર્ભે ગુજરાત રાજ્યની જે શૈક્ષણિક સંસ્થાઓને માન્યતા મેળવવાની બાકી છે, તેઓને તાકીદે માન્યતા મેળવવાના પગલાં લેવા જાણ કરવામાં આવી છે, તદુપરાંત આ માટે જરૂરી ગ્રાન્ટ પણ પૂરી પાડવામાં આવી છે.

**ગાંધીનગર ખાતે સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ**

**15/3/544શ્રી અલ્પેશ ઠાકોર (ગાંધીનગર-દક્ષિણ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે, -**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ ગાંધીનગર ખાતે સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે? | **(૧)** | હા, જી. |
| **(૨)** | જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | **(૨)** | કુલ રૂ. ૩૭૧.૩૬ કરોડની રકમ મંજુર કરવામાં આવેલ છે. |
| **(૩)** | ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે? | **(૩)** | ફાઉન્ડેશન લેવલે કામગીરી પ્રગતિમાં છે. |

**જે.ઝેડ. શાહ કોલેજમાં બી.કોમની પરીક્ષાના પેપર લીકની ફરિયાદ**

**15/3/426 : શ્રી અમૃતજી ઠાકોર (કાંકરેજ) : માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | ઓગષ્ટ-૨૦૨૩માં સુરત જિલ્લાના અમરોલીની જે.ઝેડ શાહ કોલેજમાં એસ.વાય. બી.કોમ. સેમેસ્ટર-૪ની પરીક્ષાનું પેપરલીક થયેલ તે હકીકત સાચી છે, | **(૧)** | ના,જી |
| **(૨)** | જો હા, તો તા.૧૫/૦૮/૨૩ની સ્થિતિએ ક્યા વિષયની પરીક્ષાનું પેપર લીક થયેલ છે, | **(૨)** | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| **(૩)** | ઉક્ત પરીક્ષામાં કેટલા પરીક્ષાર્થીઓ પરીક્ષા આપનાર હતા, અને | **(૩)** | ૪૭૧૫ |

| | |
|---|---|
| **(૪)** ઉક્ત સ્થિતિએ પેપર લીક કરનાર કોની સામે શા પગલાં લેવામાં આવ્યા? | **(૪)** પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### રાજયમાં નવા દ્વીપો / ટાપુઓ

**15/3/513 શ્રી હેંમતભાઈ આહીર (જામજોધપુર): માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા.૩૧ / ૦૭ / ૨૩ની સ્થિતિએ છેલ્લાબે વર્ષમાં રાજયમાંપ્રવાસનને પ્રોત્સાહન આપવા કેન્દ્રનાઆદેશથી ૨૬ ટાપુઓ / દ્વીપોશોધીને પ્રવાસન યોગ્ય બનાવવા અંતર્ગત છેલ્લાં બે વર્ષમાં કયા કયાટાપુઓ / દ્વીપોશોધવામાં આવ્યા, | **(૧)** આઈલેન્ડડેવલપમેન્ટઓથોરીટી દ્વારા બેટ દ્વારકા, શિયાળ-સવાઈ તેમજ પીરોટનવિકસાવવાનું નક્કી કરવામાં આવેલ. તે પરત્વે બેટ દ્વારકા અને શિયાળ-સવાઈ ટાપુ ગુજરાત પ્રવાસન દ્વારા વિકાસ કરવામાં આવી રહેલ છે. |
| **(૨)** ઉકતટાપુઓ / દ્વીપોનેવિકસાવવા દરેક માટે કયાં સ્થળે અને કેટલી રકમનો ખર્ચ થયો, અને | **(૨)** બેટ દ્વારકા - રૂ.૬૦.૫૨ લાખ<br>શિયાળ - સવાઈ ટાપુ - રૂ.૪.૮૪ લાખ |
| **(૩)** ઉકત ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવ્યો ? | **(૩)** ૫૧ - ૫૪૫૨ - ૮૦ - ૧૦૪ - ૦૧ તથા ૫૧ - ૫૪૫૨ - ૦૧ - ૧૯૦ - ૦૧ |

### અંજાર ખાતે હોસ્પિટલ

**15 / ૩ / 521શ્રીમતી માલતી મહેશ્વરી (ગાંધીધામ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા.૩૧ / ૦૭ / ૨૩ની સ્થિતિએ અંજાર, જિ.કચ્છ ખાતે ૧૦૦ પથારીની હોસ્પિટલના બાંધકામ માટે આયોજન કરવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે, | **(૧)** હા,જી. |
| **(૨)** જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | **(૨)** કુલ રૂ.૨૨.૫૧ કરોડ |
| **(૩)** ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે? | **(૩)** હાલ કામગીરી પ્રગતિ હેઠળ છે. |

### રીવરફ્રન્ટની નબળી કામગીરી બાબતે મળેલ ફરીયાદો

**15 / 3 / 446 શ્રી અરવિંદભાઈલાડાણી (માણાવદર): માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા.૩૧ / ૦૭ / ૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાંમાણાવદર,વંથલી,બાંટવા અને મેંદરડામાં બની રહેલરીવરફ્રન્ટની કામગીરી ખુબ જ નબળી અને હલકી કક્ષાની થતી હોવા અંગેની કેટલી ફરીયાદો પ્રવાસનપ્રભાગ કે તેના તાબાહેઠળનીકચેરીઓને મળી, | **(૧)** કુલ ૪ (ચાર) |
| **(૨)** મળેલ ફરીયાદો અન્વયે કયારે કઈ કક્ષાએથી તપાસ કરવામાં આવી, | **(૨)** મળેલફરીયાદો અન્વયે નિગમ દ્વારા થર્ડ પાર્ટી ઈનસ્પેકશન (તૃતીય પક્ષ નિરીક્ષણ) કરવામાં આવનાર છે. |
| **(૩)** ઉકત તપાસ દરમ્યાન કેવા પ્રકારની ગેરરીતિઓ સામે આવી, અને | **(૩)** પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| **(૪)** તે અન્વયે કયા જવાબદારો સામે શા પગલાં લીધાં ? | **(૪)** પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

અતારાંકિત પ્રશ્નો

**બોટાદ જિલ્લાના ગઢડા તાલુકામાં ગાળા ડેમનું બાંધકામ બાબત**

**15/3/296 : શ્રી ઉમેશભાઈ મકવાણા (બોટાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા:૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાનાં ગાળા ડેમનું કામ ક્યા તબક્કે છે, અને | (૧) | બોટાદ સિંચાઈ વિભાગ હેઠળની સૂચિત સાળંગપુર ગાળા સિંચાઈ યોજના બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના ગામ ગાળા પાસે કેરી નદી ઉપર બાંધવાનુ આયોજન હતુ. સાળંગપુર ગાળા સિંચાઈ યોજના બનાવવામાં અસરગ્રસ્ત ખેડૂતો અને ગાળા ગ્રામ પંચાયત ઉક્ત સિંચાઈ યોજના બનાવવાના વિરુધ્ધમાં હોઈ તેમજ આ યોજના ફાઈનાન્સિયલ વાયેબલ ન હોવાથી પડતી મુકવા(બંધ રાખવા)નો સરકારશ્રી દ્વારા તા:૨૩/૦૪/૨૦૨૧થી નિર્ણય લેવામાં આવેલ છે. |
| (૨) | ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવનાર છે? | (૨) | ઉક્ત જણાવ્યાનુસાર લાગુ પડતુ નથી. |

**ગુજરાત યુનિવર્સિટીમાં ઉત્તરવહીઓ ગાયબ થવા બાબત**

**15/3/440 : શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૭/૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગુજરાત યુનિવર્સીટીના બોટની વિભાગમાંથી બીએસસી નર્સિંગના ચોથા વર્ષની પરીક્ષાની ઉત્તરવહીઓ ગાયબ થઇ ગયેલ તે હકીકત સાચી છે, | (૧) | હા જી, |
| (૨) | જો હા, તો કેટલી ઉત્તરવહીઓ ગાયબ થઇ ગયેલ છે, | (૨) | સદરહુ બાબતે FIR No. 11191017230, તા.૧૨/૦૭/૨૦૨૩થી પોલીસ ફરીયાદ કરેલ હોય, પોલીસ તપાસ ચાલે છે, |
| (૩) | ઉક્ત ઉત્તરવહીઓ ગાયબ થવાના શા કારણો સામે આવ્યા, અને | (૩) | પોલીસ તપાસ ચાલે છે. |
| (૪) | તે અન્વયે ક્યારે ક્યા સ્થળે પોલીસ ફરીયાદ નોંધાવવામા આવી? | (૪) | FIR No. 11191017230, તા.૧૨/૦૭/૨૦૨૩ થી ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવામાં આવેલ છે. |

**નાઘેડી ખાતે સ્વામિનારાયણ ગુરુકુળ કોલેજમાં પરિક્ષામાં ગેરરીતિ બાબત**

**15/૩/417: ગેનીબેન ઠાકોર (વાવ): માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૫/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં નાઘેડી ખાતે આવેલ સ્વામિનારાયણ ગુરુકુળ કોલેજ ખાતે બી.કોમ. સેમેસ્ટર-૨ની પરીક્ષામાં અમુક ચોક્કસ પરીક્ષાર્થીઓ દ્વારા અલગ રૂમમાં બેસીને પરીક્ષા આપીને ગેરરીતિ આચરવામાં આવી હોવાની હકીકત સાચી છે કે કેમ, | (૧) | હા,જી. |
| (૨) | જો હા, તો ઉક્ત બાબતે કેટલા પરીક્ષાર્થીઓએ ગેરરીતિ કર્યાનું સામે આવ્યું,અને | (૨) | ૩ (ત્રણ). |

| | | | |
|---|---|---|---|
| **(૩)** | તે અન્વયે કયા જવાબદારો સામે શાં પગલાં લીધાં? | **(૩)** | ૩ (ત્રણ) પરીક્ષાર્થીઓને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી આજીવન ડીબાર્ડ(પ્રતિબંધ) કરવામાં આવેલ છે. |

### હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં અધિકારી વર્ગની ભરતી

**15/3/432 : શ્રી કિરીટકુમાર પટેલ (પાટણ) : માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં વર્ષ ૨૦૨૨માં અધિકારી વર્ગની જુદી-જુદી ભરતીમાં નિમણૂંક પહેલાં જ પસંદ થયેલા ઉમેદવારોના નામ જાહેર થઇ ગયેલાં હતાં તે હકીકત સાચી છે કે કેમ, અને | (૧) | ના જી, |
| (૨) | જો હા, તો તે અંગે સરકારે શું કાર્યવાહી કરી? | (૨) | લાગુ પડતું નથી. |

### અમદાવાદ શહેર અને જિલ્લામાં આરોગ્ય તપાસણી કાર્યક્રમ

**15/3/322શ્રી ઇમરાન ખેડાવાલા (જમાલપુર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં આરોગ્ય તપાસણી કાર્યક્રમ દરમ્યાન કેટલા બાળકો રોગગ્રસ્ત જણાયા, | (૧) તા.૩૧/૭/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ દરમ્યાન નીચે મુજબના બાળકો રોગગ્રસ્ત જણાયા, |

| અ.નુ | જિલ્લાનું નામ | વર્ષવાર | |
|---|---|---|---|
| | | તા.૧/૮/૨૧ થી તા.૩૧/૭/૨૨ | તા.૧/૮/૨૨થી તા.૩૧/૭/૨૩ |
| ૧ | અમદાવાદ | ૧૭,૯૪૧ | ૩૭,૭૦૬ |
| ૨ | અમદાવાદ કોર્પો | ૫૩,૩૭૬ | ૭૮,૫૯૦ |
| કુલ | | ૭૧,૩૧૭ | ૧,૧૬,૨૯૬ |

(૨) આ બાળકોને મુખ્યત્વે કયા રોગો હતા,અને

(૨) આ બાળકોમાં મુખ્યત્વે પાંડુરોગ,આંત્રકૃમિ, દાંતની તકલીફ,આંખનીતકલીફ,કાન,નાક,ગળાની તકલીફ,પેટની તકલીફ,ચામડી,હદય,કીડ અને કેન્સરના રોગ હતા

(૩) આ બાળકોના રોગની સારવાર માટે સરકારે શી વ્યવસ્થા કરી ?

(૩) ઉક્ત બાળકોના રોગની સારવાર બાબતે સરકારે નીચે મુજબની વ્યવસ્થા કરી,

(૧) સ્થળ પર સારવાર આપવામાં આવી.

(૨) વધુ બિમારીવાળા બાળકને સામૂહિક આરોગ્ય કેન્દ્ર/જિલ્લાહોસ્પીટલ ખાતે સંદર્ભ સેવાઓપુરી પાડવામાં આવી.

(૩) ગંભીર બિમારીવાળા બાળકોને નીચે મુજબની સુપરસ્પેશ્યાલીટી હોસ્પિટલ ખાતે વિના મુલ્યે સારવારઆપવામાં આવી.

- હદયની બિમારીવાળા બાળકોને યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર,અમદાવાદ
- કીડનીની બિમારીવાળા બાળકોને ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ.
- કેન્સરનીબિમારીવાળાબાળકોનેએમ.પી.શાહ કેન્સર હોસ્પીટલ, અમદાવાદ.

## ભાવનગર યુનિવર્સિટીમાં બી.કોમ પરીક્ષાના પેપર લીકની ફરિયાદ

**15/3/449 :શ્રીવિમલભાઈ ચુડાસમા (સોમનાથ): માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| ક્રમ | પ્રશ્ન | ક્રમ | જવાબ |
|---|---|---|---|
| (૧) | વર્ષ ૨૦૨૩માં ભાવનગર યુનિવર્સિટીની બી.કોમની પરીક્ષાનું પેપર લીક થયેલ તે હકીકત સાચી છે | (૧) | હા, જી. |
| (૨) | જો હા, તો ક્યાં વિષયની પરીક્ષાનું પેપર લીક થયેલ | (૨) | તા.૦૧/૦૪/૨૦૨૩ના રોજ લેવાયેલ બી.કોમ. સેમેસ્ટર-૬ના ફાયનાન્સ એકાઉન્ટ(મેનેજમેન્ટ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| | એકાઉન્ટીંગ)નું પેપર લીક થયેલ હતું. |
| **(૩)** ઉક્ત પરીક્ષામાં કેટલા પરીક્ષાર્થીઓ પરીક્ષા આપનાર હતા, અને | **(૩)** બી.કોમ.સેમેસ્ટર-૦૬માંકુલ૩૪૯૭ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપનાર હતા. |
| **(૪)** ઉક્ત સ્થિતિએ પેપર લીક કરનાર કોની સામે શાં પગલા લેવામાં આવ્યા ? | **(૪)** • પોલીસની પ્રાથમિક તપાસના આધારે સદરહું વિષયના પેપર લીક સંદર્ભે યુનિવર્સિટી દ્વારા શ્રી જે.એલ.કાકડીયા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ કોલેજ,ભાવનગરના ઈન્ચાર્જ આચાર્યશ્રી તેમજ અન્ય વિરુધ્ધ પોલીસ ફરિયાદ નં. ૧૧૧૯૮૦૦૧૨૩૦૧૬૧તા.૦૪/૦૪/૨૦૨૩ થી નોંધાવેલ છે અને ઈન્ચાર્જ આચાર્યશ્રીની યુનિવર્સિટીના શિક્ષક તરીકેની માન્યતા રદ કરવામાં આવેલ છે.<br>• શ્રી જે.એલ.કાકડીયા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ કોલેજ, ભાવનગરનું પરીક્ષા કેન્દ્ર રદ કરવામાં આવેલ છે.<br>• યુનિવર્સિટી એક્ઝિક્યુટીવ કાઉન્સિલ દ્વારા ઘટના સંબંધિત હકીકતલક્ષી તપાસ અહેવાલ તૈયાર કરવા રચાયેલ ૩ (ત્રણ) સભ્યોની તપાસ સમિતીદ્વારા રજુ થયેલ અહેવાલ મુજબ કાર્યવાહી કરવા તથા આરોપીઓની બી.કોમ. સેમેસ્ટર-૬ની સમગ્ર પરીક્ષા રદ્દ કરવા તેમજ જ્યાં સુધી પોલીસ તપાસ પુર્ણ ના થાય ત્યાં સુધી કોઈપણ અભ્યાસક્રમમાં આ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે નહિ તેમ ઠરાવવામાં આવેલ છે તેમજ જો પોલીસ તપાસમાં અન્ય વિદ્યાર્થીઓની સંડોવણી સાબિત થાય તો તેવા સંજોગોમાં તેમની સામે પણ ઉપર મુજબની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવેલ છે.<br>• પોલીસ ઈન્સપેકટરશ્રી,નિલમ બાગ પોલીસસ્ટેશન દ્વારા તજવીજ દરમ્યાન જે વિદ્યાર્થીઓના પેપરના ફોટાં વાયરલ થયા છેતેમના પર કાર્યવાહી ચાલુ છે. |

- - - - - - - - - -

### ગુજરાતમાં મીઠા ઉદ્યોગને થયેલ નુકશાની

**15/3/429: શ્રી દિનેશભાઈ ઠાકોર (ચાણસ્મા):માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** જૂન-૨૦૨૩માં ગુજરાતમાં આવેલ બિપોરજોય વાવાઝોડાથી મીઠા ઉદ્યોગને નુકશાની થયેલ છે, તે હકીકત સાચી છે, | (૧)બિપોરજોય વાવાઝોડું તા.૧૬ તથા ૧૭ જૂન-૨૦૨૩ના રોજ આવેલ હતું. જેમાં મીઠા ઉદ્યોગના કોઈ એસેટને નુકશાન થયેલ ન હતું. આમ, કોઈ નુકશાન થયેલ નથી. |
| **(૨)** જો હા, તો તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ મીઠા ઉદ્યોગને થયેલ નુકશાની અંગે કયારે સર્વે કરવામાં આવ્યો, | (૨) ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી દ્વારા સર્વે કરવામાં આવેલ નથી. |
| **(૩)** તે અન્વયે મીઠા ઉદ્યોગમાં કેવા પ્રકારની કેટલી રકમની નુકશાની થયાનું સામે આવ્યું, અને | (૩) લાગુ પડતુ નથી. |
| **(૪)** તે અન્વયે કયા જિલ્લાના કેટલા મીઠા ઉદ્યોગોને કેટલી રકમની સહાય ચુકવવામાં આવી ? | (૪) લાગુ પડતુ નથી. |

**કચ્છ જિલ્લામાં ડીસેલીનેશન પ્લાન્ટ**

**15/3/455: શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| **(૧)** | કચ્છ જિલ્લામાં માંડવી-ગુંદીયાળી ખાતે દરિયાકાંઠાના વિસ્તારોમાં દરીયાનું ખારૂ પાણી મીઠું બનાવી પીવાનું પાણી પુરૂ પાડવા માટે ડીસેલીનેશન પ્લાન્ટ માટે બાંધકામની કામગીરી બે વર્ષમાં પૂર્ણ થતા પ્લાન્ટ કાર્યરત થશે અને દૈનિક કુલ ૧૦ કરોડ લિટર પાણી મીઠું થનાર હતું, તે કામગીરી તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ કયા તબક્કે છે, | **(૧)** | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ કચ્છ ડીસેલીનેશન પ્લાન્ટ પ્રોજેક્ટની કામગીરી નીચેની વિગતે છે.<br>• સંબંધિત એસ.પી.વી. દ્વારા જરૂરી પર્યાવરણીય મંજૂરીઓ મેળવવામાં આવેલ છે.<br>•<br>• નાણાંકીય વ્યવસ્થાપન પુર્ણ કરવામાં આવેલ છે.<br>• ભૌતિક કામગીરી પ્રગતિમાં છે. |
| **(૨)** | ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાની શરતે કઈ એજન્સીને સોંપવામાં આવેલ છે, | **(૨)** | ઉક્ત કામગીરી મે. શાપુરજી પલૂનજી એન્ડ કંપની પ્રાઈવેટ લિમિટેડ, મુંબઈ અને એકવાટેક સિસ્ટમ એશિયા પ્રાઈવેટ લિમિટેડ જોઈન્ટ વેન્ચર દ્વારા સ્થાપિત એસ.પી.વી. દ્વારા નાણાંકીય વ્યવસ્થાપન પુર્ણ થયેથી બે વર્ષમાં તમામ કામગીરી પૂર્ણ કરીને કાર્યાન્વિત કરવા સોંપવામાં આવેલ છે. |
| **(૩)** | ઉક્ત કામગીરી પાછળ રાજય સરકારે ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ કર્યો, અને | **(૩)** | શૂન્ય. |
| **(૪)** | ઉક્ત કામગીરી ઉક્ત એજન્સી દ્વારા સમયસર કરેલ ન હોય તો કયારે શા પગલાં લીધા ? | **(૪)** | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------------

## તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

## અતારાંકિત પ્રશ્નોની યાદી

**રાજ્યમાં ઘાસના સંગ્રહ માટે વખારો**

**૧૫/૩/૪૪૩અર્જુનભાઈ મોઢવાડિયા (પોરબંદર): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

**પ્રશ્ન** **જવાબ**

**(૧)** તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ઘાસના સંગ્રહ માટે વખારો બાંધવા માટે કુલ કેટલી રકમ ફાળવવામાં આવી,

**(૧)**

| વર્ષ | ફાળવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૭૦૧ |
| ૨૦૨૨-૨૩ | ૧૮૦૦ |
| ૨૦૨૩-૨૪ | ૭૫૦(૩૧/૦૭/૨૩ સુધી) |

**(૨)** ઉક્ત ફાળવવામાં આવેલ રકમમાંથી કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી વખારો બંધાઈ, અને

**(૨)**

| વર્ષ | બાંધવામાં આવેલ ગોડાઉનની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૪ | ૭૦૦.૭૨ |
| ૨૦૨૨-૨૩ | ૩૬ | ૧૭૯૯.૮૪ |
| ૨૦૨૩-૨૪ | ૦ | ૦ (૩૧/૦૭/૨૩ સુધી) |

**(૩)** ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલી રહી?

**(૩)**

| વર્ષ | વણવપરાયેલી રકમ (રૂ.લાખમાં) | કારણ |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૦.૨૮ | રકમ નહિવત છે. |
| ૨૦૨૨-૨૩ | ૦.૧૬ | રકમ નહિવત છે. |
| ૨૦૨૩-૨૪ | ૭૫૦ | ચાલુ વર્ષના બજેટની જોગવાઈ હોવાથી કામગીરી પ્રગતિમાં છે. |

## અતારાંકિત પ્રશ્નોની યાદી

**અધ્યક્ષશ્રી :** અતારાંકિત પ્રશ્નોની પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમી યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.

**પહેલી અતારાંકિત યાદી**

**વિજાપુર તાલુકામાં મંજૂર થયેલ કામો પૈકી બાકી કામોની માહિતી** અતારાંકિતઃ ૦૮ (૨૪-૦૨-૨૦૨૩) **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિજાપુર તાલુકામાં ૧૫% વિવેકાધીન આયોજન અને એ.ટી.વી.ટી.માં મંજૂર થયેલ કામો પૈકી કેટલા અને કયા કામો બાકી છે, અને

(૨) બાકી કામો પૂર્ણ કરવા શી કાર્યવાહી કરેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન) **:** (૧૫-૦૪-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩ વિજાપુર તાલુકામાં ૧૫% વિવેકાધીન આયોજન અને એ.ટી.વી.ટી.માં મંજૂર થયેલ કુલ ૪૮૦ કામો પૈકી કુલ ૩૧૩ કામ પૂર્ણ થયેલ છે અને ૧૬૭ કામો બાકી છે. કુલ ૧૬૭ બાકી કામો પૈકી ૬ કામના તાંત્રીક અંદાજો મેળવવાના બાકી છે, ૧૫૨ કામો પ્રગતીમાં છે જ્યારે ૯ કામો શરૂ થયેલ નથી.

- ૧૬૭ બાકી કામોની વિગતો *પત્રક-અ માં સામેલ છે.

(૨) વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩ હેઠળ ૧૫% વિવેકાધીન આયોજન અને એ.ટી.વી.ટી. જોગવાઈ હેઠળના વહીવટી મંજૂરી આપેલ તમામ કામો પૂર્ણ કરવાની મુદત તા.૩૧-૦૩-૨૦૨૩ છે. જે માટે તાકીદે સમય મર્યાદામાં આ કામો પૂર્ણ કરવા સંબંધિત અમલીકરણ અધિકારીશ્રીને જણાવવામાં આવેલ છે.

- જિલ્લા આયોજન કચેરી ખાતે કામોની સમિક્ષા કરવા માટે દર માસે અમલીકરણ અધિકારીશ્રીઓની બેઠક બોલાવવામાં આવે છે.
- તા.૦૨-૦૨-૨૦૨૩ના રોજ માન. પ્રભારીમંત્રી શ્રી, મહેસાણાના અધ્યક્ષ સ્થાને જિલ્લા આયોજનની મંડળની બેઠકનું આયોજન કરવામાં આવેલ જેમાં તમામ અમલીકરણ અધિકારીશ્રીઓને તમામ બાકી કામો સમયમર્યાદામાં પૂર્ણ કરવા ભારપૂર્વક જણાવવામાં આવેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**દાંતા અને અમીરગઢ તાલુકામાં ફાળવેલ ગ્રાન્ટ**

અતારાંકિતઃ ૧૩ (૨૭-૦૨-૨૦૨૩) **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાંતા અને અમીરગઢ તાલુકામાં આયોજનમાંથી વર્ષવાર કયા કયા કામો માટે કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૨) વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન) **:** (૨૭-૦૩-૨૦૨૩)

(૧) દાંતા અને અમીરગઢ તાલુકામાં આયોજનમાંથી તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મંજૂર કરવામાં આવેલા કામો અને ફાળવવામાં આવેલ ગ્રાન્ટની માહિતી *પત્રક-૧(અ) અને *પત્રક-૧(બ) મુજબ છે.

(૨) વર્ષવાર થયેલ ખર્ચ *પત્રક-૨ મુજબ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યના ખેડૂતોની આવક બમણી કરવા બાબત**

અતારાંકિતઃ ૬ (૨૮-૦૪-૨૦૨૩) **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ વર્ષ-૨૦૨૨માં ખેડૂતોની આવક બમણી કરવા માટે રાજ્ય સરકારે કેવા પગલા લીધા,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષ-૨૦૨૨ અંતિત ખેડૂતોની આવક બમણી કરવાનો લક્ષ્યાંક સિદ્ધ થયો કે કેમ, અને

(૩) જો લક્ષ્યાંક સિદ્ધ થયો ન હોય તો તેના કારણો શાં છે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૧૯-૦૪-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ વર્ષ-૨૦૨૨માં ખેડૂતોની આવક બમણી કરવા માટે રાજ્ય સરકારે ખેડૂતલક્ષી વિવિધ સહાયકારી તેમજ કલ્યાણકારી યોજનાઓનો લાભ ખેડૂતો સુધી પહોંચાડી અને સઘન વિસ્તરણ પ્રવૃત્તિઓ દ્વારા વિવિધ પગલા લીધા છે. સરકાર ખેત ઉત્પાદનમાં વધારો કરવાની સાથે-સાથે અન્ય કૃષિલક્ષી બાબતોમાં ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. જે અંતર્ગત

- ખેતી હેઠળનો વિસ્તાર વધારવો
- ખેત ઉત્પાદકતા વધારવી
- ખેતી ખર્ચ ઘટાડવો
- સંસાધન ક્ષમતા ઊભી કરવી
- ખેડૂતોને ખેત પેદાશોના પૂરતા ભાવ મળવા
- હાઈટેક બાગાયતને પ્રોત્સાહન

- ડેરી પશુપાલનનો વિકાસ
- જોખમ વ્યવસ્થાપન
- સ્કિલ અપગ્રેડેશન કરવું
- એગ્રો પ્રોસેસિંગ માટે સુવિધા ઊભી કરવી
- સ્ટોરેજ વેરહાઉસ સુવિધા ઊભી કરવી
- નવીન ટેક્નોલોજી અપનાવવા માટે પ્રોત્સાહન
- પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન
- કૃષિ સંલગ્ન પૂરક વ્યવસાયને પ્રોત્સાહન અને પૂરક રોજગારીની તકો ઊભી કરવી
- મૂલ્યવૃધ્ધિ

વગેરે બાબતો મુખ્ય છે. જે તમામ બાબતો તરફ ધ્યાન કેન્દ્રિત કરી, સઘન સરકાર ખેડૂતોને પ્રોત્સાહિત કરી રહેલ છે. આમ, ખેડૂતોની આવક બમણી કરવા માટે રાજ્ય સરકાર સંકલ્પબધ્ધ છે અને જે લક્ષ્યાંક સિદ્ધ કરવા સતત પ્રયત્નશીલ છે.

(૨) ખેડૂતની આવકની ગણતરી કરવા માટે કોઈ વ્યવસ્થાતંત્ર નથી તથા નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ પૂર્ણ થયેલ ન હોય રાજ્યની કોઈ આંકડાકીય માહિતી પ્રસિદ્ધ થયેલ નથી.

રાજ્ય સરકાર દ્વારા પ્રકાશિત થતા સામાજિક, આર્થિક સમીક્ષા પ્રકાશન મુજબ ગુજરાત રાજ્યની વર્ષ ૨૦૧૧-૧૨ના ચાલુ ભાવે, વર્ષ ૨૦૧૧-૧૨ થી વર્ષ ૨૦૨૧-૨૨ (ઝડપી અંદાજો)ના સમયગાળાનુ રાજ્યનું કૃષિ ક્ષેત્ર (પશુપાલન ક્ષેત્ર સહિત)નું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન રૂ.૯૮,૦૧૫ કરોડથી વધીને રૂ.૨,૩૪,૩૧૬ કરોડ થયેલ છે. જે દર્શાવે છે કે વર્ષોવર્ષ ઘરગથ્થુ ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયેલ છે અને સરકારશ્રીના સંકલ્પની સિદ્ધિ થયેલ છે. આમ, એકંદરે ખેડૂતોની આવકમાં વધારો થવા પામેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના**

અતારાંકિતઃ ૨૬ (૦૭-૦૩-૨૦૨૩)**શ્રી ચૈતરભાઈ વસાવા** દેડીયાપાડા): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં ''પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના'' અન્વયે કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓ પૈકીની કેટલી અરજીઓનો નિકાલ થયેલ છે અને કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૦૮-૦૫-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં ''પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના'' અન્વયે નીચે મુજબની અરજીઓ મળેલ છે.

(અ) અમલીકરણ એજન્સી-સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ

સરદાર સરોવર યોજના માટે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનાના બે ઘટકો (૧) એક્સલરેટેડ ઈરીગેશન બેનીફીટ પ્રોગ્રામ (એ.આઈ.બી.પી) અને (૨) હર ખેત કો પાની અંતર્ગત કેન્દ્રીય સહાય મળે છે. બંને યોજનાઓ વ્યક્તિગત લાભાર્થી માટે ન હોઈ અરજી મેળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(બ) અમલીકરણ એજન્સી-ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ

| **વર્ષ** | **જિલ્લાવાર સૂક્ષ્મ સિંચાઈ હેઠળ પ્રાપ્ત થયેલ અરજીઓ** | | |
|---|---|---|---|
| | **નર્મદા** | **છોટા ઉદેપુર** | **કુલ** |
| તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨ | ૭૯૮ | ૭૩૮ | ૧૫૩૬ |
| તા.૦૧-૦૨-૨૦૨૨ થી તા.૩૧-૦૧-૨૦૨૩ | ૮૧૬ | ૭૪૦ | ૧૫૫૬ |

(ક) અમલીકરણ એજન્સી-ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લિમિટેડ

કોઈ અરજીઓ મળેલ નથી.

(ડ) અમલીકરણ એજન્સી- ગુજરાત સ્ટેટ વૉટરશેડ મેનેજમેંટ એજન્સી

| **જિલ્લો** | **૨૦૨૧-૨૦૨૨** | **૨૦૨૨-૨૦૨૩** |
|---|---|---|
| નર્મદા | ૦ | ૧ |
| છોટાઉદેપુર | ૦ | ૦ |

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓ પૈકીની નીચે મુજબની અરજીઓનો નિકાલ થયેલ છે અને નીચે મુજબની અરજીઓ પડતર છે.

(અ) અમલીકરણ એજન્સી-સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ

મુદ્દા નં-૧ ને ધ્યાને લેતા લાગુ પડતું નથી.

(બ) અમલીકરણ એજન્સી-ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ

| **વર્ષ** | **નિકાલ થયેલ અરજીઓ** | | **પડતર અરજીઓ** | |
|---|---|---|---|---|
| | **નર્મદા** | **છોટાઉદેપુર** | **નર્મદા** | **છોટાઉદેપુર** |
| તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨ | ૭૯૮ | ૭૩૮ | ૦ | ૦ |
| તા.૦૧-૦૨-૨૦૨૨ થી તા.૩૧-૦૧-૨૦૨૩ | ૭૩૧ | ૬૪૭ | ૮૫ | ૯૩ |

(ક) અમલીકરણ એજન્સી-ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લિમિટેડ

લાગુ પડતું નથી.

(ડ) અમલીકરણ એજન્સી- ગુજરાત સ્ટેટ વૉટરશેડ મેનેજમેંટ એજન્સી

ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓ પૈકીની નર્મદા જિલ્લામાં ૧ અરજીનો નિકાલ થયેલ છે, કોઈપણ અરજી પડતર નથી, જ્યારે છોટા ઉદેપુર જિલ્લામાં પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ અરજીઓ પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.

(અ) અમલીકરણ એજન્સી-સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ

મુદ્દા નં-૧ ને ધ્યાને લેતા લાગુ પડતું નથી.

(બ) અમલીકરણ એજન્સી-ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ

આ યોજના હેઠળ સૂક્ષ્મ સિંચાઇ અપનાવવા માટે ખેડૂતો તરફથી પ્રાપ્ત થતી રોજ-બરોજની ૨૫૦-૩૦૦ અરજીઓનો નિકાલ કરવામાં આવે છે. ઉપર દર્શાવેલ પડતર અરજીઓના નિકાલની કાર્યવાહી પ્રગતિમાં છે.

(ક) અમલીકરણ એજન્સી - ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લિમિટેડ

લાગુ પડતું નથી.

(ડ) અમલીકરણ એજન્સી - ગુજરાત સ્ટેટ વૉટરશેડ મેનેજમેંટ એજન્સી

પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી.

- - - - - - - -

**ગૌસંવર્ધન યોજના અંતર્ગત બજેટમાં જોગવાઈ**

અતારાંકિતઃ ૪૬ (૦૨-૦૫-૨૦૨૩) **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર): **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ બજેટમાં ગૌસંવર્ધન યોજના અંતર્ગત કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી,

(૨) તે અન્વયે ઉક્ત બજેટમાં, જિલ્લાવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૩) ફાળવેલ રકમ પૈકીની કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી ?

**ગૌસંવર્ધન મંત્રીશ્રી :** (૦૭-૦૬-૨૦૨૩)

(૧)

| વર્ષ | જોગવાઈ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | રૂ.૧૩૨૬૨.૭૪ |
| ૨૦૨૧-૨૨ | રૂ.૨૫૩૪.૪૧ |
| ૨૦૨૨-૨૩ | રૂ.૫૭૫૩૬.૭૬ |

(૨) જિલ્લાવાર રકમની ફાળવણી કરવામાં આવતી નથી.

(૩) રકમ વણવપરાયેલી હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - -

**રાજ્યમાં તાર ફેંસિંગ યોજના હેઠળ સહાય**

અતારાંકિતઃ ૬૭ (૦૧-૦૫-૨૦૨૩) **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોના ખેતરોમાં જંગલી પ્રાણીઓનો ત્રાસ દૂર કરવા માટે સોલાર આધારિત કરંટ પસાર કરે તેવી તારની ફેંસિંગ માટેની યોજના હેઠળ સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત યોજના હેઠળ કેટલી સહાય અપાય છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અને જિલ્લાવાર ઉક્ત યોજના અંતર્ગત કેટલા ખેડૂતોને કેટલી રકમની સહાય આપવામાં આવેલ છે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૦૯-૦૬-૨૦૨૩)

(૧) હા,

(૨) કીટની ખરીદી ખર્ચના ૫૦% અથવા રૂ.૧૫,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે મુજબ.

(૩)

| | |
|---|---|
| વર્ષ ૨૦૨૦-૨૧ | યોજના અમલમાં ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| વર્ષ ૨૦૨૧-૨૨ | યોજના અમલમાં ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| વર્ષ ૨૦૨૨-૨૩ | કુલ ૩૯૬ ખેડૂતોને રૂ.૫૧.૦૯ લાખ<br>(જિલ્લાવાર વિગત સામેલ પત્રક મુજબ) |

**પત્રક-૧**

| અ.નં. | જિલ્લાનું નામ | ખેડૂતોની સંખ્યા | સહાયની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૨ | ૨.૫૪ |
| ૨ | અમરેલી | ૫૫ | ૬.૨૭ |
| ૩ | અરવલ્લી | ૩ | ૦.૩૪ |
| ૪ | આણંદ | ૧૮ | ૨.૦૨ |
| ૫ | કચ્છ | ૦ | ૦ |
| ૬ | ખેડા | ૮ | ૧.૨૫ |
| ૭ | ગાંધીનગર | ૦ | ૦ |
| ૮ | ગીર સોમનાથ | ૨ | ૦.૧૭ |
| ૯ | છોટા ઉદેપુર | ૦ | ૦ |
| ૧૦ | જૂનાગઢ | ૪ | ૦.૬૩ |
| ૧૧ | જામનગર | ૦ | ૦ |
| ૧૨ | ડાંગ | ૦ | ૦ |
| ૧૩ | તાપી | ૦ | ૦ |
| ૧૪ | દેવભૂમિ દ્વારકા | ૮૦ | ૧૧.૩૩ |
| ૧૫ | દાહોદ | ૦ | ૦ |
| ૧૬ | નર્મદા | ૦ | ૦ |
| ૧૭ | નવસારી | ૨ | ૦.૨૩ |
| ૧૮ | પંચમહાલ | ૦ | ૦ |
| ૧૯ | પાટણ | ૦ | ૦ |
| ૨૦ | પોરબંદર | ૩૬ | ૪.૬૫ |
| ૨૧ | બનાસકાંઠા | ૮૦ | ૯.૯૮ |
| ૨૨ | બોટાદ | ૧૩ | ૧.૮૯ |
| ૨૩ | ભરૂચ | ૦ | ૦ |
| ૨૪ | ભાવનગર | ૨૮ | ૪.૨૮ |
| ૨૫ | મહેસાણા | ૦ | ૦ |
| ૨૬ | મહિસાગર | ૦ | ૦ |
| ૨૭ | મોરબી | ૦ | ૦ |
| ૨૮ | રાજકોટ | ૧૦ | ૧.૫૦ |
| ૨૯ | વડોદરા | ૩૫ | ૪.૦૧ |
| ૩૦ | વલસાડ | ૦ | ૦ |
| ૩૧ | સુરત | ૦ | ૦ |
| ૩૨ | સુરેન્દ્રનગર | ૦ | ૦ |
| ૩૩ | સાબરકાંઠા | ૦ | ૦ |
| | **કુલ** | **૩૯૬** | **૫૧.૦૯** |

--------

**રાજ્યમાં આવેલ ગૌશાળાઓ અને પાંજરાપોળો**

અતારાંકિતઃ૧૦૦(૦૨-૦૫-૨૦૨૩)**શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર): **માનનીય ગૌસંવર્ધન અને પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી ગૌશાળાઓ અને કેટલા પાંજરાપોળો આવેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર ઉક્ત ગૌશાળા અને પાંજરાપોળોમાં ક્યા સંવર્ગના કેટલા પશુઓ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અને જિલ્લાવાર ઉક્ત ગૌશાળા અને પાંજરાપોળોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

**ગૌસંવર્ધન અને પશુપાલન મંત્રીશ્રી :** (૭-૬-૨૦૨૩)

(૧) પત્રક-૧ મુજબ.

(૨) પત્રક-૨ મુજબ.

(૩) પત્રક-૩ મુજબ.

**પત્રક-૧**

| અ.નં. | જિલ્લાનું નામ | ગૌશાળાઓની સંખ્યા | પાંજરાપોળોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૦ | ૧૪ |
| ૨ | અમરેલી | ૮૭ | ૧૨ |
| ૩ | અરવલ્લી | ૧૦ | ૦ |
| ૪ | આણંદ | ૧૬ | ૫ |
| ૫ | કચ્છ | ૧૬૬ | ૪૨ |
| ૬ | ખેડા | ૧૭ | ૫ |
| ૭ | ગાંધીનગર | ૨૬ | ૬ |
| ૮ | ગીર સોમનાથ | ૮૫ | ૨ |
| ૯ | છોટા ઉદેપુર | ૫ | ૦ |
| ૧૦ | જામનગર | ૩૪ | ૫ |
| ૧૧ | જૂનાગઢ | ૩૦૨ | ૮ |
| ૧૨ | તાપી | ૭ | ૦ |
| ૧૩ | દાહોદ | ૬ | ૧ |
| ૧૪ | દેવભૂમિ દ્વારકા | ૬૨ | ૯ |
| ૧૫ | નર્મદા | ૬ | ૦ |
| ૧૬ | નવસારી | ૧૧ | ૨ |
| ૧૭ | પંચમહાલ | ૬ | ૫ |
| ૧૮ | પાટણ | ૩૨ | ૧૪ |
| ૧૯ | પોરબંદર | ૨૨ | ૨ |
| ૨૦ | બનાસકાંઠા | ૧૯૮ | ૨૦ |
| ૨૧ | બોટાદ | ૩૪ | ૬ |
| ૨૨ | ભરૂચ | ૧૪ | ૧ |
| ૨૩ | ભાવનગર | ૬૧ | ૯ |
અતારાંકિત : ૫૨૩ (૨૨-૦૬-૨૦૨૩) **શ્રી દિનેશભાઇ ઠાકોર**(ચાણસ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પોલીસ સ્ટેશનમાં મુકવામાં આવેલ સીસીટીવી કેમેરા પૈકી કેટલા પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા બંધ હાલતમાં છે, અને

(૨) તમામ બંધ સીસિટીવી કેમેરા કાર્યરત કરવા શી કાર્યવાહી કરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) : (૩૧-૦૭-૨૦૨૩)

(૧) પત્રક ૧ મુજબ

(૨) કુલ-૧૪૯ બંધ સીસીટીવી કેમેરા પૈકી ૧૦૧ સીસીટીવી કેમેરા કંપનીઓ દ્વારા વોરંટી હેઠળ ચાલુ કરવામાં આવેલ છે.

જ્યારે, બાકી રહેલ ૪૮ સીસિટીવી કેમેરા શિફ્ટીંગના કારણોસર બંધ રહેવા પામેલ છે. જેનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. જે સત્વરે કાર્યરત કરવામાં આવનાર છે.

**પત્રક-૧**

| શહેર / જિલ્લાનું નામ | કુલ પોલીસ સ્ટેશન | કેમેરા બંધ રહેલ પોલીસ સ્ટેશન | શહેર / જિલ્લાનું નામ | કુલ પોલીસ સ્ટેશન | કેમેરા બંધ રહેલ પોલીસ સ્ટેશન |
|---|---|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૪૮ | ૦૩ | પાટણ | ૧૫ | ૦૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૨૦ | ૦૦ | પોરબંદર | ૧૧ | ૦૧ |
| અમરેલી | ૨૧ | ૦૨ | બનાસકાંઠા | ૨૭ | ૦૩ |
| અરવલ્લી | ૧૧ | ૦૧ | બોટાદ | ૦૬ | ૦૧ |
| આણંદ | ૨૦ | ૦૦ | ભરૂચ | ૨૩ | ૦૨ |
| આહવા-ડાંગ | ૦૪ | ૦૦ | ભાવનગર | ૨૫ | ૦૦ |
| ખેડા | ૧૮ | ૦૧ | મહીસાગર | ૦૮ | ૦૧ |
| ગાંધીનગર | ૧૫ | ૦૧ | મહેસાણા | ૨૦ | ૦૦ |
| ગીર સોમનાથ | ૦૯ | ૦૦ | મોરબી | ૦૮ | ૦૨ |
| છોટાઉદેપુર | ૧૦ | ૦૨ | રાજકોટ શહેર | ૧૨ | ૦૧ |
| જામનગર | ૧૫ | ૦૦ | રાજકોટ ગ્રામ્ય | ૧૮ | ૦૨ |
| જૂનાગઢ | ૧૯ | ૦૧ | વડોદરા શહેર | ૨૦ | ૦૦ |
| તાપી-વ્યારા | ૦૯ | ૦૦ | વડોદરા ગ્રામ્ય | ૧૩ | ૦૦ |
| દાહોદ | ૧૫ | ૦૧ | વલસાડ | ૧૪ | ૦૧ |
| દેવભુમિ | ૦૮ | ૦૧ | સાબરકાંઠા | ૨૭ | ૦૧ |
| નર્મદા | ૦૮ | ૦૧ | સુરત શહેર | ૧૨ | ૦૧ |
| નવસારી | ૧૧ | ૦૦ | સુરત ગ્રામ્ય | ૧૨ | ૦૦ |
| પશ્ચિમ કચ્છ ભુજ | ૧૯ | ૦૧ | સુરેન્દ્રનગર | ૧૮ | ૦૪ |
| પૂર્વ કચ્છ ગાંધીધામ | ૧૩ | ૦૦ | વે.રે. અમદાવાદ | ૧૪ | ૦૦ |
| પંચમહાલ-ગોધરા | ૦૧ | ૦૧ | વે.રે. વડોદરા | ૦૮ | ૦૦ |

---------------

**ગૌવંશની કતલ અને હેરાફેરી સામે એફ.આઇ.આર. ન નોંધવા બાબત**

અતારાંકિત : ૫૨૪ (૨૮-૦૬-૨૦૨૩) **શ્રી દિનેશભાઇ ઠાકોર** (ચાણસ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ગુજરાત પ્રાણી સંરક્ષણ (સુધારા) અધિનિયમ-૨૦૧૭ અમલમાં આવ્યા બાદ ગૌવંશની કતલ માટે હેરફેર તથા ગૌવંશની વાહનમાં હેરફેરની ગુનાહિત ઘટનાઓમાં કેટલા કિસ્સાઓમાં એફ.આઇ.આર. રજિસ્ટર કરવામાં આવી અને કેટલા કિસ્સાઓમાં એફ.આઇ.આર. રજિસ્ટર કરવામાં આવેલ નથી,

(૨) એફ.આઇ.આર. ન નોંધવાના શા કારણો હતા, અને

(૩) ઉક્ત અધિનિયમની જોગવાઇ મુજબ એફ.આઇ.આર. ન નોંધનાર જિલ્લાવાર કેટલા જવાબદાર અધિકારી સામે શી કાર્યવાહી કરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) : (૦૫-૦૮-૨૦૨૩)

(૧) પત્રક-અ મુજબ

(૨) તમામ કિસ્સાઓમાં FIR રજિસ્ટર કરવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**પત્રક-અ**

| ક્રમ | જિલ્લાનું નામ | ગૌવંશની કતલ માટે હેરફેર | | | | | | ગૌવંશની વાહનમાં ગેરકાયદેસર હેરફેર | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | તા.૦૧/૦૪/૨૦૨૦ થી તા.૩૧-૦૩-૨૦૨૧ | | તા.૦૧/૦૪-૨૦૨૧ થી તા.૩૧-૦૩/૨૦૨૨ | | તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧-૦૩-૨૦૨૩ | | તા.૦૧/૦૪/૨૦૨૦ થી તા.૩૧-૦૩-૨૦૨૧ | | તા.૦૧/૦૪-૨૦૨૧ થી તા.૩૧-૦૩/૨૦૨૨ | | તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧-૦૩-૨૦૨૩ | |
| | | FIR રજિસ્ટર કરવામાં આવેલ કિસ્સાની સંખ્યા | FIR રજિસ્ટર કરવામાં નહી આવેલ કિસ્સાની સંખ્યા | FIR રજિસ્ટર કરવામાં આવેલ કિસ્સાની સંખ્યા | FIR રજિસ્ટર કરવામાં નહી આવેલ કિસ્સાની સંખ્યા | FIR રજિસ્ટર કરવામાં આવેલ કિસ્સાની સંખ્યા | FIR રજિસ્ટર કરવામાં નહી આવેલ કિસ્સાની સંખ્યા | FIR રજિસ્ટર કરવામાં આવેલ કિસ્સાની સંખ્યા | FIR રજિસ્ટર કરવામાં નહી આવેલ કિસ્સાની સંખ્યા | FIR રજિસ્ટર કરવામાં આવેલ કિસ્સાની સંખ્યા | FIR રજિસ્ટર કરવામાં નહી આવેલ કિસ્સાની સંખ્યા | FIR રજિસ્ટર કરવામાં આવેલ કિસ્સાની સંખ્યા | F I R રજિસ્ટર કરવામાં નહી આવેલ કિસ્સાની સંખ્યા |
| ૧ | અમદાવાદ | ૦૭ | ૦ | ૦૫ | ૦ | ૦૩ | ૦ | ૦૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | રાજકોટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ | ૦ | ૧૦ | ૦ | ૦૨ | ૦ | ૦૩ | ૦ |
| ૩ | સુરત | ૧૧ | ૦ | ૦૪ | ૦ | ૦૬ | ૦ | ૧૭ | ૦ | ૧૮ | ૦ | ૦૯ | ૦ |
| ૪ | વડોદરા | ૦૪ | ૦ | ૦૩ | ૦ | ૦૨ | ૦ | ૦૫ | ૦ | ૦૭ | ૦ | ૦૩ | ૦ |
| ૫ | ખેડા | ૦૮ | ૦ | ૧૩ | ૦ | ૦૮ | ૦ | ૦૭ | ૦ | ૦૬ | ૦ | ૦૪ | ૦ |
| ૬ | આણંદ | ૧૩ | ૦ | ૧૦ | ૦ | ૧૧ | ૦ | ૦૧ | ૦ | ૦૩ | ૦ | ૦ | ૦ |
| ૭ | ગાંધીનગર | ૦૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ | ૦ |
| ૮ | સાબરકાંઠા | ૦ | ૦ | ૦૨ | ૦ | ૦૨ | ૦ | ૦૨ | ૦ | ૦૧ | ૦ | ૦ | ૦ |
| ૯ | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૫ | ૦ | ૧૦ | ૦ | ૦૪ | ૦ |
| ૧૦ | મહેસાણા | ૦૧ | ૦ | ૦૧ | ૦ | ૦૩ | ૦ | ૦૪ | ૦ | ૦૩ | ૦ | ૦૨ | ૦ |
| ૧૧ | જામનગર | ૦ | ૦ | ૦૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | મોરબી | ૦ | ૦ | ૦૨ | ૦ | ૦ | ૦ | ૦૨ | ૦ | ૦૨ | ૦ | ૦૨ | ૦ |
| ૧૪ | સુરેન્દ્રનગર | ૦૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ | ૦ | ૦૧ | ૦ | ૦૧ | ૦ |
| ૧૫ | બનાસકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦૨ | ૦ | ૦૨ | ૦ | ૦૮ | ૦ | ૦૩ | ૦ |
| ૧૬ | કચ્છ | ૦૬ | ૦ | ૦૯ | ૦ | ૦૩ | ૦ | ૦૨ | ૦ | ૦૬ | ૦ | ૦૪ | ૦ |
| ૧૭ | પાટણ | ૦૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ | ૦ | ૦૧ | ૦ | ૦૧ | ૦ |
| ૧૮ | અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૨ | ૦ | ૦૨ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | ભાવનગર | ૦૧ | ૦ | ૦૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૨ | ૦ |
| ૨૦ | બોટાદ | ૦ | ૦ | ૦૧ | ૦ | ૦ | ૦ | ૦૧ | ૦ | ૦ | ૦ | ૦૨ | ૦ |
| ૨૧ | જૂનાગઢ | ૦૧ | ૦ | ૦૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ | ૦ | ૦૨ | ૦ |
| ૨૨ | ગીર સોમનાથ | ૦૬ | ૦ | ૦૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | છોટા ઉદેપુર | ૦૧ | ૦ | ૦૨ | ૦ | ૦૩ | ૦ | ૦૨ | ૦ | ૦૫ | ૦ | ૦૫ | ૦ |
| ૨૫ | ભરૂચ | ૦૩ | ૦ | ૦૩ | ૦ | ૦૬ | ૦ | ૦૩ | ૦ | ૦૪ | ૦ | ૧૩ | ૦ |
| ૨૬ | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ | ૦ | ૦ | ૦ |
| ૨૭ | ગોધરા | ૧૬ | ૦ | ૦૪ | ૦ | ૦૭ | ૦ | ૩૭ | ૦ | ૨૩ | ૦ | ૧૮ | ૦ |
| ૨૮ | મહીસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦૧ | ૦ | ૧૭ | ૦ | ૧૫ | ૦ | ૦૨ | ૦ |
| ૨૯ | દાહોદ | ૧૨ | ૦ | ૦૫ | ૦ | ૦૪ | ૦ | ૦૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૦ | તાપી | ૦૨ | ૦ | ૦૧ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૦ | ૧૦ | ૦ | ૦૫ | ૦ |
| ૩૧ | વલસાડ | ૦૨ | ૦ | ૦૧ | ૦ | ૦૧ | ૦ | ૧૬ | ૦ | ૧૨ | ૦ | ૧૮ | ૦ |
| ૩૨ | નવસારી | ૦૧ | ૦ | ૦ | ૦ | ૦૧ | ૦ | ૧૩ | ૦ | ૧૯ | ૦ | ૧૩ | ૦ |
| ૩૩ | ડાંગ-આહવા | ૦૩ | ૦ | ૦૧ | ૦ | ૦૧ | ૦ | ૦૧ | ૦ | ૦ | ૦ | ૦૧ | ૦ |
| **કુલ** | | **૧૦૧** | **૦** | **૭૨** | **૦** | **૬૫** | **૦** | **૧૭૪** | **૦** | **૧૬૧** | **૦** | **૧૧૮** | **૦** |

## મહેસાણા, ગાંધીનગર અને દાહોદ જિલ્લામાં વીર મેઘમાયા બલિદાન પુરસ્કારની ભલામણ બાબત

અતારાંકિત: ૫૨૮ (૨૨-૦૬-૨૦૨૩) **ડૉ. સી.જે.ચાવડા** (વિજાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર મહેસાણા, ગાંધીનગર અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર કેટલી વ્યક્તિઓએ રાજ્ય બહાર રાષ્ટ્રીય હિત માટે પોતાની જાતનું બલિદાન આપેલ છે,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર ઉક્ત કેટલા વ્યક્તિઓના પરિવારને વીર મેઘમાયા બલિદાન પુરસ્કાર આપવા માટેની રાજ્યકક્ષાની પસંદગી સમિતિને કેટલી દરખાસ્તો કે નામો મોકલી આપવામાં આવ્યા, અને

(૩) ઉક્ત જિલ્લાવાર પુરસ્કાર માટે નામો કે દરખાસ્ત ન મોકલવામાં આવેલ હોય તો તેના કારણો શા છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) : (૦૩-૦૮-૨૦૨૩)

(૧) મહેસાણા, ગાંધીનગર અને દાહોદ જિલ્લામાંથી તારીખ ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજય બહાર એક પણ વ્યક્તિએ રાષ્ટ્રીય હિત માટે જાનનું બલિદાન આપેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ગૌવંશની કતલ અને હેરાફેરી સામે એફ.આઇ.આર. ન નોંધવા બાબત**

અતારાંકિત : ૫૩૦ (૨૮-૦૬-૨૦૨૩) **ડૉ. સી.જે.ચાવડા** (વિજાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ગુજરાત પ્રાણી સંરક્ષણ (સુધારા) અધિનિયમ-૨૦૧૭ અમલમાં આવ્યા બાદ ગૌવંશની કતલ માટે હેરફેર તથા ગૌવંશની વાહનમાં હેરફેરની ગુનાહિત ઘટનાઓમાં કેટલા કિસ્સાઓમાં એફ.આઇ.આર. રજિસ્ટર કરવામાં આવી અને કેટલા કિસ્સાઓમાં એફ.આઇ.આર. રજિસ્ટર કરવામાં આવેલ નથી.

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૩) ઉક્ત બાકી આરોપીઓને પકડવા માટે શા પગલાં લેવામાં આવ્યા?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) : (૦૫-૦૮-૨૩)

(૧) પત્રક-અ મુજબ /·

(૨) પત્રક-બ મુજબ /.

(૩) આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

--------

**પત્રક-અ**

| ગૌવંશની કલમ માટે હેરફેર | | | | | | ગૌવંશની વાહનમાં ગેરકાયદેસર હેરફેર | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તા.૦૧/૦૪/૨૦૨૦ થી તા.૩૧-૦૩-૨૦૨૧ | | તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧-૦૩/૨૦૨૨ | | તા.૦૧/૦૪-૨૦૨૧ થી તા.૩૧-૦૩-૨૦૨૩ | | તા.૦૧/૦૪/૨૦૨૦ થી તા.૩૧-૦૩-૨૦૨૧ | | તા.૦૧/૦૪-૨૦૨૧ થી તા.૩૧-૦૩/૨૦૨૨ | | તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧-૦૩-૨૦૨૩ | |
| FIR રજિસ્ટર કરવામાં આવેલ કિસ્સાની સંખ્યા | FIR રજિસ્ટર કરવામાં નહી આવેલ કિસ્સાની સંખ્યા | FIR રજિસ્ટર કરવામાં આવેલ કિસ્સાની સંખ્યા | FIR રજિસ્ટર કરવામાં નહી આવેલ કિસ્સાની સંખ્યા | FIR રજિસ્ટર કરવામાં આવેલ કિસ્સાની સંખ્યા | FIR રજિસ્ટર કરવામાં નહી આવેલ કિસ્સાની સંખ્યા | FIR રજિસ્ટર કરવામાં આવેલ કિસ્સાની સંખ્યા | FIR રજિસ્ટર કરવામાં નહી આવેલ કિસ્સાની સંખ્યા | FIR રજિસ્ટર કરવામાં આવેલ કિસ્સાની સંખ્યા | FIR રજિસ્ટર કરવામાં નહી આવેલ કિસ્સાની સંખ્યા | FIR રજિસ્ટર કરવામાં આવેલ કિસ્સાની સંખ્યા | FIR રજિસ્ટર કરવામાં નહી આવેલ કિસ્સાની સંખ્યા |
| ૧૦૧ | ૦ | ૭૨ | ૦ | ૬૫ | ૦ | ૧૭૪ | ૦ | ૧૬૧ | ૦ | ૧૧૮ | ૦ |

**પત્રક-બ**

**Table 2**

| ગૌવંશની કલમ માટે હેરફેર | | | | | | ગૌવંશની વાહનમાં ગેરકાયદેસર હેરફેર | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તા.૦૧/૦૪/૨૦૨૦ થી તા.૩૧-૦૩-૨૦૨૧ | | તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧-૦૩/૨૦૨૨ | | તા.૦૧/૦૪-૨૦૨૧ થી તા.૩૧-૦૩-૨૦૨૩ | | તા.૦૧/૦૪/૨૦૨૦ થી તા.૩૧-૦૩-૨૦૨૧ | | તા.૦૧/૦૪-૨૦૨૧ થી તા.૩૧-૦૩/૨૦૨૨ | | તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧-૦૩-૨૦૨૩ | |
| ધરપકડ કરવામાં આવેલ આરોપીઓની સંખ્યા | ધરપકડ કરવાના બાકી આરોપીઓની સંખ્યા | ધરપકડ કરવામાં આવેલ આરોપીઓની સંખ્યા | ધરપકડ કરવાના બાકી આરોપીઓની સંખ્યા | ધરપકડ કરવામાં આવેલ આરોપીઓની સંખ્યા | ધરપકડ કરવાના બાકી આરોપીઓની સંખ્યા | ધરપકડ કરવામાં આવેલ આરોપીઓની સંખ્યા | ધરપકડ કરવાના બાકી આરોપીઓની સંખ્યા | ધરપકડ કરવામાં આવેલ આરોપીઓની સંખ્યા | ધરપકડ કરવાના બાકી આરોપીઓની સંખ્યા | ધરપકડ કરવામાં આવેલ આરોપીઓની સંખ્યા | ધરપકડ કરવાના બાકી આરોપીઓની સંખ્યા |
| ૩૨૩ | ૦૪ | ૨૦૭ | ૦૪ | ૨૧૨ | ૨૧ | ૪૨૯ | ૧૮ | ૪૨૪ | ૧૮ | ૩૧૬ | ૨૩ |

**" ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગર જિલ્લામાં વીર મેઘમાયા બલિદાન પુરસ્કારની ભલામણ બાબત" .**

અતારાંકિત : ૫૫૦(૨૨-૦૬-૨૦૨૩) **શ્રી વિમલભાઇ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલી વ્યક્તિઓએ રાજ્ય બહાર રાષ્ટ્રીય હિત માટે પોતાની જાતનું બલિદાન આપેલ છે,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર ઉક્ત કેટલા વ્યક્તિઓના પરિવારને વીર મેઘમાયા બલિદાન પુરસ્કાર આપવા માટેની રાજ્યકક્ષાની પસંદગી સમિતિને કેટલી દરખાસ્તો કે નામો મોકલી આપવામાં આવ્યા. અને

(૩) ઉક્ત જિલ્લાવાર પુરસ્કાર માટે નામો કે દરખાસ્ત ન મોકલવામાં આવેલ હોય તો તેના કારણો શા છે?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) : (૦૩-૦૮-૨૦૨૩)

(૧) ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગર જિલ્લામાંથી તારીખ ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય બહાર એક પણ વ્યક્તિએ રાષ્ટ્રીય હિત માટે જાનનું બલિદાન આપેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**" સાગરતટ સુરક્ષા માટે બોટ દ્વારા રાત્રિ પેટ્રોલિંગ**

અતારાંકિત : ૭૧૯ (૧૪-૦૭-૨૦૨૩) **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાગરતટ સુરક્ષા માટે રાત્રિના સમયે બોટ દ્વારા કયા કોસ્ટલ પોલીસ સ્ટેશનો પરથી રાત્રિ પેટ્રોલીંગ બોટ દ્વારા કેટલા કલાકોનું થયેલ છે.

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) : (૦૨-૦૮-૨૦૨૩)

તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાગરતટ સુરક્ષા માટે રાત્રિના સમયે કોસ્ટલ પોલીસ સ્ટેશન દ્વારા કરવામાં આવેલ પેટ્રોલીંગના કલાકોની માહિતી નીચે મુજબ છે.

| **અ.નં.** | **શહેર / જિલ્લો** | **કોસ્ટલ પો.સ્ટે.નું નામ** | **વર્ષ-૨૦૨૦ દરમિયાન રાત્રિ પેટ્રોલીંગની વિગત (કલાકમાં) (તા.૦૧/૦૪/૨૦) થી તા.૩૧-૦૩/૨૧)** | **વર્ષ-૨૦૨૧ દરમિયાન રાત્રિ પેટ્રોલીંગની વિગત (કલાકમાં) (તા.૦૧/૦૪/૨૧ થી તા.૩૧-૦૩/૨૨)** | **વર્ષ-૨૦૨૨ દરમિયાન રાત્રિ પેટ્રોલીંગની વિગત (કલાકમાં) (તા.૦૧/૦૪/૨૨ થી તા.૩૧-૦૩/૨૩)** |
|---|---|---|---|---|---|
| ૧ | કચ્છ ભુજ(પ) | જખૌ | ૯૫ | ૩૨ | ૬૨ |
| | | મુંદરા | ૨૯.૩૦ | ૧૭.૩૦ | ૦ |
| ૨ | કચ્છ ગાંધીધામ(પૂ) | કંડલા | ૧૯ | ૪ | ૭.૩૦ |
| ૩ | જામનગર | બેડી | ૧૦૭૨ | ૫૮૪ | ૭૨૪ |
| ૪ | દેવભૂમિ દ્વારકા | ઓખા | ૫૮૮ | ૮૫ | ૬૯૭ |
| | | વાડીનાર | ૨૧૧ | ૧૭ | ૨૪ |
| ૫ | પોરબંદર | નવીબંદર | ૧૬૭૭ | ૧૪૪૭ | ૧૦૭૭ |
| ૬ | ગીર સોમનાથ | સોમનાથ | ૪૮ | ૫૨ | ૬૧ |
| | | નવાબંદર | ૪૭ | ૫૨ | ૧૨ |
| ૭ | અમરેલી | પીપાવાવ પોર્ટ | ૮૦૧.૮ | ૯૭૨.૫ | ૧૦૦૯ |
| ૮ | ભાવનગર | ભાવનગર પોર્ટ | ૩૧૦ | ૨૬ | ૧૯૩ |
| ૯ | સુરત શહેર | હજીરા | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | **કુલ** | **૪૮૯૮.૧** | **૩૨૮૮.૮** | **૩૮૬૬.૩** |

| | |
|---|---|
| વર્ષ-૨૦૨૦ દરમિયાન રાત્રિ પેટ્રોલીંગની વિગત (કલાકમાં) | ૪૮૯૮.૧ |
| વર્ષ-૨૦૨૧ દરમિયાન રાત્રિ પેટ્રોલીંગની વિગત (કલાકમાં) | ૩૨૮૮.૮ |
| વર્ષ-૨૦૨૨ દરમિયાન રાત્રિ પેટ્રોલીંગની વિગત (કલાકમાં) | ૩૮૬૬.૩ |
| **કુલ સરવાળો** | **૧૨૦૫૨.૨** |

- - - - - - - - - - - - - -

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ બોક્સાઈટની લીઝો**

અતારાંકિત : ૧૨૫ (૨૬-૦૪-૨૦૨૩) **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સૌરાષ્ટ્ર સીમેન્ટ કંપનીની બોક્સાઈટની લીઝો આવેલી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત લીઝો કેટલા વિસ્તારમાં ક્યા સ્થળે, ક્યારે, કેટલા સમય માટે આપવામાં આવેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યારે ઉક્ત લીઝોની તપાસ કઈ કક્ષાએથી કરવામાં આવી, અને

(૪) ઉક્ત તપાસ દરમ્યાન કેવા પ્રકારની ગેરરીતિ સામે આવી?

**મુખ્યમંત્રીશ્રી(ખાણ-ખનિજ) :** (૩૧-૦૭-૨૦૨૩)

(૧) હા, જી.

(૨) સામેલ પત્રક-અ મુજબ.

(૩) સદરહું વિસ્તાર બોક્સાઈટ સભર વિસ્તાર હોઈ, મોજે. રાણ, મેવાસા, વિરપુર, આસોટા તેમજ આસપાસના વિસ્તારમાં સમયાંતરે ચેકીંગની કામગીરી કરવામાં આવેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

| **અનુ. નં.** | **લીઝધારકનું નામ** | **ખનિજ** | **સર્વે નંબર** | **ગામ** | **તાલુકો** | **વિસ્તાર (હેક્ટ.)** | **લીઝ ચાલુ થયા તારીખ** | **કેટલા સમય માટે આપેલ** |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સૌરાષ્ટ્ર સીમેન્ટ & કેમીકલ્સ | બોકસાઈટ | ૨૪૭ | રણ | કલ્યાણપુર | ૩૨.૩૭.૪૮ | ૨૬-૦૭-૧૯૭૮ | ૩૧-૦૩-૨૦૩૦ |

- - - - - - - - - - - - - -

**રાજ્યમાં થયેલ મહોત્સવોનું આયોજન અને ખર્ચ**

અતારાંકિત: ૪૫૬ (૧૬-૦૬-૨૦૨૩) **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રે પર્યટકોને આકર્ષવા છેલ્લા ત્રણ વર્ષમાં કયા-કયા મહોત્સવોનું આયોજન કરવામાં આવ્યું અને તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો.

(૨) ઉક્ત ખર્ચ પૈકી ટીવી, અખબારની જાહેરાત, હોટલ, વાહન, ડેકોરેશન તેમજ અન્ય પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયો, અને

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહોત્સવ દીઠ કેટલા વિદેશી પર્યટકોએ ભાગ લીધો?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૦૨-૦૮-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રે પર્યટકોને આકર્ષવા છેલ્લા ત્રણ વર્ષમાં આયોજન કરવામાં આવેલ મહોત્સવોની વિગત તથા તે અંગે થયેલ ખર્ચની વિગત :

| **મહોત્સવનું નામ** | **વર્ષ/ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|

| | ૦૧/૦૪/૨૦ થી ૩૧-૦૩/૨૧ | ૦૧/૦૪/૨૧ થી ૩૧-૦૩/૨૨ | ૦૧/૦૪/૨૨ થી ૩૧-૦૩/૨૩ |
|---|---|---|---|
| આઝાદી કા અમૃત મહોત્સવ (આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી) | ૮૦૬.૫૭ | - | - |
| રણ ઉત્સવ/પ્રવાસી સુવિધા | ૫૬૬.૬૫ | ૧૨૩૦.૦૫ | ૫૦૨.૫૩ |
| આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ | - | - | ૪૫૨.૩૨ |
| માધવપુર મેળો | - | - | ૮૪૭.૨૫ |
| નવરાત્રિ ફેસ્ટિવલ | - | ૩૫૫.૪૩ | ૬૬૭.૯૧ |
| સાપુતારા મોન્સુન ફેસ્ટિવલ (મેઘ મલ્હાર પર્વ) | - | ૧૬૨.૫ | ૨૮.૬૧ |
| રંગ છે મેઘાણી (મલ્ટીમીડિયા શો) | - | ૪૮.૬૦ | - |
| ગાંધી જયંતિ મહોત્સવ | - | ૩૬.૪૮ | ૩૮.૬૭ |
| ધોળાવીરા ઉત્સવ | - | ૧૧૩.૮૮ | - |
| શિવ વંદના | - | ૧૯.૪૭ | - |
| ડાંગ દરબાર | - | ૮૦.૦૦ | - |
| ૯૨ મી દાંડી માર્ચ નિમિત્તે કલ્ચરલ ઈવેન્ટ | - | ૧૫.૦૦ | - |
| રાષ્ટ્રીય મેંગો ફેસ્ટિવલ | - | - | ૧૬૪.૧૮ |
| ટ્રાઈબલ ડે | - | - | ૩૦૦.૦૦ |
| વિલ્સન હિલ ખાતે મોન્સુન ફેસ્ટિવલ | - | - | ૫.૦૦ |
| નાગર અસ્મિતા ઉત્તમનો ઉત્સવ | - | - | ૫.૦૬ |
| મેરાથોન ઈવેન્ટ (અસરદાર થી સરદાર) | - | - | ૪૦.૦૦ |
| હેરિટેજ ફેસ્ટિવલ | - | - | ૪૦૦.૦૨ |
| પંચ મહોત્સવ | - | - | ૨૩૧.૦૦ |
| ઋષિ વંદના | - | - | ૧.૫૦ |
| હેરિટેજ વોક | - | - | ૦.૨૨ |
| તરણેતર મેળો | - | - | ૭૦.૭૩ |
| કવિ સંમેલન | - | - | ૪૨.૩૮ |
| શ્રાવણ માસમાં કલ્ચરલ પ્રોગ્રામ | - | - | ૭૦.૮૦ |
| દાંડી તથા સુરત ખાતે કલ્ચરલ ઈવેન્ટ | - | - | ૮૯.૬૨ |

પ્રવાસન નિગમ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ બ્રાન્ડિંગ (અમદાવાદ થી દાંડી રૂટ), ટ્રાન્સપોર્ટેશન તથા અન્ય આનુષંગિક કામગીરી કરવામાં આવેલ.

(૨) ઉક્ત ખર્ચ પૈકી ટીવી – અખબારની જાહેરાત, હોટલ, વાહન, ડેકોરેશન તેમજ અન્ય પાછળ નીચે મુજબનો ખર્ચ થયેલ.

| ક્રમ | વિગત | વર્ષ/ખર્ચ (રૂ. લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | ૦૧/૦૪/૨૦ થી ૩૧-૦૩/૨૧ | ૦૧/૦૪/૨૧ થી ૩૧-૦૩/૨૨ | ૦૧/૦૪/૨૨ થી ૩૧-૦૩/૨૩ |
| ૧ | TV - અખબાર જાહેરાત | - | - | ૧૦૩.૩૮ |
| ૨ | હોટલ | ૫.૮૧ | ૦.૫ | ૫૭.૯૪ |
| ૩ | વાહન | ૩૦.૨૫ | ૦.૨૭ | ૨૨૪.૯૬ |
| ૪ | ડેકોરેશન અને અન્ય (મેળા અને ઉત્સવોની ઉજવણી) | ૧૩૩૭.૧૬ | ૨૦૬૦.૬૪ | ૩૫૭૧.૫૨ |

(૩) મહોત્સવ દીઠ નીચેની વિગતે વિદેશી પર્યટકોએ ભાગ લીધેલ :

| ક્રમ | મહોત્સવનું નામ | વિદેશી પર્યટકોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૦૧/૦૪/૨૦ થી ૩૧-૦૩/૨૧ | ૦૧/૦૪/૨૧ થી ૩૧-૦૩/૨૨ | ૦૧/૦૪/૨૨ થી ૩૧-૦૩/૨૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | રણ ઉત્સવ | ૫૭ | ૬૨ | ૯૬૭ |
| ૨ | આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ | - | - | ૨૦૬ |

વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન થયેલ મહોત્સવમાં ફૂટફોલની વિગતો મેળવેલ છે. પરંતુ અલગથી વિદેશી પ્રવાસીઓની વિગતો એકત્ર કરવામાં આવેલ નથી.

- - - - - - - - - - - - - -

**રાજ્યમાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાણવણી ગ્રાન્ટ**

અતારાંકિત: ૬૦૦ (૦૩-૦૭-૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગોની જાણવણી માટે ગ્રાન્ટ ફાળવણી અંગે સરકારે કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૩) તે અન્વયે જિલ્લાવાર ક્યા-ક્યા માર્ગોની જાળવણી માટે કેટલી રકમ વાપરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) : (૦૫-૦૮-૨૦૨૩)

(૧) હા, જી.

(૨) પત્રક-અ મુજબ.

(૩) પત્રક-બ મુજબ.

**પત્રક-અ**

| **ક્રમ નં.** | **જિલ્લો** | **વર્ષ ૨૦૨૦-૨૧માં ફાળવેલ ગ્રાન્ટની રકમ (રૂ. લાખમાં)** |
|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | રૂ. ૬૧૦.૩૫ |
| ૨ | પાટણ | રૂ. ૬૨૫.૦૦ |
| ૩ | દેવભૂમિ દ્વારકા | રૂ. ૧૧૦.૨૯ |
| ૪ | છોટાઉદેપુર | રૂ. ૧૦૯.૦૮ |
| ૫ | પંચમહાલ | રૂ. ૪૫.૨૭ |
| **ક્રમ નં.** | **જિલ્લો** | **વર્ષ ૨૦૨૧-૨૨માં ફાળવેલ ગ્રાન્ટની રકમ (રૂ. લાખમાં)** |
| ૧ | પંચમહાલ | રૂ. ૪૩૪.૦૩ |
| ૨ | પાટણ | રૂ. ૯૦.૦૦ |
| ૩ | બોટાદ | રૂ. ૬૫.૪૪ |
| ૪ | ભરૂચ | રૂ. ૧૨૮.૮૬ |
| ૫ | નવસારી | રૂ. ૨૭૦.૬૧ |
| ૬ | સુરેન્દ્રનગર | રૂ. ૧૧.૦૪ |
| **ક્રમ નં.** | **જિલ્લો** | **વર્ષ ૨૦૨૨-૨૩માં ફાળવેલ ગ્રાન્ટની રકમ (રૂ. લાખમાં)** |
| ૧ | મહેસાણા | રૂ. ૩૦૩.૦૩ |
| ૨ | નવસારી | રૂ. ૧૪૬.૯૩ |
| ૩ | છોટાઉદેપુર | રૂ. ૬૮.૧૬ |
| ૪ | સુરેન્દ્રનગર | રૂ. ૪૮૧.૮૬ |

**પત્રક-બ**

| **ક્રમ નં.** | **જિલ્લો** | **કામની વિગત (માર્ગોની જાળવણી)** | **વર્ષ ૨૦૨૦-૨૧માં ફાળવેલ રકમ (રૂ. લાખમાં)** |
|---|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | સાપર-ધાંધલપર રોડનું રીસર્ફેસિંગ | રૂ. ૨૨૦.૯૯ |

| | | | |
|---|---|---|---|
| | | સાયલા-કેરાળા-વડીયા રોડનું બાંધકામ | રૂ. ૩૮૯.૩૬ |
| ૨ | પાટણ | સ્ટેટ હાઈવેથી ખોલવાડા ગામથી સરસ્વતી નદી ક્વોરી તરફનો રોડ | રૂ. ૪૦૦.૦૦ |
| | | દેથળી સિદ્ધપુર રોડથી સરસ્વતી નદી લીઝ તરફનો વડીયાપરા સુધીનો રોડ | રૂ. ૨૨૫.૦૦ |
| ૩ | દેવભૂમિ દ્વારકા | ૦૨ કોઝ-વેનું કામ કંચનપુરથી લીઝ વિસ્તાર રોડ | રૂ. ૨૭.૮૫ |
| | | કન્સ્ટ્રક્શન ઑફ ડામર રોડ, કંચનપુર ગામથી લીઝ વિસ્તાર | રૂ. ૮૨.૪૪ |
| ૪ | છોટાઉદેપુર | જેતપુર પાવી-કદવાલ રોડથી ઘૂંટવડ ગ્રેનાઈટ ક્વોરી | રૂ. ૧૦૯.૦૮ |
| ૫ | પંચમહાલ | ગોઠડા સ્મશાન રોડ | રૂ. ૪૫.૨૭ |
| **ક્રમ નં.** | **જિલ્લો** | **કામની વિગત (માર્ગોની જાળવણી)** | **વર્ષ ૨૦૨૧-૨૨માં ફાળવેલ રકમ (રૂ. લાખમાં)** |
| ૧ | પંચમહાલ | ગોઠડા સ્મશાન રોડ | રૂ. ૫૪.૩૨ |
| | | ભમરાના મુવાડા સ્મશાન રોડ | રૂ. ૯૯.૯૯ |
| | | લીટલ ગોઠડા સ્મશાન રોડ | રૂ. ૧૧૯.૯૧ |
| | | ટીંબા ચાંચિયાના ટેકરા રોડ | રૂ. ૮૪.૮૧ |
| | | ગોઠડાથી ભમરાના મુવાડા રોડ ડીપનું કામ | રૂ. ૭૪.૯૮ |
| ૨ | પાટણ | રૂની ગામથી લીઝ સુધી તથા લીઝથી પાટણ સિદ્ધપુર રોડ સુધીનો રોડ | રૂ. ૯૦.૦૦ |
| ૩ | બોટાદ | હડદડથી ઢાંકણીયા ક્વોરી સાઈટનું બાંધકામ | રૂ. ૬૫.૪૪ |
| ૪ | ભરૂચ | આમોદ ગૃપ ગ્રામ પંચાયતમાં આવેલ ભુરી ગામનો મુખ્ય રસ્તો | રૂ. ૭૯.૬૯ |
| | | રાજપારડી પડવાણીયા ઘરોલુઈ રોડને પહોળો અને સીધો કરવાનું કામ | રૂ. ૪૯.૧૭ |
| ૫ | નવસારી | અઢારપીરથી લક્ષ્મી ક્વોરી રેઠવાણીયા ઇગલ ક્વોરીથી ઉમિયા ક્વોરીથી દેગામ વાવ ફળિયા રોડનું બાંધકામ | રૂ. ૧૯૮.૬૨ |
| | | યુનિયન ક્વોરીથી બામનવેલ પાટિયા જોઈનીંગ રોડનું બાંધકામ | રૂ. ૪૩.૯૨ |
| | | ખેરગામ મીશન, ફલિયાથી રૂઝવણી ડેબરપાડા રોડને પહોળો તથા સીધો કરવાનું કામ અને રીસર્ફેસીંગનું કામ | રૂ. ૨૮.૦૬ |
| | | ગૌરી ડેબરપાડા આછવણી રોડ | |
| ૬ | સુરેન્દ્રનગર | સાપર-ધાંધલપુર રોડનું રીસર્ફેસીંગ | રૂ. ૧૧.૦૪ |
| **ક્રમ નં.** | **જિલ્લો** | **કામની વિગત (માર્ગોની જાળવણી)** | **વર્ષ ૨૦૨૨-૨૩માં ફાળવેલ રકમ (રૂ. લાખમાં)** |
| ૧ | મહેસાણા | કોટ ગામના વડથી સ્કૂલ થઈ હનુમાન મંદિરથી નદી સુધીનો સી.સી રોડ | રૂ. ૨૧૨.૫૭ |
| | | વિજાપુર તાલુકાના હીરાપુર ગામથી ઘુનાર ગામ સુધીનો આર.સી રોડ ૭૦૦ મીટર | રૂ. ૯૦.૪૬ |
| ૨ | નવસારી | ખેરગામ મીશન ફલિયાથી રૂઝવણી ડેબરપાડા રોડને પહોળો તથા સીધો કરવાનું કામ અને રીસર્ફેસીંગનું કામ | રૂ. ૧૪૬.૯૩ |
| | | ગૌરી ડેબરપાડા આછવણી રોડ | |
| ૩ | છોટાઉદેપુર | જસ્કી ગામથી બ્લેકટ્રેપ લીઝ તરફનો ૦૧ કિ.મી રોડ | રૂ. ૬૮.૧૬ |

| | | | |
|---|---|---|---|
| ૪ | સુરેન્દ્રનગર | જૂના જસાપર એપ્રોચ રોડ | રૂ. ૪૮૧.૮૬ |

- - - - - - - - - - - - - -

**રાજ્યમાં સ્થાનિકોને રોજગારી આપવાની જોગવાઈનું ઉલ્લંઘન**

અતારાંકિત : ૧૯૬ (૧૫-૦૫-૨૦૨૩) **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કેટલા ઔદ્યોગિક એકમોએ સ્થાનિક બેરોજગારોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરેલ છે, અને

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલા એકમો સામે શાં પગલાં ભરવામાં આવ્યા ?

**માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી :** (૩૧-૦૭-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી જળવાતી નથી તેવા ઔદ્યોગિક એકમોની વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | નિયત ટકાવારી જળવાતી નથી તેવા ઔદ્યોગિક એકમોની સંખ્યા |
|---|---|---|
| ૦૧ | ૨૦૨૦ | ૧૦૪ |
| ૦૨ | ૨૦૨૧ | ૯૨ |
| ૦૩ | ૨૦૨૨ | ૯૯ |

નોંધ: શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ના ઠરાવની જોગવાઇ અન્વયે દર છ માસે જૂન અંતિત અને ડીસેમ્બર અંતિત સ્થાનિક રોજગારીની માહિતી એકત્ર કરવામાં આવે છે, જે મુજબ માહિતી તૈયાર કરવામાં આવેલ છે.

(૨) શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ ઠરાવ મુજબ એકમો સામે પગલાં લેવાની જોગવાઈ નથી છતાં સ્થાનિકોની નિયત ટકાવારી ન જળવાતી હોય તેવા ઉક્ત વર્ષ- ૨૦૨૦ ના ૧૦૪ એકમો વર્ષ-૨૦૨૧ ના ૯૨ – એકમો એકમો વર્ષ-૨૦૨૨ ના ૯૯ એકમોને રોજગાર કચેરીઓ દ્વારા અર્ધ સરકારી પત્રો પાઠવવામાં આવેલ, નાયબ નિયામક(રોજગાર), પ્રાદેશિક કચેરી(રોજગાર)ના અધ્યક્ષસ્થાને બેઠક યોજી ઠરાવની જોગવાઈનું પાલન થવા અંગે સમજ આપવામાં આવેલ, રોજગાર કચેરી દ્વારા સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા વેરા કચેરી અને રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા ઉદ્યોગ કમિશનરની કચેરીને સ્થાનિકોની ટકાવારી ન જાળવતાં એકમોની યાદી મોકલવામાં આવેલ અને રોજગાર કચેરીઓ દ્વારા ઔદ્યોગિક ભરતી મેળા યોજવામાં આવેલ. જેની વર્ષવાર વિગતો આ સાથે પત્રક અ* (૩) માં સામેલ છે. અ(૧), અ(૨) અને ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી દ્વારા ખાનગી એકમો સામે ભરવામાં આવેલ પગલાં અંગેની વિગતો આ સાથે પત્રક – બ*માં સામેલ છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - - - - - - -

**રાજ્યમાં સ્થાનિકોને રોજગારી આપવાની જોગવાઈનું ઉલ્લંઘન**

અતારાંકિત : ૨૨૮ (૨૦-૦૫-૨૦૨૩) **શ્રી અમિત ચાવડા** (આંકલાવ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કેટલા ઔદ્યોગિક એકમોએ સ્થાનિક બેરોજગારોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરેલ છે, અને

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલા એકમો સામે શાં પગલાં ભરવામાં આવ્યા?

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી :** (૩૧-૦૭-૨૦૨૩)

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી જળવાતી નથી તેવા ઔદ્યોગિક એકમોની વર્ષવાર અને જિલ્લાવાર વિગત "પત્રક-અ" મુજબ આ સાથે સામેલ છે.

નોંધ: શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ના ઠરાવની જોગવાઇ અન્વયે દર છ માસે જૂન અંતિત અને ડીસેમ્બર અંતિત સ્થાનિક રોજગારીની માહિતી એકત્ર કરવામાં આવે છે, જે મુજબ માહિતી આપેલ છે.

(૨) શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ ઠરાવ મુજબ એકમો સામે પગલાં લેવાની જોગવાઇ નથી પરંતુ ઉક્ત "*પત્રક-અ" માં દર્શાવેલ એકમોને રોજગાર કચેરીઓ દ્વારા અર્ધ સરકારી પત્રો પાઠવવામાં આવેલ,

નાયબ નિયમાક (રોજગાર), પ્રાદેશિક કચેરી (રોજગાર)ના અધ્યક્ષ સ્થાને બેઠક યોજી ઠરાવની જોગવાઈનું પાલન થવા અંગે સમજ આપવામાં આવેલ, તેમજ રોજગાર કચેરી દ્વારા સબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા વેરા કચેરી અને રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા ઉદ્યોગ કમિશનરની કચેરીને સ્થાનિકોની ટકાવારી ન જાળવતા એકમોની યાદી મોકલવામાં આવેલ છે. તેમજ રોજગાર કચેરીઓ દ્વારા ઔદ્યોગિક ભરતીમેળા યોજવામાં આવેલ જેની વિગતો આ સાથે * "પત્રક-૧ થી ૩" માં સામેલ છે.

ઉદ્યોગ કમિશનરની કચેરી દ્વારા ખાનગી એકમો સામે ભરવામાં આવેલ પગલાંની વિગતો * "પત્રક-બ" માં આ સાથે સામેલ છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - - - - - - -

**રાજ્યમાં બાંધકામની સાઈટો પર અકસ્માત**

અતારાંકિત: ૫૩૫ (૧૬-૦૬-૨૦૨૩) **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ ની સ્થિતિ એ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં શહેર/જિલ્લાવાર બાંધકામની સાઇટો પર કામ કરતા હોય તેવી જગ્યામાં કેટલા અકસ્માત થયા, કેટલા શ્રમિકો ઘાયલ થયા અને કેટલાં મૃત્યુ પામ્યા ?

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ વર્ષવાર કેટલા કિસ્સામાં આ ઘટનાઓની એફ.આઇ.આર. નોંધાઇ અને કેટલા કિસ્સામાં એફ.આઇ.આર. ન નોંધાવાઇ,

(૩) ઉકત થયેલ અકસ્માતોમાં એફ.આઇ.આર. નહિં નોંધાવનાર સામે શા પગલાં લેવાયા, અને

(૪) આવી ઘટનાઓમાં ફરજીયાત એફ.આઇ.આર. નોંધાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી :** (૨૬-૦૭-૨૦૨૩)

(૧) એનેક્ષર-૧ મુજબ

(૨) નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી દ્વારા કુલ-૧૩૭ પ્રાણઘાતક અકસ્માતના દરેક કિસ્સામાં ધી બિલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન ઓફ સર્વિસ) એકટ ૧૯૯૬ ની જોગવાઈઓના ભંગ સબબ જ્યુડીશીયલ ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષની કોર્ટમાં ફોજદારી કેસ દાખલ કરવામાં આવેલ છે.

(૩) પેટાખંડ(૨) ના જવાબ અનુસંધાને લાગુ પડતું નથી.

(૪) પેટાખંડ(૨) ના જવાબ અનુસંધાને લાગુ પડતું નથી.

| ક્રમ નં | જિલ્લા | પ્રાણઘાતક અકસ્માતની સંખ્યા | | | ઘાયલ શ્રમિકોની સંખ્યા | | | મૃત્યુ પામેલ શ્રમિકોની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૦૧-૦૪-૨૦૨૦ થી ૩૧-૦૩-૨૦૨૧ | ૦૧-૦૪-૨૦૨૧ થી ૩૧-૦૩-૨૦૨૨ | ૦૧-૦૪-૨૦૨૨ થી ૩૧-૦૩-૨૦૨૩ | ૦૧-૦૪-૨૦૨૦ થી ૩૧-૦૩-૨૦૨૧ | ૦૧-૦૪-૨૦૨૧ થી ૩૧-૦૩-૨૦૨૨ | ૦૧-૦૪-૨૦૨૨ થી ૩૧-૦૩-૨૦૨૩ | ૦૧-૦૪-૨૦૨૦ થી ૩૧-૦૩-૨૦૨૧ | ૦૧-૦૪-૨૦૨૧ થી ૩૧-૦૩-૨૦૨૨ | ૦૧-૦૪-૨૦૨૨ થી ૩૧-૦૩-૨૦૨૩ |
| 1 | અમદાવાદ | ૫ | ૧૧ | ૯ | ૧ | ૦ | ૪ | ૫ | ૧૧ | ૧૮ |
| 2 | ગાંધીનગર | ૪ | ૪ | ૯ | ૦ | ૦ | ૩ | ૫ | ૪ | ૯ |
| ૩ | સાબરકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| 4 | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| 5 | મહેસાણા | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૨ | ૨ | ૦ | ૨ |
| 6 | પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| 7 | બનાસકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| 8 | સુરત | ૬ | ૫ | ૩ | ૨ | ૩ | ૦ | ૧૦ | ૬ | ૪ |
| 9 | તાપી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| 10 | વલસાડ | ૪ | ૨ | ૨ | ૦ | ૧ | ૦ | ૪ | ૨ | ૨ |
| 11 | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| 12 | નવસારી | ૨ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ | ૧ | ૧ |
| 1૩ | ભરૂચ | ૫ | ૫ | ૬ | ૦ | ૦ | ૦ | ૫ | ૬ | ૬ |
| 14 | નર્મદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| 15 | વડોદરા | ૬ | ૪ | ૪ | ૦ | ૦ | ૧ | ૬ | ૪ | ૪ |
| 16 | છોટાઉદેપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

| ક્રમ નં | જિલ્લા | પ્રાણઘાતક અકસ્માતની સંખ્યા | | | ઘાયલ શ્રમિકોની સંખ્યા | | | મૃત્યુ પામેલ શ્રમિકોની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૦૧-૦૪-૨૦૨૦ થી ૩૧-૦૩-૨૦૨૧ | ૦૧-૦૪-૨૦૨૧ થી ૩૧-૦૩-૨૦૨૨ | ૦૧-૦૪-૨૦૨૨ થી ૩૧-૦૩-૨૦૨૩ | ૦૧-૦૪-૨૦૨૦ થી ૩૧-૦૩-૨૦૨૧ | ૦૧-૦૪-૨૦૨૧ થી ૩૧-૦૩-૨૦૨૨ | ૦૧-૦૪-૨૦૨૨ થી ૩૧-૦૩-૨૦૨૩ | ૦૧-૦૪-૨૦૨૦ થી ૩૧-૦૩-૨૦૨૧ | ૦૧-૦૪-૨૦૨૧ થી ૩૧-૦૩-૨૦૨૨ | ૦૧-૦૪-૨૦૨૨ થી ૩૧-૦૩-૨૦૨૩ |
| 17 | આણંદ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| 18 | ખેડા | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| 19 | મહીસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| 20 | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| 21 | પંચમહાલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| 22 | રાજકોટ | ૯ | ૪ | ૯ | ૦ | ૦ | ૦ | ૯ | ૪ | ૯ |
| 2૩ | મોરબી | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| 24 | સુરેંદ્રનગર | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ |
| 25 | જામનગર | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૦ |
| 26 | દેવભુમી દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| 27 | ભાવનગર | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| 28 | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| 29 | જૂનાગઢ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૩0 | ગીર-સોમનાથ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩1 | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩2 | અમરેલી | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૩૩ | કચ્છ | ૦ | ૨ | ૧ | ૦ | ૪ | ૦ | ૦ | ૩ | ૧ |
| | **Total** | **૪૬** | **૪૩** | **૪૮** | **૪** | **૮** | **૧૦** | **૫૧** | **૪૭** | **૫૮** |

- - - - - - - - - - - - - - -

## રાજ્યમાં ગ્રામ્ય ન્યાયાલયની સ્થાપના

અતારાંકિત : ૪૩૫ (૦૯-૦૬-૨૦૨૩) **શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા**(પોરબંદર) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ ની સ્થિતિએ ગ્રામ્ય ન્યાયાલય એક્ટ-૨૦૦૯ અન્વયે ગુજરાતમાં એકપણ જિલ્લામાં ગ્રામ્ય ન્યાયાલય સ્થાપના કરવામાં આવી નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણો શાં છે, અને

(૩) રાજ્યમાં જિલ્લાવાર ગ્રામ્ય ન્યાયાલય ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે ?

**કાયદા મંત્રીશ્રી :** (૨૮-૦૭-૨૦૨૩)

(૧) હા.જી.

(૨) રાજ્યના દરેક તાલુકાઓમાં ફુલ ટાઇમ કોર્ટ્સની સ્થાપના કરવામાં આવેલ હોઇ, હાલમાં રાજ્યમાં ગ્રામ ન્યાયલયની સ્થાપના બાબતે વધુ વિચારણા કરવાની જરૂરીયાત જણાતી નથી. તેમ નામ.વડી અદાલતે જણાવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - - - - - - - -

## ગ્રામ ન્યાયાલયોને કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

અતારાંકિત : ૪૬૧ (૧૬-૦૫-૨૦૨૩) **શ્રી કાન્તીભાઇ ખરાડી** : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા.૩૧-૦૩-૨૦૧૩ ની સ્થિતિએ ગ્રામ ન્યાયાલયો સહિત ન્યાય તંત્રની માળખાકીય સુવિધાઓના વિકાસ માટે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને કોઇ રકમ મળે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો અંગે કેટલી રકમ વણ વપરાયેલી રહી ?

**કાયદા મંત્રીશ્રી :** (૦૫-૦૮-૨૦૨૩)

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) ગ્રામ ન્યાયલયની સ્થાપના બાબતે નામ.વડીઅદાલતે જણાવેલ છે કે, રાજ્યના દરેક તાલુકાઓમાં ફુલ ટાઇમ કોર્ટ્સની સ્થાપના કરવામાં આવેલ હોઇ, હાલમાં રાજ્યમાં ગ્રામ ન્યાયાલયની સ્થાપ્ના કરવી ઉચિત જણાતી નથી. ગ્રામ ન્યાયાલયો સિવાયની ન્યાયતંત્રની માળખાકીય સુવિધાઓના વિકાસ માટે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને રકમ મળે છે.

(૨) ગ્રામ ન્યાયાલયો સિવાયના ન્યાયતંત્રમાં માળખાગત સુવિધાઓના વિકાસ માટે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને ફાળવેલ રકમ વર્ષવાર નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ છે.

| **ક્રમ** | **વર્ષ** | **કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ (કરોડમાં)** |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૧૩.૫૦ |
| ૨ | ૨૦૨૧-૨૨ | ૦.૦૦ |
| ૩ | ૨૦૨૨-૨૩ | ૬.૨૨ |

(૩) ગ્રામ ન્યાયાલયો સિવાયના ન્યાયતંત્રમાં માળખાગત સુવિધાઓના વિકાસ બાબતે કરવામાં આવેલ ખર્ચ તથા વણવપરાયેલ રકમ વર્ષવાર નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ છે.

| **ક્રમ** | **વર્ષ** | **વર્ષવાર ખર્ચ થયેલ રકમ (કરોડમાં)** | **વર્ષવાર વણવપરાયેલ રકમ (કરોડમાં)** |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૭.૨૫ | ૬.૨૫ |
| ૨ | ૨૦૨૧-૨૨ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩ | ૨૦૨૨-૨૩ | ૬.૨૫ (૨૦૨૦-૨૧)ની બચત રહેલ રકમનો ખર્ચ થયેલ છે. | ૬.૨૨ (વર્ષ ૨૦૨૨-૨૩ના અંતમાં ફાળવાયેલ છે. જેનો ખર્ચ આગામી વર્ષમાં થશે. |

- - - - - - - - - - - - - -

**વઢવાણ તાલુકાના ખોલડીયાદ ગામનું તળાવ ભરવા બાબત.**

અતારાંકિત : ૨૫૦ (૦૪-૫-૨૦૨૩) **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા.૩૦-૦૪-૨૦૨૩ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકામાં આવેલ ખોલડીયાદ ગામનું તળાવ સૌની યોજના અન્વયે ભરવામાં આવેલ નથી, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઉક્ત તળાવ ભરવા સરકારે શા પ્રયાસો કર્યા, અને

(૩) ઉક્ત તળાવ સૌની યોજના અન્વયે ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૨૪-૦૭-૨૦૨૩)

(૧) હા

(૨) વઢવાણ તાલુકાના ખોલડીયાદ ગામના તળાવને સૌની યોજના થકી ભરવા અંગે સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ, મુળી તથા સાયલા તાલુકાના ૩૮ ગામોને નર્મદાના પાણીથી જોડી સિંચાઈનો લાભ આપવા બાબતની યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે. ઉક્ત યોજનાના સર્વેક્ષણની કામગીરી અર્થે પ્રોજેક્ટ કન્સલ્ટન્સીની નિમણૂક કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

(૩) ઉક્ત તળાવને સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ, મુળી તથા સાયલા તાલુકાના ૩૮ ગામોને નર્મદાના પાણીથી જોડી સિંચાઈનો લાભ આપવા બાબતની યોજનાની સર્વેક્ષણની કામગીરી અર્થે પ્રોજેક્ટ કન્સલ્ટન્સીની નિમણૂક થયે વિગતવાર નકશા/અંદાજો તૈયાર થયા બાદ વિવિધ મંજુરી મળ્યા બાદ નાણાંકીય ઉપલબ્ધિ અનુસાર પૂર્ણ કરવાનું આયોજન છે.

- - - - - - - - - - - - - -

**રાજ્યમાં જળાશયોના સ્થળ ઉપર આઉટ સોર્સિંગથી ભરતી**

અતારાંકિત : ૫૦૧ (૦૫-૦૬-૨૦૨૩) **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જળાશયોના સ્થળ ઉપર એન્જીનીયર, વાયરલેસ ઓપરેટર અને ગઇટમેન જેવા કાયમી ટેક્નીકલ સ્ટાફની કેટલી જગ્યાઓ આઉટ સોર્સીંગથી ભરવામાં આવેલ છે,

(૨) ઉક્ત જળાશયો ઉપર બિનઅનુભવી સ્ટાફ આઉટ સોર્સીંગથી ભરતી કરવાના કારણો શા છે,

(૩) ઉક્ત સ્ટાફ કઇ એજન્સી દ્વારા પુરો પાડવામાં આવે છે,

(૪) ઉક્ત સ્ટાફને કેડર પ્રમાણે એક કર્મચારીદીઠ માસિક કેટલું વેતન ચૂકવવામાં આવે છે, અને

(૫) ઉક્ત સ્થિતિએ ઉક્ત જળાશયો ઉપર આઉટ સોર્સીંગના બદલે કાયમી સ્ટાફની ભરતી ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૦૨-૦૮-૨૦૨૩)

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જળાશયોના સ્થળ ઉપર એન્જીનીયર સંવર્ગના સ્ટાફની જગ્યાઓ આઉટ સોર્સીંગથી ભરવામાં આવેલ નથી. જળાશયોના સ્થળે તાંત્રિક કામગીરી કરવા માટે કુલ ૪૮ જગ્યાઓ આઉટ સોર્સીંગથી ભરવામાં આવેલ છે.

(૨) સરકારશ્રીમાં વખતો વખત થતી વયનિવૃત્તિના કારણે ડેમ પર નિયમિત હાથ ધરવાની થતી કામગીરી માટે પૂરતો સ્ટાફ ઉપ્લબ્ધ ન હોવાથી તેમજ ચોમાસા દરમિયાન જળાશયોનું લેવલ તથા વરસાદના આંકડા પૂર નિયંત્રણ કક્ષા સુધી પહોંચાડવા કોઇ અગવડ ન પડે તે હેતુથી આઉટસોર્સીંગ સ્ટાફની સેવાઓ લેવામાં આવે છે તથા બંધ સુરક્ષાની અગત્યની કામગીરીને અનુલક્ષીને જગ્યાઓ આઉટ સોર્સીંગથી ભરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્ટાફ નીચેની એજન્સી દ્વારા પૂરો પાડવામાં આવે છે.

(૧) મે. ઇન્ડિયન આર્મર સર્વિસીસ વડોદરા

(૨) બાલાજી મેન પાવર સપ્લાયર-સુરત,

(૩) એ.સી. કન્સ્ટ્રક્શન – વડોદરા,ક્રિષ્ણા એન્ટરપ્રાઇસ – વડોદરા,

(૪) દેવી દુર્ગા કન્સ્ટ્રક્શન એન્ડ સીક્યોરીટીસ, મુ. જીતનગર, તા. નાંદોદ

(૫) શુભમ એન્ટરપ્રાઇસ – મહેસાણા

(૬) પટેલ એન્ટરપ્રાઇઝ, બારડોલી

(૪) ઉક્ત આઉટસોર્સ કામગીરી માટે દરેક વ્યક્તિદીઠ માસિક રૂ.૧૯૩૪૨/- વેતન ચૂકવવામાં આવે છે.

(૫) વિભાગ દ્વારા આ જગ્યાઓ સત્વરે નિયમીત નિમણૂકથી ભરવા માટેનું આયોજન કરવામાં આવેલ છે.

- - - - - - - - - - - - - -

**કલ્યાણપુર તાલુકાના ગામોમાં પાણી પૂરું પાડવા બાબત**

અતારાંકિત : ૫૪૫ (૦૯-૦૬-૨૦૨૩) **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ડાંગરવડ, ગોરાણા, રાણપરડા અને ચંદ્રાવાડા ગામોને જુથ પાણી પુરવઠા યોજના હેઠળ પાણી પૂરું પાડવા માટે આવરી લેવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત ગામવાર વસ્તી મુજબ પાણીની જરૂરીયાત કેટલી છે,

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત ગામવાર દૈનિક કેટલું પાણી પૂરું પાડવામાં આવે છે,

(૪) ઉક્ત ગામોમાં પાણી પુરવઠો ચાલુ ના હોય તો તેના કારણો શા છે અને તે કયારથી બંધ છે, અને

(૫) ઉક્ત બંધ પાણી પુરવઠો કયાં સુધીમાં ચાલુ કરવામાં આવશે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :** (૦૫-૦૮-૨૦૨૩)

(૧) હા, જી.

(૨) નીચેની વિગતે, અને (૩)

| ગામનું નામ | વસ્તી મુજબ પાણીની જરૂરીયાત (લિટર/દિવસ) | ગામવાર દૈનિક પૂરું પાડવામાં આવતો પાણીનો જથ્થો (લિટર) |
|---|---|---|
| ડાંગરવાડ | ૧,૨૦,૭૫૦ | ૧,૨૦,૭૫૦ |
| ગોરાણા | ૨,૮૦,૩૫૦ | ૨,૮૦,૩૫૦ |
| રાણપરડા | ૫૩,૦૦૦ | ૫૩,૦૦૦ |
| ચંદ્રાવાડ | ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - - - - - - -

**રાજ્યમાં પાણી શુદ્ધીકરણ માટેના પ્લાન્ટ**

અતારાંકિત : ૬૪૮ (૨૨-૦૬-૨૦૨૩) **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૩ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૭માં પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણી શુદ્ધીકરણ અને ગુણવત્તા સુધારણા માટે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત કરવામાં આવેલ એમ.ઓ.યુ. પૈકી ખારાશ નિવારણ (ડીસેલીનેશન) માટે કેટલા એમ.ઓ.યુ. થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત એમ.ઓ.યુ. પૈકી કેટલા ડીસેલીનેશન પ્લાન્ટ કાર્યરત થયા ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :** (૦૫-૦૮-૨૦૨૩)

(૧) હા

(૨) ઉક્ત કરવામાં આવેલ એમ.ઓ.યુ. પૈકી ખારાશ નિવારણ (ડીસેલીનેશન) માટે કુલ ૭ એમ.ઓ.યુ. કરવામાં આવેલ.

(૩) એક પણ નહી.

- - - - - - - - - - - - - -

**રાજ્યમાં પાણી શુદ્ધીકરણ માટેના પ્લાન્ટ**

અતારાંકિત : ૬૫૫ (૨૨-૦૬-૨૦૨૩) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૭માં પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણી શુદ્ધીકરણ અને ગુણવત્તા સુધારણા માટે કરવામાં આવેલ એમ.ઓ.યુ. પૈકી ખારાશ નિવારણ (ડિસેલીનેશન) માટે ૭ એમ.ઓ.યુ. કરવામાં આવેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૦૩-૨૩ની સ્થિતિએ કરવામાં આવેલ એમ.ઓ.યુ. કોના દ્વારા અને કયા સ્થળે કયારે ઉક્ત પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યા,

(૩) કોના દ્વારા કરવામાં આવેલ એમ.ઓ.યુ. અન્વયે કયા સ્થળે ઉક્ત પ્લાન્ટ પ્રગતિ હેઠળ છે, અને

(૪) ઉક્ત એમ.ઓ.યુ. પૈકી કોના દ્વારા કુલ કેટલા પ્રોજેક્ટ પડતા મુકવામાં આવ્યા ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :** (૦૫-૦૮-૨૦૨૩)

(૧) હા

(૨) ઉક્ત પૈકી એક પણ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવેલ નથી.

(૩) એક પણ નહી.

(૪) ઉક્ત MOU પૈકી કોઈ કામગીરી કરવામાં આવેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - - - - - - -

**મનરેગા યોજના અંતર્ગત માનવદિન રોજગારીનો લક્ષ્યાંક.**

અતારાંકિત: ૧૧૮ (૦૧-૦૫-૨૦૨૩) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર મનરેગા યોજના અંતર્ગત કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક હતો?

(૨) તેની સામે ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને,

(૩) લક્ષ્યાંક કરતાં ઓછા માનવદિન રોજગારી ઉપલબ્ધ થઈ હોય તો તેના કારણો શા છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી:** (૦૩-૦૮-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર મનરેગા યોજના અંતર્ગત નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક હતો.

| ક્રમ | નાણાકીય વર્ષ | માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૪૭૫૦૦૦૦૦ |
| ૨ | ૨૦૨૧-૨૨ | ૫૫૧૦૦૦૦૦ |
| ૩ | ૨૦૨૨-૨૩ | ૪૮૦૦૦૦૦૦ |

(૨) તેની સામે ઉક્ત સ્થિતીએ ઉક્ત વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરવામાં આવેલ છે, અને

| ક્રમ | નાણાકીય વર્ષ | ઉપલબ્ધ કરેલ માનવદિન રોજગારી |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૪૮૨૨૫૬૪૯ |
| ૨ | ૨૦૨૧-૨૨ | ૫૬૮૦૦૦૪૬ |
| ૩ | ૨૦૨૨-૨૩ | ૪૬૭૭૦૭૬૨ |

(૩) નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ માં લક્ષ્યાંક કરતાં વધુ માનવદિન રોજગારી ઉપલબ્ધ થઈ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. મનરેગા યોજના ડીમાન્ડ આધારીત હોઈ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં જિલ્લાઓમાં કામની માંગણી ઓછી મળવાનાં કારણે અંદાજિત માનવદિન રોજગારી ઉપલબ્ધ કરવાના લક્ષ્યાંક સામે ઓછાં માનવદિન રોજગારી ઉપલબ્ધ થયેલ છે.

**સાંસદ આદર્શ ગ્રામ યોજના.**

અતારાંકિત: ૨૭૨ (૨૦-૦૫-૨૦૨૩) **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર સાંસદ આદર્શ ગ્રામ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી રાજ્યને કેટલી રકમ મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલી રહી ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી:** (૩૧-૦૭-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર સાંસદ આદર્શ ગ્રામ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી રાજ્યને કેટલી રકમ મળી, અને

**(રૂપિયા લાખમાં)**

| ક્રમ | નાણાકીય વર્ષ | કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને મળેલ રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૦ |
| ૨ | ૨૦૨૧-૨૨ | ૦ |
| ૩ | ૨૦૨૨-૨૩ | ૦ |

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર ખર્ચ થયેલ રકમ અને વણવપરાયેલ રકમની માહિતી નીચે મુજબ છે.

**(રૂપિયા લાખમાં)**

| ક્રમ | નાણાકીય વર્ષ | રાજ્ય સરકાર તેના હિસ્સાની ફાળવેલ રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | લાગુ પડતુ નથી. |
| ૨ | ૨૦૨૧-૨૨ | |
| ૩ | ૨૦૨૨-૨૩ | |

**રાજ્યમાં વીજ અકસ્માતોમાં થયેલ જાનહાનિ**

અતારાંકિત: ૩૮૬ (૨૦-૦૫-૨૦૨૩) **શ્રી અરવિંદભાઇ લાડાણી** (માણાવદર): **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ખુલ્લા વીજ વાયર તથા વીજ સપ્લાયના ખામી ભરેલા ઇલેક્ટ્રીક સાધનોના લીધે કેટલા નાગરીકો અને પ્રાણીઓ મૃત્યુ પામ્યા અને કેટલા ગંભીર રીતે ઇજાગ્રસ્ત બની અંગો ગુમાવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બેદરકારી બદલ જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ ઊક્ત અકસ્માત બદલ કેટલા કિસ્સામાં પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર અસરગ્રસ્તોને વળતર પેટે, આખરી સહાય પેટે અને પ્રાથમિક સહાય પેટે કેટલા કિસ્સામાં કેટલી રકમ ચુકવવામાં આવી, કેટલી રકમ ચુકવવાની બાકી છે અને બાકી રકમ ક્યાં સુધીમાં ચુકવવાનું આયોજન છે?

**ઊર્જા મંત્રીશ્રી** : (૦૨-૦૮- ૨૦૨૩)

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ વ્યવસ્થામાં વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકસાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરીકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. કેટલીકવાર વીજ પુરવઠાના સાધનો જેવા કે ટ્રાન્સફોર્મર સેન્ટર અને ઇન્સ્યુલેટરમાં વરસાદ તથા અન્ય કારણોસર અર્થ લીકેજ થવાથી અને ડેમેજ થવાથી પણ અકસ્માતો થાય છે.

આ સંજોગોમાં તા.૩૧.૦૩.૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં, નાગરિકોના ૭૨૦ પ્રાણઘાતક અને પ્રાણીઓના ૧૪૫૭ પ્રાણઘાતક અકસ્માત થયા હતા. ગંભીર રીતે ઇજાગ્રસ્ત બની અંગો ગુમાવ્યા હોય તેવા ૬ (છ) બિન-પ્રાણઘાતક અકસ્માતના કિસ્સાઓ નોંધાયેલા છે.

અકસ્માતની વર્ષવાર જિલ્લાવાર માહિતી આ સાથે * પત્રક-અ માં સામેલ છે.

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૨) સામાન્ય રીતે અકસ્માતો કાબુ બહારના આકસ્મીક સંજોગોમાં થતા હોઇ શિક્ષા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ છતાં, અકસ્માતોના આવા કિસ્સામાં પૂરતી તપાસ કર્યા બાદ, જો કોઇ કર્મચારીની જવાબદારી પુરવાર થતી હોય તો તેમની સામે શિસ્તભંગની ખાતાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. ઉપરોક્ત અકસ્માતો બાબતે વીજ કંપનીઓ દ્વારા કરવામાં આવેલ ખાતાકીય કાર્યવાહીની વિગતો * પત્રક-બ મુજબ છે.

(૩) જવાબદારી પુરવાર થયેલા કિસ્સાઓમાં ખાતાકીય કાર્યવાહી કરવામાં આવતી હોઇ પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ નથી.

(૪) સામાન્ય સંજોગોમાં જો પ્રાણઘાતક અકસ્માત વીજ કંપની હસ્તકના સાધનો કે વીજ માળખામાં થયેલ હોય અને ભોગ બનનાર વ્યકિતનો દોષ પુરવાર ન થતો હોય તેવા કિસ્સાઓમાં સંબંધિત વીજ કંપની આવા અકસ્માત સામે વળતરની ચૂકવણી કરતી હોય છે. બિન-પ્રાણઘાતક અકસ્માતના કિસ્સાઓમાં વળતરની ચુકવણી કરવામાં આવતી નથી.

❖ **નાગરિકોના કુલ ૭૨૦ પ્રાણઘાતક અકસ્માતના કિસ્સાઓમાંથી**

- ૮૪ (ચોર્યાસી)કિસ્સાઓમાં અસરગ્રસ્તના વારસદારને આખરી વળતર કુલ રૂ લાખની ચુકવણી કરવામાં ૪૬.૩૩૧ આવેલ છે.
- ૪ લાખની ચુકવણી કરવામાં આવેલ છે ૫૫.૨૮.કિસ્સાઓમાં કોન્ટ્રાકટર દ્વારા રૂ (ચાર).
- ૩૮૩ (ત્રણસો ત્યાસી)) કિસ્સાઓમાં અસરગ્રસ્તના વારસદારને પ્રાથમિક નાણાકીય સહાયરૂપે રૂ ૫૦,૦૦૦-/લેખે. રૂ લાખની ૫૦.૧૯૧.ચૂકવણી કરવામાં આવેલ છે.

આમ, કુલ ૭૨૦ કિસ્સાઓમાંથી ૩૮૩ કિસ્સાઓમાં પ્રાથમિક વળતર ચુકવાયેલ છે, ૮૮ કિસ્સાઓમાં આખરી વળતર ચુકવાયેલ છે અને ૨૪૯ કિસ્સાઓમાં વળતર ચુકવી શકાયેલ નથી/ચુકવવાનું રહેતું નથી.

➢ **<u>ઉપરોક્ત ૩૮૩ (ત્રણસો ત્યાસી) પ્રાથમિક નાણાકીય સહાય ચુકવાયેલ કિસ્સાઓ પૈકી</u>**

- ૨૫૯ (બસો ઓગણસાઠ) કિસ્સાઓમાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ મુજબ બાકીનું વળતર આપવાનુ રહેતું નથી.
- ૩ (ત્રણ) કિસ્સાઓમાં પ્રાથમિક સહાય લીધા બાદ વારસદાર દ્વારા કોર્ટ કેસ કરવામાં આવેલ છે. જે કોર્ટનો ચુકાદો આવ્યા બાદ કોર્ટના આદેશ મુજબ આખરી વળતરની ચુકવણી કરવામાં આવશે.
- ૫૮ (અઠ્ઠાવન) કિસ્સાઓમાં અસરગ્રસ્તના વારસદારનો સંપર્ક કરવા છતાં જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ ન હોવાથી આખરી વળતર ચુકવી શકાયેલ નથી.
- ૬૩ (ત્રેસઠ) કિસ્સાઓમાં બાકીનું વળતર મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ આવ્યા બાદ, અસરગ્રસ્તોના વારસદારો તરફથી જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ કર્યેથી દસ્તાવેજી ની જરૂરી ચકાસણી કર્યા બાદ અને બાઈનંદા કેસની માર્ગદર્શિકા વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને આખરી વળતર ચુકવી આપવામાં આવશે.

➢ **બાકી રહેતા ૨૪૯ (બસો ઓગણપચાસ) કિસ્સાઓ જેમાં વળતર ચુકવી શકાયેલ નથી/ચુકવવાનું રહેતું નથી,**
**જે પૈકી**

- ૮ (આઠ) કિસ્સાઓમાં વારસદાર ન હોવાથી,
- ૧૩ (તેર) કિસ્સાઓમાં કોર્ટ કેસ હોવાથી,
- ૭ (સાત) કિસ્સાઓમાં અસરગ્રસ્ત વ્યકિત અન્ય રાજ્યના રહેવાસી હોઇ વારસદારનો સંપર્ક થઈ શકે તેમ નથી આથી વળતર ચુકવી શકાયેલ નથી.
- ૯ (નવ) કિસ્સાઓમાં વારસદારને વળતર જોઇતુ નથી તેવી લેખિત બાંહેધરી આપેલ છે.
- ૧૧૬ (એકસો સોળ) કિસ્સાઓમાં અસરગ્રસ્તના વારસદારનો સંપર્ક કરવા છતાં જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ ન હોવાથી વળતર ચુકવી શકાયેલ નથી.

- ૧૯ (ઓગણીસ) કિસ્સાઓમાં CEI/FSL ના રિપોર્ટ મુજબ વળતર ચુકવાનુ રહેતું નથી
- ૨૪ (ચોવીસ) કિસ્સાઓમા પોસ્ટ મોર્ટમ કરાવેલ ન હોવાથી
- ૩ (ત્રણ) કિસ્સાઓમાં વીજતારની ચોરી કરતા વીજ શોક લાગેલ હોવાથી વળતર ચુકવાનું રહેતું નથી.
- ૧૪ (ચૌદ) કિસ્સાઓમાં વીજચોરી કરતા વીજ શોક લાગેલ હોવાથી વળતર ચુકવાનું રહેતું નથી.
- ૪ (ચાર) કિસ્સાઓમાં PM રિપોર્ટ મુજબ ઈલેક્ટ્રીક અકસ્માત ન હોવાથી વળતર ચુકવાનું રહેતું નથી.
- ૨૨ (બાવીસ) કિસ્સાઓમાં CEIના રિપોર્ટ મુજબ નેટવર્કમાં અકસ્માત ન હોવાથી વળતર ચુકવાનું રહેતું નથી.
- ૧ (એક) કિસ્સામાં વાડીના માલિકે પોતાના વીજ મીટરની લોડ સાઇડમાંથી બિનઅધિકૃત રીતે ખેતરની ફેન્સીંગમાં વીજ પ્રવાહ પસાર કરેલ જેના કારણે સદર વીજ અકસ્માત થયેલ હોવાથી વળતર ચૂકવેલ નથી.
- ૧ (એક) કિસ્સામાં રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી વળતર ચુકવાયેલ હોવાથી
- ૩ (ત્રણ) કિસ્સાઓમાં પોલીસ પંચનામું કરાવેલ ન હોવાથી વળતર ચુકવી શકાયેલ નથી.
- ૩ (ત્રણ) કિસ્સાઓમાં મિકેનીકલ અકસ્માત હોવાથી
- ૨ (બે) કિસ્સાઓમાં સ્યુસાઇડ હોવાથી વળતર ચુકવાયેલ નથી.

❖ **પ્રાણીઓના કુલ ૧૪૫૭ (એક હજાર ચારસો સત્તાવન) પ્રાણઘાતક અકસ્માતોના કિસ્સાઓમાંથી,**

- ૯૭૪ (નવસો ચુમોતેર) કિસ્સાઓમાં ૧૦૦ ટકા રકમ એટલે કે રૂ.૨૬૦.૯૭ લાખની ચૂકવણી કરવામાં આવેલ છે.
- ૨૫૯ (બસો ઓગણસાઠ) કિસ્સાઓમાં ૫૦ ટકા રકમ એટલે કે રૂ.૩૬.૯૭ લાખની ચૂકવણી કરવામાં આવેલ છે.

આમ, કુલ ૧૪૫૭ કિસ્સાઓમાંથી ૯૭૪ કિસ્સાઓમાં ૧૦૦ ટકા વળતર ચુકવાયેલ છે, ૨૫૯ કિસ્સાઓમાં ૫૦ ટકા વળતર ચુકવાયેલ છે અને ૨૨૪ કિસ્સાઓમાં વળતર ચુકવી શકાયેલ નથી.

➢ **ઉપરોક્ત ૨૫૯(બસો ઓગણસાઠ) કિસ્સાઓમાં વળતર ચુકવી શકાયેલ નથી /ચુકવવાનું રહેતું નથી જે પૈકી,**

- ૨૫૪ કિસ્સાઓમાં CEI નો રિપોર્ટ આવ્યા બાદ બાકીનું વળતર ચુકવી આપવામાં આવશે.
- ૫ (પાંચ) કિસ્સાઓમાં CEI ના રિપોર્ટ મુજબ વળતર ચુકવાનું રહેતું નથી.

➢ **બાકી રહેતા ૨૨૪ (બસો ચોવીસ) કિસ્સાઓ જેમાં વળતર ચુકવી શકાયેલ નથી/ચુકવવાનું રહેતું નથી, જે પૈકી**

- ૨૧(એકવીસ) કિસ્સાઓમાં પ્રાણીના માલિક ન હોવાથી,
- ૧૨(બાર) કિસ્સાઓમાં કોર્ટ કેસ હોવાથી વળતર ચુકવી શકાયેલ નથી.
- ૨૬ (છવ્વીસ) કિસ્સાઓમાં પ્રાણીના માલિકને વળતર જોઈતું નથી તેવી લેખિત બાંહેધરી આપેલ છે.
- ૫૬ (છપ્પન) કિસ્સાઓમાં પ્રાણીના માલિકને સંપર્ક કરવા છતાં જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ ન હોવાથી અને
- ૫૫ (પંચાવન) કિસ્સાઓમાં પોસ્ટ મોર્ટમ કરાવેલ ન હોવાથી વળતર ચુકવી શકાયેલ નથી.
- ૪૬ (છેતાળીસ) કિસ્સાઓમાં પોલીસ પંચનામું કરાવેલ ન હોવાથી અને
- ૮ (આઠ) કિસ્સાઓમાં વન્ય પ્રાણી હોવાથી વળતર ચુકવી શકાયેલ નથી

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નોની યાદી

વીજ કંપનીઓ દ્વારા વીજ અકસ્માતના કિસ્સાઓમાં બાકીનુ વળતર મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ આવ્યા બાદ, અસરગ્રસ્તોના વારસદારો તરફથી જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ કર્યેથી દસ્તાવેજોની જરૂરી ચકાસણી કર્યા બાદ અને બાઇનંદા કેસની માર્ગદર્શિકા (માનવ અકસ્માતોમાં) વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને વળતર ચુકવી આપવામાં આવશે.

વર્ષવાર જિલ્લાવાર માહિતી આ સાથે *પત્રક-ક, ડ અને ઈ માં સામેલ છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**રાજ્યમાં સરકારી કાર્યક્રમોમાં બસો ભાડે આપવા બાબત**

અતારાંકિત: ૭૭ (૨૬-૦૪-૨૦૨૩) **શ્રી જીજ્ઞેશ મેવાણી** (વડગામ) : **માનનીય વાહન વ્યવહારમંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં વડાપ્રધાન અને મુખ્યમંત્રીના કાર્યક્રમોમાં લોકોને લાવવા લઈ જવા કુલ કેટલી બસો ભાડે આપવામાં આવી,

(૨) તેના ભાડા પેટે ઉક્ત સ્થિતિએ કેટલી રકમ જમા આવી અને કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત બાકી રકમ વસૂલવા શા પ્રયાસો કરવામાં આવ્યા?

**વાહન વ્યવહારમંત્રીશ્રી** (રાજયકક્ષા): (૨૬-૦૭-૨૦૨૩)

(૧)

| વર્ષ | ફાળવવામાં આવેલ બસની સંખ્યા |
|---|---|
| ૦૧-૦૪-૨૦૨૦ થી ૩૧-૦૩-૨૦૨૧ | કુલઃ- ૧૨૨ એસ.ટી.બસ |
| ૦૧-૦૪-૨૦૨૧ થી ૩૧-૦૩-૨૦૨૨ | કુલઃ- ૩૫૩૫ એસ.ટી.બસ |
| ૦૧-૦૪-૨૦૨૩ થી ૩૧-૦૩-૨૦૨૩ | કુલઃ- ૩૧૨૧૧ એસ.ટી.બસ |

(૨)

| વર્ષ | ચૂકવાયેલ રકમ | બાકી રકમ |
|---|---|---|
| ૦૧-૦૪-૨૦૨૦ થી ૩૧-૦૩-૨૦૨૧ | ૧૪,૨૭,૫૯૨/- | ૦ |
| ૦૧-૦૪-૨૦૨૧ થી ૩૧-૦૩-૨૦૨૨ | ૮,૨૧,૬૯,૪૬૨/- | ૭૪,૪૩,૬૨૯/- |
| ૦૧-૦૪-૨૦૨૩ થી ૩૧-૦૩-૨૦૨૩ | ૮૬,૨૪,૩૦,૯૫૩/- | ૨૧,૪૧,૭૫,૬૭૧/- |

(૩) બાકી નાણાંની વસૂલાત માટે સલંગ્ન વિભાગો સાથે પત્ર વ્યવહાર કરી નાણાં વસૂલાતની કાર્યવાહી પ્રગતીમાં છે

**રાજ્યમાં સરકારી કાર્યક્રમોમાં બસો ભાડે આપવા બાબત**

અતારાંકિત: ૧૨૨ (૨૬-૦૪-૨૦૨૩) **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય વાહન વ્યવહારમંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં સરકારી કાર્યક્રમોમાં લોકોને લાવવા લઈ જવા કુલ કેટલી બસો ભાડે આપવામાં આવી,

(૨) તેના ભાડા પેટે ઉક્ત સ્થિતિએ કેટલી રકમ જમા આવી અને કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત બાકી રકમ વસૂલવા શા પ્રયાસો કરવામાં આવ્યા?

**વાહન વ્યવહારમંત્રીશ્રી** (રાજયકક્ષા): (૨૬-૦૭-૨૦૨૩)

(૧)

| વર્ષ | ફાળવવામાં આવેલ બસની સંખ્યા |
|---|---|
| ૦૧-૦૪-૨૦૨૦ થી ૩૧-૦૩-૨૦૨૧ | કુલઃ- ૨૧૯૬૪ એસ.ટી.બસ |

| | |
|---|---|
| ૦૧-૦૪-૨૦૨૧ થી ૩૧-૦૩-૨૦૨૨ | કુલઃ- ૬૮૯૮ એસ.ટી.બસ |
| ૦૧-૦૪-૨૦૨૩ થી ૩૧-૦૩-૨૦૨૩ | કુલઃ- ૩૮૮૬૮ એસ.ટી.બસ |

(૨)

| વર્ષ | ચૂકવાયેલ રકમ | બાકી રકમ |
|---|---|---|
| ૦૧-૦૪-૨૦૨૦ થી ૩૧-૦૩-૨૦૨૧ | ૨૫,૯૫,૫૮,૦૪૪/- | ૫૨,૯૮,૧૬૩/- |
| ૦૧-૦૪-૨૦૨૧ થી ૩૧-૦૩-૨૦૨૨ | ૧૩,૯૨,૭૩,૩૪૬/- | ૧,૫૨,૯૯,૮૧૨/- |
| ૦૧-૦૪-૨૦૨૩ થી ૩૧-૦૩-૨૦૨૩ | ૭૨,૨૦,૧૦,૦૭૨/- | ૩૮,૯૫,૯૪,૦૫૬/- |

(૩) બાકી નાણાંની વસૂલાત માટે સલંગ્ન વિભાગો સાથે પત્ર વ્યવહાર કરી નાણાં વસૂલાતની કાર્યવાહી પ્રગતીમાં છે

-------------

**નવી એસ.ટી. બસો ખરીદવાની મંજૂરી**

અતારાંકિત: ૪૯૯ (૦૯-૦૬-૨૦૨૩) **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત): **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી નવી એસ.ટી બસો ખરીદવા વાહન વ્યવહાર નિગમને સરકારે મંજૂરી આપી, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નવી બસો વર્ષવાર ખરીદવામાં આવી?

**વાહન વ્યવહારમંત્રીશ્રી** (રાજ્યકક્ષા): (૨૬-૦૭-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નીચે મુજબની નવી એસ.ટી બસો ખરીદવા વાહન વ્યવહાર નિગમને સરકારે મંજુરી આપેલ છે.

| ક્રમ | વર્ષ | નવી.એસ.ટી.બસો. ખરીદવા સરકારે આપેલ મંજૂરી |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૧૦૦૦ વાહનો |
| ૨ | ૨૦૨૧-૨૨ | ૧૦૦૦ વાહનો |
| ૩ | ૨૦૨૨-૨૩ | ૧૨૦૦ વાહનો |

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર ખરીદવામાં આવેલ નવી બસોની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | નવી.એસ.ટી.બસો. ખરીદવા ખરીદવામાં આવેલ નથી એસ.ટી.બસો. |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૧૦૦૦ વાહનો |
| ૨ | ૨૦૨૧-૨૨ | ૧૦૦૦ વાહનો |
| ૩ | ૨૦૨૨-૨૩ | ૪૦૦ વાહનો |

**રાજ્યમાં વધુ કિલોમીટર ચાલેલ બસોની જગ્યાએ નવી બસો ફાળવવા બાબત**

અતારાંકિત: ૫૦૪ (૯-૬-૨૦૨૩) **ગુલાબસિંહ ચૌહાણ**(લુણાવાડા) : **માનનીય વાહન વ્યવહારમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ એસ.ટી બસોને વધુમાં વધુ કેટલા કિલોમીટર ચાલે ત્યાં સુધી કાર્યરત રાખવાની જોગવાઇ કરવામાં આવી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જોગવાઇ કરતાં વધુ કિલોમીટર ચાલેલ હોય તેવી કેટલી એસ.ટી. બસો રાજ્યમાં પરીવહન માટે વપરાઇ રહેલ છે, અને

(૩) ઉક્ત બસોનાં સ્થાને નવી બસો ક્યાં સુધીમાં ફાળવવામાં આવશે ?

**વાહન વ્યવહારમંત્રીશ્રી** (રાજ્યકક્ષા): (૨૮-૦૭ -૨૦૨૩)

(૧) નિગમની સુપર એક્સપ્રેસ, ગુર્જર નગરી, સ્લીપર કોચ પ્રકારની બસોની ૮.૦૦ લાખ કિલોમીટર જ્યારે મીડી/મિનિ પ્રકારની બસ ૫ વર્ષ અને ૬.૦૦ લાખ કિલોમીટર (બે માંથી જે મોડુ હોય તે) ચાલે ત્યાં સુધી કાર્યરત રાખવાની જોગવાઇ કરવામાં આવી છે.

(૨) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત જોગવાઇ કરતાં વધુ કિલોમીટર ચાલેલ હોય તેવી ૧૭૪૩ એસ.ટી. બસો રાજ્યમાં પરિવહન માટે વપરાઇ રહેલ હતી.

(૩) ઉક્ત બસોનાં સ્થાને નવી બસો માર્ચ -૨૦૨૪ સુધીમાં ફાળવવાનું આયોજન છે.

**વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ જમીન મેળવવા મળેલ અરજીઓ બાબત**

અતારાંકિત : ૫૦ (૦૧-૦૫-૨૦૨૩) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, -

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ જંગલ જમીનના મેળવવા માટેના કેટલા દાવાઓ/ અરજીઓ પડતર છે.

| 2 | MEHSANA | 2787 | 14050617 | 2854 | 14058957 | 1861 | 10673243 |
| 3 | RAJKOT | 5234 | 30341380 | 2238 | 16090373 | 1380 | 13601166 |
| 4 | BHAVNAGAR | 3253 | 19017269 | 2477 | 14891983 | 2065 | 12635167 |
| 5 | SURAT | 4250 | 28043709 | 4730 | 32209909 | 2941 | 17980103 |
| 6 | VADODARA | 4036 | 17837341 | 3956 | 15828536 | 2900 | 18240210 |
| 7 | NADIAD | 990 | 4164025 | 1795 | 6267791 | 1581 | 4947223 |
| 8 | PALANPUR | 5828 | 29104035 | 6036 | 25389646 | 3918 | 18805230 |
| 9 | HIMMATNAGAR | 2350 | 19706775 | 2450 | 20834024 | 1767 | 15765362 |
| 10 | JAMNAGAR | 2016 | 10572644 | 2752 | 15815375 | 1919 | 12223872 |
| 11 | JUNAGADH | 555 | 2765680 | 1342 | 7516739 | 1143 | 7584832 |
| 12 | BHUJ | 3476 | 24231883 | 9050 | 51934588 | 9182 | 98326259 |
| 13 | SURENDRANAGAR | 596 | 7255831 | 803 | 7649973 | 593 | 5758294 |
| 14 | AMRELI | 1651 | 4499711 | 2995 | 8480379 | 1759 | 4135999 |
| 15 | VALSAD | 4649 | 15695640 | 6346 | 19058903 | 4345 | 16017228 |
| 16 | BHARUCH | 2076 | 8719867 | 2550 | 10696927 | 1649 | 11934406 |
| 17 | GODHRA | 2546 | 8900484 | 1995 | 5516096 | 1753 | 8753555 |
| 18 | GANDHINAGAR | 644 | 3754094 | 1384 | 7737139 | 787 | 5622908 |
| 19 | BARDOLI | 404 | 3457566 | 674 | 4664960 | 518 | 3069053 |
| 20 | DAHOD | 3245 | 8864197 | 3230 | 11147530 | 3982 | 12353352 |
| 21 | NAVSARI | 3039 | 11523625 | 3524 | 12820707 | 2383 | 9749636 |
| 22 | RAJPIPLA | 991 | 4124474 | 1050 | 6274242 | 1829 | 4920407 |
| 23 | ANAND | 1830 | 3426325 | 2897 | 12413709 | 1709 | 9226335 |
| 24 | PATAN | 1617 | 7453308 | 1510 | 18425934 | 1212 | 80855477 |
| 25 | PORBANDAR | 305 | 1653825 | 664 | 2505833 | 375 | 2409423 |
| 26 | VYARA | 2989 | 5795465 | 3140 | 4129325 | 1533 | 1624250 |
| 27 | AHMEDABAD EAST | 2094 | 7205775 | 4094 | 10842274 | 3729 | 8944224 |
| 30 | DANG AHWA | 913 | 1697353 | 980 | 1609172 | 730 | 1755586 |
| 31 | MODASA | 2426 | 9475458 | 3578 | 16904647 | 2295 | 140649248 |
| 32 | VERAVAL | 418 | 5421085 | 488 | 4379500 | 589 | 5168262 |
| 33 | BOTAD | 446 | 3590559 | 734 | 5213091 | 554 | 3960938 |
| 34 | CHHOTA UDEPUR | 1125 | 5781834 | 1601 | 9150347 | 973 | 5332315 |
| 35 | LUNAVADA | 610 | 3341988 | 479 | 2670270 | 253 | 1544798 |
| 36 | MORBI | 1585 | 12566017 | 1574 | 16766358 | 1027 | 13514189 |
| 37 | KHAMBHAUA | 2003 | 10195963 | 2693 | 11357465 | 1817 | 9184237 |
| 38 | AHMEDABAD RURAL | 4651 | 17262497 | 4869 | 22936700 | 3003 | 15627988 |
| | **Total** | **81973** | **399219512** | **98519** | **489512711** | **73513** | **632351262** |

**પત્રક-3**

ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા ઇ-મેમોમાં કેટલી રકમ વસૂલવાની બાકી છે

| | | 2020-21 | | 2021-22 | | 2022-23 | |
|---|---|---|---|---|---|---|---|
| SR.NO. | OFFICE NAME | ઇ-મેમો | રકમ | ઇ-મેમો | રકમ | ઇ-મેમો | રકમ |
| 1 | AHMEDABAD | 1909 | 13065363 | 4410 | 27309316 | 8598 | 41923875 |
| 2 | MEHSANA | 931 | 5949993 | 1938 | 11136226 | 4639 | 29848328 |
| 3 | RAJKOT | 687 | 4054226 | 1533 | 9669241 | 2825 | 21067750 |
| 4 | BHAVNAGAR | 1394 | 8150258 | 1869 | 11234305 | 2738 | 16748946 |
| 5 | SURAT | 1802 | 17689026 | 3638 | 34470258 | 5517 | 44037682 |
| 6 | VADODARA | 1547 | 7035618 | 3191 | 13651352 | 6101 | 39637542 |
| 7 | NADIAD | 580 | 2581642 | 1942 | 10053951 | 2635 | 13799590 |
| 8 | PALANPUR | 2531 | 14966296 | 4752 | 28556185 | 8510 | 45451993 |
| 9 | HIMMATNAGAR | 774 | 4^169884 | 1443 | 8102964 | 3060 | 30767429 |
| 10 | JAMNAGAR | 807 | 3479293 | 1648 | 8726998 | 2669 | 14862632 |
| 11 | JUNAGADH | 290 | 1399325 | 257 | 783045 | 1105 | 7349986 |
| 12 | BHUJ | 1190 | 13929825 | 4928 | 53397393 | 9234 | 98326259 |
| 13 | SURENDRANAGAR | 315 | 3505845 | 874 | 8548146 | 1923 | 19611583 |
| 14 | AMRELI | 661 | 2237845 | 2222 | 6830975 | 3793 | 8840540 |
| 15 | VALSAD | 1880 | 6625000 | 4701 | 14577189 | 7514 | 22164768 |
| 16 | BHARUCH | 751 | 3282565 | 1781 | 8728993 | 3188 | 23052536 |
| 17 | GODHRA | 2125 | 12266795 | 2236 | 7544619 | 2063 | 5172019 |
| 18 | GANDHINAGAR | 266 | 1385360 | 1088 | 5510013 | 1940 | 13969038 |
| 19 | BARDOLI | 158 | 1842870 | 427 | 2705454 | 954 | 6060729 |
| 20 | DAHOD | 4792 | 13168837 | 3406 | 4198798 | 1312 | 6325404 |
| 21 | NAVSARI | 1120 | 4246762 | 2537 | 7749500 | 4158 | 13316163 |
| 22 | RAJPIPLA | 524 | 1722363 | 1050 | 5053006 | 1829 | 10430785 |
| 23 | ANAND | 823 | 3996717 | 2329 | 8262736 | 3578 | 13400565 |
| 24 | PATAN | 1099 | 4276204 | 1673 | 2492950 | 1607 | 8772809 |
| 25 | PORBANDAR | 165 | 716450 | 641 | 2183092 | 711 | 3755896 |
| 26 | VYARA | 220 | 683922 | 1028 | 1646135 | 3618 | 3790708 |
| 27 | AHMEDABAD EAST | 485 | 1881000 | 1687 | 7660580 | 2418 | 14034560 |
| 30 | DANG AHWA | 574 | 1220300 | 867 | 2770466 | 1084 | 3122979 |
| 31 | MODASA | 787 | 3301025 | 2140 | 10442942 | 4417 | 19791922 |
| 32 | VERAVAL | 283 | 2268963 | 466 | 3551884 | 620 | 3477317 |
| 33 | BOTAD | 212 | 1252838 | 513 | 3391721 | 1034 | 6249254 |
| 34 | CHHOTA UDEPUR | 3915 | 20625457 | 726 | 4674967 | 1488 | 9036530 |
| 35 | LUNAVADA | 763 | 2241000 | 713 | 3890181 | 733 | 4460680 |
| 36 | MORBI | 625 | 4725189 | 1319 | 11773533 | 2409 | 19664257 |
| 37 | KHAMBHALIA | 234 | 2656652 | 558 | 3431186 | 982 | 5291033 |
| 38 | AHMEDABAD RURAL | 2207 | 9295802 | 4042 | 18869162 | 6454 | 31760217 |
| | **Total** | 39426 | 206196510 | 70573 | 373579462 | 117458 | 679374304 |

**પત્રક-૪**

બાકી રકમ પૈકી કેટલા વાહનચાલકો પાસેથી કેટલી રકમ બે વર્ષ કકરતા વધુ સમયથી વસૂલવાની બાકી છે?

| SR NO | OFFICE NAME | ઇ-મેમો | રકમ |
|---|---|---|---|
| 1 | AHMEDABAD | 1909 | 13065363 |
| 2 | MEHSANA | 931 | 5949993 |
| 3 | RAJKOT | 2220 | 13723467 |
| 4 | BHAVNAGAR | 1394 | 8150258 |

| SR NO | OFFICE NAME | ઇ-મેમો | રકમ |
|---|---|---|---|
| 5 | SURAT | 1802 | 17689026 |
| 6 | VADODARA | 1547 | 7035618 |
| 7 | NADIAD | 580 | 2581642 |
| 8 | PALANPUR | 2531 | 14966296 |
| 9 | HIMMATNAGAR | 774 | 4469884 |
| 10 | JAMNAGAR | 807 | 3479293 |
| 11 | JUNAGADH | 290 | 1399325 |
| 12 | BHUJ | 1190 | 13929825 |
| 13 | SURENDRANAGAR | 911 | 10761676 |
| 14 | AMRELI | 661 | 2237845 |
| 15 | VALSAD | 1880 | 6625000 |
| 16 | BHARUCH | 751 | 3282565 |
| 17 | GODHRA | 2125 | 12266795 |
| 18 | GANDHINAGAR | 1354 | 6895373 |
| 19 | BARDOLI | 158 | 1842870 |
| 20 | DAHOD | 6475 | 15495383 |
| 21 | NAVSARI | 3657 | 11996262 |
| 22 | RAJPIPLA | 524 | 1722363 |
| 23 | ANAND | 823 | 3996717 |
| 24 | PATAN | 2291 | 12559311 |
| 25 | PORBANDAR | 165 | 716450 |
| 26 | VYARA | 220 | 683922 |
| 27 | AHMEDABAD EAST | 485 | 1881000 |
| 30 | DANG AHWA | 574 | 1220300 |
| 31 | MODASA | 787 | 3301025 |
| 32 | VERAVAL | 283 | 2268963 |
| 33 | BOTAD | 212 | 1252838 |
| 34 | CHHOTA UDEPUR | 4641 | 25300424 |
| 35 | LUNAVADA | 763 | 2241000 |
| 36 | MORBI | 625 | 4725189 |
| 37 | KHAMBHALIA | 234 | 2656652 |
| 38 | AHMEDABAD RURAL | 2207 | 9295802 |
| **Total** | | **48781** | **251665715** |

**અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીઓ માટે સાઇકલની ખરીદી**

અતારાંકિતઃ ૧૩૧ (૦૧-૦૫-૨૦૨૩) **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા): **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર રાજ્યમાં ધોરણ-૯ માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવાની યોજના અન્વયે કેટલી સાઇકલ આપવામાં આવી,

(૨) ઉક્ત સાઇકલ આપવા પેટે ઉક્ત વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો, અને

(૩) ઉક્ત ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવ્યો ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :** (૨૪-૦૮-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર નીચે મુજબ સાયકલો આપવામાં આવી.

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૨૦-૨૧ | વર્ષ ૨૦૨૧-૨૨ | વર્ષ ૨૦૨૨-૨૩ |
|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૮૯૬ | ૯૮૫ | ૯૭૫ |
| ૨ | સાબરકાંઠા | ૧૮૦૬ | ૧૯૫૦ | ૧૩૨૫ |
| ૩ | અરવલ્લી | ૧૪૧૦ | ૧૬૦૪ | ૧૩૯૬ |

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૨૦-૨૧ | વર્ષ ૨૦૨૧-૨૨ | વર્ષ ૨૦૨૨-૨૩ |
|---|---|---|---|---|
| ૪ | પંચમહાલ | ૧૫૩૮ | ૧૫૦૦ | ૧૫૬૦ |
| ૫ | મહીસાગર | ૧૩૯૧ | ૧૩૮૯ | ૧૧૩૯ |
| ૬ | દાહોદ | ૮૮૨૪ | ૮૧૯૭ | ૧૦૦૦૦ |
| ૭ | વડોદરા | ૮૦૯ | ૮૧૫ | ૮૫૦ |
| ૮ | છોટાઉદેપુર | ૨૩૯૧ | ૨૫૭૪ | ૨૪૬૮ |
| ૯ | નર્મદા | ૨૯૦૩ | ૨૯૫૦ | ૨૪૬૯ |
| ૧૦ | ભરૂચ | ૧૮૬૬ | ૧૫૭૯ | ૧૬૦૧ |
| ૧૧ | તાપી | ૨૨૯૮ | ૨૧૮૦ | ૧૮૭૬ |
| ૧૨ | સુરત | ૩૭૫૩ | ૨૯૪૦ | ૨૮૦૦ |
| ૧૩ | નવસારી | ૩૩૨૦ | ૩૨૮૦ | ૩૦૦૦ |
| ૧૪ | વલસાડ | ૪૪૧૯ | ૪૩૦૦ | ૪૦૦૦ |
| ૧૫ | ડાંગ | ૮૩૬ | ૯૩૯ | ૧૦૦૦ |
| ૧૬ | અમદાવાદ | ૪૧૨ | ૩૦૦ | ૩૦૦ |
| ૧૭ | રાજકોટ | ૬૭૯ | ૫૨૯ | ૫૩૯ |
| ૧૮ | કચ્છ | ૭૫ | ૭૭ | ૭૫ |
| ૧૯ | ભાવનગર | ૦ | ૧૧૫ | ૧૧૪ |
| **કુલ** | | **૩૯,૬૨૬** | **૩૮,૨૦૩** | **૩૭,૪૮૭** |

(૨) ઉક્ત ખરીદાયેલ સાઇકલ માટે નીચે મુજબની રકમનો ખર્ચ થયેલ છે.

a) વર્ષ ૨૦૨૦-૨૧ માં રૂ.૧૬.૫૫ કરોડ

b) વર્ષ ૨૦૨૧-૨૨ માં રૂ.૧૫.૧૯ કરોડ

c) વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ.૧૭.૩૧ કરોડ

(૩)

| માંગણી નંબર | મુખ્ય સદર | પેટા મુખ્ય સદર | પેટા સદર | ગૌણ સદર |
|---|---|---|---|---|
| ૯૩ | ૨૨૨૫ | ૨ | ૨૭૭ | ૧ |

**અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીઓ માટે સાઇકલની ખરીદી**

અતારાંકિતઃ ૧૮૦ (૦૧-૦૫-૨૦૨૩) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા): **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર રાજ્યમાં ધોરણ-૯ માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવાની યોજના અન્વયે કેટલી સાઇકલ, કઈ એજન્સી પાસેથી, કયા દરે ખરીદવામાં આવી, અને

(૨) ઉક્ત ખરીદેલ સાઇકલ પેટે કઈ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :** (૨૪-૦૮-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર નીચે મુજબ સાયકલો ખરીદવામાં આવી.

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૨૦-૨૧ | વર્ષ ૨૦૨૧-૨૨ | વર્ષ ૨૦૨૨-૨૩ |
|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૮૯૬ | ૯૮૫ | ૯૭૫ |
| ૨ | સાબરકાંઠા | ૧૮૦૬ | ૧૯૫૦ | ૧૩૨૫ |
| ૩ | અરવલ્લી | ૧૫૬૬ | ૧૪૭૫ | ૧૪૪૪ |
| ૪ | પંચમહાલ | ૧૨૩૭ | ૧૫૧૦ | ૧૫૭૯ |
| ૫ | મહીસાગર | ૧૭૧૦ | ૧૧૧૦ | ૧૨૫૦ |
| ૬ | દાહોદ | ૧૧૦૨૧ | ૬૦૦૦ | ૧૦૦૦૦ |
| ૭ | વડોદરા | ૮૦૯ | ૮૧૫ | ૮૫૦ |

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૨૦-૨૧ | વર્ષ ૨૦૨૧-૨૨ | વર્ષ ૨૦૨૨-૨૩ |
|---|---|---|---|---|
| ૮ | છોટાઉદેપુર | ૨૭૫૫ | ૨૪૯૦ | ૨૩૦૦ |
| ૯ | નર્મદા | ૨૯૦૩ | ૨૯૫૦ | ૨૯૫૦ |
| ૧૦ | ભરૂચ | ૨૨૧૦ | ૧૮૦૦ | ૧૭૦૦ |
| ૧૧ | તાપી | ૨૩૭૬ | ૧૯૬૦ | ૨૨૦૦ |
| ૧૨ | સુરત | ૩૭૫૩ | ૨૯૪૦ | ૨૮૦૦ |
| ૧૩ | નવસારી | ૩૪૨૦ | ૩૪૦૦ | ૨૮૦૦ |
| ૧૪ | વલસાડ | ૪૪૧૯ | ૪૩૦૦ | ૪૦૦૦ |
| ૧૫ | ડાંગ | ૧૧૪૦ | ૧૧૫૦ | ૧૦૦૦ |
| ૧૬ | અમદાવાદ | ૪૦૯ | ૩૦૦ | ૩૦૦ |
| ૧૭ | રાજકોટ | ૭૦૮ | ૫૦૦ | ૫૩૯ |
| ૧૮ | કચ્છ | ૮૫ | ૯૦ | ૯૦ |
| ૧૯ | ભાવનગર | ૦ | ૧૧૫ | ૧૩૫ |
| **કુલ** | | **૪૩,૨૨૩** | **૩૫,૮૪૦** | **૩૮,૨૩૭** |

- આ સાયકલો ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિ. (ગ્રીમકો) પાસેથી ખરીદવામાં આવી.
- પ્રતિ સાઇકલ નીચે મુજબના દરે ખરીદી કરવામાં આવેલ

  a) વર્ષ ૨૦૨૦-૨૧ માં રૂ.૩૮૨૮.૫૯/- પ્રતિ સાઇકલ

  b) વર્ષ ૨૦૨૧-૨૨ માં રૂ.૪૨૩૭.૦૩/- પ્રતિ સાઇકલ

  c) વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ.૪૫૨૬.૫૩/- પ્રતિ સાઇકલ

(૨) ઉક્ત ખરીદાયેલ સાઇકલ માટે ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિ. (ગ્રીમકો)ને નીચે મુજબની રકમ ચૂકવવામાં આવી.

a) વર્ષ ૨૦૨૦-૨૧ માં રૂ.૧૬.૫૫ કરોડ

b) વર્ષ ૨૦૨૧-૨૨ માં રૂ.૧૫.૧૯ કરોડ

c) વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ.૧૭.૩૧ કરોડ

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અને તાબાની કચેરીનું મહેકમ**

અતારાંકિતઃ ૬૮૩ (૧૪-૦૭-૨૦૨૩) **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ખાલી જગ્યાઓ પૈકી એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) તે અન્વયે શાં પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) **:** (૨૮-૦૮-૨૦૨૩)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અને તેના તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ *પત્રક-૧ મુજબ છે.

(૨) તે પૈકી સંવર્ગવાર ભરાયેલી અને ખાલી જગ્યાઓ *પત્રક-૨ મુજબ છે.

(૩) ખાલી જગ્યાઓ પૈકી એક વર્ષ કરતાં વધુ સમયથી ૬૫, બે વર્ષ કરતાં વધુ સમયથી ૦૬ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ૨૦૮ જગ્યાઓ ખાલી છે.

(૪) ખાલી જગ્યાઓ પૈકી સીધી ભરતીને ફાળે આવતી જગ્યાઓ ભરવા માટે નિયમોનુસારની કાર્યવાહી થઈ રહેલ છે. બઢતીના ફાળે આવતી જગ્યાઓ ભરવા માટે નિયમોનુસારની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે તથા પ્રતિનિયુક્તિથી ભરવાની જગ્યાઓ માટે સંબંધિત કચેરીઓને જણાવેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| **ક્રમ** | **વિભાગનું નામ** | **પ્રશ્ન ક્રમાંક** | **કુલ** |
|---|---|---|---|
| ૧ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૪૫૮, ૪૭૨, ૪૭૩, ૪૭૬, ૪૭૯, ૪૮૭, ૪૯૦, ૪૯૧, ૪૯૩, ૪૯૫, ૫૦૦, ૫૦૬, ૫૦૭ | ૧૩ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૨૮૧, ૨૯૩, ૩૬૪, ૩૬૬, ૩૭૫, ૩૯૯, ૪૬૦, ૪૬૩, ૫૯૫, ૭૧૪ | ૧૦ |
| ૩ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો વિભાગ | ૭૦૯ | ૦૧ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૩૧૭ | ૦૧ |
| ૫ | ગૃહ વિભાગ | ૯૮, ૩૨૩, ૫૨૭, ૫૩૧, ૫૩૬, ૫૪૦, ૫૫૨, ૫૬૩ | ૦૮ |
| ૬ | શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ | ૭૨૮, ૮૦૦ | ૦૨ |
| ૭ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૪૭૮, ૬૩૯, ૬૮૮, ૬૯૨, ૭૦૦ | ૦૫ |
| ૮ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૧૨૧, ૬૩૭ | ૦૨ |
| ૯ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૬૪૧ | ૦૧ |
| ૧૦ | ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૫૭૮, ૫૮૪, ૬૯૭ | ૦૩ |
| ૧૧ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૪૮૩ | ૦૧ |
| ૧૨ | આદિજાતિ વિકાસ વિભાગ | ૧૩૧, ૧૮૦ | ૦૨ |
| ૧૩ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | ૬૮૩ | ૦૧ |
| | | **કુલ** | **૫૦** |

- - - - - - - - -

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

**ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી કુંવરજીભાઇ બાવળીયા (પાણી પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી જગદીશ વિશ્વકર્મા (ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડના સન ૨૦૨૦-૨૧ તથા સન ૨૦૨૧-૨૨ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

(૧) સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ

(૨) સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ

**વાર્ષિક અહેવાલ, હિસાબો અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**કામધેનુ યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ**

શ્રી રાઘવજી પટેલ (પશુપાલન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કામધેનુ યુનિવર્સિટીનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દશાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત રાજ્ય મહિલા આયોગનો અહેવાલ**

શ્રીમતી ભાનુબેન બાબરીયા (મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય મહિલા આયોગનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

**ગુજરાત તકેદારી આયોગનો વાર્ષિક અહેવાલ**

શ્રી હર્ષ સંઘવી (રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૨૨નો વાર્ષિક અહેવાલ તેમજ આયોગની ભલામણનો અસ્વીકાર કરવા અંગે વિભાગની સ્પષ્ટીકરણાત્મક નોંધ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા સ્પષ્ટીકરણાત્મક નોંધ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબનો ઓડિટ અહેવાલ**

શ્રી ઋષિકેશ પટેલ (શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબનો સન ૨૦૧૯-૨૦ના વર્ષનો નગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**જસ્ટિસ ડી.એ. મહેતા તપાસપંચનો અહેવાલ**

શ્રી ઋષિકેશ પટેલ (શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ભરૂચ ખાતે આગના બનાવની તપાસ માટે નિમવામાં આવેલ જસ્ટિસ ડી.એ. મહેતા તપાસપંચનો અહેવાલ તથા એક્શન ટેકન રિપોર્ટ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના વાર્ષિક હિસાબો**

શ્રી જગદીશ વિશ્વકર્મા (ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૨૧-૨૨ના વાર્ષિક હિસાબો અને તપાસણી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન તથા સન ૨૦૨૩-૨૪નું વાર્ષિક નાણાકીય પત્રક સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

(૧) સન ૨૦૨૧-૨૨ના વાર્ષિક હિસાબો અને તપાસણી અહેવાલ

(૨) સન ૨૦૨૩-૨૪નું વાર્ષિક નાણાકીય પત્રક

**વાર્ષિક હિસાબો, નિવેદન તથા પત્રક સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પ્રથમ અહેવાલ**

શ્રી ઇશ્વરભાઇ પરમાર (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પ્રથમ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**નેવા ડિજિટલ હાઉસની જાણકારી માટે આવેલ મણીપુર વિધાનસભાની ટીમની મુલાકાત અંગે**

અધ્યક્ષશ્રી : આજે આપણા નેવા ડિજિટલ હાઉસની મુલાકાત માટે મણીપુર વિધાનસભાની ટીમ આવી છે. આપણે એમને પૂર્ણ રીતે સહયોગ કરીશું. આપણો ટેકનિકલ સ્ટાફ પણ પૂર્ણ મદદ કરશે. એની વિધાનસભા ગૃહને જાણકારી આપું છું.

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩
વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

**માનનીય અધ્યક્ષશ્રીની શુભેચ્છા**

**માનનીય મંત્રીશ્રીના જન્મદિવસ નિમિત્તે શુભેચ્છા**

અધ્યક્ષશ્રી : આજે આપણા માનનીય મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાનો જન્મદિવસ છે તો એમને જન્મદિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ પણ પાઠવીએ છીએ.

**પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન**

ડો. કિરીટકુમાર ચી. પટેલ (પાટણ) : સૌથી પહેલા તો શ્રીમતી ભાનુબેન હેપ્પી બર્થ ડે. માનનીય અધ્યક્ષશ્રી, મેં જે તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૦૮ પૂછ્યો હતો, માનનીય શિક્ષણ મંત્રીશ્રીને એમાં જે મને માહિતી આપવામાં આવી છે એ એકદમ ખોટી માહિતી આપવામાં આવી છે. એટલા માટે કે મેં જે પ્રશ્ન પૂછ્યો હતો કે યુનિવર્સિટીઓની અંદર ચાર અધિકારીઓની ભરતી થઇ અને ભરતી થયા પહેલાં એવી કોઇ રજૂઆત સરકારને મળી છે કે નહીં?

અધ્યક્ષશ્રી : આ આજનો પ્રશ્ન છે?

ડો. કિરીટકુમાર ચી. પટેલ : ૧૦૮ નંબરનો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : આ ઇન્ફર્મેશન છે કે પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

ડો. કિરીટકુમાર ચી. પટેલ : પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે.

અધ્યક્ષશ્રી : જો તમારો લેખિત આપેલો જવાબ ખોટો હોય તો તમે લેખિતમાં રજૂઆત આપજો તો હું એનો ખુલાસો કરવા માટે સીધી સૂચના આપીશ એટલે પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશનનો મુદ્દો રહેતો નથી.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : થેંક્યુ સર.

**પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન**

**વિધાનસભાગૃહની મુલાકાતે આવતા વિદ્યાર્થીઓને માહિતગાર કરવા અંગે**

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન મારફત એક સૂચન કરવા માગું છું અને આપની જાણકારી માટે વિનંતી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં દરરોજ  સેંકડો શાળાના બાળકો આ વિધાનસભા ગૃહની મુલાકાતે આવે છે અને જે બાળકો આવે એ બીજા નાગરિકો કરતા થોડુંક એમની વિશેષ કાળજી લેવાય એવું આપણે સૌ ઇચ્છીએ છીએ. બાળકો અહીંયા આવે, ત્યાંથી ચાલીને અહીં આવે પછી અહીંયા બેસવાની વ્યવસ્થા તો બધી બરાબર છે પણ એ સિવાય જયારે નીચે આવે ત્યારે થોડાંક આપણા બાળકોની વિશેષ કાળજી લેવાય, એને વિશેષ સમજણ આપવા માટે યુનિવર્સિટીની બે-ચાર કાઉન્સિલર બહેનો રાખવી જોઇએ. ખાલી ૩૫-૪૦ દિવસ ગૃહ ચાલતું હોય એટલા દિવસ પૂરતો સમય હોય છે અને એમને બેસવાની વ્યવસ્થા, એમના ફોટોગ્રાફ લેવાની વ્યવસ્થા સહિતની વ્યવસ્થાઓ થાય અને એમને સોવેનિયર આપવાની પણ જો અહીંયાથી વ્યવસ્થા થાય તો એ અહીંયા આવ્યા છે એની સારી ઇમ્પેકટ લઇને જાય એ માટે આપ થોડી ચર્ચા બીજા બધા લોકો સાથે કરી અને કેટલું વેલ્યુએડીશન એમાં કરી શકાય? એવું થાય તો વધારે સારું એમ હું માનું છું.

અધ્યક્ષશ્રી : સારું સજેશન છે, એના માટે માનનીય ધારાસભ્યશ્રીઓની એક કમિટી બનાવી અને એના માટે આપણે શું કરી શકાય એ દિશામાં પોઝિટિવ વિચારીશું.

ભાદ્રપદ ૨૩, ૧૯૪૫ શાકે

સરકારી સંકલ્પ (નિયમ - ૧૨૦)

સરકારી સંકલ્પ (નિયમ - ૧૨૦)

ભારતના પ્રમુખપદે યોજાયેલ **G - 20** સમિટ અંગે

શ્રી જગદીશ વિશ્વકર્મા(રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી):માનનીય અધ્યક્ષશ્રી, દેશની રાજધાની દિલ્હી ખાતે ભારત મંડપમમાં આયોજીત G - 20ની બે દિવસની બેઠક તાજેતરમાં સંપન્ન થઈ છે.

વર્ષ ૧૯૯૯ની નાણાકીય કટોકટી બાદ G-20ની સ્થાપના થઈ હતી. ભારતના દીર્ઘદ્રષ્ટા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના અવિરત પ્રયાસોને કારણે ભારતને G - 20નું પ્રમુખપદ હાંસલ થયેલ છે. ભારત ૧ ડિસેમ્બર, ૨૦૨૨થી ૩૦ નવેમ્બર, ૨૦૨૩ સુધી G - 20નું પ્રમુખપદ સંભાળી રહેલ છે.

વૈશ્વિક નેતૃત્વ પૂરું પાડનાર વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ દેશભરમાં G - 20ની ૨૦૦થી વધુ બેઠકો ૬૦ જેટલા અલગ - અલગ સ્થળોએ સફળતાપૂર્વક યોજવામાં આવી. આ પૈકી ગુજરાતને ૧૭ બેઠકોની યજમાની કરવાની તક મળી છે.

G - 20 ગ્રૃપના દેશોની કુલ જી.ડી.પી વૈશ્વિક જી.ડી.પી.ના અંદાજે ૮૫ ટકા છે. જ્યારે આંતરરાષ્ટ્રીય વ્યાપારનો અંદાજે ૭૫ ટકા હિસ્સો આ દેશો ધરાવે છે અને તે રીતે G - 20 દેશોના નિર્ણયોથી વૈશ્વિક અર્થવ્યવસ્થા સ્વભાવિક રીતે પ્રભાવિત થાય છે. સદરહુ સમિટના તખ્તા પરથી ભારતે અનેક આર્થિક સિદ્ધિઓ હાંસલ કરી છે જેના કારણે વિશ્વની ત્રીજા નંબરની આર્થિક મહાસત્તા બનવાના લક્ષ્યને હાંસલ કરવામાં તેમજ સને ૨૦૨૫ સુધીમાં ભારતમાં ત્રણ ટ્રિલિયન ડોલરથી વધુનું આવનાર રોકાણ મહત્ત્વનું બની રહેશે. આજ બતાવે છે કે, ભારત એટલે બિઝનેસ.

ભારત મંડપમ ખાતે સમિટના અંતિમ સત્રમાં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે ૫૫ દેશોના સંગઠન આફ્રિકન સંઘનો G - 20માં કાયમી સભ્યપદ તરીકે સ્વીકાર કરવો તે ભારતના પ્રમુખપદ માટે એક સીમાચિન્હરૂપ સિદ્ધિ છે.

આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ભારતે મોટી કૂટનીતિક સરસાઈ મેળવી લીધી છે અને વૈશ્વિક સમસ્યાઓ તેમજ પડકારોના ઉકેલ લાવવામાં ભારતનો અવાજ આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ મજબૂત બન્યો છે.

અમેરિકા જેવી મહાસત્તાના પ્રમુખ બાઈડેને પણ આ પ્રસંગે ઉલ્લેખ કરેલ કે ભારતના પ્રમુખપદે સાબિત કર્યું છે કે G - 20 વિશ્વના મહત્ત્વના મુદ્દાઓનો ઉકેલ લાવવા સક્ષમ છે. વૈશ્વિક સ્તરે ભારતનો ડંકો વાગી ચૂક્યો છે. જોગાનુજોગ અમૃતકાળમાં જ ભારતના એક નવા યુગનો શાનદાર પ્રારંભ થઈ ચૂક્યો છે, જે ગુજરાત અને રાષ્ટ્ર માટે ગૌરવની બાબત છે.

સમિટમાં અમેરિકાના પ્રમુખ ઉપરાંત બ્રિટનના વડાપ્રધાન, જાપાન, ઈટલી, જર્મની, બાંગ્લાદેશ તેમજ ઈન્ડોનેશિયાના વડાપ્રધાન, સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ, સંયુક્ત રાષ્ટ્રસંઘના મહાસચિવ સહિત અનેક મહાનુભાવોએ ભાગ લઈ અનેક રચનાત્મક સૂચનો કરેલ છે. સમિટમાં ઉપસ્થિત સૌ મહાનુભાવોએ ભારતની ભવ્યતાની ઝાંખી પણ નિહાળી. આદરણીય વડાપ્રધાને વૈશ્વિક મંચ પર પણ સર્વસમાવેશક વિકાસની તરફેણ કરી સૌનો આદર મેળવ્યો.

સદરહુ સમિટમાં સર્વાનુમતે નવી દિલ્હી ઘોષણાપત્ર પણ જાહેર કરાયું. સમિટમાં ગ્લોબલ બાયો ફ્યુઅલ એલાયન્સની ઘોષણા, ભારત - મધ્યપૂર્વ અને યુરોપ વચ્ચે ઈકોનોમિક કોરીડોરની રચનાનો પ્રસ્તાવ, પર્યાવરણ અને કલાઈમેન્ટ ચેન્જ ઉપર નિરીક્ષણ માટે ઉપગ્રહ લોન્ચ કરવાની યોજના જેવી બાબતો હાથ ધરાઈ. સમિટમાં G - 20 દેશોએ એક અવાજે એવી પણ ચેતવણી ઉચ્ચારી કે પરમાણુ હથિયારોનો ઉપયોગ અથવા તેની ધમકી સાંખી નહિ લેવાય. ૩૭ પાનાના ઘોષણાપત્રમાં પણ યુક્રેનનો ઉલ્લેખ કરી કહેવાયું કે આજનો સમય યુદ્ધનો નથી.

સંગઠનના બધા જ દેશોએ આંતકવાદની ટીકા કરી હતી તેટલું જ નહિ પણ આંતકી જૂથોને આશ્રય, આર્થિક અને રાજકીય સમર્થન મળતું રોકવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગની હિમાયત કરી હતી. "વન અર્થ" સત્રને સંબોધન કરતાં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે આપણે બધાએ સાથે મળીને ચાલવાનો સમય છે અને "સબ કા સાથ, સબ કા વિકાસ, સબ કા વિશ્વાસ અને સબ કા પ્રયાસ" નો મંત્ર આપણા સૌ માટે માર્ગદર્શક બની શકે છે અને સૌએ સાથે મળીને સંયુક્ત રાષ્ટ્રના ઉદ્દેશો અને સિધ્ધાંતોને અનુરૂપ પણ કામ કરવું જોઈએ.

આજે જયારે વૈશ્વિક અર્થતંત્ર અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે, આબોહવા પરિવર્તન સાથે સંકળાયેલા પડકારો અને યુધ્ધની પરિસ્થિતિ વચ્ચે પણ આદરણીય વડાપ્રધાનના દ્રઢ મનોબળ, વૈશ્વિક નેતૃત્વની પ્રભાવી છાપ, કૂટનીતિ સાથે શાંતિદૂત બનીને મોટાભાગના મુદ્દાઓનો સમિટમાં વાટાઘાટોથી ઉકેલ લાવી શકાયો તે ભારત માટે ગૌરવની બાબત છે.

"એક ધરતી, એક પરિવાર, એક ભવિષ્ય" ની રૂપરેખા સંપન્ન થાય, સમગ્ર વિશ્વમાં આશા અને શાંતિનો સંચાર થાય તેવી કામના સાથે આદરણીય વડાપ્રધાને G - 20 બેઠકનું સમાપન કર્યું.

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

સરકારી સંકલ્પ (નિયમ - ૧૨૦)

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વૈશ્વિક સમસ્યાઓ અને તેના સમાધાન પર થયેલ વિચાર મંથન બ્રાઝિલના નેતૃત્વ હેઠળ આગામી સમયમાં મહત્તમ પરિણામલક્ષી બની રહે તે માટે ભારતના વડાપ્રધાન સતત માર્ગદર્શક બનતા રહે તેવી આ સભાગૃહ તેઓશ્રીને શુભેચ્છા પાઠવે છે તેમજ G - 20નું નેતૃત્વ શોભાવવા બદલ કોટીકોટી વંદન કરી હાર્દિક અભિનંદન પાઠવે છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર-પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જગદીશભાઇ પંચાલ G - 20 સમિટનો સંકલ્પ લઇને આવ્યા છે તેને અનુમોદન આપીને મારી વાત ગૃહ સમક્ષ આપની અનુમતિથી રજૂ કરી રહ્યો છું.'

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ ઇન્ટરનેશનલ સમિટ હોય કે વિદેશમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાનું હોય એનો કેવી રીતે મેક્સિમમ લાભ મળે? એ તક ઝડપીને દેશને કેવી રીતે આગળ લઇ જઇ શકાય? એનું ઉત્તમ ઉદાહરણ હમણાં G-20 સમિટના સમાપન અને સમગ્ર G-20 સમિટ ચાલી ત્યારે ભારત દેશે એનું ઉત્તમ ઉદાહરણ જોયું અને એનું ઉત્તમ માર્ગદર્શન કોઇએ આપ્યું હોય તો આપણા ગુજરાતના ગૌરવવંતા નેતા અને સન્માનનીય આ સભાગૃહનું વિશેષ ગૌરવ આપણું સ્વાભિમાન એવા ભારત વર્ષના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્ત્વ હેઠળ ભારતની એક યશ કલગીને આપણાં વૈભવ, વારસ અને સનાતનમાં એક મોરપીંછું ઉમેરાયું છે એટલા માટે વિશેષ અભિનંદનને પાત્ર આપણા વડાપ્રધાનશ્રી અને ભારત વર્ષ બને છે. આ મોરપીંછ G-20 સમિટના ઘોષણાપત્રને માનનીય મંત્રીશ્રીએ હમણાં જ એનો સંકલ્પ રજૂ કર્યો એમાં ટૂંકી ટૂંકી વાત કરી છે એમાં કેટલાક મુદ્દા હું વિશેષ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. ઘોષણાપત્રમાં ૮૩ પૅરેગ્રાફ થકી જુદા જુદા વિષયોની સમજુતી આપવામાં આવી તેમજ ન્યાય સંગત અને સ્થાયી શાંતિના ઉલ્લેખની કહી શકાય એવી અપીલ પણ કરવામાં આવી હતી. જે વિસ્તાર પર કબજો કરવા માટે પૂરી તાકાતથી ઉપયોગ કરવાથી બચે. અત્યારે જે અન્યની ઉપર કબજો ભોગવટો કરવા માટે સમય ચાલી રહ્યો છે.

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

આ ઇન્ટરનેશલ સમિટનો ઉપયોગ કરીને એ પ્રકારની વાત મૂકીને ક્ષેત્રિય અખંડિતતાથી વિરુદ્ધ જઇ કોઇ કામ ના કરે તેમજ દેશ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ઉપર કામ કરે આ માટે આપણું ભારત વન ફ્યુચર, વન એલાયન્સ બનાવે છે જેમાં મેમ્બર ભારત રહે છે અને ત્યાર બાદ અમેરિકા અને બ્રાઝિલનો એમાં સમાવેશ કરવામાં આવશે. ભારતના અધ્યક્ષ સ્થાને G-20માં સર્વ સ્વીકૃત થયેલ ઘોષણાપત્રને સમિટનું અત્યાર સુધીનું વિસ્તૃત અને વ્યાપક ઘોષણાપત્ર માનવામાં આવે છે એ આપણાં ભારતનું વિશેષ ગૌરવ કહી શકાય. આને શ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદષ્ટી અને વિઝન કહી શકાય. આમને આમ માનનીય નરેન્દ્રભાઇ વૈશ્વિક નેતા નથી બન્યા. એમની અંદર જે વિઝન છે એમનો લાભ વિશ્વને મળી રહ્યો છે. જેનો અત્યાર સુધી કોઇને વિચાર પણ ના આવી શકે. માનનીય મંત્રીશ્રીએ હમણાં જ એમની વાતમાં વાત કરી છે 'એક ધરતી, એક પરિવાર અને એક ભવિષ્ય' આ વાત તેમણે રજૂ કરીને વિશ્વને અચંબામાં મૂકી દીધો. આ પરિવાર ભાવ એ આપણા વડાપ્રધાને વિશ્વની સમક્ષ મૂક્યો છે અને જેને વિશેષ વધાવવામાં આવ્યો છે એટલા માટે શ્રી નરેન્દ્રભાઇ મોદી અભિનંદનને પાત્ર બને છે. ગ્રીન વિકાસ, આંતકવાદ સામે લડાઇ, મની લોન્ડરિંગ, અટકાયતી પગલાં તેમજ કોઇપણ રાષ્ટ્રની સમપ્રભુતા પર હુમલો કરવામાં ના આવે. સાથે સાથે ખાદ્ય સુરક્ષા, પોષણ, ટેકનોલોજી, કલ્યાણકારી ભૂમિકા તેમજ ડિજિટલ સાર્વજનિક ઢાંચા પર ધ્યાન દેવા બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો. એટલે તમામ ક્ષેત્રે તમામ વસ્તુનો વિશ્વની જરૂરિયાત મુજબ શું શું ચેલેન્જિંગ હોઇ શકે? તેના માટે શું ઉપાયો અને સમાધાન હોઇ શકે? એની વિશદ ચર્ચા એ ત્યાં કરવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત માટે અસાધારણ સામાજિક ભાગીદારી અને સંસ્કૃત્તિ પ્રદર્શિત કરવાનો આ અવસર હતો. ઉદાહરણ તરીકે G-20 સમિટના પ્રથમ દિવસે ભારત મંડપમમાં મોદી સાહેબ જ્યાં ઊભા હતા તેની પાછળ કોણાર્ક મંદિરનું ચક્ર દેખાતું હતું. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી બાઇડનજીને કોણાર્ક ચક્ર વિશે માહિતગાર કરીને વિશ્વને બતાવેલું કોણાર્ક સૂર્ય મંદિરમાં બનેલ રથનું પૈડું જે છે એ ભારતના પ્રાચીન સ્થાપત્યની શ્રેષ્ઠતાનું એ પ્રતિક છે. આ મંદિર સૂર્ય ભગવાનના રથ આકારમાં બનાવેલું છે. તેમાં ૧૨ પૈડા છે. જેને ૭ ઘોડા દ્વારા ખેંચવામાં આવે છે. જે ૭ દિવસનું પ્રતીક માનવામાં આવે છે. ૧૨ પૈડા એ વર્ષના ૧૨ મહિના દર્શાવે છે. પૈડામાં ૮ મોટા અને ૮ નાના કાંટા પ્રદર્શિત કરવામાં આવ્યા છે. જે દિવસના ૮ કલાક વિશે જણાવે છે. એવું પણ માનવામાં આવે છે કે તેનો ઉપયોગ કરીને સૂર્યની સ્થિતિને આધારે સમયની ગણતરી કરવામાં આવે છે. જે સૌથી કીમતી છે અને એ છે સમય. હું માનું છું ભારત વર્ષનો અત્યારે સ્વર્ણિમ કાળ ચાલી રહ્યો છે. એ ભારત વર્ષનું ગૌરવ છે કે સ્વર્ણિમ કાળ આપણો ચાલી રહ્યો છે. સૌથી સુખદ અનુભૂતિ આજે આપણને થઇ રહી છે અને એ છે સમય જે આજનો વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ચાલી રહ્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીની અહીંયા ઉપસ્થિતિ છે. માનનીય મંત્રીશ્રીએ પણ એમની વાતમાં વાત કરી છે. અહીંયા જે ઇવેન્ટો થઇ, જે ગુજરાતનો ભવ્ય વારસો, ભારતનો વિકાસ,

ગુજરાતનો વિકાસ એ સમન્વય તરીકે સમગ્ર વિશ્વના લોકો શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં આજે આપણને યજમાની મળી એની પણ વિશેષ છાપ લઇને ગયા છે. ત્યારે આ ભવ્ય અને દિવ્ય સફળતા એ આપણા સૌની આ સફળતા છે. વસુધૈવ કુટુમ્બકમના સોપાન તરફ આપણે આગળ વધી ગયા છીએ. માત્ર વાતો નહીં સમગ્ર વિશ્વને પરિણામ જોઇએ છે. માનનીય મંત્રીશ્રીએ વાત કરી એ પ્રમાણે અલગ અલગ ચેલેન્જીસને પણ કેવી રીતે ઉકેલી શકાય એનું સમાધાન આપવાનું કામ ભારતે કર્યું. માત્ર વાત કરીને છૂટી જવાનું નહીં. ભારતીય જનતા પાર્ટીની સરકાર કામ કરી રહી છે. ખાલી નિવેદનો આપીને છૂટી જવાનું નહીં. દેશ અને રાજય માટે શું કરી શકાય એના માટે સમાધાનો પણ વિશ્વને આપ્યા એ અત્યંત મહત્ત્વનું છે. દુનિયાને શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ભારતનું વજુદ સ્વીકારવા મજબુર કર્યા છે. મોદી હૈ તો મુમકીન હૈ, ભારત હૈ તો મુમકીન હૈ. દુનિયા ઝુકતી હૈ ઝુકાનેવાલા ચાહીયે અને એ છે માનનીય નરેન્દ્રભાઇ મોદી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, G - 20ના વાત થઇ. પહેલા ૧૯ દેશો હતા હવે અત્યારે ૨૧ થયા પણ માનનીય સભ્યશ્રીને એટલી વાત કરી દઉં કે G - 20 છે એના અધ્યક્ષ જે તે દેશ છે અને યજમાન પણ જે તે દેશ છે. માનનીય વડાપ્રધાનશ્રીને જે આજે દુનિયાનું સન્માન મળે છે એ ભારતના વડાપ્રધાન છે એટલે સન્માન મળે છે અને ભારતનું સન્માન થઇ રહ્યું છે એટલા માટે દુનિયાની અંદર સન્માન થાય છે એટલે કોઇના પ્રયાસોથી નહીં. હું રેકર્ડ ઉપર થોડો સુધારો કરવા માગું છું કે દર વર્ષે એનું અધ્યક્ષપદ રોટેશનમાં આવે છે એ રીતે આ વખતે આપણા રોટેશનના ભાગમાં આવેલું અને એ સિવાય હવે પછી બીજા દેશના રોટેશનની અંદર અધ્યક્ષપદ મળવાનું છે અને આ દુનિયાની અંદર જે તે સમયે જે ઇશ્યુ ઊભા થાય એને આધારે જુદાજુદા ગ્રૂપોનું વિશ્વની અંદર ગઠબંધન થતું હોય છે. આપણે સન ૧૯૪૭ની અંદર આઝાદ થયા ત્યારે દુનિયા બે ધૃવોમાં વહેંચાયેલી હતી. એક ધૃવ સમાજવાદી દેશો જે રશિયા સાથે હતા અને બીજા નાટો દેશો જે અમેરિકા સાથે હતા. મજબુર થઇને બાકીના દેશોની અંદર એને જોડાવું પડતું હતું. તે વખતે વિશ્વની ત્રણ વિભૂતિઓ જેમાં શ્રી નહેરુ, શ્રી નાશર અને શ્રી ટીટો. શ્રી જવાહરલાલ નહેરૂ, ઇજિપ્તના વડાપ્રધાન નાશર અને યુગોસ્લેવિયાના પ્રમુખ માર્શલ ટીટો આ ત્રણેય એ ભેગા થઇને બિનજોડાણવાદી દેશોએ નોનએલાઇન મૂવમેન્ટ શરૂ કરી. અહીં ૨૧ દેશો છે. તે વખતે ૧૫૦ દેશોનું સંગઠન ભારતના નેતૃત્વમાં, શ્રી જવાહરલાલ નહેરૂના નેતૃત્વમાં એકઠું થયું હતું. વિશ્વની ૫૩ ટકા વસતિ તેમની સાથે જોડાઇ. જયારે દુનિયા બે પોલારમાં હતી ત્યારની વાત છે. તેના સ્થાપક પ્રમુખ હોવાનું ગૌરવ ભારતને પ્રાપ્ત થયું હતું. શ્રી જવાહરલાલજી વડાપ્રધાન હતા પણ ભારતની પ્રતિભા એવી હતી કે, ૧૫૦ દેશોએ આપણું નેતૃત્વ સ્વીકાર્યું અને દેશે જે પાંચ પચશીલ સિદ્ધાંતો આપ્યા તે આ ૧૫૦ દેશોએ સ્વીકાર્યા. સૌથી મહત્ત્વના મુદ્દા હતા તે racism સામેના હતા, colonialism સામેના હતા તેની સામે આપણે લડ્યા. તેની સામે સેંકડો દેશો, અનેક દેશો તેમાં સ્વતંત્ર થયા અને સાઉથ આફ્રિકા તેમાંનો એક દેશ છે. તેના પછી આ લાંબા સમય સુધી ચાલ્યું. અહીં આવી સમિટ પહેલી વખત થાય છે તેવું નથી. અહીં ૧૯ દેશોની સમિટ થઇ. બે મહાસત્તાઓ તો આવી નહીં. ચાઇના અને રશિયા આવ્યા નહીં. શ્રીમતી ઇન્દિરા ગાંધીએ સન ૧૯૮૩માં ૧૫૦ દેશોની સમિટ અહીં કરી હતી અને ૧૦૦ દેશોના વડાઓ આપણા દેશના મહેમાન બન્યા હતા. આ પહેલી વખત થાય છે એવું નહીં, અનેક વખત થયું છે. તેનું કારણ એ છે કે,

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ...

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, તમને ઘસાતું સાંભળવાની ટેવ હશે. અમને ભારતનું ઘસાતું સાંભળવાની ટેવ નથી.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, આ બાજુ જોઇને બોલો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું ભારતનું સારું બોલું છું તો કોઇને એવી પેટમાં તકલીફ થવી જોઇએ નહીં. એટલે હું વાત એ કરું છું કે, ભારતની આટલી મહત્ત્વતા હતી તેના કારણે જયારે દુનિયા બે પોલારમાં હતી ત્યારે ત્રીજો પોલાર ભારતના નેતૃત્વમાં આપણે ઊભો કર્યો હતો. બીજા મિત્રોને કહી દઉં કે વિદેશ નીતિ છે તે કોઇ પક્ષની નીતિ હોતી નથી. આપ તેને પક્ષની નીતિ ન બનાવો. તે દેશની નીતિ હોય છે. દેશની નીતિને સૌએ સહકાર આપવો જોઇએ. મને શ્રી પ્રમોદ મહાજનના શબ્દો યાદ છે, એક કોન્ફરન્સમાં મેં એને સાંભળેલા અને એમણે કહ્યું હતું કે, બીજા દેશોમાં અમે ગયા અને દુનિયાને નવાઇ લાગી કે આ પક્ષ અને વિપક્ષ બંને ભેગા થઇને આવે છે અને એક જ વાત કરે છે. અત્યારે તમે ભૂલી ગયા છો. હું યાદ અપાવું કે, જ્યારે આપણા હ્યુમન રાઇટસ માટે યુનોની અંદર જયારે પ્રતિનિધિત્વ કરવાનું થયું ત્યારે ભારતના વિદેશમંત્રીએ પ્રતિનિધિત્વ ન્હોતું કર્યું. માનનીય નરસિંહરાવે બાજપાઇને યુનોની અંદર મોકલ્યા હતા. આ પહેલી વખત બન્યું એવું નહીં. આપણને ખ્યાલ ન હોય તો કહી દઉં કે જયારે શ્રી બાજપાઇ વડાપ્રધાન હતા...

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અમીતભાઇ.. શ્રી અર્જુનભાઇ, બે મિનિટ બેસો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : જયારે શ્રી બાજપાઇજી વર્ષ ૨૦૦૧માં વડાપ્રધાન હતા....

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, એક મિનિટ. શ્રી અમિતભાઇ, બોલો.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, રેકોર્ડીંગ થઇ રહ્યું છે. આપની પરમિશનથી થતું હોય તો મને વાંધો નથી. રેકોર્ડીંગ થઇ રહ્યું છે.

## સરકારી સંકલ્પ (નિયમ - ૧૨૦)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે પરંપરા છે તે પરંપરા આ વખતે તૂટી છે તેનું દુઃખ છે. હું વાત એ કરવા જઇ રહ્યો છું કે, આ એક જ પ્રકારનું ગ્રૃપ નથી. બ્રિક્સનો પણ આપણે મહત્ત્વનો હિસ્સો છીએ. બ્રિકસ એટલે ભારત, રશિયા, ચાઇના અને સાઉથ આફ્રિકા. તેના પણ આપણે હિસ્સેદાર છીએ. આ પણ એક મહત્ત્વનું જુથ છે. સાર્કના પણ આપણે હિસ્સેદાર છીએ. હમણાં માનનીય વડાપ્રધાનશ્રીએ બીજા નવા ઇનિશિયેટીવ લીધા છે. તે પૂર્વના દેશો સાથેનું આપણું સંકલન છે તે પણ મોટો હિસ્સો છે. આ પહેલી વખત થાય છે એવું નહીં. તેમાં તેનું કારણ એ છે અને દુનિયામાં આપણને મહત્ત્વ એટલા માટે મળે છે કે, ભારતનું મહત્ત્વ દુનિયાની અંદર છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, રેકોર્ડીંગ કરતા હોવ તો પરવાનગી સિવાય રેકોર્ડીંગ કરતા નહીં, પ્લીઝ.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, આમાં સિસ્ટમ આપેલી છે પછી?

ઉપાધ્યક્ષશ્રી : તે સિસ્ટમ બરાબર છે.

શ્રી શૈલેષ મ. પરમાર : વિધાનસભાએ આપેલી સિસ્ટમનો ઉપયોગ કરીએ છીએ.

ઉપાધ્યક્ષશ્રી : બરાબર છે પણ રેકોર્ડીંગની પરવાનગી લેવી પડે. આપ મહેરબાની કરીને બંધ કરી દો. આપ બંધ કરી દો, પ્લીઝ.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, આપણે સિસ્ટમનો ઉપયોગ નહીં કરવાનો?

ઉપાધ્યક્ષશ્રી : આપ બંધ કરી દો, નહીં નહીં.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, વાત એ કરતો હતો કે, દુનિયાની અંદર ભારતનું મહત્ત્વ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી હોય તો એને સન્માન મળવાનું છે, આવતી કાલે બીજા કોઇ વડાપ્રધાન આવે તો એને મળવાનું છે અને માનનીય ભૂપેન્દ્રભાઇ પણ કોઇક દિવસ વડાપ્રધાન થાય તો એમને પણ આ સન્માન મળવાનું છે. એટલે કોઇ ચિંતા ન કરતા કે, શ્રી નરેન્દ્રભાઇ છે એને કારણે થયું છે પણ સવાલ એ થાય છે કે આપણે વિદેશ નીતિને રાજનીતિ બનાવીએ છીએ એ રાજનીતિ બનાવવી જોઇએ નહીં અને આપણે અહીંયા દેશની નીતિ છે એ જ વિદેશ નીતિ હોવી જોઇએ. વિદેશની અંદર જઇને આપણે ભૂતકાળની સરકારોને કોસવાનું હમણાં હમણાં શરૂ થયું છે એ દેશ માટે સારું નથી.

શ્રી ગણપતસિંહ વે. વસાવા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા ભારતમાં થયેલ G - 20ના શિખર સંમેલનને મળેલ ઝળહળતી સફળતા બદલ આપણા ગુજરાતનું ગૌરવ દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને અભિનંદન આપવા જ પડે એવો સંકલ્પ લઇને આવ્યા છે જેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સન ૧૯૯૯થી નાણાકીય કટોકટી બાદ G - 20ની સ્થાપના થઇ. આ સંગઠનમાં ૧૯ જેટલા દેશો જેવા કે, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ચીન, બ્રાઝીલ, કેનેડા, જર્મની, જાપાન, રશિયા, બ્રિટન જેવા ૧૯ દેશો ઉપરાંત યુરોપિયન દેશો પણ સામેલ થયા અને G - 20 તરીકે એને ઓળખવામાં આવ્યું. આ વર્ષથી આફ્રીકન યુનિયનને પણ તેમાં સ્થાન મળ્યું છે. ભારતના દીર્ઘદ્રષ્ટા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના અવિરત પ્રયાસોને કારણે ભારતને G - 20નું પ્રમુખપદ હાંસલ થયેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, વૈશ્વિક નેતૃત્વ પૂરું પાડનાર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ દેશભરમાં G - 20ની ૨૦૦ કરતા વધારે બેઠકો ૬૦ જેટલા અલગ અલગ સ્થળોએ સફળતાપૂર્વક યોજવામાં આવી છે અને ગુજરાતમાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ ૧૭ જેટલી બેઠકોની ગુજરાતને યજમાની કરવાની તક મળી છે એ આપણા સૌના માટે ગૌરવની બાબત છે. G - 20માં ભારત ઉપર આખા વિશ્વની નજર હતી. G - 20 સંમેલનની ભવ્ય ઉજવણી થઇ, દુનિયાભરમાં ભારતનો ડંકો વાગ્યો છે એ ઘણા બધા લોકોને ના પણ ગમ્યું હોય, વસુધૈવ કુટુમ્બકમ્ અને એક ધરતી, એક કુટુંબ અને એક ભવિષ્યની ભાવનાએ સૌ કોઇના દિલ જીતી લીધા છે. ભારતે પ્રથમ વખત G - 20નું પ્રમુખપદ મેળવ્યું અને ભારતે આ પ્રેસિડેન્સી સ્વીકારી ત્યારથી અનેક અપેક્ષાઓ બંધાઇ હતી જેમ કે ભારતનું વિશ્વ સ્તરે વજન વધશે, વિવિધ દેશોના પ્રતિનિધિઓ ભારત આવશે અને ભારતની સંસ્કૃતિ, ભારતની સમૃદ્ધિ, ભારતનો વિકાસ નરી આંખે જોશે અને ભારત દુનિયાને એક નવી દિશા સૂચવશે અને આ તમામ બાબતોમાં ભારત સર્વશ્રેષ્ઠ સાબિત થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ અમૃતકાળમાં ભારતના એક નવા યુગનો શાનદાર પ્રારંભ થઇ ચૂક્યો છે જે ભારત માટે ગૌરવની બાબત છે. G - 20ના કાર્યકારી જૂથમાં શેરપા ટ્રેક, નાણાકીય ટ્રેક એમ બે ટ્રેક રહ્યા હતા. શેરપા ટ્રેકમાં એગ્રી ડેવલપમેન્ટ, રોજગાર, શિક્ષણ, પર્યાવરણ, આરોગ્ય, પ્રવાસન સહિતના ક્ષેત્રોનો સમાવેશ કરાયો હતો જ્યારે નાણાકીય ટ્રેકમાં ફ્રેમવર્કીંગ, ગ્રૃપ ઇન્ટરનેશનલફાયનાન્સિયલ આર્કીટેકચર, ઇન્ફ્રાસ્ટ્રકચર વર્કીંગ ગ્રૃપ જેવા નાણાકીય ક્ષેત્રના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સમિટમાં અમેરીકાના પ્રમુખ ઉપરાંત બ્રિટનના વડાપ્રધાન, જાપાન, જર્મની, બાંગ્લાદેશ તેમજ ઇન્ડોનેશિયાના વડાપ્રધાન, સાઉદ અરેબિયાના ક્રાઉન પ્રિન્સ, સંયુકત રાષ્ટ્રના મહાસચિવ સહિત અનેક મહાનુભાવોએ ભાગ લઇ અનેક રચનાત્મક સૂચનો કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતે G - 20નું સફળતાપૂર્વક આયોજન કર્યું તે સંદર્ભમાં અમેરીકાના પ્રમુખશ્રી જો બાઇડને એવું જણાવ્યું કે ભારતે એવુ સાબિત કરેલ છે કે આ સમિટના માધ્યમથી વિશ્વના મોટાભાગના વિવાદાસ્પદ મુદ્દાઓ જેવા કે

વૈશ્વિક અર્થતંત્ર, કલાઈમેટ ચેન્જની કટોકટી તેમજ યુદ્ધની પરિસ્થિતિ જેવા મોટાભાગના મુદ્દાઓના ઉકેલ માટે વાટાઘાટોથી આ પ્રશ્ન ઉકેલી શકાય આ અમેરીકાના જો બાઇડને કરેલી વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, રશિયાના વિદેશમંત્રીએ એવું જણાવ્યું કે, ભારતના અધ્યક્ષ પદ હેઠળ G - 20ની બેઠક અનેક રીતે અસાધારણ રહેલ હતી અને તેના પરિણામોએ વિશ્વના પડકારોની શ્રેણીમાં ઉકેલ લાવવાની દિશામાં ભારતે માર્ગ બતાવ્યો છે. G - 20માં કાયમી સ્થાન મેળવનાર આફ્રિકન સંઘના પ્રમુખે ભારતને દુનિયાની પાંચમી મહાસત્તા ગણાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે એક ખૂબ મહત્ત્વની વાત કરી હતી કે માનવીય કેન્દ્રીય દ્રષ્ટિકોણને હવે આ સમયની માગ છે. સદીઓ પુરણી સમસ્યાઓ હવે નવા સમાધાનની અપેક્ષા રાખી રહી છે. જો આપણે કોવિડને હંફાવી શકતા હોઇએ તો પરસ્પર વિશ્વાસ રાખીને દુનિયાના કોઇ પણ પડકારનો સામનો આપણે કરી શકીએ છીએ. જયારે પણ દુખિયામાં શાંતિ, સુરક્ષા અને ભાઇચારાની વાત નીકળશે ત્યારે ભારતમાં યોજાયેલી G - 20ની બેઠકના સ્મરણો તાજા થશે. આપણો દેશ સમગ્ર વિશ્વનું ભલું થાય એવી ઐતિહાસિક ઘટના માટે નિમિત્ત બન્યો છે. આ બેઠકથી ભારતનું વજુદ આજે આસમાને પહોંચ્યું છે. G - 20ની સામે જોડાયેલા દેશો યજમાની તો કયારેય ભૂલવાના નથી પરંતુ દુનિયાએ જે કલ્પના કરી હતી તેના કરતા પણ અનેકગણી સફળતા G - 20માં આ ભારતે પ્રાપ્ત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ પોતાના દેશ માટે તો ચિંતા કરે જ છે પરંતુ બીજી પણ એક ખૂબ મહત્ત્વની વાત એ છે યુનાઈટેડ નેશન સિકયોરીટી કાઉન્સિલના કાયમી સભ્યપદનો માર્ગ ભારત માટે વધુ મોકળો થયો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ સાથે અમેરીકાના પ્રેસિડેન્ટની મુલાકાત બાદ અમેરીકાના વિદેશ મંત્રાલયના પ્રવકતા માગરિટ મૈકલિયોડે કહ્યું કે, અમેરીકા ભારતની તમામ ફેવર કરશે. આવા આવનારા લાભો એ આવનારા દિવસોમાં આપણાં હિન્દુસ્તાનને થવાના છે. તેની સાથે આગળ વાત કરીએ તો G - 20 દરમિયાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે અમેરીકા, સાઉદ અરેબિયા અને યુરોપના દેશો સાથે મળીને ઈન્ડિયા, મિડલ ઇસ્ટ, યુરોપ ઇકોનોમિક કોરીડોર પ્રોજેકટનું પણ લોન્ચિંગ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત પોતાના હિતોની સાથે સાથે દુનિયાના દેશોનું ભલું પણ વિચારે છે આ પ્રોજેકટથી...

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ આ સમિટની અંદર આજે જે આપણાં દેશમાં સમિટ યોજાયા તેનો યશ આપણે કોઇને આપવો હોય તો એ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને આપી શકાય અને આવનારા દિવસોમાં ભારત વિશ્વ ગુરુ બનવાનું છે તેને કોઇ દુનિયાની તાકાત અટકાવી શકવાની નથી.

શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જગદીશભાઇ પંચાલ જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, G - 20 સમિટ, ૨૦૨૩ એક આશા અને વિશ્વાસનું નવું નામ છે. આપણી રાજધાની દિલ્હીમાં તા.૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ ૧૮મી G - 20 સમિટનું સમાપન થયું. આ સમિટમાં ભાગ લેવા માટે વિશ્વના ટોચના નેતાઓ ભારતમાં ભેગા થયા હતા. આ કારણથી દેશ અને દુનિયાની નજર ભારત પર હતી. આ સમિટના પરિણામે વિશ્વના અને મહત્ત્વના અખબારોમાં ભારતના ભગીરથ પ્રયાસો તેમજ માનનીય વડાપ્રધાનશ્રીની કાર્યશૈલીની પ્રસંશા પણ થઇ. કૉંગ્રેસના ૬૦ વર્ષના ઇતિહાસમાં આવી ભવ્ય સમિટનું આયોજન કરી જ નથી શક્યા. આ સમિટમાં અલગ - અલગ રાજ્યોનો કલ્ચરલ શૉ કરવામાં આવ્યો હતો. ત્યાં ડિસ્પ્લેમાં કોણાર્કનું મંદિર બતાવ્યું તો એની ભવ્યતા બતાવવામાં આવી. જ્યાં એ લોકોએ મિટિંગ રાખી ત્યાં બૅક ગ્રાઉન્ડ વૉલ પેપરમાં શ્રી કૃષ્ણ ભગવાન પોતે રથ પર બિરાજમાન છે અને રથમાં અર્જુન છે. એમાં આપણે ભારતની સંસ્કૃતિ ડિસ્પ્લે કરી છે. આ ખૂબ મોટી વસ્તુ છે. રોટેશનમાં આવ્યું એ બરાબર છે પણ રોટેશનમાં આવ્યા પછી આ સમિટનું શું આઉટકમ છે એ ખૂબ જરૂરી છે. દુનિયાના વિભિન્ન દેશો અહીંથી શું લઇ ગયા અને ત્યાં જઇને એમણે શું વાત મૂકી છે એ પણ બહુ જરૂરી છે. G - 20 સમિટની થીમ 'વસુધૈવ કુટુમ્બકમ્ - એક પૃથ્વી, એક કુટુંબ, એક ભવિષ્ય' હતી. આ G - 20નો મુખ્ય એજન્ડા ભારત તરફથી રજૂ કરવામાં આવેલ હતો. આ બહુપક્ષીય મંચની અધ્યક્ષતા એ ભારત માટે એક સુવર્ણ તક સમાન છે કારણ કે, તે રોકાણ આકર્ષવા માટે તેની શકિત અને સિદ્ધિઓનું પ્રદર્શન કરી શકે છે. આ મોટું અર્થતંત્ર તેના વેપારના સંબંધોને પણ ગાઢ બનાવી શકે છે. ઘણી બહુરાષ્ટ્રીય કંપનીઓ રોકાણ માટે વૈકલ્પિક સ્થળો શોધી રહી છે અને સપ્લાય ચેઇનનું વૈવિધ્યકરણ કરી રહી છે. આ G - 20 ઘણી બધી કંપનીઓને આકર્ષવામાં ભારતની મદદ કરશે. જ્યારે આપણે મહાસત્તાઓની વાત કરીએ છીએ ત્યારે અગાઉના વર્ષોમાં કૉંગ્રેસના શાસનમાં ભારતની શું પરિસ્થિતિ કરી દીધી હતી એની હું વાત કરવા માગું છું. મારે આજે વર્લ્ડ બેંકની વાત મૂકવી છે જે G - 20 સમિટમાં પોતે હાજર હતી. આપણને સૌને યાદ છે કે જ્યારે નર્મદા બંધના પ્રશ્ને થોડાંક ડાબેરી સંગઠનોએ વિસ્થાપનના નામે ઊહાપોહ કર્યો હતો ત્યારે ગરીબો અને વંચિતોના બહાને વર્લ્ડ બેંકે આખી લોન બંધ કરી દીધી હતી. વર્ષ ૧૯૬૫ના પાકિસ્તાનના આક્રમણની સામે લડવાનું આવ્યું ત્યારે બધી મહાસત્તાઓએ ભેગા થઇને ભારતને અનાજ આપવાનું પણ બંધ કરી દીધું હતું. પોખરણનો અણુ પ્રયોગ થયો હતો ત્યારે પણ અમેરિકાના પેટમાં દુ:ખ્યું હતું. આ બધી વાતો એટલા માટે યાદ કરાવું છું કે આ જ વર્લ્ડ બેંક જ્યારે G - 20 સમિટમાં આવી ત્યારે દિલ્હીની શાકમાર્કેટમાં તેઓ ફરતા હતા. ત્યાં ફરતાં - ફરતાં એ લોકો પાથરણા પર શાકભાજી વેચવાવાળા પાસે ગયા અને એ લોકોએ જોયું કે યુ.પી.આઇ.નું કેટલું ચલણ છે? ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં ભારત ગ્લોબલ લીડર છે. G - 20ના

દેશોને માનવું પડ્યું કે ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર એક ઊભરતું સેક્ટર છે. જેની મદદથી જાહેર જનતા સુધી સરકારી સુવિધાઓ વધુ સારી રીતે પહોંચાડી શકાય તેમ છે. ભારત ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં ગ્લોબલ લીડર ગણાય છે. ઓગસ્ટ મહિનામાં યુ.પી.આઇ. દ્વારા ૧૦ અબજથી પણ વધુ ટ્રાન્ઝેક્શન થયા જે ભારતની ક્ષમતા દર્શાવે છે. ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર ભારતની ક્ષમતા પર ગ્લોબલ સ્પોટલાઇટ રહ્યું છે. ઘણા દેશોએ યુ.પી.આઈ. સિસ્ટમના સેટ અપ માટે ભારતની મદદ માંગી છે. ભારતે ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેટ અપ માટે અત્યાર સુધીમાં આઠ દેશ સાથે એમ.ઓ.યુ. સાઇન કર્યા છે અને હજુ બીજા ૨૫ થી ૩૦ દેશો આવા એમ.ઓ.યુ. સાઇન કરવા લાઇનમાં ઊભા છે. આ કોઇ નાની બાબત નથી. આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના કારણે જ આ લોકોને આપણું મહત્ત્વ સમજાયું છે.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, G - 20માં આપણા વડાપ્રધાનશ્રીએ એક ધ્યાન ખેંચાય તેવું વિધાન કર્યું કે સમય અને પરિસ્થિતિ પ્રમાણે બદલવું જ પડશે. પાડોશી દેશ પાકિસ્તાનથી માંડીને ચાઇના કે અમેરિકાને પણ આ બાબતનો ભાસ થયો છે. G - 20ના સફળ સંગઠન પછી વિદેશી મીડિયાએ પણ ભારતની ખૂબ પ્રશંસા કરી છે. ગ્લોબલ ટાઇમ્સના જણાવ્યા અનુસાર આ કાર્યક્રમ બાદ વડાપ્રધાનશ્રીની ખૂબ મોટી પ્રતિભા આખી દુનિયામાં ઊભરી છે. દેશના વડાપ્રધાનશ્રી કેવા હોવા જોઇએ તેનો ખ્યાલ આવ્યો છે. અલગ-અલગ દેશના લોકોને પણ એવું થયું કે આપણા દેશના વડાપ્રધાન આવા હોય તો! આ G - 20 સમિટ ભારતની ડિપ્લોમેટિક વિક્ટરી છે. વિશ્વમાં ત્રીજા નંબરની આર્થિક મહાસત્તા બનવાની દિશામાં આગળ વધવા માટે પ્રી-પ્લાનિંગ કરી રહેલા ભારતને વર્ષ ૨૦૨૫ સુધીમાં થ્રી ટ્રિલિયન ડોલરથી પણ વધુ રોકાણ આવી શકે તે આદરણીય વડાપ્રધાનશ્રીની દીર્ઘદ્રષ્ટિને આભારી છે અને આ રોકાણ ભારતને જોરદાર બુસ્ટ આપશે તે પણ નક્કી છે. G - 20 બેઠક થકી ભારતના આર્થિક સપનાઓ સાકાર થશે તેમાં કોઇ શંકાનું સ્થાન નથી. ભારત એટલે બિઝનેસ તે વિશ્વના દેશોને સમજાઇ ગયું છે.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, G - 20 પર માનનીય મંત્રીશ્રી જે સંકલ્પ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. જ્યારે G - 20ની સમિટ ભારતમાં થઇ રહી હતી તેના દશ્યો આપણે ટી.વી. પર જોયા છે. અમદાવાદમાં પણ બેઠકો થઇ છે અને જ્યારે દિલ્હીમાં છેલ્લી સમિટ થઇ ત્યારે મને સન-૧૯૭૦ના દાયકાના એક ગીતની કડી યાદ આવે છે કે,

"है प्रित जहाँ की रीत सदा मैं गीत वहाँ के गाता हुं,
भारत का रहनेवाला हुं, भारत की बात सुनाता हुं।"

આવા ભારત માટે જ્યારે ગુજરાતની વિધાનસભામાં G - 20નો સંકલ્પ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા હોય અને તેના ઉપર બોલવાનો મોકો મળ્યો હોય ત્યારે મારે વિપક્ષને પણ કહેવું છે કે આ બાબતમાં પક્ષાપક્ષીથી દૂર રહીને એટલા માટે પણ અભિનંદનનો સ્વીકાર કરવો પડે કે જેના નેતૃત્વમાં આ સમિટ થઇ છે તે પનોતા પુત્ર ગુજરાતના છે અને તેની વિધાનસભામાં જ્યારે આ પ્રસ્તાવ લઇને આવ્યા હોય તો તેમને પણ અભિનંદન આપવા જોઇએ. G - 20ની સમિટમાં ભારત અધ્યક્ષસ્થાન કરવાનું છે તેવું નક્કી થયું ત્યારે ભારતે તેની ટેગ લાઇન કરી. આખું વિશ્વ જોઇ રહ્યું હતું કે આ ટેગ લાઇન આવી કેમ છે? ''વન અર્થ વન ફેમિલી વન ફ્યુચર'' વિવિધ દેશના લોકો અહીં આવ્યા ત્યારે તેમને ખબર પડી કે ભારત તો તેમના સંસ્કારો થકી આ વિશ્વને પોતાનો પરિવાર માને છે એટલા માટે આ ટેગ લાઇન નક્કી કરી છે.G - 20ની સફળતાઓ ઘણી બધી છે. જેમ કે, ફોસિલ ફ્યુઅલનો ઉપયોગ ઓછો કરવાની વાત હોય, પાર્ટનરશીપ ઓફ ગ્લોબલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટની વાત હોય, કાર્બન ઉત્સર્જન ઘટાડવાની વાત હોય. કોરોનાકાળમાં જ્યારે દેશ સંક્રમણથી પીડાતો હતો ત્યારે ભારતે વેક્સિન બનાવીને ૯૬થી વધારે દેશોને વેક્સિન પહોંચાડવાનું કામ કર્યું હોય ત્યારે એમ થાય કે બીજા દેશોની પણ ભારત ચિંતા કરે છે અને વિશ્વને પોતાનો પરિવાર માને છે. મારે કેટલીક બાબતો ગૌરવપૂર્ણ રીતે કહેવી છે કે ભારત કોઇ વાત મૂકે તો એનું વજન કેટલું પડે? ભારત યુનાઇટેડ નેશન્સમાં ૨૧ જૂનને ''વિશ્વયોગ દિવસ '' તરીકે મનાવવાની વાત મૂકે અને વિશ્વ સ્વીકારે એ આપણા માટે ગૌરવની વાત કહેવાય. હમણાં તાજેતરમાં વર્ષ ૨૦૨૩ને ''ઇન્ટરનેશનલ મિલેટ્સ યર '' તરીકે ઊજવવાનો પ્રસ્તાવ પણ ભારતે મૂકેલો અને વિશ્વએ એનો સ્વીકાર કર્યો છે. ભારતની વાત વિશ્વના લોકો સ્વીકારે એમાં કોઇ બેમત નહીં હોય. આપણે કથન કરવું પડશે કે, ''શક્તિમાં આપણે શિવાજી છીએ, આપણે અગસ્ત્ય ઋષિના સંતાનો છીએ કે જે સમુદ્રને પણ પી શકે છે, આપણે વિવેકાનંદજીની ગૌરવગાથા છીએ, આપણે એ વંશપરંપરાની ગાથા છીએ કે જેણે સિંહોના પણ દાંત ગણ્યા હતા, આપણે કરુણામાં બુદ્ધ અને મહાવીર છીએ. ''માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ G - 20 સમિટ કરી હોય ત્યારે માનનીય મંત્રીશ્રી જે G - 20નો સંકલ્પ લઇને આવ્યા છે એને હું મારો સંપૂર્ણ ટેકો આપું છું. G - 20 પર બોલાવાની તક આપી એ બદલ માનનીય અધ્યક્ષશ્રીનો હું આભાર વ્યક્ત કરું છું.

અધ્યક્ષશ્રી : ચાર મિનિટ હતી એટલે એમની ત્રણ મિનિટ વધી છે એટલે તમે વધારે એક મિનિટ લઇ શકશો.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, ભારતના અધ્યક્ષપદે યોજાયેલા G - 20 શિખર સંમેલનની ભવ્ય સફળતા માટે માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સેવારત ભારત સરકારને અભિનંદન આપવા માટે માનનીય મંત્રીશ્રી જે સંકલ્પ લઇને આવ્યા છે એને અનુમોદન આપી મારા વિચારો રજૂ કરું છું.

## સરકારી સંકલ્પ (નિયમ-૧૨૦)

માનનીય અધ્યક્ષશ્રી, દુનિયામાં જ્યારે સુરક્ષા અને ભાઇચારાની વાત આવશે ત્યારે ભારતમાં યોજાયેલ G-20 સમિટને યાદ રાખવામાં આવશે. દુનિયાને જેટલો વિશ્વાસ હતો તેના કરતાં અનેકગણી સફળતા G-20ને મળી છે. વિશ્વમાં G-20નું સફળ આયોજન એ ભારતની તાકાતનું પરિણામ છે. G-20નો અર્થ આમ તો ગ્રૃપ- ૨૦ થાય છે. પણ ભારતે આ G-20ને તેની પ્રાસંગિકતા અને ધ્યેય પ્રમાણે નવા અર્થો આપ્યા છે. G-20 એટલે ગ્રો અપ ૨૦, G-20 એટલે ગેલેક્સી ઓફ ૨૦, G-20 એટલે ગ્રોથ ઓફ ૨૦, G-20 એટલે ગીયર અપ ૨૦, G-20 એટલે જેમ્સ ૨૦, G-20 એટલે ગોલ્ડન ૨૦, G-20 એટલે ગ્રેસિયસ ૨૦, G-20 એટલે ગ્લોરિયસ ૨૦. જો કે, આફ્રિકન યુનિયનના સમાવેશથી હવે આ સંગઠન જી-૨૧ બનવા તરફ જઇ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે G-20 માટે દેશના અભિગમની રૂપરેખા આપતાં વૈશ્વિક મુદ્ધાઓને ઉકેલવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગની હાકલ કરી છે. તેઓના એક નિવેદનમાં જણાઇ આવ્યું છે કે, પરિવર્તન, આતંકવાદ અને રોગચાળાને પડકારવા માટે એકબીજા સાથે લડીને નહીં પરંતુ, સાથે મળીને ઉકેલ લાવી શકાય છે. ભારતને જ્યારે આ G-20નું અધ્યક્ષપદ મળ્યું ત્યારે ખરા અર્થમાં રાષ્ટ્રભક્ત અને સૌને સુખી કરવાની નેમ સાથે સેવારત એવા શ્રી નરેન્દ્રભાઇ મોદી આપણા માનનીય પ્રધાનમંત્રી છે એ આપણા સૌ માટે ગૌરવની વાત છે.એમણે જે મંત્ર આપ્યો છે સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસના ધ્યેયને સાકાર કરી બતાવ્યું છે. એક વર્ષ દરમિયાન વિશ્વના ૨૦ દેશો આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક આદાન-પ્રદાન કરી શકે તેવા પ્રયત્નો કરી બતાવ્યા છે. વિશ્વ જાતિ ગુજરાતી તરીકે સૌને ગૌરવ થાય તેવા કાર્ય શ્રી નરેન્દ્રભાઇની પહેલથી ભારત સરકારે કરી બતાવીને એક આદર્શ ઇતિહાસ રચ્યો છે. વસુધૈવ કુટુમ્બકમની આપણી સંસ્કૃતિને અનુરૂપ સૌ સાથે વિકાસ પામે, તે ઉદ્ધેશથી ભારત મધ્યપૂર્વ, યુરોપ, યુ.એસ. કોરિડોરની કલ્પના વાસ્તવિકતા બનવા જઇ રહી છે. આ વિશાળ આયોજનની મહત્ત્વની ફળશ્રુતિ છે. ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સની સંકલ્પના દ્વારા શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ભારત સરકારે વિશ્વને નવી દિશાનો નિર્દેશ કર્યો છે. પ્લાસ્ટિક પ્રદૂષણ ઘટાડી તેમજ ગ્રીન ડેવલપમેન્ટ દ્વારા નવી પેઢીને રળિયામણી પૃથ્વીની ભેટ આપી શકીએ તે દિશામાં આ G-20 સંમેલન મહત્ત્વની કડી બની રહેવાનું છે. જેન્ડર ડિસ્ક્રિમિનેશન એટલે કે દીકરા-દીકરી વચ્ચેનો ભેદ મિટાવવાની મહત્ત્વની પહેલ આ સંમેલન દ્વારા કરવામાં આવી છે, એ પણ એક ગૌરવની વાત છે. માનનીય પ્રધાનમંત્રીશ્રીએ જી.ડી.પી. કેન્દ્રિત અભિગમને બદલે હ્યુમન સેન્ટ્રિક વિઝન તરફ સતત G-20ના દેશોનું ધ્યાન દોર્યુ છે. સમગ્ર આયોજનમાં દરેક તબક્કે ભારતીયતા છલકે તેનું ખાસ ધ્યાન શ્રી નરેન્દ્રભાઇએ રખાયું હોય તેવું લાગતું હતું. તેમની આ કલાસૂઝ, રાષ્ટ્રભકિત અને દૂરદર્શિતા વંદનીય તેમજ અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી આપણા દષ્ટિવંતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીને વંદન, અભિનંદન પ્રેષિત કરતાં હું આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. વન અર્થ, વન ફેમિલી, વન ફ્યુચર એટલે કે એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્યનો ધ્યેયમંત્ર સિદ્ધ થાય તે માટેનો નવો રાહ ભારતે પ્રશસ્ત કર્યો છે. આદર્શ નિર્માણ કર્યું છે. દિલ્હી ડિકલૅરેશન કરવામાં મળેલી સફળતાએ સમગ્ર આયોજનને ચાર ચાંદ લગાવી દીધા છે અને ભારતની સૌને સાથે લઇને ચાલવાની નીતિની સૂપેરે અભિવ્યકિત થઇ છે. આ શિખર સંમેલનમાં પધારેલ વિવિધ રાષ્ટ્ર અધ્યક્ષશ્રીઓ વચ્ચે દ્વિપક્ષીય વાતો થઇ જેના પરિણામે, પરસ્પર આદાન-પ્રદાન વધતાં ભારત ફાઇવ ટ્રિલિયન ડોલર ઇકોનોમી બનવા તરફ વધુ અગ્રેસર થશે તે નિર્વિવાદ હકીકત છે. આ પ્રસંગે યોજાયેલા પ્રીતિ ભોજન સમારોહમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરવા માટે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ ઉપસ્થિત થયા એ પણ આપણા માટે ખૂબ જ ગૌરવની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આંતરરાષ્ટ્રીય અન્ન વર્ષની ઉજવણીને અનુરૂપ વાનગીઓ પીરસીને ભારત અન્ન બ્રહ્મનો આદર કરતાં સૌ દેશોએ સ્વીકાર્યું છે. ભારતે લેન્ડમાર્ક આયોજન દ્વારા હવે પછીના વર્ષમાં યજમાન દેશો આ માટે આદર્શ રચી શકે એવો આદર્શ રચ્યો છે. સમગ્ર વર્ષ દરમિયાન G-20ને અનુરૂપ કાર્યક્રમ યોજાય તેના પરિણામે સમાજના તમામ વર્ગોને વૈશ્વિક એક્સ્પોઝર મળ્યું છે. ટૂંકમાં કહીએ તો, આદરણીય શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ભારત સરકારે G-20 સમિટનું બેનમૂન આયોજન કરીને વિશ્વને આશ્ચર્યચકિત કરી નાખ્યું છે અને નવા માપદંડો રચ્યા છે. G-20ની સફળતાને બિરદાવવા માટે એક જ વાક્ય કહી શકાય, સમૂહ કહી શકાય, 'સકલ સરસ.' આ સરસ આયોજન માટે ભારત સરકારશ્રી પ્રત્યે હર્ષ વ્યકત કરવા અને સુંદર આયોજન માટે હું ગર્વ અનુભવી શકાય તેવી તક આપવા માટે આપના માધ્યમથી સરકારશ્રીને તેમજ શ્રી નરેન્દ્રભાઇને અભિનંદન આપું છું. વિરમું છું. નમસ્કાર. જય જય ગરવી ગુજરાત.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી અમૂલભાઇ ભટ્ટ. આપને પણ એક મિનિટ વધારે લેવી હોય તો લઇ શકાશે.

શ્રી અમૂલ ભટ્ટ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, તારીખ ૧ ડિસેમ્બર, ૨૦૨૨. ઇન્ડોનેશિયાના પાટનગર બાલીથી શ્રદ્ધેય નરેન્દ્રભાઇ મોદીને G-20નું અધ્યક્ષ પદ મળ્યું. અહીં કેટલીક ટીકાઓ થઇ છે ત્યારે હું કહેવા માગું છું કે એ વખતે જ એમણે એક સૂત્ર આપ્યું. આ આપણું છે. આ બીજાનું છે. એ સંકુચિત માનસિકતા ધરાવતા લોકોની વિચારસરણી છે. ઉદાર ચરિત્ર ધરાવનારા સૌને માટે સમગ્ર પૃથ્વી એક વસુંધરા છે અને દેવી છે. શ્રદ્ધેય શ્રી નરેન્દ્રભાઇએ G-20માં આ સાબિત કર્યું છે.

મૂળ G-20ની શરૂઆત સન ૧૯૯૯માં પૂર્વના થાઇલેન્ડ, ઇન્ડોનેશિયા, મલેશિયા જેવા દેશોમાં વ્યાપેલી નાણાકીય વિષમતાને હિસાબે થઇ. ત્યારબાદ ૨૦ દેશોના નાણાપ્રધાનો પૂરતી આ સીમિત હતી, પરંતુ આપણા દેશના ગૌરવશાળી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ કે જેમની ગણના વિશ્વના પ્રતિભાશાળી વૈશ્વિક નેતા તરીકે થાય છે. તેમને આ અધ્યક્ષ સ્થાન મેળવવાનું થયું ત્યારે આપણે નીચે મુજબની કહી શકાય તેવી પાંચ સફળતાઓ મેળવી શકયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીની પહેલને કારણે આજે ૫૫ દેશો અને વિશ્વની ૧૭ ટકા વસતિનું પ્રતિનિધત્વ કરતા આફ્રિકન યુનિવર્સને G - 20 દેશોના સમૂહમાં સ્થાયી પ્રતિનિધત્વ સાંપડ્યું છે. આ પહેલી સિદ્ધિ છે. આ એકમાત્ર ઉપલબ્ધિ આગામી સમયમાં આફ્રિકાના સમગ્ર દેશો સાથેની ભારતની મિત્રતા અને આર્થિક વ્યવહારોને પ્રગાઢ બનાવશે. આગામી સમયમાં ચીનના આફ્રિકામાં વધતા જતા પ્રભુત્વને નાથવામાં ખુબ જ અગત્યનો ભાગ ભજવશે તે નકકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક સમસ્યા. જી ૨૦ દેશોમાં અમેરિકા, રશિયા, ચીનની પરસ્પર પ્રતિસ્પર્ધાથી દુનિયાનો કોઇ દેશ અજાણ નથી, પરંતુ G - 20 શિખર સંમેલનમાં સંયુકત નિવેદન આપણે જોયું. જોઇન્ટ સ્ટેટમેન્ટ માટે આ સૌ દેશોને એક પ્લેટફોર્મ પર રાજી કરવાનું કામ કોઇએ કર્યું હોય તો શ્રદ્ધેય શ્રી નરેન્દ્રભાઇએ કર્યું છે. એ આપણા માટે ગૌરવનો વિષય છે. એકબાજુ જયારે વિશ્વ રશિયા-યુક્રેન યુદ્ધના મામલે જુદા જુદા વિભાગોમાં વહેંચાયેલું છે અને ચીનના વધતા જતા પ્રભુત્વથી ચિંતિત હોય ત્યારે અમેરિકા, રશિયા, યુરોપીયન યુનિયનથી ચીનથી માંડીને G - 20ના બાકીના બધા સભ્યોને જોઇન્ટ ડિકલેરેશન માટે એકમતિ સાધવી એ વિશ્વની પાંચમી આર્થિક મહાસત્તા બનેલા ભારતના વધતા જતા પ્રભુત્વનું સીધું પ્રમાણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, G - 20 સંમેલનમાં ત્રીજી સિદ્ધિ છે ભારત મીડલ ઇસ્ટ યુરોપિયન યુનિયન આર્થિક કોરીડોર બન્યો. આ એક ઐતિહાસિક ઉદ્‌ઘોષણા છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જયારે આ મહત્ત્વકાંક્ષી ઇકોનોમિક કોરીડોરની જાહેરાત કરી, તેનું મહત્ત્વ એ રીતે છે. ભારત, સાઉદી એરેબિયા, યુ.એ.ઇ.,જોર્ડન, ઇઝરાયેલ સહિત યુરોપીયન યુનિયનના આ તમામ દેશોની સંયુકત આર્થિક તાકાત ૪૭ ટ્રિલિયન ડોલર જેટલી છે. ચીનના બેલ્ટ એન્ડ રોડ, જેને બી.આર. પ્રોજેકટ તરીકે ઓળખવામાં આવે છે, તેને લીધે વિશ્વના ઘણા દેશો ચીનના દેવાદાર બન્યા છે. તેમની આર્થિક સ્વતંત્રતા અને સાર્વભૌમત્વ ઉપર જોખમ ઊભું થયું છે. શ્રીલંકાનું ચીનને સોંપવામાં આવેલું, આ આપણે યાદ કરવું પડે. હરબન ટોબા બંદર અને તેના લીધે શ્રીલંકા પર વધી રહેલું ચીનનું આર્થિક દબાણ આપણી નજર સમક્ષ છે. આવા વિશિષ્ટ સંજોગોમાં ભારત, મીડલ ઇસ્ટ, યુરોપિયન યુનિયન આર્થિક કોરીડોર ચીનના વિવાદાસ્પદ બેલ્ટ એન્ડ રોડ પ્રોજેકટનો નક્કર વિકલ્પ વિશ્વને મળ્યો છે. આ ત્રીજી સિદ્ધિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચોથી મહત્ત્વની સિદ્ધિ ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સ. વૈશ્વિક જૈવિક ઇંધણ માટે સંગઠનની ઘોષણા એ ખૂબ મહત્ત્વની બાબત છે. જયારે વિશ્વમાં પર્યાવરણની સુરક્ષા માટે ભારતની પહેલથી ખાસ કરીને શ્રદ્ધેય શ્રી નરેન્દ્રભાઇ મોદીની પહેલથી ઇન્ટરનેશનલ સોલર એલાયન્સની સ્થાપના થઇ. આગામી સમયમાં કોલસો, પેટ્રોલ, ડીઝલ સહિત ઓઇલના વપરાશને નિયંત્રિત કરી વિશ્વના પર્યાવરણમાં કેવી રીતે ગુણાત્મક પરિવર્તન લાવી શકાય તે અંગેની ભારતની સક્રિયતાનો અગ્રિમ રોલ અદા કરવાની પહેલ કરી છે. આના ફળ સ્વરૂપે આપણે ત્યાં પેટ્રોલમાં ૨૦ ટકા બાયોફ્યુઅલ મિશ્રણને સરકાર પ્રોત્સાહન આપી રહી છે. જરૂરી નીતિ-વિષયક સુધારા કરી રહી છે. ઇથેનોલ કે જે શેરડી, કપાસ અને ચોખા જેવા પાકમાંથી બને છે. તેનાથી દેશના ખેડૂતોની આવકમાં વધારો થયો છે. જયારે એક બાજુ કોંગ્રેસના શાસનમાં ઇથેનોલનું ઉત્પાદન માત્ર ૩૮ કરોડ લીટર હતું તે આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી અને એન.ડી.એ.ની સરકારની નીતિના કારણે ૪૩૪ કરોડ લીટર જેટલું થયું છે અને આનો આપણે આપણાં પર્યાવરણને બચાવવા માટે ઉપયોગ કરી રહ્યા છીએ. ભારતની આ સમગ્ર વર્ષ દરમયાન G - 20 માટે થીમ 'વસુધૈવ કુટુમ્બકમ્' હોય અને જયારે આપણે વન અર્થ, વન ફેમિલી અને વન ફ્યુચરની આપણી સંસ્કૃતિને સંદેશો આપ્યો હોય ત્યારે બાયોફ્યુઅલ એલાયન્સની આપણી જે નીતિ છે તે ખૂબ ઉત્સાહજનક છે. ગત વર્ષ દરમ્યાન G - 20ના જુદા જુદા ગૃપોની મિટિંગ લગભગ ૨૦૦ સ્થળોએ કરવામાં આવી. કાશ્મીરમાં શ્રીનગરથી લઇને આપણાં પાટનગર ગાંધીનગર, અમદાવાદ, તમિલનાડુમાં મદ્રાસ અને મહાબલિપુરમ સુધી આ બેઠકોનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. આ G - 20માં વડાને શેરપા કહેવામાં આવે છે તેવા ભારતના શેરપા શ્રી અમિતાભ કાંતાના કહેવા મુજબ ૨૦૦ કલાકના નોન સ્ટોપ ડિકલેર નેગોશિએશન પછી સફળપતાપૂર્વક G - 20નું જોઇન્ટ ડિકલેરેશન કરવામાં ભારતને સફળતા મળી છે. એક બાજુ ઇન્ડોનેશિયામાં ૨૭ આઉટકમ અને ૨૩ annexed documents પ્રસિદ્ધ કરી શકાયા હતા ત્યારે ભારતના વડપણા હેઠળ ૭૩ આઉટકમ અને ૩૯ annexed documents એટલે કે કુલ ૧૧૨ વિષયો ઉપર સર્વસંમતિ સાધવામાં આપણે સફળ થયા છીએ. G - 20ના અદભૂત સફળ આયોજન થકી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇએ વૈશ્વિક ગુરુ બનવા જઇ રહેલા આત્મવિશ્વાસથી સભર ટૂંક સમયમાં Five Trillion Dollar Economy બનીને વિશ્વની ત્રીજી આર્થિક મહાસત્તા બનવા તરફ પ્રયાણ કરી રહેલા ભારતની સુંદર અને સ્વચ્છ છબી આખા વિશ્વમાં મૂકી છે. વંદેમાતરમ્. ભારત માતા કી જય. જય જય ગરવી ગુજરાત.

શ્રી કેશુભાઇ શિ. પટેલ(ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, ભારતમાં G - 20 શિખર સમિટમાં જે રીતે આયોજનથી કલ્પનાથી બહાર સફળતા મળી. કોઇ પણ રાષ્ટ્ર પોતાના દેશનું સ્વમાન, પોતાના દેશની તાકાત, પોતાના દેશનું સ્વાભિમાન બચાવવા માટે મથે ત્યારે આ શિખર પરિષદ અંગે આદરણીય મંત્રીશ્રી જગદીશભાઇ સફળતા બદલ અભિનંદન આપતો ઠરાવ લાવ્યા છે તે બદલ અભિનંદન આપું છું. આદરણીય નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ભારતના અધ્યક્ષપદે દેશભરમાં G - 20ની

૨૦૦થી વધારે બેઠકો થઇ. ખાસ કરીને એ દરમ્યાન ૬૦થી વધારે બેઠકો ગુજરાતના ફાળે આવી. સતત G - 20 બેઠકોના યજમાન બનવાની તક મળી. આ જવાબદારી માટે ગુજરાત પર ભરોસો મૂકનાર આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇનો ગુજરાત અને આપણે સૌ ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. જે રીતે મહેમાનો ગુજરાતના હસ્તકલાના વારસાથી, ગુજરાતની ગરિમાથી પ્રભાવિત થયા અને યાદગીરીરૂપે મહાનુભાવોને ગુજરાતની પરંપરાગત હસ્તકલાની, હાથશાળની વસ્તુઓ દ્વારા ગુજરાતના કુશળ અને બિનકુશળ કારીગરોને રોજગારી આપવા માટેની કાર્યવાહીને સમિટના સભ્યોએ બહુ વખાણી. ભારત સરકારના આરોગ્યમંત્રી માનનીય મનસુખભાઇ માંડવીયા, ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, મહાનુભાવો, નેશનલ ઇન્ડસ્ટ્રીઝ ઓફ ફેશન એન્ડ ટેક્નોલોજી - ગાંધીનગર દ્વારા નિરામય પંથ થીમ ઉપર એક સાંસ્કૃતિક ફેશનનું આયોજન કરવામાં આવ્યું. આ સાંસ્કૃતિક ફેશન શો નિરામયપંથના આધારે ક્યુરેટ કરવામાં આવ્યો હતો જેમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના મિશન લાઇફ પરના વિઝન અને આયુર્દા (જીવન આપનાર) અને આયુષ (સ્વસ્થ જીવન)ના અનુરૂપ ખ્યાલને આયુર્વસ્ત્રમ (આરોગ્ય માટે વસ્ત્ર) દ્વારા વિસ્તારવામાં આવ્યો હતો. આ દરેક સંગ્રહમાં આયુર્વેદમાં સૂચવ્યા મુજબ એક પ્રાચીન ભારતીય સ્વદેશી ઔષધીય જ્ઞાન અને અભ્યાસમાં સૂચવ્યા મુજબ, આયુર્વસ્ત્રમ બનાવવા માટે ફળો, ફૂલો, પાંદડાં, છાલ અને મૂળમાંથી સમૃદ્ધ ઔષધીય ગુણધર્મો અને રંગો કાઢવામાં આવ્યા છે. તે ''સ્વસ્થ જીવનશૈલી માટેના વસ્ત્ર'' છે. G-20 માં દેશની આન, બાન અને શાન અનેકગણી વધી છે અને ભાગ લેનાર દેશના વડાઓએ એક ભારતની શકિતની અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇની આવડત અને દેશને અનેક ક્ષેત્રે વિકાસ તરફ લઇ જવા માટે સક્ષમ છે તે સાબિત કરી બતાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો એક જિલ્લો કચ્છ છે અને એ કચ્છમાં જે રીતે ચોથો ભાગ જમીન ધરાવતો જિલ્લો છે અને માનનીય નરેન્દ્રભાઇની દ્રષ્ટિથી કચ્છને ટુરીઝમ ક્ષેત્રે અગ્રિમ હરોળમાં મૂક્યું, આજે કચ્છ જિલ્લો સોલાર લાઇટ હોય, વિન્ડ ફાર્મ હોય, વીજ ઉત્પાદનમાં આખા ગુજરાતમાં અગ્રિમક્રમે સ્થાન ધરાવે છે. જે રીતે જી.૨૦ અનુસંધાને કચ્છ જિલ્લામાં નેશનલ અને ઇન્ટરનેશનલ મહાનુભાવો મુલાકાતે આવેલા અને હોમ સ્ટે ટુરીઝમ, જે ગામનું કલ્ચર અને જે રીતે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબની દ્રષ્ટિથી વિવિધ પ્રકારે પછાત કચ્છ જિલ્લાનું આજે દેશ અને દુનિયાના નકશામાં સ્થાન પ્રાપ્ત થયું છે. કચ્છમાં ધોળાવીરા હડપ્પન સંસ્કૃતિમાં ત્યાં અનેક વર્ષો પહેલાં વસાહત કેવી કહેવાય, હજારો વર્ષ પહેલાંની વ્યવસ્થા આજે પણ અજાયબી લાગે છે જેને યુનિસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજમાં સમાવેશ થયો છે અને ધોળાવીરા આવતા લોકોને માટે ત્યાં રહેવા માટે અનેક પ્રકારની વ્યવસ્થા થઇ રહી છે ત્યારે આવતા દિવસોમાં જે રીતે G - 20માં દેશ અને વિદેશના પ્રવાસીઓ મુલાકાત કરી અને અચરજ પામે તેવી વર્ષો પહેલાંની ગામની વસાહતની વ્યવસ્થાઓ જોઇ રહ્યા છે. જી.૨૦માં આવેલા દેશ અને વિદેશના મહાનુભાવોએ ત્યાંની મુલાકાત લઇ વ્હાઇટ રણ, ધોળાવીરા કે કચ્છમાં આવેલા ભૂકંપની આવતી પેઢીને યાદ રહે તે હેતુથી ભૂજિયા ડુંગર ઉપર સ્મૃતિવન હોય, અનેક યાદોવાળા સ્મૃતિવનનો સમાવેશ કરાયો છે તે માટે G - 20માં આવેલા પ્રવાસીઓએ આદરણીય નરેન્દ્રભાઇ મોદીને અભિનંદન આપ્યા અને તેનાથી અભિભૂત થયા હતા. કચ્છ જે એક સમયે છેવાડાનો જિલ્લો ગણાતો, કોઇક જ માણસ કચ્છમાં પ્રવાસે આવતો એની જગ્યાએ આજે હવે વાર્ષિક સાત લાખથી આઠ લાખની સંખ્યા ક્રમશઃ વધતી જાય છે. આટલા પ્રવાસીઓ કચ્છની એક વર્ષમાં મુલાકાત લે છે, કચ્છના અનેક પ્રકારના કારીગરો પોતાની રોજગારી મેળવી રહ્યા છે. શ્રી નરેન્દ્રભાઇનો આગ્રહ હંમેશા રહ્યો છે કે ટુરીઝમ ક્ષેત્રે લોકોને રોજગારી મળે અને આ રોજગારી જે પ્રસ્થાપિત થઇ છે કે રોજગારી ટુરીઝમ ક્ષેત્રમાં અનેક પ્રકારે મળે છે. કચ્છ જિલ્લામાં હોટલો હોય, ચાની લારીવાળો હોય, નાનો મોટો ધંધાર્થી હોય, હેન્ડિક્રાફ્ટ હોય અનેક લોકો પોતાની રોજગારી આના મારફત મેળવી રહ્યા છે. જે રીતે G - 20માં ૨૭ દેશના પ્રવાસન વિભાગના પ્રતિનિધિઓ, વી.આઇ.પી. ગેસ્ટ, આંતરરાષ્ટ્રીય સંસ્થાના પ્રતિનિધિઓ સહિત ૧૫૦થી વધુ લોકોનું આગમન થયું હતું. કેન્દ્રિય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી પરસોત્તમભાઇ રૂપાલાજી અને પ્રવાસન મંત્રીશ્રી કિશન રેડ્ડીજી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ પણ કચ્છમાં ખાસ સમિટમાં ઉપસ્થિત રહી અને જે રીતે લીડ કરી હતી. પ્રથમ પર્યટન સરકારી સમૂહ બેઠકનું સફેદ રણ ધોરડો મધ્યે આયોજન થયું હતું. યુનાઇટેડ નેશન્સ વર્લ્ડ ઓર્ગેનાઇઝેશન દ્વારા સંચાલન થયું. કચ્છની જનતા માટે ગૌરવપ્રદ સફેદ રણ G - 20 સન ૨૦૨૩ની બેઠકથી પ્રવાસન ક્ષેત્રની કામિયાબી વિશ્વભરમાં પ્રદર્શિત કરવાનો અવસર મળ્યો. આથમતિ સંધ્યા ઝલક, અદભૂત સફેદ રણ, લોકોની મહેમાન નવાજી સૌના માટે યાદગાર રહી. G - 20ના લોગોનું ફટાકડા સ્વરૂપે પ્રદર્શિત કરીને એનું સ્વાગત કર્યું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનો સમય પૂરો થાય છે.

શ્રી કેશુભાઇ શિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી વાતને પૂરી કરું છું. ધન્યવાદ આપું છું અને હું સમર્થન આપું છું.

**સંકલ્પ પરની ચર્ચાનો સમય લંબાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સંકલ્પ ઉપરની ચર્ચા અને મતદાન પૂરું થાય તે હેતુથી વિરામનો સમય ૧૦ મિનિટ લંબાવવા માટે દરખાસ્ત કરું છું.

ડો. સી.જે. ચાવડા : સંમત છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સમય લંબાવવામાં આવે છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા(રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી) :

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

સરકારી સંકલ્પ (નિયમ-૧૨૦)

**वंदे नितराम् भारतवसुधाम...**

**दिव्य हिमालय- गंगा- यमुना - सरयु - कृष्णशोभितसरसाम्**

**नमस्ते सदा वत्सले मातृभूमे...**

અર્થાત્

જન્મદાતા માઁ અને માતૃભૂમિ સ્વર્ગથી પણ મહાન હોય છે.

દેવભૂમિ હિમાલય, ગંગા, યમુના, સરયૂ, કૃષ્ણા અને ઘણી નદીઓ સાથે ચમકતી ભારત ભૂમિને નમન.

હે વાત્સલ્યમય માતૃભૂમિ, તને સદાય પ્રણામ...

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પનોતા પુત્ર, આ ગૃહના એક સમયના સન્માનનીય નેતા, તત્કાલીન મુખ્યમંત્રી તથા ભારતના લોકલાડીલા પ્રધાનમંત્રી અને વૈશ્વિક નેતા કહેતા કદાચ ગર્વની લાગણી અનુભવાય એવા આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના યશસ્વી નેતૃત્વ હેઠળ G -20 સંમેલનમાં અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત કરી સંપન્ન થયું તે માટે આપણે સૌ વંદન સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને તેમની સમગ્ર ટીમને અભિનંદન પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, G -20ના સંગઠનમાં ભારતના નેતૃત્વનો સ્વીકાર થયો એ કોઇ સામાન્ય સિદ્ધિ નથી. ભારતે આપેલા વન અર્થ, વન ફેમિલી, વન ફ્યુચર વસુધૈવ કુટુંમ્બકમ્ ના શાનદાર વિચારોને ભવ્ય રીતે સ્વીકાર કર્યો છે ત્યારે વસુધૈવ કુટુંમ્બકમ્ વન અર્થ, વન ફેમિલી, વન ફ્યુચરનું સૂત્ર મહા ઉપનિષદના સંસ્કૃત પાઠમાંથી લેવાયું છે. ભારતીય સંસ્કૃતિના આ બે શબ્દો વસુધૈવ કુટુંમ્બકમ્ માં એક ઉંડો દાર્શનિક વિચાર સમાયેલો છે. તેઓ અર્થ આખું વિશ્વ એ એક કુટુંબ છે એવો થાય છે. વિશ્વમાં ભારતની તાકાતનો પરિચય થઇ ચૂક્યો છે. આ આઝાદ ભારત છે. ગુલામીની માનસિકતાથી અલિપ્ત ભારત છે. નવા યુગ સાથેનું આ ભારત છે. આ G -20ની ૧૮મી બેઠક એટલે G -20ના ગ્રૂપના દેશોની કુલ જી.ડી.પી.ના એટલે કે વૈશ્વિક જી.ડી.પી.ના અંદાજે ૮૫ ટકા જ્યારે આંતરરાષ્ટ્રીય વેપારના અંદાજે ૭૫ ટકાનો આ દેશો હિસ્સો ધરાવે છે અને ૨/૩ દેશો આ G -20નું નેતૃત્વ કરે છે. એક વાત હું આજે ચોક્કસ ટાંકીશ કે ૧૧મી સપ્ટેમ્બર, ૧૮૯૩ના રોજ સ્વામી વિવેકાનંદ શિકાગો ખાતેની ધર્મ પરિષદમાં જ્યારે ભાષણ આપવા ગયા ત્યારે આપણા ભારતનું ધાર્મિક પુસ્તક ભગવત ગીતા સૌથી નીચે મૂકવામાં આવ્યું હતું. એ જ વાતને પરિવર્તન લાવતા ૩૬૦ ડિગ્રીએ પરિવર્તન લાવીને G -20 દેશોની હરોળમાં ભારત પ્રથમ ક્રમે. મને કહેતા આનંદ થાય કે યુનાઇટેડ સ્ટેટસ્, યુરોપિયન યુનિયન, કેનેડા, રશિયા, જાપાન, જર્મની, ઓસ્ટ્રેલિયા અને ચીનની સામે સર્વોચ્ચ સ્થાને આજે જ્યારે ભારત બિરાજમાન હોય તો એ આપણા બધા માટે ગર્વની બાબત છે. સને ૧૯૯૯ની નાણાકીય કટોકટી બાદ G-8 માંથી જ્યારે સત્તાવાર G -20 થયું ત્યારે જોગાનુજોગ મારે કહેવું છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી અને જ્યારે G -20માં આપણને સામેલ કરવામાં આવ્યા હતા. દર વર્ષ માટે દેશો રોટેટ થતા વારો આવે. ભારતના વડાપ્રધાન તરીકે ભાગે આવતો આ વારો પણ ભાગ્ય પલટાવવાનું કામ કોઇએ કર્યું હોય તો દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે. પક્ષની નીતિની વાત હોય તો આજે બે સરકારો હતી. બેવાર ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી એ અમારા પક્ષની નીતિ હતી અને આવનારા દિવસોમાં ત્રીજી વખત પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર બનવા જઇ રહી છે એ પણ ભારતીય જનતા પાર્ટીની નીતિ છે. આખો દેશ અને દુનિયાને ખબર પડી છે કે વિદેશ નીતિ શું છે. ભારતની વિદેશ નીતિને આખી દુનિયાએ સ્વીકારી છે. આ G -20માં ખૂબ અગત્યના મુદ્દાઓ સામેલ થયા. વૈશ્વિક આર્થિક સ્થિરતા, સતત અને ટકાઉ વિકાસ હાંસલ કરવાના તેના સભ્યોની વચ્ચે નીતિગત સંકલન, નાણાકીય નિયમોને પ્રોત્સાહન આપવું તેમજ જોખમ ઘટાડવું, નાણાકીય કટોકટી અટકાવવી, આંતરરાષ્ટ્રીય નાણાકીય માળખાનું આધુનિકીકરણ. G-20માં બિઝનેશ-૨૦, સિવિલ સોસાયટી-૨૦, લેબર-૨૦, થિંક ટેન્ક-૨૦, અર્બન-૨૦, યુથ-૨૦ આવા અલગ અલગ વિષયો ઉપર થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતની સંસ્કૃતિની વિરાસતમાં ભારતનું સ્વાભિમાન, ભારતનો કેસરિયો આન-બાન-શાનથી લહેરાતા રાષ્ટ્રધ્વજ અને ભારતનું રાષ્ટ્રીય પુષ્પ. ભારતનું રાષ્ટ્રીય પુષ્પ એટલે કમળ. G-20નો લોગો, ભારતના રાષ્ટ્રધ્વજના વાઇબ્રન્ટ રંગો કેસરી, સફેદ અને લીલા રંગથી પ્રેરીત છે તે પૃથ્વીના ગ્રહને કમળ સાથે સાંકળે છે. ભારતનું રાષ્ટ્રીય ફૂલ કમળ એ પડકારો વચ્ચે સમૃદ્ધી અને વૃદ્ધિનું પ્રતીક છે. લોગોમાં ઉભરાતી કમળની સાત પાંખડીઓ જીવનના તમામ મૂલ્યો માનવ જીવન, પ્રાણી, વનસ્પતિ, સૂક્ષ્મ જીવોના ગ્રહ અને બ્રહ્માંડ સાથે અમૂલ્ય સમય ધરાવે છે. આજના દિવસે જ્યારે માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારને બે વર્ષ પૂર્ણ થાય છે ત્યારે અભિનંદન આપવાનું મન થાય છે સાથે સાથે શ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર અને ટીમની સ્વેટરની અંદર જેમ મોરનું પીંછું કલગીમાં ઉમેરાય તે જ રીતે જ્યારે G -20ની ૧૭-૧૭ બેઠકોનું જ્યારે ગુજરાતમાં સફળ નેતૃત્ત્વ અને આયોજન કર્યું એ તમામ અધિકારીની ટીમને અભિનંદન આપવાનું મન થાય. લગભગ G -20માં ૨૦ દેશો સાથે ૯ આમંત્રિત કન્ટ્રી, ૮ ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશનના લોકોને ભાગીદાર બનાવ્યા છે અને સાથે કહેવાનું મન થાય કે ગુજરાતની થીમ એ ફાઇવ સી એટલે ક્રાફ્ટ-હસ્તકલા, ક્યુરેટેડ પર્યટન, કલ્ચરલ, સિવિક એંગેજમેન્ટ, ક્યુઝિન્સ આવા પાંચ થીમ મુજબ આપણું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે કહેવાનું મન થાય કે માત્ર ગાંધીનગર નહીં, કચ્છનું રણ હોય, અમદાવાદ હોય કે સુરત હોય કે એકતાનગર હોય આ તમામ જગ્યાએ G -20ની ૧૭

બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે. આના પ્રમુખ મુદ્દાઓ ક્લાઇમેટ એકશન, રીથિંકિંગ, રિડિફાઇનિંગ, બિલ્ડિંગ રેઝિલ્યન્ટ અને ફોસ્ટરિંગ ફાયનાન્શિયલ આ પ્રકારના અલગ અલગ મુદ્દાઓ પર ચર્ચાઓ થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાથી વાત અટકતી નથી પણ મારે હાઉસને આપના માધ્યમથી કહેવું છે કે રાજા ભીમદેવ સોલંકી દ્વારા ઇ.સ. ૧૦૨૬ - ૨૭માં મોઢેરા સૂર્ય મંદિર બનાવવામાં આવ્યું હતું ત્યાં પણ જઇને આપણે G - 20ની ઉજવણી કરી છે. સન ૧૪૯૯માં અડાલજ વાવનું નિર્માણ થયું હતું એ અડાલજ વાવમાં પણ આ મહેમાનોને લઇ ગયા છીએ. સાથે સાથે અમદાવાદની હેરીટેજ વોક પણ કરાવી છે અને આખા ભારતનું નજરાણું એટલે અમદાવાદ રિવરફ્રન્ટ ઉપર અટલ બ્રિજની પણ મુલાકાત કરાવી છે. ૪,૦૦૦ વર્ષ પહેલાનું વિશ્વમાં વેપારનું સ્થળ એટલે લોથલ. G - 20ના તમામ મહેમાનોને આપણે લોથલ લઇ ગયા છીએ. કચ્છમાં આવેલા ધોળાવીરાને યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરીટેજ સાઇટ તરીકે દરજ્જો આપવામાં આવ્યો. આ ૫,૦૦૦ વર્ષ જૂનું શહેર લોકો કહેતા હતા કે સ્માર્ટ સિટી કરતા પણ આ સ્થળ ઉતરતું નથી. ધોળાવીરામાં પણ લોકોને મુલાકાત કરાવી છે. ગુજરાતના ગાંધીનગર ખાતેનું ગિફ્ટ સિટી દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું સપનું, તમામ ગુજરાતીઓનું સપનું અને મને કહેતા આનંદ થાય છે અને કોંગ્રેસના મિત્રોને પણ આવો આજે ૪૫ કરતા વધારે નવા બિલ્ડિંગો બનાવવાનું કામ ચાલું છે અને કદાચ આવતીકાલે એટલે એવું કહેવાય કે આવનારા દિવસોમાં આ ગિફ્ટસિટી આપણા બધાનું પ્રાઉડ બની જશે. ત્યાં ગિફ્ટ સિટીમાં પણ આપણે કાર્યક્રમ કર્યા છે. G - 20ના પ્રતિનિધિઓ ગુજરાતની સભ્યતા, સંસ્કૃતિ અને અસ્મિતાથી પ્રભાવિત આખું વિશ્વ થયું છે. સાથે સાથે એવું કહેવાનું મન થાય કે ગુજરાતની સંસ્કૃત્તિને પણ આ G - 20ના પ્રતિનિધિઓએ નીહાળી છે. ગુજરાત સહિત દેશના વિવિધ દેશોમાં G - 20ના ડેલિગેટ્સ ભારતના સફળ આયોજન સાથે દેશમાં વિકસિત થયેલી વૈશ્વિક ધરોહરને જોઇને અભિભૂત થયા છે. કચ્છમાં આયોજિત પ્રથમ ટુરિઝમ વર્કીંગ ગ્રૂપની બેઠકમાં સામેલ થવામાં બ્રાઝિલના પ્રતિનિધિ શ્રી લુકાસ ફ્લોતાએ જ્યારે ધોળાવીરાના પાંચ હજાર વર્ષથી પણ પૈરાણિક અવશેષો જોયા ત્યારે તેમણે અચંબાથી જે શબ્દો કહ્યાં હતા- ''આજથી પાંચ હજાર વર્ષ પહેલા એ લોકો આપણા કરતા પણ સારું કામ કરતાં હતાં.'' આ શબ્દો આપણી ભારતીયતાનું ગર્વથી માથું ઊંચું કરે છે. રશિયાના પ્રતિનિધિ સુશ્રી એકાતરિના કોનોવાએ કહ્યું કે- ''ધોળાવીરા એ માત્ર ભારત જ નહીં પરંતુ સાચા અર્થમાં વૈશ્વિક ધરોહર છે અને આપણે એને સાચવી રાખવી જોઇએ. આપણા આવનારા ભવિષ્યના બાળકોને બતાવી શકીએ એટલી સુંદર છે. ''

માનનીય અધ્યક્ષશ્રી, ભારત મંડપમ. ૧૨૩ એકરના કેમ્પસમાં ફેલાયેલું ભારત મંડપમ એક શબ્દ નથી. ભારતની ભવ્યતા, ભારતની ઇચ્છાશક્તિનું પ્રદર્શન છે. ભારત મંડપ તરીકે ઓળખાતા કન્વેન્શન સેન્ટરમાં બિલ્ડિંગની ડિઝાઇન ભારતીય પરંપરા જેવી છે. બિલ્ડિંગનો આકાર શંખથી પ્રેરિત છે. દરેક જણના હિન્દુ દેવી દેવતાના પોતાના મંદિરની અંદર આપણી આસ્થાનું પ્રતિક શંખ છે. આ સિવાય કન્વેન્શન સેન્ટરની દીવાલો પર ભારતીય પરંપરાગત કળાના અને સાંસ્કૃતિક ચિત્રો જોવા મળે છે. સેન્ટરની બહાર 'નટરાજની વિશાળ અષ્ટધાતુની મૂર્તિ' સમારોહની ભવ્યતામાં, દિવ્યતાનો ઉમેરો કર્યો છે. 27 ફૂટ ઊંચી અને 18 ટન વજનવાળી આ મૂર્તિ અષ્ટધાતુની બનેલી સૌથી ઊંચી મૂર્તિ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારત મંડપમના ઉદ્દ્ઘાટન કાર્યક્રમ દરમ્યાન ભારતની G 20ની અધ્યક્ષતાની યાદમાં સ્મૃતિ ટપાલ ટિકિટ અને સિક્કા બહાર પાડ્યા હતા. કોણાર્ક સૂર્યમંદિરના ચક્ર આગળ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્ર અધ્યક્ષોનું સ્વાગત કર્યું એ અદભૂત હતું. જી.૨૦ સમિટમાં પહેલા દિવસે ભારતની મોટી સફળતા હતી. ભારત મંડપમમાં સમગ્ર દુનિયાએ સ્વીકાર્યું ભારત હૈ તો મુમકીન હૈ. G - 20 શિખર સંમેલનના પહેલા દિવસે જ ભારતની સૌથી મોટી સફળતા પ્રાપ્ત થઇ. ભારતની અધ્યક્ષતામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંમેલનના "વન ફેમિલી"સત્રમાં સર્વસંમતિથી નવી દિલ્હી ઘોષણાપત્ર જાહેર કર્યું. સભ્ય દેશો સાથે આખું વર્ષ 150 કલાકની મૅરેથોન ચર્ચા પછી તેને આખરી સ્વરૂપ અપાયું હતું. આ ઘોષણાપત્રમાં તમામ 83 બાબતો પર પણ તમામે સંમતિ દર્શાવી છે. ભારત હૈ તો...મુમકીન હૈ, શ્રી નરેન્દ્રભાઈ મોદી હૈ તો સબ કુછ મુમકિન હૈ... આ શબ્દો સાચા અર્થમાં ચરિતાર્થ થયા છે. ભારતમાં 60 અલગ - અલગ સ્થળોએ 200થી વધુ G 20 - સંબંધિત બેઠકોનું આયોજન કરાયું.G 20 સંમેલન અનુસાર, આતંકવાદ અને યુદ્ધ એ વૈશ્વિક આર્થિક વ્યવસ્થાને મોટાપાયે અસર કરે છે. આતંકવાદ એ વિશ્વ માટે એક વિકરાળ સમસ્યા છે અને G 20 સંમેલનમાં તેનો સમાવેશ થવો એ દર્શાવે છે કે ભારતની રજૂઆતને સ્વીકૃતિ મળી છે. હમણાં જ કદાચ શ્રી અર્જુનભાઇએ કહ્યું કે રશિયા ન આવ્યું. રશિયામાં યુદ્ધ ચાલે છે એટલે રશિયાને નવરાશ ન મળે પણ તમારે ચીનને કેમ વારેઘડીયે બોલાવવું છે? મને તો એ ખબર પડતી નથી. અભિનંદન આપો કે (અંતરાય) મને ગૃહને જણાવતા આનંદ થાય છે વર્ષ 2014 પહેલાં ભારતનું અર્થતંત્ર વિશ્વમાં 11 માં નંબરે હતું. આજે ભારતનું અર્થતંત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિશ્વમાં 5 માં નંબરે પહોચ્યું છે. આવનારા દિવસોમાં ભારત વિશ્વની ત્રીજા નંબરની આર્થિક મહાસત્તા બનવાના લક્ષ્યને હાંસલ કરવા આગળ વધી રહ્યું છે. વર્ષ 2025 સુધીમાં ભારતમાં ત્રણ ટ્રિલિયન ડોલરથી વધુનું આવનાર રોકાણ મહત્ત્વનું બની રહેવાનું છે. આ જ બતાવે છે કે, ભારત એટલે બિઝનેસ. G 20ની સંયુક્ત ઘોષણા 37 પાનામાં છે. તેમાં કુલ 83 ફકરા છે. તેને નવી દિલ્હી ઘોષણાપત્ર કહેવામાં આવે છે. સમિટમાં G - 20 દેશોએ એક અવાજે કહ્યું કે પરમાણું હથિયારોનો ઉપયોગ અને તેની ધમકી સાંખી નહીં લેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત - મધ્ય પૂર્વ - યુરોપ મેગા કોરિડોર જે સ્વીકાર્યો એને કારણે લગભગ ૬૦૦૦ કિલોમીટર લાંબો કોરીડોર બનાવવાનો છે આના કારણે આ કોરીડોર બની ગયા બાદ ભારતથી યુરોપ સુધી ચીજવસ્તુઓ પહોંચવામાં

આશરે ૪૦ ટકા સુધીનો સમય બચશે. આ પ્રોજેકટમાં રેલ્વે નેટવર્કની સુવિધા હશે જે હાલના દરિયાઇ અને રોડ રૂટને પૂરક બનાવશે. વિશ્વના સૌથી શક્તિશાળી દેશોના વડાઓએ અહિંસાના પૂજારી પૂજ્ય મહાત્મા ગાંધીજીની નોંધ લીધી છે. ખૂબ અગત્યની ઘટના-આખા વિશ્વએ નોંધ લીધી છે એવા વિશ્વના સૌથી શક્તિશાળી દેશના વડા અહિંસાના પૂજારી એવા આપણા પૂજ્ય મહાત્મા ગાંધીબાપુની સમાધિ સ્થળ રાજઘાટ ઉપર એક સાથે વિશ્વની તમામ તાકાતો નતમસ્તક વંદન કરવા જાય, પુષ્પાંજલિ કરવા જાય એ અકલ્પનિય ઘટના હતી. ન ભૂતો, ન ભવિષ્યતિ. આ ઘટના કદાચ ક્યારેય ફરી બનવાની નથી. મારા મિત્રો વિદેશ નીતિની વાત કરતા હતા. મારે કહેવું છે વિદેશ નીતિનું શું થયું? પહેલાના દિવસોમાં ભારતનો પાસપોર્ટ રેંકિંગમાં ક્રમાંક ૮૦મો હતો. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી આવ્યા પછી એ ૫ સ્ટેપ આગળ વધ્યો છે અને આજે એવું કહેતા મને આનંદ થાય છે કે ૫૭ જેટલા દેશોમાં તમારે એડવાન્સમાં વિઝાની જરૂર નથી. ઓન એરાઇવલ વિઝા, વિઝા ફી તો આપે છે પણ સાથે સાથે ઓન એરાઇવલ વિઝા ઘણા બધા દેશો આપતા થયા છે. આ છે દેશની વિદેશ નીતિ.

માનનીય અધ્યક્ષશ્રી, આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન ગ્રીન ગ્રીડમાં જોડાવવાનું આયોજન. સૌર ગઠબંધનની ગ્રીડ પહેલ, એક સૂર્ય એક પૃથ્વી અને એક ગ્રીડ. હમણાં જ બધા કહેતા હતા કે વડાપ્રધાન તો આવ્યા અને ગયા. તેઓ પણ દેશનું નેતૃત્વ કરતા હતા. મારે કહેવું છે કે, વિશ્વમાં એક તાકાતવર વ્યક્તિ એવી છે કે, જેની પાસે વિશ્વમાંથી ૯૩.૩ મિલિયન ફોલોઅર્સ, ૯ કરોડ કરતાં વધારે ટ્વીટરના ફોલોઅર્સ છે. જે બતાવે છે કે જે અમેરિકાના રાષ્ટ્રપતિશ્રી જો બાઇડેન અને બ્રિટનના રાષ્ટ્રપતિશ્રી ઋષિ સુનક કરતાં પણ વધારે છે. આનું આપણને દરેક ભારતીયને ગર્વ છે. તેના કરતાં વિશેષ વાત કરું તો લોકો મીણની મૂર્તિઓ બનાવે છે. ફોરેનમાં એટલે કે યુરોપમાં એક મ્યુઝિયમ છે તેમાં લોકોની મીણની મૂર્તિ, પૂતળાં મૂકવામાં આવે છે. લોકોના મીણનાં પૂતળાં બને છે. સાઉદી અરેબિયા મુસ્લિમ દેશમાં યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની સોનાની મૂર્તિ બનાવવામાં આવી છે. આ જ બતાવે છે કે, શ્રી નરેન્દ્રભાઇ મોદી એક ગ્લોબલ લીડર છે. વિશ્વની ૮૦૦ કરોડની જનતાએ આ ગ્લોબલ લીડરને સ્વીકાર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે G -20ની સમિટ થઇ તેમાં છેવાડાના માનવીનો વિચાર ક્યાં? પંડિત દીનદયાળજીનો વિચાર ક્યાં? મધ્યપ્રદેશ, છત્તીસગઢનો આદિવાસી હોય કે ગુજરાતનો કચ્છનો કોઇ કારીગર હોય આ તમામે તમામ આર્ટિજનની પ્રોડક્ટસ હતી તે ગુજરાતમાં સમિટ થઇ અને દેશમાં જેટલી સમિટ થઇ તથા G -20ની મેઇન સમિટમાં આ બધા આર્ટિજનની પ્રોડકટસના સ્ટોલ રાખવામાં આવ્યા હતા. કરોડો રૂપિયાનું વેચાણ આપણા આર્ટિજન ભાઇઓ મારફત થયું છે. તેના કારણે સદીઓની જૂની કળાને જુસ્સાદાર અભિગમથી પુનઃજીવિત કરવામાં કોઇનો ફાળો જાય છે તો દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને જાય છે. આપણે બે દિવસથી છાપામાં વાંચીએ છીએ કે, પહેલાં વિદેશથી કોઇ મહેમાન આવતા તો મોંઘીદાટ વસ્તુઓ ગિફ્ટમાં આપવામાં આવતી. દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ નવો ચીલો ચિતર્યો છે અને માનનીય અધ્યક્ષશ્રી આપે કાલે પણ મહામહિમ્ રાષ્ટ્રપતિશ્રીનું સ્વાગત થરાદ તાલુકાની, મારી બનાસકાંઠાની મારી અનુસૂચિત સમાજની બહેનો જે સાડી ભરત ભરે છે તે સાડી આપીને આપે સ્વાગત કર્યું છે. આ કોઇ નાની ઘટના નથી. એ જ પરંપરા દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ વિદેશના તમામ ડેલીગેટ્સને તમામ મહેમાનોને ભારતમાં બનતી, સામાન્ય પરિવારમાં બનતી વસ્તુઓ ભેટમાં આપી ભારતના છેવાડાના માનવીનું સન્માન વધારવાનું કામ કર્યું છે. આને દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનું વિઝન કહેવાય. વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડકટસનો જે સંકલ્પ છે તે સાચા અર્થમાં ચરિતાર્થ થતો સાબિત થાય છે. ગુજરાતનું રોગન આર્ટ કહીએ તો ગુજરાત સરકારે પદ્મશ્રી અને રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અબ્દુલ ગફુર ખત્રીની ટીમને ૮૦૦ ચોરસ ફૂટના ફેબ્રિક પર વિશ્વનું સૌથી લાંબું રોગન આર્ટ બનાવવા માટે આમંત્રણ આપ્યું હતું. આ કંઇ નાની ઘટના નથી. ભારતના ગામડાની અંદર ખવાતો બાજરો, જુવાર, રાગી, મકાઇ, મારા આદિવાસી ભાઇ અને બહેનો જે રાગી ખાઇને મોટા થયા છે, આપણે બાજરો ખાઇને મોટા થયા છીએ. યુએનની અંદર વર્ષ ૨૦૨૩માં મિલેટ વર્ષ ઉજવવાનો પ્રસ્તાવ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ મૂક્યો અને આખા વિશ્વએ સ્વીકાર્યો. ભારતના તમામ ગામડામાં ઉગતું તમામ જાડું અનાજ, ગુજરાતમાં ઉગતું જાડું અનાજ અને તેની આખા વિશ્વએ આ મિલેટસની વાનગીઓ ખાધી. આવનારા દિવસોમાં સરકારના માધ્યમથી આ અનાજ વિદેશમાં એક્સપોર્ટ પણ થશે. મારે ખાલી કહેવું છે કે, વિશ્વનું ધી વોશિંગ્ટન પોસ્ટ હોય, ગલ્ફ ન્યૂઝ હોય, બ્રિટિશ અખબાર ધી ટેલીગ્રાફ હોય, સાઉથ ચાઇનાનું મોર્નિંગ પોસ્ટ હોય, ગ્લોબલ ટાઇમ્સ હોય કે બ્લુમર્ગ હોય આવા તમામ નેશનલ મિડિયાએ ભારતના વખાણ કર્યા છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના વખાણ કર્યા છે. મને કહેવાનું મન થાય છે કે, લીડર કેવા હોય? તો વિશ્વના પંદર કરતાં વધારે દેશોએ નરેન્દ્રભાઇ મોદીજીને સર્વોચ્ચ એવોર્ડથી સન્માન સાથે સ્વીકાર્યા છે. ભારતની વિપક્ષની પાર્ટી સિવાય વિશ્વમાં સનાતન સંસ્કૃતિનો ડંકો વગાડ્યો છે. માત્ર એક નામ લઇને ફરે છે તે ૨૮-૨૮ પાર્ટીઓએ એક વ્યક્તિ સામે લડવા માટે ભેગા થવું પડયું છે. આને કહેવાય ડંકો. મોદીજીએ એક પાવરફૂલ લીગલી બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે. આફ્રિકન યુનિયનને G -20માં સામેલ કરી શ્રી મોદીજી અડધાથી વધુ વિશ્વના લીડર બની ગયા છે. વિશ્વને હવે ખબર પડશે કે શ્રી મોદીજી કેમ ભારત માતાની જયનો ઉદ્ઘોષ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પરિત્રાણાય સાધૂનામ વિનાશાય ચ દુષ્કૃતામ, ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે. અર્થાથ સાધુઓ અને ભક્તોની રક્ષા કરવા માટે અને પાપકર્મ કરનારાઓનો વિનાશ કરવા માટે અને ધર્મની સારી રીતે સ્થાપના કરવા

માટે હું યુગે યુગે પ્રગટ થતો રહીશ. એવી જ રીતે આપણા નરેન્દ્ર મોદી સાહેબ યુગે યુગે પ્રગટ થનારું એક એવું જ મહાન વ્યક્તિત્વ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત પૂરી કરતા છેલ્લે એક વાત કહેવી છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ લાલ કિલ્લા પરથી જે કાવ્યની પંક્તિ કહી હતી એ પંક્તિ કહેવા માગું છું.

यही समय है, सही समय है, भारत का अनमोल समय है
असंख्य भुजाओं की शक्ति है, हर तरफ देश की भक्ति है,
तुम उठो तिरंगा लहरा दो, भारत के भाग्य को फहरादो.
कुछ ऐसा नहीं जो कर ना सको, कुछ ऐसा नहीं जो पा ना सको
तुम उठ जाओ, तुम जुट जाओ, सामर्थ्य को अपने पहचानो
कर्तव्य को अपने सब जानो, भारत का ये अनमोल समय है
यही समय है, सही समय है.

"ભારત માતા કી જય"

માનનીય અધ્યક્ષશ્રી, આ G-20ના પ્રસ્તાવને માનનીય જીતુભાઇ વાઘાણી, માનનીય ગણપતભાઇ વસાવા, માનનીય મનિષાબેન વકીલ, માનનીય સંગીતાબેન પાટીલ, માનનીય પ્રવીણકુમાર માળી, માનનીય અમૂલભાઇ ભટ્ટ, માનનીય કેશુભાઇ પટેલ અને માનનીય અર્જુનભાઇએ જે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે એ બદલ આપ સૌનો આભાર માનું છું. "ભારત માતા કી જય".

**ત્યારબાદ સંકલ્પ મત પર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**
**( વિરામ બપોરના ૨.૩૭થી ૩.૧૫)**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**
**વિધેયકો (સરકારી)**
**સને ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૬**
**ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) (સુધારા)વિધેયક, ૨૦૨૩**
**ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી જગદીશ વિશ્વકર્મા(રાજયકક્ષાના સહકાર મંત્રીશ્રી):માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૨૩નું ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ)(સુધારા)વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૨૩નું ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં સહકારી ચળવળના પ્રણેતા શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ હતા અને સરદાર વલ્લભભાઇ પટેલની દીર્ઘદ્રષ્ટિના કારણે સૌથી પહેલી સન ૧૯૪૬માં ખેડામાં દૂધ ઉત્પાદન સહકારી મંડળીની સ્થાપના કરવામાં આવી હતી. આ બાબત એક ચોક્કસ બધાને ઘ્યાને હોય શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની દૂરંદેશીની પ્રેરણા મળી ભારતના યશસ્વી વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીજીએ આઝાદીના ૭૫ વર્ષ બાદ ૬ જુલાઇ, ૨૦૨૧ના રોજ દેશ આઝાદ થયો ત્યાર બાદ સહકાર મંત્રાલયની સ્થાપના કરી અને દેશ માટે આ સહકારી ચળવળ માટે આ ઉત્તમ ક્રાંતિકારી કદમ ઉઠાવવામાં આવ્યું છે. સહકારથી સમૃદ્ધિના વિઝન સાથે ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ સ્વતંત્ર સહકાર મંત્રાલયની જવાબદારી માનનીય કેન્દ્રીય ગૃહ અને અગ્રણી સહકારી આગેવાન એવા માનનીય અમીતભાઇ શાહને સોંપી છે. અન્ય સહકારી સંસ્થાઓ સાથે સાથો સાથ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ પણ ખેડૂતોના હિતકાર્યમાં કાર્ય કરતી આવી છે. અત્રે મને જણાવતા આનંદ થાય છે કે, ભારત અને ગુજરાત રાજયની પ્રથમ બજાર સમિતિ તે બોમ્બે એગ્રિકલ્ચર પ્રોડ્યુસ

---

* વિધેયક તા.૧૧મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

માર્કેટ એક્ટ-૧૯૩૯ હેઠળ ગુજરાત રાજયમાં તા.૨૭-૨-૧૯૩૯ના રોજ બજાર સમિતિ બોડેલી, જિલ્લો વડોદરાથી સ્થાપના કરવામાં આવી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ-૧૯૬૧માં ગુજરાત ખાતેની સ્થાપના થઇ. રાજયમાં એપીએમસી એક્ટ-૧૯૬૩માં અમલમાં આવ્યો. મને જણાવતા આનંદ થાય છે કે, ગુજરાત રાજયમાં ૨૨૪ જેટલી બજાર સમિતિઓ કાર્યરત છે. રાજયના કૃષિ ઉત્પાદન પૈકી રાજયની બજાર સમિતિમાં ૫૬.૩ લાખ મે.ટન જેટલી જણસીની આવક વર્ષે થાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તમારે એક સૂચના આપવી જોઇએ. તમારા અધિકારીઓ અહીંયા હાજર નથી. બિલ પાસ થતું હોય ત્યારે જે તે ડિપાર્ટમેન્ટના સિનિયર ઓફિસર તાત્કાલિક અહીયા આવે. બધાએ હાજર રહેવાનું હોવાથી ઇમીજીએટ બધાને બોલાવો.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨-૨૩ના રાજયની બજાર સમિતિઓનું કુલ ટર્ન ઓવર રૂ. ૪૧ હજાર કરોડનું હતું તે માર્કેટની આવક મળી બજાર સમિતિની કુલ આવક લગભગ રૂ.૪૬૦ કરોડ થઇ છે. રાજયની બજાર સમિતિઓ પૈકી ઊંઝા, ગોંડલ, સુરત, દાહોદ અને મહુવા એપીએમસી એ દેશની અગ્રગણ્ય એપીએમસીમાં પોતાનું સ્થાન ધરાવે છે. એપીએમસી એક્ટમાં વખતો વખત થયેલા સુધારા સન ૧૯૬૩માં અમલમાં આવ્યા બાદ સન ૧૯૬૩થી ૧૯૯૦ સુધીમાં સામાન્ય પ્રકારના કદાચ સુધારાઓ આપણા ધ્યાને આવ્યા હશે. રાજયમાં ભાજપની સરકાર આવ્યા બાદ ખેડૂતોના હિતમાં મહત્ત્વના સુધારાઓ કરવામાં આવ્યા છે. સન ૨૦૦૬ હોય, ૨૦૦૭ હોય, ૨૦૧૫ હોય ૨૦૧૫માં કલમ-૧૧(૪)/કમાં બજાર સમિતિની મુદત ચાર વર્ષના બદલે પાંચ વર્ષની કરવામાં આવી. ચેરમેન અને વાઇસ ચેરમેનની અઢી વર્ષની ટર્મની જોગવાઇ કરવામાં આવી. ખેડૂત પ્રતિનિધિ તરીકે ચેરમેન બની શકે તે મુજબનો ખૂબ અગત્યનો ઠરાવ ખેડૂતોના હિતમાં કરવામાં આવ્યો. સન ૨૦૧૮માં સુધારા સન ૨૦૨૦માં પણ નવીન જોગવાઇ એટલે કેન્દ્ર સરકારે ઇ-વેપારની ઇ-પ્લેટફોર્મ અને નિકાસ કરી શકે તે પ્રમાણેની જોગવાઇ ગુજરાત સરકારે કરી અને કલમ-૧૧, ૧/૧માં ૮ ખેડૂતને બદલે ૧૦ ખેડૂતની જોગવાઇ કરવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી આ ગૃહને જણાવવું છે કે, ગુજરાતનો ખેડૂત સારી રીતે ખેતી કરી શકેઅને પોતાનો માલ પોતાના તાલુકા પૂરતો વેચે એમ નહિ પણ આખા રાજ્યમાં વેચે એ માટે વર્ષ ૨૦૧૬માં eNAM યોજના ભારત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. જેમાં જણસી તેના વજનની વિગત સાથે ઓનલાઇન ક્રિએટ થાય છે. ઓનલાઇન બિલ જનરેટ થાય છે. બિલના નાણાં ઇ-પેમેન્ટના માધ્યમથી ખેડૂતના ખાતામાં તરત જ જમા થઇ જાય છે. eNAM પ્લેટફોર્મ પર સમગ્ર ભારતના વેપારીઓ હરાજીમાં ભાગ લેતાં હોય ત્યારે ખેડૂતોને તેની ઉપજનો ઊંચામાં ઊંચો ભાવ મળી રહે છે. સૌથી અગત્યની બાબત એ છે કે ખેડૂતોનું શોષણ અટકે છે. ભારત માટે સહકાર વિભાગનું આ એક ક્રાંતિકારી પગલું છે. ગુજરાત રાજ્યમાં માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારમાં કાર્યરત eNAM પ્લેટફોર્મ પર આખા દેશમાં ના થયું હોય તેવો રેકોર્ડબ્રેક રૂ.૨૦૦ કરોડનું ઓનલાઇન ટ્રેડિંગ ગુજરાતની એ.પી.એમ.સી.એ કર્યું છે. ગુજરાત ખેત ઉત્પાદન અને ખરીદ વેચાણ અધિનિયમ- ૧૯૬૩ના સૂચિત સુધારા મુજબ કલમ-૮(૨) નવીન જોગવાઇ લાવતા મને આનંદ થાય છે. કાયદામાં ગમે તે જોગવાઇ હોય તેમ છતાં eNAM પ્લેટફોર્મ પર આંતરરાજ્ય વેપાર વધે તે માટે પ્રવર્તમાન કાયદાની જોગવાઇ હેઠળ અન્ય રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશના લાઇસન્સદાર વેપારી ગુજરાત રાજ્ય અને અન્ય રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો સાથે કરાર કરે અને કરારની શરતોને આધીન eNAM પ્લેટફોર્મ પર ખેતપેદાશોની ખરીદી કરી શકે એટલે કે ગુજરાતના ખેડૂતનો માલ હિમાચલ, મધ્યપ્રદેશ, હરિયાણા કે કર્ણાટકમાં પણ વેચાય અને ત્યાંના ખેડૂતનો માલ ગુજરાતમાં પણ વેચી શકાય એ પ્રમાણેની આ eNAM પ્લેટફોર્મ યોજના છે. eNAM પ્લેટફોર્મથી આંતરરાજ્યમાં વેપાર વધે તે માટે નવીન જોગવાઇ કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્યના વેપારીઓ અન્ય રાજ્યમાંથી eNAM પ્લેટફોર્મ પરથી ખેત પેદાશો ખરીદી શકશે. આંતર રાજ્ય વેપારમાં વધારો થશે. બહારના વેપારીઓ ઓનલાઇન ખરીદી કરશે તેમ છતાં રાજ્યની બજાર સમિતિઓને સેઝ ફીની આવક મળશે. આ ખૂબ અગત્યની બાબત છે. પહેલાં લોકોને એમ હતું કે કદાચ આનાથી એ.પી.એમ.સી.ની આવક નહિ થાય પણ બહારનો વેપારી માલ ખરીદશે છતાં ગુજરાતની એ.પી.એમ.સી.ની સેઝની આવકમાં વધારો થશે. ઓનલાઇન થતાં સોદાની રકમ એસ્ક્રો એકાઉન્ટમાં જમા થશે જેથી ખેડૂતના નાણાંની સલામતી વધશે અને ઓનલાઇન હરાજીમાં સમગ્ર ભારતના વેપારીઓ ભાગ લેવાના હોઇ ઓનલાઇન ટ્રાન્ઝેક્શન વધશે અને એના કારણે કર ચોરી પણ અટકાવી શકાશે. જે રીતે દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી આખા દેશને ફાઇવ ટ્રિલિયન ઇકોનોમીની દિશામાં આગળ લઇ જઇ રહ્યા છે તેમાં સહકાર વિભાગ પણ ખૂબ અગત્યનું પાસું છે. દેશની ફાઇવ ટ્રિલિયન ઇકોનોમીમાં ખેડૂતોનો ખૂબ મોટો હિસ્સો છે. ખેડૂતોને સારા ભાવ મળશે. વેપારમાં પારદર્શિતા આવશે. ડિજિટલ પેમેન્ટ થશે. વચેટિયાઓથી મુક્તિ મળશે. પોષણયુક્ત ભાવ મળશે અને એ.પી.એમ.સી.ની આવકમાં સુધારો થશે. મને જણાવતાં આનંદ થાય છે કે માનનીય અમિતભાઇ શાહ સાહેબે મલ્ટિ સ્ટેટ કૉ-ઓપરેટિવ સોસાયટીની સ્થાપના કરી છે. એના કારણે ગામડાંના ખેડૂતનું અનાજ, પાક, રાગી, બાજરી, મકાઇ એક્સપ્લોર પણ કરી શકીએ એ પ્રમાણેની સુવિધા કરવામાં આવી છે. બીજો એક સુધારો ૧૧-(૧)(૨) છે. અગાઉના નાણાકીય વર્ષમાં લાઇસન્સ ફીની બોલીઓ અને શરતોને સુસંગત રહીને જેમણે બજાર યાર્ડ સમિતિમાં વેપાર કર્યો હોય અને જે વર્ષમાં ચૂંટણી હોય તેના અગાઉના છેલ્લાં ત્રણ નાણાકીય વર્ષના લાઇસન્સ ધરાવતા અને પ્રત્યેક નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછી

રૂ.૫૦,૦૦૦/- માર્કેટ ફી ભરી હોય તેવા વેપારીઓ મતદારયાદીમાં આવશે. જ્યારે ઇલેક્શન આવે ત્યારે વેપારી બને એમ નહિ પણ એણે વેપાર કર્યો હોય અને સળંગ ત્રણ વર્ષ સુધી રૂ.૫૦,૦૦૦/-ની સેઝ ફીની આવક થઇ હોય અને ચાલુ વર્ષે પણ એનો ધંધો ચાલુ હોય એવા જ વ્યક્તિને વેપારી તરીકેનું લાઇસન્સ આપવામાં આવશે. હાલની જોગવાઇમાં અગાઉના નાણાકીય વર્ષમાં લાઇસન્સની બોલીઓ અને શરતોને સુસંગત રહીને જેમણે વેપાર કર્યો હોય, તેવા વેપારીઓ જનરલ કમિશન એજન્ટ મતદાર યાદીમાં આવતા હતા પણ આ ખૂબ ક્રાંતિકારી પગલું ગુજરાત સરકાર દ્વારા માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં લેવાઇ રહ્યું છે. આ ખૂબ અગત્યની બાબત છે. આપ પણ સહકારી આગેવાન છો અને ઘણા બધા મિત્રો સહકારી આગેવાનો છે. જ્યારે ઇલેક્શન આવવાનું હોય ત્યારે આ મંડળી રદ કરો, આ મંડળી ઉમેરો એવા વાદવિવાદનો અંત આવશે અને એના કારણે કોર્ટ મેટરો ઘટશે અને કોર્ટનો કિંમતી સમય બચશે. સરકારી સમયનો બચાવ થશે તેમજ લોકોનો સમય અને નાણાં બચશે અને ન્યાયિક સંતુલન વધશે. માત્ર ચૂંટણીના હેતુથી રાતોરાત લેવામાં આવતાં લાઇસન્સની સંખ્યામાં ઘટાડો થશે અને તેના કારણે અંદરોઅંદરના ઘર્ષણ ઘટશે. બજાર સમિતિમાં વાસ્તવિક વેપાર કરતાં વેપારીઓનું પ્રતિનિધિત્વ વધશે અને બજાર સમિતિના વહીટવમાં પારદર્શિતા આવશે. કલમ-૧૧(૧)(૩)માં સૂચિત સુધારો એ પ્રકારનો છે કે ચૂંટણીના આગળના ત્રણ નાણાકીય વર્ષમાં પ્રત્યેક નાણાકીય વર્ષમાં સતત ઓછામાં ઓછું પોતાના ૧/૩ સભાસદો પાસેથી ઉદ્દેશો અનુસાર કૃષિ ઉત્પન્ન ખરીદી કરી હોય, તેનું વેચાણ બજાર સમિતિને યાર્ડમાં કરેલ હોય, માત્ર બજાર યાર્ડમાં ચૂંટણીના આગળના ત્રણ નાણાકીય વર્ષમાં પ્રત્યેક નાણાકીય વર્ષમાં સતત ઓછામાં ઓછો રૂપિયા પાંચ લાખનો વ્યવસાય બજાર સમિતિના યાર્ડમાં કરેલો હોય તેવી મંડળીઓ મતદાર તરીકે આવશે. જે લોકો સહકાર ક્ષેત્રે જોડાયેલા હોય તેમને જાણ હશે કે ઠેલા મંડળી એટલે શું? આ ઠેલા મંડળીઓ આજથી આ પારિત કર્યા બાદ નાબૂદ થશે. મતદાર યાદી અંગેની જોગવાઇઓ સ્પષ્ટ કરવાના હેતુથી હાલની જોગવાઇમાં લાઇસન્સ ધરાવતા ઉદ્દેશોને સુસંગત રહી ધંધામાં રોકાયેલા જેમના છેલ્લા હિસાબો વર્ગ-'ક', 'ખ' અથવા યથાપ્રસંગ 'ગ' માં ઓડિટ કરાવેલા હોય તેવી સહકારી મંડળીઓ વેચાણની યાદીમાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે આ પ્રકારની રાજ્યમાં આવી કુલ ૬ હજાર જેટલી ખરીદ વેચાણ મંડળીઓ નોંધાયેલી છે. જે પૈકી વાસ્તવિક ઉદ્દેશમાં કામ કરતી કેટલીક મંડળીઓ વાર્ષિક કરોડો રૂપિયાનું ટર્નઓવર કરે છે. દહેગામ તાલુકા કૉર્પોરેશન મંડળી વર્ષે રૂ.૧૮ કરોડનો વેપાર કરે છે. આની અસર અને ફાયદાઓ જોઇએ તો જે મંડળીઓ ઉદ્દેશ પ્રમાણે કામ કરતી હશે તે જ મંડળી મતદાર યાદીમાં આવશે. ચૂંટણીલક્ષી નોંધાયેલ મંડળીઓ મતદાર યાદીમાં આવી શકશે નહીં. પોતાના ઉદ્દેશો મુજબ કામ કરતી મંડળીઓને તે પ્રતિનિધિત્વ મળશે. સાથે બીજો એક સુધારો ૧૧(૧)(૧) એ નવીન જોગવાઇ છે. ખાનગી માર્કેટ યાર્ડના માલિક, બોર્ડ ડિરેક્ટર, તેઓના કુટુંબના સભ્યો બજાર સમિતિની ચૂંટણી લડી શકશે નહીં. ખેડૂતોને સારા ભાવ મળી રહે તે માટે વર્ષ ૨૦૦૭માં આપણી જ ભાજપ સરકારે એક ખાનગી માર્કેટની જોગવાઇ ઉમેરી હતી. ખેડૂતોને પોતાની જણસનું વેચાણ કરવા માટે વધુ વિકલ્પ પૂરો પાડે છે અને તેના કારણે વેપારીઓમાં સ્પર્ધા થાય અને ખેડૂતોને સારા ભાવ મળી રહે તે માટે ખાનગી માર્કેટ લાવ્યા હતા પણ સરકારને ક્યાંક એવું લાગ્યું હોય અથવા કોઇ પણ ખાનગી એ.પી.એમ.સી.ના માલિક, તેના સગાં-વ્હાલાં રાજ્ય સરકાર દ્વારા સંચાલિત સહકારી એ.પી.એમ.સી.માં પોતાની મતદારી નોંધાવી શકશે નહીં. આ એક ખૂબ અગત્યનો સુધારો લાવવા જઇ રહ્યા છીએ. આના કારણે બજાર સમિતિની અર્થ ક્ષમતાને નુકસાન થતું અટકશે. ખાનગી યાર્ડના માલિક બોર્ડ ડિરેક્ટર જો બજાર સમિતિના બોર્ડ ઓફ ડિરેક્ટર હોય તો પણ આ સમિતિના સભ્યોના હિતોને નુકસાન થઇ શકે છે એટલે ખૂબ મોટી જોગવાઇ લાવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે પછીની જોગવાઇ આખા ગૃહમાં ધ્યાને રહે એટલા માટે લાવી રહ્યો છું. કલમ-૧૧(બી)(૨) કોઇ પણ શખ્સ ચૂંટણીની મતદાર યાદીમાં ગમે તે વિભાગમાં મતદાર તરીકે નોંધાયેલ હોય તેવો શખ્સ વ્યક્તિગત હેસિયતથી કે મંડળીના પ્રતિનિધિ તરીકે કે વેપારી તરીકે બજાર સમિતિની ચૂંટણીના તમામ વિભાગો પૈકી કોઇપણ એક જ વિભાગમાં એક જ મત આપી શકશે. આ એક ઐતિહાસિક નિર્ણય છે. એક વ્યક્તિ એક મત આપી શકે તે હેતુથી બજાર સમિતિમાં ચૂંટણીની મતદાર યાદી તૈયાર કરાવવામાં આવે છે. ખેડૂત વિભાગની મતદાર યાદી, વેપારી વિભાગની મતદાર યાદી, ખરીદ વેચાણની મતદાર યાદી હાલની જોગવાઇ મુજબ એકથી વધુ પેઢી ધરાવતા વેપારીનું નામ એકથી વધુ વખત મતદાર યાદીમાં આવે છે. કોઇ પણ વ્યક્તિ એકથી વધુ સેવા સહકારી મંડળીમાં કમિટી સભ્ય હોય અગર ખરીદ વેચાણ મંડળીમાં પણ હોય, મતદાર યાદીમાં એકથી વધુ વખત એક જ વ્યક્તિનું નામ આવે છે. સેવા સહકારી મંડળીના કિસ્સામાં ડિસ્ટ્રિક બેંકના પ્રતિનિધિ તરીકે એક જ વ્યક્તિ તાલુકાની તમામ મંડળીઓની વ્યવસ્થા કમિટીમાં એક જ વ્યક્તિનું નામ મતદાર યાદીમાં મંડળીવાઇઝ આવે છે. તેનું ઉદાહરણ આપવાનું મન એટલા માટે થાય કે ઘણા બધા ધારાસભ્યશ્રીઓ નવા છે, શહેરી વિસ્તારના ધારાસભ્યોને સહકારિતાનો અનુભવ ઓછો હોયપણ કેટલાક કિસ્સામાં ભૂતકાળમાં સહકારી મંડળીઓમાં વર્ષ ૨૦૦૦ પહેલાં એક વ્યક્તિએ ૭૦થી ૭૫ મત આપેલા છે. આ *(xxx) નાબૂદ કરવાનો યશ ભારતીય જનતા પાર્ટીને જાય છે. એક વ્યક્તિ એક જ મત આપી શકશે. જેથી ચૂંટણીની પારદર્શિતા વધશે. આ જે સુધારા કર્યા છે એ આવનારા દિવસોમાં

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

ગુજરાતની સહકારિતા માટે એક માઇલસ્ટોન ઊભું કરશે અને આનાથી એ.પી.એમ.સી.માં સુદ્રઢ, સરળ અને પારદર્શક વહીવટ થશે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, શ્રી અમિતભાઇ શાહની આગેવાનીમાં '' સ્ટેટ એક્સપોર્ટ સોસાયટી '' શબ્દ બોલ્યા એ માનનીય મંત્રીશ્રીને પૂછીને રેકોર્ડ ઠીક કરજો. કદાચ એ શબ્દ '' મલ્ટિ સ્ટેટ '' હશે. એમાં જરા સુધારો કરી લેજો. બીજા કોઇ શબ્દ બાકી હોય તો એમાં પણ જોઇ લેજો.

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સહકાર મંત્રીશ્રી ગુજરાત ખેત ઉત્પન્ન ખરીદ-વેચાણ ઉત્તેજન અને સરલીકરણ સુધારા વિધેયક-૨૦૨૩ લઇને આવ્યા છે ત્યારે વર્ષ ૧૯૬૩થી એ.પી.એમ.સી. માટેના આ કાયદાની શરૂઆત થઇ હતી. વર્ષ ૧૯૬૩માં પહેલું બિલ આ વિધાનસભામાં લાવવામાં આવેલ હતું. આજના બિલમાં જે ઉદ્દેશો અને કારણો રજૂ કર્યાં છે એમાં આ સુધારા લાવવા પાછળના ઉદ્દેશમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, ''બજાર સમિતિઓનો વહીવટ અને સંચાલન સારી રીતે ચાલે અને હિસ્સેદારોના હિતોનું રક્ષણ થાય તે જોવા માટે સદરહું અધિનિયમમાં કેટલાક સુધારા કરવાનું જરૂરી જણાયું. '' માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી એમાં કોઇ જગ્યાએ હિસ્સેદારોનું હિત જોવા મળતું નથી, વહીવટ અને સંચાલન સારી રીતે ચાલે એવો પણ કોઇ સુધારો જોવા મળેલ નથી. જ્યારે સરદાર સાહેબે ચરોતર પ્રદેશમાંથી સહકારી પ્રવૃત્તિઓની શરૂઆત કરી ત્યારે સહકારી પ્રવૃત્તિઓ માટે સૂત્ર આપવામાં આવેલ હતું કે, '' વિના સહકાર નહીં ઉદ્ધાર. ''સહકારમાં ક્યારેય સરકારે દખલગીરી ન કરી એના કારણે ગુજરાતની સહકારી પ્રવૃત્તિઓનું માળખું આખા દેશના લોકો આપણી પાસે શીખવા આવતા અને એમાંથી પ્રેરણા લેતા હતા. આજે સરકારની દખલગીરીના કારણે ''વિના સરકાર નહીં સહકાર '' એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. સરકાર ધારે એ જ લોકોની મંડળીઓ મતદાર યાદીમાં આવી શકે, સરકાર ધારે એ જ લોકો ચૂંટણી લડી શકે, એ જ લોકો મત આપવા જઇ શકે અને એ જ લોકો વહીવટ કરી શકે. આવી પરિસ્થિતિનું નિર્માણ થયું હોય ત્યારે આ સુધારા કેમ લાવવામાં આવ્યા એ પણ એક પ્રશ્નાર્થ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૬૩માં પહેલી વખત ગુજરાત રાજ્યમાં ખેત ઉત્પન્ન ખરીદ અને વેચાણનું નિયમન કરવા માટે અને બજારો સ્થાપવા માટેનું વિધેયક તત્કાલીન મંત્રી શ્રી વજુભાઇ શાહે રજૂ કર્યું હતું. આ વિધેયકની ચર્ચામાં ગૃહના વિદ્વાન સભ્યશ્રીઓએ ભાગ લીધો હતો. એ વખતે માનનીય ભાઇલાલભાઇ પટેલે આ બિલ લાવવા માટેની જે વાત કરી હતી એ આજે આટલાં વર્ષો પછી પણ સાચા અર્થમાં આ બિલનું હાર્દ બતાવે છે. એમણે કહ્યું હતું કે, '' આ બિલનો ઉદ્દેશ એક જ હોય કે, ખેડૂતો જે માલનું ઉત્પાદન કરે છે એ માલનો વ્યાજબી ભાવ મળે.'' કોઇ વહીવટ કરવા માટે, કોઇ ડિરેક્ટરો માટે કે કોઇ સુખ-સુવિધાઓ માટે આ સંસ્થાઓ બનાવવામાં આવી નથી. આ સંસ્થાઓ બનાવવા પાછળનો એક જ હેતુ હતો કે, ખેડૂતો ખૂબ મહેનત અને પરસેવો પાડીને ઉત્પાદન કરે છે એ ઉત્પાદનના માલનો બજારભાવ યોગ્ય રીતે મળે. ત્યારે એમણે ચર્ચામાં કહ્યું હતું કે, બિલનો ઉદ્દેશ આ છે, પણ બિલ પાસ થયા પછી એ ઉદ્દેશ પૂરો થતો નથી. ત્યારપછી વખતો-વખત લગભગ અત્યાર સુધી ૧૧ વખત આમાં સુધારા થયા એ ૧૧ વખતના સુધારામાં પણ આ જે ઉદ્દેશ ખરા અર્થમાં બર આવવો જોઇએ, એ બર આવ્યો નહીં. એટલા જ માટે એ વખતે શ્રી ભાઇલાલભાઇ પટેલે કહ્યું હતું કે, ઘણીવાર તો એવું થાય કે ખેડૂતોને માલનો વાજબી ભાવ મળતો હોતો નથી અને આજે પણ મળી શકતો નથી. ઘણી જગ્યાએ તો માલને બદલે ખેડૂતોની પણ હરાજી થાય, પણ એને એના મહેનતના પ્રમાણમાં વળતર મળતું નથી. આજે પણ એ જ સ્થિતિ છે. કોઇ ખેડૂત ઉત્પાદન કરે, ટામેટાં પકવ્યા હોય અને બજારમાં વેચવા જાય તો ઘણીવાર રસ્તા ઉપર નાખીને આવવું પડે, બટાકા વેચવા જાય તો રસ્તા ઉપર નાખીને આવવું પડે, બીજા ઉત્પાદનો રસ્તા ઉપર નાખીને આવવું પડે, એવા દિવસો અને સ્થિતિનું નિર્માણ ઘણી વખત આપણે બધાએ જોયું છે. જેમ મંત્રીશ્રીએ કહ્યું વર્ષ ૨૦૦૬, વર્ષ ૨૦૦૭, વર્ષ ૨૦૧૫,વર્ષ ૨૦૧૮, વર્ષ ૨૦૨૦ અને અત્યાર સુધીમાં ૧૧ વખત સુધારા થયા છે. ૧૧ વખતના સુધારા પછી આજે પણ વર્ષ ૧૯૬૩માં જે બિલ લાવવામાં આવ્યું હતું એ મુજબ ખેડૂતોને ઉત્પાદનના બજાર ભાવ મળતા નથી. *(xxx) (વચ્ચે અટકાવતાં)...

અધ્યક્ષશ્રી : આ શબ્દોને હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. માનનીય અમિતભાઇ, આપણે બિલ ઉપર ચર્ચા કરીએ. આમાં પ્રધાનમંત્રી વિષય અહીંયા આવે નહીં, એવું મને લાગે છે. એમ કરશો તો પછી સામે એવા જવાબ આવશે. આપ સિનિયર સભ્ય છો અને પ્રધાનમંત્રી કે એ પ્રકારના બીજા ઉલ્લેખો ન કરો તો વધારે સારું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં એમણે જે વચન આપ્યા છે, ભાષણોમાં કહ્યું છે, રેકર્ડ ઉપર છે એનો જ ઉલ્લેખ કરું છું કે, કદાચ માનનીય નરેન્દ્રભાઇએ જે વચન આપ્યા હતા એ મુજબ ખેડૂતોની આવક બમણી થાય એ બાબતની કોઇ જોગવાઇનો સુધારો બિલમાં લઇને આવ્યા હોત તો અમને પણ આનંદ થાત કે તમે શ્રી નરેન્દ્રભાઇને અનુસરો છો. એમણે જે ભાષણ કર્યા છે એનો અમલ ગુજરાત રાજ્યમાંથી થાય અને ગુજરાત રાજ્યના ખેડૂતોની આવક બમણી થાય અને આપણું ગુજરાત રાજ્ય આખા દેશને માર્ગદર્શન આપી, જશ લઇ શકે એવો કોઇ સુધારો લાવ્યો હોત તો અમને પણ આનંદ થાત. પણ એવો કોઇ સુધારો આવ્યો નહીં. આજે પણ ચૂંટણીમાં કોણ લડી શકશે? ચૂંટણીમાં મતદારો કોણ હશે? કોણ ડિરેક્ટર હશે એની ચિંતા કરવા માટેનો સુધારો લાવવામાં આવ્યો પણ ખેડૂતોની ચિંતા કરવાવાળો આમાં કોઇપણ જગ્યાએ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. મારે માનનીય મંત્રીશ્રીનું એ પણ ધ્યાન

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

દોરવું છે અને કદાચ એમની વાતમાં સ્પષ્ટતા પણ કરે કે, થોડા વખત પહેલા *(xxx) એમાં એ.પી.એમ.સી.ને લગતી પણ જોગવાઇઓ હતી અને એને લઇને આપણે આ જ વિધાનસભાના ગૃહમાં (વચ્ચે અટકાવતાં) ...

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, આપ આપના સ્થાન ઉપર બેસો. જયારે મંત્રીશ્રી બોલતાં હતા ત્યારે એમણે *(xxx) એવો એક શબ્દ વાપર્યો ત્યારે મેં પણ કહ્યું કે, *(xxx) શબ્દનો આપણે ઉલ્લેખ ન કરીએ. એ વખતે તમે પણ કહ્યું કે બરાબર છે, *(xxx) ન બોલાય અને ફરી પાછા હજી અડધો કલાક થયો નથી અને તમે *(xxx) શબ્દનો ઉપયોગ કરો છો. હું આ શબ્દો પણ રેકર્ડ ઉપરથી દૂર કરું છું. ન જાણતાં હોય અને અજાણતાં કોઇ બોલી જાય તો બરાબર છે, પણ જાણીબૂજીને, ખબર હોય, જાણકાર હોય અને છતાં બોલીએ તો મને લાગે છે કે આપના જેવા સિનિયર સભ્યશ્રી માટે આ ગરિમામય નથી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર * (xxx), એની સામે આખા દેશના ખેડૂતોએ રસ્તા ઉપર ઉતરીને આંદોલન કર્યું. લગભગ એક વર્ષ કરતાં વધારે સમય સુધી ખેડૂતોએ દિલ્હીમાં આંદોલન કરવું પડ્યું. લગભગ ૬૦૦ જેટલા ખેડૂતોના જીવ ગયા. આખા દેશના ખેડૂતો કહેતા હતા કે આ કાયદા ખેડૂતોના ખેતીના લાભના નથી એ ખેડૂતો કહેતા હતા કે આ *(xxx) છે અને આ *(xxx) સામે ખેડૂતો લડ્યા અને કેન્દ્ર સરકારે મોડા-મોડા પણ સ્વીકારવું પડ્યું. કેન્દ્ર સરકારે ત્રણે કાયદાઓને રદ કર્યા ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસે સરકાર (વચ્ચે અટકાવતાં)...

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, મેં આપને સૂચના આપ્યા પછી ફરી તમે એ અર્થ કર્યો. હું પછી આપને બોલતાં અટકાવીને, બીજા કોઇને બોલવાની તક આપીશ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશના ખેડૂતો લડ્યા અને એમનો વિરોધ એટલો જ હતો કે, આ અમારા વિરોધી (વચ્ચે અટકાવતાં)...

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, આપ બેસો હું વાત કરું છું.

અધ્યક્ષશ્રીઃ હું આપને...

શ્રી અમિત ચાવડા : આખા દેશના ખેડૂતો લડ્યા. એમનો વિરોધ એટલો જ હતો.

અધ્યક્ષશ્રીઃ આપ બેસો. હું વાત કરું છું. એક વખત કરતા વધારે વખત. આ બીજી વખત થાય છે. ત્રીજી વખત જો તમે મારી સૂચનાનો અનાદર કરશો તો મને લાગે છે કે મારે કાયદેસર નિયમ પ્રમાણે આગળ વધવું પડશે. જાણતા ન હોય તો વાત અલગ થઈ. તમે જાણીબૂજીને ફરી પાછા ઈરાદાપૂર્વક એ જ શબ્દનો ઉપયોગ કરી રહ્યાં છો એ બાબત ઠીક નથી. આ શબ્દો છે એ રેકર્ડ પરથી દૂર કરો. આ બીજી વખત થાય છે. ફરી આપને કહું છું કે બે વખત કર્યું છે. હવે ત્રીજી વખત ન કરતા.

શ્રી અમિત ચાવડા : ખેડૂત વિરોધી કાયદા હતા. ખેડૂતો લાંબી લડત લડ્યા. સરકાર પહેલા તો પોતાના ગુમાનમાં જ હતી. વાત સાંભળવા જ તૈયાર ન હતી. અનેક લોકોએ જીવ ગુમાવવા પડ્યા અને લાંબા ગાળાની લડત પછી સરકારે કાયદા પાછા ખેંચ્યા. એ કાયદા આવ્યા પછી આપણે આ જ ગૃહમાં એને અનુરૂપ સુધારા લાવ્યા હતા. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે તમે જયારે જવાબ આપો ત્યારે એનો પણ ખુલાસો કરજો. કેન્દ્ર સરકાર ત્રણ કાયદા લાવી હતી અને ખેડૂતોની લડતના લીધે એને પાછા ખેંચવા પડયા. હવે જયારે કેન્દ્રના એ કાયદા અસ્તિત્વમાં નથી અને એને અનુરૂપ સુધારા આપણે અહીંયા કર્યા હતા. જેથી કરીને અનેક જગ્યાએ ખેડૂત, ખેતી અને એપીએમસીને અસર થતી હતી, તો એ બાબતે સુધારો લાવવા માગો છો કે કેમ અને આજની તારીખે એ કાયદાઓ આપણે અહીંયા પ્રસ્તુત છે કે કેમ? એની પણ ચોખવટ થાય તો હું માનું છું કે વધારે સારું. આ સુધારો આવવાથી ગુજરાતમાં જે ૨૨૪ કરતા વધારે એ.પી.એમ.સી. છે તેને અસર થવાની છે. ખાસ કરીને જે અહીંયા સુધારા લાવવામાં આવ્યા. વર્ષ ૧૯૬૪ ગુજરાતના ૨૦માં અધિનિયમની કલમ ૧૧માં જે ફેરફાર લાવવામાં આવ્યો. એમાં ખંડ-૨માં જે સુધારો છે કે કલમ ૨૭ અથવા ૨૭-ક હેઠળ લાઇસન્સ ધરાવતા હોય તેવા. એમાં કલમ-'ક' છે કે ચૂંટણીના વર્ષના અગાઉના સતત ત્રણ નાણાકીય વર્ષ કરતા ઓછી ન હોય તેવી મુદત માટે લાઇસન્સ ધરાવતા હોવું. છેલ્લાં ત્રણ નાણાકીય વર્ષમાં સંપૂર્ણ રીતે એનો વેપાર કરતા હોવું. ત્યાં સુધી તો બરાબર છે. એ તો લાઇસન્સની જોગવાઇઓમાં જ હોય છે. પરંતુ ત્યાર પછીની જે એક છે એમાં કહેવામાં આવ્યું કે વેપારી હોય તેણે ચૂંટણીની અગાઉના છેલ્લાં ત્રણ નાણાકીય વર્ષના દરેક વર્ષમાં ૫૦ હજાર રૂપિયાની ન્યૂનત્તમ બજાર ફી ચૂકવેલી હોય.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ કોઇ ખાલી ઊંઝા હોય કે જે થોડું સમૃદ્ધ માર્કેટ હોય એની એ. પી. એમ.સી.થી બનેલી નથી. ગુજરાતમાં ડાંગ જેવા અંતરિયાળ વિસ્તારો પણ છે. અનેક બક્ષી પંચના પછાત તાલુકાઓ પણ છે. કચ્છ જેવા અનેક નાના તાલુકાઓ પણ છે, જયાં એની નિયંત્રિત જણસીનો મોટો વેપાર પણ થતો નથી. આજે અમારી સોજીત્રા તાલુકાની એ. પી. એમ. સી. નું માર્કેટ તમે જો જૂઓ તો આખા વર્ષની એની આવક જ ૩૦ લાખ રૂપિયા હશે. જેમાંથી આખો વહીવટ ચાલે. એવા સંજોગોમાં આપણે એવી આશા રાખીએ કે એ વેપારી ત્યાં આગળ ૫૦ હજાર રૂપિયાની એની બજાર ફી ચૂકવતો હશે, તો એ કેટલો વેપાર કરે ત્યારે એ ૫૦ હજારની ફી ભરી શકે. તો શું કોઇ નાનો વેપારી હોય કે કોઇ નાનો કમિશન એજન્ટ હોય, એને આમાં ચૂંટણી લડવાનો કે મત આપવાનો અધિકાર નહીં રહે? ખાલી આપણે મોટા વેપારીઓની જ ચિંતા કરવાની? કાલે ઉઠીને વેપાર વિભાગમાં ચૂંટણી લડવાની, તો મોટો વેપારી જ આવી શકશે. નાના વેપારીઓનું તો યાદીમાં નામ પણ ના આવે એવી રીતે તમે જોગવાઇ લાવ્યા.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે કમિશન એજન્ટ. કમિશન એજન્ટ તો બિલકુલ નાનો માણસ હોય છે. રોજબરોજ ૧૦, ૨૦, ૨૫, ૫૦ હજાર રૂપિયાનો કંઇક નાનો મોટો ધંધો કરે અને એમાંથી નાની મોટી કંઇક કમાણી કરતો હોય. એ કમિશન એજન્ટ માટે પણ તમે કહ્યું કે કમિશન એજન્ટ હોય તેણે ચૂંટણીના અગાઉના છેલ્લાં ૩ નાણાકીય વર્ષમાં દરેક વર્ષમાં ૫૦ હજાર રૂપિયાની ન્યૂનત્તમ બજાર ફી ભરેલી હોવી જોઇએ. ૫૦ હજાર રૂપિયાની ફી ના ભરેલી હોય તો એ ચૂંટણી પણ ના લડી શકે કે તમારી પાસે એ ડિરેક્ટર બનવાની લાયકાત ગુમાવી દે છે. એ વેપાર નાનો કરે છે એનો મતલબ એ નથી કે એ બજાર સમિતિનો ડિરેક્ટર ના થઇ શકે. એ વેપાર નાનો કરે છે એનો મતલબ એવો નથી કે એની કામ કરવાની ક્ષમતા ઓછી છે કે એનું સહકાર માટેનું જ્ઞાન ઓછું છે કે એને લોકો માટે અથવા ખેડૂતો માટે કામ કરવાની ધગશ ઓછી છે. આપણે એમ માનીએ છીએ કે નાના લોકો...(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ. આપનો કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર છે? તો વાત કરો.

શ્રી રમણલાલ ઈ. વોરા : જી સાહેબ. પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એ ખેડૂતોના ભલા માટેની વાત છે. માનનીય અમિતભાઇ વાત કરી રહ્યાં છે એ વેપારીઓ માટેની છે. સન ૧૯૬૩થી 'વિના સહકાર નહીં ઉદ્ધાર.' ૧૯૯૩ સુધી સમગ્ર ગુજરાત રાજ્યમાં એક પણ એસ.સી., ઓ.બી.સી. એક પણ ડિરેક્ટર ગુજરાતમાં બન્યો છે ખરો? ક્યાંક ભૌગોલિક પરિસ્થિતિના કારણે આદિવાસી હશે. 'વિના સહકાર નહીં ઉદ્ધાર'નો મતલબ કોંગ્રેસનો પર્ટીક્યુલર વર્ગ માટેનો હતો.

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત હજુ પૂરી થઇ નથી. પોઇન્ટ ઓફ ઓર્ડર હું આ જ કરી રહ્યો છું. આ પોઇન્ટ ઓફ ઓર્ડરનો જ વિષય છે. સન ૧૯૯૩થી અત્યાર સુધીમાં 'વિના સહકાર નહીં ઉદ્ધાર' એટલે માત્ર એક જ વર્ગનો, એક જ લોકોનો આમાં ઉદ્ધાર થાય એ માટેની જે વાત અહીંયા થઇ રહી છે, હું માનું છું કે એ સરાસર જૂઠ છે. બીજી વાત.

અધ્યક્ષશ્રી : નહીં, નહીં, પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : પોઇન્ટ ઓફ ઓર્ડર આ જ છે.

અધ્યક્ષશ્રી : કઇ કલમ, વિધાનસભાના કયા નિયમ અંતર્ગત આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આના પહેલાં જે એમણે ત્રણ કાયદાઓની પણ વાત કરી.

અધ્યક્ષશ્રી : નહીં, વિધાનસભાના કયા નિયમ અંતર્ગત તમે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર વાત કરો છો?

શ્રી રમણલાલ ઈ. વોરા : સર, મારી પૂરી વાત સાંભળી લો ને, પ્લીઝ. ગુજરાતની અંદર આના પહેલાં ખેત ઉત્પન્ન બજાર સમિતિમાં જે પણ લોકો જતાં, તરસીસ એ વેપારીઓએ ભરવી પડતી હતી. સોરી, ખેડૂતોએ ભરવી પડતી હતી. ભારતીય જનતા પાર્ટીની સરકારે..

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે? આપને એ વાત કરવાની હોય તો ભાષણમાં આપને જ્યારે બોલવાનું થાય ત્યારે બિલ ઉપર બોલજો.

શ્રી રમણલાલ ઈ. વોરા : આ ભાષણનો વિષય નથી.

અધ્યક્ષશ્રી : માનનીય રમણભાઇ, મને પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર વાત કરો.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે કોંગ્રેસની સરકારમાં ખેડૂતો પાસેથી સેસ લેવામાં આવતી હતી. ભારતીય જનતા પાર્ટીની સરકારે તેમાં સુધારો કર્યો અને સુધારો એ કર્યો કે સેસ એ ખેડૂત પાસેથી નહીં, પરંતુ વેપારી પાસેથી લેવામાં આવશે અને તેની સાથે સાથે ખેત ઉત્પન્ન બજાર સમિતિમાં ચેરમેન..

અધ્યક્ષશ્રી : આ તમે ભાષણ કરો ત્યારે એમાં કરજો. આમાં પોઇન્ટ ઓફ ઓર્ડર ક્યાં આવ્યો?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ પોઇન્ટ ઓફ ઓર્ડરની જ વાત કરું છું કે આમાં એ.પી.એમ.સી.ના ચેરમેન કોણ બની શકે?

અધ્યક્ષશ્રી : આપ માનનીય અધ્યક્ષ તરીકે રહેલા છો. આમાં હું કયા નિયમ પ્રમાણે પોઇન્ટ ઓફ ઓર્ડર લઉં?

શ્રી રમણલાલ ઈ. વોરા : હું સાહેબ, આ નિયમ પ્રમાણે જે વાત કરું છું તે બે વાત. એક તો ખેડૂતો પાસેથી સેસ લેવાની હતી એ સેસ બંધ કરી. એ આ કાયદાની અંદર જોગવાઇ છે, જે માનનીય મંત્રીશ્રીએ કહ્યું. બીજું, કે એ.પી.એમ.સી.નો ચેરમેન કોણ બને?

અધ્યક્ષશ્રી : વિગતવાર જ્યારે જવાબ આપવાનો હોય ત્યારે મંત્રીશ્રી વિગત આપશે.

શ્રી રમણલાલ ઈ. વોરા : સાહેબ, આ મંત્રીશ્રી ઓલરેડી બોલી ગયા છે. તમે તેમનો રેકર્ડ જોઇ લો. મંત્રીશ્રી બોલી ગયા છે એટલા માટે હું કહું છું.

અધ્યક્ષશ્રી : બસ, બસ. તમે મને પોઇન્ટ ઓફ ઓર્ડરનો કોઇ મુદ્દો હોય, કોઇ વિધાનસભાના નિયમના વિરુદ્ધમાં એ વાત કરતા હોય તો તમે વાત કરો. ગૃહની કાર્યવાહી ચાલી રહી છે તેના વિરોધમાં જો કંઇ બોલાતું હોય તો તમે ચોક્કસપણે પોઇન્ટ ઓફ ઓર્ડર કહી શકો છો.

ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) (સુધારા)વિધેયક, ૨૦૨૩

શ્રી રમણલાલ ઇ. વોરા : સાહેબ, મેં ફરીથી કહ્યું કે જ્યારે કેન્દ્ર સરકારના ત્રણ મુદ્દાઓની વાત થતી હોય ત્યારે પહેલો મુદ્દો આ સેસનો હતો અને જે લોકો વિરોધ કરતા હતા તેને અને સેસને કંઇ લેવા દેવા નથી.

અધ્યક્ષશ્રી : ઠીક છે. આને પોઇન્ટ ઓફ ઓર્ડર તરીકે હું રાખતો નથી અને શ્રી અમિતભાઇ, આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી અમિત ચાવડા : * (xxx)

અધ્યક્ષશ્રી : મારું જજમેન્ટ મેં આપ્યું તેના ઉપર તમે રિપીટ નહીં કરો. મારું જજમેન્ટ મારે આપવાનું છે. આપે આપવાનું નથી. શ્રી અમિતભાઇ જે બોલ્યા છે, એ પણ શબ્દો કાઢી નાખો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અહીં વાત એટલી જ છે. મારી ચિંતા અને સૂચન એટલું જ છે કે આપણે નાના વેપારીઓ, નાના કમિશન એજન્ટો આ ચૂંટણી પ્રક્રિયામાં ભાગ ન લઇ શકે એવું ઇચ્છીએ છીએ? નાના વેપારીઓ, નાના કમિશન એજન્ટોને આપણે એ.પી.એમ.સી.માં ઘૂસવા જ દેવા માગતા નથી? માનનીય રમણભાઇ કહેતા હતા. પહેલાંની વાત તો મારે કરવી નથી પણ જો આ કાયદા મુજબ જ અત્યાર સુધીની છેલ્લાં ૩૦ વર્ષથી તો તમારી સરકાર ચાલે છે. તો શ્રી કેશુભાઇને પણ તેમાં કંઇ ખોટું ન લાગ્યું, શ્રી નરેન્દ્રભાઇની સરકારને પણ એમાં કંઇ ખોટું ન લાગ્યું, શ્રીમતી આનંદીબેનની સરકારને પણ ખોટું ન લાગ્યું, શ્રી વિજયભાઇની સરકારને પણ ખોટું ન લાગ્યું અને આજે આટલાં વર્ષો પછી એકદમ તમને જ્ઞાન થયું કે આ બધું સંચાલન સારું કરવું છે, સરળીકરણ કરવું છે. સંકલન કરવું છે તો અચાનક આવું લાવવા પાછળનું કારણ શું? અને એમાં પણ જયારે આખા ગુજરાતમાં હું માનું છું કે ૯૮ ટકા એ.પી.એમ.સી.ઓ, સહકારી સંસ્થાઓ આજે સરકારની દખલને કારણે ભારતીય જનતા પાર્ટીના લોકો દ્વારા વહીવટ કરે છે તો આ ઠેલા મંડળીઓ કોની જોડે છે એ તો તમને વધારે ખબર છે તો હવે તમારા જ લોકો કયાંક આમાં ટાર્ગેટમાં તો નથીને? એટલા માટે તો સુધારો નથી આવી રહ્યોને? અમારી તો વાત એટલી જ છે કે કદાચ નાનો વેપારી ધંધો ઓછો કરે, સેસ ફી ઓછી ભરે છે, માનનીય રમણભાઇએ સાચી વાત કરી કે પહેલાં બજાર વિસ્તારમાં બધાએ સેસ ફી ભરવી પડતી હતી હવે બજારનું જે માર્કેટ છે એ માર્કેટની અંદર ધંધો કરે એટલા લોકો જ સેસ ફી ભરે છે, એ વેપારી ભરે છે તો એમાં નાનો વેપારી પણ હોય, મોટો વેપારી પણ હોય, કયાંક મોટો ધંધો વ્યાપાર થતો હોય તો ત્યાં મોટું ટર્નઓવર પણ થતું હોય એના માટેના તમે આંકડા જોવો તો મોટા દેખાય પણ કોઇ આદિવાસી વિસ્તારમાં માનનીય ગણપતભાઇ અને બીજા મિત્રો છે એમને ખ્યાલ છે કે ત્યાં શાકભાજી અને બીજો નાનો વ્યાપાર થતો હોય ત્યાં નાગલી, જુવાર કે એવી કોઇ નાની ખેતી થતી હોય તો એવી જગ્યાએ કોઇ આટલું મોટું ટર્નઓવર કરીને ૫૦હજાર રૂપિયા ફી ભરી શકે એવા વેપારીઓ જૂજ હશે અને એમાં આ તમારા સુધારા લાવવાને કારણે એ નાનો વેપારી કે કમિશન એજન્ટ કાલે ઉઠીને આ એ.પી.એમ.સી.ના વહીવટથી અળગો રહેશે, દૂર થશે અને જે પ્રસ્થાપિત લોકો છે, જે મોટા લોકો છે, જે સ્થાપિત હિતો છે એવા લોકો જ વહીવટમાં ભાગીદાર થશે અને એના કારણે જે નાના ખેડૂતોનું હિત જોવાવાળો વર્ગ છે એ આ વ્યવસ્થાથી દૂર થશે એની અમને ચિંતા છે એટલે માનનીય મંત્રીશ્રી એની પણ ચોખવટ કરે. માનનીય રમણભાઇ કહેતા એમ ગયા વખતે આપણે સુધારો કર્યો કે પહેલાની વ્યવસ્થા એવી હતી વર્ષોથી કે ૮ ખેડૂત વિભાગના પ્રતિનિધિઓ હતા, ૪ વેપારી વિભાગના પ્રતિનિધિઓ હતા અને ૨ કરતા વધારે ખરીદ વેચાણ મંડળીઓ હોય તો ૨ ખરીદ વેચાણ મંડળી વિભાગના પ્રતિનિધિઓ હતા. ભૂતકાળમાં આપણે સુધારો કર્યો અને ૮ને બદલે ૧૦ ખેડૂત વિભાગના પ્રતિનિધિ કર્યા અને માનનીય રમણભાઇનું ધ્યાન હું દોરવા માગું છે કે આ જે સુધારો છે એ ફકત અને ફકત વેપારી વિભાગના જે ૪ પ્રતિનિધિઓ છે એના માટેનો સુધારો છે. આમાં ખેડૂતો, એની ફી ભરે છે કે નથી ભરતા અને ખેડૂત વિભાગને આને કયાંય લેવા દેવા નથી એટલે જયારે આજે ખેડૂત વિભાગની ૪ સીટો માટે આપણે સુધારો લાવીએ એની સાથેસાથે ખરીદ વેચાણ વિભાગની બે બેઠકો માટેની પણ વાત કરવામાં આવી છે. આપણે ખંડ-૩માં જે સુધારો લાવ્યા છીએ બજાર વિસ્તારમાં આવેલી અને સામાન્ય લાઇસન્સ ધરાવતી એ શબ્દોથી શરૂ થતા અને ''ચૂંટવાના આવી મંડળીઓના બે પ્રતિનિધઓ'' એ શબ્દોથી પૂરા થતા ભાગને બદલે હવે આપણે સુધારો લાવવા માગીએ છીએ એ "બજાર વિસ્તારમાં આવેલી સામાન્ય લાઇસન્સ ધરાવતી ખરીદ વેચાણ મંડળીઓ" એમાં પોતાના છેલ્લા હિસાબોના ઓડિટમાં ક, ખ અથવા યથાપ્રસંગ ગ ઓડિટ વર્ગ મેળવેલ હોય, છેલ્લાં ત્રણ નાણાકીય વર્ષમાં દરેક વર્ષમાં બજાર ચોગાનમાં કુલ સભ્યોને એટલે મંડળીના કુલ સભ્યો છે એના ૧/૩ સભ્યો પાસેથી ચૂંટણી વર્ષના ખેતીના ઉત્પન્નની ખરીદી અથવા વેચાણ કરેલ હોય અને ત્રીજી, જે આમાં વાત લાવવામાં આવી છે, ચૂંટણી વર્ષના અગાઉનાં છેલ્લાં ત્રણ નાણાકીય વર્ષોના દરેક વર્ષમાં ઓછામાં ઓછા પાંચ લાખ રૂપિયાનો ધંધો કરેલો હોય" આમાં પણ વાત એટલી જ છે કે ઓડિટ વર્ગ એટલે સરકાર આવી, તમે ચોક્કસ મંડળીને ટાર્ગેટ કરો, સૂચના આપવામાં આવે કે આ મંડળીનો ઓડિટ વર્ગ ગમે તે સંજોગોમાં આ ના આવવો જોઇએ એટલે આ ચૂંટણી પ્રક્રિયામાંથી દૂર થઇ જાય. ૧/૩ સભ્યોએ જે મંડળીમાં એના સભાસદો સાથે વેપાર ઓછો થતો હોય પણ બીજા ખેડૂતો સાથે વ્યાપાર થતો હોય પણ તમે ૧/૩ સભ્યો સાથે વ્યાપાર નહીં કર્યો હોય તો પણ તમે આ લાયકાત નહીં કરી શકો એટલે પાંચ લાખથી ઓછો ધંધો ના કર્યો હોય, એટલે પાંચ લાખ મીનીમમ ધંધો કર્યો હોય એટલે ફરી પાછી એ જ વાત આવી કે કોઇ એવો વિસ્તાર હોય કે જયાં એટલો બધો ધંધો વ્યાપાર ના થતો હોય અને મંડળીનું ટર્નઓવર ઓછું હોય તો આ ખરીદ વેચાણ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વિભાગમાંથી પણ એની બાદબાકી થઇ જશે, એટલે ફરી વાત એ જ આવી કે જયાં મોટું માર્કેટ છે, જયાં મોટી જણસોનો વ્યાપાર થાય છે ત્યાં ટર્નઓવર વધારે થાય છે એ વિસ્તારને ધ્યાનમાં રાખીને આ સુધારો લાવવામાં આવ્યો છે પણ જે પછાત વિસ્તારો છે, આદિવાસી વિસ્તારો છે કે જે તાલુકાઓમાં એટલું મોટું માર્કેટ નથી કે એટલું મોટું ટર્નઓવર થવાની શકયતાઓ નથી એ લોકોને આ સુધારો લાગુ કરવાથી ત્યાંના અનેક લોકોને નુકસાન થાવાની પણ પૂરેપૂરી શકયતાઓ છે. એ જ રીતે તમારી એક વાત સારી કે અલગ અલગ જગ્યાએ એકની એક વ્યક્તિનું મતદાર યાદીમાં નામ રહેતું હતું. આ લાવવાથી અલગ અલગ નામ હતા એના બદલે એક વ્યક્તિ એક મત આપી શકશે એ સુધારો આવકાર્ય છે. પણ સાથોસાથ બાકીની જોગવાઇઓ જોતાં મને એટલું સ્પષ્ટ લાગે છે કે આમાં નાના વેપારીઓ આ એ.પી.એમ.સી.ની ચૂંટણીમાં ભાગી નહીં લઇ શકે. નાની મંડળીઓ અને ટર્નઓવર ઓછું છે એ લોકો ભાગ નહીં લઇ શકે. ફક્ત મોટા વેપારીઓ અને મોટું ટર્નઓવર ધરાવતી મંડળીઓ છે એ જ એ.પી.એમ.સી.માં ચૂંટણી લડવા લાયકાત ધરાવશે અને એ ચૂંટાશે અને એ લોકોનું આધિપત્ય જળવાઇ રહે એના માટેનો સુધારો છે. હું માનું છું કે, નાના વેપારીઓ અને કમિશન એજન્ટોની વિરુદ્ધનો આ સુધારો છે. જે મંડળીઓનું ટર્નઓવર ઓછું છે પણ એની નીતિ સારી છે, નિયત સારી છે અને સહકારી ભાવનાને માને છે એમને નુકસાન કરનાર છે. જેથી કરીને આ સુધારો યોગ્ય નથી. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે એમનું પ્રવચન કરે ત્યારે અમારી વાતનો ખુલાસો કરે. આભાર.

શ્રી સંદીપ દેસાઇ(ચોર્યાસી) : માનનીય અધ્યક્ષશ્રી, સહકાર મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) (સુધારા) વિધેયક લઇને આવ્યા છે એ બાબતમાં મારે ખાસ કહેવું છે કે દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જેમણે પ્રથમવાર દેશમાં સહકાર મંત્રાલયની રચના કરી અને ગુજરાતના પનોતા પુત્ર શ્રી અમિતભાઇ શાહ સાહેબને એ સહકાર વિભાગની જવાબદારી આપી. ત્યારબાદ પહેલું બજેટ થયું એમાં રૂ.૯૦૦ કરોડ જેટલી માતબર રકમ ફાળવીને સહકારી ક્ષેત્રને કેમ ઉત્તેજન મળે એના પ્રયત્નો કર્યા. ખાસ કરીને એ.પી.એમ.સી.ની વાત કરીએ તો પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબે ખેડૂતોની આવક બમણી કરવાની વાત કરી છે. ગુજરાતની અંદર ખાસ કરીને સુરત એ.પી.એમ.સી.ની વાત કરું તો સુરત એમ.પી.એમ.સી.માં ૧૫ જેટલા અલગ અલગ રાજ્યોમાંથી શાકભાજી આવે છે. હિમાચલ પ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગુજરાતના અન્ય જિલ્લાઓમાંથી મોટાપાયે શાકભાજી સુરતમાં આવે છે. એટલે ખાસ કરીને ગુજરાતમાં જે સહકારી માળખું છે અને આપણા નિયમો છે અને ખેડૂતોને એના માલના પ્રમાણમાં પૈસાનું વળતર મળે છે એ આપણા ગુજરાતમાં સર્વશ્રેષ્ઠ છે. એટલા માટે કહી શકાય કે આ વખતે સુરત માર્કેટની અંદર ૨૬૦૦ કરોડ રૂપિયાનું શાકભાજી વેચાયું છે. આ ખૂબ આનંદની વાત છે કે બીજા રાજ્યના ખેડૂતો પણ સુરતમાં આવીને શાકભાજીનું વેચાણ કરે છે. આપણા સહકાર મંત્રીશ્રી માનનીય અમિતભાઇ શાહ સાહેબે જે સુધારા કર્યા છે કે પેક્સ મંડળીઓને હમણાં જ અલગ અલગ સુવિધાઓ આપવાની વાત કરી છે. આ અંગે વાત કરીએ તો પ્રાથમિક ખેતી વિષયક ધિરાણ સહકારી મંડળીઓ છે એના કમ્પ્યુટરાઇઝેશન તથા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કો સાથે કોર બેન્કિંગ સિસ્ટમ સી.બી.એસ.થી જોડવાની યોજના અંતર્ગત તા. ૨૩-૧-૨૦૨૩ના રોજ મળેલ રાજ્ય કક્ષાની બેઠકમાં ૫૬૫૪ પેક્સની પસંદગી કરવામાં આવી છે. યોજનાની ગાઇડલાઇન મુજબ અધર કોમન હાર્ડવેર એન્ડ ડિજિટલ સિસ્ટમ માટે ભારત સરકાર અને રાજ્ય સરકારનો ફાળો ૬૦:૪૦ પ્રમાણે પેક્સદીઠ ભારત સરકારનો ફાળો રૂ.૧ લાખ ૮૫ હજાર ૪૪૧ અને રાજ્ય સરકારનો ફાળો રૂ.૧ લાખ ૨૩ હજાર ૬૨૭ મળી કુલ રૂ.૩ લાખ ૯ હજાર ૬૮નો નક્કી કર્યો છે. ભારત સરકારના ફાળા તરીકે રૂપિયા ૪૨૧૭ લાખની રકમ રિલીઝ કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર તરફથી રૂપિયા ૨૮૧૧ લાખની ગ્રાન્ટ ઉપલબ્ધ છે. જે સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, ગાંધીનગર ખાતે ખોલવામાં આવેલ છે. સિન્ગલ નોડલ એકાઉન્ટમાં જમા કરાવવાની કાર્યવાહી ચાલુ છે. પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી, પેક્સ ખાતે બહુહેતૂક બનાવવા માટેની વિગતો જણાવું તોભારત સરકારના સહકાર મંત્રાલયના સૂચન મુજબ પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી ટેક્સ ખાતે બહુહેતૂક બનાવવા માટે (અંતરાય)

<u>અધ્યક્ષશ્રી</u> : માનનીય સંદીપભાઇ આ આખો કાયદો, તમે તો સહકારના જાણકાર છો અને ઘણી વખત રહેલા છો. આ આખી એપીએમસી માટેનો નથી. ખેડૂત વિભાગ માટેનો નથી. ચાર વેપારી પ્રતિનિધિઓ અને બે મંડળી પ્રતિનિધિ એટલાનો સુધારો કર્યો છે અને એની અંદર સુધારો છે એના આનુષંગિક તમે ધ્યાને મૂકશો. તમે વધારે અનુભવી છો એટલે વધુ પ્રકાશ પાડી શકશો.

શ્રી સંદીપ દેસાઇ : આજે આપણે સુધારાની વાત છે એમાં માનનીય મંત્રીશ્રીએ વાત કરી છે કે, ભાઇ, ઘણીવાર એવું બને છે કે ચૂંટણીના સમયે મતદાર યાદીમાં નામ નાખવા માટેના પ્રયત્નો થતા હોય છે એના માટે આ સારામાં સારો કાયદો છે. કારણ કે ઘણી સહકારી સંસ્થાઓની અંદર આ પ્રવૃત્તિ ચાલી રહી છે. એટલે ખરેખર આ કાયદાના કારણે ગુજરાતની ૨૨૪ એપીએમસીને એનો પૂરો લાભ મળવાનો છે. જ્યારથી સહકારી ક્ષેત્રે આપણા માનનીય મોદી સાહેબ અને માનનીય અમિતભાઇ શાહ સાહેબને સહકાર મંત્રાલય આપ્યું છે ત્યારે આ ચૂંટણી પ્રક્રિયા સરળ કેમ થાય એના માટેના નિયમો થયા છે એને હું આવકારું છું અને આ બિલને ટેકો આપું છું.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે સહકાર મંત્રીશ્રી જગદીશભાઇ જે સુધારા વિધેયક લાવેલા છે ત્યારે હું મારા વિચારો રજૂ કરું છું.

ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) (સુધારા)વિધેયક, ૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર અને સહકાર વિભાગ હંમેશા ખેડૂતો અને મંડળીઓ માટે ચિંતા કરતી હોય છે. મને કહેતા આનંદ થાય છે કે, હમણાં વાત કરવામાં આવી કે આ સહકાર દ્વારા સમૃદ્ધી સૂત્રને ભારત સરકારના સહકારા મંત્રાલયે મુખ્ય પહેલ પ્રાથમિક સહકારી મંડળીઓને આર્થિક શુદ્ધીકરણના ભાગરૂપે બનાવવાનું કામ આ દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહજી આવ્યા પછી હું મારી વાત એટલા માટે મૂકું છું કે, અગાઉ કોંગ્રેસી મિત્રો કહેતા કે આ સુધારા વિધેયક લાવીને ખોટી રીતથી મતોનું વિભાજન થશે, ગરીબ પરિવારને લાભ નહીં મળે પણ મને કહેતા આનંદ થાય છે કે આખાય દેશની ખેત વિષયક ધિરાણ સહકારી મંડળીઓ જેને ટૂંકમાં પેક્સ કહેવામાં આવે છે. આ મંડળીઓ દ્વારા ખેડૂત કક્ષાએ આર્થિક જરૂરિયાત ઉપલબ્ધ કરવા માટે કામ કરે છે. મંડળીનું મેન્યુઅલ ધોરણે હિસાબ લખવાનું કામ એ કરતા હોય છે. હવે બદલાતા પ્રવાહથી મંડળીને નવી ટેકનોલોજીનો લાભ આપવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર મળીને ૧૦૦ ટકાની સહાય આપવાનું એટલા માટે નક્કી કર્યું છે કે કેટલી મંડળીઓની સ્થિતિ ખૂબ ખરાબ હોય છે ત્યારે શ્રી અમિતભાઇ શાહે અને કૃષિ મંત્રીશ્રી જગદીશભાઇએ એક સારા સૂચનથી ૬૦ ટકા કેન્દ્ર સરકાર આપે છે અને ૪૦ ટકા ગુજરાત સરકાર આપે છે એના માટે મોનીટર, પી.સી., પ્રિન્ટર વગેરે તબક્કાવાર બધી મંડળીઓને આપવામાં આવશે. ટેક્સ સાથે સંકળાયેલા કર્મચારીઓને કોમ્પ્યૂટરની તાલીમ પણ આપવાનું પણ કામ કરવામાં આવશે. અમલીકરણ એજન્સી નાબાર્ડ જ્યારે કામ કરતી હોય છે ત્યારે મને આજે કહેતા આનંદ થાય છે કે ખેડૂતોની ચિંતા આ સરકાર કરતી આવી છે. ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સહકારી ક્ષેત્રમાં વિશ્વમાં સૌથી મોટો વિકેન્દ્રીત અનાજ સંગ્રહ કાર્યક્રમ કરવાનું કામ શ્રી અમિત શાહજીએ કરેલું છે. શ્રી અમિત શાહજી જ્યારથી બેઠા ત્યારથી આ દેશના માટે હંમેશને માટે એમણે ૨૦-૨૫ જેટલા સુધારાનાં કામો કરેલાં છે એના પૂરતી વાત કરું તો આજે મને કહેતા આનંદ થાય છે કે સહકારી ખાંડ મીલોની જે પરિસ્થિતિ હતી, સહકારી ખાંડ મીલો માટે આવકવેરામાં રાહત કરવામાં આવી. આવકવેરા સંબંધિત દાયકાઓ જૂની પુરાણી સિસ્ટમ ચાલતી હતી. જૂના પડતર પ્રશ્નોનું નિરાકરણ અને સહકારી ખાંડ મીલોને મજબૂત કરવા એન.સી.ડી.સી. નેશનલ કૉ-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા ૧૦,૦૦૦ કરોડ રૂપિયાની ઋણ યોજના શરૂ કરવામાં આવી.સહકારી ખાંડ મીલો ઇથેનોલ ખરીદી ફ્રોઝન પાવડર પ્લાન્ટ સ્થાપવાને પ્રાધાન્ય આપવામાં આવ્યું. રાષ્ટ્રીય સ્તરે નવી મલ્ટી સ્ટેટ મંડળીઓ જેમાં નિકાસ માટે મંડળીઓને પણ એટલી સત્તા આપવામાં આવી કે મંડળીઓ પણ એના પેટા કાયદા આ ગુજરાત સરકારે બદલવાનું કામ કરેલું છે. મંડળી એ પોતે પેટ્રોલ વેચી શકે. તમામ પ્રકારની ભૂમિકા પર સહકારી પ્રવૃત્તિને વેગ આપવાનું કામ ગુજરાતની શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર અને ભારતીય જનતા પાર્ટીની સરકારે કરેલું છે. સહકારીક્ષેત્રના અનુભવ, શિક્ષણ અને તાલીમ માટે વિશ્વની સૌથી મોટી સહકારી યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપ તો સહકારી ક્ષેત્રે એક બેતાજ બાદશાહની જેમ કામ કરો છો અને જ્યારે હું પોતે જાણું છું.

અધ્યક્ષશ્રી : હું સહકારમાં સેવક તરીકે કામ કરું છું.

શ્રી અરૂણસિંહ અ. રણા : આપશ્રી લોકોની સેવા કરો છો. નવી રાષ્ટ્રીય સહકારી નીતિ, નવા રાષ્ટ્રીય સહકારી ડેટાબેઝ, નવી રાષ્ટ્રની સહકારી નીતિની રચના, સહકારી ડેટ, ઇ-પોર્ટલ ખરીદી તરીકે સહકારી મંડળીઓને પણ નવા સુધારા લાવીને શ્રી અમિત શાહજીએ આ નિર્ણય કરેલો છે ત્યારે મને કહેતા આનંદ થાય છે કે સેન્ટ્રલ રજિસ્ટાર ઓફિસનું મજબૂતીકરણનું કામ, કમ્પ્યુટરાઇઝેશનનું કામ મલ્ટીસ્ટેટ કૉ-ઓપરેટિવ સુધારા વિધેયક ૨૦૨૨માં લાવ્યા. સહકારી બેંકને પડતી મુશ્કેલીનું નિવારણ કર્યું છે. હું વાત કરું તો ૯ જેટલા સુધારા આ ભારતીય જનતા પાર્ટીની સરકારે, શ્રી અમિત શાહજીએ કરેલા છે ત્યારે હું કહેતા આનંદની લાગણી અનુભવું છું. આ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના દષ્ટિકોણથી ખેડૂતોની આવક બમણી થાય એ હેતુએ હંમેશને માટે મથામણ કરતા હોય. મને કહેતા આનંદ થાય કે આપણા મહામહીમ્ રાજયપાલશ્રીએ ૮ અને ૯ સપ્ટેમ્બર દરમિયાન ગુજરાત રાજયના જિલ્લાના કલેકટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને બોલાવીને પ્રાકૃતિક કૃષિ પ્રચાર કરવા માટે આહવાન કર્યું અને હરિયાળા કુરુક્ષેત્ર ખાતે વધારે પ્રાકૃતિક પ્રચાર માટે આહવાન કર્યું. ગુજરાત રાજયને પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ક્રાંતિ સર્જવા માટે એક સીમાચિહનરૂપ ઘટના બની. જે અંગે ગૃહનું એટલા માટે હું ધ્યાન દોરવા માગું છું કે અમારે ત્યાં કલેકટરશ્રીએ પણ જિલ્લાના સ્થળ ઉપર ગામેગામ મંડળીઓને સાથે રાખીને ખેડૂતોની આવક બમણી થાય, ખેડૂતોની આવકમાં સુધારો થાય અને એના માટે એ પ્રકારનું કામ આ મહામહીમ્ રાજયપાલશ્રીએ આઇ.એ.એસ. ઓફિસરોને લઇ જઇને ધ્યાન દોર્યું. મને વિશ્વાસ છે ગુરુકુળમાં જમીનમાં કૃષિ થતી. શેરડી, બાસમતી ચોખા, હળદર, કેળા, સફરજન જેવા પાકો ખેતીમાં થાય છે. પ્રાકૃતિક રીતે અને હરિયાળા હિમાચલમાં સફરજન, કચ્છમાં તરબૂચ જેવી રાજયની પ્રાકૃતિક ખેતી અમે જોઇ છે ત્યારે હું આજે એટલા માટે આ વાત કરું છું.

અધ્યક્ષશ્રી : શ્રી અરૂણસિંહભાઇ, આપ એ.પી.એમ.સી.નું જે સુધારા વિધેયક છે એના ઉપર સરસ બોલી શકશો. તમારે તો અનુભવ છે બોલો તમે.

શ્રી અરૂણસિંહ અ. રણા : એ.પી.એમ.સી.માં જે મારા સહકાર મંત્રી સુધારા લાવેલા છે એમાં આજે ગર્વ સાથે કહીશ કે આ કાયદા કોઇને બતાવવા માટે નહીં, દરેકને ન્યાય મળે. જે પાટીયા મંડળી બનાવીને ૫૦,૦૦૦ જેટલો સેસ ભરશો તો જ તમને પ્રતિનિધિ મળશે અને સાચા અર્થમાં આ વખતોવખત ૧૧ સુધારા લાવવાનું કામ જે કરેલું છે એ ખૂબ પ્રશંસનીય છે એમ કહેતા આનંદની લાગણી અનુભવું છું. નમસ્કાર.

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) (સુધારા)વિધેયક, ૨૦૨૩

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સહકાર મંત્રીશ્રી જે સુધારો લઇને આવ્યા છે તે સુધારા ખરેખર ખેડૂતો માટે છે. આ સરકાર ખેડૂતોની સરકાર છે, પીડિતોની સરકાર છે. આ સરકાર જો હોય તો ખેડૂતો માટેની સરકાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારની વાત કરીએ તો પહેલાં આ સામેના મિત્રોની સરકાર હતી ત્યારે મારા ખેડુતો ૧૮ ટકા વ્યાજ ભરતા હતા. આજે મારે કહેવું જોઇએ કે, ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ઝીરો ટકા વ્યાજે ખેડૂતોને રૂપિયા મળે છે. મિત્રો, આ સામેવાળા મિત્રોની સરકારની વાત કરીએ તો બહુ લાંબી છે, કોંગ્રેસની સરકારની વાત કરીએ તો બહુ લાંબી છે. આજે તે વાત કરવી નથી. મિત્રો, તેમણે ખેડૂતોની ચિંતા કરી ન હતી. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર સર્વની ચિંતા કરવાવાળી સરકાર છે. આ સરકારે ૧૮ ટકા વ્યાજમાંથી આજે ખેડૂતો માટે ઝીરો ટકા વ્યાજ કર્યું. નાબાર્ડની ક્રેડિટ પોલિસી ૭ ટકાની હતી તેમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ભારત સરકારે ૨(બે) ટકા, ગુજરાત સરકારે ૪(ચાર) ટકા એમ કરી ગુજરાતના ખેડૂતોને માટે ઝીરો ટકા વ્યાજ કર્યું છે. આ સરકાર ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે જેટલું જોઇએ તેટલું ધિરાણ આપવાનું શરૂ કર્યું છે. ત્રણ લાખ રૂપિયા સુધી ઝીરો ટકા વ્યાજે આજે ધિરાણ લઇ શકે છે તે કયારેય પહેલાં બન્યું નથી. સહકારની વાત કરીએ તો હું વર્ષોથી એ.પી.એમ.સી. અમદાવાદનો ચેરમેન હતો. મિત્રો, આજે જે કાયદો લાવ્યા હતા ત્યારે કહું તો હું અગિયાર વર્ષ એ.પી.એમ.સી. અમદાવાદનો ચેરમેન રહ્યો ત્યારે દિવાળીના દિવસે મારા કર્મચારીને છ પગાર બોનસ આપતો હતો. દિવાળીના દિવસે મારા કર્મચારીને સાત પગાર મળતા હતા. છ પગાર દિવાળીમાં બોનસ આપતો હતો. મને કોઇ બતાવે કે અમે વહીવટ કરીને એક પગાર બોનસ આપ્યું છે. મેં દસ વર્ષ મારા કર્મચારીઓને છ પગાર બોનસ આપ્યું. હું જયારે ચેરમેન હતો ત્યારે પાંચ વર્ષ પહેલાંની વાત કરું તો ૨૫થી ૩૦ કરોડની તે વખતે આવક હતી.

અધ્યક્ષશ્રી : શ્રી સંદીપભાઇ, શ્રી બાબુભાઇ આ બધા લોકોએ સહકારમાં ખૂબ સારું કામ કર્યું છે. એ.પી.એમ.સી.નો ખૂબ સારો અનુભવ છે. બેન્કમાં પણ ખૂબ સરસ કામ કર્યું છે. તે વાત કરશે તો તેમનો નિચોડ આપશે. શ્રી સંદીપભાઇની વાત હોય, શ્રી અરૂણસિંહભાઇની વાત હોય આ બધાએ પ્રત્યક્ષ કામ કરેલું છે. શ્રી બાબુભાઇની વાત તમારે શાંતિથી સાંભળવી પડશે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર બધાને મદદરૂપ થાય છે. સૌનો સાથે સૌનો વિકાસ તે આ ભારતીય જનતા પાર્ટીનો નારો છે. નાત નહીં, જાત નહીં, વિકાસ સિવાય કોઇ વાત નહીં. વિકાસ, વિકાસ અને વિકાસ. ભારતીય જનતા પાર્ટની સરકાર જ્યારથી સત્તા ઉપર આવી છે ત્યારે તેના કેન્દ્રમાં કોઇ હોય તો તે વિકાસ, વિકાસ અને વિકાસ જ છે. ચારેકોર વિકાસ કર્યો છે. તમે એકપણ ખાતુ એવું લાવો કે જયાં વિકાસ ના થયો હોય. વિકાસ સિવાય કોઇ વાત નથી. આ કોંગ્રેસની સરકારે ૭૦ વર્ષ રાજ કર્યું પણ તેમને વિકાસ શું કહેવાય, કોંગ્રેસમાં કોઇના દીકરાનું નામ વિકાસ હશે પણ આ વિકાસની તેમને ખબર નહીં હોય. મિત્રો વિકાસ તો ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થયો છે. આપણા મંત્રી બહુ સરસ સુધારો લઇને આવ્યા છે. વિકાસ દેશ અને દુનિયામાં કોઇએ બતાવ્યો હોય અને મારે શ્રી અમિતભાઇ શાહ સાહેબને અભિનંદન આપવા જોઇએ કે સહકારી ક્ષેત્રે ગુજરાત નંબર વન હતું પણ આજે દુનિયામાં હિન્દુસ્તાન નંબર વન બની ગયું છે. તેનું કોઇ કારણ હોય તો તે ગુજરાત છે. દેશનો વહીવટ આજે ગુજરાતના બે નેતા કરી રહ્યા છે. તે સહકારના મૂળવાળા છે. આજે શ્રી મોદી સાહેબ અને શ્રી અમિતભાઇ શાહ સાહેબ આ જ ગૃહમાં રહેલા છે. આ જ ગૃહને ધમધમાવતા હતા. આ ગૃહ તેમણે ચલાવ્યું છે. ગુજરાતની સરકાર જે મોદી સાહેબે ચલાવી અને એમણે જે વિકાસ કર્યો એ વિકાસની ભૂખ આખા હિન્દુસ્તાનને લાગી એટલે દેશે વિચાર્યું કે ગુજરાત નંબર વન છે તો આવા નેતા જો દેશના વડાપ્રધાન બને તો દુનિયામાં હિન્દુસ્તાન નંબર વન બની જાય એટલે લોકોની આ ઇચ્છા હતી. તો મિત્રો સહકારની વાત કરીએ તો સાહેબ, આ કાયદો જે લઇને આવ્યા છીએ એ વેપારી માટે નથી. હમણાં સામેના મિત્ર કહેતા હતા કે, વેપારી માટે છે. મિત્રો આ જે કાયદો લઇને આવ્યા છીએ એ આમ પ્રજા, ગરીબ ખેડૂતને મદદરૂપ થાય એવો આ કાયદો છે. કોઇ મોટા ખેડૂત કે વેપારી માટે નથી સામાન્ય પ્રજા માટેનો આ કાયદો છે. ખેડૂતની આવક તમે જુઓ તો ડબલ આવક ક્યારથી થઇ? નર્મદાની શરૂઆત એમણે કરી હતી પણ ત્યાંને ત્યાં અટકી હતી, આપણા શ્રી નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન પદે આવ્યા પછી આપણી આ નર્મદા ગુજરાતમાં આવી અને ખેડૂતોની આવક ડબલ થઇ, ડબલ કહેતા મને બીક લાગે છે ચાર ગણી આવક થઇ છે. તમે વિચાર કરો કે, જે રીતે આ આવક વધી છે એને કારણે ખેડૂત સમૃદ્ધ થયો છે. ખેડૂત તમારા સમયમાં પાયમાલ થયો હતો, કોંગ્રેસના રાજમાં ખેડૂત પાયમાલ થયો હતો આજે ખેડૂત સમૃદ્ધ થયો છે આટલી વાત કરી મારી વાત પૂરી કરું છું. ભારત માતા કી જય, જય જય ગરવી ગુજરાત.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત છે એ દેશની અંદર જે કૉ-ઓપરેટિવ મુવમેન્ટ થઇ, કોંગ્રેસની જે લોકો ટીકા કરે છે, બાબુભાઇ તમારા ઉપર પછી આવીશ, આખા દેશની અંદર જે નેશનલ કૉ-ઓપરેટિવ મુવમેન્ટ થઇ એની અંદર ગુજરાત અને ગુજરાતીઓ સૌથી ટોંચ ઉપર છે. આજે ગૌરવભેર આખા દેશના લોકો અને આખી દુનિયાના લોકો ગુજરાતના કૉ-ઓપરેટિવ મોડેલને વખાણે છે. હું તો કૉ-ઓપરેટિવ સાથે સીધો જોડાયેલો નથી પણ, કૉ-ઓપરેટિવ શું છે? એના નમૂના દેખાડવા હોય તો એક કરતા વધારે આપણી પાસે છે. હું આપનો આભાર માનીશ કે, હું તો છેક વર્ષ ૨૦૦૨થી કહેતો હતો કે અહીંયા એક

અમૂલનું પાર્લર શરૂ કરવું જોઇએ. મને છાશનો થોડો વધારે શોખ છે અને એ વખતે નવી નવી છાશ પેકિંગમાં બજારમાં આવી હતી એટલે બપોરના જમતી વખતે છાશ ન લઇ આવવી પડે એટલે અમે શ્રી રામસિંહભાઇને કહેતા કે અમારા માટે છાશ લઇને આવજો. આજે અમૂલ કેફે શરૂ થયું છે, આખા દેશમાંથી કોઇ આવે તો આપણે કહી શકીએ કે, આ અમૂલ કેફે અમારા કૉ-ઓપરેટિવ મોડેલનો એક ઉત્તમ નમૂનો છે. આપણે ગમે ત્યાં જઇએ એરપોર્ટ ઉપર જઇએ, રેલવે સ્ટેશન ઉપર જઇએ કે બીજી જગ્યાએ જઇએ ત્યાં અમૂલ દેખાય એટલે આપણી છાતી ગજ ગજ ફૂલે કે અમારી બહેનોએ જે ગાય-ભેંસ દોહીને મહેનત કરી છે એનો આ ઉત્તમ નમૂનો છે. એટલે કો-ઓપરેટીવ્સમાં આપણે કોઇ દિવસ મારું-તારું નહોતું કર્યું એને કારણે આપણે અહીંયા પહોંચ્યા છીએ. મેં કહ્યું તેમ હું કૉ-ઓપરેટિવ સાથે સીધો સંબંધ નથી ધરાવતો, પણ વર્ષ ૨૦૦૫-૨૦૦૬ની અંદર એક બેન્કનું ફંકશન હતું. રાજકોટની અંદર અને આદરણીય શરદ પવાર સાહેબ એ વખતે એ ફંકશનના પ્રમુખ સ્થાને હતા અને એમણે ભાષણમાં પણ કહ્યું અને એ પછી મને વ્યક્તિગત રીતે પણ વાત કરી કે,કે તમે તમારા વડવાઓને ભૂલી ગયા છો. વૈકુંઠ મહેતા સૌથી ટોપ ઉપરનું નામ કૉ-ઓપરેટિવ મુવમેન્ટનો પાયો નાંખનાર, મુંબઇ રાજયના પહેલા નાણામંત્રી અને આજીવન ૩૫ વર્ષ સુધી મુંબઇ એપેક્ષ બેન્કના ચેરમેન રહ્યા. એમણે નાણામંત્રી પદ પણ છોડી દીધું અને રાજનીતિ પણ છોડી દીધી અને પોતાનું જીવન સહકારી ક્ષેત્રને સમર્પિત કર્યું તેને કારણે આ સહકારી મુવમેન્ટ આજે ટોચ ઉપર આવી છે. આપણે તો ભૂલી ગયા તેણે કહ્યું કે અમે તો નેશનલ ઇન્સ્ટિટ્યૂટ તેના નામની બનાવી. અમારી એપેક્ષ બેન્કનું જે હેડક્વાર્ટર છે તેનુ નામ પણ અમે વૈકુંઠ મહેતા ભવન બનાવ્યું અને અમારા એક એક જિલ્લાની અંદર વૈકુંઠ મહેતાની મેમોરિયલ છે. ભાવનગરમાં જન્મ્યા હતા. આપણે ભાવનગર કે ગુજરાતમાં તેનુ મેમોરિયલ બનાવી શકયા નથી. હું જયાંથી આવું છું એ પોરબંદરના યુવરાજ ઉદયભાણસિંહજી એ પણ આપણી જે ખેતીબેન્ક છે તેના સ્થાપક અને ઇફકોના પણ સ્થાપક. ઇન્ડસ્ટ્રીયલ સેકટરની અંદર કૉ-ઓપરેટિવ શું કરી શકે તેનો ઉત્તમ નમૂનો જો કોઇ હોય તો એ ઇફકો છે. આ જે એગ્રીકલ્ચર કૉ-ઓપરેટિવ બેન્ક જે શરૂ થઇ બીજાં રાજયમાં પણ તેની પણ પહેલી સ્થાપના આપણે ત્યાં થયેલી. આપણા ડો.વર્ગીસ કુરિયનને આપણે ત્યાંના આંધ્રના મુખ્યમંત્રીશ્રી ચંદ્રબાબુ નાયડુએ આમંત્રણ આપ્યું કે અમારે ત્યાં પણ આવી મુવમેન્ટ શરૂ કરવી છે. તમે આવો. ડો. કુરિયન સાહેબનો જવાબ એ હતો કે હું ત્યાં આવું તમને કુરિયન તો ૨૫ મળશે પણ ત્રિભુવનદાસ પટેલ મને એક શોધી દો તો હું ત્યાં આવું. અમૂલની ત્રિભુવનદાસ પટેલે સ્થાપના કરી, પણ વહીવટની અંદર કયારેય માથું ના માર્યું. ડો.વર્ગીસ કુરિયન કહે એ ટેકનોક્રેટસ કહે છે અને એટલે થઇને આપણે આગળ આવ્યા છીએ. અત્યારે આપણે નવા નવા લોકો જે આવ્યા અને હું કરું, હું કરું એમ બોલીએ છીએ મારે આગળના શબ્દ નથી બોલવાના પણ એમને કહું છું કે તમે જે ખુરશી ઉપર બેઠા છો એ ખુરશીની અંદર કેટલાય લોકોનો પરસેવો પડેલો છે, તપશ્ચર્યા પડેલી છે ત્યારે કૉ-ઓપરેટિવ મૂવમેન્ટસ બની છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ બધાને સલામ કરું છું. હવે વિશેષ કાંઇ ના કરીએ તો કાંઇ વાંધો નહીં પણ જે છે તે જળવાઇ રહે તો ઘણું બધું સારું છે. ડો. કુરિયને ઊભી કરેલી જે આજની કૉ-ઓપરેટિવ ઇન્સ્ટિટ્યૂટ છે જે પાંચથી આઠ હશે મને ખબર નથી, પણ આપણા જે દૂધ સંઘો છે તેનો અને તેના પછી મારા જેવાએ ઊભા કરેલા છે તે બન્નેનો તફાવત જોજો. હું માનનીય અધ્યક્ષશ્રી, વ્યકિતગત રીતે કહું છું કે મારા જેવા લોકો આ આખી મૂવમેન્ટને એને અપવિત્ર કરી ના નાંખે તેનો ખ્યાલ રાખજો બીજા કોઇને તો કહી શકું તેમ નથી. એટલા માટે કે ખાઉં, ખાઉં, ખાઉં સિવાય બીજુ કશું છે નહીં. (અંતરાય ) ખબર ના હોય તો ના બોલાય શ્રી કરસનભાઇ, મને ખબર છે એટલે બોલુ છું અને સામે બેઠેલા છે તે બધાને પણ ખબર છે કે સહકારી પ્રવૃત્તિમાં મારા જેવા લોકો જે નવા આવ્યા છે તે શું કરે છે તે બધાને ખ્યાલ છે. માનનીય મંત્રીશ્રીના પણ સ્થાપિત હિત આની અંદર નથી તો હું તેમને પણ વિનંતી કરું કે રોકવાનું કામ કરજો, નહીંતર આખી પ્રવૃત્તિ સફાયો થઇ જશે અને એટલા માટે આને જાળવી રાખીએ. માનનીય બાબુભાઇ કહેતા હતા કે ૧૮ ટકા વ્યાજ ભરતા હતા સાચી વાત છે ૧૮ ટકા, ૧૮ ટકાએ મળતું નહોતું, પણ યુપીએ ગવર્નમેન્ટ આવી અને શરદ પવાર સાહેબ અને ડો.મનમોહનસિંહ આવ્યા એમણે ચાર ટકા લઇ આવ્યા. ગુજરાત સરકારે તેમાં કોઇ પ્રદાન નહોતું કર્યું. તેનો થોડોક આભાર માનવો જોઇએ અને હું માનનીય અધ્યક્ષશ્રી પાસે અને બીજા જે જૂના લોકો છે તેની પાસે કયારેક બેસું છું ત્યારે એમ કહીએ છીએ કે સહકારની અંદર રાજનીતિ ન હોય સહકારની અંદર સહકાર જ હોય. ખેડૂતોના દેવા આપણે તેની આવક બમણી કરવાની વાત હતી સારું થાય જો બમણાં થાય તો આપણે ઇચ્છીએ કે તેની આવક બમણી થવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, પણ તેની આવક બમણી નથી થઇ તેનું કરજ બમણું થયું છે.

અધ્યક્ષશ્રી : હવે આપ પણ બિલ ઉપર આવી જાવ તો સારું આપની ભૂમિકા સરસ થઇ ગઇ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું એના ઉપર જ આવું છું આપણે સન ૨૦૧૪માં ખેડૂતો ઉપરનું રૂ.૩૯ હજાર કરોડનું દેવું હતું. એ વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૯૬૦૦૦ કરોડ થઇ ગયું. ભાવ વધી ગયા. માનનીય મંત્રીશ્રી અહીં સુધારા લઇ આવ્યા. સુધારા એ પ્રકારના લઇ આવ્યા છે કે ખરેખરો વેપાર કરતો હોય એ આ ચૂંટણીમાં ભાગ લઇ શકે. મારી પાસે જે મોટી એ.પી.એમ.સી. છે એનું લિસ્ટ છે. એમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, પાટણ, અમરેલી, બોટાદ, ગોંડલ, ડીસા અને કડી છે. આ માતબર એ.પી.એમ.સી. છે. આ સિવાય બીજી કેટલી બધી એ.પી.એમ.સી. છે કે જેમાં વેપાર જ નથી મળતો. ઉપલેટા, ધોરાજી, પોરબંદર, ખંભાળીયા, દ્વારકા ઉપરાંત ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત બધી જગ્યાએ એ.પી.એમ.સી. છે કે જ્યાં કર્મચારીના પગાર કરવા માટે પણ પૈસા નથી. અમારા આખા જિલ્લાના તમામ

ખેડૂતો રાજકોટ કે ગોંડલ પોતાનો માલ લઈને જાય છે અથવા તો વેપારી આવીને એના ખેતર ઉપરથી માલ લઈ જાય છે. આ એ.પી.એમ.સી. સક્ષમ થાય એવું કોઇ બિલ લઇ આવો એ જરૂરી છે. અહીં તો તમે અમારા માનનીય અમિતભાઇએ કહ્યું એમ બધાં જ નાના વેપારીઓ છે એને બાદ જ કરી નાંખ્યા. હવે તો કોઇ આવશે જ નહિ. મારી વિનંતી એ છે કે નાની એ.પી.એમ.સી. ડેવલપ થાય એના માટેની યોજના લઇ આવો. એમાં નાના વેપારીઓ આવે, નાના બ્રોકરો આવે, એટલું જ નહિ પણ જ્યાં મોટા ગામો છે ત્યાં પણ આવા સબસેન્ટરો શરૂ થાય એ કરવું જોઇએ. એના બદલે તો તમે નાની એ.પી.એમ.સી.ને લગભગ પૂરી કરી નાંખી એવું બિલ લાવ્યા છો. આપે થેલા મંડળીઓની વાત કરી. એ થેલા મંડળીઓને સક્ષમ કરાવો. શરદ પવાર જ્યારે કૃષિ મંત્રી હતા ત્યારે સહકારી સંસ્થાઓ જે બંધ પડી હતી એને ઊભી કરવા અને સક્ષમ બનાવવા માટે પેકેજ લઇ આવ્યા હતા. ત્યારે બેંકો સહિત ગુજરાત અને મહારાષ્ટ્રને મોટામાં મોટો ફાયદો થયો હતો. કેટલીક નવી બેંકો હતી જે ધિરાણ નહોતી કરી શકતી એ બધી જ સક્ષમ થઇ ગઇ. એ ચાલુ રહે એવું કરવાની જરૂર હતી અને હજીયે જરૂર છે. આપ એ બિલ લઇને આવ્યા હોત તો મને ખૂબ આનંદ થાત. આ મંડળીઓનો પ્રશ્ન ઓછો છે. આપ કહો છો કે વેપારી મતદાર બનશે. એ કોણ બની શકે? આપે કહ્યું કે જે વેપારી રૂ.૫૦,૦૦૦ની આવક કરી આપતા હોય એ વેપારી મતદાર બની શકે. પહેલાં તો એવું હતું કે સહકારમાં સહકારી જ હોય. એમાં મારું-તારું ન હોય, પક્ષાપક્ષી ન હોય. હવે તો આમાં મેન્ડેટ ઘૂસી ગયું છે. સહકારી લોકો ઓળખતા હોય કે આને ડિરેક્ટર બનાવીશું તો સંસ્થા બહુ સારી ચાલશે. હવે એ લોકોને નક્કી કરવાનો અધિકાર નથી. અધિકાર તો કોઇ બીજાને આપેલા છે. ત્યાંથી મેન્ડેટ આવે એ પ્રમાણે બધાએ નોમિનેશન કરવાનું છે. એમાં જેને કાંઇ લેવા દેવા ન હોય એવા લોકો આવી જાય છે. એના કારણે સહકારી પ્રવૃત્તિ અત્યારે ભયમાં મૂકાઇ છે. સહકારમાં તો સભાસદો નક્કી કરે એ જ ડિરેક્ટર, સભાસદો નક્કી કરે એ જ ચેરમેન હોય. એના બદલે અમદાવાદમાં બેઠા હોય, કમલમમાં બેઠા હોય એને અધિકાર આપી દેવાના.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, કાયદા પર વાત કરો. અત્યારે મૂળ વિષય મેન્ડેટનો નથી. મૂળ વિષય ચાર સીટ વેપારીઓની અને બાકીની બે સીટ વેપાર કરતી મંડળીઓની એમ આ ૬ સીટ પૂરતો સુધારો છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું તો ચૂંટણી ઉપર બોલું છું અહીંયા તો ૩૬૦ ડિગ્રી બોલ્યા છે. આપે એલાઉ કર્યા છે.

અધ્યક્ષશ્રી : મેં એમને પણ રોક્યા છે. આપ તો અનુભવી છો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, બિનપક્ષીય ધોરણે નીચેથી જે ચૂંટણીઓ થાય તેમાં જે પ્રમાણે કરવું જોઇએ તે થતું નથી. તેના કારણે સહકારી પ્રવૃત્તિઓનું પોત નીચું પડ્યું છે. હું ફરી વિનંતી કરીશ કે સહકારી પ્રવૃત્તિમાં નિર્ણય એમને લેવા દેજો. બે દિવસ પહેલાંની જ વાત છે. અમારા વાંકાનેર માર્કેટિંગ યાર્ડની ચૂંટણી થઇ. તેના અમુક સભાસદો બહાર ગયા હતા તો ક્રાઇમ બ્રાંચ, એલ.સી.બી.થી માંડી જાણે ટેરરિસ્ટને પકડવાના હોય તેમ તેમને પકડી ગયા. એ તો સારું થયું અમારા માનનીય અમિતભાઇને એ બધા ગયા છતાં છેલ્લે સુધી પોલીસની ગાડી તો સાથે જ રહી. કારણ શું હતું? આવી રીતે ચાલવાનું? સવાલ એટલો છે કે ડેમોક્રેટિક સેટઅપ પ્રમાણે નીચેથી અવાજ આવે એટલે આ માળખાને ફ્રી કરી દેવું જોઇએ. જે અગાઉ હતું જ. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે હવે આપ જ્યારે બિલ લાવ્યા છો ત્યારે એક બીજું પણ બિલ લાવજો. નાની એ.પી.એમ.સી.માં વેપાર ડિસેન્ટ્રલાઇઝ થાય છે. ગોંડલ માર્કેટયાર્ડમાં જાહેરાત કરવી પડે કે હવે ખેડૂતો ત્રણ દિવસ સુધી માલ ન લાવે. અમે રસ્તામાંથી પસાર થઇએ ત્યારે ૭-૮ કિ.મી. સુધી લાઇન લાગી હોય અને બીજા માર્કેટયાર્ડમાં કાગડા ઉડતા હોય તો તે મજબૂત કરવા માટેની વ્યવસ્થા લાવશો તો મને આનંદ થશે. માનનીય બાબુભાઇ હમણાં વાત કરતા હતા. અમદાવાદમાં એ.પી.એમ.સી. ચલાવી. સારી ચલાવી કે ખરાબ ચલાવી એ વાત હું નહિ કરું પણ જો સારી ચલાવી હોય તો માનનીય બાબુભાઇને કેમ ન રાખ્યા? વહીવટદાર કેમ બેસાડ્યા છે? વાત એ જ છે કે એમણે પોતાની એ.પી.એમ.સી. બનાવી છે. સહકારી ધોરણે નહિ પોતાના ધોરણે ચલાવી છે. મને કોઇ વાંધો નથી પણ આ અમદાવાદની એ.પી.એમ.સી.ને કેમ મારી નાંખી? નંબર વન એ.પી.એમ.સી. હતી. કેટલાં વર્ષોથી ચૂંટણી થતી નથી તેનું કારણ શું છે? હુડકોની ૨૫૦-૩૦૦ કરોડ રૂપિયાની લોન લીધી, જમીનો લીધી છતાં પણ બનવા દેતા નથી. શા માટે બનવા દેતા નથી? માનનીય દંડકશ્રીએ મારી સલાહ લીધી હોત તો હું સલાહ આપત કે આ વિષયમાં કોણે બોલવું જોઇએ? લાભાર્થીને બોલવાનું ન કહેવાય.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, ખરેખર તો માનનીય બાબુભાઈ આ કાયદા પ્રમાણે ભવિષ્યમાં ચૂંટણી ન લડી શકે તેવું છે તો પણ તેઓએ ટેકો આપ્યો છે. આ કાયદા પ્રમાણે તો એમના પરિવારના કોઇપણ સભ્ય ક્યારેય ચૂંટણી લડી નહીં શકે છતાં પણ એમણે સમર્થન આપ્યું છે એટલે માનનીય બાબુભાઇને તો અભિનંદન આપવા પડે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એ છે કે આ સહકારીનું બિલ છે. માનનીય બાબુભાઇએ સારું ચલાવ્યું હોય તો હજુ એમને બનાવી દો. મને વાંધો નથી. અમારા ઘણા બધા મિત્રો વાતો કરે છે. આટલાં વર્ષો પછી પણ ત્યાં ચૂંટણી તો કરાવો. હુડકોના ૨૫૦-૩૦૦ કરોડ રૂપિયા લાવ્યા છે, જમીન લઇ રાખી છે, ત્યાં બાંધકામ તો કરાવો. કેમ કરાવતા નથી? ત્યાં કોની નજર પડેલી છે? હું માનું છું કે ગૃહના બધા મિત્રો પણ સહમત થશે કે આ એ.પી.એમ.સી.ની ચૂંટણી કરાવી અને જે જમીન લીધેલી છે ત્યાં બાંધકામ કરાવીને પ્રવૃત્તિ શરૂ કરાવો તેટલી મારી વિનંતી છે. ભલે પ્રાઇવેટ માર્કેટ યાર્ડ જેટલા બનવા હોય તેટલા બને વાંધો નહિ, પણ વડવાઓએ સન ૧૯૪૬થી બનાવેલી

એ.પી.એમ.સી.ને જીવતી રહેવા દો, સારી ચાલવા દો આટલી વિનંતી કરી અને અહીંયા આ બિલમાં હું સહમત એટલા માટે થતો નથી કે આ નાની એ.પી.એમ.સી. બંધ થઇ જાય એવું છેએટલે આમાં સહમત થઇ શકતા નથી. વેપારીઓને ઇન્સેન્ટિવ આપી નાની એ.પી.એમ.સી.માં વધારે આવે એવી વિનંતી સાથે હું મારું વકતવ્ય પૂરું કરું છું.

શ્રી કનૈયાલાલ બ. કિશોરી(દાહોદ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના સહકાર મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એને ટેકો આપવા માટે હું ઊભો થયો છું. ગુજરાત ખેત ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ)(સુધારા) વિધેયક-૨૦૨૩ના સુધારા ઉપર બોલવા માટે તક આપવા બદલ આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો, એગ્રિકલ્ચર પ્રોડ્યુશ માર્કેટ એક્ટનો કાયદો ઘણો જૂનો છે. સૌ પ્રથમ માર્કેટ યાર્ડની રચના આપણો દેશ ગુલામ હતો ત્યારે બ્રિટિશ રાજ તરફથી વર્ષ ૧૮૮૭માં કરવામાં આવી હતી. આ કાયદાનો હેતુ તે સમયે બ્રિટિશરોની ખેડૂતોના હિતમાં રક્ષા કરવા માટે નહીં પરંતુ, માન્ચેસ્ટરમાં આવેલ મીલો માટે શુદ્ધ અને વ્યાજબી ભાવે કપાસનો નિયમિત પુરવઠો મેળવવા માટેનો હતો. કાળક્રમે તેમાં અનેક સુધારા થયા. વર્ષ ૧૯૨૮માં બ્રિટિશ સરકારે રૉયલ કમિશન ઓફ એગ્રિકલ્ચરની રચના કરી હતી. અગાઉના દરકે કાયદાઓમાં ખેડૂતોના અહિત ન હતા પરંતુ, રૉયલ કમિશને ખેડૂતોના હિતો સાચવવા માટે સૌ પ્રથમ વખત ઉત્પાદક ખેડૂતોને માર્કેટના વહીવટમાં સ્થાન આપવા માટેની ભલામણ કરી હતી. ત્યારબાદ જુદા-જુદા રાજ્યોમાં બજારધારાની રચના કરતાં કાયદાઓ પસાર કરવામાં આવ્યા. જેમાં મુંબઇ રાજ્યનો સન ૧૯૩૯નો માર્કેટ એક્ટ મુખ્ય હતો. હાલ ભારતમાં જુદા-જુદા ૧૯ જેટલાં રાજ્યોમાં કાયદો અસ્તિત્વ ધરાવે છે. હાલના વિધેયકમાં મુખ્યત્વે જે બે સુધારા સૂચવેલ છે તેને મારું સમર્થન અને ટેકો આપું છું. જેમાં એક મુખ્યત્વે બે વેપારી સભ્ય તરીકે ચૂંટાવા તથા લાઇસન્સ મેળવવાની પાત્રતા બાબતના જે વેપારી સતત ત્રણ વર્ષ સુધી બજારધારા અન્વયે નક્કી કરેલ શરતો અને બોલીઓનું પાલન કરેલ હોય, સતત ત્રણ વર્ષથી લાઇસન્સ ધારણ કરેલ હોય અથવા ૫૦ હજારથી ઓછી માર્કેટ ફી ન ચૂકવેલ હોય તેમજ માર્કેટ ફી ચૂકવવાની બાકી ન હોય તેઓને લાઇસન્સ આપવામાં આવશે. આ સુધારો થતાં માર્કેટની ચૂંટણીમાં પારદર્શિતા આવશે અને ફક્ત લાઇસન્સ ધારણ કરવાથી સભ્ય બની શકાશે નહીં. આ સુધારાથી બજાર સમિતિમાં યોગ્ય ઉમેદવાર જ ચૂંટાશે અને બજાર સમિતિઓ બિનજરૂરી કોર્ટ-કચેરીઓથી બચી શકશે. નાણાં અને સમયની બચત થશે. બીજો સુધારો માર્કેટ કંપની સહકારી ખરીદ-વેચાણ મંડળીના સભ્યપદનો છે. આ સુધારાને મારું સમર્થન આપું છું. સામાન્ય રીતે, ગુજરાતની બજાર સમિતિઓમાં જ્યારે ચૂંટણી જાહેર થાય ત્યારે બજાર સમિતિમાં ચૂંટાવા માટે કેટલીક મંડળીઓ કાર્ય કરતી હોય છે. તેના ઉપર લગામ આવશે અને ખેડૂતોના હિતમાં કાર્ય કરતી સહકારી મંડળીઓ જ ચૂંટાઇ શકશે. વાસ્તવમાં સહકારી મંડળીઓનું મુખ્ય કાર્ય ધિરાણ અને ખેડૂતોએ ઉત્પન્ન કરેલ માલની વ્યાજબી ભાવે ખરીદી કરી ખેડૂતોનું હિત જળવાય એ માટેનું હોય છે. ખાંડ ક્ષેત્રની વાત કરું તો મને કહેતાં આનંદ થાય છે કે, સુરતના તાપી જિલ્લાની વ્યારા સુગર ફેક્ટરી કે જે વર્ષોથી બંધ હતી તેને ભારતદેશના માનનીય વડાપ્રધાનશ્રી મોદીસાહેબ, સહકારિતા મંત્રી શ્રી અમિતભાઇ શાહ સાહેબ અને ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, શ્રી કનુભાઇ દેસાઇ અને શ્રી જગદીશભાઇ વિશ્વકર્માના પ્રયાસ થકી આ સુગર ફેક્ટરીને પુનઃ જીવિત કરવા માટે રૂ. ૩૦ કરોડની જોગવાઇ કરી ખેડૂતોના પુનરુત્થાનનું કાર્ય આ સરકારે કર્યું છે. ખેડૂતોને ઇનામ પ્લેટફોર્મ પૂરું પાડવાનું કામ પણ આ ગુજરાત સરકારે કર્યું છે. દાહોદના ખેડૂતો બીજા રાજ્યમાં વેચાણ કરી શકે અને આ પ્લેટફોર્મ થકી સારો ભાવ મળી શકે એવું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવાનું કાર્ય કર્યું છે. જે કાયદાઓ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એ ખેડૂતો અને સહકારી મંડળી માટે ખૂબ મહત્ત્વના છે. ઘણી જગ્યાએ મત માટે ખોટી મંડળીઓનું રજિસ્ટ્રેશન થતું હોય છે. આ કાયદા થકી એ મંડળીઓ નાબૂદ થશે અને વાસ્તવમાં ખેડૂત માટે કાર્ય કરતી હશે એવી મંડળીઓ જ આમાં ટકી શકશે. આમ, માનનીય મંત્રીશ્રી આ બિલ લઇને આવ્યા છે એને હું મારો ટેકો અને સમર્થન જાહેર કરું છું અને મને બોલવાની તક આપી તે માટે પુનઃ આપ સૌનો ખૂબ ખૂબ આભાર માનું છું. ભારત માતા કી જય, જય જય ગરવી ગુજરાત, વંદે માતરમ.

**સભાગૃહની બેઠકનું કામકાજ લંબાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ ( મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલ કામકાજ પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે તેવો પ્રસ્તાવ રજૂ કરું છું.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રસ્તાવને હું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) કામકાજ સલાહકાર સમિતિએ આજના દિવસનું નક્કી કરેલું કામકાજ પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, સહકાર, જે ગુજરાત ખેત ઉત્પન્ન અને ખરીદ વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ ) સુધારા અધિનિયમ-૨૦૨૩ લઇને આવ્યા છે એના વિશે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલની પ્રસ્તાવનામાં માનનીય મંત્રીશ્રીએ સરદાર પટેલની વાત કરી. જયારે તમે સરદાર પટેલની વાત કરતા હોય, સરદાર પટેલના પગલે ચાલવાની વાત કરતા હોય અને જયારે સરદાર પટેલ મૃત્યુ પામ્યા ત્યારે એમની પાસે શું આવક હતી? અને શ્રી બાબુકાકાએ કહ્યું કે, અમે કોંગ્રેસે જે એ.પી.એમ.સી. માર્કેટયાર્ડ ઊભી કરી હતી એમાં તમે બેસીને, આજે સહકારના નામે કેટલા લોકો કરોડોપતિ બન્યા છે? એ તમારે વિચારવાની જરુર છે. માનનીય મંત્રીશ્રી, વર્ષ

૧૯૬૩નો જે મૂળ એક્ટ હતો એમાં ૬૪ કલમો હતી. ત્યારબાદ ૧૧ જેટલા સુધારા થયા. વર્ષ ૨૦૨૦માં તારીખ ૨૩.૦૯.૨૦૨૦ના દિવસે આ જ ગૃહના માનનીય મંત્રીશ્રી ઇશ્વરભાઇ પટેલે જે સુધારા વિધેયક રજૂ કરેલું એમાં ૧૦થી ૧૫ જેટલા સુધારા કરવામાં આવ્યા અને ફરીથી વર્ષ ૨૦૨૩માં માનનીય મંત્રીશ્રી સુધારો લઇને આવ્યા છે. એ સુધારાના ઉદ્દેશોમાં માનનીય મંત્રીશ્રીએ આ સુધારો કરવા માટેના કોઇ ચોક્કસ ઉદ્દેશો બતાવ્યા હોય એવું મને લાગતું નથી. એમણે પોતાના પ્રવચનમાં આંકડાકીય માહિતી રજૂ કરી કે આટલો વિકાસ થયો, માર્કેટયાર્ડ કમિટીમાં આટલી આવકમાં વધારો થયો, પણ માનનીય મંત્રીશ્રી જે આંકડાઓ, રાજય સરકારમાં, તમારી ઓફિસ અને વિભાગમાં રજૂ થયેલા છે એ મારી પાસે છે અને હું માનનીય મંત્રીશ્રીની અનુમતિથી એ રજૂ કરવા માગું છું. માનનીય મંત્રીશ્રી, તા. ૦૬.૦૫.૨૦૨૨નો જે વટહુકમ થયો અને એમાં ૨૨૪ બજાર સમિતિ હતી, એમાંથી ૮૨ બજાર સમિતિઓને આ કાયદાની અવળી અસર થઇ હતી. કર્મચારીઓના પગાર બંધ કરવાની રજૂઆત થઇ. તમે વાત કરી કે આવકો વધવાની છે. ૧૭ એ.પી.એમ.સી. એવી છે કે, જેની પાસે કર્મચારીઓના પગાર કરવા માટેના પૈસા નથી. એમાં કદાચ તમે બેઠા એમાંથી પણ હશે. એમાં સોનગઢ, કડાણા, કઠલાલ, ધારી, વઘઇ, વંથલી, ધરમપુર, માંગરોળ, જૂનાગઢ, માણાવદર, ગારિયાધાર, ખાંભા, વિજયનગર, સંતરામપુર, શિહોર, કેશોદ, ઉમરપાડા અને મહુધા છે. આ ૧૭ એ.પી.એમ.સી. એવી છે કે જેની પાસે કર્મચારીઓના પગાર કરવા માટેના પૈસા નથી. એ બિલમાં પણ મેં ૪૦ મિનિટ પ્રવચન આપ્યું હતું અને કહ્યું હતું કે, આના લીધે એ.પી.એમ.સી.ને મોટું નુકસાન થવાનું છે. ૧૧ જેટલી એ.પી.એમ.સી. એવી છે કે, જેને કર્મચારીઓના પગારમાં ઘટાડો કરવો પડ્યો. એમાં, ધારી, માંડવી, વલસાડ, બગસરા, ખંભાત, લિલિયા મોટા, માતર, જંબુસર, આમોદ, સંતરામપુર અને વઘઇ છે. ૫ એ.પી.એમ.સી. એવી છે કે જેમાં, (વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : માનનીય કિરીટભાઇ, તમે માનનીય મંત્રીશ્રીને સંબોધન કરીને વાત નહિ કરી શકો. અધ્યક્ષ ચેરને સંબોધન કરીને વાત કરશો. તમે સતત એ બાજુ જોશો ને તો રીએકશન આવશે. આ બાજુ જોઇને વાત કરો.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાંચ એ.પી.એમ.સી. એવી છે કે જેમાં કર્મચારીઓને છૂટા કરવાની નોબત આવી છે. એમાં કુતિયાણા,ધારી, ધ્રોળ, જોડીયા અને શિહોર. તમે એ.પી.એમ.સી. વિકાસની વાતો કરી. માનનીય અધ્યક્ષશ્રીને ખબર છે કે અમારા પાટણ જિલ્લાની સરસ્વતી એ.પી.એમ.સી. હમણાં જ ચૂંટણી થઇ. આ બીજી ચૂંટણી થઇ. ૫ વર્ષ થયાં. ખાલી કાગળ ઉપર થેલામાં આ એ.પી.એમ.સી. ચાલે છે. એમની પાસે જમીન નથી. ખાલી ડિરેકટરો થેલો ઉપાડીને માનનીય અધ્યક્ષશ્રી, આપ સારી રીતે જાણો છો કે અમે એ.પી.એમ.સી.ના ડિરેકટર, ડિરેકટર, ડિરેકટર. એવી પાંચ અને સરસ્વતી એ છઠ્ઠી થઇ. કોટડા સાંગાણી, કડાણા, સોજીત્રા, ઉમરગામ અને તિલકવાડા. આ એ.પી.એમ.સી. એવી છે કે જે ખાલી કાગળ ઉપર ચાલે છે. તમે એને જમીન આપી શકતા નથી. ખેડૂતોના હિતની વાતો કરો. *(xxx) અને એ.પી.એમ.સી.ને તમે જમીન ના આપી શકો. અહીં બેઠા બેઠા તમે સહકારને આગળ લાવવાની વાતો કરો.

માનનીય અધ્યક્ષશ્રી, ટૂંક સમયમાં, આપ આને ઓન રેકોર્ડ રાખજો. બીજીવાર આપણે મલીશું ત્યારે વાત કરીશું. ટૂંક સમયમાં ૨૪ બજાર સમિતિ એવી છે કે જેના પગાર બંધ કરવા પડશે. એની અંદર માંડવી, બગસરા, લીલીયા મોટા, કુતિયાણા, સોજીત્રા, કોટડા સાંગાણી, જંબુસર, ઝઘડીયા, ખાંભા, પોરબંદર, દામનગર, કેશોદ, સૂત્રાપાડા, લાઠી, આમોદ, ભરૂચ, રાજપીપળા, ગરૂડેશ્વર, દેડીયાપાડા, છેલંબા, બરવાળા, મૂળી, ઉમરાળા અને ખેડા. માનનીય અધ્યક્ષશ્રી, આવી પરિસ્થિતિ થઇ છે. ૧૮ એ.પી.એમ.સી. એવી છે કે નવો એક્ટ આવ્યા બાદ વેપારીઓ એમાંથી બહાર નીકળી ગયા. આપ જયારે ખેડૂતોના હિતની વાતો કરતા હોય. માનનીય અધ્યક્ષશ્રી, આપણે ડ્રાઇવર રાખીએ ને, તો આપણે પૂછીએ છીએ કે ગાડી આવડે છે કે નહીં? લાઇસન્સ છે કે નહીં? તમે આજદિન સુધી નિયામકની નિમણૂક કરી શકતા નથી. ખેડૂતોના અને વેપારીઓના હિતની વાત કરો છો. જે લોકો ભ્રષ્ટાચારી અધિકારીઓ છે. જેના પર એ.સી.બી. ની બે બે ટ્રેપ થયેલી હોય એને તમે ઇન્ચાર્જ બનાવી દો. રાજય સરકારનો એક પરિપત્ર છે કે જેની સામે એ.સી.બી.માં કેસ થયેલા હોય એને સેન્સિટીવ જગ્યાએ મૂકવા નહીં. જો કદાચ એ સેશન કોર્ટમાં છૂટી ગયા હોય તો હાઇકોર્ટમાં અપીલ કરવી. આવા ભ્રષ્ટાચારી અધિકારીઓને તમે બેસાડી દો. એની સામે અપીલ ના થાય અને તમે ભ્રષ્ટાચાર મૂકત શાસનની વાત કરો. ખેડૂતોને આવક વધારવાની, વેપારીઓની આવક વધારવાની અને એ.પી.એમ.સી.ને મજબૂત બનાવવાની વાત કરો એ બાબત યોગ્ય નથી. એટલા માટે આની અંદર અમે સમર્થન આપતા નથી. (અંતરાય) ડાઉનલોડ થતા વાર લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણા જ અમારા સાથી સભ્ય શ્રી અમિતભાઇએ કહ્યું કે કેન્દ્ર સરકારે ખેડૂત વિરોધી ત્રણ કાયદા હતા..

અધ્યક્ષશ્રી : શ્રી કિરીટભાઇ, જો તમારી ભૂમિકા પૂરી થઇ હોય તો હવે કાયદા ઉપર આવી જાઓ.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કાયદા પર જ છે.

અધ્યક્ષશ્રી : તમે નથી. આમાં કેન્દ્ર સરકારનો કાયદો અને આ કાયદાને કાંઇ લેવાદેવા નથી.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કલમ ૮ની અંદર જે ઇનામની વાત કરી છે. સૌથી પહેલા તો અભિનંદન આપીશ તમારી ભાજપની સરકારને કે માનનીય મંત્રીશ્રી, નામ બહુ સુંદર લાવવાના. ઇનામ. ખેડૂતને એમ થાય,

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વેપારીને એમ થાય કે અમને ઇનામ મલ્યા. તમે જે જોગવાઇ કરી. અમુક જોગવાઇઓ સારી છે. અમે પ્રોત્સાહન આપીએ છીએ, પરંતુ જયારે ઘણીવાર ઓનલાઇન ખરીદી થતી હોય ત્યારે વેપારીઓ સાથે છેતરપિંડી થતી હોય છે.બનાસકાંઠામાં આપના વિસ્તારની અંદર દાડમની ખેતીમાં ઘણી બધી આવી છેતરપિંડી ખેડૂતો સાથે થઇ છે. તમે વેપાર માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરો તેને અમે સમર્થન કરીએ છીએ, પરંતુ જે વેપારીએ પોતાનું ઓન લાઇન રજિસ્ટ્રેશન કરાવેલું હોય એ ઘણી વખત ખોટા ડોક્યુમેન્ટના આધારે થતું હોય છે. જે પણ એમણે રજિસ્ટ્રેશન મેળવ્યું હોય તેનું વેરીફિકેશન મેન્યુઅલી થતું નથી. એટલે જ્યારે પણ તમે ઇ-માર્કેટિંગ દ્વારા કે ઇનામ દ્વારા જે પણ વેપારીઓનું રજિસ્ટ્રેશન કરો તે સારું રજિસ્ટ્રેશન થાય, સાચા ડોક્યુમેન્ટ થાય અને ખેડૂતો સાથે છેતરપિંડી ન થાય એ જોવા માટે વિનંતી કરું છું. કદાચ વેપારી કે ખેડૂતો સાથે આવા ઇનામ દ્વારા કોઇ છેતરપિંડી થાય તો એવા વેપારીઓ સામે ફોજદારી કાર્યવાહી થાય અને તેમને કડકમાં કડક સજા થાય એવો સુધારો લઇને આવ્યા હોત તો અમે તેને ચોક્કસ સમર્થન કર્યું હોત.

માનનીય અધ્યક્ષશ્રી, જે લાઇન્સની ફીની વાત કરી છે. ૫૦ હજાર રૂપિયા ફી વધારે છે. કોઇ પણ વેપારીની વ્યાખ્યામાં જે પણ વ્યક્તિ આવતો હોય તો એ ચૂંટણી લડી શકે. આપણાં ચૂંટણી પંચનો નિયમ છે કે ૨૧ વર્ષ પૂરા થાય એટલે મતદાન કરી શકે. તેમાં એવું નથી કે ૫૦ કિલો વજન હોય તો જ તમે મત આપી શકો. ૬૦ કે ૮૦ કિલો હોય તો ન આપી શકો આવી કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. એટલે વેપારીની વ્યાખ્યામાં જેણે પણ લાઇસન્સ લીધું હોય તેને જો મતદાન કરવા માટેનો અધિકાર આપવામાં આવે તો તેના લીધે ખેડૂતોને અને વેપારીઓને ફાયદો થવાનો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બેઠાં બેઠાં વાતો નહીં કરો.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : જે પ્રમાણે હમણાં મેં વાત કરી. મેં ઊંઝાના એ.પી.એમ.સી.ના સેક્રેટરી સાથે વાત કરી. ઊંઝાના વેપારીઓનું ટર્ન ઓવર ૧૦૦૦ કરોડ રૂપિયાનું છે અને માર્કેટયાર્ડનું ટર્ન ઓવર ૬૦૦૦ કરોડ રૂપિયાનું છે. એટલે આ રીતે તમે ગમે તેને લાઇસન્સ આપી દેશો તો તેની અસર માર્કેટયાર્ડના વેપારીઓ ઉપર થવાની અને કોઇ પણ બજારની અંદર જે રેફરન્સ ભાવ ગણવામાં આવે છે એ માર્કેટયાર્ડનો ગણવામાં આવે છે. જયારે વેપારીઓ માર્કેટયાર્ડમાં ખરીદવા નહીં આવે તો તંદુરસ્ત હરીફાઇ નહીં થાય અને તંદુરસ્ત હરીફાઇ નહીં થાય તો વેપારીઓને, ખેડૂતોને ફાયદો થવાનો નથી. આ જે પણ જોગવાઇઓ કરવામાં આવી છે, તમે ૬ સભ્યોના સમાવેશની વાત કરી છે તેમાં ખેડૂત પ્રતિનિધિ વધારવામાં આવે. જે મતદાન કરી શકે છે એ મંડળીના કારોબારી સભ્યો જ કરી શકે છે. તેના લીધે જે મતદાર યાદી બને છે તે લિમિટેડ બને છે. લિમિટેડ મતદાર યાદી હોય એટલે ખરીદ-વેચાણ થાય છે, એટલે મતદાર યાદી મોટી હોય તો આ ખરીદ-વેચાણ થવાની સંભાવના ઓછી થાય અને ખરેખર ખેડૂતોનું હિત ધરાવતા હોય એવા વેપારીઓ આમાં આવી શકે. આ બધા સુધારા તમે લઇને આવ્યા હોત તો અમે તમને સમર્થન કર્યું હોત. છેલ્લે એટલું કહેવા માગું છું કે જ્યારે તમે ખેડૂતોના હિતની વાત લઇને આવ્યા હો ત્યારે આવા જે ભ્રષ્ટ અધિકારીઓ હોય તેને છાવરવાનું બંધ કરો અને ખેડૂતોને અને વેપારીઓને ન્યાય મળે અને સારા વેપારીઓ, સારા લોકો, સારા ખેડૂતો એ.પી.એમ.સી.માં વહીવટ કરે એ જોવા માટે વિનંતી કરું છું.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી એવું બોલ્યા કે * (xxx) તો એ ખરેખર ગૃહને ગેરમાર્ગે દોરવામાં આવે છે અને ખરેખર રેકોર્ડ ઉપરથી એને હટાવવું જોઇએ. (અંતરાય) કોઇ આપી દેવામાં નથી આવતી.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી કહે છે બાકીના વિષયોમાં એમના પ્રવચનમાં કંઇ પણ અજુગતું બોલવામાં આવ્યું હોય તો એને રેકોર્ડ ઉપરથી દૂર કરીએ.

શ્રી સંજયસિંહ વિ. મહિડા(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્માસાહેબ ગુજરાત ખેત ઉત્પન્ન બજાર સુધારા વિધેયક લઇ ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે હું મારું સમર્થન આપવા અને બિલ અંગે મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઇ-કોઓપરેટિવ પોર્ટલ વિશે જણાવતા મને આનંદ થાય છે કે ઇ-કોઓપરેટિવ પોર્ટલ રજિસ્ટાર સહકારી મંડળીઓ દ્વારા આપવામાં આવતી વિવિધ સેવાઓ પૈકી મુખ્ય સેવાઓ ઓનલાઇન કરવાના હેતુથી ઇ-કોઓપરેટિવ પોર્ટલ દ્વારા ચાર મોડ્યુલ લૉંચ કરવામાં આવેલ છે. કૉ-ઓપરેટિવ સોસાયટીસ એમ.આઇ.એસ. મોડ્યુલ દ્વારા ગુજરાત રાજયની તમામ આશરે ૮૫ હજાર જેટલી મંડળીઓનો ડેટા ઓનલાઇન કરવાની કામગીરી કરવામાં આવશે આથી તમામ મંડળીઓની વહીવટી હિસાબી તથા ઓડિટ જેવી તમામ વિગતો સરળતાથી મળી શકશે. મની લેન્ડિંગ મોડ્યુલ દ્વારા ગુજરાત નાણાં ધિરધાર અધિનિયમ-વર્ષ ૨૦૧૧ અંતર્ગત નાણાં ધિરધાર કરનારાઓને રજિસ્ટ્રેશન, રિન્યૂ રજિસ્ટ્રેશન તથા નાણાં ધિરાણના પત્રકો ઓનલાઇન અપલોડ કરવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત રજિસ્ટ્રેશન તથા રિન્યુઅલની એપ્લિકેશન ફી પણ ઓનલાઇન ભરવાની સુવિધા આપવામાં આવે છે. ઓડિટ મોડ્યુલ દ્વારા ઓડિટની ફાળવણી ઓડિટ રેન્ડમાઇઝેશન સિસ્ટમ દ્વારા ઓનલાઇન કરવામાં આવશે. આ ઉપરાંત ઓડિટ એલોટમેન્ટ ઓર્ડર, ઓડિટ મેમો, ઓડિટ રેક્ટિફિકેશન સુવિધા પણ સદર મોડ્યુલ દ્વારા ઓનલાઇન થશે. વધુમાં ઓડિટ ફીની વસૂલાત પણ ઓનલાઇન

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કરી શકાશે. તે માટે સાઇબર ટ્રેઝરી પોર્ટલ સાથેનું ઇન્ટીગ્રેશન કાર્યરત છે. બોર્ડ ઓફ નોમીનીઝ એન્ડ અપીલ મોડ્યુલ દ્વારા બોર્ડ ઓફ નોમીનીઝ તથા અપીલના તમામ કેસોનો હુકમ, રોજિંદા કેસોનું બોર્ડ તથા મુદતની તારીખની નોટિસ વગેરે ઓનલાઇન માધ્યમથી વાદી, પ્રતિવાદી તથા વકીલ મેળવી શકશે. નેશનલ કૉ-ઓપરેટિવ ડેટાબેઝની વિગત જણાવું તો ભારત સરકારશ્રી દ્વારા સહકાર મંત્રાલયની રચના થયા બાદ નેશનલ કો-ઓપરેટિવ ડેટાબેઝ બનાવવાની પહેલ શરૂ કરવામાં આવી છે જે અંતર્ગત ફેઝ-૧માં તા.૧૫-૨-૨૦૨૩ સુધીમાં ૨૭ હજાર જેટલી સહકારી સંસ્થાઓની ડેટાએન્ટ્રી કરવામાં આવેલ છે. જયારે ફેઝ-૨માં તા.૧૫-૭-૨૦૨૩ સુધીમાં ૫૩ હજાર કરતાં વધારે સહકારી સંસ્થાઓની ડેટાએન્ટ્રી કરવામાં આવેલ છે. આમ, કુલ ૮૦ હજાર કરતા વધારે સરકારી સંસ્થાઓની ડેટા એન્ટ્રીની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. નોંધણી સમયે આદર્શ દસ્તાવેજોની વિગત જણાવું તો સહકારી મંડળીઓની નોંધણી સમયે દસ્તાવેજો લેવા બાબતે તેમજ નોંધણી બાબતે જરૂરી માર્ગદર્શક સૂચનાઓને આવરી લેતા નોંધણીના દસ્તાવેજોના આદર્શ નમૂનાની વિગત માટે અત્રે તા.૧-૬-૨૦૨૩ના રોજ પરિપત્ર કરવામાં આવેલ છે. પોલીસ તપાસની કામગીરી તથા સ્થળ તપાસની કામગીરી મરજિયાત કરવામાં આવેલ છે, જેથી પારદર્શક, ફેસલેસ અને ઝડપી નોંધણીની કાર્યવાહી થઇ શકે છે.

અધ્યક્ષશ્રી : આપ બિલ ઉપર આવો.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : જી, ગુજરાત ખેત ઉત્પન્ન બજાર સુધારા વિધેયકને હું મારું પૂરેપૂરું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : આપને બોલવા માટે મેં ના નથી કહ્યું, પણ આપે બિલ ઉપર બોલવું હોય તો હજી બોલી શકશો.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : જી. મારું પ્રવચન પૂરું થયું સર.

ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૩ના વિધેયક ક્રમાંકઃ ૨૬ માનનીય સહકાર મંત્રીશ્રી જે લઇને આવ્યા છે એમાં મારું એક જ મિનિટનું સૂચન છે. હું વધારે સમય નહીં લઉં.

માનનીય અધ્યક્ષશ્રી, સહકાર વિભાગના જે સહકારી આગેવાનો છે એમણે ઘણી વિસ્તૃત વાત કરી છે, જયારે એ.પી.એમ.સી.નું ઇલેકશન હોય ત્યારે વેપારી પેનલમાંથી ચાર પ્રતિનિધિ અને અન્ય મંડળીના બે પ્રતિનિધિ એ બાબતમાં જે ૫૦ હજારની ફી અને પાંચ લાખનું ટર્નઓવર આ બે બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, એના કારણે જે વેપારી પ્રતિનિધિ ૪ ચૂંટાય એમાં જેની ૫૦ હજાર ફી લીધેલ છે અને એવરેજ ૩ વર્ષ તો એ પૈકીના જે એ.પી.એમ.સી.ના સંચાલકો હશે એ માત્ર એવરેજ ૩ વર્ષ કમિટેડ માણસોની જ ફી લેશે અથવા તો આ બાબતનું ધ્યાન એ બીજા નાના વેપારીઓનું નહીં હોય અને હશે તો પણ એ ૫૦ હજાર જેટલી ફી માર્કેટ યાર્ડમાં નહીં ભરી શકે. એટલે વેપારી પેનલમાં જે ૪ પ્રતિનિધિ ચૂંટાય એ પારદર્શક રીતે નહીં ચૂંટાય અને અન્ય મંડળીઓમાંથી જે પ્રતિનિધિ આવે એમાં ૫ લાખ રૂપિયા ટર્ન ઓવર બનાવેલ છે. નાની મંડળીઓનું વાર્ષિક ૫ લાખનું ટર્નઓવર ન હોય અને કદાચ હોય તો ૩ વર્ષનું ન હોઇ શકે. કદાચ એક વર્ષ ઓછું હોઇ શકે એટલે ક્રાઇટેરિયામાં ગણવામાં નહીં આવે. આથી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ ૬ પ્રતિનિધિ જે તે એ.પી.એમ.સી.માં ચૂંટાય એમાં તમારે આની અંદર સુધારો લાવવો હોય તો ખેડૂત પેનલમાં જે ૧૦ ખેડૂત પ્રતિનિધિઓ આવે છે એ જે તે મંડળી વ્યવસ્થાપક મંડળ મતદાન કરે છે એના બદલે જેટલા તાલુકાના એ કમાન્ડ એરિયાની અંદર જે તાલુકાની એ.પી.એમ.સી.ની ચૂંટણી હોય એ તાલુકાના તમામ ખેડૂત ખાતેદારો મતદાન કરી શકે તો હું માનું છું કે આ બિલ લાવ્યા છો એ કદાચ ખેડૂતોન હિતમાં પારદર્શક જે બોડી આવે એ વેપારી અને ખેડૂત વચ્ચેનું સંકલન રહે. અત્યારે બેન્કો અને મંડળીઓ ધિરાણ આપે છે. પણ ભૂતકાળમાં માત્ર વેપારી અને ખેડૂત આ બે વચ્ચે નાણાકીય વહેવાર હતો. ત્યારે એ.પી.એમ.સી.નો વહીવટ પારદર્શક રીતે થાય જેથી કરીને પારદર્શક હરીફાઇ કહેવાય એ અટકશે અને એના પ્રતિનિધિઓ ૬ ચૂંટાશે એ ગણ્યા ગાંઠ્યા કમિટેડ માણસો કરેલા હશે. એક બાજુ આપણે એને વિશાળ તકો આપવાની વાત કરીએ છીએ અને બીજીબાજુ એની ચૂંટણી વ્યવસ્થા નાની કરવાની વાત કરીએ છીએ તો હું માનું છું કે આ બે ક્રાઇટેરિયા છે એના માટે પુનઃવિચારણા કરવામાં આવે અથવા તો એમાં કોઇ ઘટાડો કરવામાં આવે એવી હું અપેક્ષા રાખું છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બોલે પહેલા એક વિનંતી છે અને એક વાસ્તવિકતાના આધારે હું એક સૂચન કરું છું. જો આ કાયદો અમલમાં આવશે તો ૫૦ ટકા એ.પી.એમ.સી. બંધ થશે. એટલે આ પ્રકારના મતદારો કોઇ મળશે જ નહીં. આપના મારફત વિનંતી કરું કે ૫૦ હજાર રૂપિયાની મર્યાદામાં અને સરકાર નક્કી કરે એ કરીએ તો એ, બી, સી, ડી વર્ગ કરીને એની કેટેગરી અલગ કરી શકાય. આવું કરીએ તો નાની એ.પી.એમ.સી. ચાલુ રહે નહીં તો બંધ થશે. હું વિનંતી કરું છું કે માનનીય મંત્રીશ્રી આવો જવાબ આપે અને આ સુધારો કોઇપણ રીતે મૂવ કરો તો અમે અમર્થન કરીશું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૨૩નું સુધારા વિધેયક-૨૬ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે બિલ છે એમાં લાઇસન્સની ફી વેપારી માટે રૂ.૫૦ હજારની મર્યાદામાં કરવામાં આવી છે. જેના કારણે જેમ અગાઉ સભ્યશ્રીઓએ વાત કરી એમ નાના વેપારીઓ છે એને ભવિષ્યમાં ખૂબ મોટું નુકસાન થવાની ભીતી છે.

* (xxx) ખેડૂત જ્યારે પોતાના પાક પકવતા હોય ત્યારે એણે પરસેવો રેડાયેલ હોય, એનું લોહી રેડાયેલ હોય. અને એણે પકવેલો પાક જ્યારે તે એ.પી.એમ.સી.માં લઈ જતો હોય ત્યારે એને પોષણયુક્ત ભાવ ના આવે ત્યારે તેનો આત્મા ખૂબજ ઊકળી ઉઠતો હોય છે. આજે ખૂબ જ દુ:ખ સાથે કહેવું પડે છે કે છેલ્લાં * (xxx) એ કોંગ્રેસનું શાસન હોય કે ભારતીય જનતા પાર્ટીનું શાસન હોય (અંતરાય)...

અધ્યક્ષશ્રી : એક મિનિટ શ્રી ઉમેશભાઇ, શ્રી નરેશભાઇ પટેલનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધયક્ષશ્રી, *(xxx) શબ્દનો પ્રયોગ થાય એ બિલકુલ વ્યાજબી નથી જેથી રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : બંને વિષયો જે *(xxx) આ બંને શબ્દોને રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે. તમે સીધા બિલ ઉપર આવી જાવ. શ્રી ઉમેશભાઇ, હવે ભૂમિકા પૂરી થઇ ગઇ.

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની આવક ડબલ કરવાની વાત હતી એ આ બિલમાં કાંઇ જોવામાં આવતી નથી.

અધ્યક્ષશ્રી : આમાં આ બિલમાં ડબલ આવકનો કોઇ ઉલ્લેખ જ નથી. હું આ બાબતનો ત્રણ વખત ઉલ્લેખ કરી ચૂક્યો છું. ફરી કહું એપીએમસીના આખા એક્ટમાં માત્ર ૬ સીટો પૂરતો આ સુધારો છે અને ૬ સીટોનો સુધારો નથી પણ એના ચૂંટણીના માટે મોટાભાગે લાયકાતોના ફેરફાર પૂરતો વિષય છે. એની અંદર જ વાત કરવાની હોય, બહુ બહુ તો ખેંચીને એપીએમસી પછી સહકાર પછી આખું પોલિટિકલી છે એટલે ખેડૂતો સુધી પહોંચાડીએ એટલું બધું ના કરીએ.

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ કહ્યું એમ એક સરવે આવ્યો હતો કે ગુજરાતના ખેડૂતોનું દેવું છે એ સરેરાશ ૫૦,૦૦૦ કરતા વધી ગયું છે. એનું મૂળ જે કારણ એ આ ગુજરાતની એપીએમસીમાં થયેલા ભ્રષ્ટાચારના છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ કઇ રીતે હોય?

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હા, એ જ વાત કહું છું. એ ગૃહને સમજાવું છું. ખાસ કરીને આપના મારફત સહકાર મંત્રીશ્રીને સમજાવવા માગું છું કે,

અધ્યક્ષશ્રી : ફરી સમજીએ. સમજાવો.

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર બોટાદની હું વાત કરું છું. બોટાદનું મારું જે માર્કેટિંગ યાર્ડ જે છે એ સૌરાષ્ટ્રનું સૌથી મોટામાં મોટું કોટનનું ઉત્પાદન કરતું યાર્ડ છે. એટલે સૌથી વધુ આવક કોટનની થતી હોય તો એ મારા બોટાદ માર્કેટિંગ યાર્ડમાં થાય છે. સૌરાષ્ટ્રમાં પ્રથમ સ્થાન અને ગુજરાતમાં બીજા નંબરનું સ્થાન ધરાવે છે ત્યારે સહકાર મંત્રીશ્રીનું હું ધ્યાન દોરવા માગું છું કે, જ્યારે મારો બોટાદનો ખેડૂત પોતાનો કપાસ લઇને બોટાદના માર્કેટિંગ યાર્ડમાં વેચવા માટે આવે છે ત્યારે એ કપાસની હરાજી કરવામાં આવે છે. હરાજી કર્યા બાદ એક ભાવ નક્કી કરવામાં આવે છે કે એક મણનો રૂ.૨૫૦૦ કે ૧૫૦૦ ભાવ. ખેડૂતને ચીઠ્ઠી આપવામાં આવે છે કે આ હરાજીમાં જે ભાવ બોલાયો આ એની ચીઠ્ઠી. ત્યાર પછી મારા બોટાદના ખેડૂતને કહેવામાં આવે છે કે તમે તમારો માલ ફલાણા જીમમાં તમારું વાહન લઇને ઠાલવી આવો. ત્યારે મારો બોટાદનો ખેડૂત એનું પોતાનું વાહન લઇને જે તે જીનિંગમાં એ માલ ઠાલવવા જાય છે અને અડધો માલ ટ્રેક્ટરમાંથી અન્ય વાહનમાં જ્યારે ઠલવાતો હોય છે ત્યારે એને પાછો રોકવામાં આવે છે કે ઊભા રહો ભાઇ, તમારો માલ ખરાબ છે. ત્યારે પાછો મારો બોટાદનો ખેડૂત એમ કહે છે કે, મારા માલની હરાજીમાં એક વખત ચીઠ્ઠી આપી છે એ વખતે તમારે ચેક કરવું પડેને? ત્યારે એમ કહેવામાં આવે છે કે બોલો ભાઇ, તમારે મણે રૂ.૨૦૦-૩૦૦ કે ૪૦૦ રૂપિયા ઓછા ચાલશે તો માલ ઠાલવો. બાકી તમારો માલ પરત લઇ જાવ. હવે મારો બોટાદનો ખેડૂત દેવાના ડુંગરમાં દબાયેલો એને ખબર છે કે માલ વેચવા માટે લઇને ગયા એટલે વ્યાજખોર એના ઘરે બેઠો હોય છે જો એ પૈસા લઇને ના જાય, ઘરે તેલના ડબા લઇ જવાના હોય, ૧૨ મહિનાનું સિધુ-સામાન લઇ જવાનું હોય એ ક્યાંથી પૈસા કાઢે? સાહેબ, એ ના છૂટકે ૨૦૦-૩૦૦ રૂપિયા ઓછા આપીને એ કપાસનો માલ, એને અમારા બોટાદની ભાષામાં કડદો કહેવામાં આવે છે. કડદો કરવામાં આવે છે અને પોષણક્ષમ ભાવ ના પોષાતો હોય તેમ છતાં એ માલ દઇને જાય છે. એટલા માટે આપના મારફત મંત્રીશ્રીનું ધ્યાન દોરવામા માગું છું કે, એપીએમસીમાં આવા ચાલતા કડદા દૂર કરવા જોઇએ. સાથો સાથ સહકાર મંત્રીએ એવો કાયદો લાવવો જોઇએ કે જે આવા પ્રકારના કાર્ય કરતા હોય એના ઉપર આઇ.પી.સી. કલમ દાખલ કરીને ફોજદારી ગુનો આ બિલમાં લાવવો જોઇએ, જેથી કરીને કોઇપણ ગુજરાતનો ખેડૂત,

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બોટાદનો ખેડૂત નહીં પણ કોઈપણ ગુજરાતના ખેડૂતનો કડદો ક્યારેય કરવામાં ન આવે. બીજું, મોટાભાગના જે માર્કેટિંગ યાર્ડ હોય કે ખરીદ વેચાણ સંઘ હોય એના કર્મચારીઓની જે ભરતી કરવામાં આવે છે એ જે તે ડાયરેક્ટરોના સગાવાદના કારણે એના ભાઈઓ, એના અંગત માણસોની કરવામાં આવે છે એટલે સાથોસાથ આ બિલમાં એ પણ સુધારો કરવામાં આવે કે મોટાભાગની એ.પી.એમ.સી.માં જે ભરતી કરવામાં આવે એ કાંતો જી.પી.એસ.સી. દ્વારા કરવામાં આવે અથવા તો કોઈપણ સરકારની એજન્સી દ્વારા ભરતી કરવામાં આવે જેથી આ જે ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે એ દૂર થાય.

માનનીય અધ્યક્ષશ્રી, સાથોસાથ ગ્રામ્યની મંડળીઓની જો વાત કરવામાં આવે તો મોટાભાગની મંડળીઓ બીજાની મને નથી ખબર પણ હું મારા બોટાદ તાલુકાની વાત કરું તો મોટાભાગની મંડળીઓમાં એક જ પરિવારના માણસો જોવા મળે છે એટલે કે એનો ભાઈ હોય, ભાભી હોય, એની મમ્મી હોય કે એના મામા હોય એક જ પરિવારની આખેઆખી મંડળી હોય.

અધ્યક્ષશ્રી : આજે કલમ-૪માં એનો સુધારો છે. એકના એક વ્યક્તિ અનેક જગ્યાએ મતદાન નહીં કરી શકે.

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : એટલા માટે જ હું મારી વાત પૂરી કરવા માગું છું. એક જ પરિવારના હોય મારા બોટાદમાં હું જોઉં છું કે મોટાભાગની મંડળીઓમાં પણ માનનીય મંત્રીશ્રીએ જે આમાં સુધારો કર્યો છે એના માટે મંત્રીશ્રીને અભિનંદન પણ આપું છું પણ સાથોસાથ મંત્રીશ્રીનું એ પણ ધ્યાન દોરવા માગું છું કે જે મંડળીના મંત્રી હોય, પ્રમુખ હોય કે સભ્યો હોય એ ક્રિમિનલ ન હોવા જોઈએ એટલા માટે કે મોટાભાગના જે મંડળીઓના કબજા લઈને બેઠા છે એ મોટાભાગે માથાભારે તત્ત્વો હોય છે એટલે સાથોસાથ એ પણ હું મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે જે તે મંડળીના પ્રમુખ હોય એના ઉપર કોઈપણ પ્રકારનો ગંભીર ગુનો ન હોવો જોઈએ એ જ મંડળીનો પ્રમુખ બની શકે એ પ્રકારનો સુધારો થાય એવી હું મંત્રીશ્રીને વિનંતી કરું છું. સાથોસાથ આપના મારફત એ પણ મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે જયારે ખેડૂત પોતાનો પકવેલો પાક ટેકાના ભાવે સરકાર ખરીદે અને એ.પી.એમ.સી. દ્વારા આપવામાં આવે છે ત્યારે મોટાભાગે ક્યાંક ને ક્યાંક ગેરરીતિ થતી હોય એવું જોવા મળે છે એટલા માટે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે જયારે સરકાર દ્વારા ટેકના ભાવ દ્વારા ખેડૂતોનો માલ જયારે ખરીદવામાં આવે ત્યારે સીધેસીધી ગુજરાત સરકારની નીગરાની નીચે ખરીદવામાં આવે એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. આભાર.

શ્રી જગદીશ વિશ્વકર્મા (રાજયકક્ષાના સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ક્રમાંક-૨૬ ગુજરાત ખેત ઉત્પાદન બજાર સુધારા વિધેયકની ચર્ચામાં શ્રી સંદીપભાઈ, શ્રી અરૂણસિંહ, શ્રી બાબુભાઈ, શ્રી કનૈયાલાલ, શ્રી કિશોરીભાઈ, શ્રી સંજયભાઈ, સામે પક્ષેથી શ્રી અમિતભાઈ, શ્રી અર્જુનભાઈ, ડો. કિરીટભાઈ, ગેનીબેન અને શ્રી ઉમેશભાઈ એ ભાગ લીધો છે. ઘણા બધા મિત્રોનાં સૂચનો સારાં છે, પણ કદાચ મને એવું લાગે છે કે બિલ સમજવામાં ગેનીબેન અને ડો. કિરીટભાઈને કહીશ કે આપણે ૫૦૦૦૦ રૂપિયા લાઈસન્સ ફી નથી લેતા. જે વેપારી માલ ખરીદે છે અને એ વેપારીએ જે સેસ ભરવાની હોય છે એ સેસની રકમ છે એટલે નાની રકમ છે. એમાં કંઈ બહુ નુકસાન જેવું નથી અને યુ.પી.એ. સરકાર દ્વારા જે ૯૭ મો બંધારણીય સુધારો આવ્યો હતો એમાં પણ મિનિમમ સર્વિસની વાત કરી હતી એટલે કે તમે ત્યાં આગળ કામકાજ કરેલું હોવું જોઈએ. જો કામકાજ કરેલું ન હોય તો એ વેપારી કે મંડળી કોઈ કામની નહીં એટલે માનનીય અર્જુનભાઈની જે ચિંતા છે કે મંડળીઓ બંધ થઈ જાય છે અને પોરબંદરવાળા બીજે ભરાવા જાય છે એવું કેમ થાય છે? કારણ કે કદાચ પોરબંદરમાં બે વેપારી ખોટા નોંધાયા હોય કે મંડળી ખોટી હોય અને એટલા માટે સારા ભાવ ન આપતા હોય અને એટલા માટે ખેડૂતો બીજે જાય છે. એટલે દરેક તાલુકાની મંડળીઓ મજબૂત બને એટલા માટે આપણે આ સુધારા લાવ્યા છીએ. એટલે મીનીમમ સર્વિસની વાત જે ચૂંટણી સમયે નોંધાતી મંડળીઓ છે એ ના નોંધાય એટલા માટે આપણે કરી રહ્યા છીએ. માનનીય કિરીટભાઈએ પણ કહ્યું છે કે એ.પી.એમ.સી.ને જમીન આપવાની. હમણા જ સરસ્વતિ અને પાટણ તાલુકાની એ.પી.એમ.સી.નું વિભાજન થયું છે અને એ.પી.એમ.સી. સરસ્વતિને રૂ.૫ કરોડનું ભંડોળ પણ મળવાનું છે એટલે એ.પી.એમ.સી. સરસ્વતિ પણ સારી ચાલશે એટલે ચિંતા કરવાની જરૂર નથી. એ પણ સરકારે ચિંતા કરી છે. માનનીય અર્જુનભાઈની જે વાત છે. માનનીય અર્જુનભાઈ કહેતા હતા તેમાં રૂ.૫૦ હજાર કે સરકાર વખતોવખત નક્કી કરે તે મુજબ થઈ શકે તેમ છે. ક અને ડ વર્ગ માટે ભવિષ્યમાં ઘટાડો કરી શકાશે. આપની વાત વ્યાજબી છે. સરકાર તેમાં ચોક્કસ હકારાત્મક વિચારશે. માનનીય ઉમેશભાઈએ જે વાત કરી કે, ખેડૂતો જે માલ વેચે છે તેમાં જે છેતરપિંડી થાય છે એટલા માટે જ આપણે તેમાં ઈનામ યોજના લઈ આવ્યા છીએ. ખેડૂતને પોતાના પાકનો ભાવ સારો મળે, આખા રાજ્યમાં ક્યાં સારો ભાવ મળે, આખા દેશમાં ક્યાં સારો ભાવ મળે અને ખેડૂત ધારે તે વેપારી સાથે કામ કરી શકે અને તેની સાથે ફ્રોડ ન થાય એટલા માટે જ આપણે એસ્ક્રો એકાઉન્ટ ખોલાવ્યું છે. તેમાં વેપારીના પૈસા જમા થાય અને તેમાં એ.પી.એમ.સી. મધ્યસ્થી તરીકે હોય પછી જ ખેડૂતના પૈસા તેમાં જમા થાય છે. ઈનામ પ્લેટફોર્મથી વેપાર વધશે, નિકાસ વધશે, વેપારમાં પારદર્શિતા આવશે. ખેડૂતોની આવકમાં વધારો થશે, ખેડૂતોનું શોષણ ચોક્કસ અટકશે, ડિજિટલ પેમેન્ટના કારણે ખેડૂતના ખાતામાં પૈસા સીધા આવી જશે. એ.પી.એમ.સી. માં વાસ્તવિક વેપાર કરતા વેપારી અને મંડળીઓ પ્રતિનિધિ બનવા જઈ રહી છે. આના લીધે એ.પી.એમ.સી.ની આવકમાં વધારો થશે. ચૂંટણીના સમયે અંદરોઅંદર થતા વિખવાદ અટકશે. લોકશાહી ઢબે ચૂંટણી થશે. સાથે સાથે બીજી વાત કહેવી છે કે, આપણે જેટલી એ.પી.એમ.સી. છે તેને પ્રોસેસિંગ યુનિટ અને રીટેઈલ આઉટલેટ માટેની યોજના લઈ આવ્યા છીએ. શ્રી અર્જુનભાઈ તમારી ચિંતા હતી કે, એ.પી.એમ.સી. મંદ પડે છે એટલે તે એ.પી.એમ.સી. પ્રોસેસિંગ યુનિટ નાખી શકે તેના માટે સહાય રાજ્ય સરકાર આપી રહી છે. તો મને એવું લાગે છે કે, જેટલા

સભ્યોએ આમાં ભાગ લીધો છે તે બધા મારી વાત સાથે સહમત થશે અને આ બિલને સર્વાનુમતે મંજૂરી આપે એટલી વિનંતી. આભાર.

અધ્યક્ષશ્રી : નવા બિલની ચર્ચા કરવાની છે તો તેના માટે જમવાનું રાખીએ કે નાસ્તો કરાવી દઇએ? કલાક જેવું થશે. તો પછી નાસ્તા માટેની વ્યવસ્થા કરીએ? બંને બાજુથી બોલવા માટે પાંચ-સાત નામ આવેલા છે. હું નાસ્તાની વ્યવસ્થા કરાવું છું. નાસ્તા માટે સારો નાસ્તો અને આઇસક્રીમ આવી જાય એવું કરાવો. તમે બંને સામ સામે નિર્ણય કરો તો પાસ કરવામાં મને વાંધો નથી. તમે બંને દંડકશ્રી નક્કી કરો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બે-બે લોકો બોલશે. બે સભ્યો અહીંથી બોલશે અને બે સભ્યો ત્યાંથી બોલશે. આમાં કોઇ એવો લાંબો વિષય નથી.

અધ્યક્ષશ્રી : તમે એવું કરતા હોય તો એવું કરો. બોલવું છે. બેસો. કંઇ વાંધો નહીં. ચાલુ રહેશે. જેમના નામ આપ્યાં છે તે બધાને બોલવા દઇશ. આઇસક્રીમ તથા નાસ્તાની બીજી વસ્તુ હોય તે મંગાવી રાખો. વારાફરતી જઇને નાસ્તો કરીને પાછા આવી જજો. ભાઇ, અમૂલમાંથી મંગાવજો. સંસદીય મંત્રી વાત કરે છે, શ્રી અર્જુનભાઇ, અમૂલને આટલો પ્રેમ કરે છે તો એવું કરો. અમૂલમાંથી મંગાવજો.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક ૨૬-સન ૨૦૨૩નું ગુજરાત ખેત ઉત્પન્ન અને ખરીદ વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ)(સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને ૩, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક ૨૬-સન ૨૦૨૩નું ગુજરાત ખેત ઉત્પન્ન અને ખરીદ વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ)(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક ૨૬-સન ૨૦૨૩નું ગુજરાત ખેત ઉત્પન્ન અને ખરીદ વેચાણ (ઉત્તેજન અને સરળીકરણ) (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સને ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૪.**

ગુજરાત નેચરલ ફાર્મિંગ અને ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૩.

**ગુજરાત નેચરલ ફાર્મિંગ અને ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૧૭ વધુ સુધારવા બાબત વિધેયક.**

શ્રી શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(કૃષિ મંત્રીશ્રી) : : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક -૨૪-સન ૨૦૨૩નું ગુજરાત નેચરલ ફાર્મિંગ અને ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૨૩નું ગુજરાત નેચરલ ફાર્મિંગ અને ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વૈજ્ઞાનિક ઢબે પ્રાકૃતિક ખેતીને ઉતેજન આપવા માટે અને પ્રાકૃતિક ખેતીના ક્ષેત્રમાં અનુભવી અને જાણકાર માનવ સંશાધન ઉપલબ્ધ કરાવવાના હેતુથી ઓર્ગેનિક ખેતી અને પ્રાકૃતિક ખેતી વચ્ચેના મૂળ તફાવતની વિચારણા કરતા ગુજરાત નેચરલ ફાર્મિંગ અને ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટીનું નામ બદલીને ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી કરવું જરૂરી છે તે મુજબ સદરહુ અધિનિયમમાં જરૂરી સુધારા કરવાના ઉદેશથી આ વિધેયક લાવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જાણીએ છીએ કે પ્રાકૃતિક ખેતીના ફાયદા કેટલા થાય છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી, કેન્દ્રના સહકાર મંત્રીશ્રી અમિતભાઇ શાહ, આપણા સન્માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને નામદાર રાજયપાલ આ બધાની એક સંયુકત મૂહિમ છે કે, આપણા ગુજરાતના ખેડૂતો વધુમાં વધુ પ્રાકૃતિક ખેતી કરતા થાય. આ પ્રાકૃતિક ખેતીના કારણે આપણને ઘણા બધા ફાયદા થાય છે જેવા કે જમીનની ફળદ્રુપતા વધે છે,જમીનમાં રહેલો કુદરતી ઓર્ગેનિક કાર્બન જેનું પ્રમાણ રાસાયણિક ખાતરોથી તદન ઘટી ગયું છે એ પ્રાકૃતિક ખેતીના કારણે ફરીથી કુદરતી કાર્બનનું

* વિધેયક તા .૧૧મી સપ્ટેમ્બર ૨૦૨૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રમાણ જમીનમાં વધે છે, જમીન બંજર બનતી અટકે અને જમીન ઉપજાવ થાય એટલે કે ફળદ્રુપ થાય એટલા માટે પણ પ્રાકૃતિક ખેતી ખૂબ જ ઉપયોગી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાસાણિક ખાતર અને જંતુનાશક દવાઓના ઉપયોગથી પર્યાવરણની સમતુલા પણ બગડી ગઇ છે એટલે પર્યાવરણની સમતુલા માટે પણ પ્રાકૃતિક ખેતી ખૂબ જ જરૂરી છે અને પ્રાકૃતિક કૃષિના વ્યાપથી એનું સંરક્ષણ થઇ શકશે. વધુ પડતા રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાના ખેતીમાં ઉપયોગના કારણે જે ખેત ઉત્પાદન જણસો છે ફળ-ફ્રૂટ-શાકભાજી કે અનાજ એમાં એના જે તત્વો ઉત્પાદનમાં જે દાખલ થયા છે એના પરિણામે કેન્સર અને કિડનીના અનેક રોગો વધ્યા છે એટલે પ્રાકૃતિક ખેતી ખેડૂતો વધુને વધુ અપનાવતા થાય અને એના દ્વારા ઉત્પાદિત જે ખેતીની જણસો થાય તો એ જણસોને કારણે માણસોનું આરોગ્ય જળવાઇ રહે એટલા માટે પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવો ખૂબ જ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાકૃતિક ખેતી છે એની ઉત્પાદિત જણસો છે એની પડતર કિંમત બહુ ઓછી થાય છે. દેશી ગાયના છાણ, ગૌમૂત્ર અને અમુક કુદરતી તત્ત્વોના કારણે જે મટિરિયલ બને છે તેનો ખાતર તરીકે, દવાના છંટકાવ તરીકે જીવામૃત, ઘનામૃત અને બીજા જે પ્રયોગો છે તેના કારણે આ ખેતી છે તેની પડતર કિંમત બહું ઓછી આવે છે જેના પરિણામે ખેડૂતોને આર્થિક ફાયદો થાય, ગુણવત્તાયુકત ઉત્પાદન થાય અને ખેડૂતોને અનેકગણા ફાયદા થાય અને ખેતીના ખર્ચમાં પણ ઘટાડો થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બધાં કારણોસર આપણા રાજયમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે એ જોવું આપણા બધા માટે જરૂરી છે અને તેના માટે રાજય સરકાર, અમારું ખેતીવાડી ખાતું, નામદાર ગવર્નર સાહેબ, આપણા મુખ્યમંત્રી અને મેં કહ્યું તેમ વડાપ્રધાનશ્રીથી લઇ અને શ્રી અમીતભાઇ શાહ આ બધાના સતત અને સતત પ્રયત્નો છે કે આપણા રાજયમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે અને તેના માટે આપણે વધુમાં વધુ કામ કરીએ. હવે જો આ ખેતીનો વ્યાપ વધારવો હોય તો તેના માટે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ માટે નિશ્ચિત ભૂમિકા નક્કી કરવી જોઇએ. આપણે ત્યાં ઓર્ગેનિક અને નેચરલ ફાર્મિંગ યુનિવર્સિટી છે પણ મેં કહ્યું તેમ અત્યારે આપણો ઝોક માત્ર અને માત્ર પ્રાકૃતિક ખેતી રાજયમાં વધે, તેનું વધુમાં વધુ શિક્ષણ થાય, તેના ઉપર વધુમાં વધુ સંશોધન થાય, તેનું વધુમાં વધુ વિસ્તરણ થાય તે દિશામાં જયારે સરકાર અને સમગ્ર સમાજ વિચારતો હોય અને તે દિશામાં વધુમાં વધુ કામ થાય તેના માટે આ નામકરણમાં ફેરફાર કરવાનું રાજય સરકારે નક્કી કર્યું છે અને એટલે આ યુનિવર્સિટી માત્ર નેચરલ ફાર્મિંગ એન્ડ સાયન્સ યુનિવર્સિટી રાખવાનું રાજય સરકારે નક્કી કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અભ્યાસના જે તારણો આવ્યાં છે. તાજેતરમાં આંધ્રપ્રદેશમાં થયેલા અભ્યાસના પરિણામ જોઇ તો પ્રાકૃતિક ખેતી અપનાવવાથી ૪૪ ટકા જેટલો ખેતી ખર્ચ ઘટવાની સાથે ઉત્પાદનમાં પણ ૧૧ ટકા વધારો થયો છે અને ખેડૂતોની ચોખ્ખી આવકમાં ૯૯ ટકાનો વધારો થયો છે. ઝારખંડમાં અભ્યાસ થયો તે મુજબ જમીનમાં સેન્દ્રીય કાર્બન, ફોસ્ફરસ, પોટાશ, ઝિંક અને કોપર પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના ખેતરોમાં વધારે જોવા મળ્યા. સાથે સાથે ખેતરોમાં ગ્રીન હાઉસ ગેસીસના ઉત્સર્જનમાં પણ મોટા પ્રમાણમાં ઘટાડો જોવા મળ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં પ્રાકૃતિક કૃષિ યુનિવર્સિટી દ્વારા ગુજરાત રાજયમાં પ્રાકૃતિક ખેતી, સેન્દ્રીય ખેતી અને રાસાયણિક ખેતી કરતા ખેડૂતોના ખેતરોમાં જમીનના નમૂનાનું પૃથ્થકરણ કરતા પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોના ખેતરોમાં સેન્દ્રીય કાર્બનનું પ્રમાણ સૌથી વધારે જોવા મળ્યું છે. આ ઉપરાંત ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ દ્વારા દેશમાં હાથ ધરવામાં આવેલ સંશોધનોનાં તારણોમાં પ્રાકૃતિક ખેતીના કૃષિના પરિણામો અન્ય ખેતી કરતા પ્રોત્સાહક જોવા મળેલ છે. આપણા માટે ગૌરવની વાત એ બનશે કે આ વિશ્વની એક માત્ર પ્રાકૃતિક કૃષિ યુનિવર્સિટી બનવા આપણે જઇ રહ્યા છીએ અને તેના પરિણામે માનનીય યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી, માનનીય કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમીતભાઇ શાહ સમગ્ર દેશમાં પ્રાકૃતિક કૃષિના ઉત્કર્ષ માટે સતત આહવાન કરી રહ્યા છે, ત્યારે પ્રાકૃતિક કૃષિના શિક્ષણ, સંશોધન અને પ્રચાર-પ્રસારને વધુ વેગવાન બનાવવા એક કેન્દ્રીત લક્ષ્ય સાથે કામગીરીના હેતુથી દેશની પ્રથમ પ્રાકૃતિક કૃષિ યુનિવર્સિટીની આ કામગીરીમાં મારી અપેક્ષા છે કે તેનું જે નામ અમે જે તેમાં ફેરફાર કરીએ છીએ તેમાં સમગ્ર ગૃહ અમને સહકાર આપે. આવી પ્રાકૃતિક કૃષિને લક્ષમાં લઇ કામગીરી કરતી દેશની આ પ્રથમ પ્રાકૃતિક કૃષિ યુનિવર્સિટી હશે જેની નવીન પહેલ ગુજરાત કરવા જઇ રહ્યું છે જે આપણાં સૌ માટે ગૌરવની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવાની, રાજયની ખેડૂતોની સુખાકારીમાં વધારો કરવા પ્રાકૃતિક કૃષિના શિક્ષણ, સંશોધન અને પ્રચાર-પ્રસારની કામગીરીને વધુ વેગવાન બનાવવું ખૂબ જ જરૂરી છે. પ્રાકૃતિક કૃષિના ઉત્તમ પરિણામો મેળવવા અને તેનાથી રાજયને લાભાન્વિત કરવા એક ખાસ કેન્દ્રીય લક્ષ્ય સાથે આગળ વધવા માટે પ્રાકૃતિક કૃષિ યુનિવર્સિટીનું નિર્માણ ખૂબ જરૂરી બાબત બની જાય છે.માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્ત્વ હેઠળની અમારી સરકાર હંમેશા રાજ્યની સુખાકારી માટે વિચારણા કરીને આગળ વધતી સરકાર છે. આ દિશામાં આ પગલું એક કલગી સમાન બની રહેશે. તેથી ગૃહના સૌ સન્માનનીય સભ્યશ્રીઓને આ સુધારા વિધેયક નિર્વિરોધ પસાર કરવા મારી આગ્રહભરી વિનંતી છે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક લઇને આવ્યા છે એમાં ૪-૫ મુદ્દા રજૂ કરવા માગું છું. બિલના ઓરિજિનલ ડ્રાફ્ટનું નામ ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી વિધેયક-

૨૦૧૭ હતું. આ વખતે નામમાં સુધારો 'ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી' છે. 'નેચરલ ફાર્મિંગ' શબ્દ ઉમેરાયો. એક નવું તત્ત્વ બિલમાં ઉમેરાયું એ વાતનો રાજીપો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રધાનમંત્રીશ્રીએ તા.૧૫મી ઓગસ્ટના દિવસે લાલ કિલ્લા પરથી કહ્યું હતું કે આ દેશનું ભવિષ્ય હવે ઓર્ગેનિક ફાર્મિંગ છે. એ જ શબ્દને આ સુધારા બિલમાંથી દૂર કરવામાં આવ્યો છે. હું માનનીય મંત્રીશ્રીને સન્માનપૂર્વક કહું છું કે એ જ્યારે મારી વાતનો જવાબ આપે ત્યારે ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ એ શબ્દ દૂર કરવાનું કારણ એમણે ગૃહ સમક્ષ સ્પષ્ટ કરવું જોઇએ. એ નવું સુધારા બિલ લાવ્યા એના ઉદ્દેશો અને કારણોમાં એવું લખે છે કે ''વૈજ્ઞાનિક ઢબે કુદરતી ખેતીને ઉત્તેજન આપવા માટે અને કુદરતી ખેતીના ક્ષેત્રમાં અનુભવી અને જાણકાર માનવ સંપત્તિ ઉપલબ્ધ કરાવવા માટે અને જૈવિક કૃષિ અને કુદરતી ખેતી વચ્ચેના મૂળ તફાવતની વિચારણા કરતાં'' એટલે કે નેચરલ ફાર્મિંગ અને ઓર્ગેનિક એગ્રિકલ્ચર વચ્ચે એમને તફાવત જોવા મળ્યો છે. આ તફાવત શું છે? એની પણ એમણે વિગતવાર સ્પષ્ટતા કરવી જોઇએ. બાકી કૃષિ ક્ષેત્રમાં જે પ્રમાણે પેસ્ટિસાઇડ અને રસાયણોના કારણે નુકસાન થયું છે એ પ્રમાણે આખી માનવ સભ્યતા સામૂહિક રીતે એવું માની રહી છે કે આપણે બધાએ નેચરલ ફાર્મિંગમાં જવું જ જોઇએ. આ ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ શબ્દ શા માટે દૂર કર્યો? અને એ નેચરલ ફાર્મિંગ કરતાં કઇ રીતે જુદું પડે છે એની ચોખવટ થવી બહુ જરૂરી છે. બીજી મહત્ત્વની વાત એ છે કે તત્કાલીન મંત્રી શ્રી ચીમનભાઇ સાપરીયાએ આ મુદ્દે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા એનો એક અંશ વાંચું છું. ''હાલમાં ખેતીમાં રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ અને પ્રદૂષિત પાણીનો વપરાશ વધતો ગયો છે. જેથી આડઅસર ઊભી થવાનો ખતરો ઊભો થયો છે. આ આડઅસરોના નિવારણ માટે પરંપરાગત ખેતીનું રૂપાંતર કરી આધુનિકતા સાથે સંશોધન, કૃષિ અને વિસ્તરણનો સમન્વય કરી આવતી પેઢી અને માનવજાતનું આરોગ્ય સુધારવા સરકારી બિલ લઇને આવ્યો છું.'' કૃષિ ક્ષેત્રમાં સુધારો આવે. રસાયણો, જંતુનાશક દવાઓના કારણે જે નુકસાન થયું છે એનાથી આપણી કૃષિને, એનાથી આપણી ખેતીને, એનાથી આપણા ખેડૂતને, એનાથી આપણા ગામડાને, એનાથી આપણા દેશને અને એનાથી આખી માનવ સભ્યતાને બચાવવાની વાત છે. એના માટે આખું સંશોધન થાય, રિસર્ચ થાય, અભ્યાસ થાય અને એના પરથી આપણે તજજ્ઞો પેદા કરીએ એના માટે યુનિવર્સિટી હોય. આખી દુનિયા કહી રહી છે કે પેસ્ટિસાઇડ્સ અને રસાયણના કારણે ખેતીને ખૂબ મોટું નુકસાન થયું છે અને એના કારણે આપણે નેચરલ અને ઓર્ગેનિક ફાર્મિંગમાં જવું જોઇએ. હું ચાર ખૂબ મહત્ત્વની બાબતો આ ગૃહ સમક્ષ મૂકવા માગું છું. રાજ્ય સરકાર અને માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે પ્લીઝ આ બાબત કન્સીડર કરજો. છેલ્લાં બે વર્ષથી સાબરમતી નદીના પ્રદૂષણને કારણે પાણી અને ખેતીને એટલું બધું નુકસાન થઇ રહ્યું છે કે હજારો એકર જમીન એ હદે બરબાદ થઇ ચૂકી છે કે નામ. હાઇકોર્ટે છેલ્લાં બે વર્ષથી એનો સુઓમોટો કૉગ્નિઝન્સ લેવો પડે છે. આપણે રસાયણોના કારણે નુકસાન થયેલી જમીનની સુધારણા કરીએ અને બીજી બાજુ આ પ્રદૂષણનો ભોગ બીજા ખેડૂતો અને ખેતી બનતા હોય તો એનો મતલબ રહેતો નથી. આવો બીજો મહત્ત્વનો મુદ્દો એ છે કે પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકામાં રાજ્ય સરકારે એક કંપનીને ડમ્પિંગનું કામ આપ્યું. કંપની પોતે કહે છે કે અમારા એન્વાયરમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ પ્રમાણે અમે આ ડમ્પિંગ સાઇટમાં ઉદ્યોગોનો ૭ લાખ મેટ્રિક ટન કચરો ઠાલવવાના છીએ જેની ૧૦ લાખ લોકો પર અસર થવાની છે. તે કંપનીની સામે ૫૫ ગામના ખેડૂતો, ચાણસ્મા તાલુકાના સર્વ જ્ઞાતિના ભાઇ-બહેનોએ સાથે મળીને વિરોધ કર્યો. આપણે આને નહિ રોકીએ તો આપણે ઓર્ગેનિક ફાર્મિંગ ક્યાં કરીશું? મારો ત્રીજો મુદ્દો એ છે કે સાઉથમાં પણ અંકલેશ્વર અને આજુબાજુના ચાર તાલુકા મળી કુલ પાંચ તાલુકાના ૨૧૮ ગામના ૪૦ હજાર ખેડૂતોએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં હમણાં એવી પ્રેયર સાથે પિટિશન કરી કે અમારી ૧ લાખ ૭૦ હજાર એકર જમીન ઉદ્યોગોએ ઠાલવેલા કચરાના કારણે બરબાદ થઇ ચૂકી છે અને વર્ષ ૨૦૧૬નો કેગનો રિપોર્ટ ગુજરાત સરકારને એવી ટકોર કરે છે કે ગુજરાતમાં ૪૦ ટકા સરફેસ વૉટર દૂષિત થઇ ચૂક્યું છે. આ પાણી પીવામાં કે કૃષિમાં ન વાપરવું એવી રાજ્ય સરકાર પોતે સામે ચાલીને જનતાને જાણ કરે. આવા અનેક દાખલાઓ હું આપી શકું પણ આ ચાર દાખલાઓનો સરવાળો કરીએ તો લગભગ એવું થાય કે આપણે ૫ હજાર એકર જમીનમાં ઓર્ગેનિક ફાર્મિંગ કરવા જઇએ છીએ અને આપણી ૫ લાખ એકર જમીન ઓલરેડી બરબાદ થઇ ચૂકી છે. રાજ્ય સરકારને મારી વિનંતી છે કે આ બિલમાં અમારું સમર્થન છે અને આવી યુનિવર્સિટી બનવી જ જોઇએ પણ હું હાથ જોડીને ગુજરાતના ખેડૂતોના હિતમાં વિનંતી કરું છું કે જ્યાં પણ શક્ય બને અને જ્યારે ઉદ્યોગ ગૃહ પોતે કહેતું હોય કે અમારા એન્વાયરમેન્ટ ઇમ્પેક્ટના રિપોર્ટ પ્રમાણે ૧૦ લાખ લોકોને નુકસાન થવાનું છે, ૭ લાખ મેટ્રિક ટન કચરો ઠલવાવાનો છે ત્યારે આ પરિસ્થિતિને કોઇ પણ સંજોગોમાં રોકવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું અત્યારે મારી વાત મૂકી રહ્યો છું. મારા બ્લડ ટેસ્ટ વગર મારું હિમોગ્લોબિન કેટલું છે તે કોઇ ન કહી શકે. આ જ રીતે જમીનના ટેસ્ટિંગ વગર તેમાં રિક્વાયર્ડ માત્રામાં નાઇટ્રોજન છે કે રિક્વાયર્ડ માત્રા કરતાં વધારે છે તેના માટે સોઇલ ટેસ્ટિંગ કરવું પડે. આપણે બનાસકાંઠાનો દાખલો લઇએ. જગાણા પાસેની લેબ અને ડીસાની લેબને બાદ કરતાં આપણી પાસે લેબૉરેટરી જ નથી. સ્વાભાવિક રીતે આપણે જે યુનિવર્સિટી બનાવીશું તેમાં રિસર્ચ થવાનું, અભ્યાસો થવાના અને રાજ્ય સરકાર એવું ઇચ્છે જ કે તબક્કાવાર આખું ગુજરાત ઓર્ગેનિક ફાર્મિંગ તરફ વળે અને તેના ફળ આપણે બધા ખાઇએ. આ પ્રક્રિયા માટે બહુ જ મોટી સંખ્યામાં આપણે સ્ટેટ વાઇડ લેબૉરેટરીની જરૂર છે એ ક્યાંય નથી. સોઇલ ટેસ્ટિંગના કાર્ડ આપ્યા, હવે જે ખેડૂતોની જમીનમાં સોઇલ ટેસ્ટિંગ થયું તેના રિપોર્ટ્સમાં ક્યાંક નાઇટ્રોજન વધારે તો ક્યાંક ફોસ્ફરસ વધારે મળ્યું. એ વસ્તુનું નિદાન થયું તેને સુધારવા માટે આપણે જે પદ્ધતિઓ અપનાવવાની છે તેના માટેની લેબૉરેટરી જ નથી.

લેબોરેટરીના અભાવમાં સોઇલ ટેસ્ટિંગ થવાનું નથી, સોઇલ ટેસ્ટિંગ નહીં થાય તો ખેતરોમાં વાસ્તવિક શું પરિસ્થિતિ છે? કયા રસાયણ અને પેસ્ટીસાઇડને કારણે શું નુકસાન થયું છું તેનો કોઇ વિગતવાર અભ્યાસ આપણી પાસે પહોંચી શકવાનો નથી. આથી મારું બીજું સૂચન છે કે આપણે મોટા સ્તર ઉપર આ લેબોરેટરીના નિર્માણનો વિચાર કરવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી ત્રીજી એક અગત્યની બાબત ધ્યાને મૂકવા માગું છું. હમણાં જ મારા સાથી સભ્યશ્રી પ્રવિણભાઇ માળીએ એક વસ્તુ ગૃહ સમક્ષ મૂકી હતી કે આ વર્ષને મિલેટ યર જાહેર કરવામાં આવ્યું. ગુજરાતમાં ૧૦૦માંથી ૪૦ બાળકો કુપોષિત છે. લગભગ દર વિધાનસભાના સત્રમાં કોઇ પણ સવાલના જવાબમાં આ બાબતનો ઓન રેકર્ડ ખુલાસો થાય છે. દરેકે દરેક બાળક સુધી કદાચ પહોંચી ન શકીએ તો પણ પ્રયોગ તરીકે રાજ્ય સરકારને મારી વિનંતી છે કે પાયલોટ પ્રોજેક્ટ લોંચ કરવો જોઇએ અને મધ્યાહન ભોજનની યોજનામાં અને પી.ડી.એસ. સિસ્ટમમામાં બંટી, બાજરો, જુવાર, રાગી વગેરે ઓર્ગેનિક ફાર્મિંગ દ્વારા તૈયાર થયેલા મિલેટ્સ ગુજરાતનાં બાળકોને મળવા જોઇએ. કારણ કે એ આપણું અલ્ટીમેટ એઇમ છે. ખેતીના ઉત્પાદનની અને એ પ્રમાણેના ખોરાકની દિશામાં જવાની આપણી ઇન્ડિજિનિયસ પદ્ધતિ હતી. તેના અભ્યાસના સંશોધન માટે યુનિવર્સિટી બનાવી રહ્યા છીએ. રાજ્ય સરકાર આ બાબતે ગંભીરતાથી વિચાર કરશે. છેલ્લે એટલું જ કહીશ કે જમીનનું પ્રદૂષણ, પાણીનું પ્રદૂષણ, કોર્પોરેટ કંપની અને ઈન્ડસ્ટ્રીયલ ગ્રૃપ ઘણી જગ્યાએ ગુજરાતમાં ખેડૂતોના સખત વિરોધ છતાં બહુ જ ડેસ્પરેટલી આગળ વધવા માગતી હોય છે. આ બધા મુદ્દે આપણું એક હોલિસ્ટિક વિઝન નહીં હોય. ગુજરાતની પોતાની એક એગ્રિકલ્ચર પૉલિસી હોય, ઓર્ગેનિક-નેચરલ ફાર્મિંગની પૉલિસી હોય, કેટલું ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવું છે?, કેટલો સ્ટાફ જોઇએ?, કેટલા રિસર્ચ સ્કોલર જોઇએ? આનું કશું જ આયોજન આ સુધારા બિલમાં નથી કે ઓરિજિનલ બિલમાં પણ નથી. આ બિલ વર્ષ ૨૦૧૭માં આવ્યું હતું. આજે એ વાતને પાંચ વર્ષ થઇ ગયા છે. આપણી પાસે ચાર-પાંચ કૃષિ યુનિવર્સિટીઓ છે એમાં આપણે પાંચેક રિસર્ચ સેન્ટર ઊભાં કરી શક્યા હોત. તબક્કાવાર છેલ્લાં પાંચ વર્ષમાં આ દિશામાં ઘણું કામ થઇ શક્યું હોત. હું એક જ વિનંતી કરું છું કે, આ પ્રદૂષણ ફેલાવનારી ઇન્ડસ્ટ્રિઝની સામે જે લોકજુવાળ ઊભો છે એમાં ગુજરાતમાં પાંચ-સાત જગ્યાએ ગુજરાત સરકાર ડેમોક્રેટિક રીતે એમની સાથે લોકશાહી પદ્ધતિથી ડાયલોગ કરે કે શા માટે ખેડૂતો પોતાની જમીન આપવા તૈયાર નથી? ખરેખર ખેતીની જમીનને અને ગામડાઓને કેટલું નુકસાન થવાનું છે એનો વિચાર કરીએ તો રસાયણોના કારણે થયેલા નુકસાનથી બચવા આપણે જે ઓર્ગેનિક વેમાં જઇ રહ્યા છીએ એના કરતાં આ પાંચ-સાત લાખ જમીનનું નુકસાન બચે તો બહુ મોટું કામ થશે. આશા રાખું છું કે, માનનીય મંત્રીશ્રી પોતાના જવાબમાં આ બાબતે થોડી ક સ્પષ્ટતા કરશે.

શ્રી જયદ્રથસિંહજી ચં.પરમાર(હાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિમંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે ગુજરાત રાજ્યમાં નેચરલ ફાર્મિંગ કુદરતી ખેતી અને ઓર્ગેનિક એગ્રિકલ્ચર સાયન્સ જેવી કૃષિવિષયક વિજ્ઞાનના વિકાસ માટે યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે ગુજરાત નેચરલ ફાર્મિંગ એન્ડ ઓર્ગેનિક એગ્રિકલ્ચર યુનિવર્સિટી વર્ષ ૨૦૧૭માં શરૂ કરી. સમગ્ર દેશમાં આપણું ગુજરાત પહેલું રાજ્ય હશે કે જેણે નેચરલ ફાર્મિંગ એન્ડ ઓર્ગેનિક એગ્રિકલ્ચર યુનિવર્સિટીની શરૂઆત કરી હશે. જૈવિક ઓર્ગેનિક યુનિવર્સિટી ઓર્ગેનિક અને નેચરલ ફાર્મિંગની થોડી વાત સભાગૃહ સમક્ષ કરું તો, ઓર્ગેનિક ફાર્મિંગને છેલ્લા લગભગ ત્રીસેક વર્ષથી કૃષિ યુનિવર્સિટીઓ અને અનેક સંસ્થાઓ પ્રોત્સાહિત કરી રહી છે. આજે ઓર્ગેનિક ફાર્મિંગ શબ્દ દેશ અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રચલિત બની ચૂક્યો છે. ઓર્ગેનિક ફાર્મિંગમાં કુદરતી સ્ત્રોતના જતન માટે પ્રકૃતિનું શોષણ ન કરતાં પોષણ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. જેમાં કૃષિ રસાયણોનો વપરાશ કરવાનો હોતો નથી. રાસાયણિક ખાતરને કંટ્રોલ કરવા માટે જે-તે વખતે ઓર્ગેનિક યુનિવર્સિટીની શરૂઆત કરી. ખેતીપાકોને જરૂરી પોષકતત્વો પૂરા પાડવા સેન્દ્રિય ખાતરો, છાણિંયા ખાતરો અને અળસિયાના ખાતરોની ભલામણ કરવામાં આવી છે. વૈજ્ઞાનિકોએ દરેક પાક માટે એન.પી.કે.જેવા મુખ્ય તત્ત્વોની કેટલી જરૂરિયાત છે તેનું સંશોધન કરેલ છે. ઓર્ગેનિક ફાર્મિંગમાં આ જથ્થાને સેન્દ્રીય ખાતરો દ્વારા તેમાં રહેલા એન.પી.કે. તત્ત્વોની ગણતરી કરી પૂરા પાડવામાં આવે છે. જેથી, મોટા જથ્થામાં સેન્દ્રિય ખાતરો, છાણિયા ખાતરો અને અળસિયાના ખાતરોની જરૂર પડે છે. જેનાથી ખેડૂતોનો ખેતી ખર્ચ અનેકગણો વધી જાય છે તથા છાણમાંથી ઉત્પન્ન થતો મિથેન વાયુ કે અન્ય વાયુ જળવાયુ પરિવર્તનમાં મદદ કરે છે. ઓર્ગેનિક ફાર્મિંગમાં ખેડ-ખાતરનું મિશ્રણ, ભૌતિક નિંદણ વ્યવસ્થા અને જંગી કાર્બનિક ખાતરની જરૂરિયાત પડે છે. ઓર્ગેનિક ફાર્મિંગમાં અનેક બાયો ઇનપુટ ખેડૂતને બજારમાંથી લાવવા પડે છે અને ખૂબ જ ખર્ચાળ પણ છે. આમ, ઓર્ગેનિક ફાર્મિંગ ભારતીય પરંપરાગત ખેતીને બદલે વિદેશી ખેતી હોવાનું જણાય છે. વર્ષોના અનુભવોના અંતે જે પ્રમાણે ખેડૂતોના ત્યાં મૉડલ ઓર્ગેનિક ફાર્મ તૈયાર થવા જોઇએ એટલા આદર્શ મૉડલ ફાર્મ થયા નથી. એટલે જ ઓર્ગેનિક ફાર્મિંગ ભારતીય ખેડૂતો માટે પોસાય તેમ નથી. અનુભવે જાણવા મળ્યું કે, ઓર્ગેનિક ફાર્મિંગથી જમીનમાં સેન્દ્રિય કાર્બન પણ ઝડપથી વધારી શકાતો નથી, જ્યારે પ્રાકૃતિક ખેતીમાં મૂળભૂત સિંદ્ધાત મુજબ ખેડૂતે બહારના સંશાધનો બિલકુલ વાપરવાના નથી. એટલે એનો ખર્ચ પણ થવાનો નથી. જ્યારે પ્રાકૃતિક ખેતીમાં મૂળભૂત સિદ્ધાંત ખેડૂતે બહારના સંશાધનો બિલકુલ વાપરવાના નથી અને તેની પાછળ બિલકુલ ખર્ચ પણ થવાનો નથી. પોતાના ખેતરમાં પકવેલા અથવા સુધારેલ બીજનો જ ઉપયોગ કરવાનો છે. પાકને પોષણ વ્યવસ્થા, ખેતરના પાક અવશેષો, ગાયના દ્રવ્યો થકી જીવામૃત, બીજામૃત, ઘન જીવામૃત, લીલો પડવાશ અને અન્ય ખેતી વ્યવસ્થા દ્વારા જ

કરવાની રહે છે. જમીનની જાળવણી માટે જમીનને વાવણી સિવાય ખેડ કરવાની નથી. બેક્ટરિયા અને સૂક્ષ્મ જીવાણુની સંખ્યા વધવાથી જમીન કુદરતી રીતે પોચી અને ભરભરી રહે છે. તેથી ઓર્ગેનિક કાર્બન અને ભેજ સંગ્રહ વધશે. વરસાદનું પાણી પણ વધારે પચી જશે. વરસાદની અછતની પરિસ્થિતિમાં પણ પાક નિષ્ફળ જવાની સંભાવના ઘટી જશે. આગલા પાકોના અવશેષોનું આચ્છાદન થઇ નિંદામણ, નિયંત્રણ સારી રીતે થશે. અવશેષો સડતાં તેમાંથી ઉત્પન્ન થતાં પોષકતત્વો લાંબા ગાળા સુધી પાકને પ્રાપ્ત થતાં રહેશે. જમીનનું ધોવાણ અટકશે અને જળ સંરક્ષણનું ઉત્તમ કાર્ય પણ થશે. પાક સંરક્ષણ માટે બહારનો કોઇ ખર્ચ કરવાની જરૂર રહેતી નથી. પ્રાકૃતિક ખેતીમાં ખર્ચ ઓછો અને ઉત્પાદનમાં પણ ઘટાડો થતો નથી. રાજ્યમાં ધીમે-ધીમે જાગૃતિ વધતાં, પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોની સંખ્યામાં ખૂબ વધારો થઇ રહ્યો છે. આમ, નેચરલ ફાર્મિંગ વિષય માટે સંશોધન અને ખૂબ મોટી કામગીરી હાથ ધરવાની આવશ્યકતા જણાય છે. નેચરલ ફાર્મિંગના વિષયમાં ખાસ કરીને માઇક્રોબાયોલોજી, પાક સંરક્ષણ, પ્લાન ન્યુટ્રિશન, બાયોકેમિસ્ટ્રી, એગ્રોનોમી તેમજ આ પદ્ધતિની વિવિધ ખેતી પદ્ધતિઓ માટે ઉંડાણપૂર્વક સંશોધનની જરૂરિયાત જણાય છે તેમજ ગ્રાહકોને નેચરલ ફાર્મિંગની ખેતપેદાશો, દૂધ અને દૂધની બનાવટો, શાકભાજી, કઠોળ અને ફળફળાદી સહિત તમામ ખાદ્ય સામગ્રી વિશ્વસનીય પુરવઠા શૃંખલા મારફતે ખેડૂતના ખેતરથી ગ્રાહક સુધી પહોંચે તે માટે સંશોધન અને પ્રચાર-પ્રસારની ખૂબ મોટી આવશ્યકતા જણાય છે. જૈવિક ખેતીનો વ્યાપ વધારવા છેલ્લાં ઘણાં વર્ષોથી પ્રયત્ન થયા હોવા છતાં, કોઇ ટકાઉ મૉડલ ખેડૂતોના ખેતરમાં જોવા મળતું નથી. આ સંદર્ભે આપણે જોઇએ તો, જૈવિક કૃષિમાં ૧૫થી ૨૦ ગાયથી ૧ એકર જમીનમાં ખેતી કરી શકાય જયારે પ્રાકૃતિક ખેતીમાં ૧ દેશી ગાયથી ૩૦ એકર જમીનમાં ખેતી કરી શકાય છે. આમ, આપણે જૈવિક અને પ્રાકૃતિક કૃષિને અલગ રીતે જોઇએ કે કેમ આપણે પ્રાકૃતિક કૃષિ તરફ વળવું જોઇએ? એની થોડી વાત આ સન્માનનીય સભાગૃહ સમક્ષ કરી. પ્રધાનમંત્રીશ્રીએ દેશના ખેડૂતોની આવક બમણી કરવાનો જે નિર્ધાર કર્યો તે અભિયાનમાં રાજ્ય સરકાર પણ એમની સાથે કદમ મિલાવે છે. ખેડૂતની આવક બમણી કરવા જરૂરી છે, વૈજ્ઞાનિક ઢબે કૃષિ પરિસ્થિતિનું આકલન કરી ખેત ઉત્પાદન વધારવાનું. રાજ્ય સરકારના કૃષિ વિભાગની ટીમ આ માટેના તમામ પગલાંઓ ધ્યાને લઇ ખેડૂતોની સમૃદ્ધિ કેમ કરીને લાવી શકાય? તે માટે સતત રાત-દિવસ મંથન કરી ખેડૂતલક્ષી નવી નીતિઓ ઘડી રહી છે. આજના સમયમાં પર્યાવરણીય દૃષ્ટિએ વન, વૃક્ષો અને જૈવિક વિવિધતા અંગે સમગ્ર વિશ્વ ચિંતિત છે ત્યારે સર્વાંગી વિકાસ સાથે આપણું ગુજરાત રાજ્ય અગ્રેસર છે. જેમાં હવે પ્રાકૃતિક ખેતી દ્વારા ખેડૂતોની સુખાકારી અને આર્થિક સદ્ધરતા માટે ગુજરાત સરકાર સજ્જ બનવા જઇ રહી છે. કૃષિ એ માનવ સંસ્કૃતિના ઉદય પાછળનું મહત્ત્વનું પરિબળ છે. ખેતીએ માનવજીવનમાં અમૂલ પરિવર્તન કર્યું છે. છેલ્લા અઢી દાયકામાં ગુજરાતે દ્વિતીય હરિયાળી ક્રાંતિ માટે આગેવાની લીધી છે અને હવે પ્રાકૃતિક ખેતી તરફ કૂચ કરીને એક નવું સીમાચિહન ઊભું કરશે. ગુજરાતની કૃષિ ક્રાંતિના પાયામાં ખેડૂતોનો પરિશ્રમ અને રાજ્ય સરકારની પ્રોત્સાહક કૃષિ નીતિ રહી છે. પ્રાકૃતિક ખેતી દ્વારા પણ અવાર-નવારના સમય અને આવનાર સમયમાં જંગી પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનો મળતાં થશે, જેના માટે ગુજરાત આગવું સ્થાન પ્રસ્થાપિત કરશે. આજે ખેતી અને ખેડૂતને સમૃદ્ધ બનાવવાના પ્રાકૃતિક ખેતીના મહાઅભિયાનમાં જોડાઇને, રાજ્યના કૃષિના ઋષિઓ બહોળા પ્રમાણમાં પોતાનું યોગદાન આપી કૃષિ ગુણવત્તાને અનેક નવી ઊંચાઇએ પહોંચાડશે તેનો પણ મને વિશ્વાસ છે. ગુજરાતીમાં કહેવત છે કે, 'પાણી આવે તે પહેલા પાળ બાંધીએ' અને અંગ્રેજીમાં કહેવત છે કે 'Prevention is better than cure.' હવે સમય આવી ગયો છે કે ખેડૂતોએ રાસાયણિક ખેતી ઓછી કરી, પ્રાકૃતિક ખેતી તરફ વળવાનું છે. હવે આપણે જો પ્રાકૃતિક ખેતીની વાત કરીએ તો નિયંત્રણ ખર્ચ, વધુ ઉપજ, ઉચ્ચ ગુણવત્તા, સ્વાસ્થ્ય પર્યાવરણ,ઝેર, રોગ, જંતુમૂક્ત ઉત્પાદન, કુદરતી હોનારત તથા કૃષિ લોનના ચક્રમાંથી મુક્તિની સાથે સાથે ખેડૂતોને સમૃદ્ધ, ખુશહાલ અને સ્વાવલંબી બનાવનારી ખેતી એટલે જ પદ્મશ્રી સુભાષ કાલેકરજીની પ્રાકૃતિક ખેતીની પદ્ધતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુભાષ કાલેકરજીએ આપણને પ્રાકૃતિક ખેતી માટે અનેક કેમ્પો કરી ખૂબ માર્ગદર્શન આપ્યું છે. આપણે જોઇએ તો આપણા પદ્મશ્રી સુભાષ કાલેકરજી દ્વારા વિકસિત પ્રાકૃતિક ખેતી આજે હિમાચલ પ્રદેશમાં એક આંદોલનનું સ્વરૂપ લઇ ચૂક્યું છે. ત્યાં સરકારના સહયોગથી આ પ્રાકૃતિક ખેતીના પ્રચાર પ્રસાર માટે કૃષિ, બાગાયત અને પશુપાલન અને કૃષિ વિભાગની સાથે કૃષિ યુનિવર્સિટીઓ હોય, એ સાથે મળીને પ્રભાવી કાર્ય કર્યા છે. તેમજ પ્રાકૃતિક ખેતી માટે હિમાચલ પ્રદેશમાં આત્મા યોજના દ્વારા મોટા પાયે તાલીમ કાર્યક્રમનું કાર્ય શરૂ કરેલ છે. હવે જયારે આ ખેતી ગુજરાતમાં શરૂ કરવામાં આવી રહી છે ત્યારે આ ખેતીનો વ્યાપ વધે. ખેડૂતોને વાવણીથી લઇ વેચાણ સુધી કોઇ તકલીફ ના પડે તેવા પ્રયત્નો રાજ્ય સરકાર દ્વારા પણ કરવામાં આવી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રાકૃતિક કૃષિને રાજયમાં વધુ વેગ મળે તે માટે રાજયમાં આપણા આદરણીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી પણ પોતાનો બહુમૂલ્ય ફાળો આપી રહ્યા છે. સરકાર આના માટે ખૂબ પ્રયત્ન કરે, મહેનત કરે. એની સાથે આપણા રાજ્યપાલશ્રીનું માર્ગદર્શન પણ આપણને મળી રહ્યું છે. પ્રાકૃતિક ખેતીના મુખ્ય પાંચ સિદ્ધાંતો અંગે વિગતે પ્રેક્ટિકલ જ્ઞાન આપવામાં પણ આવી રહ્યું છે. જેમાં બીજામૃત, આચ્છાદન, જીવામૃત અને ઘન જીવામૃત, વાપસા, પાક સહજીવન ઉપરાંત જંતુનાશક રોગનાશક દવાઓ બનાવવાની પણ જાણકારી આપવામાં આવી રહી છે. જેમાં નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, સપ્ત ધાન્ય અર્ક, દશવર્ણી અર્ક મુખ્ય છે.

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

ગુજરાત નેચરલ ફાર્મિંગ અને ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૩.

માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે આપણે જોઇએ તો જે નેચરલ ફાર્મિંગ યુનિવર્સિટી એ કદાચ મારા નોલેજ પ્રમાણે આખા વિશ્વની આ પહેલી યુનિવર્સિટી થશે. પ્રાકૃતિક યુનિવર્સિટી. અમને ગૌરવ છે કે આ યુનિવર્સિટી અમારા પંચમહાલ જિલ્લાના હાલોલ ખાતે પાવાગઢની તળેટીમાં નિર્માણ પામી રહી છે. આપણા ગુજરાત માટે ગૌરવ ગણી શકાય કે આખા વિશ્વની પહેલી નેચરલ ફાર્મિંગ યુનિવર્સિટીની શરૂઆત આપણે કરી રહ્યા છીએ. આની શરૂઆત આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે આપણા મુખ્યમંત્રી હતા ત્યારથી આની શરૂઆત થઇ છે. આજે પૂર્ણ સ્વરૂપે અને પૂર ઝડપથી એનું મકાનનું બાંધકામ ખૂબ ઝડપથી થઇ રહ્યું છે. અમારા વાઇસ ચાન્સેલર છે, એ પણ ખૂબ રસ લઇ રહ્યા છે. અને એટલે આજે જયારે અહીંયા મને પણ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આ વિષય મૂકવાની તક મળી. આપે પણ સમય ફાળવ્યો. આપનો પણ આભાર માનું છું અને આ જે બિલ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને સમર્થન પણ આપું છું.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સુધારા વિધેયક લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું અને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

અધ્યક્ષશ્રી : આઇસક્રીમ અને નાસ્તો આવી ગયો છે. તો વન બાય વન જઇ આવે અને કોરમ જળવાય એ જોજો.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, એક બધાની ચિંતા કરનારું બિલ અને આવનારા સમયની યુવાધનને બચાવવા માટેની પણ ચિંતા કરનારું બિલ. એમાં સુધારો લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, ત્યારે એક ખેડૂતના દીકરા તરીકે હાલ જે ખેતીની પદ્ધતિ અપનાવીને આપણે ખેતી કરી રહ્યા છીએ. રાસાયણિક ખાતરો અને પેસ્ટીસાઇડ દવાઓનો જે વ્યાપ વધ્યો છે. એ વ્યાપ વધવાને કારણે ખેતીને આજે એટલું બધું નુકસાન પણ થઇ રહ્યું છે. આપણે ખેતરની અંદર જેવો પગ મૂકીએ એટલે આપણને ખબર પડે કે આમાં રાસાયણિક ખાતર અને પેસ્ટીસાઇડ દવાઓ કેટલી બધી વધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એટલી બધી જમીન કઠણ થઇ ગઇ છે. કદાચ આપણે એને ખેડ કરવા માટે ઉંડી ખેડ કરવી હોય તો પણ એને તોડવા માટે હેવી મશીનરીના સાધનોથી એને આપણે તોડવી પડે અને પછી આપણે ઉંડી ખેડ કરવી પડે એવી પરિસ્થિતિ આજે રાસાયણિક ખાતર અને પેસ્ટીસાઇડ દવાઓને કારણે થઇ રહી છે, ત્યારે માનનીય મંત્રીશ્રી બિલમાં જે સુધારો લઇને આવ્યા છે. જે યુનિવર્સિટીની સ્થાપના થઇ છે તેને સાયન્સનો દરજ્જો આપવા માટેનો સુધારો લઇને આવ્યા છે એ સુધારાને અને બિલને આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું પણ થોડા વર્ષથી પ્રાકૃતિક ખેતી કરી રહ્યો છું. પ્રાકૃતિક ખેતી એ ગાય આધારિત ખેતી છે. ગાયના છાણ અને ગૌમૂત્રથી બનનારી કોઇ પણ વસ્તુ હોય, જીવામૃત વગેરે ખેતરમાં એકરદીઠ આપતા હોઇએ છીએ ત્યારે તેને પ્રાકૃતિક ખેતીનો દરજ્જો મળતો હોય છે. માનનીય સભ્યશ્રી જીજ્ઞેશભાઇએ પણ બહુ સારી વાત કરી છે પણ ઓર્ગેનિક ખેતી અને પ્રાકૃતિક ખેતી બન્નેમાં થોડો તફાવત છે. પ્રાકૃતિક ખેતી છે એ ઘરમેળે તમારી પોતાની પદ્ધતિથી, તમારી પાસે જે ગાય છે તેના છાણ અને ગૌમૂત્રથી બનતું જે ખાતર છે એ જમીનમાં વાપરીને આપણે ખેતી કરીએ છીએ એટલે પ્રાકૃતિક ખેતી તરીકે આપણે તેને સ્વીકારીએ. ઓર્ગેનિક ખેતી છે એ બજારમાં મળતી જે કોઇ વસ્તુ છે જેવી કે ઓર્ગેનિક દવાઓ, બિયારણ, ખાતર. અત્યારે તો ઘણી બધી કંપનીઓ પોતાની પ્રોડક્ટ બનાવતી હોય છે એટલે એ ઓર્ગેનિક ખેતી તરીકે ઓળખીએ છીએ. તેનાથી પણ ખર્ચ વધે છે. પ્રાકૃતિક ખેતીથી ખર્ચ ઘટે છે. મને પોતાને જ્યારે જાણવા મળ્યું છે ત્યારે પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરીએ પછી ત્રણ વર્ષ સુધી થોડું ઉત્પાદન ઘટે છે. કારણ કે પહેલાંની જમીન જે બંજર થઇ ગઇ હોય, બગડી ગઇ હોય છે તેને સુધારતા થોડી વાર લાગે અને જે પ્રાકૃતિક ખેતીમાં છાણનો ઉપયોગ કરીને ખેતરમાં જે પ્રક્રિયા કરતા હોઇએ ત્યારે તેમાં બેક્ટેરિયા કે અળસિયા ઉત્પન્ન થવાના હોય તેમાં સમય લાગતો હોય છે. અળસિયા છે એ જમીનનો સાથી મિત્ર છે. ઘણાં વર્ષો પહેલાં આપણાં વડવાઓ હતા. હું ખેતી સાથે સંકળાયેલો ખેડૂતનો દીકરો છું એટલે મને પણ ખ્યાલ છે. અમે નાના હતા ત્યારે ખેતરમાં ચોમાસાની સિઝન જાય એટલે શિયાળો આવે અને પછી ઉનાળાની સિઝન આવે ત્યારે ખેતરમાં ગાય, ભેંસ કે બકરી જેવું પશુધન હોય તેને ખેતરમાં બાંધીને અમુક સમય ત્યાં રાખતા. ૧૫ દિવસ પછી તેની જગ્યા બદલાવી નાખતા. તેનું મુખ્ય કારણ એ હતું કે જમીનને પોતાનું પોષણ પશુ બાંધીએ છીએ તેમાંથી મળી રહેતું અને પ્રાકૃતિક રીતે ખેતીનું ઉત્પાદન આપણે સારી રીતે કરી શકતા. એવી જ પદ્ધતિ ફરી પાછી આપણા દેશના સન્માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી જે પ્રાકૃતિક ખેતીનો વિચાર લઇને આવ્યા છે અને ગુજરાતના સન્માનનીય રાજ્યપાલશ્રી પણ પ્રાકૃતિક ખેતીમાં એટલી બધી રૂચિ ધરાવે છે. પોતે હજારો એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે અને તેનાં પરિણામો જોઇ રહ્યાં છે ત્યારે ગુજરાતમાં સારી રીતે પ્રોત્સાહિત કરી રહ્યા હોય ત્યારે શ્રી રાઘવજીભાઇ બિલ લઇને આવ્યા છે ત્યારે હું મારું સમર્થન કરું છું. પ્રાકૃતિક ખેતીથી થતા ફાયદાઓ બાબતે કહું તો હું થોડા સમય પહેલાં સિક્કિમ રાજ્યમાં ગયો હતો. સિક્કિમ રાજ્ય આખા દેશમાં પ્રથમ એવું રાજ્ય હશે કે આખું પ્રાકૃતિક ખેતી ઉપર છે. આખા રાજ્યમાં ક્યાંય તમને દવાઓની દુકાન, પેસ્ટીસાઇડની દુકાન ન મળે. પ્રાકૃતિક ખેતીના ફાયદા જોવા માટે સિક્કિમ રાજ્યમાં જવું પડે.

**સભાપતિ શ્રીમતી સંગીતાબેન પાટીલ અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, હું ત્યાં ૧૦ દિવસ રોકાયો. દરમ્યાન મેં કોઇ પણ શહેરમાં દવાખાનાનું બોર્ડ જોયું ન હતું. ૭૫થી ૮૫ વર્ષની ઉંમર સુધીના લોકો સામાન લઇને પહાડ ઉપર ચડતા હોય છે. તેમને પૂછવામાં આવ્યું કે આટલી બધી ઉંમર થઇ ગયા પછી પણ પહાડ ઉપર ચડતા હોય છે તો તેનું મુખ્ય કારણ શું? ત્યારે એ લોકોએ કહ્યું કે અમારે ત્યાં કોઇ પેસ્ટીસાઇડ

દવાઓ કે રાસાયણિક ખાતરનો અમે અમારા રાજયની અંદર ઉપયોગ કરતા નથી અને જે ઉત્પાદન થાય છે એ ઉત્પાદન પ્રાકૃતિક રીતે જ અમે કરીએ છીએ. એના કારણે અમારા રાજયની અંદર બિલકુલ બીમારીનું પ્રમાણ નથી. આજે આપણા ગુજરાત રાજયની વાત કરું અને ખાસ કરીને અમારા સૌરાષ્ટ્રની વાત કરું તો કેન્સરના દર્દીઓ કોઇ ગામ બાકી નહીં હોય કે ત્યાં ૧૦-૧૫-૨૦ કેન્સરના દર્દીઓ નહીં હોય. બહેનો અને ભાઇઓ દરેકને થાય છે એનું મુખ્ય કારણ નિષ્ણાંત લોકોએ જયારે એનું સંશોધન કર્યું અને સંશોધન કર્યા પછી જયારે વાત સામે આવી તો એની અંદર મૂળભૂત પાયાની અંદર ૭૫ ટકા કેન્સર એ પેસ્ટીસાઇડ દવાઓ અને રાસાયણિક ખાતરોના વ્યાપને કારણે જમીનની ફળદ્રુપતા બિલકુલ ઝીરો થઇ ગયેલી હોવાથી એ જે પાકનું ઉત્પાદન થાય છે અને એ આપણા ઘર સુધી અને આપણા શરીર સુધી પહોંચે છે એના કારણે રોગ પ્રતિકાર શકિતઓ બિલકુલ ઘટી છે અને કેન્સરના પ્રમાણનો વ્યાપ સૌરાષ્ટ્ર અને ખાસ કરીને દરીયાકાંઠા ઉપર પુષ્કળ પ્રમાણમાં વધ્યો છે એનું મુખ્ય કારણ આ રાસાયણિક ખાતર અને પેસ્ટીસાઇડ દવાઓ છે એટલા માટે કૃષિમંત્રીશ્રી બિલ લઇને આવ્યા છે, સરકાર પણ એમાં પોઝિટિવ છે, સરકાર પણ એની અંદર ઘણી બધી યોજનાઓ થકી માનો કે ગાય પાળીએ તો ૯૦૦ રૂપિયા સુધીની માસિક સરકારશ્રી પણ ૯૦૦ રૂપિયા એમાં આપે છે, મારી કૃષિ મંત્રીશ્રીને પણ વિનંતી છે કે પ્રાકૃતિક ખેતીનો વ્યાપ જો આપણે વધારવો હોય તો એની જણસી જે થાય અને જે ખેડૂતો પ્રાકૃતિક કરી અને પોતાનો પાક જયારે માર્કેટમાં લઇને આવે તો એને યોગ્ય વળતર મળી રહેવું જોઇએ. એને યોગ્ય ભાવ મળે કારણ કે અત્યારે માર્કેટની અંદર ખરેખર પ્રાકૃતિક ખેતીથી પોતાનું ઉત્પાદન કરનારા ખેડૂત કરતા જે પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન નથી કરતા એવા ખેડૂતો પોતાની પ્રોડકટ લઇને માર્કેટમાં નીકળે અને ખેડૂતનું નામ ખરાબ કરે એ રીતે વેચતા હોય છે અને લોકો એનાથી છેતરાતા હોય છે. ખરેખર આજે પણ લોકોની પોતાની પણ અપેક્ષાઓ છે, પોતાને પણ પ્રાકૃતિક ખેતીથી ઉગેલું કોઇપણ શાકભાજી ફળફળાદિ, અનાજ બધું જોઇએ છે અને સારી કિંમત પણ આપવા માટે તૈયાર છે. આજે હમણાં રાજસ્થાનના પ્રવાસે બધા ધારાસભ્યશ્રીઓ સાથે ગયા હતા ત્યારે નાગોર જિલ્લો આવ્યો તો ત્યાં બાજરી અને મગનું વાવેતર આખા જિલ્લામાં પુષ્કળ પ્રમાણમાં થયું છે ત્યારે એ જિલ્લાની અંદર પણ અમે ત્યાંના ખેડૂતોને જઇને પૂછ્યું તો રેતાળ જમીનની અંદર બાજરીનું વાવેતર અને મગનું વાવેતર થયું હતું ત્યારે એ લોકો ઓછો રાસાયણિક ખાતર અને દવાનો ઉપયોગ કરે છે અને એને સારામાં સારી માર્કેટ બાજરીથી લઇને મગના પણ માર્કેટમાં ભાવ મળતા હોય છે એટલે પ્રાકૃતિક ખેતીને જેટલું બને એટલું પ્રોત્સાહન મળે એ માટે આપણે બધાએ વિચારવું પડે. આવનારી પેઢી માટે પણ વિચારવું પડશે નહીંતર અમારે ત્યાં મુરબ્બીશ્રી અર્જુનભાઇ પણ બેઠા છે, એમને ખ્યાલ છે કે દરીયાકાંઠે કેન્સરનું પ્રમાણ અમારે ત્યાં બહુ વ્યાપમાં વધ્યું છે અને એના મુખ્ય પાયામાં આ રાસાયણિક ખાતર અને પેસ્ટીસાઇડ દવાઓ આવે છે. હમણાં જ થોડા સમય પહેલાંજ મેં એક લેખ વાંચ્યો હતો અને લેખની અંદર વિશ્વ લેવલનો એક સરવે હતો અને એ સરવેની અંદર આખા એશિયા ખંડની અંદર સૌરાષ્ટ્રને પ્રથમ નંબર કેન્સરમાં આપ્યો છે. આટલો મોટો વ્યાપ થયો છે અને એમાં કારણ આપ્યા છે પેસ્ટીસાઇડ દવા અને રાસાયણિક ખાતરને ૭૫ ટકા આપ્યા છે ત્યારે હું પણ આપના મારફત આ ગૃહને વિનંતી કરું છું કે અહીં બેઠેલા બધા આપણા વિસ્તારના જવાબદાર ધારાસભ્ય તરીકે હોઇએ ત્યારે લોકો આપણી પાસેથી ઘણી બધી અપેક્ષાઓ રાખીને બેઠા હોય છે ત્યારે ધારાસભ્ય મોટા ભાગના છે એ ખેતીની સાથે સંકળાયેલા હોય છે ત્યારે પોતાની ખેતીની અંદર પોતે જયારે પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરશે અને બાકીના ખેડૂતોને પોતે કહેશે કે આનાથી તમને યોગ્ય વળતર અને યોગ્ય ભાવ મળી શકે એમ છે. ૩ વર્ષ સુધી થોડી તમારે મહેનત કરવી પડે તો ઘણા બધા ખેડૂતો છે એ આપણી વાતને સમર્થન આપીને પણ ધીરે ધીરે એમાં પ્રાકૃતિક ખેતી તરફ જોડાશે એટલે મારે બધા સભ્યશ્રીઓને પણ વિનંતી કરવી છે કે આપણે પણ બધા એની અંદર આ અભિયાનની અંદર જોડાવા માટેના પ્રયત્ન કરીએ અને દરેક ખેડૂતને પણ એમાં જોડીએ. પ્રાકૃતિક ખેતીના ઘણા બધા ફાયદાઓ છે. એક તો રાસાયણિક ખાતર અને પ્રેસ્ટીસાઇડ દવાને કારણે પાણીનો પણ વ્યાપ ઘણી બધો વધ્યો છે. ખેતરની અંદર પાણી જતું નથી. વરસાદનું પાણી પડે છે તો અંદર ઉતરતું નથી કારણ કે જમીન કઠણ થઇ ગઇ છે. પહેલાં જમીન પોચી રહેતી હતી, અળસિયાઓ હતા એટલે જમીન પોચી થાય, વરસાદ પડે, અંદર સુધી એનો ભેજ ઉતરે અને મારે તો સરકારશ્રીને અને કૃષિમંત્રીશ્રીને પણ વિનંતી છે, હું એક ખેડૂતના દીકરા તરીકે વિનંતી કરું છું.પહેલા જમીન પોચી રહેતી હતી. અળસિયા હતા એના કારણે જમીન પોચી થાય અને વરસાદ પડે એટલે અંદર સુધી ભેજ ઉતરે. મારી સરકારશ્રીને અને કૃષિમંત્રીશ્રીને વિનંતી છે કે ખેડૂતના દીકરા તરીકે વિનંતી કરું છું કે ગુજરાતમાં ટપક સિંચાઇ પદ્ધતિ ફરજિયાત કરવી જોઇએ. ટપક પદ્ધતિ અપનાવે એ ખેડૂતને પૂરેપૂરી સબસિડી આપીએ. આના માટે એને પ્રોત્સાહિત કરવા જોઇએ. પ્રાકૃતિક ખેતીની સાથે જે ખેડૂત જોડાય એ ખેડૂતને પણ ઇઝરાયલમાં પાણી આપવા માટેની પદ્ધતિ ખેતરમાં પાક વાવ્યો હોય અને કોઇ રોગ આવ્યો હોય, પાણી કેટલું જોઇએ, કેટલું પાણી ક્યારે આપવું એ કમ્પ્યૂટર આધારિત ખેતી ઇઝરાયલમાં છે. એ પદ્ધતિ ગુજરાતમાં કોઇપણ જિલ્લામાં આપણે પ્રોજેક્ટના રૂપમાં લાવીને ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટે આ યોજનાની પણ શરૂઆત કરવી જોઇએ એવી કૃષિમંત્રીશ્રી અને સરકારશ્રીને વિનંતી કરું છું. આપના મારફત મને મારા વિચારો રજૂ કરવાનો મોકો મળ્યો છે અને કૃષિમંત્રીશ્રી જયારે ખેડૂતોની વાત લઇને આવ્યા છે ત્યારે પ્રાકૃતિક ખેતીથી ઉગાડેલ પાકને માર્કેટમાં યોગ્ય ભાવ મળી રહે એવી વ્યવસ્થા કરવી જોઇએ એવીવિનંતી છે. આભાર.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે અને ઘણા બધા મિત્રોએ એ બાબતે પોતાના અભિપ્રાયો પણ વ્યક્ત કર્યા છે. આ યુનિવર્સિટીનું પહેલું બિલ સન ૨૦૧૭માં આવ્યું.

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

ગુજરાત નેચરલ ફાર્મિંગ અને ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૩.

આજે લગભગ ૬ વર્ષ થવા આવ્યાં. ૬ વર્ષમાં ત્રીજી વખત સુધારા વિધેયક આવ્યું છે. મને એમ હતું કે કાંઇક નવું આવશે પણ ત્રણેય વખત નામ બદલવાનું જ આવે છે. આપ જે પક્ષમાં બેઠા છો ત્યાં નવું કરવાના બદલે નામ બદલવાની પ્રક્રિયા બહુ ચાલે છે. પહેલા બિલ આવ્યું ત્યારે એનું નામ ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચર યુનિવર્સિટી એક્ટ ૨૦૧૭, પછી સન ૨૦૨૨માં બીજું નામ રાખ્યું ગુજરાત નેચરલ ફાર્મિંગ એન્ડ ઓર્ગેનિક એગ્રીકલ્ચર યુનિવર્સિટી અને હવે ફરી પાછું ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી. (અંતરાય) ઇન્ડિયા પણ અમે રાખ્યું છે અને ભારત પણ અમે રાખ્યું છે. અમે જ બધા નામ રાખેલા છે. હવે અમે કોઇ બદલવાના નથી. જે છે એ બરાબર છે અને શ્રી રાઘવજીભાઇનું નામ પણ શ્રી રાઘવજીભાઇ જ રાખવાના છીએ. બહુ પ્રિય માણસ છે. નામ ત્રણ વખત બદલ્યું પણ હું માનનીય મંત્રીશ્રી જે યુનિવર્સિટી છે એની વેબસાઇટ જોતો હતો, મારા પક્ષના નેતાએ પણ મને બતાવ્યું કે હજી નાનકડા મકાનમાં બેસે છે. માત્ર ૨ સર્ક્યુલર અત્યાર સુધીમાં બહાર પાડ્યા છે અને એક જ એમ.એસ.સી.ની ડિગ્રી આપે છે. આશા રાખીએ કે એમાં થોડું વિસ્તૃત થાય. જે હમણાં નક્કી કર્યું છે કે હાલોલની અંદર એનું કેમ્પસ બનાવવાનું છે એ કેમ્પસ બને અને એમાં મોટું રિસર્ચ કરવાની જરૂર નથી. પણ જે અત્યારે પ્રકૃતિ ઉપર જે આક્રમણ છે. આ નવી કોલોનાઇઝેશન કરવાની પ્રવૃત્તિ છે એ રોકાય તો ઘણું છે. માનનીય ભગાભાઇએ અમુક સાચી વાત કરી કે પ્રાકૃતિક ખેતીના બહુ ફાયદા છે. પણ પ્રાકૃતિક કેટલું રહ્યું છે એ સવાલ છે. મુખ્ય કુદરતી તત્ત્વો છે એમાં જમીન પ્રાકૃતિક રહેવા દીધી નથી. હવા પ્રાકૃતિક રહેવા દીધી નથી. પાણી પ્રાકૃતિક રહેવા દીધું નથી. હવે જ્યાં સુધી એ પ્રાકૃતિક ન રહે ત્યાં સુધી આપણે કરીશું શું? બાકી તો રિસર્ચ ઘણા કરાવ્યે રાખીશું. વગર યુનિવર્સિટીએ સિક્કિમ આખું રાજ્ય ઓર્ગેનિક થઇ ગયું. આપણે કેટલા ગામો ઓર્ગેનિક કર્યા? ૬ વર્ષે બિલ લઇને આવ્યાં. મારી પાસે આંકડા છે એમાં માનનીય મંત્રીશ્રી મારી ભૂલ હોય તો સુધારે, મારી પાસે સરકારના જ આંકડા છે. આપણી પાસે ખેતીની ૯૬ લાખ હેક્ટર જમીન છે, એમાંથી માત્ર ૩૨,૦૦૦ હેક્ટર જમીનમાં ઓર્ગેનિક ખેતી કાગળ ઉપર થાય છે. ૬ વર્ષ પહેલા એમાં ૩૦,૦૦૦ હતી, એમાંથી ૩૨,૦૦૦ થઇ. યુનિવર્સિટી બન્યા પછી ૨,૦૦૦ હેક્ટર જમીનનો વધારો કર્યો છે. આ પરંપરાગત કૃષિ વિકાસ યોજના કેન્દ્ર સરકારની અમલમાં આવી એ પછી ૧૦,૨૭,૮૬૮ ઓર્ગેનિક ખેતી કરતા ખેડૂતોને મદદ કરી છે. કેટલા રૂપિયાની મદદ કરી? ૮,૧૮૪.૮૧ કરોડની મદદ કરી છે એમાંથી ગુજરાતનો એક પણ ખેડૂત નથી. આપણે ઘણી વખતે પોથીમાના રીંગણા કહીએ છીએ મને એવું લાગે છે કે એવું થયું છે, નહિતર એકાદ ખેડૂતને એનો લાભ અપાવ્યો હોત તો પણ ઘણું હતું. એ બીજાને લાભ અપાવત. એટલે આપણે ત્યાં એક પણ ઓર્ગેનિક ખેતી કરતો ખેડૂત નોંધાયો નહીં. ક્યાંક ને ક્યાંક આપણી કચાશ રહી ગઇ છે. સવાલ એ છે કે અત્યારે જે આક્રમણ છે શ્રી ઉમેશભાઇએ એની ખૂબ ચિંતા કરી. હું એક રિપોર્ટ વાંચતો હતો કે સુરતથી ભરૂચ સુધીમાં એ જે જમીનનો પટો છે એ જમીનના પટા ઉપર એસિડ કે અમુક પ્રકારના એલીમેન્ટ હવામાં ભળે છે એના કારણે ખેતી અને પાક બંનેને ખૂબ મોટાપાયે નુકસાન થાય છે. આપણી એગ્રીકલ્ચર યુનિર્વસિટીનો જ રિપોર્ટ છે. આપણે એને રોકી શકતા નથી. કોઇ દિવસ આપણે એવું સાંભળ્યું નહોતું કે એસિડનો વરસાદ થાય. અત્યારે એસિડનો વરસાદ થવાનો શરૂ થયો છે. મેં વર્ષ ૨૦૧૭માં કિનારા બચાવો યાત્રાના નામે બોટ યાત્રા કરી હતી. હું દક્ષિણ ગુજરાતની અંદર એના બંદરો સુરતથી શરૂ કરીને વાપી સુધી, સૌરાષ્ટ્ર હજુ થોડુંક બચ્યું છે. હવે કેટલા દિવસ બચે છે? એ મને ખબર નથી. મને ત્યાંના ફિશરમેને ક્રીકની અંદર જે ધોધમાર કેમિકલનું પાણી જતું હતું એ બતાવ્યું અને એમાં પડેલી માછલીઓ છે એ મને બતાવી કે આ માછલી જુઓ. પ્યોર કેમિકલ માછલી. મને હજીરા ગામની અંદર ત્યાંના આગેવાનો લઇ ગયા કે ચાલો ઘરે. એક ઘર ખાલી નહતું કે જેમાં કેન્સરના દર્દી ના હોય. હજીરા ગામની હું રેકોર્ડ ઉપર વાત કરું છું. એટલું બધું કેમિકલ પોલ્યુશન જમીન, પાણી અને હવામાં ઘૂસી ગયું છે. એમાં તમે પ્રાકૃતિક ખેતી માટે ગમે તેટલા પ્રયાસ કરો કોઇ પ્રાકૃતિક ખેતી શક્ય નથી. જ્યાં સુધી આ કોર્પોરેટ આક્રમણ આપણી ઉપર થાય છે એને રોકવામાં ના આવે, ગંભીરતાથી એને સેન્સીટાઇઝ કરવામાં ના આવે તો કેવી રીતે કરી શકો? આપ અને હું બંને સૌરાષ્ટ્રમાંથી આવીએ છીએ. ખેડૂતોની ચિંતા કરીએ છીએ પણ જેતપુરની અંદર સાડીના કારખાનામાંથી જે પાણીથી સાડી ધોવાથી થાય છે એ પાણી છેક જૂનાગઢ, ભેંસાણ અને ધંધૂસર ગામથી વંથલી સુધી પહોંચેલું છે. ભાદર આખી પ્રદૂષિત અને એ પાછી છેક અમારા નદીબંદર ગામ સુધી આવે છે. બહુ ખેડૂતોએ રાડા-રાડી કરી તો કહે કે હવે બધું પાણી છે એ અમે પાઇપ લાઇન મારફત દરિયામાં નાંખીશું પણ આપણે એવું કેમ ના કરી શકીએ કે એ પાણીને ટ્રીટ કરીને ફરજિયાત પાછું તમે વાપરો. જમીન પ્રદૂષિત કરી હવે દરિયાની અંદર પ્રદૂષણ નાંખવું છું. આખી દુનિયા અત્યારે જે એટમિક પોલ્યુટેડ વોટર છે. ન્યુકલીયર પોલ્યુટેડ વોટર. જાપાનની અંદર અત્યારે એ બધા વૈજ્ઞાનિકોની સલાહ લઇ દરિયાની અંદર ત્યાં નાખે છે. આખી દુનિયા જાગૃત થઇ છે. આપણે તો રોજ આવું પાણી દરિયામાં નાખીએ છીએ અને કાંઠાના વિસ્તારનો ખોરાક જે આપણી ફીશ છે એને તકલીફ થાય છે. ઘણા મિત્રો જાણે છે કે હું દર વર્ષે પદયાત્રા પણ કરું છું અને દારૂ બીડી કે બીજા એડિકશન છે એની સામે ડ્રાઇવ ચલાવું છું. હું પ્રચાર કરું છું કે ૭૦ ટકા કેન્સર છે એ માત્રને માત્ર આપણી જે હેબીટ છે, વ્યસનો છે એને કારણે આવે છે પણ હવે હું ખોટો પડું છું. એના કરતા વધારે કેન્સર ગામડાંઓની અંદર અને એ પણ યુવાનોમાં એને કારણે થાય છે કે હવે આ જે કેમિકલનું આક્રમણ પેસ્ટીસાઇડનું આક્રમણ અહીંયા થાય છે. ભટીંડાથી અમૃતસર અને ભટીંડાથી ચંદીગઢ જે ટ્રેન ચાલતી હતી એ ટ્રેનનું નામ કેન્સર એકસપ્રેસ પડેલું છે. હું ભટીંડા વિસ્તારની અંદર ૧૫ દિવસ માલવા રીઝન કહેવાય છે ત્યાં રહ્યો છું અને મારે ખાસ આ જાણવું હતું કે આ શેના માટે થાય છે? તો માઇલોના માઇલો સુધી ઝાડ વગરની એક જ લેવલની ખેતી બધી જ કોઇ ઊંચી નહીં કોઇ નીચી નહીં બધી જ એક જ સરખી. એક જ સરખો પાક અને પેસ્ટીસાઇડ દવાઓ એ જયાં ૨૦૦ એમ.એલ.

વાપરવી જોઇએ ત્યાં ૫૦૦ એમ.એલ. વાપરી દેવાની. જયાં ખાતર છે એ બે કિલો વાપરવું જોઇએ ત્યાં ચાર કિલો વાપરી દેવાનું. એના ઉપર કોઇ પ્રતિબંધ નહીં અને એને કારણે કેન્સરના દર્દીઓ એટલા બધા હતા. હવે એવું લાગે છે કે એના કરતા દર્દીઓ આપણે ત્યાં વધવા માંડ્યા છે. જે રાજનીતિમાં પડેલા છે એની સૌથી મોટી મુશ્કેલી એ કે એને કોઇના બેસણામાં જવું પડે કે કોઇના ખરખરે જવું પડે. આપણા જેવા માણસો બેસણામાં બધી જગ્યાએ જઇ ન શકે એટલા માટે એના ઘરે જવું પડે. પૂછીએ તો મહિનામાં બે થી ત્રણ એવા આવતા હતા કે લિવરનું કેન્સર હતું અને ભાઇ છે એ બહું પીતા હતા એટલે કેન્સર થઇ ગયું. હવે એમ આવે છે કે કશું નહોતું અને કેન્સર થયું છે, કારણ કે પેસ્ટીસાઇડ એમાં પાછું નકલી પેસ્ટીસાઇડ. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે આ નકલી પેસ્ટીસાઇડ બનાવે છે, દવાઓ બનાવે છે. અમુક પ્રકારના ઇન્જેકશનો બેફામ વેચાય છે એના ઉપર ક્રૂર બનીને તમે એની સામે કોઇજાતની દયા રાખ્યા વગર પગલાં લો. જીવનમાં ફરી પાછું આવું કરતા બંધ થઇ જાય. નકલી ખાતર, નકલી બિયારણ કે નકલી પેસ્ટીસાઇડ કમ્પ્લિટ બંધ થવું જોઇએ. બધા સાથી મિત્રોને પણ હું વિનંતી કરૂં છું કે આપણી આસપાસની અંદર જયાં જઇશું ત્યાં ગઇકાલે આપણે ચર્ચા કરતા હતા સાબરમતિ નદીના પાણીથી આવું થાય છે. એ શું કરવા થાય છે? હાઇકોર્ટ બેઠી છે. દર વર્ષે કોઇને કોઇ પી.આઇ.એલ. થાય અને જાટકણી કઢાય છતાં પણ ત્યાં થાય છે તો તમારી અને મારી નદીઓનો તો કોઇ ભાવ પૂછતું નથી. જજીસ બાજુમાં બેઠા હોય અને બધું નજરમાં આવે. ગાડીમાં નીકળે એટલે એના ઉપર લે પણ આપણી નદીઓ પ્રદૂષિત થાય છે, આપણા તળાવો પ્રદૂષિત થાય છે, આપણા કૂવાઓ પ્રદૂષિત થાય છે. કોને કહેવા જાવ? ગામડાંની અંદર કૂવો ખોદીએ અને એમાંથી પાણી આવે એટલે એક ગ્લાસ પાણી પીતા હોઇએ તો બીજો ગ્લાસ પાણી પીવાની ઇચ્છા થાય અને એમાંય જે અમારા સૌરાષ્ટ્રનો ચૂનાના પથ્થરનો જે એરિયા છે જેમાં પાણી એકદમ ઉપર હોય. પોરબંદરમાં અમારે ત્યાં ૧૦ ફૂટ જઇએ તો ૧૦ ફૂટમાં મીઠું પાણી મળે. દરિયાના કિનારાથી ૫૦૦ મીટર દૂર આટલું સરસ પાણી મળે. ૧૦ ફુટથી ૨૦ ફુટ સુધી ૨૦ ફુટથી નીચે જવાય જ નહીં અને જોઇએ એટલું મળે. અત્યાર સુધી કોઇ વાંધો નહોતો આવતો પણ મને વળી શૂરાતન ચડયું અને હું ૮૭૨ કરોડ રૂપિયા મિશન સિટી યોજનામાં લઇ આવ્યો અને ભૂગર્ભ ગટર આખા ગામમાં બનાવી.એટલા બધા ભ્રષ્ટાચારી લોકો ત્યાં આવ્યા, શ્રી કુંવરજીભાઇ સાંભળજો. આખા ગામને કંઇ જરૂર ન હતી. જે તેના મેનહોલ બનાવ્યા તે કોંક્રિટના બનાવવા જોઇએ. પહેલાં ડિઝાઇન કોંક્રિટની હતી, મારા જેવા માણસે કોન્ટ્રાક્ટ લીધો. મારા કરતાં રાજકીય રીતે શક્તિશાળી માણસે કોન્ટ્રાક્ટ લીધો અને તે મેનહોલ કાઢી ત્યાં ઇંટો નાખી દીધી. એટલે ગટરનું જે પાણી આવે તે સીપેજ થઇને જમીનમાં જાય અને જમીનમાંથી આપણા બોર અને કૂવામાં આવે. અમારે ત્યાં ઘરે-ઘરે બોર છે. આજે આખું ગામ માથે ઓઢીને રડે છે. કોની પાસે ફરિયાદ કરવા જવું. આપણે ક્રૂર ન થઇ શકીએ. આ બાજુ જોઇએ તો ડો. સી.જે.ચાવડા, આ બાજુ જોઇએ તો શ્રી અમિતભાઇ. મારે કોની સામે પગલાં લેવાનાં? કોઇની સામે ન લઉં. તકલીફ આ છે. એટલે ઓર્ગેનિક યુનિવર્સિટી ભલે લઇ આવ્યા હોવ પણ આ ઓર્ગેનિક યુનિવર્સિટી કંઇ કરી શકવાની નથી. જયાં સુધી આપણે હોલિસ્ટિકલી વિચાર નહીં કરીએ અને આપણે તો જમીનને ઓર્ગેનિક નથી રહેવા દીધી, પાણીને ઓર્ગેનિક નથી રહેવા દીધું, હવાને ઓર્ગેનિક રહેવા દીધી નથી તો આપણે જઇશું કયાં? પ્રાકૃતિક માટે પ્રકૃતિ ઉપર આ બધા પ્રકારના જે આક્રમણ છે, આપણે પહેલાં કોલોનાઇઝ કરતા હતા. તેમાં બ્રિટિશ કોલોની, ફ્રાન્સ કોલોની, પોર્ટુગીઝ કોલોની હતી. હવે તે નીકળી ગઇ. હવે નવા કોલોનિયર આપણાને આપણા લોકો આવ્યા છે. તેની સામે કોઇ બોલી શકતું નથી. તેની સામે મોટા આક્રમણની જરૂર છે. અમારે આવું ચલાવવું નથી. અમારે જીવવું છે અને નવી પેઢીને જીવવા દેવી છે. આપણે સારી રીતે જીવવું છે. નહીંતર તો એવું થશે અને હું કોઇક જગ્યાએ એવી ડોક્યુમેન્ટરી જોતો હતો કે આજથી ૫૦ વર્ષ પછી શું હશે? તો ઓક્સિજનના બાટલાવાળું માસ્ક પહેરીને માણસો જતા હશે, હવાના પોલ્યુશન માટે કાનમાં ડાબલા પહેર્યા હોય, આંખમાં ધૂળ ન આવી જાય તેના માટે ચશ્માં પહેર્યાં હોય. તે પ્રકારની દુનિયાની નેગેટિવ કલ્પના છે તે બતાવતા હતા અને ખરેખર એવું જ થવાનું છે. એટલે મારી સરકારને વિનંતી છે કે, આપણી યુનિવર્સિટી આના ઉપર સંશોધન કરે અને એક ડોકયુમેન્ટ બહાર લઇ આવે. પોથીમાંના રીંગણા નહીં. એક-બે વર્ષમાં મોટા નિષ્ણાતોની ટીમ બનાવી આ પ્રકૃતિ ઉપર જે આક્રમણ કર્યું છે, ધરતી, પાણી અને હવા ઉપર જે આક્રમણ કર્યું છે તેને કેમ રોકી શકાય? આ કરશો તો તે તમારી પ્રાકૃતિક ખેતી જ છે. વધારે કંઇ કરવાની જરૂર નહીં પડે. મારી ફરીથી વિનંતી છે કે, આપણે યુનિવર્સિટીઓ તો બનાવીએ પણ તેના માટે નિષ્ણાતો ઊભા કરવા જોઇએ. નિષ્ણાતો ઊભા કરાવો. બીજું, ખાસ કૃષિમંત્રીશ્રીને વિનંતી અને બીજા મંત્રીશ્રીઓને પણ વિનંતી છે કે, આ જે પ્રદૂષિત પાણી છે તે દરિયામાં નાખવાનું પાપ આપણાથી ના કરાય. તેને શુદ્ધીકરણ કરવા માટે હજાર, બે હજાર કરોડ રૂપિયા આપવા પડે તો આપો. દરિયાની અંદર કરશો તો અમે થવા પણ નહીં દઇએ. જેતપુરથી દરિયાની અંદર પાણી નાખવાનું ૮૦૦ કરોડ રૂપિયાનું આયોજન કર્યું છે તેમાં કોઇએ વિચાર્યું નથી કે ફિશરમેનો જશે કયાં, ખેડૂતો રસ્તામાં પાઇપલાઇન પસાર કરવા દેશે? મારા ખેતરની બાજુમાંથી હું કરવા દઇશ? કોઇ નહીં કરવા દે. તેના કરતાં ટેકનોલોજી આપો, મદદ કરો. ઉદ્યોગો ચાલવા જોઇએ. મારો ઉદ્યોગોની સામે કોઇ વાંધો નથી. પાણીને પ્રોસેસ કરીને રિસાઇકલ કરાવો, રિસાઇકલ ન કરે તો ખેડૂતોને વેચો, અમે તે પાણી લઇ લઇશું. આવું ન થવા દેવાય. આપણે પ્રકૃતિ ઉપર આક્રમણ થતું રોકો. એવી વિનંતી સાથે આ નામ ચેઇન્જ કરવામાં બીજો કોઇ વાંધો નથી પણ અમારા ખુલાસા કરો તો આ બિલમાં મદદ કરવાની અમારી તૈયારી છે.

સભાપતિશ્રી : ગરમ નાસ્તો મૂકાઇ ગયો છે. જે સભ્યશ્રીઓએ કરવો હોય તે વારાફરતી બહાર જઇ કરી આવે. શ્રી સુખાજી ઠાકોર.

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩

ગુજરાત નેચરલ ફાર્મિંગ અને ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૩.

શ્રી સુખાજી સો. ઠાકોર(બેચરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત નેચરલ ફાર્મિંગ ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ લઇને આવ્યા છે તેને સમર્થન સાથે મારા થોડા વિચારો હું ગૃહ સમક્ષ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજ્ય સરકાર પ્રાકૃતિક ખેતી પર નિષ્ઠાપૂર્વક ધ્યાન કેન્દ્રિત કરી ખેડૂતોની આવક બમણી કરવા માટે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વિઝનને સાકાર કરવામાં પ્રાકૃતિક ખેતી ખૂબ જ સહાયક છે. પ્રાકૃતિક ખેતી પદ્ધતિમાં ઇનપુટ ખર્ચ ઓછો હોય છે કારણ કે, બજારમાંથી ખાતર અથવા અન્ય જંતુનાશક દવાઓ ખરીદવાની જરૂર રહેતી નથી. ગુજરાતમાં આપણે ખાસ કરીને ગાય આધારીત કુદરતી ખેતીને પ્રોત્સાહિત કરી રહ્યા છીએ જેમાં કોઇ હાનિકારક રસાયણોનો ઉપયોગ થતો નથી. એક ગાય ધરાવતો ખેડૂત ગાયના ગોબર અને મૂત્રનો ઉપયોગ કરી લગભગ ૩૦ એકર જમીનમાં પોતાની ખેતી કરી શકે છે. આવા કુદરતી ઘટકો જમીનની ફળદ્રુપતા વધારે છે અને ખેડૂતોના ઇનપુટ ખર્ચમાં ઘણો બધો ઘટાડો કરી શકે છે. ઉપરાંત હાલના સમયમાં ઓર્ગેનિક ઉત્પાદનોની માંગમાં ઘણો બધો વધારો થયો છે અને તેથી ખેડૂતોને તેમના કુદરતી ઉત્પાદનોના સારા ભાવ મળી રહ્યા છે. આ સાથે પ્રાકૃતિક ખેતીના પ્રોત્સાહન માટે રાજ્ય સરકારે પણ ઘણી બધી યોજનાઓ મૂકી છે ત્યારે ગુજરાતના ખેડૂતોને કુદરતી ખેતી અપનાવવા પ્રોત્સાહિત કરવા માટે રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ મૂકી પહેલ કરેલ છે. કુદરતી ખેતી અપનાવતા ખેડૂતોને દેશી ગાયની જાળવણી માટે ૧૦૮૦૦ રૂપિયા વાર્ષિક સહાય આપવામાં આવે છે અને અત્યાર સુધીમાં ૧.૮૪ લાખ ખેડૂતોને લગભગ ૪૨૦ કરોડ રૂપિયાની સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે. આવી રીતે આપણા દેશમાં ગુજરાત રાજ્ય પહેલું રાજ્ય છે કે જે રાજયમાં ગોપાલન ખેડૂતો દ્વારા કરવામાં આવે છે અને એનો ખર્ચ સરકારશ્રી ઉઠાવે છે. ઉપરાંત આ યોજના અંતર્ગત જીવામૃત કેર કરવા માટે પ્રાકૃતિક કૃષિ કીટદીઠ ૧૩૫૦ રૂપિયાની સહાય પૂરી પાડવામાં આવે છે અને ૪૦ હજારથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ કીટ માટે લગભગ ૫ કરોડ રૂપિયાની સબસિડી પણ આપવામાં આવી છે. આજે ઉદાહરણ તરીકે મને જણાવતા આનંદ થાય છે કે, આપણો ડાંગ જિલ્લો એ સો ટકા પ્રાકૃતિક ખેતીવાળા જિલ્લાઓની યાદીમાં સામેલ થઇ ચૂકયો છે. ડાંગ જિલ્લામાં ખેડૂતો મોટા પાયે રાસાયણિક ખાતરોથી મુક્ત પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે, ડાંગ જિલ્લામાં સંપૂર્ણ રસાયણ મુક્ત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો માટે રાજ્ય સરકાર દ્વારા ૨૦ કરોડની નાણાકીય સહાયની યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ સાથે ખેડૂત કુટુંબોને પ્રાકૃતિક કૃષિના પ્રોત્સાહન માટે હેક્ટર દીઠ ૧૦ હજારની સહાય આપવામાં આવે છે. આ માટે ચાલુ વર્ષે રૂપિયા ૧૫ કરોડની પણ જોગવાઇ કરવામાં આવી છે. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહિત કરવા માટે ગુજરાત સરકાર દ્વારા વિકાસ બોર્ડની પણ રચના કરવામાં આવી છે, ત્યારે પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની રચના કરવામાં આવી છે. આ બોર્ડ ખેડૂતોને આ અભિયાન સાથે જોડી કૃષિ ઉત્પાદન વધારવા માટે કાર્ય કરશે તેના માટે રૂપિયા ૫૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે, જે દ્વારા પ્રાકૃતિક કૃષિ માટે ખેડૂતોને તાલીમ, મૉડેલ ફાર્મ, પ્રાકૃતિક કૃષિ માટે પ્રાકૃતિક કૃષિ પેદાશોનું ટેસ્ટિંગ તેમજ ખાસ કરીને પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનના વેચાણ વ્યવસ્થા માટે પણ જોગવાઇ કરવામાં આવી છે. તેમજ રાજયમાં કૃષિ પ્રસાર-પ્રચાર માટે કૃષિ વિભાગના અધિકારીઓ, વિસ્તરણ કાર્યકર્તાઓ, ફાર્મર ટ્રેનર તથા ખેડૂતો માટે રાજ્ય તથા જિલ્લા સ્તરે વિવિધ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરેલ છે. અત્યાર સુધીમાં રાજયમાં ૨૫ લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી છે. આ પદ્ધતિને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારે પ્રાકૃતિક ખેતી અપનાવવા ખેડૂતોની સાફલ્ય ગાથાઓની પૂસ્તિકાઓ અને સાહિત્ય પ્રકાશિત કર્યા છે. રાજ્ય સરકારે ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ પુસ્તક પણ પ્રકાશિત કર્યું છે જે ગુજરાતના માનનીય રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રત દ્વારા લખાયેલું છે. રાજ્ય સરકાર દ્વારા આત્મા પ્રોજેક્ટ મારફત કીટ દીઠ શૉર્ટ વિડિયો, ટેલિવિઝન, રેડિયો તેમજ અન્ય પેનલ જાહેરાતો દ્વારા કુદરતી ખેતીનો ઉપયોગ વધે અને તેનો પ્રચાર કરી શકાય તે માટે ખેડૂતો સુધી માહિતી પહોંચાડવામાં આવે છે, તેને પરિણામે આજે લગભગ ૮.૭૧ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાયેલા છે. પ્રાકૃતિક ખેતીની સફળતા માટે માર્કેટિંગ એ બહુ મહત્ત્વની કડી છે. ખેડૂતોને માર્કેટિંગ વ્યવસ્થા પૂરી પાડવાની દિશામાં સરકાર મહત્ત્વપૂર્ણ કામ કરી રહી છે અને એ માટે ફાર્મર પ્રોડ્યુશર, ઓર્ગેનાઇઝર જેને ટૂંકમાં એફ.પી.ઓ. કહે છે એ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને માર્કેટિંગ પ્રદાન કરવા માટે એક મહત્ત્વપૂર્ણ પાસુ બન્યું છે. પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણને સરળ બનાવતું અને નાના ખેત ધારકોને પણ તેમના ઉત્પાદનના સારા ભાવ મળે તે માટે રાજ્ય સરકારે ૮૫ જેટલી એફ.પી.ઓ. સ્થાપિત કરી છે. આ ઉપરાંત ગુજરાતમાં રાજ્ય સરકારે ખેડૂતોને માર્કેટિંગ પ્રદાન કરવા માટે ઘણાં પગલાં લીધાં છે. ઉદાહરણ તરીકે ડિસેમ્બર-૨૦૨૦માં રાજ્ય ભ્રમણ સાત દેશોનો અમૃત આહાર મહોત્સવ ઊજવવામાં આવ્યો જયાં ખેડૂતોએ તેમના ઉત્પાદનો સીધા ગ્રાહકોને વેંચ્યા હતા. માત્ર વર્ષ ૨૦૨૧માં અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે ત્રણ દિવસ ફાર્મ ફ્રેસ ફેસ્ટિવલની ઉજવણી કરવામાં આવી જેમાં લગભગ ૭૪ ખેડૂતોઓ તેમની ૫૦ લાખની ખેતપેદાશોનું વેચાણ કર્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, તેવી જ રીતે ચીલોડા પોસ્ટ ગાર્ડ, પોરબંદર એરફોર્સ, ચીલોડા બોર્ડર સિકયોરિટી ફોર્સ અને સી.આર.પી.એફ. કેમ્પ ચીલોડા ગાંધીનગર ખાતે એક પ્રદર્શન કમ વેચાણનું આયોજન કરવામાં આવ્યુ હતું જયાં ખેડૂતોને કુદરતી ઉત્પાદનોના વેચાણનો લાભ મળ્યો. પ્રાકૃતિક ખેતી અપનાવવા ખેડૂતો તરફથી રાજ્ય સરકારને હકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે. આ પદ્ધતિએ ખેડૂતોને દેશી ગાયોના સંવર્ધન માટે પ્રોત્સાહિત કર્યા છે. જીવામૃત અને ઘનજીવના મૃતનો ઉપયોગ કરતી કુદરતી જંતુનાશકોની જમીનની ફળદ્રુપતા અને પાકની ગુણવત્તામાં વધારો કર્યો છે. પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતોને

રાસાયણિક ખાતરો તથા જંતુનાશક દવાઓ ઉપર મોટી રકમ ખર્ચવાની જરૂર રહેતી નથી. આ ઉપરાંત ખેડૂતોને તેમની કુદરતી ખેત પેદાશોના સારા ભાવ મળી રહે, આ રીતે પ્રાકૃતિક ખેતીથી ખેડૂતોની આવકમાં વધારો થાય, દેશની અર્થ-વ્યવસ્થા મુખ્યત્વે ગ્રામીણ અર્થતંત્ર પર આધારભૂત છે જેથી ગ્રામીણ અર્થ-વ્યવસ્થાને જાળવી રાખવી, ગ્રામીણ વિસ્તારોમાં લોકોનું જીવન-ધોરણ ઊંચું કરવુ અનિવાર્ય છે. મેં અગાઉ કહ્યું તેમ પ્રાકૃતિક ખેતી ખેડૂતોના ઇનપુટ ખર્ચમાં બચત કરવા અને તેમની ખેત પેદાશોની ગુણવત્તા વધારવામાં મદદ કરે છે. પ્રાકૃતિક ખેતી થકી જમીનની ફળદ્રુપતા સુધરે તે ખેડૂતોને દરેક ઋતુમાં અનુકૂળ ખેત-પેદાશો સારા પ્રમાણમાં ઉત્પાદન કરવામાં મદદરૂપ કરે છે. આમ, ઓછા ઇનપુટ ખર્ચ અને રાસાયણિક ખેત-પેદાશોના ઊંચા ભાવ ખેડૂતોની આવકમાં મોટા પાયે વધારો કરશે તેનાથી તેની આવક બમણી કરવામાં મદદ મળશે. ખેડૂતોની નવી પેઢીને પણ આ ખેતી અપનાવવા માટે પ્રેરિત કરવામાં આવી રહી છે. આ બધાને ધ્યાનમાં લેતા મને વિશ્વાસ છે કે નજીકના ભવિષ્યમાં ગ્રામીણ અર્થ-વ્યવસ્થા ફરીથી વેગ પકડશે ગાય જેને આપણે આપણી માતા માનીએ છીએ તે કુદરતી ખેતીની માતા બનશે અને ગ્રામીણ અર્થતંત્રને નવી દિશા મળશે તેવો મને વિશ્વાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલ ગુજરાત પંચાયત મહા સંમેલનમાં માનનીય વડાપ્રધાનશ્રીના જણાવ્યા મુજબ આઝાદીના અમૃત મહોત્સવ દરમિયાન રાજયની દરેક ગ્રામ પંચાયત દીઠ ઓછામાં ઓછાં ૭૫ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરે તેવુ સૂચન કરેલ છે. જેના ભાગરૂપે અત્યાર સુધીમાં અંદાજે ૧ લાખ ઉપરાંત ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અંગે પ્રશિક્ષિત કરવામાં આવેલ છે. આ ઉપરાંત રાજયના દરેક ગામના સરપંચ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી માહિતગાર થઇ શકે તે માટે આશરે ૧૧ હજાર જેટલા સરપંચોની વર્ચ્યુઅલ મોડલથી પ્રાકૃતિક કૃષિ અંતર્ગત માહિતગાર કરવામાં આવ્યા છે. મોટાભાગે લોકો ઔદ્યોગિક ક્ષેત્ર અને ટેકનોલોજીનો ઝડપી વિકાસ થઇ રહ્યો છે તેની જ ચર્ચા કરતા હોય છે પરંતુ આપણે એ બાબતને અવગણી ના શકીએ કે આજે પણ ભારતની મોટાભાગની વસતિ કૃષિ પર નિર્ભર છે. આત્મનિર્ભર ભારતના કન્સેપ્ટના મૂળમાં જ કૃષિ ક્ષેત્ર રહેલું છે કારણ કે રાજયના પ્રત્યેક નાગરિક પર તેની પ્રત્યક્ષ અને પરોક્ષ અસરો રહેલી છે. આ બાબતે ધ્યાનમાં રાખીને અમે ખેડૂતો માટે તેમના બજારોનું વિસ્તરણ અને વાવણીનું વેચાણ કરી પછીના તબક્કામાં પણ શ્રેષ્ઠ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં તેમને મદદ કરી રહ્યા છીએ. આ પ્રયત્નો દ્વારા તેમની આવકમાં વધારો કરીને તેમને સશકત બનાવવા માટે રાજય સરકાર નિષ્ઠાપૂર્વક પ્રયાસો કરી રહી છે. દરેક ક્ષેત્રની જેમ પ્રાકૃતિક કૃષિ પણ ગુજરાત રાજય પ્રેરણારૂપ રાજય તરીકે ઉભરી રહ્યું છે અને રાજય ગુજરાતના પગલે પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રનો પર્દાફાશ કરી રહ્યું છે જેમ કે થોડા સમય પહેલાં મધ્યપ્રદેશની રાજય સરકાર દ્વારા તેમના રાજયના કૃષિ અને વિભાગના અધિકારીઓ, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિશે પ્રશિક્ષિત કરવા માટે ગુજરાત રાજયને વિનંતી કરવામાં આવેલ છે. તેથી ગુજરાત રાજયમાંથી ૧૮ જેટલા માસ્ટર ટ્રેન્ડવાળા મધ્યપ્રદેશના ૫૨ જિલ્લામાં અંદાજિત ૯ હજાર જેટલા કૃષિ અને સંગઠન વિભાગના અધિકારીઓ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. આમ, રાજય સરકાર દ્વારા પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધી રહ્યો છે માટે ચાર વર્ષથી અભિયાનના રૂપે કામગીરી કરી રહ્યાં છીએ જે આવનારા સમયમાં ચોક્કસ સારાં પરિણામો લાવશે એવી સંપૂર્ણ આશા છે. સર્વેનો આભાર, ભારત માતા કી જય.

શ્રી પી.સી. બરંડા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી રાઘવજી પટેલ સાહેબ ગુજરાત નેચરલ ફાર્મિંગ અને ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૩ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને મારું મંતવ્ય રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો ભારત દેશ કૃષિ પ્રધાન દેશ છે અને મોટા ભાગના ખેડૂતો ખેતી ઉપર નિર્ભર છે. રાજયના ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવતા થાય એ માટે રાજય સરકાર દ્વારા તા.૪/૯/૨૦૧૯ના રોજ સૌપ્રથમ વખત મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે એક દિવસીય પ્રાકૃતિક કૃષિ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં મહામહિમ્ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, માનનીય ઉપાધ્યક્ષ (નીતિ આયોગ), માનનીય કેન્દ્રીય મંત્રીશ્રી, સમગ્ર મંત્રીમંડળ, બોર્ડ નિગમના ચેરમેનશ્રી, મુખ્ય સચિવશ્રી, વહીવટી તંત્ર અને ૧૦,૦૦૦ જેટલા પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોને હાજર રાખવામાં આવ્યા હતા. તમામ મહાનુભાવોએ રાજયમાં ખેતી કરતા ખેડૂતોને કેમિકલનો વપરાશ બંધ કરી, બિનજરૂરી ખર્ચમાં ઘટાડો કરી પર્યાવરણ અને માનવીય સ્વાસ્થ્યની જાળવણી માટે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ ખેડૂતો અપનાવતા થાય તે માટે રાજ્ય સરકાર આગામી સમયમાં વિવિધ પગલાં હાથ ધરશે એવી કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ કાર્યશાળામાં કૃષિ વિભાગ હેઠળના ખેડૂતોની વિસ્તરણ પ્રવૃત્તિ માટે આત્મા પ્રોજેક્ટ મારફત આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. તા.૫ થી ૧૧ ડિસેમ્બર, ૨૦૧૯ દરમિયાન મહામહિમ્ રાજ્યપાલશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી અને કૃષિ વિભાગના આત્મા પ્રોજેક્ટ દ્વારા વડતાલ ખાતે રાજ્યના ૩૨ કેન્દ્રો ખાતે લાઇવ પ્રસારણ કરી અંદાજિત ૨૧,૦૦૦ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા માટે ટ્રેઇનરો તૈયાર કરવામાં આવ્યા હતા. આ માસ્ટર ટ્રેઇનરોએ દેશી ગાયના ગૌમૂત્ર અને ગોબર આધારિત પદ્ધતિ રાજ્યમાં દરેક ગામ સુધી, ખેડૂતો સુધી કેવી રીતે પહોંચે તે માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૦માં કોરોનાની મહામારીની વિકટ પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. જેમાં પણ આ માસ્ટર ટ્રેઇનરો દ્વારા પ્રત્યેક તાલુકાના ૫૦૦ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવા માટે ફિઝિકલ તેમજ વર્ચ્યુઅલ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩.૫૭ લાખ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી હતી. ત્યારબાદ છ માસ દરમિયાન પ્રચાર-પ્રસારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખેડૂતોના અભિપ્રાય મેળવવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૧માં દેશી ગાયની ખરીદી માટે રાજ્ય સરકાર

દ્વારા સહાય આપવાની યોજના મંજૂર કરવામાં આવી હતી. ગાયના નિભાવ માટે માસિક રૂ.૯૦૦ની સહાય અને વાર્ષિક રૂ.૧૦,૮૦૦ની સહાય આપવા માટેની યોજના નક્કી કરવામાં આવી હતી. એ માટે રાજ્ય સરકારે અંદાજિત ૧.૮૪ લાખ ખેડૂતોને લાભ મળે એ માટે વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂ.૨૦૩ કરોડની નાણાકીય જોગવાઇ કરવામાં આવી હતી. ગુજરાત રાજ્યના મહામહિમ્ રાજ્યપાલશ્રી પોતાના માર્ગદર્શન હેઠળ આ પદ્ધતિ દ્વારા હરિયાણા ખાતે ૨૦૦ એકર વિસ્તારમાં સરળતાથી ખેતી કરાવે છે અને હિમાચલ પ્રદેશમાં તેમના રાજ્યપાલ તરીકેના કાર્યકાળ દરમિયાન પ્રાકૃતિક ખેતીનો પ્રચાર અને પ્રસાર કરવામાં આવ્યો હતો.કોરોનાની મહામારીમાં માનનીય મહામહિમ્ રાજ્યપાલશ્રીએ બે વાર ખેડૂતોને બાયસેગ દ્વારા વર્ચ્યુઅલ માધ્યમથી પ્રશિક્ષિત કર્યા હતા. જેમાં માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય કૃષિમંત્રીશ્રીના હસ્તે અનાવરણ કરાવી ૨૫ હજાર નકલો ગુજરાતીમાં અને ૫ હજાર નકલ હિન્દીમાં વિતરણ કરેલું અને ૧૨૦૦ એસ.ટી. બસો પર એક મહિના માટે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલી. ખેડૂતો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવતા થાય, રસાયણમુક્ત પેદાશો ઉત્પન્ન કરે, સ્વાસ્થ્ય માટે ફાયદાકારક થાય, સારા લાભો મળે તે હેતુસર માર્ચ-૨૦૨૧માં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ૭૪ ખેડૂતોની ખેત પેદાશોને ત્રણ દિવસ માટે બહોળી પ્રસિદ્ધિ માટે મૂકવામાં આવેલી. માનનીય મહામહિમ રાજ્યપાલશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય કૃષિમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ડાંગ જિલ્લાને રસાયણમુક્ત પ્રાકૃતિક જિલ્લો જાહેર કરવામાં આવેલ. જેમાં વર્ષ ૨૦૨૧-૨૨માં ખેડૂતોને પ્રોત્સાહન અને ઓર્ગેનિક સર્ટિફિકેશન માટે રૂ.૩૧.૫૧ કરોડની નાણાકીય જોગવાઇ કરવામાં આવેલી અને ૧૫,૩૧૭ ખેડૂતોને સહાય ચૂકવવામાં આવેલી. ગુજરાતમાં વાઇબ્રન્ટ મહોત્સવની આગવી ઓળખ છે. જેના ભાગરૂપે આણંદ ખાતે પ્રિ-વાઇબ્રન્ટનું તા.૧૪ થી ૧૬ ડીસેમ્બર, ૨૦૨૧ના રોજ પ્રાકૃતિક કૃષિ થીમ પર સેમીનારનું આયોજન કરવામાં આવેલ. આ આયોજનમાં તા.૧૬/૧૨/૨૦૨૧ના રોજ વર્ચ્યુઅલ માધ્યમથી માનનીય વડાપ્રધાનશ્રી તેમજ માનનીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી, માનનીય મહામહિમ્ રાજ્યપાલશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય કૃષિમંત્રીશ્રી વગેરે મહાનુભાવોએ નેશનલ કોન્કલેવ ઓન નેચરલ ફાર્મિંગમાં ઉપસ્થિત રહી સમગ્ર દેશમાં આ કાર્યક્રમના પ્રસારણ દ્વારા ખેડૂતો અને અધિકારીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું. દરેક જિલ્લાઓમાંથી મહાનુભાવો સહિત ૧૦ હજાર ખેડૂતોએ ભાગ લીધો હતો.

**(માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

માનનીય અધ્યક્ષશ્રી, રસાયણના ઉપયોગથી વ્યક્તિના સ્વાસ્થ્ય ઉપર અસર થાય છે, અનેક પ્રકારના રોગો થાય છે. જેનાથી બચવા અને રસાયણથી મુક્ત થવા પ્રાકૃતિક ખેતીને પ્રાધાન્ય આપવું જોઇએ. રસાયણના ઉપયોગથી જમીનને મોટા પ્રમાણમાં નુકસાન થાય છે. આ નુકસાનને નિવારવા માટે પ્રાકૃતિક ખેતીનો ઉપયોગ કરવો જરૂરી છે. માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એના પર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે બીપરજોય વાવાઝોડું આવ્યું ત્યારે લાઇટના પચાસ હજાર જેટલા થાંભલા તૂટી ગયા હતા એની કામગીરી આઠ જ દિવસમાં પૂર્ણ કરવાની સરાહનીય કામગીરી કરવા બદલ હું સરકારશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. અત્યારે ટી.બી. , ડાયાબિટીસ, કેન્સર, હૃદયરોગ, કિડની, પગના સાંધા, પથરી અને આંખની બીમારીઓ માટે પ્રાકૃતિક ખેતીની ખાસ જરૂરિયાત છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, પ્રાકૃતિક ખેતી માટે ગ્રામસેવકને સૂચના આપવામાં આવે કે ગામે-ગામ ગોબર આધારિત પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતોને તૈયાર કરવામાં આવે. આ માટે ખેડૂતોને પ્રોત્સાહન આપવામાં આવે તો ખેડૂતો પોતાનો ડર છોડીને પ્રાકૃતિક ખેતી તરફ વળશે. આપણે વરસાદ પડે એટલે ખેતરમાં વાવણી કરીએ, દવા કે ખાતર પણ નાંખતા નથી. આનું ટેસ્ટિંગ કરીને ખરીદી કરવામાં આવે તો આનો ભાવ સારો મળશે. ગામમાં ખેડૂતને પચાસ રૂપિયાનો ભાવ મળશે અને તમે સીત્તેરનો ભાવ આપશો તો ખેડૂત સો ટકા પ્રેરાશે અને વાવશે. અત્યારે જંગલમાં અનેક પ્રકારની વનસ્પતિઓ થાય છે. આ વનસ્પતિઓ કુદરતી રીતે ઊગી નીકળે છે. કુદરતનો આપણને સાથ-સહકાર છે અને થોડા પ્રયત્નો આપણે કરીએ તો આમાં સો ટકા સફળતા મળશે. એવી જ રીતે મસૂરની દાળના એક કિલોના હજાર રૂપિયા છે. એની પણ પ્રાકૃતિક ખેતી થઇ શકે. પ્રાકૃતિક ખેતીમાં વધારો થવાના કારણે મધનું ઉત્પાદન વધ્યું છે. દાડમ, ડ્રેગન ફ્રુટ, કમલમ્, આંબા અને દ્રાક્ષના ફૂલોના કારણે મધના ઉત્પાદનમાં વધારો થાય છે. આના માટે આપણા માનનીય મંત્રીશ્રી મુળુભાઇ બેરાસાહેબ ખરીદકેન્દ્ર ચાલુ કરે તો આ મધનું પણ વેચાણ થઇ જાય. આંબલી, જાંબુ કે રાયણ જેવા વૃક્ષોને આપણે પાણી કે ખાતર આપતા નથી છતાં પણ આ વૃક્ષોની ઉંમર પાંચસો વર્ષ છે. ખારેક, બોર અને આંબા જેવા વૃક્ષો કે જેનું આપણે વાવેતર કરીએ છીએ એની ઉંમર વધુમાં વધુ ત્રીસ કે ચાલીસ વર્ષ હોય છે. ખાતર અને દવા વગરના જાંબુ જો સો રૂપિયે કિલો વેચાય તો ખેડૂતને ધંધો મળી જાય અને ડાયાબિટીસ જેવી મોટી બીમારીઓ પર કંટ્રોલ આવે. ઊંટ અને બકરીના દૂધને આપણે ઓર્ગેનિક કહીએ છીએ. ઊંટ બત્રીસ જાતના ભોજન ખાય છે. આપણે એને કોઇ ખાણ કે ઘાસચારો આપતા નથી. ઊંટ અને બકરીનું દૂધ ડાયાબિટીસ માટે ઉત્તમ છે. અત્યારે જે ટામેટા આવે છે એ રસવિહીન હોય છે. આ પ્રાકૃતિક ખેતીનો ઘાસચારો આપણે ગાયને ખવડાવીશું તો આ ગાયનું દૂધ પણ પચાસ રૂપિયાના બદલે સો રૂપિયે વેચાશે.અને ઘી રૂ.૧૦૦૦/-માં હશે એ રૂ. ૩૦૦૦/-માં જશે. આપણી પાસે આ બધી વસ્તુ છે પણ આપણા ત્યાં કોઇને ધ્યાન આપવું નથી, ફક્ત વાતો કરવી છે. આપણે બધા ધારાસભ્યશ્રીઓ ભેગા થઇને આપણા વિસ્તારમાં એક દાખલો બેસાડવો જોઇએ. આપણે ગુજરાત રાજ્યના બધા જવાબદારો અહીંયા બેઠા છીએ

તો બધું જોવાની જવાબદારીઓ આપણી છે કે, કંઇ રીતે કંટ્રોલ કરી શકાય? સરકારશ્રીને મારી એક અપીલ છે કે, પીયત પદ્ધતિ અને ફૂવારા પદ્ધતિમાં સબસિડી વધારીને ૮૦ ટકા, ૯૦ ટકા સુધી આપવામાં આવે. જેઓ ડબલ ઉત્પાદનની વાત કરે છે એમને મારે કહેવું છે કે, ડબલ ઉત્પાદન થયું છે. વર્ષ ૨૦૦૫માં જો વીજળી ૮ કલાક મળતી ન થઇ હોત તો અત્યારે ૮૦૦ ફૂટ ઉપર પાણી ન હોત. માનનીય મોદી સાહેબ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે ૧૬ કલાકમાંથી ૮ કલાક વીજળી કરી. એમને એમ થયું કે ખેતી કેમ ના થઇ? ખરેખર જો ૮ કલાક વીજળી ન થઇ હોત તો અત્યારે ૧૨૦૦ ફૂટે પાણી ન હોત. આ માટે તો માનનીય મોદી સાહેબને ધન્યવાદ આપવા જોઇએ. એના સિવાય માનનીય મોદી સાહેબે એનામાં પીયત પદ્ધતિ આપી, ૮૦ ટકા સબસિડી આપી એટલે ઓટોમેટિક ૮ કલાક વીજળીમાં ૧૬ કલાક પિયત થઇ ગયું. ડબલ થયું કે ન થયું? એની પેદાશ વધી ગઇ. એ જે આઠ-આઠ ફૂટે વાવતા હતા એની જગ્યાએ છ ફૂટે વાવે છે અને એને પાણી આપે છે. જે તે વખતે ફેરફાર થતો હોય ત્યારે આપણે પણ જમાના પ્રમાણે ચાલવું જોઇએ. ખેડ, ખાતર અને પાણી એ ભાગ્યને લાવી તાણી. જે તે વખતે બળદિયાથી પાણી ખેંચતા, પછી ફેરફાર આવ્યો અને મશીનથી પાણી ખેચ્યું, પછી ફેરફાર આવ્યો અને મોનો બ્લોકથી પાણી ખેંચ્યું, પછી ફેરફાર આવ્યો ત્યારે અત્યારે સબમર્શિબલ છે. સબમર્શિબલનું કોઇ માપ નથી. કેટલા હજાર ફૂટ જાય એનું નક્કી નહીં. જેથી એનું ભવિષ્ય નથી. આપણા મુખ્યમંત્રીશ્રીને ધન્યવાદ આપું છું કે હું લેબ જોવા માટે ગયો હતો. એ લેબથી એટલો બધો ફાયદો છે કે ખારેક વાવીએ એટલે ચાર વર્ષે ખબર પડે, સો ઝાડ વાવો એટલે ચાર વર્ષે ખબર પડે કે નર છે કે માદી. એકમાં ખારેક થાય અને એકમાં ફૂલ થાય. આપણા મુખ્યમંત્રીશ્રીએ અત્યારે લેબને રૂ.૫ કરોડનું મશીન આપ્યું એનાથી રોપામાં બે કલાકમાં ખબર પડી જાય કે, આ સો ટકા માદી છે. એનાથી ખેડના ચાર વર્ષ બચી જશે. આના માટે પણ હું સરકારશ્રીને ધન્યવાદ આપું છું. અમારા કચ્છના લખપતમાં એક જૂથ થયો હતો પછી એનામાંથી ગૂગળ પેદા થયું એ મીઠું ગૂગળ છે. એનું દાતણ કરો તો મીઠું લાગે છે અને અહીંયાનું ખારું છે. એનું ગૂગળ અત્યારે બજારમાં રૂ.૫૦ હજારે કિલો કયાંય નથી. તો એના માટે હું શ્રી મૂળુભાઇ બેરા સાહેબને વિનંતી કરું છું કે, ગૂગળ મીઠું વવડાવો. એના રોપાઓ જમીનોમાં જયાં-જયાં જરુર છે ત્યાં વવડાવો. એ બહું સારી વસ્તુ છે. એનો પણ એક મીઠો અને એક ખારો એમ બે રોપાઓ લેબમાં આપ્યા છે કે આનું બધું મૂળ જાણીને અમને કહો. મારી માનનીય મંત્રીશ્રીને એક નમ્ર અપીલ છે કે, ખેડૂતને સબસિડી આપો અને આ રોપા યુનિવર્સિટીમાં વવડાવી એને કહીએ કે પહેલા આપણે વાવીએ ત્યારબાદ કોઇપણ ખેડૂત વાવે. પછી એમને ચોખ્ખું બિયારણ આપીએ કે આ વાવો અમારી સો ટકા ગેરંટી છે. ખૂબ ખૂબ ધન્યવાદ. આભાર.

ડો. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ):માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય માનનીય કૃષિ મંત્રીશ્રી જે ગુજરાત નેચરલ ફાર્મિંગ અને ઓર્ગેનિક એગ્રીકલ્ચર યુનિવર્સિટી સુધારા વિધેયક બિલ-૨૦૨૩ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ બાપુએ વાત કરી કે, રૂ.૫ કરોડનું મશીન લાવ્યા જેનાથી વનસ્પતિની ખબર પડી જાય. આવું મશીન આપણા મતદારો માટે લાવો એટલે ખબર પડી જાય. માનનીય કૃષિ મંત્રીશ્રીએ આ બિલ રજૂ કર્યું છે. હું એમને અભિનંદન આપું છું કે એમણે ગુજરાતના ભાવિની ચિંતા કરી છે. યુનિવર્સિટી સુધારા બિલમાં હાલ તો માત્ર નામમાં સુધારો કરવામાં આવ્યો છે. પરંતુ મારા કેટલાંક સૂચનો હું રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કુદરતી ખેતીનો વ્યાપ વધે અને એનો ફાયદો ગુજરાતની જનતાને થાય. આપણને સૌને થાય. એના માટે અમે હંમેશા સરકારની સાથે હોઇએ, સરકારને સમર્થન કરીએ, પરંતુ હમણાં જ બાપુએ કહ્યું તેમ વાતો કરવાથી કંઇ થવાનું નથી. એના માટે આપણે સાથે રહી અને પક્ષ વિપક્ષમાં પડયા સિવાય એના માટેના સંનિષ્ઠ પ્રયાસો થાય એ માટે આપણે સાથે રહીને કામ કરવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી મહત્ત્વની બાબત એ છે કે દરેકે ચિંતા કરી કે રાસાયણિક ખેતી હોય, ઓર્ગેનિક ખેતી હોય કે કુદરતી ખેતી હોય. જેનું ઉત્પાદન થાય છે એ ખરેખર રાસાયણિક છે, ઓર્ગેનિક છે કે કુદરતી છે એ જાણવા માટે આપણી પાસે કોઇ ચોક્કસ લેબોરેટરી નથી. એના લીધે ખરેખર જે ખેડૂતો માર્કેટિંગ કરે છે અને એમનું ઉત્પાદન ઓર્ગેનિક કે કુદરતી ના હોવા છતાં પણ એ ઊંચા ભાવે વેચે છે અને ખરેખર જે ખેડૂતો આવું ઓર્ગેનિક પ્રોડકશન કે કુદરતી ઉત્પાદન કરે છે એમને વાજબી ભાવ મળતા નથી. એટલા માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કે દરેક જિલ્લાની અંદર આવી કોઇ લેબોરેટરીની આપણે સ્થાપના કરીએ કે ઊભી કરીએ કે જેથી કરીને ખરીદનાર વ્યક્તિ પણ એનું ટેસ્ટિંગ કરાવીને ચોક્કસ કહી શકે કે આ ઓર્ગેનિક છે કે નથી. તો જ સાચી ઓર્ગેનિક ખેતી કરનાર ખેડૂતને લાભ મળશે અને એને વાજબી ભાવ મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે એકીસાથે આખા ગુજરાતમાં ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવા જઇશું તો મને લાગે છે કે એમાં આપણને ધારી સફળતા નહીં મળે. જે ખેડૂતો પાસે ડ્રીપ ઈરિગેશન હોય એવા દરેક જિલ્લામાં ૧૦ ટકા ખેડૂતોને આપણે પાયલોટ પ્રોજેકટ તરીકે એમને વધુ પ્રોત્સાહન આપી વધુ ગ્રાન્ટ આપી કે વધુ સબસિડી આપી અને ઉદાહરણ રૂપ આપણે પૂરું પાડીશું તો બીજા ખેડૂતોને પ્રોત્સાહન મળશે અને સરકારનાં નાણાનો ખોટો વ્યય પણ નહીં થાય અને ઓર્ગેનિક ખેતીને સાચું પ્રોત્સાહન મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ G-20માં પર્યાવરણ વિશે બહુ ચિંતા થઇ. પર્યાવરણને બચાવવું હશે તો ઓર્ગેનિક ખેતી એ બહુ જરૂરી છે. વિદેશની અંદર એવી પદ્ધતિ છે કે તરત જ તમને ખબર પડી જાય કે આ પેદાશ જે છે તે ઓર્ગેનિક છે કે

નથી. એવી પદ્ધતિ આપણે આપણા રાજયની અંદર વિકસાવીશું અને એની અંદર આપણી આ જે યુનિવર્સિટી છે, એ યુનિવર્સિટીના એક્સ્પર્ટનો એમાં ઉપયોગ કરીશું તો મને લાગે છે કે આપણે જે યુનિવર્સિટી સ્થાપી છે એનો સાચા અર્થમાં ઉપયોગ થયો ગણાશે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૦-૨૧ની અંદર રાજય સરકાર દ્વારા કુદરતી ખેતીને પ્રોત્સાહન મળે એ માટે બે કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યા હતા. સાત પગલાં ખેડૂત કલ્યાણ અને કુદરતી ખેતી સુધારણા માટેના કાર્યક્રમ. રાજય સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટેના જે પણ કાર્યક્રમ આપવામાં આવે, એનું સંશોધન અથવા નિરીક્ષણ જો આ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવે તો ચોક્કસ આપણા રાજયને અને જનતાને એનો ફાયદો થઇ શક તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નીતિ આયોગના અહેવાલ મુજબ પણ ગુજરાતમાં ૫૦ ટકા જમીન ખેતી માટે વપરાય છે. એ ખેતીમાં ઓર્ગેનિક પ્રોડકશન વધારે થાય અને સારી રીતે થાય એ માટે રાજય સરકાર દ્વારા પગલાં લેવામાં આવે. ૨૦૧૭ માં આ યુનિવર્સિટીની સ્થાપના થઇ. એનું હેડકવાર્ટર જવગુડી હાલોલ ખાતે આવેલું છે. હું હમણાં જ નેટ ઉપર સર્ચ કરતો હતો કે સન ૨૦૧૭થી આ યુનિવર્સિટી શરૂ થઇ, તો વર્ષ ૨૦૨૧-૨૨ માં એમ.એસ.સી. એગ્રી. એક જ કોર્સ આ યુનિવર્સિટીમાં ચાલે છે. વર્ષ ૨૦૨૧-૨૨માં એમ.એસ.સી. (એગ્રી)માં આ યુનિવર્સિટીમાં માત્ર ૬ વિદ્યાર્થી હતા. વર્ષ ૨૦૨૨-૨૩માં ૪ વિદ્યાર્થી હતા. વર્ષ ૨૦૨૩-૨૪માં ૩ વિદ્યાર્થી છે. આપણે આખી યુનિવર્સિટી સ્થાપી હોય, આટલું મોટું ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરતા હોઇએ અને તેમાં વિદ્યાર્થીઓ ન મળે, તો વિદ્યાર્થીઓ શા માટે પ્રવેશ લેતાં નથી? પ્રવેશ લીધા પછી તેમને રોજગારીની તકો મળે છે કે નહીં, તેમને પ્લેસમેન્ટ મળે છે કે નહીં એ પણ ચિંતા કરવી જોઇએ. હમણાં જ કોઇકે કહ્યું કે કૂવામાં હોય તો હવાડામાં આવે. માનનીય મંત્રીશ્રી, કોઇ પણ સંસ્થાનો વડો એ નિષ્ણાત હોવો જોઇએ. મારા નહીં પણ સારા કુલપતિની નિમણૂક થાય તો ચોક્કસ આ ક્ષેત્રે લોકોને ફાયદો થાય, ખેડૂતોને ફાયદો થાય તેના માટેના પ્રયાસો કરી શકીશું. મેં જે પ્રમાણે માહિતી લીધી એ પ્રમાણે ૧૦-૧૫ દિવસ પહેલાં જ કુલપતિની નિમણૂક કરવામાં આવી. યુ.જી.સી.ની ગાઇડલાઇન પ્રમાણે કુલપતિ માટે પ્રોફેસર તરીકે ૧૦ વર્ષની લાયકાત હોવી જોઇએ. નામદાર સુપ્રીમકોર્ટે એમ.એસ. યુનિવર્સિટીના કુલપતિની નિમણૂક રદ કરેલી છે. ગુજરાત સરકાર સારી રીતે જાણે છે છતાં પણ પૂરતું ક્વોલિફિકેશન ન ધરાવતા કુલપતિની નિમણૂક કરવામાં આવી છે. કદાચ કંઇ લાગવગવાળા રાખ્યા હોય તો વાંધો નહીં, પણ ફરીથી કોઇ પણ યુનિવર્સિટીમાં એગ્રીકલ્ચર યુનિવર્સિટી હોય કે કોઇ પણ યુનિવર્સિટી હોય તેમાં સારા કુલપતિની નિમણૂક કરવામાં આવે. વિષયના નિષ્ણાત કુલપતિની નિમણૂક કરવામાં આવે તો ફાયદો થશે. આ એક્ટની કલમ-૫૩માં જે બોર્ડની અંદર હોદ્દાની રૂએ ઓછામાં ઓછો એક સભ્ય એક શિક્ષણ શાસ્ત્રીની બનેલી સ્વીકૃતિ સમિતિની રચના કરવાની વાત કરી છે. એટલે શિક્ષણ શાસ્ત્રીની જગ્યાએ કૃષિ નિષ્ણાત હોય કે કૃષિ ઉદ્યોગકાર હોય એવી કોઇ વ્યક્તિની નિમણૂક કરવામાં આવે તો તેના લીધે આ યુનિવર્સિટીમાં સંશોધનની અંદર અને સંચાલનમાં ફાયદો થશે. આટલાં મારાં સૂચનો સાથે આ સુંદર વિધેયક લાવવા બદલ અભિનંદન આપીએ છીએ.

ડો. સી.જે. ચાવડા(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે, ગુજરાત નેચરલ ફાર્મિંગ અને ઓર્ગેનિક એગ્રીકલ્ચર યુનિવર્સિટીને બદલે ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી આટલો ફેરફાર લઇને આવ્યા છે પણ આટલા ફેરફારમાં ઘણું બધું જગત બદલાઇ જવાનું. એમનો જે વિચાર છે, ભલે અહીંથી ગયા પછી છ-સાત વર્ષે આવ્યો પણ તેના માટે તેમને અભિનંદન પાઠવું છું, પરંતુ જ્યારે એક સારો મુદ્દો મૂકતા હોઇએ ત્યારે તેની આજુબાજુ જે પરિબળો તેને નિષ્ફળ બનાવવાના છે તે પરિબળોને પહેલાં નાથવા જોઇએ. દા.ત. વર્ષો પહેલાં આખા રાજ્યમાં હિમાયત ચાલતી હતી કે ગુજરાતી માધ્યમ હોવું જોઇએ. ગુજરાતી માધ્યમની વાત કરનારના દીકરાઓ હતા એ બધા ઇંગ્લિશ મિડિયમમાં ભણતા હતા. એટલે તેની અસર ઊભી ન થઇ. સ્વદેશી ચળવળ જે ચલાવતા હતા, હું હોઉં કે તમે. બધાના ઘરમાં ચાઇનીઝ ફર્નિચર છે. તો એની અસર ઊભી ન થાય. તો આજે જ્યારે પ્રાકૃતિક ખેતીની વાત લઇને આવ્યા છીએ. આપણે એક જવાબદાર ધારાસભ્ય છીએ. મોટા ભાગના ખેડૂતપુત્રો છીએ. તો પહેલાં તો ચેરિટી બિગિન્સ એટ હોમ. આપણે દરેકના ખેતરમાં, શ્રી બાબુભાઇ જેવાને વધારે જમીન હોય તો પણ બે વીઘા કે ચાર વીઘા જમીનમાં પ્રાકૃતિક ખેતી કરીશું એવો સંદેશો આપણે પ્રજાને આપીશું તો પ્રજા આપણી વાત માનશે. બાકી આપણે આપણી જીવવાની વાત કરી કે કેન્સર થાય છે, કેન્સર મટાડવું છે. સરેરાશ આયુષ્ય ઘટી ગયું છે. આયુષ્ય વધારવું છે. આનાથી રોગ થયા છે. નિરોગી થવું છે, તંદુરસ્ત થઇને જીવવું છે. આ બધી આપણી-આપણી વાતો કરી પણ ખેડૂતને મરવું હોય તો મરે. એ નહીં ચાલે. પહેલા ખેડૂતને કેવી રીતે જીવિત રાખવો તો આપણે બધા જીવિત રહી શકીશું. એને કેવી રીતના તંદુરસ્ત રાખીશું તો આપણે તંદુરસ્ત રહી શકીશું. એને કેવી રીતે પ્રાકૃતિક જીવન જવતા શીખવીશું તો આપણે જીવી શકીશું. તો એના માટે એને જે પરિબળો નડવાના છે એના માટે તમે વિચાર કરો એ માટે ખાસ હું કહું, એક તો શ્રી ભગાભાઇ સાહેબે બહુ સાચી વાત કરી કે ફુવારા પદ્ધતિને પ્રાકૃતિક ખેતીનો એક ભાગ બનાવી દો અને જે ફુવારા પદ્ધતિથી ખેતી કરતો હોય એને સો ટકા સબસિડી આપવાની અને જે વ્યકિત પ્રાકૃતિક ખેતી ન જ કરતો હોય તો એને ફુવારા પદ્ધતિની સબસિડી આપવાની જરૂર નથી. બન્નેનો તફાવત પાડો તો લોકો આકર્ષાશે. બીજો મુદ્દો, શ્રી પ્રદ્યુમનસિંહજીએ કહ્યું કે ખેડ, ખાતર અને પાણી નસીબને લાવે તાણી. પાણી માટે ઉત્તર ગુજરાત કે સૌરાષ્ટ્ર જ્યાં નહેરો નથી ત્યાં પાતાળકૂવાઓથી પાણી ખેંચવું પડે છે. જે લોકો પ્રાકૃતિક ખેતી કરે છે એટલા લોકોને મફત વીજળી આપો. આ મારું સૂચન છે અને ઊર્જામંત્રીશ્રીની આજુબાજુ જે આપણા મંત્રીશ્રીઓ છે એમને પણ પર્સનલી જઇને વિનંતી કરો કે હાલ રાતોરાત સો

એ સો ટકા ખેડૂતો નથી માનવાના. ૫ ટકા કે ૧૦ ટકા જ અજમાવશે તો એવા ખેડૂતને વીજળી મફત આપો. આ બીજું મારું સૂચન છે. ત્રીજું બહુ અગત્યનું સૂચન છે. રાજય સરકાર જયારે એક નીતિ ઘડે છે ત્યારે બીજી નીતિ એને ક્રોસ થતી હોય તો અટકાવવી જોઇએ. એક બાજુ આપણે આ નેશનલ ખેતીની વાતો કરીએ છીએ અને બીજી બાજુ આપણે કોર્પોરેટ ખેતીની વાત ઊભી કરીએ છીએ. કચ્છની અને બનાસકાંઠા જિલ્લાની જે જમીનો છે એ ઉદ્યોગપતિઓ કોર્પોરેટ ખેતી કરી શકે એના માટે જમીન આપવાની વાત સરકારે કરી અને પરિપત્ર પણ કર્યો હતો. કેટલાને આપી એ મને ખબર નથી. તો કોર્પોરેટ ખેતી કરવા માટે નથી આપી અને આપો તો પણ સરકાર નીતિ ઘડે કે એ પ્રાકૃતિક ખેતી કરે તો જ જમીન આપે. કોર્પોરેટ ખેતી ઉદ્યોગપતિઓને કરવી હોય તો કારણ કે એ ખેતી કરીને એનો ઇન્કમટેકસમાં લાભ લેશે, ઘણી જગ્યાએ લાભ લેશે તો એને ફકતને ફકત કોર્પોરેટ ખેતી કરવી હોય તો ઓર્ગેનિક ખેતી, પ્રાકૃતિક ખેતી કરવી હોય તો જ એક વીઘો પણ જમીન આપો. બાકી ૫૦૦-૧૦૦ વીઘાની લ્હાણી ના કરો. ગૌશાળા પાંજરાપોળો ચલાવે છે. પ્રાકૃતિક ખેતીમાં ગાય એક મોટો ભાગ છે તો જે ગૌશાળા પાંજરાપોળ ચલાવે છે એને કોઇ જીરું-વરિયાળી વાવવાની જરૂર નથી એને સરકાર પણ હવે ગાય દીઠ ૩૦ રૂપિયા આપે છે એ તમે ખરેખર ગાયની મોટી સેવા કરી છે. પાંજરાપોળને ગાય દીઠ તમે ૩૦ રૂપિયા આપો છો. તો એને ફકત ગાયના નિભાવ માટે કે પાંજરાપોળના નિભાવ માટે ઘાસ જ ઉગાડવાનું છે તો એને પ્રાકૃતિક ઘાસ ઉગાડવાનું જ કહો, પ્રાકૃતિક ઘાસ ઉગાડે, પ્રાકૃતિક ઘાસ જ ગાયને ખવડાવે અને એ જે ગાય છે એનું જે ખાણ ભેગું થાય છે તો માનનીય અધ્યક્ષશ્રીના જિલ્લામાં જે શરૂઆત થઇ છે અને આપે સન ૨૦૦૨માં હું જયારે પહેલી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાઇને આવેલો ત્યારે આ સરકારે એક જાહેરાત કરેલી. માનનીય ભૂપેન્દ્રભાઇ ચુડાસમા સાહેબ જયારે કૃષિ મંત્રી હતા કે અમારી સરકાર હવે ગોબરગેસ બેંક બનાવશે. ખૂબ સારો વિચાર હતો એ આજે આટલાં વર્ષો પછી સાકાર થઇ રહ્યો છે તો તમે એ માટે આખી જે ગૌશાળા-પાંજરાપોળો ચલાવે છે, જે ટ્રસ્ટીઓ છે એ ખરેખર સેવા કરવાના હોય તો એ બધાને આમાં નાખી દો. પછી એ જમીન વેચે અને પ્લોટ પાડે અને બિલ્ડરો મજા કરે એમાંથી એ લોકોને બહાર કાઢો. જેટલી સરકારી પડતર જમીનો છે અથવા તો જે સરકારી પડતર જમીન જવા જઇ રહી છે અને સરકાર સાંથણી કરીને આપે, ચાહે સ્વાતંત્ર સેનાનીને આપે, ચાહે બિલ્ડરને આપે, ચાહે ઉદ્યોગપતિઓને આપે જેને આપે એને ખેતી કરવા માટે આપે તો એ પ્રાકૃતિક ખેતી કરશે એ એક શરત મૂકી દો. આવું હોવું જોઇએ. આ આખી યોજનાને નિષ્ફળ કયા લોકો બનાવવાના છે તો વેપારીઓ, વેપારી ચોર છે એમ નથી કહેતો પણ વેપારી તો એનો નફો થાય એવું જોવાના જ અને આ રાજયમાં ૨-૫-૧૦ ટકા તમે જે ૨૭ વર્ષનો તમને જે અનુભવ થયો હોય ખાદ્ય ચીજોમાં ભેળસેળની પ્રવૃત્તિઓ ખૂબ વધી છે. તમે ઓર્ગેનિક ખેતી કરી અને ઓર્ગેનિક ખેતીવાળું ખેડૂત બજારમાં અન્ન વેચવા જાય છે તો એને બજારમાં જે ભાવ મળે છે એ એને પોસાતા નથી, પણ એ વ્યાપારી પાસે જશે તો લીલા કલરના મરચા ઉપર કલર કરીને વેચશે. બમણો ભાગ કરી નાખશે. લીંબુમાં એક કેમિકલ નાખી અને સરસ મજાના પીળા લીંબુ કરી નાખશે તો જે ખાદ્ય ચીજોમાં ભેળસેળ કરે છે એને આ રાજયનો પ્રાકૃતિક ખેતીનો અને માનવજાતનો મોટામાં મોટો દુશ્મન આતંકવાદી કરતા પણ મોટો માનવો જોઇએ અને એવા લોકો ઉપર કડક પગલાં લેવાં જોઇએ.તમે આર્ટીફિશિયલ દૂધ બનાવો. ગાયના દૂધની વાત કરીએ છીએ. શ્રી પ્રદ્યુમનસિંહજીએ આજે બકરીની વાત સરસ મૂકી. એકબાજુ પ્રાકૃતિક દૂધની માનવ તંદુરસ્તી વધે એની વાત કરીએ અને બીજી બાજુ યુરિયામાંથી દૂધ બને અને સંઘોમાંથી પણ વેચાતું જોવા મળે. એ આપણે કન્ટ્રોલ કરવું જોઇએ કે નહીં? એવા પરિબળો કે જે આ પ્રાકૃતિક ખેતીને નિષ્ફળ બનાવે છે એવા લોકો સામે દંડનીય કામગીરી કરવી જોઇએ અને કડક હાથે કામ લેવું જોઇએ. તમે ગાય ઉછેરતા હોય અને ગાયનું દૂધ રાખતા હોય. બીજા રાજ્યોમાં દર લિટરે ૫ રૂપિયાની સબસિડી મળે છે. ગાય રાખતા હોય એને ૫ રૂપિયાની સબસિડી આપણે આપો. આપણે બીજાને તંદુરસ્તી આપીએ છીએ, આરોગ્ય સારું થાય, સમાજમાં દરેક વ્યક્તિનું આરોગ્ય વધે એના માટે ખેતમજૂરો અને ગોપાલકો મહેનત કરે છે તો એને ખોટી ભેળસેળ કરવા માટે ન પ્રેરાય એના માટે ૫ રૂપિયા સબસિડી આપીશું તો આ પ્રવૃત્તિને વેગ મળશે. સરકારી પડતર જમીનની વાત કરી. એ જમીન સ્વાતંત્ર્ય સેનાનીને આપો કે કોઇને પણ આપો. જે સરકારી જમીન પડી રહી છે એ અધિકારીઓ અને બિલ્ડરો બધા ભેગા થઇને લાખો ચોરસમિટર જમીન ગાંધીનગરની આજુબાજુમાં દબાવીને બેઠા છે. એનું જે થવું હોય થાય પણ હાલ એ સરકારી પડતરે દાખલ થયેલ હોય એમાં તમે પ્રાકૃતિક ખેતી શરૂ કરાવી દો. જે ગણોતિયા હતા એમને કામે ગળગાડો. જ્યારે સરકાર નિર્ણય જે કરે તે. આ તો એક દાખલો આપ્યો છે. આખા રાજયમાં જે જમીનો છે એમાં તમારે પગલાં લેવા જોઇએ. આના માટે તમારે આને સંલગ્ન નિર્ણયો છે એ કેબિનેટમાં લેવડાવો એવી વિનંતી કરવા માટે ખાસ ઊભો થયો છું. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતને પોષણક્ષમ ભાવો મળવા જોઇએ. પ્રાકૃતિક ખેતીમાંથી ઉત્પન્ન થતી બાજરીનો ભાવ અને અને દવાઓ યુક્ત બિયારણથી ઉત્પન્ન થતી બાજરીનો ભાવ કરતાં ડબલ હોવો જોઇએ. કારણ કે પ્રાકૃતિક ખેતીમાં ઉત્પાદન ઓછું થતું હોય છે. આવી આનુષંગિક ઘણી વસ્તુઓ છે એનો વિચાર કરીએ તો પ્રાકૃતિક ખેતી તરફ લોકો જશે અને કરશે. બાકી તો શ્રી પ્રદ્યુમનસિંહજીએ કહ્યું એમ ખાલી વાતો કરીશું અને વાહવાહી કરાવીશું, બિલ પસાર પણ કરી દઇશું અને અમે ટેકો આપીશું અને તમારા ઉપર વિશ્વાસ રાખીશું કે તમે કરશો. અત્યાર સુધી તો ઠરારો નીવડ્યો છે પણ અત્યારે તો રાખીશું. પણ જે પરિબળો આપણને નિષ્ફળ બનાવે છે એના ઉપર ખાસ પગલાં લો. આને આનુષંગિક નિયમો કરો એવી આપને વિનંતી કરું છું. જે સાધુ સંતો દારૂ નહીં પીવાની વાત કરતા હોય અને પોતે જ દારૂ પીતો હોય તો કોઇ સેવક માને નહીં એમ આપણે અહીંથી જઇને સીધા જ દવાના બિયારણ લઇ આવીએ અને ખેતી કરવાના હોય તો પછી આપણી વાત કોઇ માનશે નહીં. આપણે બધા જ લોકો આવતીકાલથી આ પ્રાકૃતિક ખેતીની જ્યારે ચર્ચા કરવા

જઇ રહ્યા, લોકોને સમજાવવા જઇએ ત્યારે આપણે પણ બે વીઘામાં પ્રાકૃતિક ખેતી કરીએ એવી વાત સાથે આપણે જઇએ એ વાત સાથે હું મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી : ખૂબ સારી ચર્ચા આજે થઇ અને પ્રકૃતિના સંવર્ધન માટે ખૂબ સારું કામ કર્યું છે. મારે જાણકારી આપવી હતી કે હું મારા ૫૦ વીઘાના ખેતરમાં છેલ્લાં ત્રણ વર્ષથી આ પ્રકારની ખેતી કરું છું. એના પરિણામો પણ દેખાવા માંડ્યાં છે. ખૂબ સારાં પરિણામ મળ્યાં છે. હમણાં ગવર્નરશ્રી પણ ખેતર ઉપર રાત્રે રોકાઇને ગયા હતા. સદગુરુ પણ આવ્યા હતા અને રાત્રે રોકાઇને ગયા હતા. એ બન્નેએ ઘણી બધી નવી દિશા અને પ્રેરણા પણ આપી છે. પણ આ કરવા જેવું કામ લાગે છે. આપણે કામ કરીએ તો સમાજ જીવનમાં બાકીના લોકો પણ એમાંથી શીખીને કરે. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી હતી કે કેટલીક દવાઓ જે કદાચ પ્રતિબંધિત હશે કે કેમ પરંતુ ઘાસનો નાશ કરવા માટે હોય છે. એ નાખવાથી ઘાસ નાશ થઇ જાય છે. પરંતુ જમીનને ભયંકર નુકસાન થાય છે. જો ખરેખર એ પ્રતિબંધિત હોય અને એનાથી જમીનને નુકસાન થતું હોય, એ નાખે ત્યારે બહુ મુશ્કેલી પડે છે. એના ઉપર જો બાન હોય તો આપની કક્ષાએથી શું થઇ શકે? નહીં તો આપણે આ કામ કરીશું તો જેને નફો મળે છે એવા લોકો તમારા ઉપર પણ આ વસ્તુ નિષ્ફળ કઇ રીતે જાય એ માટેના પ્રયત્નો એ લોકો કરતા જ હોય છે. આ મારું એક સજેશન હતું. સહુનો ધન્યવાદ.

રાઘવજીભાઇ હં. પટેલ(કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિધેયક (સુધારા) પરની ચર્ચામાં સભાગૃહના સન્માનનીય સભ્યશ્રીઓ શ્રી જીજ્ઞેશભાઇ મેવાણી, શ્રી જયદ્રથસિંહજી પરમાર, શ્રી ભગાભાઇ બારડ, શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા, શ્રી સુખાજીભાઇ ઠાકોર, શ્રી પુનમચંદ બરંડાજી, શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, શ્રી કિરીટભાઇ પટેલ અને છેલ્લે ડો. સી.જે. ચાવડા સાહેબ અને વધારામાં આપે પણ એક સૂચન કર્યું છે ત્યારે હું તો એમ જ માનું છું કે અમને સલાહ આપી એટલે આ બધાય સન્માનનીય સભ્યશ્રીઓનો હું આભાર માનું છું. બધાએ પોઝિટિવ ચર્ચા કરી છે. પ્રાકૃતિક ખેતીનો રાજ્યમાં વ્યાપ વધે, આપણી ભાવી પેઢીનું ભવિષ્ય મજબૂત બને એના માટે સૌ સૌની આવડત અને સમજ મુજબ સૌએ સૂચનો કર્યાં છે એની મેં ગંભીરતાપૂર્વક નોંધ લીધી છે. શ્રી જીજ્ઞેશભાઇ મેવાણી મારી રજા લઇને ગયા છે એટલે એમણે જે સૂચનો કર્યાં છે એ સુચનો સારાં છે પણ હવે ઉપસ્થિત નથી એટલે તમામ પ્રશ્નોનો હું લેખિતમાં જવાબ મોકલાવી દઇશ. મારા મિત્ર અને વિદ્ધવાન સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ ઘણાં સૂચનો કર્યાં અને થોડી ક વિગતો પણ માંગી છે તો હું એમને કહેવા માગું છું કે રાજ્યમાં અંદાજિત ૭.૩૧ લાખ એકર વિસ્તારમાં ૮ લાખ ૭૧ હજાર ખેડૂતો દ્ધારા રાજ્યમાં અત્યારે પ્રાકૃતિક ખેતીની શરૂઆત થઇ છે અને ૮,૪૭૧ ગ્રામ પંચાયતોમાં પ્રાકૃતિક ખેતીની શરૂઆત થઇ છે. રાજ્યમાં કે.જી. કેન્દ્ર સરકારની યોજના હેઠળ ૪,૬૪૯ જેટલા ખેડૂતોને ૨,૮૦૨ હેકટરમાં જે આપે ઓર્ગેનિક ખેતી કરતા ખેડૂતોને સહાયની વાત કરી હતી એ આપણા રાજ્યમાં આટલા ખેડૂતોને ચૂકવ્યા છે. પ્રાકૃતિક અને ઓર્ગેનિક યુનિવર્સિટીની વહીવટી કચેરી અત્યારે આણંદ છે અને કૃષિ યુનિવર્સિટી આણંદ ખાતે અત્યારે ચાલે છે, પણ યુનિવર્સિટીની બિલ્ડિંગનું બાંધકામ હાલોલ ખાતે પાવાગઢની તળેટીમાં માર્ચ ૨૦૨૪ સુધીમાં પૂર્ણ થઇ જવાનું છે. ઓર્ગેનિક ખેતી કરતા ખેડૂતો માટે તમે ઘણાં બધાં સૂચનો પણ કર્યાં છે. પર્યાવરણ અને પ્રદૂષણના નુકસાનના પ્રશ્નો છે એની પણ મેં નોંધ લીધી છે અને તમે મારા ખાતા સિવાયની જે બાબત છે એને લગત ખાતાના મંત્રીશ્રીઓને એ પ્રશ્ને હું અવગત કરાવીશ. માનનીય ભગાભાઇ બારડે ખેડૂતોમાં ઓછા ઉત્પાદનનો ડર છે એવી વાત કરેલી એ વાતમાં થોડીક સત્યતા છે કારણ કે મહામહીમ્ રાજ્યપાલશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને એ અમારું ખેતીવાડી ખાતું અને કૃષિ યુનિવર્સિટીઓ સહિત બધાએ પ્રયત્નો કર્યા છે પણ હજુ વ્યાપકપણે આ પ્રાકૃતિક ખેતીને સ્વીકૃતિ મળતી નથી એવું અમારા પણ ધ્યાનમાં આવ્યું છે અને કારણમાં એક કારણ એવું પણ જાણવા મળ્યું છે કે, શરૂઆતના વર્ષે ખેડૂતને ડર છે એક તો ખેડૂતો પાસે ખેતીની જમીન ઓછી છે. ખેડૂતને ડર છે કે હું પ્રાકૃતિક ખેતી કરું અને ઉત્પાદન લેવામાં નિષ્ફળ જાઉં તો શું? એટલે આ ડરને દૂર કરવા માટે પણ રાજ્ય સરકાર ગંભીરતાપૂર્વક વિચારણા કરીને ખેડૂતોને પ્રાકૃતિક કૃષિમાં વધુને વધુ ખેડૂતો જોડાય એ દિશામાં વિચારણા કરી રહી છે અને વેચાણની સગવડતા માટે શ્રી ભગાભાઇને કહું તો શ્રી ભગાભાઇ આપણા ચાર મહાનગરો છે એમાંય વ્યવસ્થા કરી છે. વધારામાં આ પ્રાકૃતિક કૃષિ ઉત્પાદિત જણસીઓ ખાવાવાળો આખો વર્ગ તૈયાર થઇ ગયો છે. મારા તાલુકામાં બે ખેડૂતો વાડીએથી જ બધું વેચે છે અને વાડીએથી જ બધું લઇ જાય છે. લાઇનો લાગે છે. એક કોર ૨૦-૨૫ ટકા ઊંચી કિંમત આપીને પણ ખરેખર એને વિશ્વાસ બેસે કે ખરેખર આ પ્રાકૃતિક છે તો આ જણસીઓ છે એનો ભાવ પણ મળે છે અને વેચાણ માટેની વ્યવસ્થા પણ થઇ જાય છે. વધારામાં સરકાર પણ ગંભીરતાપૂર્વક આવા વેચાણ માટેની વ્યવસ્થામાં મદદરૂપ થવા માટેના પ્રયત્નો કરે છે અને અમે વ્યવસ્થા ગોઠવી છે. શ્રી ભગાભાઇએ દેશી ગાય અને વધુ માત્રામાં ટપક સિંચાઇ પદ્ધતિ અપનાવવા બાબતની વાત કરી. તમારું સૂચન સારું છે અને શ્રી ચાવડા સાહેબે તો એમ કહ્યું કે આવા ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે તો એને પ્રોત્સાહિત કરવા માટે વીજળીનું કનેકશન પણ મફત આપવું જોઇએ. માનનીય ઊર્જામંત્રીશ્રી પણ બેઠા છે એટલે અમે ચર્ચા કરી લઇશું. શ્રી પ્રદ્યુમનસિંહજી જાડેજાએ ગ્રામસેવકોને કામગીરી અને ખેતપેદાશની ખરીદી બાબત વાત કરી છે. શ્રી પ્રદ્યુમનભાઇને કહેવાનું કે ૧૦ ગ્રામપંચાયત દીઠ ૧૪૬૬ જેટલા ક્લસ્ટરો ૧૦ ગામનું એક એવા આપણે ઊભા કર્યા છે. એના માત્ર ટ્રેનર તરીકે ગ્રામસેવકોને કામગીરી સોંપી છે અને આવા ગ્રામસેવકો આના માટે પૂરતા પ્રયત્નો કરી રહ્યા છે. ખેતપેદાશના વેચાણ માટે આપણે એફ.પી.ઓ.ની રચના પણ કરી રહ્યા છીએ અને કાયમી અને હંગામી વેચાણ વધારવા માટે પ્રચાર અને પ્રસાર એ બંને માટેનું પણ આયોજન કરી રહ્યા છીએ. શ્રી કિરીટભાઇએ કહ્યું કે ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીની

ઉત્પાદિત જણસીઓની ચકાસણી માટેની વ્યવસ્થા નથી પણ હું શ્રી કિરીટભાઇને કહેવા માગું છું કે અમૂલમાં પણ આની વ્યવસ્થા છે. આણંદ ખાતે અને કૃષિ યુનિવર્સિટીઓ માટે પણ આ ચકાસણી માટેની વ્યવસ્થા છે અને હવે અમારા ગોપકા દ્વારા પણ રાજય સરકારના ખેતીવાડી ખાતાની ગોપકા એજન્સી દ્વારા પણ આ સર્ટિફિકેશનની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે એટલે આ કામગીરી અત્યારે આ રીતે ચાલુ છે અને ધીરિધીરે એનો વ્યાપ વધતો જશે. શ્રી ચાવડા સાહેબે ઘણાં બધાં સૂચનો કર્યાં કે દરેક ખેડૂત થોડા ઘણા પ્રમાણમાં ખેતી કરતો થાય અને ફરજિયાત પણે એવી કોઇ યોજના બને તે દિશામાં અમે વિચારી રહ્યા છીએ, પણ લોકશાહી છે અને લોકોને આપણે સમજાવીને આમાં જોડવા પડે એટલા માટે અમે ગંભીર પ્રયત્નો હાથ ધર્યા છે. ફુવારા પદ્ધતિને પ્રાકૃતિક ખેતી સાથે જોડવી જોઇએ તમારું સારું સૂચન છે. પોષણક્ષમ ભાવનું મેં કહ્યું એમ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો માટે પોષણક્ષમ ભાવ મળે. પહેલા તો લોકોમાં પણ જાગૃતિ આવી છે. આ જણસીઓના કારણે એના આરોગ્યમાં પણ ફાયદો થાય છે એ સમજતા થયા છે અને આ જણસીઓ ખરીદનારો એક વર્ગ પણ ઊભો થઇ ગયો છે એટલે ભાવ બાબત હું માનું છું ત્યાં સુધી પ્રશ્ન નહીં રહે.શ્રી કિરીટભાઇ કહે છે કે યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી છે. વાત સાચી છે પણ હજી ભવનનું બાંધકામ પણ ચાલુ છે. ચાલુ વર્ષે અત્યાર સુધી તો અનુસ્નાતક વર્ગનો કોર્ષ ચાલુ હતો. ૬ વિદ્યાર્થીઓ જોડાયા છે. આવતા વર્ષથી સ્નાતકનો કોર્ષ પણ ચાલુ થઇ જશે અને સંખ્યા પણ વધશે કારણકે બિલ્ડિંગ બની જશે એટલે ઇન્ફ્રાસ્ટ્રકચર અને સ્ટાફની નિમણૂકની કામગીરી પણ ચાલુ થઇ જશે એટલે એ પ્રશ્ન પણ ઝડપથી હલ થઇ જશે. અહીં બીજા મિત્રોએ પણ વાત કરી છે પણ એકંદરે કહું તો મને ખૂબ આનંદ છે કે બધા જ સભ્યશ્રીઓએ બહુ રચનાત્મક સૂચનો કર્યાં છે. બધા સભ્યોએ આપણું ભવિષ્ય જોયું છે. કોઇએ રાજકીય વાત કરી નથી. એક માત્ર આ પ્રાકૃતિક ખેતીનો વ્યાપ કેમ વધે એના માટે સૌએ રચનાત્મક સૂચનો કર્યાં છે. જેટલાના મને યાદ હતા એટલાના મેં જવાબ આપ્યા છે પણ મેં કહ્યું એમ દરેક રચનાત્મક સૂચનને અમારા ખાતા મારફત અમે આવકારીએ છીએ અને તમે રૂબરૂ આવજો, સૂચનો પણ કરજો, કાગળ પણ લખજો. આપણા બધાનો એક હેતુ છે કે આપણા રાજયમાં પ્રાકૃતિક ખેતીનો વધુમાં વધુ વ્યાપ વધે અને એના માધ્યમથી આપણી ભાવિ પેઢી છે એ આરોગ્ય વિષયક પ્રશ્નોમાંથી, પર્યાવરણમાંથી, આપણી જમીન પણ બચે એના માટે આપણે આનું શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ વધુમાં વધુ થાય એટલા માટે આ યુનિવર્સિટીમાં જે સંયુકત પ્રાકૃતિક અને ઓર્ગેનિક હતી એમાંથી આપણે ઓર્ગેનિક શબ્દ અને એની કામગીરી બહાર કરીએ છીએ. એ કામગીરી રાજ્યની ચારેય યુનિવર્સિટીઓમાં ચાલે છે અને હજી વધુ તેને સુદઢ કરીશું. પ્રાકૃતિક ક્ષેત્રે જયારે વિશેષ મહત્ત્વ આપવાનું છે ત્યારે આ યુનિવર્સિટી દ્વારા એકમાત્ર કામ આ પ્રાકૃતિક ખેતીનું થાય, વધુ સંશોધનો થાય, સારામાં સારુ શિક્ષણ મળે અને તેના પ્રયાસથી ગુજરાતના ખેડૂતો વધુને વધુ પ્રાકૃતિક ખેતી તરફ જોડાય તેવા શુભ હેતુસર રાજ્ય સરકાર જયારે આ વિધેયક લઈ આવી છે ત્યારે તમે બધાએ જે સમર્થન આપ્યું છે તેના માટે હું તમારા બધાનો હૃદયપૂર્વક આભાર માનું છું. અસ્તુ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીનો આ બાબતમાં ખૂબ પોઝિટિવ રિસ્પોન્સ રહેતો હોય છે એટલા માટે તેમને અભિનંદન આપીએ. બધી બાબતોને તેમણે પોઝિટિવલી લીધી છે. શક્ય હોય તો બાકીનું આપણે લાઇવ કરીશું પરંતુ આ એક એવો વિષય છે કે, જે પ્રજા સુધી પહોંચે તો જાગૃતતા આવે. બધા માનનીય સભ્યશ્રીઓની ઈચ્છા હોય તો બાકીનું જયારે થાય ત્યારે પણ આ આખા વિષયને આપણે યુ-ટ્યૂબ ઉપર મૂકીએ અને બધા ધારાસભ્યશ્રીઓ જે બોલ્યા છે તે પણ પોઝિટિવ વાતો છે તો એને પણ એક વખત આપણે યુ-ટ્યૂબના માધ્યમથી નીચે સુધી પહોંચાડવાનું કામ કરીએ. માહિતી ખાતાને મારી વિનંતી છે કે, એકાદ વખત આ કાર્યક્રમને અલગ અલગ નાના સ્લોટ કરીને લોકો સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરે. અહીં માનનીય નાણામંત્રીશ્રી અને સંસદીય મંત્રીશ્રી આવ્યા છે એટલે તેમને મારી વિનંતી છે. બાકી વિષય ન હોય તો પ્રસ્તાવ મત માટે લઈએ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક ૨૪-સન ૨૦૨૩નું ગુજરાત નેચરલ ફાર્મિંગ અને ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

